તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGH'

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ { જુનું ૭ મું. નવું ૨ જું. }

તા. ૧ લી તથા ૧૫ મી જાન્યુઆરી ૧૯૩૨.

{ અંક ૧-૨ જો.

# ઑલ ઇન્ડિયા સ્ટેન્ડિંગ કમિટીની બેઠક.

## આવતી કૉન્ફરન્સ ભરવા માટે આમંત્રણ.

### કો. ઓપરેટીવ તત્વપર તૈયાર થનારી યોજના.

### — સંપૂર્ણ થયેલું કામકાજ. —

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની અખિલ હિંદ સ્થાયી સમિતિ-સ્ટેન્ડિંગ કમિટીની એક બેઠક ગત માસની તા. ૨૬ તથા ૨૭ શનિ અને રવિવારે અગાઉથી જાહેર થયા મુજબ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિશાળ સભાગૃહમાં રા. સા. શેઠ **રવજી સોજપાલ**નાં પ્રમુખસ્થાન હેઠળ મલી હતી.

આ બેઠકમાં હાજરી આપવા માટે અમદાવાદ મહીકાંઠા, સુરત, ભરૂચ, વડોદરા, કચ્છ, ખેડા, વિસનગર, પાલણપુર, મારવાડ, મહારાષ્ટ્ર, મધ્યપ્રાંત વગેરે વિભાગોના કમિટીના સભ્યોએ સારી સંખ્યામાં હાજરી આપ્યા ઉપરાંત મુંબઇ વિભાગના અને મુંબઇમાં વસતા અન્ય પ્રાન્તોના સભાસદોએ પણ હાજરી આપી હતી. હાજર રહેલા બંધુઓનાં નામ અન્યત્ર આ અંકમાં પ્રકટ થયેલ છે. આ ઉપરાંત આ બેઠકની ખાસ વિશિષ્ટતા એ હતી કે કોઇપણ સંસ્થાની કમિટી એ કારોબારી મંડળ હોવાથી જાહેર પ્રજા તેમાં ભાગ્યેજ ભાગ લઇ શકે છતાં પરિષદ્‌નાં કામકાજમાં સભ્યો સિવાય અન્ય બંધુઓ રસ લે છે તે જોતાં વર્કીંગ કમિટીએ દરેક સભાસદ પોતા તરફથી વધુમાં વધુ પાંચ પ્રેક્ષકો લાવી શકે એવું ઠરાવેલું હોવાથી તેવા વિઝિટરોની સંખ્યા લગભગ ચારસો જેટલી હતી. પચાશેક બહેનોએ પણ સભામાં હાજરી આપી હતી. બેઠકની સર્વ વ્યવસ્થા મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ અને મહાવીર વિદ્યાલયના સ્વયંસેવકોએ જાળવી હતી.

શરૂઆતમાં પ્રથમ દિવસે શ્રી મોહનલાલ દ. દેશાઇએ મંગળાચરણ ગાઇ સંભળાવ્યું હતું અને કમિટીના બીજા સભ્ય શેઠ મણીલાલ ઉત્તમચંદ ઝવેરીએ હારમોનીયમના સુંદર સરોદો સાથે સારો લાભ આપ્યો હતો.

### આમંત્રણ પત્રિકા અને વિવેચનો.

કામકાજ શરૂ થતાં સંસ્થાના એક મહામંત્રી શ્રી **મોહનલાલ ભગવાનદાસ ઝવેરી**, સોલીસિટર, એમણે સભા બોલાવનારી આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવી હતી. ત્યારબાદ સંસ્થાના બીજા મહામંત્રી શેઠ **રણછોડભાઈ રાયચંદ** ઝવેરીએ પોતાનું સ્વાગત અર્થેનું વિવેચન કર્યું હતું. તે પછી પ્રમુખશ્રી શેઠ રવજી સોજપાળે પોતાનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું. (ભાષણો આ અંકમાં જુઓ પૃ. ૫-૧૦)

### ધર પકડો સામે વિરોધ.

અત્રે શ્રી **મણીલાલ મોહકમચંદ શાહે** જણાવ્યું કે આજે અલાહબાદ ખાતે **પંડિત** જવાહરલાલ **નેહરૂ**ની અને મી. શેરવાણીની ધરપકડ થવાની ખબર મલી છે અને તે ઉપરાંત સરહદના ગાંધી તરીકે જાણીતા થયેલા **ખાન** અબ્દુલ ગફાર ખાનની ધરપકડની ખબર સવારના છાપાંઓમાં પ્રગટ થઈ ગઇ છે. આ દેશનેતાઓના માનમાં આ બેઠકનું કામકાજ પા કલાક મુલતવી રાખવાની હું દરખાસ્ત કરૂં છું.

પુનાવાળા શ્રી **પોપટલાલ રામચંદ શાહે** આ દરખાસ્તને ટેકો આપતાં દરખાસ્ત પસાર થઇ હતી અને પ્રમુખશ્રીએ સભાનું કામકાજ પા કલાક મુલતવી રાખ્યું હતું.

( અનુસંધાન પૃ. ૪ ઉપર )

**उदधाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થઃ-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.
તા. ૧-૧-૩૨ અને તા. ૧૫-૧-૩૨

# કૉન્ફરન્સની સ્થાયી સમિતિની વિજયી બેઠક.

ડીસેં-ની ૨૬-૨૭ મીએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સભાગૃહમાં સમસ્ત ભારતના સ્થાયી સમિતિના સભ્યોની બેઠક મળી હતી; મંગલાચરણમાં શાંતિનાથ પ્રભુની શાંતિની યાચના કરનારૂં અને **त्वामेव सम्यगुपलभ्य जयंति मृत्युं-** તને સમ્યગ્ પણે પામવાથી મૃત્યુ પર જય મેળવાય છે—આદિ સ્તવન બોલાયા પછી મહામંત્રી નામે શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરીએ સભ્યોને આવકાર આપનારૂં ટુંકું અને પરિસ્થિતિનું અછરતું વિવેચન વાંચી બનાવ્યું હતું. તેમાં દેશની સ્થિતિ સંબંધી કહેતાં તેમણે જણાવ્યું હતું કે 'રાજકીય વાતાવરણ એવું થયું છે કે તે જ્વાલામુખીમાંથી લાવાનો બળતો રસ નીકળશે કે તે શમી જઇ શાંતિના પ્રવાહ વહેશે તે સમય આવ્યે જણાશે.' કોમની સ્થિતિમાં ગંદી ભાષા "અસભ્યતા" અને ઝેરીલી દલીલોથી વિખવાદ અને ઝઘડાનો પ્રચાર અટકાવવા માટે આગેવાનો ને સજ્જનોની ફરજ પર લક્ષ ખેંચ્યું હતું, ને પ્રાંતિક મંત્રીઓ અને સભ્યોને પરિષદના ઠરાવો અમલમાં મૂકવા સૂચના કરી હતી

પ્રમુખ શેઠ રવજી સોજપાલે વિશેષ લાંબુ પણ સૌમ્ય વાણીમાં મુદ્દાસર ભાષણ વાંચેલું, તેમાં સમાજનો બળતો પ્રશ્ન દીક્ષા સંબંધમાં, વર્તમાનપત્રો અને લેખકો, દેશની આઝાદી, કોમની આર્થિક પરિસ્થિતિ, અધિવેશન અને પ્રચારકાર્ય આદિ મુદ્દા ચર્ચ્યા હતા. અને ખાસ લક્ષમાં લેવા લાયક સૂચન કર્યાં હતાં કે "બીજાઓના મનપર આપણાજ અભિપ્રાયો-મન્તવ્યો ઠોકી બેસાડવાનો દુરાગ્રહ કદિ કોઇએ સેવવો ન જોઇએ-ગમે તેવો મતભેદ હોય પણ ભાષાનો પ્રયોગ જૈનને શોભે તેવો એટલે વચન સમિતિ જાળવીને કરવો જોઇએ. કલમને કલંકિત કરનાર લેખકો કલેશાગ્નિની જ્વાલાઓને ફેલાવે છે તે બંધ થવું જોઇએ. સ્વરાજની ભાવનામાં આપણા ભાઇ બ્હેનોએ ભોગ આપ્યો તે અભિમાનનો વિષય છે. સ્વદેશી પ્રચાર કરવો જોઇએ અને દેશની અભિલાષાઓમાં-રાષ્ટ્ર પ્રત્યેની આપણી ફરજમાં લઘુમતિ કોમ તરીકે જુદા ખાસ હક્ક ન માગતાં દેશસેવામાં આપણો ફાળો આપવા આપણે પાછા પડયા નથી અને કદિપણ પાછા નહિ પડીએ. દિનપ્રતિદિન ખરાબ થતી આર્થિક સ્થિતિમાં કોમ માટે આપણે જરૂર કેળવણી અને બેંક માટે સગવડો કરવી જોઇએ.

મહામંત્રી શ્રીયુત મોહનલાલ ઝવેરીએ જુન્નેરના અધિવેશન પછી કૉન્ફરન્સે શું શું કાર્ય કર્યું તેનો સવિસ્તર અહેવાલ તથા ખરચાયેલ નાણાંનો તપાસનીસ પાસે પસાર કરાયેલો હીસાબ છપાઇ બહાર પડેલો તેમાંથી મુખ્ય હકીકતો વાંચી સંભળાવી હતી. અને ત્યાર પછી સદ્‌ગત થયેલા આગેવાનોના મરણની સખેદ નોંધ, મહાત્મા ગાંધીજીને આવકાર અને તેમને માટે શુભેચ્છા, સ્વદેશીનો પ્રચાર, બનારસ હિંદુ શારદાપીઠમાં જૈન ચેર માટે કાર્યવાહી સમિતિએ કરેલી ગોઠવણને બહાલી, જૈન બેંકની યોજના સંબંધી યોજના ઘડવી, મહામંત્રી ગુલાબચંદજીના મહામંત્રી તરીકે આવેલ રાજીનામાનો સ્વીકાર અને ખાલી જગાએ બાબુ નિર્મલકુમારસિંહજી નવલખાની નિમણુકના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

આ બેઠક એક અપૂર્વ ફત્તેહ નીવડી હતી. તેનાં ત્રણ કારણો હતાં ૧ બહારગામથી ખાસ આવેલ સભાસદોની સારી હાજરી. ૨ આપણા ધર્મબંધુ રાષ્ટ્રસેવક શ્રીયુત મણીલાલ કોઠારીએ લાગણીપૂર્વક કરેલી અપીલને પરિણામે લગભગ રૂા. સાત હજારનું થયેલું ફંડ અને ૩ સુરતની પરિષદ્ પ્રાંતિક સમિતિ તેમજ તે જીલ્લાના આગેવાનો તરફથી આવેલું આવતા અધિવેશન માટેનું આમંત્રણ અને તેનો આનંદપૂર્વક સ્વીકાર. આ ત્રણે વસ્તુઓ એકી સાથે-એકજ બેઠકમાં કુદરતી રીતે બને તે ઓછું આલ્હાદજનક નથી. મહાત્માજી ઇંગ્લંડની ગોળમેજી પરિષદમાં મહાસભાનો અવાજ મુક્તકંઠે રજુ કરી ઘણો પરિશ્રમ સેવી બેઠક પછીના દિવસે મુંબઇ પધારવાના હોવાથી તે પ્રસંગનો લાભ લેવા બહારગામના અનેક નરનારીઓ ઉતરી પડયા હતા અને આ બેઠકમાં તે કારણે પણ અને ત્યાર પછી જૈન યુવક પરિષદ્ ભરાનારી હતી તેથી તેમાં ભાગ લેવાના કારણે પણ હાજરી સવિશેષ થઇ હોય એમ લાગે છે. આવીજ રીતે કૉન્ફરન્સના આમંત્રણને હવે પછી માન આપી હાજરી આપવા બધા સભ્યો પ્રેરાય એમ ઇચ્છીશું. શ્રીયુત મણીલાલ કોઠારી જૈન યુવક પરિષદ્‌ના પ્રમુખ નિયુક્ત થઇ આવેલા, અને તેમણે જે સુંદર વ્યાખ્યાન કરી પોતાની એક જૈનધર્મી તરીકેની લાગણી વ્યક્ત કરી હતી તે માટે, અને જોસદાર અપીલ કરી સારૂં ફંડ ભરાવી આપવા મહેનત લીધી તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. તેમણે શત્રુંજય કૉન્ફરન્સમાં તેમજ શત્રુંજય તીર્થના સંબંધી પ્રચાર કાર્યમાં જબરો ફાળો આપ્યો છે: અને રાષ્ટ્રકાર્યમાં કાર્ય કરતાં ફાજલ પડતા વખતમાં પોતે જરૂર ફાળો આપ્યાજ કરશે એ એમનું વચન સર્વ કાર્યકર્તાઓને કાર્યકરતા થઇ જવા માટે મોટા પ્રોત્સાહન રૂપ નિવડશે.

સુરત જીલ્લામાં અધિવેશન માટે આમંત્રણ કરનાર શેઠ દલીચંદ વીરચંદ, શેઠ જીવણલાલ, શેઠ રણછોડભાઇ રાયચંદ, શા. મગનલાલ મુળચંદ વગેરેને અભિનંદન આપતાં હર્ષ થાય છે.

કૉન્ફરન્સ પોતાનું અધિવેશન સમય જતાં ઉચિત અવસરે કરી શકતી નથી તેથી તેના કાર્યમાં મંદતા આવે છે, તેની સ્થિતિ નિરૂત્સાહ પ્રેરે છે અને પ્રગતિમાં ધપ્યે જતી કોમો સાથે ગતિ કરી શકાતી નથી એ સાચી વાત છે, અને તેટલીજ સાચી વાત એ છે કે કોઇપણ શહેરના આગેવાનોમાં –ઓછામાં ઓછા બે આગેવાનોમાં હોંશ અને ધગશ જ્વલંત અને જાગ્રત હોય તો તેમને માટે અધિવેશન બોલાવી સફળ કરવું એ એક રમત છે–સહેલું કાર્ય છે સુરત જીલ્લો બલ્કે સુરતના આગેવાનો જરૂર પોતાનું કાર્ય યોગ્ય અવસરે ઉપાડી લઇ કૉન્ફરન્સને બોલાવી અન્ય શહેરોને દાખલો લેવા જેવું દૃષ્ટાંત પૂરૂં પાડશે એની અમને મોટી ખાત્રી છે.

એક બીજી નોંધ લેવા લાયક વાત એ બની કે વીરમગામના આગેવાન સુજ્ઞ ગૃહસ્થ શ્રીયુત છોટાલાલ ત્રિકમલાલ પારેખે દીક્ષાના અંગે મતભેદથી જૂદા રહેલા ભાઇઓ કૉન્ફરન્સમાં ભળી સંગઠનમાં વધારો કરે એ જાતની ઇચ્છા લાગણી ભર્યાં શબ્દોમાં વ્યક્ત કરી હતી. અને તેના સંબંધમાં આખી બેઠકમાં સારી રીતે ઉહાપોહ થયો હતો. સમાધાની એ સિદ્ધાંતના ભોગે ન બને તો સર્વથા અને સર્વત્ર ઇષ્ટ છે એમાં બે મત હોઈ ન શકે, તેમજ શાંતિમય ધોરણે કાર્ય કરતી પરિષદ્ અને તેના સભ્યો શાંતિમય માર્ગથી સંગઠન સર્વ પ્રકારે ઇચ્છે, પણ જ્યાં લોકશાસન (Democracy) નો સાર્વત્રિક સિદ્ધાંત–બહુમતિથી કાર્ય કરવાનો સિદ્ધાંત માન્ય ન હોય, હું કહું તે ખરૂં અને મારો કક્કોજ ખરો એવા એકાંતવાદનું શરણ લેવાતું હોય ત્યાં–કદાગ્રહની તરવાર ઉભી હોય ને કામ કરતી હોય ત્યાં–ગાળગલોચ અસભ્ય–ઉચ્છૃંખલ –ઉદ્ધત–અપશબ્દ ભરી ભાષાનો પૂરો આશ્રય લઇ ઝેર વેર અને કલેશના પ્રચારનો સંભાર થતો હોય ત્યાં–લાગણીવાળા આગેવાનો માટે માર્ગ છે કે તેમણે તે વાતાવરણના પ્રેરક પોષક પાસે જઈ પોતાની શુભ પરિણામની શુભેચ્છા છે તે વ્યક્ત કરે, અને તેઓ તેમ કરતાં બંધ થાય એવું સમજાવે. શાંત વાતાવરણમાં રહીને તેને પોષનારાને કંઈ કહેવાની કે સમજાવવાની જરૂર નથી. વળી જુદી દિશાએ જુદીજ વલણ પકડી કામ કરનારા હમેશાં એકમાં પોતાનો કક્કો ખરો કરી શકશે તો પછી બીજી બાબતોમાં પણ પોતાનો કક્કો ખરો કરાવવા કંઇને કઇ શોધી કાઢશે. આમ અનેક જાતના વિચાર સભામાં મુકાયા અને આખરે તે સંબંધમાં કોઇપણ જાતનો ઠરાવ કરવો ઇષ્ટ નથી, અને આપણી શાંતિમય ચળવળ શાંતિમય માર્ગે પ્રગતિને બાધક નિવડયા વગર પ્રેમથી ચલાવ્યે જવી એજ ઇષ્ટ છે એમ સ્વીકારાયું. છેવટે શેઠ રણછોડભાઇના વિવેચન અંતેની પ્રાર્થના પુનઃ કરીશું કે વીતરાગ પ્રભુની ભાવના સૌના હૃદયમાં વસો અને આપણું કાર્ય તે ભાવનાથી પ્રેરાઇને સફળ થાઓ.

—મોહનલાલ દલીચંદ દેશાઇ.

## — ગ્રાહકોને વિજ્ઞપ્તિ —

ચાલુ અંકથી આ પત્રનું નવું વર્ષ શરૂ થાય છે તેથી વિજ્ઞપ્તિ કરવાની કે આપનું નવાં વર્ષનું (૧-૧-૩૨ થી શરૂ થતાં) લવાજમ ટપાલ ખર્ચ સુદ્ધાંત રૂા. ૨) અંકે બે મનીઑર્ડર દ્વારા મોકલી આપવા કૃપા કરશો. ગત વર્ષમાં આપે ગ્રાહક તરીકે ચાલુ રહી આ પત્ર તેમજ પરિષદ્ પ્રત્યે જે સહાનુભૂતિ દાખવી છે તેજ રીતે આપ સર્વના સહકાર અને પ્રોત્સાહનની નવિન વર્ષે આશા રાખીએ છીએ. તંત્રી.

# પ્રથમ જૈન યુવક પરિષદ્.

તા. ૩૧ મી ડીસેંબરે આ પરિષદ્નો પ્રથમ દિવસ હતો. સુપ્રસિદ્ધ શ્રીયુત મણીલાલ કોઠારીનું પ્રમુખપદ હતું. સ્વાગત સમિતના અધ્યક્ષ પદે જાહેર કાર્યકર્તા શ્રીયુત વીરચંદ પાનાચંદ હતા. પરિષદ્ માટે વિશાલ મંડળ લોહાણા યુવક પરિષદ્ માટે બંધાયેલો તૈયાર હતો, પ્રેક્ષકો અને પ્રતિનિધિઓ જૈનોના ત્રણે ફિરકામાંથી હોઇ જૈન યુવકના જુસ્સાને અભિનંદવા સારી સંખ્યામાં મુંબઇ તેમજ બહારગામમાંથી આવી પોતપોતાનું સ્થાન લીધું હતું. સમાજના બળતા પ્રશ્નો ચર્ચાશે, રાજકીય કાર્યમાં સારો ભાગ લેનાર પ્રમુખો અને કેટલાક કાર્યવાહકો હતા તેથી રાજકીય ચર્ચા પણ થશે, મુંબઇના જૈન યુવક સંઘનું પ્રચારકાર્ય ઠીક થયું હતું તેથી તેની મુખ્ય કાર્યવાહીથી યુવકોનો જોસ ઉભરાઇ આવશે–આમ અનેક વિચારથી પ્રેરાઇ મહારાષ્ટ્ર, સુરત, વગેરે સ્થળેથી ઠીક સંખ્યામાં પ્રતિનિધિઓ આવ્યા હતા.

વીરચંદભાઇએ અતિ લાંબું ભાષણ તૈયાર કર્યું હતું અને તેમાં પોતાની સ્થિતિ વિશેષ સ્પષ્ટ કરવામાં ઠીક પ્રયત્ન સેવ્યો હતો ને તદુપરાંત રાષ્ટ્રસેવા સાથે કોમસેવા અસંગત નથી, પણ કોમસેવા પણ રાષ્ટ્રસેવા બની શકે છે, તેમ કરવામા પરિષદ્ દ્વારા સંઘઠન બળ કેળવી શકાય છે, સમાજ-વ્યવસ્થા થઇ શકે છે, તે બતાવી 'જૈન યુવકો' માં જૈન ધર્મની વિશેષતા ને તેના ઉપયોગી સિદ્ધાંતોની પ્રત્યે રાખવાં યોગ્ય લક્ષ પર ધ્યાન ખેંચ્યું હતું, ને સાથે 'યુવકો' કોને ગણી શકાય તે જણાવ્યું હતું, પછી સમાજની સ્થિતિની સમીક્ષા કરતાં તેનું સંખ્યાબળ, શરીરબળ, સ્ત્રી શક્તિ, કુરિવાજો, લગ્ન વ્યવહાર, અસ્પૃશ્યતા નિવારણ, ખાદીનો પ્રચાર, શિક્ષણ–છાત્રાલયો–ધાર્મિક શિક્ષણ, ધાર્મિક જીવન, અને અંતે ઉપદેશક એવા સાધુઓના વર્ગ પર આવી તેમને અપીલ કરી હતી કે બે સાધુઓ એક સ્થળે સાથે રહી ન શકે, 'મુનિ' વિશેષણ સાદું પરંતુ મહા ગુણસંપન્ન હોવા છતાં અન્ય મોટાં વિશેષણોનો લોભ હોય, અહિંસા ધર્મનું ગૌરવ મહાત્માજીથી આખા વિશ્વમાં અતિશય વધ્યું છે પણ તેના પ્રત્યે પ્રેમ કે આદર ન હોય, એ સ્થિતિ ઇષ્ટ નથી. હવે તો 'અહિંસા અને પ્રેમના ઝરા જગત્ પાસે વહેતા મૂકો, અહિંસાના વિજયમાં સાથ આપો, નિઃસ્પૃહતાનો આંતરિક ભાવ જગાવો કે બધો કોલાહલ શાંત થાય.'

મણીભાઇનું વ્યાખ્યાન તેથી ટુંકું હતુ; પણ દર્દભરી વેદનાવાળું હતું, કોમળ લાગણીના રસથી નીતરતું હતું, અતિ સરળ ને સાદાઈની શોભાથી ઓપતું તથા રાષ્ટ્ર ભાવનાથી અંકિત હતું. 'આજે જૈનોની સખાવતમાં મુખ્ય ભાગે સંકુચિત સાંપ્રદાયિક ભાવ રહ્યો છે, કુરૂઢીઓ અને ક્રિયા જડતાથી થતાં ખોટાં ખર્ચોથી સમાજની દશા દુર્બળ અને દયાજનક થતી જાય છે. વિરોધ અને કલેશથી ગંદું વાતાવરણ ફેલાયું છે અને આપણને કેવળ શરમાવનારાજ નહિ પરંતુ અધઃપતનના માર્ગે લઇ જનાર ઝગડાઓ થઇ રહ્યા છે,' આથી શ્રીમંતો સખાવત કરતાં સંકુચિત ભાવ મૂકી દે, લોકો ખોટાં ખર્ચો કરતાં અટકી જાય, આગેવાનો અરસપરસ વિશ્વાસ અને સાચી સમજણ ફેલાવી ગંદું વાતાવરણ સત્વર

( અનુસંધાન પૃષ્ઠ ૧૨ ઉપર )

( અનુસંધાન પૃ. ૧ ઉપરથી )

## પરિષદ્‌નો બે વર્ષનો અહેવાલ.

કામકાજ પાછું શરૂ થતાં સંસ્થાના મહામંત્રી શ્રી **મોહનલાલ ભગવાનદાસ ઝવેરીએ** કૉન્ફરન્સનો સંવત ૧૯૮૬ અને ૧૯૮૭ ના બન્ને વર્ષોનો છાપેલ રિપોર્ટ–અહેવાલ સભા સમક્ષ વાંચી સંભળાવ્યો હતો જેમાં સંસ્થા તરફથી જુદી જુદી દિશાઓમાં બજાવવામાં આવેલી સેવાઓ અને કામકાજની વિગતો આપવામાં આવી હતી.

## નિવેદન પર ચર્ચા.

મજકુર રિપોર્ટ–નિવેદન રજુ થયા બાદ તે પર કોઇને પણ પોતાના વિચારો જણાવવા ઇચ્છા હોય તેમને પોતાના વિચારો દર્શાવવા પ્રમુખશ્રીએ સૂચના આપતા શ્રી **સાગભાઇ મગનભાઇ મોદીએ** સુકૃત ભંડાર ફંડ સંબંધે બોલતાં જણાવ્યું કે તે ફંડ ખાતે ખર્ચ મોટો થયો છે. જ્યારે તેની આવક પ્રમાણમાં ઓછી છે તેનું કારણ શું?

## શ્રી મોહનલાલ બી. ઝવેરી

સંસ્થાના મહામંત્રીઓ જણાવ્યું કે કૉન્ફરન્સ તરફથી ઉક્ત ફાળો એકત્રિત કરવા સાથે પરિષદ્‌ના ઠરાવો અને તેને લગતું પ્રચારકાર્ય કરવા માટે હંમેશનાં ચાલુ ધોરણ મુજબ પગારદાર ઉપદેશકો પ્રવાસ કરે છે તેના પગાર મુસાફરી ખર્ચ વગેરેને અંગેનું મજકુર ખર્ચ છે. પ્રવાસ દરમ્યાન ઉક્ત ફંડમાં ભરાયેલો ફાળો પ્રમાણમાં ઓછો છે પણ પ્રચારકાર્ય માટે ઉપદેશકો રાખવાનું અનિવાર્ય છે. જૂદા જૂદા વિભાગોમાં ઉપદેશકોને ભોગવવી પડતી મુશ્કેલીઓનું વર્ણન કરતાં જણાવ્યું કે કેટલેક સ્થળે એવું પણ બને છે કે ફંડ ભરવાનું કહેવામાં આવે તો લોકો ઉપદેશકોને સાંભળવા પણ જાય નહિ; આથી કાર્યવાહી સમિતિએ એવાં સ્થળોએ હાલ તુરત ફંડ માટે આગ્રહ નહિં રાખવાનો નિર્ણય કર્યો છે અને તે સાથે પ્રચારકાર્ય તો ચાલુ રાખવાનુંજ ઠરાવ્યું છે.

## પ્રચારકાર્યની જરૂર

સંબંધે વિવેચન કરતાં મારવાડ વિભાગના પ્રાંતિક સેક્રેટરી શ્રી કેશરીમલ જવારમલ લલવાણીએ જણાવ્યું કે મારવાડમાં પ્રચારની જરૂર છે અને સુ. ભં. ફંડની વસુલાત ન આવે તો પણ ઉપદેશકનું કાર્ય ચાલુ રાખવા કાર્યવાહી સમિતિપાસે માંગણી કરતાં અમારી માગણી સ્વીકારી તે બદલ હું કમિટીનો આભાર માનું છું અને પ્રચારકાર્ય ચાલુ રાખવા વિનંતિ કરૂં છું.

## શહેરોનો ફાળો.

અત્રે સાદરાવાળા વકીલ **નિહાલચંદ લક્ષ્મીચંદ સોનીએ** જણાવ્યું કે આ વસુલાત થોડી જણાય છે તેનું કારણ એમ હું માનું છું કે ઉપદેશકોને નાના ગામોમાંથી જવાબ મળે છે તેથી રકમ ઓછી જણાય મ્હોટાં ગામોએ આ સવાલ હાથ ધરી પોતાનો ફાળો આપવો જોઇએ. એમ થશે તો આ ફંડમાં ખોટ નહિ રહે.

## સભ્યોની ફરજ.

ત્યાર બાદ **શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ** જણાવ્યું કે ઉપદેશકો અને પ્રચારકાર્યની ઘણી જરૂર છે. મ્હોટાં ગામોમાં કલેશો હોય છે તેથી ફંડ ન આપે એ બનવા જોગ છે એટલે આગેવાનો અને કમિટીના સભાસદો મન પર લે તો મ્હોટાં શહેરો જરૂર આપે. સભ્યો આ કામ હાથપર લેશે તો જરૂર છાપ પડશે.

## ભોગ આપો.

શ્રી મણીલાલ ખુશાલચંદ પારી (પાલણપુર) એ જણાવ્યું કે હું શ્રી ચોકસીને ટેકો આપું છું. આપણે ભોગ નહિં આપીએ તો કાંઇ નહિં બને. જુવાન બંધુઓને આ કાર્યમાં સાથ આપવા અને ઉપાડી લેવા જણાવ્યું.

## સેવાની જરૂર.

શ્રી બાલચંદ હીરાચંદે (માલેગાંવ) જણાવ્યું કે પ્રચારની આવશ્યકતા છે, ગેર-સમજુતિ દૂર કરવા જરૂર છે. દરેક પ્રાંતમાં પ્રચારકાર્યની જરૂર છે, નેતાઓ સ્થાન છોડે અને બહાર નિકળે તો લોકો મદદ માટે તૈયાર છે. માટે સેવાનીજ જરૂર છે.

## ચૈત્ર વૈશાખમાં મારવાડ જાઓ.

અત્રે શ્રી ચુનીલાલ હ. રાણાવટે (મારવાડ) જણાવ્યું કે મારવાડની મુશ્કેલીઓ પ્રવાસ માટે ભયંકર જણાવાઇ છે તેવી નથી. કેલવણી નથી એટલે પ્રથમ તે માટે પ્રયાસ કરો અને પછી પૈસા માંગો તે ઠીક છે. આપણે હાલ મારવાડમાં પ્રચારની જરૂર વિશેષ છે. તેજ પ્રાંતનો વક્તા ત્યાં છાપ પાડી ન શકે. આગેવાનોએ ચૈત્ર વૈશાખ માસમાં મારવાડ જવું એ વધારે અનુકૂળ થઇ પડે તેમ છે.

## પ્રાંતિક સમિતિઓદ્વારા કાર્ય.

શ્રી મોતીચંદ ગિ. કાપડીયાએ જણાવ્યું કે કૉન્ફરન્સનો કોઇક સ્થળે વિરોધ કરવામાં આવે છે એમ કહેવાયું છે તેને હું સંમત નથી. વિરોધ હોઇ શકેજ નહિં કેમકે કૉન્ફરન્સ જૈનોની છે અને તેથી કૉન્ફરન્સ અને જૈનો જુદા નથી. કોઇનો વ્યક્તિગત વિરોધ હોય તો આપણે તેવો વિરોધ ધરાવનાર પ્રત્યે સમભાવ અને સહનશીલતા રાખવી જોઇએ. અને વિરોધ શામે તે માટે પ્રયત્નો કરવા જોઇએ. આપણું નવું બંધારણ ઘડવામાં આવ્યું છે તે મુજબ શહેરો અને પ્રાંતોમાં સમિતિઓ સ્થાપવામાં આવે તે દ્વારા કાર્ય વ્યવસ્થિત રીતે ઉપાડી લેવામાં આવે તો ઉપદેશકો અને આગેવાનોએ બહાર નિકળવા જરૂર નહિં પડે. જો પ્રાંતિક જીલ્લા અને શહેરની સમિતિઓ આ કામ બરાબર ઉપાડે તો ઑલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટી જે હાલ રિપોર્ટ આપવાનું કામ કરે છે તેને તેવા રિપોર્ટો લેવાનુંજ રહેશે અને તેમજ થવું જોઇએ. આખી યોજના અમલમાં મુકવાની જરૂર છે. બધાઓનાં કામોનો સરવાળો તેજ કૉન્ફરન્સનું કાર્ય ખરી રીતે છે. અત્રે ત્રણ વાગવાથી બેઠક ચા પાણી માટે અરધો કલાક મુલતવી રહી હતી.

## શ્રી મહાસુખભાઇ ચુનીલાલ

વિસનગરવાળાએ બેઠકનું કામકાજ ફરી ચાલુ થતાં જણાવ્યું કે કૉન્ફરન્સ સામે કોઇનો વિરોધ નથી એમ શ્રી મોતીચંદે જણાવ્યું છે તો હું કહીશ કે રિપોર્ટમાંથી જણાઇ શકશે કે વિરોધ છે કે નહિં? તેમણે જણાવ્યું કે કૉન્ફરન્સનો એક

( અનુસંધાન પૃ. ૧૧ ઉપર )

### શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની ઑલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમિટીની બેઠક વખતે અપાયેલું

## રા. સા. શેઠ રવજી સોજપાલનું

# વક્તવ્ય.

**अर्हन्तो भगवन्त इन्द्रमहिताः सिद्धाश्च सिद्धि स्थिता।**
**आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः॥**
**श्रीसिद्धान्तसुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः।**
**पंचैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मंगलम्॥**

**સ્વધર્મી બન્ધુઓ,**

આપણી કૉન્ફરન્સની જૂન્નર મુકામે મળેલી યશસ્વી બેઠક વખતે આપ સર્વેની સ્ટેન્ડીંગ કમિટીમાં નિમણુંક થયા પછી અખિલ હિંદ સ્થાયી સમિતિ તરીકે આપણે આજે પહેલાજ મળીએ છીએ તે ઘટનાનો વિચાર કરતાં અને આપ સૌને મળતાં મ્હને ઘણોજ આનંદ થાય છે.

આપણે બંધારણ અન્વયે આના કરતાં વહેલા મળીએ એ જરૂરનું હતું, પરંતુ આપણા મહામંત્રીઓએ જણાવ્યું તેમ તે બની નથી શકયું, એટલે આપણી આજની બેઠક યોજાઇ છે અને આપ સર્વ પોતપોતાના કામકાજ અને સમયનો ભોગ આપી શ્રીમતી કૉન્ફરન્સદેવી દ્વારા સમાજના ઉત્કર્ષની અને આપણી મહાસંસ્થા-કૉન્ફરન્સની કારકીર્દી વિશેષ દીપાવવા સબંધી વિચારણાઓ માટે ઉપસ્થિત થયા છો તે જોઇ કયા સાચા જૈનનું હૃદય આનંદ પામ્યા વિના રહે? મ્હને પણ તેવોજ સહજ આનંદ ઉદ્ભવે છે. અને હું આપ સર્વે બંધુઓ પાસેથી આશા રાખું છું કે આજના શરૂ થતા સમારંભ સમક્ષ મ્હારૂં ટુંકું નિવેદન રજુ કરૂં છું તે સાંભળશો, મહામંત્રીઓએ રજુ કરેલા કાર્યક્રમ-એજેંડા પર શાંતચિત્તે વિચાર કરશો, આપના વિચારો આપશો અને તે પરથી ઘટતા નિર્ણયો કરશો.

આજની બેઠકવેળાએ હું કોઇ ખાસ મુદ્દાઓ વિચાર માટે રજુ કરવા ઇચ્છતો નથી, તેમ તેવા મુદ્દાઓ પરત્વે દિશા સૂચન કરવું એ પણ જરૂરી ધારતો નથી. કેમકે આ આપણી મહાસંસ્થાની સમસ્ત હિંદના સભ્યોની જૂન્નરની બેઠકમાં નિમાયેલ સ્ટેન્ડીંગ કમિટીના સભાસદોની મીટીંગ-બેઠક છે, એટલે આપને મોકલાઇ ચુકેલ કાર્યક્રમમાંથી ઉપસ્થિત થતા મુદ્દાઓ અને તે કાર્યક્રમ સંબંધે આપ સ્વતંત્ર ચર્ચા અને નિર્ણયો કરો એજ હું વ્યાજબી ધારૂં છું. તેથી આ તકે મને પ્રથમ દૃષ્ટિએ સુઝતા વિચારોજ રજુ કરીશ. એ બાબા ઉપર આપ સ્થિરચિત્તે વિચાર કરી યોગ્ય ચર્ચા કરશો.

## સ્વર્ગસ્થ આગેવાનો અને સભ્યો.

હું મ્હારૂં વક્તવ્ય આગળ ચલાવું તે પહેલાં કેટલાક દુઃખદ બનાવોની ઘટનાની નોંધ કરવાની ફરજ મ્હારે બજાવવી પડે છે, અને તે ફરજ આપણી સમાજના આગેવાન બંધુઓ અને આ કમિટીના ઉત્સાહી સભ્યોના શોક જનક અવસાનની નોંધ લેવા સંબંધે છે. જૂન્નર પરિષદ પછી આપણી કમિટીમાંથી શેઠ ગોવિંદજી ખુશાલભાઇ જેઓ હિંદુત્વની ખાતર કેટલાક મુસલમાન ગુંડાઓના હાથે કર્પીણ રીતે છરી વડે હુમલાના ભોગ થઇ અવસાન પામ્યા છે અને તેમનાં અવસાનથી સમાજ અને આપણી મહાસભા-પરિષદે એક ચુનંદા, ઉત્સાહી, ધર્મપ્રેમી અને વૃદ્ધ છતાં વિચારમાં અને પ્રવૃત્તિમાં યુવાન એવા એક સભાસદ ગુમાવેલ છે, તેમની સેવાઓ અતુલ હતી તેમનું જીવન આદર્શરૂપ હતું આવા સભ્યને ગુમાવતાં કોમને એક મ્હોટી ખોટ પડી છે ને ઉપરાંત દાનશીલ શેઠ પાનાચંદ ગાવજી ( જેતપુર ) શેઠ જીવાભાઇ મોહકમચંદ ( પાટણ ) અને મિયાંગામવાળા શેઠ નેમચંદ પીતાંબરદાસ કે જે સર્વે બંધુઓએ અત્યારસુધી પરિષદ્દેવીની દરેક પ્રસંગે તન મન ધનથી સેવા બજાવી યોગ્ય ફાળો આપ્યો છે તેઓના અવસાન બદલ આપણે ખરેખર દિલગીર થઇએ છીએ આ ઉપરાંત શેઠ મણિલાલ ગોકુલભાઇ મૂલચંદ કે જેમની કેળવણી પ્રત્યેની ઉદાર ભાવના અને તેના પ્રચાર માટે તેઓએ કરેલી સખાવતો જાણીતી છે તેમના અકાળ અવસાનથી પણ સમાજને એક વિશેષ ખોટ પડી છે. આ અને અન્ય બંધુઓ માટે આપણે ખરેખર અંતઃકરણપૂર્વક દિલગીરી પ્રદર્શિત કરીએ.

## કામકાજનો રિપોર્ટ અને હિસાબ.

જૂન્નરમાં પરિષદ્ મલ્યા પછીનો જે સમય વ્યતીત થયો છે તે દરમ્યાન આપણી પરિષદનાં કાર્યાલય દ્વારા સ્થાનિક મહામંત્રીઓએ જે કામકાજ બજાવ્યું છે તેનો છાપેલ અહેવાલ-નિવેદન ગત બન્ને વર્ષોનું આપને આપવામાં આવ્યું છે તેમજ તે સંબંધે સંસ્થાના એક મહામંત્રીએ પોતાનું નિવેદન પણ રજુ કર્યું છે તે પરથી પરિષદ કાર્યાલય દ્વારા થયેલ કામકાજનો ખ્યાલ આપ સહજ કરી શકશો. અનેક વિપરીત સંજોગો, દેશનું વર્તમાન વાતાવરણ, આપણી કોમની સ્થિતિ અને સંસ્થાના પોતાના આર્થિક તેમજ અન્ય સંજોગો જોતાં આપ સૌ સ્વીકારશો કે જે કાર્ય થયું છે તે પૂરતું ગણાશે અને આ સેવા બજાવવા બદલ મહામંત્રીઓને ધન્યવાદ આપવામાં આપ મ્હારી સાથે સહમત થશો એમ ઇચ્છું છું. તેમની સેવાની આ કદર આપણે એટલા માટે પણ કરવી જોઇએ કે તેઓએ પોતાના નિવેદનના ઉપસંહારમાં જણાવ્યું છે તેમ કોમમાં વૈમનસ્ય ન વધે એ રીતે કામ લેવાની પદ્ધતિ તેઓએ અખ્ત્યાર કરી છે અને તે રીતેજ અત્યારસુધી કામ કર્યું છે, આ બિના ખરેખર ખુશી થવા જેવી છે. કેમકે આઘાત સામે પ્રત્યાઘાતની નીતિ પરિષદ જેવી મોભો ધરાવનારી મહાસંસ્થાની કીર્તિ અને તેનાં સ્થાનને અનુરૂપ ન થઈ પડે અને પરિણામે આજે જે ભયંકર સ્વરૂપે કલેશ અને ઝઘડાઓ સમાજમાં સળગી રહ્યા છે તેને સતેજ કરવાનું પાતક આપણે વહોરવું પડે તે સર્વથા અનિષ્ટજ છે એમ હું માનું છું; આપ સર્વે પણ તે બીના સ્વીકારશો. આથી હું સંસ્થાના મહામંત્રીઓ અને કાર્યવાહી સમિતિના ઉત્સાહી સભાસદોને તેમની કાર્યપધ્ધતિ તથા સેવાઓ બદલ અંતઃકરણપૂર્વક અભિનંદું છું.

## કૉન્ફરન્સની આર્થિક પરિસ્થિતિ.

બંધુઓ ! આપની પાસે આટલી હકીકત રજુ કર્યા પછી હું એક ઘણી અગત્યની બાબત પર આપનું ધ્યાન રોકીશ. આપની સમક્ષ કૉન્ફરન્સનાં ગત બે વર્ષનો અહેવાલ રજુ થયો છે તે સાથે તેનો આવક ખર્ચનો હિસાબ તથા સરવાયાં પણ રજુ થયાં છે, તે પરથી આપણી મહાસભાની આર્થિક પરિસ્થિતિ આપ જોઇ શક્યા હશો એમ હું માનું છું. આવીજ સ્થિતિ છેલ્લાં થોડા વર્ષો થયાં આપણે અનુભવતા આવ્યા છીએ અને જરૂર પડયે શક્તિ પ્રમાણે સંસ્થાને ટકાવવા પ્રયાસ પણ કરતા આવ્યા છીએ. એકંદર રીતે વિચારીએ તો આ સ્થિતિ મૂળથીજ ચાલી આવે છે. આવી સ્થિતિ છતાંએ પરિષદ લગભગ અઠ્ઠાવીસ વર્ષ થયાં સતત કાર્ય કરી રહી છે-ટકી રહી છે અને એ ઘટનાજ એમ પૂરવાર કરે છે કે તેનું અસ્તિત્વ આવશ્યક છે-અને તેનું સ્થાન કાયમ રાખવા અનેક સુજ્ઞ બંધુઓ, વિચારકો, શ્રીમન્તો સૌએ પરિષદને ટકાવી રાખી બનતું કાર્ય કરવા દરેક શ્રમ સેવ્યો છે.

બન્ધુઓ! હવે આ વસ્તુસ્થિતિ એમજ ચલાવવી કે તેના માટે કાયમી ફંડ જેવી યોજના કરવી એ સંબંધે આપ અત્રે એકત્ર થયા છો તો અવશ્ય વિચાર કરશો એવી મ્હારી ઉમેદ છે. આજે દેશની સ્થિતિ પલટતી જાય છે રાષ્ટ્રહિતના પ્રશ્નો સાથે આપણી કોમના સંગઠન અને કેળવણી આદિ અનેક પ્રશ્નો પણ આપણી સમક્ષ પડયા છે તે દરેક પ્રશ્ન અંગે આપણે દેશના વેપાર ધંધાના અને કોમના બદલાતા સ્થિતિ સંજોગ સાથે ટકાવ કરવાની જરૂર છે અને તેવા સમયમાં આપણી આ એકની એક સંસ્થા નાણાંને કારણે કાર્યનો બોજો જોઇએ તેટલો ઉપાડી ન શકે અગર આપણે કેટલાંક કામો અણસ્પર્શ્યાં રહેવા દેવાં પડે તે કોઇ રીતે ઉચિત હોય એમ હું માનતો નથી. તેથી આપ સર્વે બંધુઓને ભલામણ કરૂં છું કે આ સ્થિતિ હંમેશને માટે દૂર થાય તેવા ઇલાજો યોજવા જરૂર છે અને તે મુજબ આપ સૌ પ્રવૃત્ત થશો. જે મહાસંસ્થા પાસેથી અનેક જાતની સહાય, અનેક પ્રશ્નો પરત્વે વિચારણા અને દોરવણી સમાજ માંગે છે તેની સ્થિતિ સંગીન બને તેમ કરવું તે મ્હારી, આપની અને સમાજના પ્રત્યેક અંગની પહેલી ફરજ છે.

## દીક્ષાનો ઠરાવ.

પ્રિય બંધુઓ! જુન્નર પરિષદે દીક્ષાના નિયમન અંગે જે ઠરાવ કર્યો છે તે સંબધે હું તમારી સમક્ષ થોડી હકીકત રજુ કરીશ. જુન્નરમાં આપણી મહાસભાનું અધિવેશન મળ્યું તે પહેલાંજ આ પ્રશ્ને આપણા સમાજમાં ચર્ચા જગાડી હતી અને તે સંબંધે પરિષદના પ્રમુખસ્થાનેથી મ્હારા વક્તવ્યમાં યોગ્ય સૂચના કરી હતી. ત્યારપછી આપણી પરિષદ સામે જે પ્રકારનું પ્રચારકાર્ય ચાલી રહ્યું છે તે જોતાં દરેક સાચા જૈનને અવશ્ય ક્ષોભ થાય એમ હું માનું છું, છતાં હું આ સર્વ ઘટના તરફ ઉપેક્ષાની દૃષ્ટિએજ જોવું યોગ્ય ધારૂં છું: કેમકે તેઓ આપણા બંધુઓ છે-માત્ર જુદા વિચાર ધરાવનારા હોય એટલુંજ. આ । બંધુઓના વિચારો મેળવી લેવા માટે આપણા સ્થાનને મોભાને શોભે તે રીતે કામ લેવું એજ ઠીક ગણાય. તેમ છતાં આવા બંધુઓએ પણ સમજવું જોઇએ કે પોતાનો ગમે તે મતભેદ હોય છતાં જૈન તરીકે ભાષાનો પ્રયોગ જૈનને શોભે તેવો કરવો તેમાંજ તેમની અને સૌની શોભા છે. મતભેદ દરેક વખતે હોઇ શકે, પરંતુ તે પ્રમાણિક મતભેદ હોવા જોઇએ અને તે સામે કોઇનો વિરોધ હોઈ શકે નહિ. પરમતસહિષ્ણુતાની ખામી મ્હોટે ભાગે જોવામાં આવે છે તે દૂર થવી જોઇએ. બીજાઓના મનપર આપણાજ અભિપ્રાયો-મન્તવ્યો ઠોકી બેસાડવાનો દુરાગ્રહ કદિ કોઇએ સેવવો ન જોઇએ અને એજ ખરા જૈનનું લાક્ષણિક તત્ત્વ હોવું જોઇએ.

છતાં આ પ્રશ્ને સમાજમાં અનેક કુસંપો, કંકાસ, કલેશનાં બીજ રોપ્યાં છે સંઘોની સત્તાપર પણ આક્રમણ થયાં છે અને પરિણામ એ આવ્યું છે કે રાજસત્તા આપણી દીક્ષા જેવા પ્રશ્નોમાં હસ્તક્ષેપ કરવા લાગી છે અને આપણે તે મને કે કમને સ્વીકારવું પડે એવી સ્થિતિ ઉભી થઇ છે, અને ભવિષ્યમાં આ પ્રશ્ન કયો માર્ગ લેશે તેની આજે કલ્પના થઇ શકતી નથી. આ બાબતમાં સમાજના ભિન્ન ભિન્ન વિચાર ધરાવનારા બંધુઓ હજુ એકત્ર મલી વિચાર કરી યોગ્ય નિયમો ઘડી તેના પાલન માટે ગોઠવણો કરી ઘરનો કલેશ મિટાવવા પ્રયાસ કરે તો કંઇ મોડું થયું છે એમ હું માનતો નથી. ભવિષ્યની સામે પણ આ પ્રશ્ન અંગે આપણે વ્યવસ્થિત થવા જરૂર છે, નહિતો મ્હને હજુ ભય છે કે વડોદરા રાજ્યના આ ખરડાના પસાર થવા પછી અનેક દેશી રાજ્યો અને બ્રિટિશ સરકાર પણ આ વાત હાથ ધરશે અને આપણે પોતે આ બાબતમાં નિર્ણય નહિ લાવી શકીએ તો અવશ્ય તેના કાયદાઓ સ્વીકારે છુટકોજ છે. કાળબળની સામે કોઈ ટકી શક્યું નથી અને ટકી શકશે નહિ. હજી ચેતાશે નહિં તો અવશ્ય ભાવિના ભૂગર્ભમાં રહેલા પાઠો સ્વીકારવા પડશે.

આવી પરિસ્થિતિમાં વિરોધ વધારવાના પ્રયાસો સેવવા-તેવી પ્રેરણાઓ કરવી એ સમાજ દ્રોહ છે અને એવી ભાવ-નાઓ સેવવાવાળા માટે મારી પાસે યોગ્ય શબ્દ નથી. શાસનદેવ સૌને સન્મતિ અર્પે એજ મ્હારી અન્તરની અભિલાષા છે.

## વર્તમાનપત્રો અને લેખકો.

આ પ્રશ્ન અંગે ઝઘડાનું સ્વરૂપ વધારે ઉગ્ર બન્યું છે તેના મૂળભૂત કારણો તરીકે કેટલાક શાસન અને ધર્મને નામે કલમને કલંકિત કરનારા લેખકોજ મુખ્યત્વે અગ્રસ્થાને આવે એમ મ્હને લાગે છે. મતભેદની તીવ્રતાને મ્હોટું રૂપ આપવા આવા એક યા બીજા પક્ષના લેખકો મથે છે અને નથી જોતા ભાષા કે નથી વિચારતા સમય અને સમાજની પરિસ્થિતિ! સમાજના ભાવિનો તેમને વિચાર સરખોય સાંપડતો હોય એમ પણ મને નથી લાગતું. આવા લેખકોને કેટલાક વર્તમાનપત્રો પણ વિશિષ્ટ સ્થાન આપે છે એટલુંજ નહિં પણ તેઓ પોતાના પત્રમાં કટારોની કટારો ભયંકર અને ચોંકાવનારાં શીર્ષકોથી ગંદી અને ગલીચ ભાષામાં લખાયેલાં લખાણોથી ભરી કાઢે છે. આવા પત્રકારો અને લેખકોને હું નમ્રભાવે જણાવું છું કે તેમણે પોતાના વિચારોને, વિનય, મર્યાદા, અને સંયમ યુક્ત પ્રૌઢ ભાષામાં સમાજ સમક્ષ મૂકવાથી અને ચાલુ પદ્ધતિને સમાજ અને ધર્મના હિતાર્થે તિલાંજલી આપવાથી તેઓ

ધર્મની અને કોમની વધારે સુંદર સેવા બજાવી શકશે. આજના પ્રસંગે સામાન્ય રીતે આટલું કહેવું મ્હને ઉચિત જણાય છે. જો તેનો અમલ થશે તો કલેશાગ્નિની જ્વાલાઓને ચાલુ પદ્ધતિથી પ્રજ્વલિત થવાનો અવકાશ ન રહેતાં થોડે અંશે પણ શાંતિ થશે. બીજાને હલકા ચિતરીને ઉતારી પાડીને કે ગાળો દઇને પોતાનું મહત્વ વધારવું એ નરી મૂર્ખતા નહિં તો બીજું શું કહી શકાય? પોતાને બીજા કરતાં વધારે સારા દેખાડવા હોય તો કાંઇ પણ સંગીન કાર્ય કરીને-ભોગ આપીને-રચનાત્મક મંડન કાર્ય કરીને, વધારે સારા દેખાડવા પ્રયાસ કરવામાંજ ગૌરવ અને શોભા છે, એમ હું માનું છું.

## દેશની આઝાદી.

આપણી પવિત્ર માતૃભૂમિ હિંદમૈયાની આઝાદી-મુક્તિની છેલ્લી અહિંસાના તેજોમય તત્ત્વપર રચાયેલી લડાઇ આપણા ધર્મનું ગૌરવ દેશભરમાં-દુનિયાભરમાં વધાર્યું છે. અને તેવી અહિંસાત્મક ચળવળના પ્રણેતા વિશ્વવંદ્ય માહાત્મા ગાંધીજીએ પોતાના ત્યાગ વડે અને અહિંસાના પ્રયોગથી તેની ઉપયોગિતા અને મહત્ત્વનો ચમત્કાર જગત્ ભરને દેખાડયો છે એ આપણે માટે ખરેખર અભિમાનનો વિષય છે. આવી લડત દરમ્યાન આપણી કૉન્ફરન્સે સ્વદેશી પ્રચાર સમિતિ દ્વારા યથાશક્ય ફાળો આપ્યો છે. તેમજ આપણા સમાજના અનેક બંધુઓ અને બ્હેનોએ પણ પોતાનું કર્તવ્ય બજાવી ઘટતો ફાળો આપ્યો છે તેની નોંધ લેતાં હર્ષ થાય છે હજુ પણ આપણી સ્વદેશી પ્રચાર સમિતિ આ દિશામાં કાર્ય ચાલુ રાખે અને સમાજ તેને ઘટતી સહાય અને સહાનુભૂતિ આપે એમ ઇચ્છું છું.

બંધુઓ! દેશની લડત દરમ્યાન રાષ્ટ્રીય મહાસભાના આપણા દેશ નેતાઓ પ્રત્યે તેમણે દેશનાં સ્વાતંત્ર્ય માટે વખતો વખત જાહેર કરેલ અભિલાષાઓ અને સ્વરાજ્યની ભાવનાઓમાં આપણે સહાનુભૂતિ ધરાવી છે. અને હજુ પણ પૂ૦ મહાત્માજી અને દેશના અન્ય નેતાઓ આપણા દેશ માટે સ્વરાજ્યનું જે બંધારણ સ્વીકારવા તૈયાર થાય તેને આપણો અંતરનો ટેકો ઘટે છે એમ હું કહું તો આપ સર્વ તેમાં સહમત થશો. રાષ્ટ્ર પ્રત્યેની આપણી ફરજમાં આપણો ફાળો આપવા આપણે કદી પણ પાછા ન પડીયે, અને પડયા પણ નથી. મ્હારા આ કથનના ટેકામાં હું કહીશ કે આપણે લઘુમતિ કોમ હોવા છતાં સમગ્ર દેશનાં હિતમાંજ આપણું હિત સમાયેલુ છે એમ આપણે અત્યારે માન્યું છે અને ગોળમેજી પરિષદ્‌માં કે અન્ય પ્રસંગોએ લઘુમતિ કોમ તરીકે આપણું જુદું પ્રતિનિધિત્વ માંગ્યું નથી-માંગવું દુરસ્ત ધાર્યું નથી. હજુ પણ આપણે આપણો વિશ્વાસ મહાત્મા ગાંધીજી અને મહાસભાના અન્ય નેતાઓ પ્રત્યે ધરાવીએ છીએ એમ ફરીથી જાહેર કરવામાં પણ આપણે દેશની સેવા બજાવી ગણાશે.

## કોમની આર્થિક પરિસ્થિતિ.

બંધુઓ! મ્હેં આપનો ઘણો સમય લીધો છે. અને હવે વિશેષ વખત રોકવા માંગતો નથી એટલે માત્ર એકાદ મુદ્દોજ આપની સમક્ષ રજુ કરીશ. આપણી આર્થિક સ્થિતિ દિનપરદિન ખરાબ થતી જાય છે, તેનાં કારણમાં દુનીયાભરની મંદી એ પણ એક કારણ હોય. છતાં આ સ્થિતિ ઘણો વખત થયાં વિચારવા યોગ્ય થઇ પડી છે, આપણા હાથમાંથી ધીરધાર-બેંકીંગ અને બીજા અનેક ધંધાઓ ગયા છે, જાય છે અને ભવિષ્યમાં શું થશે તે કહી શકાતું નથી. જાગ્યા ત્યાંથી સવાર એ હિસાબે બગડતી સ્થિતિને અટકાવવા તેમાં સુધારો કરવાની જરૂર આવશ્યક્તા છે. અને તેથી મ્હારે કહેવું જોઇએ કે આપ સૌ અત્રે એકત્રિત થયા છો તો વિચારશો અને કાંઇ તોડ કાઢશો તો ઘણું ઠીક થઇ પડશે' એમ મને જણાય છે.

આ સ્થિતિ સુધારવા માટે કેળવણીથી વંચિત રહેતાં બાળકો માટે વધારે પ્રમાણમાં સગવડો થાય અને કેળવણી વધે તેમજ ઉચ્ચ કેળવણી વધુ અને વધુ પ્રમાણમાં લેવાય તે એક માર્ગ છે. બીજા માર્ગ તરીકે જૈન બેંકની યોજનાને કોઇ પણ રીતે અમલમાં મૂકવામાં આવે તો આપણા ધંધાર્થી ભાઇઓને ન્હાના મોટા ધંધાઓમાં ચોક્કસ ધોરણોએ મદદ કરી શકાય. આ બીજો માર્ગ પણ વિચારવા જેવો છે. આ દિશામાં કાંઇ પણ પગલાં ભરવાનું બની શકે એમ આપ સૌને લાગતું હોય તો તેની યોજના કરવાનું આપ ચુકશો નહિં.

જુન્નર અધિવેશનમાં આર્થિક તપાસ કમિશનની નિમણુંક સંબંધેનો ઠરાવ થયેલો છે તે સંબંધે હું અત્યારે એટલું કહું તે જરૂરી લાગે છે કે આવું કમિશન નિમી પરિણામે આપણો ઉદ્દેશ જરૂરીયાત હોય તેને મદદ સહાય કરવાનો છે. જો એમજ હોય તો કોમની સ્થિતિ આપણી જાણ બહાર નથી, એટલે જૈન બેંકની યોજના અને તે ઉપરાંત નિરાશ્રિતોને ઘટની સહાય આપવાની ગોઠવણ-આ બન્ને બાબતો પર પૂર્ણ વિચાર કરવામાં આવે અને કંઇ પણ અમલી યોજના થાય તો તે પછીજ આવાં કમિશનની નિમણુંકની સાર્થકતા થશે એમ હું માનું છુ.

## અધિવેશન અને પ્રચારકાર્ય.

બંધુઓ! જુન્નરનાં અધિવેશનને બે વર્ષ લગભગ પુરાં થવા આવ્યાં છે અને સુધરાયેલાં બંધારણ અનુસાર આપણે દર વર્ષે કૉન્ફરન્સની બેઠક મેળવવી જોઇએ. પરંતુ હજુ સુધી તેવી બેઠક મેળવવાનુ બની શકયું નથી; ત્યારે આપણે શું કરવું જોઇએ એ પ્રશ્ન આપણી સમક્ષ ખડો થાય છે; આ પ્રશ્નનો ઉત્તર બંધારણની કલમ ૩ જી માંથી પુરો પડે છે તદનુસાર કોઇપણ તીર્થસ્થાન અને તે ન બને તો મુંબઇમાં આપણે બેઠક મેળવવી જોઇએ અને તે પણ શકય ન જણાય તો પ્રાંતિક આગેવાનોને નિમંત્રી સ્ટેન્ડીંગ કમિટીની બેઠક કોમનાં અગત્યના પ્રશ્નોની વિચારણા માટે બોલાવવી જોઇએ.

અધિવેશન મેળવવું એ વાતની તરફેણમાં બધાજ હશે; અને તેમ થયા વિના વાતાવરણમાંથી પ્રાણ વાયુનો લોપ થવાથી જેમ જાગૃતિ ઉડી જઇ સુષુપ્તિનું જોર વધે તેમ આપણી પ્રવૃત્તિઓ પણ શિથિલ થાય એ તદ્દન સંભવીત છે. એટલે આપણે કોઇ પણ સ્થળે અધિવેશન મેળવવું તો જરૂરી છેજ ચોકસ સ્થળોએ વિચાર વાતાવરણ ફેલાવીને કામ લેવામાં આવે તો અધિવેશન એ અશકય ઘટના નથી. પરંતુ આમ કરવામાં આપણે સૌએ વધારે ભોગ આપવા તૈયાર થવું પડશે, અને પ્રવાસ અને પ્રચાર માટે પણ તૈયાર થવું જોઇશે. જો તેમ બને તોજ કાર્યની સિધ્ધિ છે. આ જમાનામાં હવે અગ્રસ્થાન ભોગવવું હોય તેણે કામ કરી બતાવવું જોઇશે-ભોગ આપવો પડશે, નહિ તો બીજા કાર્યકર્તાઓને સ્થાન આપવું પડે એમાં જરાપણ સંદેહ હોય એમ મને લાગતું નથી.

# ઑલ ઇન્ડિયા સ્ટે. કમિટીની બેઠક.

## જૈન બેંક સબંધે સહકારીયોજના માટે નાણાં આપવાનાં મળેલા વચનો.

| | | | |
|---|---|---|---|
| ૧૦૦૧) | શેઠ | રવજી સોજપાળ | મુંબઇ |
| ૧૦૦૧) | ,, | શાંતીદાસ આશકરણ | ,, |
| ૧૦૦૧) | ,, | રણછોડભાઇ રાયચંદ | ,, |
| ૧૦૦૧) | ,, | શકરાભાઇ લલુભાઇ | અમદાવાદ |
| ૨૦૧) | ,, | અમૃતલાલ કાળીદાસ | ,, |
| ૨૦૧) | ,, | કકલભાઇ બી. વકીલ | મુંબઇ |
| ૨૫૧) | ,, | દલીચંદ વીરચંદ | સુરત |
| ૨૫૧) | ,, | શકરચંદ મોતીલાલ મુલજી | મુંબઇ |
| ૨૦૧) | ,, | જીવણલાલ કપુરજી | વાંઝ |
| ૧૦૧) | ,, | નગીનદાસ લલુભાઇ | મુંબાઈ |
| ૧૦૧) | ,, | મકનજી જુઠાભાઇ મહેતા | ,, |
| ૧૦૧) | ,, | મણીલાલ રીખવચંદ ઝવેરી | ,, |
| ૧૦૧) | ,, | ચુનીલાલ સરૂપચંદ | રાજુરી |
| ૧૦૧) | ,, | ત્રિલોકચંદ રતનચંદ | મુંબઇ |
| ૧૦૧) | ,, | હરગોવિંદદાસ રામજી | ,, |
| ૧૦૧) | ,, | ઝવેરી લલુભાઇ ગુલાબચંદ | ,, |
| ૧૦૧) | ,, | મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ | ,, |
| ૫૧) | ,, | છગનલાલ દામોદરદાસ | નાશીક |
| ૫૧) | ,, | લલુભાઇ કરમચંદ દલાલ | મુંબઇ |
| ૫૧) | ,, | માનમલ બિરદીચંદ | મંચર |
| ૫૧) | ,, | ઝવેરી મુલચંદ આશારામ | અમદાવાદ |
| ૫૧) | ,, | પોપટલાલ શામળદાસ | ,, |
| ૫૧) | ,, | મોતીલાલ વીરચંદ | માલેગાવ |
| ૫૧) | ,, | નાગરદાસ હકમચંદ | પાલણપુર |
| ૫૧) | ,, | રસિકભાઇ વીરચંદ | ખેડા |
| ૫૧) | ,, | જવારમલ સૂખરાજ | પૂના |
| ૫૧) | ,, | હિરજી કાનજી | મુંબઇ |
| ૫૧) | ,, | ઝવેરચંદ કપુરચંદ | બારડોલી |
| ૫૧) | ,, | હીરાચંદ વસનજી | પોરબંદર |
| ૫૧) | ,, | ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી | મુંબઇ |
| ૩૧) | ,, | રતીલાલ ભીખાભાઇ | અમદાવાદ |
| ૨૫) | ,, | મોહનલાલ દલીચંદ દેશાઇ | મુંબઇ |
| ૩૫) | ,, | મેઘજી સોજપાળ | ,, |
| ૨૧) | ,, | ચુનીલાલ હ. રાણાવટ | ,, |
| ૨૫) | ,, | મગનલાલ હરજીભાઇ | બારડોલી |
| ૨૫) | ,, | સુરજમલ વીરચદ | ,, |
| ૨૫) | ,, | કાલીદાસ હરજીવન | મુંબઇ |
| ૧૧) | સૌ. | ગુલાબબેન મકનજી મહેતા | ,, |
| ૧૧) | ,, | મણીબેન મણીલાલ ઉત્તમચંદ ઝવેરી | ,, |
| ૧૧) | ,, | કળાવતીબેન મોહનલાલ ભગવાનદાસ | ,, |
| ૧૧) | ,, | જેકોરબેન ભગવાનદાસ ઝવેરી | ,, |
| ૧૧) | સંઘવી | પ્રેમચંદ સુંદરજી | ,, |
| ૧૧) | ,, | કપુરચંદ ગુલાબચંદ | ,, |
| ૫) | સૌ. | નારંગીબેન રમણીકલાલ ઝવેરી | ,, |
| ૫) | ,, | ચંદનબેન ગુલાબચંદ ઝવેરી | ,, |
| ૫) | ,, | કાંતાબેન બબલચંદ ઝવેરી | ,, |
| ૫) | ,, | ચંપાબેન સારાભાઇ મોદી | ,, |

કુલે રૂા. ૬૮૫૩)

**સફળતા ઇચ્છનારા સંદેશાઓ,** અને અન્યપત્રો:- શ્રી કસ્તુરભાઇ લાલભાઇ, અમદાવાદ, શ્રી જીવરાજ ઓધવજી, ભાવનગર, શ્રી ગણેશમલ નાહેટા, કલકતા, શ્રી લક્ષ્મીચંદ ઘીયા, પ્રતાપગઢ, શ્રી ગુલાબચંદ ઢઠ્ઠા, જયપુર, શ્રી ચિમ લ લ સરૂપચંદ રાધનપુર, શ્રી લક્ષ્મીચંદ પ્રેમચંદ રાધનપુર, શ્રી પુનમચંદ ઢોરે, જયપુર, લાલા દલેલસિંહ જોહરી, દહેલી. શ્રી રોશનલાલ ચતુર ઉદયપુર, શ્રી હીરાચંદ સુચંતિ, અજમેર, શ્રી દયાલચંદ જોહરી આગરા, શ્રી દેવચંદ દામજી, ભાવનગર, શ્રી રાજવલ્લભ શીરચંદ, રાધનપુર, શ્રી પોપટલાલ હેમચંદ નગરશેઠ, પાટણ, શ્રી નિર્મ્મલકુમારસિંહ નવલખા, અઝીમગંજ ડૉ. બાલાભાઇ મગનલાલ નાણાવટી, વડોદરા, શ્રી લલુભાઇ દીપચંદ ઝવેરી, દેવલાલી, શ્રી અમૃતલાલ લલુભાઇ ઝવેરી, અમદાવાદ. શ્રી જી. રઘુનાથમલ બેંકર્સ, હૈદ્રાબાદ, શ્રી વાડીલાલ મગનલાલ વૈદ્ય, વડોદરા, શ્રી છોટાલાલ પ્રેમજી, માંગરોળ, શ્રી પનરાજ અનરાજ, લશ્કર, શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી, ભાવનગર, શ્રી ભીકમચંદ મુથા, રાની. શ્રી હરીસિંહજી કોઠારી સૈલાણા, શ્રી ડાહ્યાલાલ હકમચંદ, જુનાગઢ; શ્રી ચતુરભાઇ પીતાંબર શાહ સાંગલી, શ્રી કુંવરજી આણંદજી કાપડીઆ, ભાવનગર, શ્રી. સારાભાઇ ડાહ્યાભાઇ અમદાવાદ. રાયબહાદુર સુખરાજ રાય નાથનગર. પંડિત આણંદજી કચ્છ. બાબુ દયાલચંદજી જૌહરી, આગ્રા. શા. ડુંગરશી અમથારામ તથા મહેતા બાબારામ ગૌતમચંદ એકસંબા.

---

અધિવેશન મેળાવીને પણ તેના ઠરાવો અમલમાં મુકવા ઘટતું પ્રચારકાર્ય ન થાય તો પણ બેઠકની સફળતા નથી એમ હું માનું છું.

આથી હું આપ સર્વેને વિજ્ઞપ્તિ કરૂં છું કે હવે આની સંપૂર્ણ તૈયારી કરીને અધિવેશન મેળવવા અગર તે શકય ન હોય તો પ્રાંતિક આગેવાનોની બેઠક મેળવવા વિચાર કરશો.

એક વિશેષ સૂચના હાથ ધરવા જેવી મ્હને એ જણાય છે કે બંધારણ અનુસાર કૉન્ફરન્સની સમિતિઓ રૂપે શાખાઓ અને પ્રશાખાઓ ઠેક ઠેકાણે સ્થપાય તેવો કાર્યક્રમ પૂર જોશથી ઉપાડી લેવો જોઇએ. જો કે આમાં દરેક સ્થળે ઉત્સાહી અને સેવાભાવી બંધુઓના સહકારની જરૂર અવશ્ય રહેશે. અને જેટલા પ્રમાણમાં સહકાર મળશે તેટલી કાર્યસાધકતા વધશે એવી મ્હારી ખાત્રી છે. આ દિશામાં પણ પ્રવાસ વિના આપણે ઘણું ઓછું કરી શકશું—એટલે પ્રવાસ અને પ્રચારની સતત યોજના ઉપાડી લેવામાં આવે તો આપણે ઘણું કરી શકીએ તેમ છીએ અને જોઇએ તેટલો સહકાર મલી રહેશે એવો મ્હને ભરોંસો છે.

બંધુઓ! મ્હેં આપનો ઘણો સમય લીધો છે. અને હવે હું આપનો વધારે વખત લેવા માંગતો નથી. મ્હેં જે વિચારો રજુ કર્યા છે તે પર આપ સૌ પુરો વિચાર કરશો, આપના વિચારો રજુ કરશો. અને ઘટતા નિર્ણયો કરશો.

છેવટે એટલુંજ હું ઇચ્છીશ કે આપણે જે સંસ્થા—જૈન કોમની મહાસભાનાં હિતના અને તેના દ્વાર સમાજના હિતના પ્રશ્નો પર વિચાર કરવા સંમિલિત થયા છીએ તે મહાસભા અને આપણી કોમ દિવસાનુદિવસ ઉચ્ચતમ સ્થિતિ પ્રાપ્ત કરો! અને શાસન દેવ સૌને સન્માર્ગે દોરો કે જેથી આપણું અને વિશ્વનું ભલું કરવા આપણને પ્રેરણા મળે! ઇતિ ૐ ॥

શનિવાર તા. ૨૬-૧૨-૩૧. **રવજી સોજપાલ.**
સ્થળ—શ્રી મહાવીર જૈન વિદ્યાલય. પ્રમુખ.

જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના મહામંત્રી

# શેઠ રણછોડભાઈ રાયચંદ ઝવેરીનું

## પ્રાથમિક આવકાર અર્થેનું વિવેચન.

સુજ્ઞ ધર્મબંધુઓ,

આજે આપણે સૌ કોમનું હિત વિચારવા માટે એક સંમેલન રૂપે એકઠા મળ્યા છીએ તે જોઇ મને ઘણો આનંદ થાય છે અને આપ જે તસ્દી લઇ અહીં પધાર્યા છો તે માટે મારા અંતઃકરણથી આવકાર આપું છું અને આભાર માનું છું.

હાલમાં એક બાજુ દેશની સ્થિતિ લઇએ. બારીક નજરથી આપણે જોઇશું તો દેશની ચળવળ આગળ વધતી જાય છે. ગયા વર્ષમાં કલેશ કંકાસને દેશવટો આપી આપણા ભાઈઓ અને બ્હેનો એક બીજા સાથે સહકાર સાધી અનેક ભોગો આપ્યા ગયા છે અને દેશની આબરૂમાં વધારો કરતા ગયા છે. ભવિષ્યમાં પણ શું શું થવાનું છે તેની આગાહી અત્યારથી થતી જાય છે. વાદળાઓ ઘેરાયાં છે. દેશ ગરીબ છે અને તે પર કરના બોજાઓ પડયા.છે, વેપારની ભારે મંદી છે, પાક નિષ્ફળ થતા જાય છે. રાજકીય વાતાવરણ એવું થયું છે કે તે જ્વાલામુખીમાંથી લાવાનો બળતો રસ નીકળશે કે તે શમી જઇ શાંતિના પ્રવાહ વહેશે તે સમય આવ્યે જણાશે. બીજી બાજુ આપણી કોમની સ્થિતિ જોઇએ.

આપણી કોમ બાર તેર લાખની અને તેમાં શ્વેતાંબર મૂર્તિપૂજક તો ચારેક લાખ હશે. તેમાંના કેટલાકો તો દેશની લડાઇમાં ધનનો અને જાતિનો ભોગ આપ્યો છે. તેમને રંગ છે. તેઓને બાજુએ મૂકીને બીજી રીતે જોઇશું તો જણાશે કે આપણી નાની કોમમાં વિખવાદ, કલેશ, કંકાસ. ઝઘડા વગેરે બહુ જોવામાં આવે છે. વર્તમાનપત્રોમાં તેઓ જેટલું સ્થાન ભોગવે છે તેટલું સ્થાન કોઇ પણ કોમના પ્રશ્નો કે ખબરપત્રો ભોગવતા નથી. તે સર્વેમાં ઉંડાં ઉતરી જોશું તો વાતમાં માલ હોય નહિ અને હોકારો ઘણો.—ખાલી ચણો વાગે ઘણો, અધૂરો ઘડો છલકાય, એવું જણાય છે. તત્ત્વની વાત તો દેખાતી નથી. ખણ્યો ડુંગર અને કાઢયો-ઉંદર—એવું એવું છાપાઓમાં બહુ દેખાય છે. વિચારોને બહાર પાડવાની છુટ બધાને હોવી જોઇએ પણ તેમ કરતાં તેમાં અસભ્યતા, ગાળગલોચ, ખારીલાં વેણો, ત્રાસ છુટે એવી ઝેરીલી દલીલો આવે છે તેથી વાતાવરણ વધુને વધુ કડવાશવાળું અને વિખવાદભર્યું થતું જાય છે. આ વાતાવરણને શુદ્ધ કરવા માટે સારા માણસોની અને આગેવાનોની ફરજ એ છે કે તેમણે સારા આચારોથી વાતાવરણને સાફ અને શાંતિમય બનાવવું જોઇએ. એજ રીતિથી આપણી મહાસંસ્થા કૉન્ફરન્સ પોતાનું કામ કરતી આવી છે અને કર્યે જાય છે. આપ સર્વેના સહકારથી અને સદ્‌ભાવથી કૉન્ફરન્સે પોતાનો મોભો સારી રીતે જાળવ્યો છે અને હવે પછી પણ તે જાળવશે.

બંધુઓ ! આપ સૌના દિલમાં કોમનું હિત છે; કોમના માટે માન છે, ગૌરવ છે. કોમનું કલ્યાણ થાય તેમાં આપણા સૌનું કલ્યાણ છે અને દેશનું પણ સાથે સાથે કલ્યાણ છે. કૉન્ફરન્સે કોમમાં જે મહાન્ પ્રચાર કાર્ય કર્યું છે, જે વાતાવરણ ફેલાવી જાગ્રતિ આણી છે તે આપને સુવિદિત છે. એ પણ આપ જાણો છો કે આખી કોમનાં ઉદયનાં કામો આપણી આ મહાસભાદ્વારા કરી શકાશે. દેશનું કામ કોંગ્રેસ જેવી મહાસભાએ ઉપાડી લીધું છે તેજ પ્રમાણે કોમનું કામ કોન્ફરન્સ જેવી મહાસભાએ ઉપાડી લેવાનું છે. તે મહાસભાના વાવટા નીચે ખરા કાર્યકર્ત્તાઓ, સ્વયંસેવકોનું જુથ ઉભું કરવાનું છે અને સમસ્ત દેશમાં આપણી કોમી મહાસભાનો સંદેશો ઘેરઘેર ફેલાવવાનો છે.

આ માટે પ્રાંતેપ્રાંતના મંત્રીઓ, અને તેની સમિતિઓ, શહેરેશહેર અને ગામેગામના સભ્યો આ મહાસભાની સ્થિતિ સબલ અને સઘન રાખી કોમની ચડતીનાં કામો તેની દ્વારા કરાવી શકે, અને કોમના હિતની આડે આવનારા રીતરીવાજો દુર કરવા કરાવવા પ્રયત્ન કરે તો થોડા સમયમાં આપણી કોમ વધુ આગળ પડતી બની જાય.

આપણી કોમનો ઇતિહાસ જે ઉજ્વળ છે, પ્રતાપી છે, શૂરવીરતાથી ભરેલો છે તેને યાદ કરશો તો જણાશે કે હોંશીલા, પરગજુ અને આત્મભોગી વીરો થયા, રાજકાજમાં ભાગ લીધો, લડાઇઓ લડ્યા, જીત મેળવી, પરોપકારી કામો કર્યાં, અને તેને પ્રતાપે આપણે આપણાં પૂર્વજોનાં યશોગાન ગાઇએ છીએ. વળી કેટલોક કાળ આપણે ઘોર ઉંઘમાં ગાળ્યો, સમયને જાણ્યો નહિં, કોમની દાઝ આણી નહીં અને અંદર અંદર કલેશ કરતા રહ્યા, અને તેથી આપણે ઘણું ગુમાવ્યું પણ છે. હવે આ યુગ જુદોજ આવ્યો છે. તેની હાકલ વાગી ગઇ અને હજુ વાગી રહી છે. હવે તો આપણે બધાએ કામ કરતા થઇ જવું જોઇએ, આપણા સીદાતા ભાઇબહેનોની વહારે ધાવું જોઇએ, આપણાં પ્રાચીન તીર્થો અને પ્રાચીન પુસ્તકોનો ઉધ્ધાર કરવો જોઇએ, જુનો ઇતિહાસ બહાર પાડવો જોઇએ અને આપણાં ગરીબ અને અભણ ભાઇબ્હેનો સહાય વગર રીબાય છે તેમને ધંધો અને કેળવણી પૂરાં પાડવાં જોઇએ. કામ તો એટલું બધું છે કે આખી જીંદગી સુધી કર્યો જઇએ તોયે ખુટે તેમ નથી.

જુન્નેરના અધિવેશન પછી કોન્ફરન્સે શું શું કાર્ય કર્યું તેનો સવિસ્તર અહેવાલ તથા નાણાંનો ઑડિટેડ હિસાબ છપાવીને આપના હસ્તકમલમાં મૂકેલો છે અને તેનો સાર મારા વિદ્વાન જોડીઆ મંત્રી રા. મોહનલાલ ઝવેરી આપની પાસે રજુ કરશે, તે પરથી સર્વ વાતથી માહીતગાર થઇ શકશો.

આ બધું વિચારી આપણી સ્થિતિનો પૂરો ખ્યાલ કરી જે રીતે આપણી મંદતા અને જડતા દુર થાય, કોમનું કલ્યાણ થાય તેવી યોજનાઓ આ મહાસભાદ્વારા અમલમાં લાવી આપણી કોમને વિશેષ મજબુત, સંગીન અને ઉપયોગી બનાવો એવી મારી આપ સૌ પ્રત્યે વિનંતિ છે.

કૉન્ફરન્સનું કાર્ય મહાન્ છે, તે અનેક વિષયો હાથમાં લઇ શકે છે અને તેથી તેને સફળ અને સચોટ રીતે પહોંચી વળવાને આપણા યુવકો ધારે તો ઘણું કરી શકે તેમ છે. નવો જુસ્સો, નવજીવન, નવું લોહી આમેજ કરવા માટે યુવાનો પરજ આધાર આપણે વ્યાજબી રીતે રાખી શકીએ. હમણાં થોડા દિવસ પછી જૈન યુવક પરિષદ્ મળનાર છે અને તે કોમના બળતા પ્રશ્નો બહુ સારી રીતે અને શાંતિથી વિચારી તેનો નિકાલ કરશે એમ હું માનું છું.

આપ અત્રે પધાર્યા છો એજ બતાવે છે કે આપના હૈડામાં કોમ પ્રત્યે, કૉન્ફરન્સ પ્રત્યે ભારે લાગણી અને ઉત્તમ ભાવના ધરાવો છો. શાંતિથી આપ આપના વિચારો પ્રગટ કરી યોગ્ય માર્ગ સૂચવશો અને અમને કૃતાર્થ કરશો.

ફરીવાર આપ સૌનો હૃદયથી ઉપકાર માનું છું. પ્રેમપૂર્વક આવકાર આપું છું. વીતરાગ પ્રભુની ભાવના સૌના હૃદયમાં વસો અને આપણું કાર્ય તે ભાવનાથી પ્રેરાઇને સફલ થાઓ એવી છેવટની પ્રાર્થના કરી મારૂં બોલવું અત્યારે પૂરૂં કરૂં છું.

ॐ शांति.

( અનુસંધાન પૃ. ૪ ઉપરથી )

પક્ષ વિરોધ કરે છે અને તે ઠેકઠેકાણે કૉ. ના બહિષ્કારના ઠરાવો કરાવે છે. તમારે પગારદાર પ્રચારકો રાખવા પડે છે જ્યારે તે પક્ષ જૈન સાધુઓ અને મુનિઓદ્વારા પ્રચાર કરાવે છે. હવે ઉપદેશકોપર આધાર ન રાખતાં જૈન યુવકોનેજ આપણું કામ સોંપી દેવું જોઇએ. દુધમાં ને દહિમાં પગ રાખવાની નીતિ હવે ચાલે તેમ નથી. યુવકોને ટેકો આપો અને તેઓ તમારૂં કામ ઉપાડી લેશે.

**શ્રી પરમાણંદ કું. કાપડીયા**એ જણાવ્યું કે કૉન્ફરન્સનો છેલ્લાં પચીસ વર્ષનો ઇતિહાસ તથા કમિટીની કાર્યવાહી તપાસશો તો જણાશે કે ગત બે વર્ષમાં પરિષદ અને કમિટીએ ઘણું સુંદર કાર્ય કર્યું છે, જુદી જુદી બાબતો માટે વિચાર ચલાવ્યો છે, સારી પ્રગતિ પણ કરી છે અને લડત દરમ્યાન મુંબઇના સૂત્રધારોએ યોગ્ય વિચાર કરીને ઘટતો ફાળો આપ્યો છે સ્વદેશી પ્રચારમાં સારી મદદ કરી છે. કેટલોક ભાગ કોમમાં સમજુ નથી, કદાગ્રહ વધારે જણાય છે અને તેઓએ કોમના સમગ્રહિતની દૃષ્ટિએ કાર્ય લેવું જોઇએ.

બાદ **શ્રી વીરચંદ પાનાચંદ શાહે** કૉન્ફરન્સના પ્રચાર માટે ગામડાંઓમાં જવા જરૂર છે સારો ટેકો મળશે. છેવટે જણાવ્યું કે હાલમાં આપણી યુવક પરિષદ્ ભરાનાર છે તેથી અમે આપણી કૉન્ફરન્સના હાથ મજબુત કરવા માંગીએ છીએ.

**શ્રીયુત મકનજી જે. મ્હેતા**એ પરિષદ્‌ના રિપોર્ટ અને હિસાબ સંબંધે ઘણું વિવેચન કર્યું હતું અને કૉન્ફરન્સની આર્થિક સ્થીતિ સબંધે સભાનું ધ્યાન ખેંચ્યું હતું.

## ઐકય સાધવાનો પ્રયાસ.

બાદ વિરમગામવાળા શ્રી છોટાલાલ પારેખ વકીલે કોમમાં ચાલતા ઝઘડાઓ અને તેની પતાવટ સંબધે યોગ્ય વિવેચન કર્યું હતું. અને તે માર્ગે યોગ્ય પ્રયત્ન કરવા સૂચન કર્યું હતું.

### શ્રી અમૃતલાલ કાલીદાસ

તરફથી જણાવવામાં આવ્યું કે બન્ને પક્ષો વચ્ચે સમજુતિ કરાવવા માટે મેં બે ત્રણ વખત પ્રયાસ કરી જોયો છે પણ સફળતા મલી નથી. પણ મને લાગે છે કે આ ચર્ચાને અત્રે અધુરી રાખી કાલપર મુલતવી રાખવામાં આવે તો બધાઓને તે માટે તૈયાર થઇને આવવાનું ઠીક થઇ પડશે.

### શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ

એ તે પછી જણાવ્યું કે કૉન્ફરન્સના કાર્યકર્તાઓએ કદી પણ—સ્વપ્ને પણ અનિષ્ટ કે એવા ઇરાદાથી કાર્ય કર્યું નથી. સગીરોને દીક્ષા આપવાથી થતા અનર્થો જોતાં જૂન્નર કૉન્ફરન્સે કેવો નિર્દોષ ઠરાવ પસાર કર્યો છે? શું વડોદરા સરકારને દીક્ષાનો કાયદો ઘડવાનું કહેવા આપણી કૉન્ફરન્સ ગઇ હતી? ખુદ જૈનોમાંજ મ્હોટો ભાગ સગીરોને દીક્ષા આપવાની વિરૂદ્ધ છે એ જાણીતી બિના છે. પણ કૉન્ફરન્સે તે માટે કેવો ઠરાવ કર્યો? ફક્ત તેના સિદ્ધાન્તનોજ સ્વીકાર થયો છે એમ જણાવતાં અપવાદ સૂચવવામાં આવ્યો છે તેનો મર્મ સમજાવ્યો હતો. અનર્થ પરંપરા સગીરોની દીક્ષામાં થાય છે તે જાણીતી બિના છે છતાં શ્રી બદામી સાહેબ આ પરંપરા વડોદરા રાજ્યે જાહેર નથી કરી તેની ફરીયાદ કરે છે! આગળ ચાલતાં વક્તાએ જણાવ્યું કે વિરોધી પક્ષ તરફથી કૉન્ફરન્સ અને તેના કાર્યકર્તાઓને 'શાસનદ્રોહી' 'ધર્મદ્રોહી' 'વીતરાગ પ્રભુનાદ્રોહી' વગેરે ગાળો કહીને ભાંડવામાં આવે છે. અને ગલીચ ભાષા પ્રયોગો થાય છે. બીજી તરફ કૉન્ફરન્સ કેવી રીતે કાર્ય કરે છે તે જુઓ. કૉન્ફરન્સ કે તેના તરફથી થતી સભાઓમાં મેલાવડામાં એક પણ અસભ્ય શબ્દ વાપરવામાં આવ્યો છે? તો પછી અમારો ગુન્હો છે કે વિરોધી પક્ષ અમોને ગાળો દે છે? વિરોધ હોય તો અમારી પાસે આવી અમારી ભૂલ-દોષ દેખાડે અને જો તેમ હશે તો અમે કબુલ કરશું અને સજા પણ સહન કરશું. પરંતુ તે પહેલાં બુદ્ધિ, યુક્તિ, શાસ્ત્ર વગેરેનાં પ્રમાણોથી અમારી ભુલ બતાવી આપવી જોઇએ. બાકી 'મ્હારો કક્કોજ ખરો' એ જમાનો ચાલ્યો ગયો છે. હવે તો બહુમતિ જે સ્વીકારે તેજ નિર્ણય ખરો. 'બાબા વાકયં પ્રમાણમ' નો સમય હવે નથી.

### શ્રી મૂલચંદ આશારામ

ઝવેરીએ ત્યાર બાદ પછી જણાવ્યું કે 'શયતાન બાઇબલને પોતાનું રમકડું બનાવી શકે છે' તે હવે ચાલે તેમ નથી. અહિંસા અને સત્યથીજ ધર્મનું રક્ષણ થશે.

ત્યારબાદ કેટલાક ઠરાવો પસાર થયા હતા.

( અધુરૂં. )

# ઑલ ઇંડીયા સ્ટે. કમિટી.

## હાજર રહેલા સભાસદોની યાદી.

**મુંબઇ**—શેઠ રવજી સોજપાળ, મકનજી જે. મહેતા, શેઠ શાંતિલાલ આશકરણ જે. પી. રણછોડભાઇ રાયચંદ ઝવેરી, મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, મોહનલાલ દલીચંદ દેશાઇ, મોતીચંદ ગિરધર કાપડીઆ, મગનલાલ મુલચંદ શાહ, કક્કલભાઇ બી. વકીલ, હીરાલાલ હાલચંદ દલાલ, લલુભાઇ કરમચંદ દલાલ, મેઘજી સોજપાળ, ઉમેદચંદ દોલતચંદ બરોડીયા, ડાહ્યાચંદ સુ. જવેરી, સારાભાઇ મગનલાલ મોદી, સકરચંદ મોતીલાલ મુલજી, વલ્લભદાસ ફુલચંદ, ડૉ. નાનચંદ મોદી, કાનજી ઉદેશી, લાલજી ભારમલ, માણેકલાલ ગુલાબચંદ દમણીયા, ડૉ. પુનશી હીરજી મૈશરી, દેવજી ટોકરશી મુલજી, મણીલાલ રિખવચંદ, નરોત્તમ ભગવાનદાસ શાહ, જીવણચંદ ધરમચંદ ઝવેરી, પરમાણંદ કુંવરજી, મુલચંદ સજમલજી, નાનજી લધાભાઇ, હીરજી કાનજી, ડાહ્યાભાઇ નગીનદાસ લલુભાઇ, ગુલાબચંદ વનાજી.

**અમદાવાદ**—શેઠ અમૃતલાલ કાલીદાસ, શેઠ સકરાભાઇ લલુભાઇ, શેઠ મુલચંદ આશારામ ઝવેરી, શેઠ પોપટલાલ શામળદાળ, શેઠ મણીલાલ મોકમચંદ, શેઠ રમણિકલાલ કે. ઝવેરી, શેઠ ચંદુલાલ સારાભાઈ, છોટાલાલ ત્રિકમલાલ વકીલ-વિરમગામ.

**મહારાષ્ટ્ર**—શેઠ બાલચંદ હીરાચંદ, માલેગાંવ, શેઠ ચુનીલાલ સરૂપચંદ, રાજુરી, શેઠ મોતીલાલ વીરચંદ, સોલાપુર, શેઠ કિશનલાલ ભૂખણદાસ, માલેગાંવ, મોતીલાલ ચુનીલાલ, ચાંદવડ, હીરાચંદ કુબેરચંદ, બીજાપુર, રાજમલ માનમલ મંચર, ભીકુભાઈ કંકુચંદ, જુન્નર, પોપટલાલ રામચંદ, પૂના,

( અનુસંધાન પૃષ્ઠ ૩ ઉપરથી )

સાફ કરે અને ધર્મને નામે ચાલતા ઝઘડાઓ તત્ત્વજ્ઞાનની વિશાળ દૃષ્ટિએ જલદી શાંત કરે એમ સૂચવ્યું હતું. કોઠારીજીએ પણ સ્થિતિ-પ્રગતિના બે થાંભલા તરીકે સાધુઓ અને યુવક ગણને ગણી તે બંનેને અપીલ કરી હતી. (૧) 'શ્રી સાધુગણ. અત્યારની મહાન્ વિભૂતિને સમજો, ને ઓળખો દિગ્મૂઢ પમાડનારા ઝગડાઓ દૂર-શાંત કરી સમાજના સાચા પ્રેરક ને સંચાલક બનો. શ્રોતાજનોને દેશસેવાની દેશના આપો, અને અનેક કંગાલોને રોજી આપનાર પવિત્ર અને સૌથી વધુ અહિંસક એવી ખાદી વસ્ત્ર તરીકે વાપરો,' (૨) જવલંત અભિલાષાની મૂર્તિ એવા યુવક વર્ગ! શાંત ભોગ આપી અસત્ ને જુલમ સામે સંગ્રામ કરવાની શક્તિ કેળવો, ઝઘડામાંથી બચી દરેક સાથે અમોઘ મૈત્રી સેવી કુરૂઢીઓને મિટાવી સમાજને સબળ બનાવી રાષ્ટ્રની સેવામાં ફાળો આપો' -આવી અપીલ ઉપરાંત થોડા બળતા સવાલોને ચર્ચી તેનો ઉકેલ બતાવ્યો હતો કે આપણો ખરો અને નગદી વેપાર તૂટી ગયો છે તે સજીવન કરો ને સટ્ટો ધન અને ધર્મનો નાશ કરનારો છે તેને તિલાંજલિ આપો. ગચ્છ ઘોળ અને ભૌગોલિક ભેદ દૂર કરી ત્રણે ફિરકા વચ્ચે લગ્નવ્યવહાર શરૂ કરો. દ્રવ્યનો વ્યવસ્થિત સંગ્રહ અને ઉપયોગ કોમના આર્થિક અને સામાજિક પ્રશ્નોના વ્યવહારૂ ઉકેલ માટે કરો, તીર્થો સંબંધીના ઝઘડાઓ કોર્ટમાં લઇ જવા કે રહેવા દેવા નહિ, પણ તેનો અભ્યાસ કરી પ્રજામત કેળવી અંતે જરૂર પડે તો તેનો અંત લાવો. કેળવણીનાં ધામો ફિરકાવાર ન બનતાં સમગ્ર જૈન માટેનાં હોવા જોઇએ અને તેમાં દરેક વિદ્યાર્થી જન્મે હિન્દી ધર્મે જૈન અને સત્ય ને અહિંસાને માર્ગે દેશની આબાદી માટે પ્રયત્નશીલ છું અને રહીશ એવી ઉદાત્ત ભાવનાથી પ્રેરિત હોવો જોઇએ. વિધવા બ્હેનોને સેવાનાં ક્ષેત્રો પૂરાં પાડવાં જોઇએ. દરેકે શુદ્ધ ખાદી પહેરવા વગેરેનું વ્રત લેવું જોઇએ.

પછી વિષય વિચારિણી સભામાં સત્તર ઠરાવોનો કાચો ખરડો મૂકાયો. તેજ રાત્રે તેના પર અનેક જાતની ચર્ચા અને ભાષણ થવાને પરિણામે મોડી રાત્રે પાંચ ઠરાવો પસાર થયા. તેમાં સ્વ૦ વા૦ મો૦ શાહની અવસાનની સખેદ નોંધ, પરિષદનો ઉદ્દેશ, રાજકીય બાબતો વગેરે સંબંધીનો એ ત્રણ ઠરાવોમાં વિશેષ વિવાદ ઉત્પન્ન થયો નહિ પણ ચોથા સામાજિક ઠરાવ સંબંધે મતભેદ વિશેષ પ્રમાણમાં ઉપસ્થિત થયો. સવાલ ફરજીયાત વૈધવ્ય સંબંધી હતો. તેમાં ત્રણ પક્ષ પડયા -એક તેની સામે વિરોધ કરનારા ઠરાવ પાસ કરવાનો, બીજો તેવો ઠરાવ પાસ ન કરવાનો, ત્રીજો તટસ્થ આ ત્રણે પક્ષના હૃદયમાં તે સંબંધી પોતાનું શું અંગત મંતવ્ય હતું તે સમજવા પ્રયત્ન કરતાં જણાય તેમ હતું કે વૈધવ્ય મરજીઆત હોવું જોઇએ. પણ સમાજની હાલની સ્થિતિ ફરજીઆત વૈધવ્ય સામે વિરોધ ઉઘાડે છોગ પ્રકટ કરવા પ્રત્યે નથી એમ કેટલાકનું મંતવ્ય હોવાથી તે ઠરાવ સામે તેઓ પડયા હતા ને કેટલાકે તટસ્થતા સેવી હતી. આખરે અલ્પબહુમતિથી તે ઠરાવ પસાર થયો. અને ગરજીઆત વૈધવ્ય ભોગવતી બ્હેનો માટે સેવાનાં ક્ષેત્રો પૂરાં પાડવાનો ઠરાવ અતિ ઘણા મતથી પાસ થયો. આ જુંબેશ અત્ર ચાલતી હતી તે વખતે દેશનાં મહાન્ નિર્ણયો માટેની મંત્રણા મહાત્માજી સાથે ચાલતી હતી. વહાણું વાયું ને મહાસભાની કાર્યવાહી સમિતિના ઠરાવો બહાર પડયા, આખું વાતાવરણ બદલાયું. ફરજીઆત વૈધવ્ય સામેના વિરોધનો ઠરાવ કરી અમુક ભાગલા આપણામાં કરી નાંખવા એ અત્યારે દેશની પરિસ્થિતિ જોતાં ઠીક નથી એ સમજણથી તે ઠરાવ ને બીજા વિવાદગ્રસ્ત ઠરાવો પડતા મૂકવા, અને પરિષદને સાંગોપાંગ અવિરોધી ને સર્વમાન્ય સ્વરૂપમાં લઇ જવી એ મનોદશાનું પ્રાબલ્ય થયું. પરિણામે દરેક ફિરકાની કૉન્ફરન્સ સાથે સહકાર સાધવો ને કેળવણીની સંસ્થાનાં દ્વાર દરેક જૈન માટે ખુલ્લાં મૂકવાં, તીર્થોના ઝઘડા લવાદી મારફત પતાવવા, અને પરિષદના ઉદ્દેશ અને ઠરાવોના અમલ કરાવવા માટે એક પ્રબંધકારિણી સમિતિ નીમવાના ઠરાવો પસાર કર્યા. આ વિષય વિચારિણી સભામાં પસાર થયેલ ઠરાવો પરિષદમાં પસાર થયા. આ પરિષદમાં આપણી કૉન્ફરન્સના બધા નહિ પણ મોટા ભાગના કાર્યવાહકોએ ભાગ લીધો હતો. પણ તે પરથી તે બંને એકજ છે, યા બંનેની કાર્ય પ્રણાલી એકજ છે એમ ગણવાની કોઇ પણ ભૂલ નહિ કરે.

આ પરિષદનો ટુંકમાં ટુંક અહેવાલ આપી, હવે તે સંબંધી થોડા વિચાર દર્શાવીશું. કેટલાક એમ માને છે કે આ પરિષદ મુખ્યત્વે જૈન સમાજને લગતા પ્રશ્નો ચર્ચવા અર્થે ભરાઇ હતી તે તેણે બધા ન ચર્ચ્યા ને માત્ર થોડાક અવિરોધી ચર્ચી બીજા સળગતા પ્રશ્નોને અભેરાઇપર મુકયા, તેથી તે પોતાનું ખરૂં વ્યક્તિત્વ સિદ્ધ કરી શકી નથી. તે જન્મી પણ જન્મતાં સમાધિસ્થ (Still-born) થઇ. અન્ય માને છે કે તે જેટલી સામાજિક કે ધાર્મિક રહેવી જોઇએ તેના કરતાં વધુ રાજકીય બની, કારણ કે તેણે પ્રધાનપણે રાજકીય કાર્યક્રમ હાથ ધર્યો, અને તેમાં અનેક રાજદ્વારી દેશનેતાઓના ભાષણો થયાં. ધાર્મિક અને સામાજિક વિષયમાં લોકોને જોઇએ તેવી દિશા મળી નહી. બીજા કેટલાક એમ માને છે કે ઇસુના ૧૯૩૨ ના પ્રથમ દિવસે જે રાજકીય સ્થિતિ ઉદ્ભવી, તેને અનુરૂપ રહીને જે માર્ગ પરિષદે લીધો તે સિવાય અન્ય માર્ગ પ્રગતિદાયક હતો નહિ તેથી જે થયું છે તે યોગ્ય થયું છે. અમે આ ત્રીજા મતને અનુસરીએ છીએ. પરિષદે કોઇપણ ઠરાવને રદ કરેલ નથી, પણ તેને મુલતવી રાખેલ છે. સમય આવ્યે-અવસર પ્રાપ્ત થયે કોઇપણ યુવક કોઇપણ વિવાદગ્રસ્ત પ્રશ્નને મુકી તે પર ઠરાવ લાવી શકે તેમ છે, તેમજ જે ઉદ્દેશ પરિષદનો નિર્ણીત થયો છે-આપણી રાજકિય, સામાજિક તથા ધાર્મિક ઉન્નતિ કરવી અને તે માટે જૈન સમુદાયની એકતા સાધવી, નિડરતા કેળવવી, વિચાર-સ્વાતંત્ર્ય અખત્યાર કરવું અને પ્રગતિબાધક રૂઢિબંધનો તોડવાં-એ ઉદ્દેશ એટલો બધો સર્વવ્યાપી છે કે તેમાં દરેક પ્રકારના વિષય, કાર્ય અને ભાવનાનો સમાવેશ થાય છે. અત્યારે ચર્ચાદ્વારા ઠરાવો બહુમતિથી પસાર કરવામાં પરિષદને વહેંચી નાંખવા કરતાં પરિષદને અખંડપણે રાખવામાં વિશેષ ડહાપણ છે. શાંતિના કાળમાં યુવકોને પોતાના સામાજિક અને ધાર્મિક વિષયને લગતા પ્રશ્નો સંબંધી તડ ને ફડ કરવામાં કે તેનો તોડજોડ કરવામાં પુષ્કળ અવકાશ રહેશે.

કેશવલાલ બાલારામ ઉરલી, કેશવલાલ રાયચંદ, કોતુલ, બાબૂલાલ મગનલાલ, પૂના, રાજારામ મયાચંદ, કરાડ, મગનલાલ ભૂખણદાસ અમલનેર, છગનલાલ દામોદરદાસ શ્રોફ, નાસિક.

**મધ્યપ્રાંત**—શ્રી હરખચંદ હૌસીલાલ, બાલાપુર, કિશનદાસ ભાઉશા, નાગપુર,

**સુરત**—શેઠ દલીચંદ વીરચંદ શ્રોફ, જીવણલાલ કપૂરાજી, વાંઝ, સાકરચંદ માણેકચંદ, ઘડીયાલી, રતનચંદ તલકચંદ માસ્તર, કુંદનલાલ હીરાચંદ ઠાકોરદાસ નગીનદાસ જરીવાલા.

**વલસાડ નવસારી**—ડો. ચિમનલાલ એન. શ્રોફ, ઝવેરચંદ ઠાકરશી.

**પાલણપુર**—મણીલાલ ખુશાલચંદ, નાગરદાસ હકમચંદ, કાલીદાસ સાંકલચંદ દોશી.

**મારવાડ-મેવાડ**—શેઠ કેશરીમલ જવારમલ લલવાણી, શેઠ જેઠમલ અચલાજી, વસ્તીમલ ગુલાબચંદ, શેઠ કાલૂરામજી કોઠારી, **ઉદયપુર**, શ્રી હીરાચંદજી પરમાર, ચુનીલાલ હ. રાણાવત, અચલદાસ ચમનાજી.

**ઝાલાવાડ**—શ્રી પરશોતમ સુરચંદ, ધ્રાંગધ્રા, શ્રી જીવણલાલ નાનજી ગાંધી, ધ્રાંગધ્રા, શ્રી હરીલાલ શિવલાલ શાહ, લીંબડી.

**હાલાર**—શ્રી પંડિત ફતેહચંદ ક. લાલન, મનસુખલાલ હીરાલાલ, વીરચંદ પાનાચંદ શાહ, ડો. કેશવલાલ એમ. શાહ, ધનજી છગનલાલ, ભગવાનજી હેમચંદ,

**સોરઠ**—શેઠ હીરાચંદ વસનજી, પોરબંદર, શેઠ ઝવેરચંદ પરમાણંદ, ફુલચંદ શામજી કોરડીયા.

**કચ્છ**—શ્રી કાનજી રવજી, નાની ખાખર, શ્રી ક્ષમાનંદ

**ભરૂચ**—ડો. જગમોહનદાસ એમ. શાહ.

**સાદરા**—શ્રી નિહાલચંદ લક્ષ્મીચંદ સોની.

**વડોદરા ખેડા**—શેઠ વાડીલાલ મગનલાલ વૈદ્ય, સવાઇચંદ જગજીવન, ઠાકોરદાસ પી. શાહ, રાવસાહેબ હીરાલાલ ગોકલદાસ ખેડા, મોહનલાલ દીપચંદ, લાલભાઈ કલ્યાણભાઇ ઝવેરી.

**રાધનપુર**—શ્રી મોહનલાલ ખોડીદાસ, શ્રી મણીલાલ મોતીલાલ મુલજી, ચીમનલાલ શીરચંદ.

---

પ્રમુખ સાહેબને આ પરિષદની સમાપ્તિ કરવા સુધીની તક રહેશે કે નહિ એ જ્યારે સવાલ હતો તે વખતે તેમના અને બીજાના મગજની શું સ્થિતિ હશે તે વર્ણવવા કરતાં વધુ કલ્પી શકાય તેમ છે.

ખાસ વિશિષ્ટ અને ધ્યાન ખેંચે એવી વસ્તુ આ પરિષદ સંબંધે એ છે કે તેમાં પ્રમુખ ઉપરાંત દેશના કેટલાક પ્રસિદ્ધ નેતાઓએ આવી પોતાના વિચારો છૂટથી દર્શાવી પરિષદને શુભ આશીર્વાદ આપ્યા, થોડું ફંડ પણ થયું અને રંગે ચંગે સર્વની એકત્રતાથી એક વિચારે અને અભેદ ભાવે આ પરિષદની પૂર્ણાહુતિ થઇ. હવે પ્રબંધકારિણીના સભ્યો પરિષદના ઉદ્દેશને અમલમાં મુકવા મુકાવવા દરેક જાતની શક્તિ અને બુદ્ધિનો ઉપયોગ કરવામાં કચાશ નહિ રાખે એમ ઇચ્છી શું અને મણિભાઇના મણિમય શબ્દોમાં 'પ્રભુ આપણને આ યુગ વિષે આપણું કર્ત્તવ્ય પૂરી રીતે બજાવવાની શક્તિ અને સાનુકુળતા આપે એજ નમ્ર પ્રાર્થના' કરીશું.

—**મોહનલાલ દ. દેશાઇ.**

# ચર્ચાપત્ર.

જીવન વિલા, મલબાર હિલ,
મુંબઇ.
તા. -૧૨-૩૧.

જૈન યુગના તંત્રી મહાશય યોગ્ય,

વિ. વિ. સાથે લખી જણાવવાનું કે તા. ૧-૧૨-૩૧ ના આપના પત્રમાં "શેઠ જીવનલાલ અને જૈન વાંચન માલા" એ નામથી જે લેખ આવેલો છે તે સંબંધમાં કેટલોક ખુલાસો કરવાની ખાસ આવસ્યક્તા ઉભી થએલી હોવાથી અત્ર રજુ કરાતા નીચે મુજબના મારા નમ્ર નિવેદનને આપ આપના પત્રમાં સ્થાન આપી આભારી કરશોજી.

એકંદર જે બાર વિભાગોમાં આ વાંચનમાલાની યોજના કરવા ધારી છે તે બાર વિભાગો તે બાર ધોરણો માટેના વિભાગો છે. તેમાં બાળવર્ગ, ગુજરાતી ધોરણ **૧-૪** અને અંગ્રેજી ધોરણ ૧–૭ નો સમાવેશ કરવાનો ઇરાદો રખાયેલો છે. વિવિધ વિષયોની ગુંથણીનું કાર્ય પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા** એ કરી આપ્યું છે, અને અત્યારે તેઓ વાંચનમાળા માટે પાઠો યોજી રહ્યા છે, તેમ કરવા પૂર્વે તેમણે વિષયોની સ્થૂલ રૂપરેખા પણ આલેખેલી હતી, અને એ સંબંધમાં કેટલાક વિદ્વાનોના અભિપ્રાય અને સંમતિ પણ મેળવાયેલાં હતાં. બીજા જે કોઇના અભિપ્રાયો મેળવવા જેવા હોય તેમના પણ મળે એ ઇરાદાથી "સાક્ષરોને વિનતિ" એ નામનો લેખ યોજાયો હતો. એ દ્વારા જે સાક્ષરોએ મારી વિનતિનો સ્વીકાર કરી સક્રિય સહાનુભુતિના પત્રો મોકલ્યા છે, અને જેમણે એ વિષયોની ગુંથણી તપાસી જવા અને બને તો યોગ્ય સુધારા વધારા સૂચવવા ઇચ્છા દર્શાવી છે તેમની એ પ્રશંસનીય અભિલાષાને વધાવી લેવામાં આવી છે. એવીજ રીતે જેઓ તૈયાર થયેલા અને થતા પાઠોની પણ સેવાભાવથી સમીક્ષા કરવા ઇચ્છતા હોય તેમના સહકાર માટે પણ હું ઉત્સુક છું. મને તેમની શુભ નામાવલિ મળવી જોઇએ.

વિષયોની ગુંથણી અત્યારે જગ જાહેર રીતે બહાર પાડવાથી લાભને બદલે ગેરલાભ થવાનો ભય રહે છે, અને તેથી તેમ કરવા અત્યારે હું તૈયાર નથી, પરંતુ જે સહૃદય સાક્ષરને આમાં સહકાર રૂપે પોતાનો ફાળો આપવાની ભાવના હોય તેમની સમક્ષ બેલાશક આ હું સાભાર રજુ કરી શકું.

હાલ તુરત તો. "સાક્ષરોને વિનતિ" દ્વારા હું તજ્જ્ઞો પાસેથી એટલી આશા રાખું તો તે વધારે પૂરતી નહિ ગણાય કે ન્યાય, નીતિ વગેરે જે મુખ્ય મુદ્દાઓને આ વાંચનમાલામાં સ્થાન આપવાનું છે તે સંબંધમાં કયા કયા પાઠો યોજવા વગેરે જે પ્રશ્નો મેં પૂર્વે રજુ કર્યા છે તે સંબંધમાં તેઓ સત્વર પ્રકાશ પાડે. આને અંગે તેમની તરફથી જે સૂચનાઓ

---

**પાટણ**—અમીચંદ ખેમચંદ શાહ, મણીલાલ ઉતમચંદ જવેરી.

**વિસનગર**—શ્રી મહાસુખભાઇ ચુનીલાલ.

શ્રીજી મહારાજ, ભુજપુર, હીરજી શિવજી-ભુજપુર.

**ગોહેલવાડ**—શ્રી નાનચંદ શામજી, જમનાદાસ અમરચંદ ગાંધી, હરગોવિંદદાસ રામજી, સૌભાગ્યચંદ ડોશી.

( ત્રણ ગૃહસ્થોની ટુંકી સહીઓ અસ્પષ્ટ છે. )

મળશે તેમાંથી જે કંઇ ઉપયોગી જણાશે અને જેનો સમન્વય થઇ શકે તેમ હશે તેને પ્રો. કાપડિયાએ આલેખેલી યોજનામાં સાનંદ સ્થાન આપવા જરૂર બનતું કરાશે.

સાક્ષરોને બદલો આપીને કે એમ કર્યા વિના પણ તેમની સમિતિ પાસે આ કાર્ય કરાવવા જતાં જો તેમનામાં પરસ્પર તીવ્ર મતભેદ ઉભો થાય અને તે કદાગ્રહ રૂપે પરિણામે તો આ વાંચમાળાનું નાવ કોઇ ખરાબે તો ચઢી ન જાય એ ખાસ વિચારવા જેવું છે. એટલે અત્યારે તો આ વાંચન માળાને લગતું તમામ કાર્ય એકજ પાસેથી અને તે પણ પ્રો. **કાપડિયા** પાસેથી કરાવવું ઉચિત જણાય છે. મારો આ કહેવાનો આશય સમજવામાં કોઇ ગેરસમજ ન ઉભી થાય તે માટે હું એટલું ઉમેરીશ કે એથી કંઇ વ્યક્તિગત સહકારરૂપે જેમની તરફથી જે મળે તે સ્વીકારવામાં જરાએ મારી આનાકાની છે એવું કોઇ સાક્ષરે માનવાનું નથી, કિંતુ જે સાક્ષર જે વિષયમાં નિષ્ણાત હોય તેમણે તે વિષયમાં પ્રકાશ પાડવા કૃપા કરવી, એવી મારી તેમને સાગ્રહ વિનંતિ છે.

અંતમાં, આ વાંચનમાળાને ચિરસ્થાયી બનાવવા માટે તજજ્ઞોની સમિતિ નીમવાની મને વિશિષ્ટ આવશ્યકતા જણાય તો તે દિશામાં પગલું ભરૂં તે પૂર્વે એ માટે કયા કયા સાક્ષરોના સહકાર માટે મારે પ્રયાસ કરવો ઉચિત છે, વળી એ પૈકી કયા કયા સાક્ષરો દર અઠવાડિયે કે પખવાડિએ ભેગા મળી શકે તેમ છે, તેમજ પ્રો. **કાપડિયા** તરફથી જે પાઠ વગેરે તૈયાર થયેલા હોય તે સંબંધમાં ઊહાપોહ કરવા અને તેને વ્યવહારૂ-રૂપ આપવા કેટલો સમય કાઢી શકે તેમ છે તે પણ મારે જાણવું જોઇએ. આ બધી માહિતી મળ્યા બાદ હું સમિતિ નીમવાનો નિર્ણય કરી શકું, એથી અત્યારે તો પૂછાયેલા પ્રશ્નોને અંગે મને મારી મંદમતિ અનુસાર જે ઉત્તરો સ્ફુરે છે તે દર્શાવી અને આ લેખ દ્વારા મેં જે માહિતિ માટે વિનતિ કરી છે તે મળી જવાની આશા રાખી વિરમવામાં આવે છે.

લી. સેવક, **જીવનલાલ પનાલાલ.**

# સ્ટેન્ડીંગ કમિટીના સભાસદો પ્રત્યે.

**સુજ્ઞ મહાશય,**

સવિનય નિવેદન કે સ્ટેંડીંગ કમિટીના સભ્ય તરીકે બંધારણ અનુસાર દરેક સભાસદે ઓછામાં ઓછા રૂપીયા પાંચ શ્રી સુકૃત ભંડાર ફંડમાં આપવા અવશ્યક છે. તદનુસાર આપનો ચાલુ એટલે સં. ૧૯૮૮ ની સાલનો ફાળો જેમણે હજુ સુધી મોકલી આપ્યો ન હોય તેમણે તુરત મોકલી આપવા કૃપા કરવી.

કાર્યવાહી સમિતિના ઠરાવ અનુસાર આ ફાળો વર્ષ શરૂ થતાં ચાર માસમાં દરેક સભાસદે ભરી આપવો જોઇએ એ જરૂરી છે. આશા છે કે આપનો ફાળો તુરત મોકલી આપવા ગોઠવણ કરશો.

લી. શ્રી સંઘ સેવકો,

**રણછોડભાઇ રાયચંદ ઝવેરી**
**મોહનલાલ ભગવાનદાસ જવેરી**
સ્થાનિક મહા મંત્રીઓ.

# સહકારી તત્વ પર જૈન બેંક.

અખિલ હિંદ સ્થાયી સમિતિની બેઠકે જૈન બેંકના જુન્નર પરિષદ્‌ના ઠરાવ પર વિચાર કરી જે નિર્ણય કર્યો છે તે એ છે કે સહકારી તત્વ પર જૈન બેંક કે સોસાયટીની એક યોજના ઘડી કાઢવી અને તે આવતાં અધિવેશન વખતે રજુ કરવી. આવી યોજના તૈયાર કરવા માટે તે વિષયના નિષ્ણાતો તરીકે ગણાતા **સર** લલ્લુભાઇ **શામળદાસ સર** પુરશોત્તમદાસ ઠાકોરદાસ, **શ્રી** મણીલાલ **બાલાભાઇ** નાણાવટી અને **રાય સાહેબ** ગિરધરલાલ દયારામ મ્હેતાની સલાહ અને અભિપ્રાયો મેળવવા. સમિતિની મજકુર બેઠક વીત્યાબાદ ઉપર જણાવેલ ગૃહસ્થોને પત્ર લખી ખબર આપવામાં આવ્યા હતા. આ પત્રોના જવાબ **સર** પુરૂષોતમદાસ અને **સર** લલ્લુભાઇ તરફથી મલ્યા છે. અન્ય બન્ને સજ્જનો તરફથી હજુ પ્રત્યુત્તર મલ્યા નથી.

સર પુરૂષોતમદાસ પોતાને કામ ઘણું હોવાથી મદદગાર ન નિવડે એમ જણાવતાં લખે છે કે જો કોઇ યોજના તમે તૈયાર કરી મને વિચાર માટે મોકલશો તો સમય મળે હું વિચારી સલાહ આપું.

સર લલ્લુભાઇએ જવાબમાં મુલાકાત માટે સમય નક્કી કરી જણાવેલો હોઇ નિમેલે સમયે **શ્રી મોહનલાલ** બી. ઝવેરી, **શ્રી હીરાલાલ** હાલચંદ દલાલ તથા પ્રોફેસર નગીનદાસ જે. શાહ વગેરે મળ્યા હતા. આવી કોમી બેંક સફળ થાય કે કેમ? સોસાયટી કે બેંક સ્થાપવી વાજબી છે? જોઇંટ સ્ટૅાક કે સહકારી તત્વપર બેંકની યોજના વધુ ઇષ્ટ છે વગેરે મુખ્ય પ્રશ્નોની વિચારણા થઇ હતી અને ત્યારબાદ ખાસ કરી સહકારી તત્વ પર બેંક સ્થાપવા માટે શું શું વિચારવું આવશ્યક છે તે તથા તેને લગતા અન્ય મુદ્દાઓની ચર્ચા કરી હતી. આ પ્રશ્ન અંગે કૅા. ઑ. સોસાયટીઓના અત્રેના રેજીસ્ટ્રાર, પ્રોફે. કાઝી, તથા શ્રી વૈકુંઠ એલ. મ્હેતાને મળી કાર્યસાધક યોજના માટે મળવા સલાહ આપી હતી.

આ ઉપરાંત કો. સોસાયટીઓના અત્રેના એસી. રેજીસ્ટ્રારની એક મુલાકાત લેવામાં આવી હતી. કેટલીક ચાલુ કો. બેંકોના Bye-Laws નિયમો મંગાવી તે પર વિચાર કરી ફરીથી તેમને મળવા માટે જણાવવામાં આવ્યું છે વિશેષ પ્રયત્ન ચાલુ છે.

**વર્તમાન સમાચાર:**—શ્રી મોતીચંદ કાપડીયાને બે વર્ષની સજા કરવામાં આવી છે.

—શ્રી વીરચંદ પાનાચંદ શાહની ધરપકડ થયેલી છે.

—શ્રી. ચંદુલાલ સારાભાઇ મોદીની ધરપકડ સાંતાક્રુઝ ખાતે થતા એક વર્ષની કેદની સજા થયેલી છે.

—શ્રી પરમાણંદદાસ કુંવરજી કાપડીયાની ધરપકડ વીલેપારલે ખાતે થઇ છે અને તેને ૧ વર્ષની સખત શિક્ષા કરવામાં આવી છે.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGH'

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

| વાર્ષિક લવાજમ રૂપીઆ બે. | તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.] | છુટક નકલ દોઢ આનો. |
|---|---|---|
| વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું. | તા. ૧ લી ફેબ્રુઆરી ૧૯૩૨. | અંક ૩ જો. |

## આપણી શિક્ષણ પ્રચારક સંસ્થાઓ.

### ૧ જૈન 'એજ્યુકેશન બૉર્ડ.'

શ્વે૦ મૂ૦ જૈન સમાજમાં એટલું સુભ થઇ ગઇ ગયું છે કે કોઇપણ ગરીબ બુદ્ધિમાન્ વિદ્યાર્થી અંગ્રેજી પહેલા ધોરણથી તે ગ્રેજ્યુએટ થવા સુધી અભ્યાસ કરવા માગતો હોય ને તે પૂરો કરવા જેટલી હિંમત શક્તિ અને બુદ્ધિ હોય તો તેને નાણાં સંબધીની મદદ મળી રહે છે એટલુંજ નહિ પરંતુ તેને રહેવાને માટે વસતિગૃહો-વિદ્યાર્થીગૃહો જુદા જુદા શહેરોમાં સ્થાપવામાં આવ્યાં છે. આ વ્યવહારિક કેળવણીની આટલી બધી સગવડ શ્રીમતી કૉન્ફરન્સની સ્થાપનાથી તે અત્યાર સુધી શિક્ષણ માટે થયેલી ચળવળને ઘણે અંશે આભારી છે.

કૉન્ફરન્સના કાબુ નીચે એક શિક્ષણ ખાતું-જૈન એજ્યુકેશન બૉર્ડ એ નામનું ખોલવામાં આવ્યું ને તેની દ્વારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ, અને પાઠશાળાઓ-જૈનશાળાઓને મદદ આપવાનુ અને વાર્ષિક ધાર્મિક શિક્ષણ અંગેની પરીક્ષા લેવાનું થતું આવ્યું છે. તે માટે સુકૃત ભંડારમાંથી જે કંઇ પ્રાપ્ત થાય તેમાંથી અર્ધો હિસ્સો તે ખાતાને આપી દેવામાં આવે છે. અને તે ઉપરાંત તેણે ઘણાં કાર્યો કરવાનાં રહે છે પણ થઇ શકતા નથી-એ જે સ્થિતિને આભારી હોય તે શોધી કાઢી તેને દૂર કરી તેને વધારે ઉપયોગી, કાર્યસાધક અને વિશેષ ભંડોળવાળું બનાવી શકાય તો કૉન્ફરન્સ જેવી મહાસંસ્થાની નીચે તે ખાતું એક ક્રાંતિકારક પ્રગતિ કરી શકે તેમ છે. કૉન્ફરન્સની પણ આર્થિક સ્થિતિ દિવસાનુદિવસ ઘસાતી જાય છે, સુકૃત ભંડાર વસુલ કરવાને તેના કાર્યાલયનો મુખ્ય સ્થાન મુંબઇમાં પણ સક્રિય ચળવળ થતી નથી યા થઈ શકતી નથી અને બીજાં શહેરોમાં પણ તેવી ચળવળ નથી થતી-આ સ્થિતિ વિશેષ વખત ચલાવી લેવા જેવી નથી, અને તે માટે આગેવાનો ખાસ પ્રયત્ન કરશે એ વાત કહી હવે મુખ્ય બાબત શિક્ષણ સંસ્થાની લઇએ.

જૈન એજ્યુકેશન બૉર્ડ પોતાના આજીવન સભ્યોનું લવાજમ એકસો રૂા. રાખેલું છે તો તેવા સભ્યો હજારો મેળવી શકાય. પણ તેને માટે ભગીરથ પ્રયાસ સેવવા ઘટે. આર્થિક સ્થિતિ સંગીન પાયા પર ન મૂકાય ત્યાં સુધી મોટી શિક્ષણ યોજનાઓ હાથમાં લઇ શકાય નહિ. વિશેષમાં હાલની પરિસ્થિતિમાં તે શું કરી શકે તેનો ખ્યાલ કરીશું. પહેલાં પ્રથમ જે જે શિક્ષણ-પ્રસારક સંસ્થાઓ આખા ભારતવર્ષમાં છે તે સર્વની વિગત મેળવી તે શું શું લાભ આપી શકે છે એ બાબતનો સંગ્રહ (ડિરેક્ટરી) આ ખાતું તૈયાર કરી પ્રગટ કરાવી શકે તેમ છે. આ બાબતના પ્રયત્ન અગાઉ કેટલાંક વર્ષ પહેલાં થયા હતા અને વિગતવાળાં ફૉર્મો છપાવી ઘણી સંસ્થાઓ પર મોકલી આપ્યાં હતાં ને ભરાઇ આવેલાં ફૉર્મો હજુ પણ જૂની ફાઇલોમાંથી નીકળશે. આનો ઉપયોગ મંત્રીઓ બદલવાને કારણે કંઇ થઈ શકયો નહિ. હવે નવે સરથી તે ધોરણે કાર્યકરી એક ડિરેક્ટરી પ્રકટ થાય તો તેમાંથી દરેક જૈન માબાપ પોતાના પુત્ર પુત્રીના શિક્ષણ માટે કયાં અને કેવી સગવડ મળી શકે છે તે જાણી શકશે અને તેથી યોગ્ય લાભ મેળવી શકશે. બીજી બાબત આ ખાતું એ કરી શકે કે પહેલાં મુંબઇ તળપદમાં જે જે શિક્ષણ સંસ્થાઓ છે તે તેની પોતાના યોગ્ય સભ્ય કે પેટા સમિતિ દ્વારા મુલાકાત લઇ તેમાં જે જે સુધારા વધારા કરવાના હોય તે સૂચવી તે અમલમાં મૂકાવી શકે તેમ છે. ત્રીજી બાબત જીવવિચાર, નવતત્ત્વ, સામાયિક, પ્રતિક્રમણ આદિ પ્રાથમિક પુસ્તકોને વર્તમાન શિક્ષણ-પદ્ધતિ અનુસાર બાળકો સરલ અને સુલભ રીતે અભ્યાસ કરી શકે એ પ્રમાણે વિદ્વાનો અને અનુભવી શિક્ષકો દ્વારા તૈયાર કરાવી પ્રગટ કરવાની જરૂર છે. આ ઉપરાંત વિશેષ ઘણું કરવાનું છે પણ તેની સઘન અને સંગીન સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે સૂચન કરશું. હમણાં આટલું બની શકશે તો યે ઘણું છે.

—મોહનલાલ દ. દેશાઇ.

## શેઠ જીવનલાલ અને જૈન વાંચનમાળા.

આ મથાળા નીચે અગાઉ તા. ૧-૧૨-૩૧ ના અંકમાં ટુંક નિવેદન કરવામાં આવ્યું હતું તેમાં કરેલા પ્રશ્નોના ઉત્તરરૂપે જીવનલાલ શેઠ જણાવે છે કે "(૧) બાર વિભાગો એટલે બાર ધોરણો-બાળ વર્ગ ગુ૦ ધો૦ ૧ થી ૪ અને અં૦ ધો૦ ૧ થી ૭ માટેના વિભાગો. (૨) વિષયોની સ્થૂલ રૂપરેખા અને તેની ગુંથણીનું કાર્ય જેને સોંપવામાં આવ્યું છે તેણે કરી આપ્યું છે (અને તે હાલમાં પાઠોની યોજના કરી રહેલ છે) તે ગુંથણી કરેલી તે શું છે તે બહાર પડે તો લાભ ન થાય પણ ગેરલાભ થાય, માટે તે બહાર પાડવા પોતે તૈયાર નથી." જો આમ હોય તો પછી તેના પર કોઇને અભિપ્રાય આપવાનો અવકાશ રહેતો નથી; અને કયા કયા પાઠોની યોજના કરવી તે સંબંધીના પ્રશ્નો પણ અસ્થાને છે, અને તે સંબંધી સૂચના કરવી પણ નિરર્થક છે. વિષય ગુંથણીનું કાર્ય થઇ ગયું, પાઠોની યોજના ચાલુ થઈ ગઇ છે અને એ પ્રમાણે પોતાની એકધારી શૈલીથી બીજાઓની સહાય, સૂચનાઓ લઇને યા પોતાને ઠીક પડે તેમ તેના યોજક જે કંઇ કરશે અને તે પર બાબુ સાહેબ પોતાની પસંદગી આપી પોતાની મહોર મારશે અને પોતાની સ્કૂલમાં તે ચલાવશે તો તેમાં કોઇ આડે આવે તેમ નથી. પણ તે એકાંગી-એક પક્ષી -એક જણના દૃષ્ટિબિંદુવાળી એકાન્તિક થશે એમ મારૂં દૃઢ માનવું છે. તેવું કાર્ય સર્વતોભદ્ર-સર્વગામી તેમજ ચિરસ્થાયી નહિ બને.

એક સમિતિ કે વિધવિધ સમિતિઓ કે ઉપસમિતિઓ દ્વારા આ મહાભારત કાર્ય વધુ ચિરસ્થાયી અને સફલ થઇ શકે. જૈન એજ્યુકેશન બૉર્ડ, શિક્ષક મંડળ, અને શિક્ષણ સંસ્થાના સંચાલકોનો સહકાર પણ આવા કાર્ય પ્રત્યે લઈ શકાય. સમિતિમાં પણ વિદ્વાન, શિક્ષણના તજજ્ઞ નિષ્ણાત અનુભવી પંડિતોને મૂકી તેમનો લાભ પણ સાધી શકાય દા૦ ત૦ બાળ ગ્રંથાવળીના સંપાદક રા. ધીરજલાલ ટોકરશી શાહ, રા. સુશીલ, પંડિત સુખલાલ. પ૦ બહેચરદાસ પ૦ લાલચંદ, અને પં૦ ભગવાનદાસ, રા. ઉમેદચંદ બરોડીઆ, રા. સુરચંદ પી. બદામી, રા. કેશવલાલ પ્રેમચંદ મોદી, રા. મોતીચંદ ગિ૦ કાપડીઆ, રા. મોહનલાલ ભ૦ ઝવેરી, વગેરે વગેરે અનેક મહાશયોની સહાય મેળવવા માગીએ તો મળી શકે તેમ છે. આ કાર્ય કઇ થોડા સમયમાં થઇ શકે તેમ નથી, તેમ એક યા બે ચાર માણસોની મંડળી કરી શકે તેમ નથી. તેમાં જૈન શાસ્ત્રના મર્મજ્ઞ તેમજ શિક્ષણ શાસ્ત્રના પરિચયીના તથા જૈન શિક્ષકોના અનુભવો અને વિચારોને અવશ્ય સ્થાન છે, એટલુંજ નહિ પરંતુ જૂદી જૂદી શિક્ષણપદ્ધતિઓમાં રમનારા જૈનેતર શિક્ષણ શાસ્ત્રીઓ (દા૦ ત૦ ન્હાનાભાઈ, ગીજુભાઇ, કાકા કાલેલકર, તારાબ્હેન મોડક આદિ) અને સૂચનારૂપે યોગ્ય પ્રણાલી સૂચવનારાઓની સહાયને પણ અવકાશ છે. હું તો અલ્પજ્ઞ છું, તેમ હાલ તો જૈન સાહિત્યના ઇતિહાસના કાર્યમાં અટવાયો છું છતાં યોગ્ય ધોરણે કાર્ય થતું હોય તો યથાશક્તિ અવસરે સહકાર આપવા હું તૈયાર છું, અને તે પણ એક ધાર્મિક ફરજ તરીકે અને કોઇ પણ આર્થિક બદલા વગર. વાંચનમાળા માટેના મારા વિચાર અને મનોરથ ઘણાં વર્ષોથી છે અને તે તે સંબંધીના મારા લેખમાં પ્રસિદ્ધ થયા છે, કે જે લેખ જૈન મહિલા સમાજના મંત્રીઓ પાસેથી તેના રીપોર્ટ સાથેના સં. ૧૯૮૩ ના દીવાળી અંકને મેળવી જોઇ શકાશે; અને ત્યાંથી ન મળે તો મારી પાસે એકજ નકલ છે તે જોવા મંગાવી શકાશે.

જૈન વાંચનમાળાનો વિષય જાહેર છે અને તે સંબંધી પ્રશ્નો, સૂચનાઓ, લક્ષમાં લેવા જોગ હકીકતો જાહેરમાં મૂકાવાની જરૂર છે અને તે સંબંધી કેવી રીતે કાર્ય લેવાય છે તેનો વખતોવખત અહેવાલ તેના યોજક પ્રયોજકોએ જાહેરમાં બહાર લાવવાની જરૂર છે. જૈન પત્રની જૂની ફાઇલોમાં વાંચનમાળા માટે કેટલુંક લખાયું છે તે પણ ઉથલાવી જવાની જરૂર છે. એમ ઘણુંયે કરવાની જરૂર રહે છે. તેમાં ભીતિ અને શંકાને સ્થાન હોવાં ન ઘટે. સમિતિ પાસે કામ કરાવતાં પરસ્પર તીવ્ર મતભેદની શંકા કરવી, અને તેને કદાગ્રહનું નામ આપી વાંચનમાળાના નાવને ખરાબે ચઢી જાય એવી મહાભીતિ રાખનારથી વાંચનમાળા જેવા મહાભારત કાર્યને સફલ બનાવી નહિ શકાય. દરેક પ્રમાણિક મતભેદને વધાવવો, અને તે પર દીર્ઘ વિચાર કરી તેનો તોડ કાઢવો, એમાં ખરી કીંમત છે. કામ હાથમાં લેતાં તે ગમે તેટલી મુશ્કેલી હોય છતાં તે પાર ઉતારવું છે એવો દૃઢ સંકલ્પ કાર્ય કરનારે કરવો જોઇએ. સંશયથી કરેલું કાર્ય કે માગેલો સહકાર ધારેલા પરિણામ પર કોઇને લઈ જઇ શકે નહિ; ને સંશયગ્રસ્તને કોઇ સહકાર આપવા જાય ને તેને કદાગ્રહનું નામ મળે તેના કરતાં તેને જે કોઇ સદાગ્રહ-પ્રામાણિક મતનું નામ આપે તેને તે સહકાર આપવા જાય એ વધુ ઇષ્ટ છે. ગત અંકમાં શેઠ જીવણલાલની સહીવાળું જે ચર્ચાપત્ર છપાયું છે તે અને મારાપર પત્ર આવેલ છે તે પોતાનાજ વિચાર રૂપે છે એમ સમજીને ટુંકમાં ઉપરનું ઉત્તર રૂપે નિવેદન છે, અન્યના વિચારોનો પડઘો કે અન્યના વિચારો છે એમ સમજીને નહિ. અન્યના વિચારો હોય તો મારે કંઇ કહેવાપણું રહેતું નથી.

—મોહનલાલ દલીચંદ દેશાઇ.

### કાર્યવાહી સમિતિની બેઠક—

ગત તા. ૨૮-૧-૩૨ ના રોજ શેઠ રવજી સોજપાળના પ્રમુખસ્થાને મળી હતી જે વખતે ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટીમાં કોઑપરેટિવ પદ્ધતિપર જૈન બેંક માટેની યોજના સંબંધેના ડ્રાફ્ટ ઉપર રૂબરૂ મુલાકાત દરમ્યાન શ્રીયુત સર લલ્લુભાઇ શામળદાસ, રાય સાહેબ ગિરધરલાલ ડી મહેતા, અને કો. સો. ના એસી રજીસ્ટ્રાર સાથે થયેલ ચર્ચાની હકીકતો રજુ કરવામાં આવી હતી, જે વિચારતાં એક સ્કીમ ૨ માસમાં ઘડી વર્કિંગ કમિટિ સમક્ષ રજુ કરવા-શ્રી મકનજી જે. મહેતા, શ્રી ચીનુભાઇ લાલભાઇ, શ્રી ફકીરચંદ કેશરીચંદ, શ્રી મગનલાલ મુલચંદ, શ્રી હીરજી શિવજી, શ્રી જમનાદાસ અમરચંદ અને સ્થા૦ મહામંત્રીઓની એક ઉપ-સમિતિ નીમવામાં આવી હતી. અને તે દરમ્યાન ફંડમાં ભરાયેલ રકમો વસુલ લેવા ઠરાવવામાં આવ્યું હતું.

કૉન્ફરન્સની આર્થિક પરિસ્થિતિ સંબંધે વિચાર થતાં -પોશ શુદ ૧૫ સુધીના નિભાવફંડ ખાતાના આવક ખર્ચના આંકડાઓ રજુ કરવામાં આવ્યા હતા. હાલની પરિસ્થિતિ જોતાં ચાલુ ખર્ચને પહોંચી વળવા માટે યોગ્ય કરકસર કરવા મહામંત્રીઓને સત્તા આપવામાં આવી હતી

# પ્રાન્તો અને વિભાગોનો ફાળો—

આપણી કૉન્ફરન્સ એટલે શું એ વીસમીસદીમાં જીવન ગુજારનારાઓને ભાગ્યેજ સમજાવવાની જરૂર હોય. જેઓ લોકશાસનના આ કાળમાં જીવી જાણે છે તેજ કોમ અને સમાજના ભાવિ ઉત્કર્ષમાં પોતાનો ફાળો આપી શકે એ વાત હવે કહેવાની આવશ્યકતા નથી. એ આપણા ચાલુ અનુભવની વાત છે. એક હથ્થુ સત્તા કે 'પોપશાહી'ના જમાના તો ક્યારના યે વીત્યા છે. આટલી વાત સમજ્યા પછી સમાજના ઉત્થાનમાં લોકશાસનના સિદ્ધાન્ત પર ચાલતી જૈન સમાજની એકજ મહાસંસ્થા પરત્વે સમાજના પ્રત્યેક અંગે પ્રત્યેક ગામ-શહેરે અને વિભાગોએ વ્યાજબી ફાળો આપવો જોઇએ-પોતાની પ્રવૃત્તિઓ મહાસંસ્થાના ઠરાવો અમલમાં મૂકવા માટે પોતે ઉપાડી લેવી જોઇએ.

આમ ન બને તો કાર્ય જેવું જોઇએ તેવું ન બને અને ધાર્યું પરિણામ સત્વરે ન લાવી શકાય એ તદન બનવા જોગ છે. જે કામ એક વર્ષના સંયુક્ત સંગઠિત પ્રયાસથી બને તે કાર્ય હાર પાડતાં અંગોપાંગની શિથિલતાના કારણે પચીસ વર્ષો પણ વહી જાય; એટલે સમાજનાં દરેક અંગે દરેક વિભાગમાં વસતા બંધુઓએ આ બાબત પર સંપૂર્ણ લક્ષ આપી કાર્યમાં પ્રવૃત્ત થવું જાઇએ.

આ સંબંધે અખિલ હિંદ સ્થાયી સમિતિની તા. ૨૬-૨૭ ડિસેંબર ૧૯૩૧ ના દિવસોએ મળેલી બેઠકના પ્રમુખસ્થાનેથી શેઠ રવજીભાઇના વિચાર નોંધવા-વિચારવા અને સત્વરે અમલમાં મૂકવા યોગ્ય છે. અધિવેશન મેળવવાની આવશ્યકતા વિચારતાં તેઓ કહે છે 'કે અધિવેશન મેળવવું એ વાતની તરફેણમાં બધાજ હશે, અને તેમ થયા વિના વાતાવરણમાંથી પ્રાણવાયુનો લોપ થવાથી જેમ જાગૃતિ ઉડી જઈ સુષુપ્તિનું જોર વધે તેમ આપણી પ્રવૃત્તિઓ પણ શિથિલ થાય એ તદન સંભવિત છે. ચોકસ સ્થળોએ વિચાર વાતાવરણ કેલવીને કામ લેવામાં આવે તો અધિવેશન એ અશક્ય ઘટના નથી. પરંતુ આમ કરવામાં આપણે સૌએ વધારે ભોગ આપવા તૈયાર થવું જોઇશે......આ જમાનામાં હવે અગ્રણીપદ ભોગવવું હોય તેણે કામ કરી બતાવવું જોઇશે-ભોગ આપવો પડશે, નહિતો બીજા કાર્યકર્તાઓને સ્થાન આપવું પડે એમાં જરાપણ સંદેહ હોય એમ મને લાગતું નથી.'

આ વિચારના ઉંડાણમાં ઉતરીએ તો દરેક વિભાગ-પ્રાન્ત અને ગામ કે શહેરના આગેવાનોએ વિચારવું ઘટે છે કે જો આપણે પોતાના વિભાગની મર્યાદામાં રહીને આ મહાસભાના ઉદ્દેશો અને ઠરાવોનો યથાર્થ રીતે અમલ કરવા-કરાવવા પ્રયાસ કરીએ તો આપણી સર્વ વિભાગીય પ્રવૃત્તિઓનો સરવાળો તે આ કૉન્ફરન્સની પ્રવૃત્તિઓજ ગણાશે અને ત્યારેજ પરિષદ્‌નો કાર્ય વિસ્તાર ખિલશે અને દીપશે. પરંતુ પ્રયાસોમાં શિથિલતા રહે અગર ઘટતો આપભોગ આપી સમાજ પ્રત્યેનાં પોતાના સ્થાનને અનુરૂપ કાર્યનો બોજો ઉપાડી લેવામાં ન આવે તો કાર્યની ધગશવાળા યુવાનો સમાજનું નાવ હાથ અચુક ધરશે.

હાલની પરિસ્થિતિ વિચારતાં સહજ પ્રાપ્ત થાય છે કે પરિષદ્ એટલે મુંબઇનાં મુખ્ય કાર્યાલયના સંચાલકો અને મંત્રીઓ સમગ્ર હિંદની પ્રવૃત્તિઓ આદરે અને ચલાવે એજ પ્રચલિત માનસ જણાય છે. આપણો વસવાટ અને તેનાં સ્થાનો વિચારતાં એ ભાવના પરજઅવલંબી અન્ય અંગોપાંગ મૌન સેવે, નિષ્ક્રિય થઇ બેસે તો પરિણામ શુ ? તેનો વિચાર તે તે વિભાગોના આગેવાનો અને અન્ય બંધુઓએ કરી લેવાનો રહે છે.

એટલે આ વિભાગીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે તો કેવાં સુંદર પરિણામો સહકારથી સત્વરે નિપજાવી શકાય તેને લગતી શેઠ રવજી સોજપાળે પ્રમુસ્થાનેથી કરેલી અન્ય સૂચના પણ અવશ્ય ઉપાડી લેવા જેવી છે તેઓ પોતાના વક્તવ્યના અંતે કહે છે કે, 'એક વિશેષ સૂચના હાથ ધરવા જેવી મ્હને એ જણાય છે કે બંધારણ અનુસાર કૉન્ફરન્સની સમિતિઓ રૂપે શાખાઓ અને પ્રશાખાઓ ઠેક ઠેકાણે સ્થપાય તેવો કાર્યક્રમ પૂર જોસથી ઉપાડી લેવો જોઇએ. જો કે આમાં દરેક સ્થળે ઉત્સાહી અને સેવાભાવી બંધુઓના સહકારની જરૂર અવશ્ય રહેશે. અને જેટલા પ્રમાણમાં સહકાર મળશે તેટલી કાર્યસાધકતા વધશે એવી મ્હારી ખાત્રી છે. આ દિશામાં પણ પ્રવસા વિના આપણે ઘણું ઓછું કરી શકશું-એટલે પ્રવાસ અને પ્રચારની સતત યોજના ઉપાડી લેવામાં આવે તો આપણે ઘણું કરી શકીએ તેમ છીએ અને જોઇએ તેટલો સહકાર મલી રહેશે એવો મ્હને ભરોસો છે.'

આગેવાન બંધુઓ વિચારકો અને યુવકો તેમજ અન્ય ભાઇઓ આ વાત વિચારશે અને આ દિશામાં ઘટતું કાર્ય દરેક સ્થળે ઉપાડી લેશે તો ઉત્થાન અને વિજય હાથમાંજ છે.

'પ્રભાકર.'

# જૈન બેંકની સહકારી યોજના—

આ પત્રના ગતાંકમાં સહકારી સિદ્ધાન્તપર જૈન બેંકની યોજના સંબંધે સર લલ્લુભાઇ સામળદાસની લેવાયેલી મુલાકાતની હકીકત પ્રકટ થઇ છે. ત્યાર પછી આ યોજના સંબંધે વિશેષ માહિતિ મેળવવા પ્રયાસ થયા હતો અને સ્ટેન્ડીંગ કમિટિમાં અભિપ્રાયો મેળવવા માટે જે ચાર ગૃહસ્થોનાં નામ મુકરર થયાં છે તે પૈકી રા. સા. ગિરધરલાલ મ્હેતાની મુલાકાત લેવા માટે સંસ્થાના મહામંત્રીઓ તથા શ્રી મકજી જે. મ્હેતા ગયાં હતા. સહકારી તત્ત્વ પર જૈન બેંક કે સોસાયટી સ્થાપવી લાભદાયી નિવડે તેમ છે તે સંબંધે તથા તેવી બેંક સ્થાપવામાં આવે તો તેમાંથી શું લાભ ઉઠાવી શકાય, તેને અંગે થતાં ખર્ચ, શેર-કેપીટલ-મુડી કેટલી, વ્યવસ્થા, હિસાબ તપાસણી તથા તેવી બેંકનો લાભ સમાજને શારીતે આપી શકાય વગેરે બાબતોનો વિસ્તારથી વિચાર કરવામાં આવ્યો હતો અને આ મુલાકાત દરમ્યાન ઘણી ઉપયોગી માહિતી મેળવી શકાઇ હતી. આ માહિતી વર્કીંગ કમિટીની ગત બેઠક વખતે રજુ કરવામાં આવતાં તેવી બેંકની યોજના બે માસમાં તૈયાર કરવા નિર્ણય થયો હતો જે અન્યત્ર પ્રકટ થયેલ છે.

## 'DANIEL COME TO JUDGMENT--' LIVING WITHOUT DISEASE.

Some of us live in dread of disease, some have to endure affliction as a result of disease, how few there are who are well. The time is to come when disease will pass, when disease will be remembered only as a curiosity. Our lives are ruled by natural law, they are not ruled by malicious powers, nature is not capricious, we live under the rule of natural law.

Why need we go blundering on, longer, for our reason tells us that human disease can be eliminated in the life of such persons who conform to the rule of natural law, who duly care for their body, who keep it pure. As yet to live without disease appears as a novelty. Disease is a part of the history of the human race, but is there nothing that can terminate disease, is it to continue forever? No. It shall not be disease forever.

Some one will teach us how to live, there will be the School of Health to teach that health is first, that it is easy to be well, that it is hard to be ill. The idea of living without disease is gaining ground, the actuality of it is close, so near that a considerable number of patrons do live without disease and without fear of it.

To live without disease is no longer a dubious doctrine. Increasing numbers of children are learning how to live in health. Health culture is coming more and more to be recognized as a practical virtue. The reasonableness of the idea of a diet of vegetable food is preparing the way for better health.

It was only a little while ago that the idea of a diet of vegetable food was ridicuied. It was considered impossible, revolting to our pride, crude, and primitive, even barbaric. The idea of vegetable food first came to my thought 40 years ago, (1892) it was strange, like a dream, and clouded with inexperience and doubt

I was afraid of it, kept it to myself and spoke of it to no one, it was an experiment. I was timid and inexperienced, bred up on a mixed cookery. The vegetable idea is now successful achievement, tried cut, proven, and true, and good. We are moving to a better understanding of what is our food. We are learning that a diet of vegetable food done right, is food that promises a life without disease.

Natural diet is limited to a few foods, food vegetables that are inexpensive, and available tn the open markets.

So far as I can see and understand life without disease, and longer life, better and happier, and more useful, depends on improving the diet. It depends on a full, abundant diet of pure food, clean, fresh vegetable matter, in its ripened, mellowed, softened state, by steam, all done gently, slowly, and completely, to fit it for the mystery of digestion and assimilation.

( Health Culture )

## સ્વીકાર અને સમાલોચના.

**કામકુંભ**—લેખક પં૦ ઇશ્વરલાલ જૈન, મુલ્તાન શહર ( પંજાબ ) કિંમત ચાર આના. ધર્મના પરિણામે કામકુંભ, ચંવર, દંડ આદિ પ્રાપ્ત કરી શકાય છે તે આ ટુંક કથા ઉપરથી જાણી શકાશે. આપણી શિક્ષાપ્રદ કથાઓ હિંદી ભાષામાં લખાઇ પ્રકટ થાય એ ઇચ્છવા યોગ્ય છે.

**સફળ સાધના**—લેખક અને પ્રકાશક શેઠ અચલસિંહ જૈન રોશન મોહલ્લા, આગરા. હિંદી અને અંગ્રેજીમાં લખાયેલ કેટલાક ટુંકા નિબંધો સદાચાર-સદ્વર્તન આદિ ગુણો કેળવવા કેટલેક અંશે ઉપયોગી નિવડે એમ ઇચ્છી આવા સાહિત્યના મફત પ્રચાર માટે લેખક અને પ્રકાશકે કરેલ પ્રયત્નને સફળતા ઇચ્છીશું.

### વર્તમાન સાર—

**દિગંબર જૈન મહાસભા**—નો વાર્ષિકોત્સવ અગામી માઘ શુદ ૧૦ ના દિવસે જબલપુર ( સી. પી. ) માં થવાના સમાચાર બહાર આવ્યા છે.

**મુક્તિ સંગ્રામમાં જૈનો**—નાગપૂરના પૂનમચંદ રાંકાને ૩ વર્ષની સજા, સોલાપુરના ગુલાબચંદ હીરાચદને કારાવાસ, અમદાવાદના અંબાલાલ સારાભાઇની પુત્રી કુ૦ મૃદુલાને ૬ માસ, પોપટલાલ રામચંદ શાહ પૂનાવાળાને ૧ા વર્ષ, શાંતિલાલ હરગોવિંદદાસ સોલિસિટર મુંબઇ તથા શ્રી છોટલાલ બી. કોરા એન્જીનીયરને એક વર્ષની કેદ તથા દંડની સજા કરવામાં આવી છે.

**ગોળમેજીના દૂતો**—ભારતના ભાગ્ય વિધાન! માટે હિંદમાં આવી પોતાના કામે લાગી ગયા છે.

**પંડિત માલવિયાજીએ** હિંદના ના૦ વાઇસરૉય પર એક લંબાણ પત્ર લખી દેશની પરિસ્થિતિ સમજાવતાં અમલની ચાલુ નીતિમાં ઘટતો ફેરફાર કરવા જણાવ્યું છે.

**કુડચી જૈન કાંડ**—૨૦ જાન્યુઆરીના દિવસે દિ૦ જૈન દેરાસરના ચણતર કામની શરૂઆત કરતાં મુસલમાનોએ જૈનોને તે બંધ કરવા જણાવી બીજા દિવસે જૈનોના ખેતર વગેરે ઉપર હુમલો કર્યો, ત્યાંના જૈનો સ્વરક્ષણાર્થે બહારગામ ચાલ્યા જાય છે એવી ખબર મળી છે. સત્તાધીશો આ તરફ લક્ષ આપશે કે?

( अनुसंधान पृ. २२ परथी. )

भगवान महावीर की शिष्या और उनके सम्पूर्ण साध्वी संघ की प्रमुख आर्या चन्दनबाला का नाम जैन जगत में प्रसिद्ध है। चन्दनबाला व उनकी शिष्या मृगावती घोर तपस्या से कर्ममल को दूरकर कैवल्य व निर्वाण को प्राप्त हुई थी। भगवान महावीर की पूर्व माता देवानन्दा ब्राह्मणी ने भी अपने पति ऋषभदेव के साथ दीक्षा ग्रहण कर मोक्ष प्राप्त किया था। ऐसे और भी कई दृष्टान्त दिये जा सकते हैं जब कि साध्वियां आत्मिक चरम उत्कर्षता–केवल ज्ञान व मोक्ष को प्राप्त हुई है।

स्त्री शिक्षा के विषय में भी जैन शास्त्र अवलोकन करने से प्रतीत होता है कि उस समय स्त्रियों को अच्छी शिक्षा दी जाती थी। साध्वियां एकादश अङ्ग शास्त्रोंका अभ्यास करती थीं। एकादश अङ्गों के ज्ञानको धारण करनेवाली साध्वियों की संख्या भी कम न थी। पुरुषों को जैसे ७२ कला का अभ्यास कराया जाता था वैसे स्त्रियों को भी ६४ कला का अभ्यास कराया जाता था। इन ६४ कला में नृत्य; गीत, ज्ञान, विज्ञान, काव्य, व्याकरण, गृहिणीधर्म, पाक क्रिया, केश बन्धन, आभूषण धारण, वाणिज्य प्रभृति का नाम विशेष उल्लेख योग्य है। स्त्री शिक्षा में कोई तरह की त्रुटी नहीं थी यह साफ मालूम पडता है।

दिग्विजयी ब्राह्मण पण्डित हरिभद्र को जैन धर्म में प्रतिबोधित करने का श्रेय 'याकिनी महत्तरा' नाम्नी एक साध्वी को ही है। जैन धर्म अङ्गीकार करने के बाद पण्डित हरिभद्र अपने पाण्डित्य एवं चारित्र गुण से आचार्य हरिभद्र सूरि नामसे विख्यात हुए। उन साध्वी का आप पर इतना प्रभाव था कि आपने अपनी अमूल्य ग्रन्थों में अपना "याकिनी सुनु" नामसे परिचय दिया है। इतने बडे विद्वान आचार्य पर एक साध्वी का ऐसा प्रभाव होना उन साध्वी स्त्री के चारित्र एवं आत्मिक उन्नति की उत्कर्षता का परिचय प्रदान कर रहा है। उस काल में एक साध्वी इतने बडे अन्यमत के पण्डित को भी प्रतिबोध देने में समर्थ थी यह बात साध्वीयों में ज्ञानानुशीलन की कितनी उत्कर्षता थी यह साबित करती है।

परदे की अधुना जैसी कठोरता प्रचलित है उस काल में वैसी नहीं थी। तीर्थङ्करों के समोवसरण में या धर्माचार्यों को बन्दन करने को स्त्रीयां बिना किसी रुकावट के जाती थीं ऐसी बहुत घटनाओं का वर्णन जैन साहित्य में मिलता है। राजा की रानियां किसी प्रयोजन से सभा मण्डप में उपस्थित होने पर यवनिका के अन्तराल में उपवेशन करती थीं। स्वप्नों का फल श्रवण करने को भगवान महावीर की माता त्रिशला राजसभा में यवनिका के अन्तराल में बैठी थीं।

# એજ્યુકેશન બોર્ડની કાર્યવાહી.

આ સંસ્થા તરફથી દર વર્ષે લેવામાં આવતી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ અને અ૦ સૌ૦ હીમકુંવરબાઇ મેઘજી સોજપાલ સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઈની ઇનામી પરીક્ષાઓ ચાલુ સાલ સં. ૧૯૮૮ ના માગસર વદ ૩ રવિવાર તા. ૨૭-૧૨-૩૧ ના રોજ બોર્ડના જૂદા જૂદા સેન્ટરોમાં લેવામાં આવી હતી. આ પરિક્ષાઓમાં બેસવા માટે અમદાવાદ, ભાવનગર, પાલીતાણા, ઇડર, સુરત, લીંબડી, પાલણપુર, ખેડા, આમોદ, શિનોર, ભરૂચ, સમૌ, બોરસદ, મહુધા, પાદરા, છાણી, થરાદ, ઉંઝા, મહુવા, ખુડાલા, સાદડી, રતલામ, વરકાણા, આગરા, કરાંચી, સાંગલી, નિપાણી, છોટી સાદડી, બોટાદ જેતપુર, કડોર, ઇંદોર, જુનાગઢ, પાટણ કડી, રાંદેર આદિ સ્થળોના તથા મુંબઇના કુલ મળી ૧૦૦૩ વિદ્યાર્થીઓની અરજીઓ મળી હતી જેમાંથી બાલ, પુરૂષ, કન્યા અને સ્ત્રી વર્ગોની ધાર્મિક તથા પ્રાકૃતની પરીક્ષાઓનાં ૨૨ ધોરણોમાં ૮૫૦ વિદ્યાર્થીઓ બેઠા હતા.

સ્ત્રી વર્ગની પરીક્ષાઓના ઇનામ માટે શ્રીયુત મેઘજી સોજપાલ તરફથી રૂપીઆ પાંચસો તથા શ્રી હીરાચંદ વસનજી પોરબંદરવાલા તરફથી ઇનામો માટે રૂા. સાઠ મળ્યા છે.

**લાઇફ મેમ્બરો:**–શેઠ મેઘજી સોજપાલ, શેઠ મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, અને શેઠ મોહનલાલ દલીચંદ દેશાઈ–એ ત્રણે સદ્‌ગૃહસ્થો આજીવન સભાસદ થયા છે.

**પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓને:**–જે જે પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓને સન ૧૯૩૧-૩૨ માટે સંસ્થા તરફથી મદદ–સ્કૉલરશિપ મંજુર કરવામાં આવેલ છે તેઓને અનુક્રમે હાજરી પત્રક અને સર્ટિફિકેટ મોકલી આપવા જણાવવામાં આવે છે. જે ન મળતાં મદદ અથવા સ્કૉલરશિપ બંધ કરવામાં આવશે.

## જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ.

મેનેજીંગ કમિટીની સભા તા. ૨૮-૧-૩૨ ના રોજ મળી હતી. (૧) શ્રી વીરચંદ પાનાચંદ શાહના રાજીનામાં ઉપર વિચાર થતાં તે ન સ્વીકારતા તેમને તે પદ પર ચાલુ રહેવા વિનંતિ કરવામાં આવ્યું. (૨) સન ૧૯૩૧-૩૨ માટે મંજુર થયેલ સ્કૉલરશિપો અને પાઠશાળાઓને મદદનો બીજો હફતો મોકલી આપવા ઠરાવ્યું.

---

महाराज श्रेणिक की रानी धारिणी देवी भी राजसभा में यवनिका के अन्तराल में बैठी थीं परन्तु दोहद पूर्त्ति के समय श्रेणिक राजा के साथ हाथी पर चढ कर नगर के बीच से हो कर जानेका वर्णन भी मिलता है। इससे यह प्रतीत होता है कि परदे का कडाई बिलकुल नहीं थी परन्तु साधारण तथा राज परिवार व उच्चकुल की स्त्रीयां अन्तःपुरमें ही प्रायः करके रहती थीं। अधुना जैसी प्रचण्ड स्त्री स्वाधीनता पाश्चात्य देशों से आमदनी होकर अपने देशमें प्रचलित होनी आरम्भ हुई है वैसी पुराने जमाने में नहीं थी। पर स्त्री को मानसिक व आत्मिक विकाश करने में कोई रुकावट नहीं थी और पारिपार्श्विक वातावरण भी ऐसा था कि प्रत्येक स्त्री स्वच्छन्दता से अपनी उन्नति कर सकती थी।

**'ओशवाल नवयुवक' से उध्धृत.**

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

— લેખક —

ધીરજલાલ ટી. શાહ.

— પાત્ર પરિચય —

| | | | | | |
|---|---|---|---|---|---|
| સાગરપોત: | પોતનપુર બંદરનો ધનાઢ્ય વેપારી | સુરપાળ: | સમુદ્રદત્તનો વફાદાર નોકર | મનોરમા: | સહદેવની પત્ની અને નંદયંતીની સખી |
| સમુદ્રદત્ત: | સાગરપોતનો પુત્ર | પદ્મસિંહ: | અગ્રુપુરનો રાજા | સુમતિ: | સેવાશ્રમની સાધ્વી |
| સહદેવ: | સમુદ્રદત્તનો મિત્ર | કુલપતિ: | સેવાશ્રમના આચાર્ય | | |
| | | લક્ષ્મી: | સમુદ્રદત્તની માતા | | |
| | | નંદયંતી: | સમુદ્રદત્તની પત્ની | | |

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

( વર્ષ ૧ લું પૃષ્ઠ ૧૮૦ થી ચાલુ )

## પ્રવેશ સાતમો.

( કાળીમાતાનું ભયંકર મંદિર–તેમાં અમર્યાદિત સુરાપાન કરતાં ભીલ સ્ત્રી પુરુષો. કેટલાક પશુના ફલક તથા છરાને સિંદુર લગાવે છે. અગ્નિ પ્રગટાવી માંહી એક જાતની વનસ્પતિ નાખી ધૂપ કરે છે. પાસેની ગુફામાં નંદયંતીને એક થાંભલા સાથે બાંધી છે. )

નંદયંતી૦

રાગ–હોરી.

ભાંગો આ ભીડ મારી !
ભીડભંજન છે નામ પિયારું આશા એક તું મારી,
જોશો નહિ મુજ જીવન સામું પતિત પાવન કારી–ભાંગો૦
સતી સુભદ્રાનું કલંક નિવાર્યું દ્રૌપદી કરી ચિરધારી,
પ્રહલાદ અગ્નિ થકી ઉગાર્યો મૂકો ન એ વિસારી–ભાંગો૦
તું જાણે કહું શું નિજમુખે પૂર્ણ અંતર્યામી,
એકજ દાવો મારો એ છે સાચે ભાવે ભજ્યા સ્વામી–ભાંગો૦

( એક ભીલ દાખલ થાય છે )

ભીલ૦ બ્હેન ! ફીકર કરશો નહિ.

નંદ૦ ભાઇ ! હવે બધી ફીકરો છોડી દીધી. પરમાત્માનું છેલ્લું ભજન પણ કરી લીધું.

ભીલ૦ પરમાત્મા જરૂર તમને સહાય કરશે.

નંદ૦ હેં ! તમારી બોલી આ ભીલ જેવી નથી, તમે કોણ છો !

ભીલ૦ બેન ! મને ન ઓળખ્યો ? હું સુરપાળ !

નંદ૦ સુરપાળ ! તું અહિં ક્યાંથી !

સુર૦ શેઠજી આવ્યા તેની મને ખબર હતી–બારણું મેંજ ઉઘાડેલું. પછી તમને ન જોતાં મારા મનને શંકા થઇ તમારી સાસુ તો બધાને જવાબ દેતાં કે એનો બાપ માંદો છે તે પિયર ગઇ છે–પણ એક દિવસ નિઃકરૂણકે ભોળપણામાં બધી વાત મને કહી દીધી. આથી મારા તો રૂંવાડે રૂંવાડે આગ લાગી ને નિઃકરૂણે કહેલા જંગલમાં તમને શોધવા નીકલી પડ્યો. રસ્તામાં આ જંગલીઓને હાથ પડ્યો. મને કહ્યું કે અમારાં ભેગા ચોર થઇને રહેવું હોય તો તને જીવતો રાખીએ. મેં અનુકુળ સમય મળે ત્યાં સુધી એ વાત કબુલ કરી. એમાં અચાનક આપને જોયાં. ( બંધનો છોડે છે. )

નંદ૦ પણ ! સુરપાળ મારા માટે તું મોત શા માટે વ્હોરી લે છે ? જો એ લોકો જાણશે તો બન્નેને ઠાર મારશે, હું તો મરવાનીજ છું, પણ તું શા માટે પ્રાણ ગુમાવે છે ?

સુર૦ શેઠાણી હજી તો મારા મોઢામાં અન્નદાતાનું લુણ છે. એમ બચાવતાં જીવ જાય તો શુ થઇ ગયુ ? હવે હું કહું તે માર્ગે ચાલ્યાં આવો. હું તમને એક ગુપ્ત માર્ગથી રેવાજીના કિનારે લઇ જઇશ. હું ઘણા સમયથી નાશી છુટવાની ગાદ જોતો હતો.

( નંદાકુમારી તૈયાર થાય છે. એક ગુફા માર્ગે બન્ને જાય છે. )

સરદાર૦ કેમ બધું તૈયાર છે ? તો લાવો હવે ભોગને હે કાળીમા ! ( ભીલો ઓરડામાં જાય છે. કોઇ દેખાતું નથી. પાછા ફરે છે. )

ભીલો૦ ત્યાં તો કોઇ નથી.

સર૦ શું અહિંથી તે ક્યાં જાય ! બરાબર જુઓ.

ભીલો૦ અમે બરાબર તપાસ કરી–પણ અહિં કોઇ નથી.

સર૦ જરૂર આપણામાંથીજ કોઇએ દગો દીધો. ( પોતે ઉઠીને નંદયંતીને પૂરેલા ઓરડામાં આવે છે. ) જરૂર આ બારણેથી તે પલાયન થઇ. નક્કી આપણા-માંથીજ કોઇક ફુટ્યો–જાવ–ચારે બાજુ ફરી વળો ને તેને પકડીને હાજર કરો.

## પ્રવેશ આઠમો.

નર્મદા કિનારે બે ભીલો.

૧ ભીલ૦ અરે ! અહિં પગલાં છે.

૨ ભીલ૦ જરૂર તે આ તરફજ ગયાં હશે. ( થોડું ચાલે છે )

૧ ભીલ૦ અરે ! દૂર કોઇ બે જણ જતાં જણાય છે.

૨ ભીલ૦ આપણામાં હમણાં જે નવો માણસ આવ્યો છે તેજ ફુટેલો જણાય છે. જો એક સ્ત્રી ને એક ભીલ જેવાં કોઇ લાગે છે.

૧ ભીલ૦ જરૂર એજ નાશે છે, ઠીક થયું. આપણે તેને હમણાં પહોંચી વળીશું

૨ ભીલ૦ અરે ! ચલાવ કામઠી.

( બીજો કામઠી તૈયાર કરે છે ને એક તીર ફેંકે છે. સુરપાળના માથા પાસેથી સણસણું કરતું ચાલ્યું જાય છે. )

સુર૦ અરે દુષ્ટો! ખાલી મોતને શા માટે નોતરો છો? તમારો કાળ આવી રહ્યો લાગે છે. નહિંતર આમ લડવા તૈયાર ન થાવ. જુઓ! તીર આમ મરાય.
(એક તીર ફેંકે છે. એક ભીલ હેઠો પડે છે.)

૨ ભીલ૦ અરે દુષ્ટ! તું પણ જોઇ લે.
(એક તીર ફેંકે છે. સુરપાળને છાતીમાં વાગે છે. સુરપાળ પણ તીર છોડે છે ને બીજાનો પ્રાણ જાયછે.)
(સુરપાળનું માથું ખોળામાં લઇ નંદા ચોધાર આંસુએ રડે છે.)

સુર૦ શેઠાણી! મારો જન્મારો સફળ થયો કે મારા અન્નદાતારને હું કામ લાગ્યો હવે તમે રોકાશો નહિં; વખત છે ને બીજા માણસો પણ આવી ચડે. હું તો હવે બચું તેમ નથી તો હવે રેવાજીના કિનારે કિનારે ચાલ્યા જાવ.

નંદ૦ ભાઇ! મારાથી તમને આવી હાલતમાં મૂકીને કેમ જવાય! પરમાત્મા તમારા આત્માને શાંતિ આપો.

સુર૦ બ્હેન હવે થોડી મિનિટમાંજ મારો પ્રાણ જશે. મારૂં મડદું રેવાજીમાં પધરાવી દેજો. મને આનંદ છે કે સ્વામીભક્તિ કરતાં રેવાતટે દેહ છૂટયો છે. નહિતર મારૂં મડદું જોઇને પણ ભીલો રસ્તો જાણી જાય ને પાછળ પડે.

નંદા૦ ભાઇ! ...........
(સુરપાળ ડચકાં ખાય છે. આંખો ઢાળી દે છે.)

નંદા૦ હે રેવામાતા! શું શું સંસ્કારો મારા માથે થવાના હશે! હે પતિત પાવની! એક સ્વામીભક્ત બહાદુર આત્માનું શરીર તું સંઘરી લે. તેના આત્માને શાંતિ પમાડજે. (નદીમાં પધરાવે છે.)

---

### પ્રવેશ નવમો.

પદ્મસિંહ૦ બહાદુર મિત્રો! આપણે એ જંગલી જાનવરની શોધમાં ઘણે દૂર નીકલી આવ્યા. હવે આટલામાંજ કાંઇ આરામ કરીએ તો ઠીક.

સૈનિક૦ મહારાજ! અહીંથી થોડે દૂરજ રેવાજી વહે છે. તેના કિનારે પહોંચીને આરામ કરીએ તો ઠીક.

પદ્મ૦ તો ચલાવો એ ભણી.. પણ આ માર્ગનો કોઇ ભોમીઓ છે?

એકસૈનિ૦ હા મહારાજ! એ રસ્તો હું બરાબર જાણું છું.
(ચાલતા ચાલતાં)

એકસૈનિ૦ મહારાજ આપણે રેવાજી તો આવી પહોંચ્યા છીએ.

બીજોસૈનિ૦ પેલું દુર શું જણાય છે!

ત્રીજોસૈનિ૦ કોઇક માણુસ હોય તેમ લાગે છે.

પદ્મ૦ મંત્રી તપાસ કરો તો એ કોણ છે? (મંત્રી જાય છે.)
(નંદયંતી ખડકપર બેઠેલી છે.)

મંત્રી૦ બાઇ! આપ કોણ છો? અંહિ એકલાં કયાંથી?

નંદયંતી૦ ભાઇ તમે કોણ છો, મને જણાવશો?

મંત્રી૦ હું ભૃગુપુરના પ્રતાપી મહારાજા પદ્મસિંહનો મંત્રી છું. મૃગયાએ રમવા નિકળેલ એ મહારાજા નજીકમાંજ છે. આપ કહેશો આપ કોણ છો?

નંદ૦ ભાઇ! એ દુઃખભંજન રાજાની પાસે લઇજા. મારી બધી હકીકત તેમને જણાવીશ.
(મંત્રી નંદયંતીને લઇ આવે છે.)
(પદ્મસિંહ રાજા પડાવ નાંખીને બેઠા છે ત્યાં આવે છે. તંબુમાં તે એકલો બેઠા છે.)

પદ્મ૦ આપ કોણ છો દેવી!

નંદ૦ હું એક દુઃખનીમારી બાઇ છું.

આપનું દુઃખ જણાવવામાં હરકત ન હોય તો જણાવશો? રાજા પદ્મમસિંહ તમારૂં દુઃખ દુર કરવાની ઇચ્છા રાખે છે.

નંદયંતી૦ રાજન્! આપ મારે પિતા તુલ્ય થયા. પોતનપુરમાં શ્રીમંત શેઠ સાગરપોતની હું પુત્ર વધૂને **સમુદ્રદત્તની** પત્ની છું. સ્વામી પરદેશ જતાં શંકાથી પ્રેરાઇ સસરાએ મને જંગલમાં મૂકી દિધી છે. ત્યાંથી રખડતી રખડતી અહીં આવી છું. (રડે છે)

પદ્મ૦ પુત્રી! હવે જરાએ શોક કરીશમા. હવે તું નિર્ભય ઠેકાણે આવી પહોંચી છું. ચાલ મારા નગરથી થોડે દુર ગુરૂદેવ સેવાશ્રમ છે ત્યાં રહીને તારૂં જીવન ધન્ય કરજે. તારા જેવી સુશીલને સંસ્કારી બાઇથી એ સેવાશ્રમ પણ દીપી ઉઠશે.

નંદ૦ રાજન! આપનો મહાન ઉપકાર થયો. આપની એ ભાવનાની મારામાં લાયકાત આવો.

---


## સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો પ્રત્યે.

કૉન્ફરન્સના બંધારણ અનુસાર ચાલુ સાલ સંવત ૧૯૮૮ નો આપનો શ્રી સુકૃત ભંડાર ફંડનો ફાળો-ઓછામાં ઓછા-રૂપીઆ ૫) તુરત મોકલી આપવા વિનંતિ છે.

કાર્યવાહી સમિતિના ઠરાવ અનુસાર આ ફાળો વર્ષ શરૂ થતાં ચાર માસમાં દરેક સભાસદે ભરી આપવો જોઇએ એ જરૂરી છે. આશા છે કે આપનો ફાળો તુરતજ મોકલી આપવા ગોઠવણ કરશો.

**રણછોડભાઇ રાયચંદ ઝવેરી.**
**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.**
સ્થાનિક મહામંત્રીઓ.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂા. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂા. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂા. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂા. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂા. ૧-૮-૦ |
| જૈન ગુર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂા. ૫-૦-૦ |
| ,, ,, ,, ભાગ બીજો | રૂા. ૩-૦-૦ |

લખો:-**શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.**
૨૦, પાયધુની, મુંબઈ ૩.

जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १-२-३२.

# जैन शास्त्र में नारी का स्थान.

[ श्री० पूरणचन्दजी शामसुखा. ]

जैन शास्त्रों में नारी का स्थान क्या है इसका सम्यक् निरूपण करने में जितनी गम्भीर गवेषणा की आवश्यकता है उतनी समयाभाव से हो न सकी; तथापि सम्पादक महाशय के अनुरोध से इस विषय पर कुछ लिखा रहा हूँ।

जैन धर्म का चरम ध्येय मोक्ष है। जैन धर्मानुयायियों का चरम उद्देश्य यही है कि कर्म पुद्गलका सम्पूर्ण क्षय कर मुक्त होना-उनका जीवन इसी ध्येय को लक्ष्य करके प्रवाहित होता है। इस ध्येय की प्राप्ति एकमात्र मनुष्य जीवन में ही हो सकती है, एवं इसी कारण से मनुष्य को सर्व प्राणियों में श्रेष्ट गिना गया है। देव योनिमें सामर्थ्य, समृद्धि, भोग आदि मनुष्यों से अधिक है परन्तु मानसिक व आत्मिक उन्नति मनुष्यों में ही चरम विकाश को प्राप्त हो सकती है।

मनुष्य में प्रधानतया नर व नारी दो विभाग है। सांसारिक जीवन में नर व नारी सम्मिलित होकर जीवन संग्राममें अवतीर्ण होते है और पारस्परिक सहयोगिता से जीवन को सुखमय बनाने की चेष्टा करते हैं। पुरुष में पराक्रम, वीर्य, तेजस्विता का प्राधान्य रहता है व नारी में दया, धैर्य, दाक्षिण्य, वात्सल्यादि गुणों का प्राधान्य है। कठोर व कोमल वृत्तियों के सम्मेलन व सहयोग से सांसारिक जीवन का क्रम विकाश होता है। परन्तु आध्यात्मिक उन्नति के क्षेत्रमें नर व नारी को इस सम्मेलन की आवश्यकता नहीं है। वहां तो प्रत्येक मनुष्य को, चाहे वह पुरुष हो या नारी, अपने अपने वीर्य्य से ही आत्मिक उन्नति के पथ पर अग्रसर होना होगा। कर्म पुद्गलको दूर करने के लिये जिस आत्मिक शक्ति के स्फूरण की आवश्यकता होती है उसमें नर वा नारी का सम्मिलन साधारणतः अनुकूल नहीं होकर प्रतिकूल ही होता है। इसी कारण से आध्यात्मिक क्षेत्र में अग्रसर होनेवाले नर या नारी को पारस्परिक सहायता की आवश्यकता नहीं है।

आध्यात्मिक क्षेत्र में अग्रसर होते हुए पुरुष जैसे चरम उत्कर्षता को प्राप्त कर सकते हैं, जैन शास्त्र में स्त्री का भी उसी तरह चरम उत्कर्षता प्राप्त करने का अधिकार स्वीकार किया गया है। ज्ञान, चरित्र, तप एवं वीर्य के अपूर्व स्फूरण से जैसे पुरुष कर्ममल को दूर करके सम्पूर्ण निर्मल हो सकते है, स्त्रीयां भी उसी तरह निर्मल दशा को प्राप्त कर सकती है।

जैन शास्त्रों में तीर्थङ्करत्व ही आत्मिक उन्नति का चरम विकास समझा गया है। वर्त्तमान अवसर्पिणी में चौबीस तीर्थङ्करो में उन्नीसवें तीर्थङ्कर भगवान 'मल्लिनाथ' स्त्री ही थे। स्त्री रूपसे जन्म ग्रहण करने पर भी कर्म मल को सर्वथा दूर करके आत्म स्वभाव के पूर्ण विकाश करने की शक्ति अन्यान्य तीर्थङ्करों के न्याय उनमें भी सम्पूर्ण रूप से थी। सर्वज्ञता प्राप्त करने के बाद चतुर्विध संघ रूप तीर्थ का स्थापन अन्यान्य तीर्थङ्करों की तरह उन्होंने भी किया था और उनके शासन के नीचे पुरुष गणधर व साधु भी आत्मिक विकाश के रास्ते में अग्रसर होते थे। स्त्री तीर्थङ्कर के शासनाधीन रहने में उन्हें जरासी भी आपत्ति नहीं थी, और संघ का कार्य अन्यान्य तीर्थङ्करों के समय में जैसे निर्वाह होता था वैसेही इनके समय में भी होता था। यहां पुरुषवेद व स्त्री वेद में कोई पार्थक्य स्वीकार नहीं किया गया है-कारण उस अवस्था में पुरुष स्त्री दोनों ही निर्वेदी दशा को प्राप्त होते हैं।

प्रथम तीर्थङ्कर भगवान ऋषभदेव की माता मरुदेवी इस अवसर्पिणी में भरतक्षेत्र से मुक्ति जानेवालो में प्रथम स्थान रखती है। इस अवसर्पिणी में इस क्षेत्र से मुक्ति का रास्ता एक स्त्री ने ही खोला था यह मातृ जाति के लिये बहुतही गौरव का विषय है। जैन शास्त्रोने इस विषय का वर्णन करते समय आत्मिक चरम उत्कर्षता लाभ करने में स्त्रियों की भी उतनीही शक्ति दर्शायी है जितनी कि पुरुषों की।

राजिमती ने, भगवान नेमिनाथ के विवाह मण्डप को छोडकर प्रत्यागमन करने के बाद, सांसारिक सुखों को तिलाञ्जलि देकर संयम ग्रहण किया और कठोर तपस्या करने लगी। इनके असाधारण शारीरिक सौन्दर्य से मुग्ध होकर संयम से भ्रष्ट होते हुए रथनेमि मुनि को राजिमती ने अपने संयम व तपस्या के बल से प्रतिबोध देकर संयम में पुनः स्थापित किया। इस समय राजिमती ने जिस असामान्य संयम और चारित्र की दृढता का प्रदर्शन किया था उसकी तुलना कम ही मिलती है।

( अनुसंधान पृ. १९ पर देखें )

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGH'

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું.

તા. ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૩૨.

અંક ૪ થો.

## દેશ—વિદેશના અવનવા.

—પ્રાંતિક મતાધિકાર સમિતિમાં જૈન બાનૂ—તારાબ્હેન માણેકલાલ પ્રેમચંદ રાયચંદની સભ્ય તરીકે મુંબઇ સરકારે નિમણુંક કરી છે

—હિંદુમહાસભાનું આગામી અધિવેશન તા. ૨૫, ૨૬, ૨૭, માર્ચના રોજ દહેલીમાં થશે.

—સુરતના સ્થાનિક સત્તાવાળાઓએ ગાંધીજી, જવાહિર, વલ્લભભાઇ વગેરે દેશનેતાઓના ફોટાઓ ન વેંચવાનું ફરમાન કાઢ્યું છે તે માટે કેટલાક વેપારીઓને નોટીસ પણ મોકલાઇ છે.

—ગોળમેજી પરિષદ્ વખતે ગાંધીજીનાં રક્ષણ માટે રોકવામાં આવેલા બે પોલીસ અમલદારો પાછળ લગભગ ૩૦૦ પાઉંડનો ખરચ થયો હતો.

—બંગાલમાં લગભગ ૪૩૪ સંસ્થાઓ ગેરકાયદેસર ઠરાવવામાં આવી છે.

—ગવાલીઅર સ્ટેટમાં 'જૈન ઍસોસિએશન' નામક સંસ્થા સ્થાપિત કરવામાં આવી છે. દિગંબર, શ્વેતાંબર અને સ્થાનકવાસીઓ—એ ત્રણે ફિરકાઓ શામેળ છે. પ્રમુખ તરીકે શ્રી ઋદ્ધરાજજી (શ્વે૦) ની ચુંટણી થઈ છે.

સોલાપુરમાં 'ખાદી ભંડાર' ગેરકાયદેસર ઠરવાવામાં આવેલ છે.

—મુંબઇના સ્વદેશી માર્કેટ ઉપર પોલીસે દરોરો પાડી કેટલાકોને પકડયા છે

—ધ્રાંગધ્રા સત્યાગ્રહનો અંત આવવાથી ધ્રાંગધ્રા તેમજ બહારના કેદીઓને છોડી મૂકવામાં આવ્યા છે.

—શસ્ત્ર બંધી પરિષદ જીનીવામાં સોવીએટ રશીયાના પ્રતિનિધિ મૉલિટ વિનોફે જણાવ્યું હતું કે બીજા રાજ્યો—ખાસ કરીને રશીયાના સરહદપદનાં રાજ્યો જે પ્રમાણમાં પોતાના કાફલામાં ઘટાડો કરશે તેજ પ્રમાણમાં ઘટાડો કરવા સોવીએટ સરકાર તૈયાર છે. બેલજીયમના ડેલીગેટ બ્રિટીશ અને અમેરીકન સૂચનાઓ સાથે એકમત થયા હતા અને તેમણે ફ્રેન્ચ સૂચનાને આવકાર આપ્યો હતો.

—માસ્ટર કૉટન સ્પીનર્સ એસોસિએશન સંઘના વાર્ષિક અહેવાલમાં જણાવવામાં આવે છે કે "આપણે માલ ઉત્પન્ન કરવાના ખર્ચમાં જ્યાં સુધી એ રીતે ઘટાડો કરવામાં ન આવે કે જેથી તે માલ દુન્યાની બજારોમાં હરિફાઇમાં ઉભી રહી શકે ત્યાં સુધી આપણે વેપારમાં વધુ અને વધુ થતી નુકસાનીનો સામનો કરવો પડશે." હિંદમાંની મુશ્કેલીઓએ ત્યાંના મોટા બજારને વધતે ઓછે ખોરવી નાંખ્યું છે. માલ ઉત્પન્નની શક્તિ કયાં કયાં ૫૦ ટકા જેટલે નીચી ગઇ છે. સોનાનું ધોરણ પડતું મેલાવા પછીથી જે મોટી તેજી જણાઇ હતી તે કમનસીબે ટકી રહી નથી.

—નામદાર શહેનશાહે હિંદી પ્રધાન સર સેમ્યુઅલ હોરને પોતાની મુલાકાતનું માન આપ્યું હતું અને હિંદી પરિસ્થિતિ બાબે લંબાણથી વાતચીત ચલાવી હતી.

—ગોળમેજી પરિષદની પહેલી બેઠકનો ખર્ચ ૪૭૨૨૮) પાઉંડ થયો હતો અને બીજી બેઠકનો ખર્ચ ૫૯૦૦૦) પાઉંડ થવા સંભવ છે એમ સેમ્યુઅલ હોરે જણાવ્યું છે.

—મુંબઈ બાર કાઉંસિલના એક સભાસદ તરીકે જાણીતા જૈન ધારાશાસ્ત્રી શ્રી મકનજી જે. મહેતાની ચુંટણી થઇ છે.

---

### ક્યારે બહાર પડશે?

તંત્રીજી "જૈન યુગ"

'જૈન તીર્થોના સચિત્ર ઇતિહાસ" નામક ગ્રંથ માટે શ્રી નાથાલાલ છગનલાલ પાલણપુરવાળા તરફથી ચારેક વર્ષ અગાઉ ડિપોઝિટ રકમ તરીકે રૂા. ૫) ઘણા ગ્રાહકો પાસેથી લેવામાં આવ્યા બાદ હજુ સુધી તે ગ્રંથ પ્રકટ થવા સંબંધે કંઇ પણ સમાચાર નથી. આ સંબંધે જાહેરમાં ખુલાસો મળવાની આશાએ આ સમાચાર પ્રકટ કરવા આપને વિનંતિ છે.

લિ૦ "તે ગ્રંથ માટે ડિપોઝિટ આપનાર એક ગ્રાહક."

**उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થઃ-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.
તા. ૧૫-૨-૩૨ સોમવાર

# આપણું આધુનિક વ્યાપારી જીવન.

જૈન કોમ એ મુખ્યત્વે વ્યાપારી કોમ છે, વ્યાપાર ઉપરજ નભનાર અને વ્યાપારને સીધી અને આડકતરી રીતે પોષણ આપનારી કોમ તરીકે પોતાનું સ્થાન હજુ સુધી જાળવી શકી છે એ બિના જાણીતી છે. મ્હોટે ભાગે જૈનો અનેક પ્રકારના નાના મ્હોટા ધંધાઓ અને વેપાર વડે પોતાનું જીવન ગુજારે છે અને સ્વશક્તિ અનુસાર દ્રવ્ય મેળવે છે અને ખર્ચ પણ કરે છે. વ્યાપારી કુનેહ અને સખાવતો આ બન્ને બાબતમાં અગ્રસ્થાન થોડે ઘણે અંશે પણ કોમ ધરાવતી આવી છે અને વર્તમાન કાળમાં પણ ઘણા વિપરીત સંજોગો વચ્ચે પછાત પડવા છતાં કેટલેક અંશે સમગ્રદૃષ્ટિએ નિહાળતાં વ્યાપારી દૃષ્ટિ અને કુનેહનો પરાપૂર્વનો ચાલતો આવેલો વારસો હજુ જળવાઇ રહ્યો છે. છતાં હવે સમય આવી લાગ્યો છે કે જ્યારે ડાહ્યા પુરૂષોએ આ બાબતમાં પુખ્તપણે વિચાર કરી વ્યાપારી ક્ષેત્રમાં આપણું પૂર્વસ્થાન પુનઃ પ્રાપ્ત કરવા મથવું જોઇએ.

**આ**પણા હાથમાં રહેલા ધંધાઓ-વેપાર આદિ આપણે સંભાળી રહ્યા છીએ તે સાથે પૂર્વનું આપણું તે તે ક્ષેત્રોમાં રહેલું સ્થાન વિચારીએ તો અલબત આપણે એ ક્ષેત્રોમાં ઘણું ગુમાવ્યું છે-ગુમાવતા આવ્યા છીએ એમ જણાયા વિના રહે તેમ નથી; તેમ છતાં વ્યાપારી કોમ તરીકે ગુમાવેલું પુનઃ મેળવવામાં આપણી નિરાશા જરા પણ આડે આવે એવા આપણે સત્વહીન બની ગયા છીએ એમ માનવા કારણ નથી.

**આ**ધુનિક પરિસ્થિતિનો વિચાર કરતાં વેપાર ધંધાની દિશા ઘણે અંશે બદલાઇ છે અને તે સંબંધેજ પ્રથમ વિચાર કરવો ઉચિત ગણાય. આપણા વેપાર ધંધાની હાલની દિશા વિચારીએ તો સહજ બુદ્ધિગમ્ય ઘટના છે કે જે વેપાર આપણા હાથમાં થોડે અંશે પણ છે તે ખરો-શુદ્ધ વેપાર નથી. આપણે ખરા વેપારી મટીને માત્ર આડતીયા, દલાલ બની કોલસાની દલાલીજ કરી રહ્યા છીએ એટલે હાથકાળા કરવા ઉપરાંત વિશેષ નફો મેળવી શકતા નથી તેમ ખરા વેપારને ટેકો પ્રોત્સાહન આપી શકતા નથી, જેને પરિણામે આપણા વેપારથી માત્ર આપણે પોતાનું-પોતાના કુટુંબ પરિવારનુંજ પોષણ કરવા ઉપરાંત કદાચ વધારે મેળવવા ભાગ્યશાલી બનીએ તો બે પાંચ આશ્રિત જનોનું ભલું કરી શકીએ તેમ છીએ. અને એટલેથીજ સંતોષ પકડવો પડે એ સ્થિતિ કરતાં વધારે આપણી પાસે કશું સાધન નથી. આવી રીતે જીવન નિર્વાહ ચલાવનાર વર્ગ ઉપરાંત વાયદાના-સટ્ટાનો વેપાર પણ દેશભરમાં ઘણો વધી પડયો છે કે જેના સામે થોડા દિવસો પૂર્વે શ્રી. મણીલાલ કોઠારીએ આપણા કેટલાક બંધુઓ કે જે આપણી કૉન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટીની ગત બેઠકમાં હાજર હતા તેઓ સમક્ષ સખ્ત ભાષામાં પોતાના વિચારો જણાવ્યા હતાં.

**આ**વી જાતના ધંધાઓ વડે આપણે આપણી જાતને કોમને ક્યાં સુધી ટકાવી રાખશું તે વિચારવા જેવી બિના છે.

વર્તમાન વ્યાપારી સ્થિતિ તપાસતાં આપણે જોઇએ છીએ કે આપણા વિદ્યમાન ધંધા ઉદ્યોગનો દેશ વિદેશ સાથે સંબંધ છે અને તેમાં આપણે માત્ર તળેટીના છેલ્લા પગથીએ ઉભા ઉભા જમીન ઉપરના વસનારાઓને માલ પહોંચતો કરીએ છીએ અગર આપણા કરતા એક પગથીઉં ઉપર ઉભેલાને પહોંચાડીએ છીએ. આનો અર્થ એજ કે આપણી પાસે ખરો ઉદ્યોગ નથી, ખરો વેપાર નથી અને તેથી ચાલુ રાજકીય વાતાવરણમાં આપણા વ્યાપાર ધંધા લગભગ ખોર-વાઇ ગયા છે એ સ્થીતિ દરેક વેપારી અનુભવી રહ્યો હોય તો તેમાં આશ્ચર્ય નથી.

**સ્થા**નિક વેપારી બજારો મ્હોટે ભાગે અમેરિકા, યુરોપાદિ દેશો સાથે સંકલિત હોવાના કારણે પ્રતિક્ષણ અમેરિકાનો 'ક્રોસ' અને ન્યુયોર્કના 'શીયર' ની ફાટે ડોળે આપણા વ્યાપારી વર્ગને રાહ જોઇ બેસી રહેવા ફરજ પડે છે એ સ્થિતિ દુન્યાની બજારો સાથે વ્યવહાર રાખવા માટે જરૂર અનિવાર્ય છે છતાં પણ આપણો મ્હોટો વર્ગ અન્ય દેશોના વ્યાપાર ઉપરાંત દેશમાં નાના મોટા ગૃહ ઉદ્યોગોની ખિલવણી પરત્વે ધ્યાન આપે તો તેઓ માટે હજુ ક્ષેત્ર અણખેડાયેલું છે અને તેમ કરવાથી દેશના ચાલુ વ્યાપાર ઉદ્યોગ અને હુન્નર કલાને ઘણું પોષણ આપણા બંધુઓ આપી દ્રવ્યોપાર્જન કરી શકે અને આપણા અનેક સ્વધર્મી બંધુઓ જેઓ ધંધા રોજગાર વિના રખડતા હોય તેમને ધંધે લગાડી શકે તેમ છે.

**આ** દિશામાં અન્ય કોમના સાહસિક વેપારીઓ પોતાની નજર દોડાવવા લાગ્યા છે છતાં ઘણા ધંધા ઉદ્યોગો છે કે જેને ખિલવવાથી બીજાઓ ઉપર આધાર રાખ્યા વિના આપણે આપણું ક્ષેત્ર સંભાળી શકીએ.

**આ**વા કાર્યોમાં મુખ્યતયા મુડીની જરૂરીયાત રહે અને તેથીજ આપણો શ્રીમન્ત વર્ગ 'કોલસાની દલાલી' જેવા વેપાર ઉદ્યોગને બદલે અગર તે સાથે પણ હુન્નર-કલા અને નાના મ્હોટા ગૃહ-ઉદ્યોગો પરત્વે લક્ષ આપે તે તે બાબતોમાં વિચાર કરી જ્ઞાન મેળવે, તે તે વિષયોમાં નિષ્ણાતો હોય તેની મદદ, બુદ્ધિનો લાભ લેવા તૈયાર થાય તો આપણા ધંધા વિના રખડતા સ્વધર્મી બંધુઓ પૈકી ઘણાઓને સન્માર્ગે દોરી શકે તેવો દરેક સંભવ છે, અને તેથી દેશના હુન્નર ઉદ્યોગની ખિલવણીમાં પોતાની લક્ષ્મીનો સદુપયોગ પણ થશે.

# જૈનોદયનો માર્ગ.

(લેખક સદ્‌ગત યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી.)

હિન્દુસ્થાનમાં ખ્રીસ્તીઓના પંથની સંખ્યા લગભગ અઠ્ઠાવીસ લાખની થઇ અને જૈનોની સંખ્યા ઘટીને તેર લાખની રહી. આ ઉપરથી જૈનોએ વિચારવું જોઇએ કે ખ્રીસ્તી ધર્મના ગુરૂઓ ધર્મ પ્રવર્તાવવાની જે જે વ્યવસ્થાપૂર્વક યોજનાઓ ઘડીને તે સદા ચાલુ રહે એવાં જીવનસૂત્રોને પ્રગટાવી અમલમાં મૂકી પ્રવર્તે છે તે પ્રમાણે જૈન કોમમાં ચતુર્વિધ સંઘ હોવા છતાં ધર્મપ્રવર્તકપણાની અને ધર્મસંરક્ષપણાની તેવી જૈન શાસ્ત્રોના આધારે દેશકાલાનુસારે યોજનાઓ નથી ઘડાતી તેનું કારણ પ્રમાદ, કુસંપ, સંકુચિતદૃષ્ટિ અને ધર્માભિમાન પણાની લાગણીનો અભાવ ઇત્યાદિ કારણો અવબોધવાં. મુસલ્માન કોમમાં એક પંથના ઉપરી આગાખાને પોતાની મહત્તાની સાથે પોતાના વર્ગની મહત્તા વધારવામાં કેટલી બધી પ્રગતિ કરી છે તેની તપાસ કરો. આપણી જૈન કોમમાં આચાર્યો, ઉપાધ્યાયો, પ્રવર્તકો સાધુઓ સાધ્વીઓ અને શ્રાવકો છે છતાં તેઓ મુખ્ય સૂરિઓની સાથે પરસ્પર ધાર્મિક વ્યવસ્થાઓની યોજનાઓથી એક બીજાની સાથે સાંકલના અંકોડાની પેઠે બંધાઇને વ્યવસ્થાપૂર્વક કાર્ય કર્યા વિના પ્રગતિને બદલે અધોગતિ થઇ છે હજી આંખ ઉઘાડીને પરસ્પર એક બીજાની સાથે યોજનાઓના કાયદાઓથી બંધાઈ–મળીને કાર્ય નહિ કરે તો ભવિષ્યમાં ભયંકર–ખરાબ પરિણામ આવશે અને તેનું પાપ ખરેખર વર્તમાન–વિદ્યમાન સંઘના શિરે લાગશે.

એક એકડાની સાથે બીજો એકડો મળે તો અગિયાર થાય. તાત્પર્યાર્થ એ છે કે બે એકડા સંપીને ભેગા થાય તો તેનું અગિયાર ગણું બળ પ્રવર્તે છે, તેમ જૈનાચાર્યો ઉદાર વિચારાચારથી પરસ્પર મળે અને પરસ્પર સંપીને પરસ્પર કાર્યો કરવાની યોજનાઓ ઘડે, અને તે યોજના સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓના બહુમતે પસાર થાય, અને તે ધાર્મિક પ્રગતિની યોજનાઓના કાયદાઓને પ્રભુની પેઠે માન આપી આચાર્યો આદિ સર્વે સ્વાધિકાર પ્રમાણે વર્તે, તો જૈનોની પ્રગતિ થાય. સાધુઓ અને સાધ્વીઓના ઉત્સર્ગ અને અપવાદથી આચારો અને વિચારોનાં બંધારણો, આગમો અને પૂર્વાચાર્યોના ગ્રંથોમાંથી મળી આવે છે, દેશકાલાનુસારે શ્રી આનંદવિમલ સૂરિના સમયમાં, શ્રી વિજયસેન સૂરિના સમયમાં અને શ્રી સત્યવિજયજી પન્યાસના સમયમાં સાધુઓ અને સાધ્વીઓના આચારો સંબંધી બોલ રૂપ કેટલાક નિયમો ઘડાયા છે. શ્રાવકો અને શ્રાવિકાઓના ધર્મ વર્તનનાં બંધારણો આગમો અને ગ્રંથોમાંથી મળી આવે છે. ચતુર્વિધ સંઘના બંધારણના કાયદાઓ ક્યાં ક્યાં છે તેની ફરીયાદ વારંવાર થયા કરે છે. આગમો અને પૂર્વાચાર્યોએ રચેલા ગ્રંથોમાથી જે જે ચતુર્વિધ સંઘની વ્યવસ્થાનાં બંધારણો મળી આવે તે એકઠાં કરવાની જરૂર છે. વર્તમાન કાળમાં વિદ્યમાન સાધુઓ, સાધ્વીઓ, શ્રાવક, શ્રાવિકાઓએ એકઠા મળી ભૂતકાળમાંથી મળી આવેલાં ચતુર્વિધ સંઘનાં બંધારણો સંબંધી ઉહાપોહ કરી તેમાં દેશકાલાનુસારે સુધારો–વધારો કરવો અને ઉત્તમ અગ્રગણ્ય માન્ય શ્રાવકો અને શ્રાવિકાઓની સમ્મતિપૂર્વક બહાર પાડવાં. જ્યારે ચતુર્વિધ સઘનાં બંધારણના કાયદાઓને જૈન કોમ સમજતી થશે અને તેનાં પ્રત્યેક બંધારણના કાયદા સંબંધી ન્યાયપૂર્વક દેશકાલાનુસાર ઘણી ચર્ચાઓ ચાલશે ત્યારે જૈન કોમમાં જાગૃતિ આવશે અને પશ્ચાત ગચ્છ, સંઘ અને ચતુર્વિધ સંઘની બેઠકો ભરવામાં આવશે. ત્યારે જૈનધર્મ રાજ્યના દરેક અંગની અને ઉપાંગની સુવ્યવસ્થાપૂર્વક પ્રગતિ થશે. આચાર્યોનું ઉત્તમાંગ પૂર્ણ તાજું અને સુવ્યવસ્થિત થયા વિના તથા જૈનાચાર્યોમાં પરસ્પર અમુક બંધારણોએ સુલેહ સંપ થયા વિના જૈન સંઘનું બંધારણ સુવ્યવસ્થિત થવાનું શક્ય નથી. ૐ શાંતિ !

સંશોધક–વીરેશ.

## सभासदोंको आवश्यक सूचना.

आप कॉन्फरन्स की स्टेन्डिंग कमिटी के सभासद हैं यह आपको विदित ही है. बंधारण–नियमानुसार सभासदको प्रतिवर्ष कमसे कम रूपै पांच सुकृत भंडार फंडमे देना चाहिए. आपके तरफसे उक्त रकम हमे मिली न हो तो निवेदन है कि:–

कार्यवाहक समिति के निर्णयानुसार यह रकम दिवाली से चार मास तक के अर्से मे आ जानी चाहिए. उपरोक्त ठराव मुजब चालु मास के अखिर तक मे आपका चंदा मिलजाना चाहिए.

कमिटी के मेम्बरको जैन युग बिना उपहार भेजा जाता है. हमे आशा है कि इसके प्राप्त होने पर आप अवश्य चंदे मे कमसे कम पांच रूपै भेज कर अनुगृहित करेंगे.

लि० श्री संघ सेवक,
**रणछोडभाई रायचंद झवेरी,**
**मोहनलाल भगवानदास झवेरी,**
स्थानिक महामंत्री.

# કુડચી કાંડ.

કુડચી (બેલગામ) માં મુસલમાનો તરફથી થયેલા ત્રાસની વિગત દર્શાવનાર જૈન પંચ કુડચીનો તાર મુંબઈમાં તા. ૨૭-૧-૩૨ ના રોજ મલ્યો હતો જેની નકલ અમોને દિ૦ જૈન યુવક મંડળ તરફથી મળતાં બેલગામના કલેકટરને જે તાર કરવામાં આવ્યો છે તે અત્ર આપીએ છીએ.

**કૉન્ફરન્સ તરફથી કરવામાં આવેલ તાર તા. ૩-૨-૩૨.**

To, The Collector, Belgaum.

"Informed that Kudchi Jains laying temple foundation molested by mohammadans. Request immediate inquiry and protcetion. All India Jain Conference Pydhoni."

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

— લેખક —
ધીરજલાલ ટી. શાહ.

— પાત્ર પરિચય —

સાગરપોત: પોતનપુર બંદરનો ધનાઢ્ય વેપારી.
સમુદ્રદત્ત: સાગરપોતનો પુત્ર
સહદેવ: સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળ: સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહ: ભ્રગુપુરનો રાજા
કુલપતિ: સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મી: સમુદ્રદત્તની માતા
નંદયંતી: સમુદ્રદત્તની પત્ની
મનોરમા: સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિ: સેવાશ્રમની સાધ્વી
ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

(ગતાંકથી ચાલુ)

## અંક ત્રીજો.

### પ્રવેશ પહેલો.

(સાગરપોત ને સમુદ્રદત્ત વાત કરી રહ્યા છે.) (પોતનપુરમાં પોતાનો મહેલ. સમય રાત્રી.)

સમુદ્રદત્ત૦ (વાત સાંભલી ને ચકિત થતાં) શું કહો છો પિતાજી! અરરર! એ બીચારી તદ્દન નિર્દોષ હતી. હું વહાણ પરથી છાનોમાનો આવી તેને મળ્યો હતો. તે હાલ ક્યાં હશે?

સાગરપોત૦ (વિલખો પડી જઇને) તે કેમ કહી શકાય! મને તો લાગે છે કે તે રખડી રવડીને મરી ગઇ હશે!

સમુદ્ર૦ પિતાજી, પણ આપે એને કંઇ ખુલાસો કરવાની તક પણ ન આપી?

સાગર૦ બેટા! જે થયું તે ખરૂં. મને કુબુદ્ધિએ ભમાવ્યો.

સમુદ્ર૦ પિતાજી! હવે આ મહેલ મસાણ સમા લાગશે ને મિષ્ટાન્ન ઝેર સમું લાગશે. મારાથી એને શોધ્યા સિવાય હવે અહીં નજ રહી શકાય.

લક્ષ્મી૦ પણ તું કેટલી દૂરની સફર કરીને આવ્યો છું. થોડા દિવસ આરામ લે ત્યાં સુધીમાં એને શોધવાની બધી વ્યવસ્થા કરીશું.

સમુદ્ર૦ માતાજી! આપ શું બોલો છો! એક નિર્દોષ નારી જંગલમાં રખડતી રવડતી ટળવળે ને હું અહીં આરામ કરૂં! મારાથી એ નહિ બને.

સાગર૦ પણ તું કોઇ નગરજનોને પણ હજી મળ્યો નથી.

સમુદ્ર૦ હવે મળવાની જરૂર પણ નથી. પિતાજી હું સહદેવ પાસે જઉં છું.

લક્ષ્મી૦ પણ બેટા એકાએક આમજ!

સમુદ્ર૦ માતાજી શું કરૂં? મને એમ કરવાની ફરજ પડે છે. (તે ચાલ્યો જાય છે)

(સહદેવ મનોરમા સાથે બેઠો બેઠો પ્રેમગોષ્ઠ કરે છે.)

સહદેવ૦ મનોરમા! ઘરના સુખની ખરી કિમ્મત પણ પ્રવાસ પછીજ સમજાય છે.

મનોરમા૦ અમે તો ત્યાં યાદ પણ નહીં આવતાં હોઇએ!

સહદેવ૦ શું તું એમ માને છે! મનોરમા એક પણ દિવસ એવો ગયો નથી કે તને અને નંદયંતીને ન સંભાર્યા હોય!

(ખટ......ખટ......ખટ......બારણું ખખડે છે.)

સહદેવ૦ કોણ?

સહદેવ! બારણું ઉઘાડ.

સહદેવ૦ કોણ! સમુદ્રદત્ત? અત્યારે ક્યાંથી?

(ઉભો થઇ જલ્દી બારણું ઉઘાડે છે.)

સમુદ્ર૦ સહદેવ! મારા માત પિતાએ ગજબ કર્યો છે. નંદયંતીને જંગલમાં મૂકી આવ્યા છે.

સહદેવ૦ શું કહે છે સમુદ્રદત્ત! કંઇ સાંભળવામાં ફેર થયો હશે?

મનોર૦ અરે! લક્ષ્મી કાકી તો કહેતાં હતાં કે તે પીયર છે!

સમુદ્ર૦ એ બધી વાત જુઠ્ઠી. તે બિચારી અત્યારે ક્યાં હશે! સહદેવ, હું તો તેને શોધવા પ્રયત્નમાં નિકલી જાઉં છું.

મનોર૦ હાય! હાય!! માણસ જેવા માણસ થઇને કાકા કાકીને આ શું સુઝયું! મને પણ અંધારામાંજ રાખી!

સહદેવ૦ સમુદ્રદત્ત! હું પણ તારી સાથેજ આવીશ.

સમુદ્ર૦ નહિં-સહદેવ મનોરમાને ખુબ માઠું લાગે. એ બિચારીને હવે વધારે દુઃખ શા માટે આપવું!

મનોર૦ સમુદ્રદત્ત! તમે મારૂં અપમાન કરો છો હો! નંદયંતી તો મારી વ્હાલી બેનડી જેવી હતી. અહા તેનું બિચારીનું હેત! હું તો તમારા ભાઇબંધને અત્યારેજ તમારી સાથે મોકલું છું. એમ સમજીશ કે એ વર્ષ પ્રવાસેથી મોડા આવ્યા હતા.

સમુદ્ર૦ મનોરમા! તમારાં હૃદય આટલાં મહાન હશે તેનો ખ્યાલ અમને અત્યાર સુધી કેમ ન આવ્યો! તમારી સહનશીલતાને-તમારા સ્નેહને ધન્ય છે! મનોરમા! પણ હું ઇચ્છું છું કે સહદેવ ભલે અહીં રહે.

સહદેવ૦ સમુદ્રદત્ત! મહેરબાની કરીને તારી વાત બંધ કર. તું આમ પરદેશ નિકલી પડ ને હું અહીં ઘેર બેસી રહીશ! તે કદી નહિ બને. હું પણ પ્રભાતે તૈયાર થઇશ.

મનોર૦ બિચારી નિર્દોષ નંદયંતી! વિના વાંકે કેવી સખત શિક્ષા! અરે રે તે હવે જીવતી હશે?

સમુદ્ર૦ (આંખમાં આંસુ લાવીને) ભાભી! જો તે જીવતી હશે તોજ હું પાછો આવીશ. નહિતર આ છેલ્લા મેળાપ સમજજો.

મનોર૦ ભાઇ એટલા નિરાશ ન થજો. મ્હારૂં હૃદય ઉંડાણમાંથી બોલે છે કે તેનું શીલ જોતાં તેને જરાયે આંચ ન આવે. તમારા સિવાય અન્યનો એ બિચારીએ કદી વિચાર પણ કર્યો નથી. (સમુદ્રદત્ત જાય છે.)

# સુધારણા.

સુધારણાના નામથી ભાગનારા જૈન ધર્મનું સાચું સ્વરૂપ સમજ્યા નથી એમ કહેવામાં અતિશયોક્તિ જેવું નથીજ. દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવપર જે વજન જૈન દર્શનમાં મુકાયેલું છે એ એક પ્રકારની સુધારણા પરત્વેનું વળણ સુચવે છે. દ્રવ્ય કાયમ રહેવાનું છતાં પર્યાય તો અવશ્ય બદલાવાના. એ બદલાતી સ્થિતિ અથવા તો થતું પરિવર્તન એજ આપણી સુધારણા.

રૂઢિચુસ્તો જ્યારે પકડેલ ચીલામાંથી તશુ માત્ર ખસવા ના પાડે છે અને ક્રાંતિના ઉપાસકો જ્યારે એકદમ તોડફોડ કરી નવું સર્જન કરવાના સ્વપ્ના સેવે છે; ત્યારે સુધારકો ઉભય વચ્ચેનું અંતર કાપવાના પ્રયાસ કરી વર્તમાન કાળને અનુરૂપ જે ચણતર ચણે છે એનું નામજ સુધારણા. એમાં ભૂતકાળનો ખપ પુરતો ઉપયોગ અને અનુભવ તો અવશ્ય હોયજ, એ સાથે ભવિષ્યકાળમાં આપવાના રૂપાંતરની ઓછી રેખાઓ અને અભિલાષાના છાંટણા પણ ખરાજ. તાત્પર્ય એજ કે સુધારણા એ કોઇ જાતની ભડકામણી દશા નથી પણ તંદુરસ્તીપણાની અવસ્થા છે. એ સામે ડોળા રાતા કરનાર કે અડચણો ઉભી કરનાર માત્ર અજ્ઞાનતામાંજ રમણ કરે છે. એ સ્વાભાવિક સ્થિતિ હોવાથી ગમે તેવા પ્રત્યાઘાતો ને અવગણીને પણ તેની ગતિ તો જરાપણ સ્ખલના પામ્યા વગર ચાલુજ રહે છે.

ચાહે તો ધાર્મિક ક્રિયાઓ હોય, કિંવા સામાજિક પ્રથાઓ હોય, ચાહે તો આર્થિક આંટીઘુંટીઓના પ્રશ્નો હોય, અથવા તો રાજકીય પરિસ્થિતિ સમ્બંધેના અટપટા સવાલો હોય; એ દરેકમાં સુધારણા પગદંડો અવશ્ય હોયજ. મનુષ્ય સ્વભાવજ એવો વિચિત્ર છે કે એકને એક સ્થિતિમાં પડયા રહેવામાં એ આનંદ અનુભવી શકતો નથી. સમયના પળટા સાથે એને પણ અમુક ફેરફાર કરવાનું ઈષ્ટ લાગે છે. વળી એ પણ સનાતન સત્ય છે કે ગમે તેવા સારા રિવાજો કે એકાંત આત્મોન્નતિ અર્થે અંકાયેલી ક્રિયાઓ પણ વખતના વહેવા સાથે જરૂર કંઇને કંઇ વિકૃત્તિ પામતીજ જાય છે. જેમ બીજી ચીજો કાટ કે કચરાનો ભોગ બને છે તેમ આના પર પણ આવરણોના બોજા ફરી વળે છે. એથી ક્રમશઃ મૂળ સ્વરૂપ ભુલાતું જાય છે અને કેટલીક વારતો આખી સ્થિતિજ ઉલટાઇ ગયેલી નજરે આવે છે. કયો પ્રાજ્ઞપુરૂષ આવી રીતે વિકળતા પામેલી ક્રિયા કે રૂઢિને પ્રભુ કે પૂર્વજોના નામે ધપાવે રાખવાનું કહી શકે? આટલી વિસ્તૃત વ્યાખ્યા પછી આપણે જે વિચારવાનું છે તે એ છે કે જૈનધર્મને અગર તો જૈન સમાજને આવા પ્રકારની કંઇ વળગણાઓ ચોંટી છે કે નહીં? પ્રભુ શ્રી વીરના સાચા સંતાન તરિકે આપણું કર્તવ્ય તો એજ હોઇ શકે કે જો આવી વળગણાઓ દૃષ્ટિ ગોચર થાય તો એ સર્વને જડમૂળથી ઉખેડી ફગોટી દેવી. આમ કર્યા સિવાય સાચા સ્વરૂપની ઝાંખી અસંભવિત ગણાય.

જરા આપણા સાત ક્ષેત્ર તરફ નજર કરીએ. એમાં તો કોઇને વાંધો નથી કે એનો નિર્દેશ શ્રી તીર્થંકરદેવ દ્વારા થયો છે. છતાં એ સર્વની આજે જે સ્થિતિ નજરે ચઢે છે તે તો નજ ચલાવી લેવાય. પુરાતન સાથે એનો મેળ બેસાડતાં હૃદય કબુલ કરે છે કે એમાં કેટલાયે ગાબડા પડયા છે અને ઘણીયે ઉલટા સુલટી ઉભદ્દી છે. વળી હાસ્યજનક વાતતો એ છે કે આપણે ઉક્ત સાત ક્ષેત્રોના સ્થાને આજે સતાવીસ બનાવી દીધા છે, અને એ દરેક ઉપર એવાતો ડશીલા નાગ ગોઠવ્યા છે કે જ્યાં એકમાંથી રાતો સવાકો બીજામાં લઇ જવાની વાત આવે કે તે ફુંફાટા મારી ઉઠે છે. અરે! કેટલીક વેળા તો એવું બને છે કે 'કુતરાના રોટલા ખાતે સારી રકમ જમે હોવા છતાં કબુતર બિચારા જાર વિના ટળવળે છે! અને અંખડ દીવામાં ઘી કોડિયાની કિનાર વટાવી જતું હોવા છતાં પ્રભુમૂર્તિના અંગપર લૂછવા સારૂ સ્વચ્છ અંગલૂહણુ જડતુ પણ નથી! એમાં જો મારાપણાનો ચેપ લાગ્યો તો જે સ્થિતિ ઉપસ્થિત થાય છે તે વર્ણવી જાય તેમ નથી. પછી તો પ્રભુના નામે તેમનાજ પુત્રો કોરટોના બારણા ઠોકવા મંડી પડે છે અને જે સત્ય આ દેવાધિદેવની ભક્તિમાંથી ન જોઈ શકાયુ તે જગતના કાઝી પાસેથી મેળવવાના ફાંફાં મારે છે!

આ વધુ શાથી થયું? તો જવાબ તુર્તજ મળે તેમ છે અને તે એજ કે મૂળ પ્રણેતાના શબ્દોને સમજ્યા વગર હાંકયે રાખ્યું તેથીજ એ મહાપુરૂષોએ શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર પર વધારે ભાર મૂકી સ્પષ્ટ જણાવ્યું કે એની સારી દશા સિવાય બાકીના પાંચ શોષાઇ જવાના; ત્યારે આપણે એવોજ અર્થ તારવ્યો કે એ છેવટના એટલે આગળના ક્ષેત્રોમાં ખરચતાં ધન બચે તોજ એમાં વાપરવું નહિં તો કંઇ નહિ. આથી એકમાં ખપ કરતાં વધારે સંચિત થયું જ્યારે જેમાં ખાસ અગત્ય હતી ત્યાં વાખા પડયા. પ્રભુશ્રીએ બાપોકાર જાહેર કરેલું છે કે 'જે કાળે જે ક્ષેત્ર સીદાતુ હોય તે કાળે તેમાં દ્રવ્ય ખર્ચવું એજ મહત્ પુન્યનું કામ છે છતાં આપણે એ વાતને કેટલી હદે ગળે ઉતારી શકયા છીએ તે માટે શું કહેવાની જરૂર છે? સંખ્યાબંધ ખાતાઓ અને જાત જાતના વિધિ-નિષેધો જોઇ ધન ખરચનાર આત્મા વમળમાં અટવાયા કરે એવી સ્થિતિ આપણે ઉભી કરી છે. અરે કોઇક ધર્મના ઇજાર-દારો તો શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રનો એકડોજ ભુસી વાળે છે! એને સંસારવૃદ્ધિનું કારણ દેખાડી એ પર ઠંડુ પાણી રેડતા પણ અચકાતા નથી! આ શું ઓછું અફસોસ જનક છે!

આ શોચનીય પરિસ્થિતિ કરનારા આપણા સિવાય અન્ય કોઈ નથી. સમય પુરતી સુધારણા કરવામાં સેવેલા પ્રમાદનું આ ફળ છે. જે કાર્ય સાતથી સરી શકે તેમ હતું તે માટે વગર વિચાર્યે આપણે સત્તાવીસ ઉભા કીધા અને તેથી એવી દશા પેદા કરી કે આપણા એક પણ ખાતામાં ભાગ્યેજ ત્રુટિ ન રહેતી હોય. આ સિવાય વપરાશ અને વ્યય સંબંધી અગર તો જે પ્રમાણમાં ખરચાય તે પ્રમાણમાં ફળ બેસે છે કે નહીં ઇત્યાદિ વિષય પરત્વે તો ઘણું કહી શકાય. આપણે તો ભૂલ્યા ત્યાંથી સવાર માની મૂળ તરફ જવાની વિચારણા કરવાની છે. એ શોધ્યા વિના હાલની ગુંચવાયલી દશાનો ઉકેલ લાધે તેમ નથીજ. તેથી સુધારણા માટે ડગ ભરવા એ આપણુ સૌ કોઇનો ધર્મ રહ્યો. છતાં યુવક હૃદય તો એમાં જરૂર ઝંપલાવે.

લેખક,
'ચોકસી.'

# સમયના સૂર.

<u>પ્રણાલિકાવાદ અને યુવક માનસ:</u>—સત્ય એક છે, અવિચળ છે, સનાતન છે અને એજ સત્યના તેજ-પુંજે સમાજ-ધર્મ અને જગત્ અવલંબે છે-અવલંબી રહ્યું છે, એનો કોઇથી વિરોધ કરી શકાય તેમ નથી. છતાં આજે વિસમી સદીના વિજ્ઞાન યુગમાં આવાં નર્યાં સત્યોને પણ સત્ય તરીકે ઓળખ્યા-પિછાણ્યા સિવાય બુદ્ધિની તીવ્ર કસોટીએ ચડાવ્યા સિવાય ગળી જવાને ઘણાજ ઓછા તૈયાર હોય છે. બુદ્ધિવાદનાં પ્રાબલ્ય સાથેજ આ વૃત્તિ જાગે છે અને દરેક પરમાણુનું શોધન કરી-જરૂર પડયે રાસાયણિક પ્રયોગો કરી સત્ય બુદ્ધિગમ્ય બને ત્યારેજ સ્વીકારાય છે એ વર્તમાન માનસ પ્રચલિત હોય તો તેથી કોઇએ ડરવાનું કારણ નથી: એથી ઉલટું સમાજની ખિલવણી જોઈ તેમાં ખુશી થવા જેવું ગણાય. આવી વૃત્તિ સામે ડોળા કાઢી ઘુરકીયાં કરનારની બુદ્ધિવાદીઓ ઉપેક્ષાજ કરે અને કરશે તેમાં આશ્ચર્ય નથી. સત્યનાં તેજ-પુંજની આસપાસ જમાનાઓ થયાં આવરણો, રૂઢી બંધનો, હવાઇ ખ્યાલો-'આગુસે ચલી આતી હે' જેવા સ્વીકૃત બુદ્ધિના પટ બાઝી રહ્યા છે તેનાં આવરણો નવયુગનું યુવક માનસ વિદારવાની ચેષ્ટા કરે તે સામે શા માટે રોષ હોવો જોઇએ એ પ્રશ્ન ઘણાઓને ઉદ્ભવે છે. આજનો યુવક વર્ગ સત્ય હમેશાં સ્વીકારે પણ આવરણો વિદારી નિર્મળ સત્ય સ્વીકારે એ તેની ભાવના બહુધા જોવાય છે. એટલે ચાલી આવેલી પ્રણાલિકાઓને બહુજ સૂક્ષ્મ રીતે આજનો યુગ તપાસે છે-વિચારે છે અને કસોટીમાં ન ઉભી રહે તેવી વસ્તુઓને અસ્વીકાર્ય માને તો તેથી પ્રણાલિકાનો કદાચ નાશ થવા સંભવ રહે પણ સત્ય તો અવિચ્છિન્ન અને સનાતન જ રહેશે અને રહેવું જોઇએ.

<u>વ્યાયામ એ કેલવણીનું અંગ:</u>—સમય પરિવર્તન શીલ છે એટલે વ્યાયામ વડે અંગોની ખિલવણી પ્રત્યે આપણે પ્રથમ જેટલું લક્ષ આપવું ઉચિત ધારતા હતા તેના પર વચગાળાના સમયે એક એવી જાતનું આચ્છાદન આવરી દીધું છે કે શારીરિક ખિલવણી પ્રત્યે આપણે તદન બેદરકાર બન્યા છીએ. આપણો પૂર્વ ઇતિહાસ તપાસીશું તો અવશ્ય જણાશે કે આપણા પૂર્વજો કેટલી તંદુરસ્તી ભોગવતા હતા? તે સાથે આપણી આજે શી દશા છે તે વિચારતાં આપણી નિર્માલ્યતાનું ભાન આપણને ખરેખર થાય તો તે સુધારી લેવા અને આપણી નિર્માલ્યતા-કંગાલ્યત દૂર કરવા માટે આપણી ભાવિ પ્રજાનો વારસો સુધારવા માટે જરૂર કટિબદ્ધ થવું જોઇએ. આજે આપણી જાતનું રક્ષણ કરવા ભૈઓ કે પહાણ રાખવો પડે તેવી સ્થિતિ હોય તો આપણાં આશ્રિતજનોનું આપણે શું અને કઇ રીતે રક્ષણ કરી શકીએ તેમ છીએ તેનો વિચાર રૂંવાટા ઉભાં કરે તેવો છે.

જેટલી માનસિક કેલવણીની જરૂર છે તેટલીજ શારીરિક ખિલવણીની પણ જરૂર છે એ વાત હવે કહેવા જરૂર ન હોય. આજનો નવયુગનો યુવાન તે સમજતો થયો છે પણ તે દિશામાં હજુ ઘણું ઓછુંજ થયું છે. અંગકસરત એ દરેક જીવતા માણુસનાં નિત્યકર્મનો એક પાઠ હોવો જોઇએ એટલી જરૂરીયાત સમાજનાં સ્ત્રી પુરૂષો સમજતાં થાય ત્યારેજ આપણી શારીરિક ખિલવણીનો પ્રશ્ન આપ મેળે ઉકલે. શાળાની કેલવણી પ્રત્યે જેટલો પ્રેમ અને રૂચિ ઉત્પન્ન થયાં છે તેટલાજ પ્રમાણમાં શરીરબળ કેલવવા પ્રત્યે રૂચિ અને પ્રેમ ઉત્પન્ન થવા જરૂર છે. આરોગ્યપૂર્ણ શરીર વિના એકલી માનસિક કેલવણી નિર્માલ્યતાને નોતરનારી છે

<u>કન્યાવિક્રયની કરૂણ કથની:</u>—બજારૂ વસ્તુઓનો ક્રય વિક્રય તો સાંભળ્યો છે પણ આજે વીસમી સદીના સબળ પ્રવાહ સામે થઇને પણ હજુ કેટલેક સ્થળે કન્યાવિક્રયની ભયંકર બદી ચાલી રહી છે તે ખરેખર શરમાવનારી હકીકત છે. આવાં લગ્નો બજારૂ સોદા નહિં તો બીજું શું કહી શકાય? એથી આગળ વધીને કોઈ કહે કે આતો પોતાનાંજ લોહીના સોદા થાય છે તો તેને પણ આપણે શી રીતે તેમ કહેતા અટકાવી શકશું તેનો વિચાર કરવો જરૂરી છે. જૈન તરીકે 'અહિંસા' માં માનનારા આવા ધંધા કરે અગર તેમાં અનુમોદન આપે તે કેમ પાલવે? આવા ક્રય વિક્રય બંધ થવા-કરવા માટે અત્યાર અગાઉ ઘણી દલીલો થઇ ચુકી છે અને સમાજનો મ્હોટો ભાગ તેનું વસ્તુસ્વરૂપ સમજતો થયો છે છતાં છાપાંઓમાં પ્રકટ થતા કેટલાક કિસ્સાઓ તો એવા બન્યા છે કે તેથી સ્વાર્થ લોલુપીઓનાં ચક્ષુ ખોલવા સમજુ વર્ગે મહેનત કરવી જોઇએ. આવી કરૂણ કથનનીઓ તો અનેક ભાઇઓએ પોતાની પિશાચી વૃત્તિને આધીન થઈ અનુભવી છે કે જેઓ હલકી કોમની કન્યાઓ જૈન કોમની કન્યાઓ તરીકે વેંચાતી લઇ પરણ્યા છે, ફસ્યા છે-કોર્ટે ગયા છે અને જેના અહેવાલોએ તેમની નાદાનીયતના નમુના જગજાહેરીશાએ ચડાવ્યા છે. કેટલાકો આ ધંધાની દલાલી લઇ બેઠા હોય તેમ પણ જણાયું છે. આવી ગંભીર પરિસ્થિતિના ભોગ થયેલાઓના દૃષ્ટાંત લઇ સમાજના સ્વાર્થસાધુઓ ચેતશે કે? દ્રવ્યના લાલચુ દલાલો અને લોભી માબાપોની આંખો ઉઘાડશે કે?

<u>પત્રકારોની પરિષદ્:</u>—એક પત્રના અધિપતિની સાથે કેટલીક સહજ ચર્ચા થતાં આ પ્રશ્ન પરત્વે તેમણે પોતાના ઉદ્ગારો એ દિશામાં કંઈ થવાની જરૂરીઆત હોવા પુરતા પ્રદર્શિત કર્યા હતા. આ વિચાર આદરણીય છે કે કેમ એની અવશ્ય ચર્ચા થવી ઘટે છે.

પત્રકારોની પરિષદ્ એટલે આ સ્થળે એટલું સ્પષ્ટ કરવું જોઇએ કે જૈન પત્રકારોનીજ પરિષદ્ સમજવી જોઇએ.

ચાલુ દેશકાળ અને સમાજની સ્થીતિનો વિચાર કરવામાં આવે તો સામાજીક અને અન્ય પત્રો વિચાર વાતાવરણ કેળવવામાં અને ભાવિનાં ઘડતર પરત્વે એક મ્હોટામાં મ્હોટો ફાળો આપનાર સાધન છે. એટલે સમગ્ર રીતે વિચારતાં પત્રકારો એકઠા મળી ચોક્કસ ધોરણોએ કામ કરવાનું ધારે તો સમાજની મ્હોટી સેવા કરી શકે એમાં સંદેહ નથી.

આવી પરિષદ્ એ મુંબઇ જેવાં ક્ષેત્રમાં અનુકૂળ સમયે મળે અને સ્વચ્છ દિલથી કામ કરવા ધારે તો જૈન સમાજના પ્રત્યેક ફિરકાના અંગત આંતરિક ઝઘડાઓ મિટાવવા અને એક બિજા ફિરકાઓ વચ્ચે બને તેટલું ઐક્ય સાધવાના સુપ્રયાસો સરળ રીતે કરી શકે એટલું કાર્યક્ષેત્ર તેમના પાસે અવશ્ય છે અને તેમ થાય તો સમાજને જરૂર લાભ થાય.

સંગઠ્ઠનનો એકજ પ્રશ્ન ચર્ચવા અને તેનો ક્રિયાત્મક દૃષ્ટિએ નિવેડો લાવવામાં આવી પરિષદ જરૂર સંગીન ફાળો આપી શકે. આપણી નજર સમક્ષ દરેક સમાજના આંતરિક પ્રશ્નો પડયા છે. છિન્નભિન્નતા નજરે નિહાળીએ છીએ, એટલુંજ નહિ પરંતુ એક એક વચ્ચેનું અંતર ઘટવાને બદલે વધતું જોવાય છે ત્યારે આ પ્રશ્ન જરૂર વિચારવા યોગ્ય છે.

જૈન સમાજ પાસે અનેક લેખકો-વિચારકોનો સમૂહ છે, કેટલાંક વર્તમાન પત્રો પ્રકટ થતાં રહે છે અને તે બધાંની નીતિ રીતિ ચોક્કસ થાય, વિચારો અમુક ધોરણોએ કેન્દ્રિત થઇ રજુ થાય તો પરસ્પર અંટસ ઘટતા સંગઠ્ઠન થવા દરેક સંભવ રહે છે. આજનાં પત્રકારિત્વથી સમાજને લાભ યા હાનિનું સરવાયું કાઢવામાં આવે તો પત્રકારો પરત્વે જૈન શ્વે૦ કૉન્ફરન્સની અખિલ હિંદ સ્થાયી સમિતિની છેલ્લી બેઠકના પ્રમુખસ્થાનેથી દર્શાવાએલા વિચારો પત્રકારોએ જરૂર ધ્યાનમાં લેવા જેવા છે એમ લાગ્યા વિના રહે તેમ નથી. આ દિશામાં પત્રકારો ચોક્કસ પ્રયાસ કરે તો તેમની પ્રવૃત્તિઓ આદરણીય થઇ પડે

'વિમલ.'

---

( अनुसंधान पृष्ट ३० से चालु )

हमारे देश के व्यापार की उन्नति न होने का एक और कारण है और वह यह कि हम लोगों में नई नई बातें सोचने और नये नये तरीकों को इस्तैमाल करने का माद्दा बहुत कम है। जो मशीन २५ वर्ष पहले थी, वह आज भी उसी हालतमें हैं, कारिगर लोग तरक्की करने की कोशीश नहीं करते हैं। इसके मुख्य दो कारण मालूम होते हैं कि पहले तो कारीगरों में विद्या नहीं है, दूसंर उनमें उत्साह का बिल्कुल अभाव है। इसके अलावा जो खरीदार होते हैं, वे सस्ती चीज चाहते है, अच्छी चीजों की जोरदार मांगही नहीं होती। इसका परिणाम यह होता है कि जो चीज या मशीन २५ वर्ष पहले जिस हालत में थी, आज भी उसी हालत में है। इसकारण व्योपारिक संस्थाओं को इस ओर ध्यान देना चाहिये और कारीगरों को उत्साहीत करना चाहिये और नये २ आविष्कारों के निकालने के लिये उद्योग करना चाहिये।

जो देश स्वतंत्र हो हैं वे तो धरकी तिजारत या कारीगरों को तरक्की देने के ख्याल से बाहर से आने वाले माल पर इतना ज्यादा कर लगा देते हैं कि बाहर का माल वहां बिकही नहीं सकता और जो देश गुलाम हैं उनको तो एक मात्र यही उपाय है कि स्वदेशप्रेम पैदा करें और अपने घर की वस्तुओं के अलावा अन्य सामान न खरीदे, तथा आपस में मिल कर नये २ आविष्कारों द्वारा देश की उन्नति करें।

व्योपारिक संस्थाओं को चाहिये कि हर स्थान पर प्रदर्शनी खोलें ताकि वहां के कारीगरों को, तथा अन्य देश के कारीगरों को भी परस्पर माल का मुकाबिला करने का मौका मिल जाय जिससे आपस में एक दूसरे की कमियों को पूरा करने का समय आवे तथा एक साथ बैठकर विचार करें कि जिससे देशके व्योपार में उन्नति हो और उत्साह बढे।

प्रत्येक आदमी के मन में ऐसे भाव पैदा होंगे कि इस नगर के मनुष्य इतनी तरक्की कर रहे हैं, आयन्दा साल में हम भी ऐसी ही तरक्की करें। इस प्रकार थोडेही समय में काफी कार्य हो सकता है। आज कल देखा जाता है कि प्रदर्शिनी वतौर एक खेल तमाशे के होती हैं, लोग आते हैं और सिर्फ देख कर चले जाते हैं, इससे कोई लाभ नहीं। देखने वालों को विचारना चाहिये कि जो चीजें उन्होंने देखी हैं उनमें क्या २ कमी है, और वह कमी किस प्रकार पूरी हो सकती है? तथा क्या २ नये सामान या मशीन बनाई जा सकती है? व्यापारिक संस्थाओं को अच्छे २ इनाम देकर निपुण कारीगरों व लोगों को उत्साहित करना चाहिये। जिससे वे आपना दिमाग लडाकर नये २ सामान तैयार करें। इस प्रकार हरएक देश भी अपनी उन्नति कर सकता है।

## श्री शौरीपुर तीर्थ केस.

यह केस श्वेतांबर और दिगंबरों के बीच बहुत दिनों से चल रहा है. बीच में आपस में निपटारा करने के प्रयास निष्फल गये. मुकदमेबाजी दिन ब दिन आगे बढती जाती है. केस चालु है.

बंबई म्युनिसिपालिटी की वार्षिक चुंटणी मे ८६ जगह के लिए १२१ उमेदवार थे. कुछ स्त्रीयां भी थी. तीन जैन भी चुंटे गए है।


## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂ. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂ. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂ. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂ. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂ. ૧-૮-૦ |
| જૈન ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂ. ૫-૦-૦ |
| ,, ,, ,, ભાગ બીજો | રૂ. ૩-૦-૦ |

લખો:-શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.

# व्यौपार और उद्योग धन्धे.

( लेखकः—श्री अचलसिंह जैन, आगरा. )

प्रत्येक देश की उन्नति या अवनति, उसके व्यौपार पर निर्भर है। जो व्यापारिक परतन्त्रता से मुक्त हैं, वही आजाद हैं। आज संसार व्यापारिक क्षेत्र में बडी तेजी से उन्नति कर रहा है और वेही देश अधिक उन्नति और शक्ति शाली हैं जिनका व्यौपार अन्य देशों से अधिक उन्नति पर है। अगर किसी देशको गुलाम बनाना हो तो उसके व्यौपार को नष्ट करदो वह स्वयं गुलाम बन जायगा। अगर किसी देश के मनुष्यों को आजाद होना हो तो, उनको अपना व्यापार सुधारना चाहिये।

व्यौपार ही देशका आर्थिक स्वराज्य है और यदि कोई देश आजाद है तो उसे चाहिये कि वहां की जरुरियात की वस्तुओं को वही पैदा करे और बाहर से आनेवाले मालपर इतना महसूल लगादे कि बाहर का माल वहां आकर न विक सके। यदि देश परतन्त्र है तो उस अवस्था में वहां केनिवासियों को मुनासिब है कि वे स्वदेश प्रेम के नाते से अपने ही माल को खरीदें चाहे मंहगा और भद्दा ही क्यों न हो देश के व्यौपार से देश के आदमियों को रोटी मिलती है अपना पैसा कंहिं में नहीं जाता और स्वदेशी उद्योग-धन्धों को मौका मिलता है कि वे अपनी कमी को थोडे ही समय में पूरी करलें व शर्ते कि वहां के लोग उत्साही निपुण और कार्य दक्ष हों।

प्रारम्भ में संसार के अनेक देशों में कला कौशल का पूर्ण विकाश-हीं हुआ था। वर्तमान समय की उन्नति कला कौशल का पूर्ण विकाश नहीं हुआ था। वर्तमान समय की उन्नति पिछले डेढसो, दोसौ बर्ष में हुई है परन्तु फिर भी उनमें मातृभूमि का प्रेम और उत्साह था, जिससे उन्होंने नये नये आविष्कार निकाले और कारीगरी तथा व्यौपार को तरक्की दी। उसका नतीजा आज यह है कि उन्होंने हर-प्रकार की उन्नति की है और वह संसार के मालिक बन बैठ है और भारत वर्ष जो कमी सभ्यता, वैभव और मस्तिष्क विकास में सब से आगे बढा हुआ था, आज व्यौपार के नष्ट हो जाने के कारण दीन हीन बना हुआ है। व्यौपार की तरक्की करने के लिए निम्नलिखित बातों की आवश्यकता है।

१—ईमानदारी।
२—परिश्रम और धैर्य।
३—आमदनी और खर्च का हिसाब रखना।
४—स्थानीय सर्कार की तरफसे मदद मिलना।
५—स्वेदेश प्रेम का होना।
६—विद्या का प्रचार।
७—नये नये आविष्कारों की खोज।
८—व्यौपारिक सुविधाओं का होना।

व्यौपार में ईमानदारी की अत्यन्त आवश्यकता है। बगैर ईमानदारी के कोई देश तरक्की नहीं पा सकता। जिस व्यौपार में धोखेबाजी या चाल होती है वह थोडे दिनों तक भले ही फलता रहे, किन्तुबाद में उसका ऐसा पतन हो जाता है कि वह किसी प्रकार उठ नहीं सकता क्यों की लोगोंका उसमें विश्वास नहीं रहता। इस लिए हरएक व्यौपारी का यह फर्ज है कि वह अपने व्यौपार को सचाई और इमानदारी से करे। प्राय देखा गया है कि हमारे यहां के व्यौपारी असली चीजो में खराव या नकली चीजे मिला देते हैं। घी में चर्वी या बिनौले का तेल या अ य बहुतसी दूसरी वस्तुएं मिला देते हैं। कपडे के मिल वाले थान पर लिखते हैं २० गज पर निकलता है १८॥ गज, धोती जो दस नम्बर होती है पर बैठती है ८ या ९ नम्बर। इसी प्रकार नमूना **(Sample)** दिखाते हैं और और कपडा आता है और कुछ यानी यो कहना चाहिये कि बात बातमें हरएक व्यापारी चाहता है कि वह ग्राहक से एक ही दफे में जितना अधिक फायदा हो सके उठाले। उपर लिखी बातों से व्यापार को भारी धक्का पहुँचता है और अन्त में जो लोग व्यापार में सच्चे होते हैं वे तरक्की कर जाते हैं। सब जगह उनके मार्केट **(Markets)** खुल जाते हैं जैसे कि जर्मनी के माल की बाजार में कितनी धाक है और इस के विरुद्ध जापान के माल पर कोइ विश्वास ही नहीं करता। इसी प्रकार यदि हमारे यहां के व्योपारी अपनी धाक जमाना चाहते हैं, ओर व्योपार को तरक्की देना चाहते हैं तो निहायत जरूरी है कि वे जो कहे, लिखें या दिखावें, उसी के अनुसार माल होना चाहिए। मनुष्य अपने स्वार्थ म अन्धा हो जाता है, उस समय वह अच्छे बुरे का ध्यान नहीं रखता, सिर्फ यही देखता है कि किसी प्रकार पैसा पेदा हो। जो व्यापारिक संस्थायें हैं उन्हें उपरोक्त बातों पर ध्यान देना चाहिए ओर समय समय पर जांच करते रहना चाहिए ओर जो माल खराब या नकली हो उस से जनता को सावधान करते रहना चाहिए।

(अनुसंधान पृष्ट २९ में)

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGH'    Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું. | તા. ૧ લી માર્ચ ૧૯૩૨. | અંક ૫ મો.

## જૈન યુગ.

તા. ૧-૩-૩૨    મંગળવાર

## સમાજ અને રાષ્ટ્ર.

વર્તમાન દેશકાળ વિચારવામાં આવે તો આજે સમાજ, મહત્તર સમાજ-એટલે રાષ્ટ્ર અનેક વિપરીત સંજોગોમાંથી પસાર થઇ રહેલ છે, તેના ઉંડાણમાં ઉતરતાં અનેક પ્રશ્નો દૃષ્ટિ સમીપ ખડા થાય છે. સમાજ અને દેશ અનેક દરિદ્ર-નારાયણોથી ઉભરાય છે, આપણા સ્વધર્મી અને વિશાળ દૃષ્ટિએ વિચારીએ તો હિંદી બંધુઓ અને બ્હેનો કંગાલિયતથી પીડા પામી રહ્યાં છે, લોકોને ખાવાને પેટપૂરતું અન્ન અને પહેરવાનાં કપડાના પણ વાખા પડે છે, તેવે સમયે સમાજ અને રાષ્ટ્રના હિતચિંતકોને શિરે મ્હોટી ફરજ આવી પડે છે, તેનો તેઓએ વિચાર કરવો ઘટે તેનો તોડ કઢવો ઘટે, સમાજ અને મહત્તર સમાજના ઉત્કર્ષ પરત્વે, તેનાં અંગોપાંગોની યાતનાઓ-કષ્ટો દૂર કરવા પરત્વે યથાશક્ય પોતાનો ફાળો આપવો ઘટે. આ બાબતો પરત્વે જેઓ જરાપણ હિતદૃષ્ટિથી નથી જોતા યા ઇરાદપૂર્વક દુર્લક્ષ્ય સેવે છે તેઓ એવા ગુન્હા કરે છે કે જેની શિક્ષા કયારે અને કોણ કરશે તેની ખબર સરખી પડતી નથી; છતાં જાણ્યે અજાણ્યે થતી આવી ભૂલોનાં પરિણામ સૌએ ભોગવવાં પડે એ નિર્વિવાદ છે.

બીજી રીતે વિચારીએ તો સમાજ અને રાષ્ટ્રની સેવા માટે અમુકજ વર્ગ નિર્માયો છે અને બીજાઓને તે સંબંધે લાગતું વળગતુંજ નથી એમ કેમ કહી શકાય? 'જે કરે તેની બલિહારી' એ જાણિતી લોકોક્તિ છે અને તેથી સમાજનું પ્રત્યેક અંગ પોતાની ફરજ-સેવાનાં ઘટતાં ક્ષેત્રો વિચારી પોતાથી બનતો ફાળો આપે તો સમાજની ઉન્નતિ થતાં જરાપણ વાર ન લાગે. પરંતુ દુર્ભાગ્યે આજે મનોદશા એવી ચાલી રહી છે કે 'એમાં મ્હારે શું'? એવું માનસ વખતો વખત જોવાય તો અધોગતિની ઉંડી ગર્તામાં સમાજ ઘસડાતાં વાર ન લાગે. જે વાત સમાજને લાગુ પડે તેજ રીતે તે વાત મ્હોટે ભાગે રાષ્ટ્ર કે જેને બૃહત્તર સમાજ ગણીએ તો અવશ્ય લાગુ પડે; અને હવે કાળ એવો આવી લાગ્યો છે કે સાંકડા વાડા અને ખાબોચીયાની 'કૂપ મંડુક વૃત્તિ' છોડયેજ છૂટકો છે.

સમાજનું પ્રત્યેક અંગ પોતાની કોમ તરફની ફરજો સંપૂર્ણ રીતે બજાવે તો પણ એક રીતે રાષ્ટ્ર પરત્વે પણ પોતાની થોડી ઘણી ફરજ બજાવી ગણાય એમાં સંદેહ નથી; પ્રત્યેક સમાજમાં વર્તમાન કાળની જરૂરીયાત રાષ્ટ્ર હિતની દૃષ્ટિએ વિચારી કાર્ય કરવાની ભાવના જાગૃત થાય તો પણ કાંઇક થયું એમ સમગ્રદૃષ્ટિએ અવશ્ય ગણાય અને પ્રત્યેક સમાજની તેવી હિતદૃષ્ટિ ઘણું સાધી શકે.

દાખલા તરીકે આજે સંગઠ્ઠનનો કાળ છે એની અનિવાર્ય જરૂર છે એમ પ્રત્યેક સમાજ-હિતૈષીઓ વિચારી રહ્યા છે, તેના પોકારો પણ કરી રહ્યા છે અને કેટલાકો એ દિશામાં મહાન્ પ્રયત્નો સેવી રહ્યા છે. તેવે સમયે આપણાં વર્તમાનપત્રોમાં એક પુસ્તક પ્રકાશન સંબંધે એવી હકીકત પ્રકટ થઈ છે કે જે કોમ કોમ વચ્ચે સંગઠ્ઠનની જરૂરને ટાંકણે વૈમનસ્ય ઉભું કરે! એટલુંજ નહિં પણ એ પુસ્તકના પ્રકાશન કરનારાઓ માટે પણ મ્હોટી શરમની વાત થઇ પડે! 'પાખંડધર્મ ખંડન નાટક' નામનું એક એંશી પાનાનું પુસ્તક જે તલિયાની પોળ-અમદાવાદમાં પ્રકટ થયું છે તેમાં 'દિગંબરધર્મ પર નીચતાપૂર્ણ આક્રમણ' થયેલું જણાવવામાં આવ્યું છે! કોઇ પણ ધર્મપર હુમલા કરવા અગર તેના સંબંધે ભૂતકાળમાં લખાયેલ દ્વેષયુક્ત ટીકાઓ કે ખંડનો આ વીસમી સદીના દેખતા અને સંગઠ્ઠનની મહેચ્છા ધરાવતા કાળમાં પ્રકાશમાં આવે-પ્રકટ કરવામાં આવે તેથી સ્વકીય સમાજ-ધર્મ કે દેશની કઇ જાતની સેવા બજાવવાનું માન તેવું કાર્ય હાથ ધરનારાઓ અને તેના સહાયકો મેળવવા લલચાયા છે તે તો રસ્તે ચાલતો વીસમી સદીનો દરેક પુરૂષ સમજી શકે તેવી બિના છે. છતાં આવું કાર્ય હાથ ધરનારા

# પ્ર......કી......ર્ણ.

## માંગરોળમાં દીક્ષા મહોત્સવ.

શેઠ છોટાલાલ પ્રેમજી લખી જણાવે છે કે અત્રે માંગરોળમાં મહા વદ ૧૧ ગુરૂવારના રોજ બે બ્હેનો શ્રી ભાગવતી દીક્ષા લેવાની છે તે સમ્બંધી આમંત્રણ પત્રિકાઓ બહાર પડી છે અને ઘટતે સ્થળે મોકલવામાં આવી છે. આ બન્ને બ્હેનોએ દીક્ષા લેવા અગાઉ પોતાનાં તમામ કુટુંબની રાજીખુશીથી પરવાનગી લીધેલ છે તેમજ શ્રી સંઘને અરજી આપી દીક્ષા લેવાની પરવાનગી માંગેલ જે શ્રી સંઘે બહુજ આનંદથી આપેલ છે. બાઈ દીવાલીની ઉમર નજદીક વર્ષ ૪૫ તથા મણીબાઇની ઉમર વર્ષ ૩૫ આશરે છે. અઠ્ઠાઇ મહોત્સવ શરૂ થયો છે. બન્ને બાઇઓ ધરમિષ્ઠ વૃત્તિવાળી છે.

**કુડચી કાંડ**—કૉન્ફરન્સ તરફથી બેલગામના કલેકટર સાહેબને તા. ૩-૨-૩૨ ના રોજ કરવામાં આવેલ તારના જવાબમાં તા. ૧૭-૨-૩૨ નો પત્ર મળયો છે જેમાં "આ સંબંધમાં ઘટતી કાર્યવાહી ચાલુ છે." એમ જણાવવામાં આવે છે. જવાબ નીચે મુજબ છેઃ—

Copy. N. M. A. G. 476

Office of the District Magistrate, Belgaum,
Belgaum, 16/17, February 1932.

Memorandum,

In reply to the telegram dated 3rd instant, the Secretary, All India Jain Conference, Pydhoni, Bombay. is informed that necessary action is being taken in the matter.

Sd. Illegible.
District Magistrate, Belgaum.

To, The Secretary,
All-India Jain Conference, Pydhoni,
Bombay.

## मारवाड में मतिष्ठाओं की धूमधाम-बेदाणमें

महा शुद ६ के रोज श्री आदेश्वर प्रभु की प्रष्ठा श्री पंन्यासजी ललितविजयजी महाराज के उपदेश द्वारा हुई. छोगाजी धनाजी ने रु. १५००) आंगी के लिए, रु. २००) वेदी के लिए, रु. ७००) बालाश्रम को भेट दिए. **खिवाणदी** मे उक्त पंन्यासजी म. तथा अन्य मुनि मंडल के उपदेश से अट्ठाई मोहत्सव और नवकारसी हुइ. बहारगामसे करीब ६००० स्त्री पुरुष आए थे. शहरमे कइ वर्षों से नाइत्तिफाकी थी जिसे दूर की. करीब ३०,०००) रु. की मंदिरमे आमद हुई. पार्श्वनाथ बालाश्रम कों ५००) रु. भेट मिले. पार्श्वनाथ जैन बालाश्रम मे बालकोंकी पढाइ के लिए व्यवस्था उत्तम है. एक वख्त मुलाहिजा करने योग्य है.

**શ્રી જૈન દવાખાનું પાયધુની-મુંબઈમાં** ગયા જાનેવારી માસમાં ૫૩૭ પુરૂષ દરદીઓએ ૫૦૦ સ્ત્રી દરદીઓ તથા ૪૦૧ બાળક દરદીઓ મળી કુલ્લે ૧૪૩૮ દરદીઓ લાભ લીધો હતો. દરરોજની સરેરાસ દરદીની હાજરી ૪૬ થઇ હતી.

## કૉન્ફરન્સની સ્ટેન્ડિંગ કમિટીના સભાસદોને અગત્યની સૂચના.

બંધારણ અનુસાર દરેક સભ્યે પ્રતિ વર્ષ ઓછામાં ઓછા રૂપીઆ પાંચ શ્રી સુકૃત ભંડાર ફંડમાં આપવા જોઇએ. કેટલાક સભ્યો તરફથી હજુ સુધી તે રકમ મલી નથી. કાર્યવાહી સમિતિના ઠરાવ મુજબ દિવાલીથી ચાર માસમાં ફાળાની રકમ મળી જવી જોઇએ. આ મુદત ખલાસ થવા આવવાથી તે રકમ વસુલ લેવા સભાસદોને આગામી જૈન યુગ વી. પી. દ્વારા મોકલવામાં આવશે. આશા છે કે તે સ્વીકારી આભારી કરશો.

લિ૦ સેવકો,

કૉન્ફરન્સ ઑફીસ,
૨૦, પાયધુની, મુંબઇ.
તા. ૨૫-૨-૧૯૩૧.

રણછોડભાઇ રાયચંદ ઝવેરી.
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.
સ્થાનિક મહામંત્રીઓ.

## જૈન યુગના ગ્રાહકોને.

ચાલુ વર્ષ ૧૯૩૨ ના લવાજમના રૂા. ૨) જેઓ તરફથી મળ્યા નથી તેઓને અંક વી. પી. થી મોકલવામાં આવશે.

જેઓ ગ્રાહક તરીકે ચાલુ ન રહેવા ઇચ્છિત હોય તેઓએ તુરત લખી જણાવવું જેથી સંસ્થાને વી. પી. ખર્ચ ન ભોગવવું પડે. કોઇ પણ સૂચના ન મળતાં ગ્રાહક તરીકે ચાલુ માની વી. પી. થશે જે સ્વીકારી લેવા વિનતિ છે.

# સ્વીકાર અને સમાલોચના.

**જુન્નર અધિવેશનનો રિપોર્ટ**—સ્વાગત સમિતિ તરફથી ચીફ સેક્રેટરી શ્રી મોતીલાલ વીરચંદે પ્રકટ કરેલ છે. ભાષણો, ઠરાવો, ચર્ચાઓ, ડેલીગેટો-પ્રેક્ષકો, હિસાબ વગેરે સંબંધી અનેક ઉપયોગી માહિતિ મળી શકે એમ છે. પૃષ્ઠ ૨૩૪ (રૉયલ સાઇઝ) કેટલાક ફોટાઓ પણ આપવામાં આવ્યા છે. કૉન્ફરન્સની સ્ટે૦ કમિટીના સભાસદો શિવાયના માટે મૂલ્ય ૦-૧૨-૦.

**કૉન્ફરન્સનો ગત બે વર્ષનો રિપોર્ટ**—સં ૧૯૮૬-૮૭ નું નિવેદન-પ્રકાશક સ્થા. મહામંત્રીઓ શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી અને શેઠ મોહનલાલ ભગવાનદાસ ઝવેરી. રૉયલ સાઇઝ પૃષ્ઠ ૧૪૪ ખાસ વાંચવા યોગ્ય છે.

**ગણધર શ્રી ગૌતમસ્વામીનો ફોટોગ્રાફ**—કિંમત ૦-૩-૬ આર્ટ પેપર પર છપાયેલ સુંદર અને દર્શન માટે રાખવા યોગ્ય છે. પ્રકાશક, સારાભાઇ મણિલાલ નવાબ પ્રાપ્તિસ્થાન-શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ.

( અનુસંધાન પૃષ્ઠ ૩૧ ઉપથી )

ધર્મદ્વેષીઓ હિંદમાં વસે છે એ જોઇ દરેક હિંદીવાનને અફસોસ ઉપજ્યા વગર રહે નહિ. હાલ જ્યારે વર્તમાન યુગધર્મ સંગઠ્ઠન માંગે છે, કોમ કોમ વચ્ચે ઐક્ય ઇચ્છે છે આંતરિક કલેશ કંકાસો મિટાવવાની ખૂમો ચોતરફથી પડી રહેલી જોઇએ છીએ, તેવે સમયે દેશના દુર્ભાગ્યે કમનસીબ વ્યક્તિઓ પોતાની દુષ્ટ વૃત્તિઓને પોષી રહી છે એ પણ દેશની કમનસીબી છે. આવા આત્માઓને પ્રભુ સન્મતિ આપે એટલુંજ ઇચ્છવું બસ નથી. તેમને ઠેકાણે લાવવા દરેક યથાશક્ય પ્રયાસ થાય એ ઇષ્ટ છે.

# સમયના સૂર.

**એકસંપીના નગારાં**—હમણાં હમણામાં કેટલાંક પત્રોમાં 'એકસંપી કરો' એવી જાતના સૂર નિકળ્યા કરે છે એ બિના ખરેખર આવકારદાયક છે એની કોઇ ના પાડી શકે તેમ નથી. એક લેખક એમ જણાવે છે કે એક ચોકસ સભામાં એવી ચર્ચાને ઉડાડી દેવામાં આવી હતી અને મજકુર સભામાં ચોકસ અભિપ્રાયો ધરાવનારાના વિરોધીઓને બોલાવવામાં આવ્યા ન હતા કે જેઓએ એકસંપી કરવાની તૈયારી ઠરાવોદ્વારા દેખાડી છે. આ ઠરાવ માત્ર કાગળપરનોજ હોવો જોઇએ જો તેમ ન હોય તો તેમનાં કહેવાતાં વાજીંત્રો દ્વારા જે સૂરો પ્રકટ થતા રહ્યા છે તે દ્વારા કૉન્ફરન્સ જેવી સંસ્થાને અનેક ઉપનામો વડે-જેનો નિર્દેશ સરખો કરતાં સાચા જૈનની લેખિની કંપવી જોઇએ-નવાજવામાં આવે છે (!) એટલુંજ નહિં પરંતુ અનેક રીતે અઘટિત ભાષા પ્રયોગો ચાલુજ રાખવામાં આવતા હોય તો ત્યાં સુધી એકસંપીના ઠરાવો કે રાગડા તાણવા એનો અર્થ શું હોઇ શકે? સમાજનું પ્રત્યેક અંગ સંગઠ્ઠન ઇચ્છે એ વાત સૌ સ્વીકારે છે પણ તેવી ઇચ્છા રાખનારાઓએ પોતાનું વર્તન અને વાણી સંયમી હોય તેની કાળજી રાખવી જોઇએ. સ્ટેન્ડીંગ કમિટીની શ્રી મહાવીર વિદ્યાલયમાં મળેલી બેઠકમાં પ્રમુખસ્થાનેથી એક સંપી કરવાના અને કલેશો મિટાવવાના જે વિચારો પ્રકટ થયા છે તેની સાથેજ વર્તમાન પત્રો અને લેખકોને માટે પણ તે સ્થાનેથી જે બોલાયું છે તે બન્ને બાબતોનો સાદ્યંત વિચાર કરવા જરૂર છે. આપણા લેખક બંધુઓ અને પત્રકારો એ વિચારોને સમજી લે તો સમાજને અવશ્ય લાભ થાય એમાં નવાઈ નહિં. પરંતુ એક સાપ્તાહિક દ્વારા 'સમાજસેવક' જે 'વાતાવરણ' માં ઉલ્લેખો કરી રહ્યા છે, તે જોતાં વાતાવરણ સમાજસેવાને બદલે એક જાતનું દુર્ગંધયુક્ત વાતાવરણ ઉભું કરે તો એક સંપીના નગારાં બજાવનારાઓની 'અરણ્યે રૂદિતં મયા' જેવી સ્થીતિ ન થાય તો બીજું શું સંભવે?

**જગતની પરિસ્થિતિ અને આપણી ફરજ:**—આ સંબંધે પંડિત મદનમોહન માલવીયાજીએ જે વિચારો દર્શાવ્યા છે તે આધુનિક આર્થિક પરિસ્થિતિને અંગે તદ્દન બંધ બેસતા થઇ પડે તેવા છે. તેઓ કહે છે કે "જગતની પરિસ્થિતિ કટોકટી તરફ ઘસડાતી જાય છે. અને સૌથી ધનાઢ્ય દેશના આર્થિક ભવિષ્ય વિષે પણ શંકા ઉપજે છે. આ સંકટની અસરમાંથી હિંદુસ્થાન મુક્ત રહેલું નથી. આફતની સામે ટકી રહેવાની શક્તિ અને સાધનો હિંદમાં લાંબા સમયથી બહુ ઓછા થઈ ગયેલા છે. અને સરકારની દમન નીતિથી આ આફતની અસર ઘણી વધી ગઇ છે. દમન કેવો માર્ગ અખત્યાર કરશે, અને ક્યારે તેનો અંત આવશે, તે અત્યારે સમજી શકાતું નથી. આ સ્થિતિમાં રાષ્ટ્રિય કરકસર હંમેશ કરતાં પણ અધિક જરૂરની થઇ પડી છે.

હાલ તુરતને માટે જે કાંઈ ખર્ચ કર્યા વિના ચાલે તેવો ખર્ચ બંધ કરી દેવો. ખાસ જરૂરીયાત સિવાયની કોઇ વસ્તુ ખરીદવી નહિં કારણ કે અત્યારે પ્રજાના હાથમાંનો દરેક રૂપિયો અગત્યનો છે. અને નાનો મોટો કોઇપણ હિંદી ખાત્રીપૂર્વક એવી આશા રાખી શકે તેમ નથી કે થોડા મહિનાઓ સુધી તેના હાથમાં વધુ નાણું આવી પડશે. આથી આપણામાંના પ્રત્યેક માણસે તેની પાસેનો રૂપિયો સાચવી રાખવો જોઇએ અને માત્ર તાકીદે ગુજરાનની જરૂરીયાત તરીકે જે વસ્તુ જોઇતી હોય તે માટેજ ખર્ચ કરવો જોઇએ."

આ સોનેરી શબ્દો વર્તમાન આર્થિક સંકડામણના દિવસોમાં વિચારપૂર્વક-આગ્રહપૂર્વક અમલમાં મૂકવામાં આવે તો સમયને ઓળખ્યો ગણાય.

**જ્ઞાતિ બંધારણ વિચાર:**—વર્તમાનકાળમાં જ્ઞાતિઓ, વાડાઓનાં બંધનો પ્રત્યે જૂદા જૂદા માનસનાં સ્ત્રી પુરૂષો પોત પોતાની રૂચિ અનુસાર હિતાહિતની દૃષ્ટિએ નિહાળતાં થયાં છે અને તે સબંધે ઉહાપોહ કરી રહ્યાં છે. મ્હેટે ભાગે ધર્મ અને સમાજનાં હિતને સંભાળીને રૂઢિવાદની સામે પોકાર ઉઠાવવામાં આવે છે. એટલે જ્ઞાતિઓનાં બંધારણ કેવાં છે અને તેમાં પરિવર્તન થવા જરૂર છે કે કેમ એ સબંધે અનેક વિચારકો મન્થન કરી રહ્યા છે. ઘણી વખત જૂદા જૂદા વિચારનાં મંડળો, મધ્યવર્તી મંડળો વગેરે સમયાનુકૂળ વિચારણા ચલાવી ચોકસ દિશાએ પ્રેરણાઓ કરે છે. આવી વિચારણાને બુદ્ધિ હરિફાઈ તરીકે એક સાપ્તાહિક પ્રકટ કરે છે. અને તે સબંધે એક પ્રશ્નમાળા જવાબો માટે પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ બુદ્ધિની કસોટીનો એક માર્ગ છે એમાં શક નથી; તેમજ એવી પ્રશ્નમાળાના સાર્વત્રિક વ્યક્તિગત જવાબો વાળવામાં આવે તો તેથી ઘણાઓના વિચાર જાણી શકાય; જેઓ જાહેર ચર્ચામાં ઉતરી ન શકે, વ્યાખ્યાન પીઠપરથી પોતાના ઉદ્દગારો દાખવી ન શકે તેઓ માટે પોતાના વિચારો નોંધાવવાનો આ ઉત્તમ માર્ગ છે. વળી દોરનારા, વિચારકો અને અન્ય આગેવાનો કરતાં સામાન્ય જનતાની સંખ્યા ઘણી મ્હોટી હોય એટલે તેના વિચારો તો આવી પ્રશ્નમાળાના જવાબોથીજ જાણી શકાય. આખા સમાજનો સમસ્ત ભારતમાં વસતા આપણા બંધુઓનો વિચાર કરીએ તો આવી પ્રશ્નમાળા ઘણું કરી શકે; પરંતુ આપણામાં હજુ એક મ્હોટો વર્ગ એવો છે કે જેને આ બધી વસ્તુઓની પડી નથી, પછી ભલે પોતાની અજ્ઞતાને લીધે હોય, કે પોતાની અન્ય સાંસારિક ઉપાધિઓને લીધે હોય, ગમે તેમ હોય. જો પ્રત્યેક જ્ઞાતિનાં સ્ત્રી પુરૂષો પોતાના વિચારો પુખ્તપણે કેળવી અને સ્વતંત્ર અભિપ્રાયો બાંધી શકતા હોય, તેટલીજ નિડરતાથી વ્યક્ત કરી શકે અને એવા એકત્રિત અભિપ્રાયોની તારવણી જે નિર્ણયો લાવે તેને વિના સંકોચે સ્વીકારી તેનું પાલન કરવા કટિબદ્ધ થાય તો આવી પ્રશ્નમાળાઓ મારફતે ઘણું કાર્ય થઇ શકે. હજુ સમાજને આ રીતે તૈયાર થતાં જરૂર વખત લાગશે.

## જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

**ધાર્મિક પરીક્ષાઓ માટે અભ્યાસક્રમ.** સર્વે જૈન પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓ જેઓ બોર્ડની આગામી-સને ૧૯૩૨ ના ડિસેંબરની-પરીક્ષાઓનો લાભ લેવા ઇચ્છા ધરાવતા હોય તેઓને જણાવવામાં આવે છે કે ઉક્ત પરીક્ષાઓ સન ૧૯૩૧ ગત વર્ષના અભ્યાસક્રમ પ્રમાણેજ લેવામાં આવશે. અભ્યાસક્રમની કૉપીઓ પત્ર લખવાથી મળી શકશે.

# શ્રી યશોભદ્ર સૂરિ
## અથવા
# ભાગવતી દીક્ષાનું સ્વરૂપ.

પૂર્વકાળના મહાત્માઓ સુરિપદ આપી શાસનરક્ષાનો ભાર સોંપતાં પહેલાં એ પદને માટે યોગ્ય વ્યક્તિને પસંદ કરવામાં બહુ વિચાર કરતા. એ સારૂ તો સ્વદર્શનની મર્યાદા ઉલંઘી અન્ય દર્શનમાં પણ દૃષ્ટિ દોડાવવાનું ચુકતા નહીં. એ વેળા આજના જેવા સંકુચિત વાડા બંધનો કે ગચ્છની વાડો તેમની આડે ન આવતા. તેમ એ કાળે એમના હૃદયમાં એવી નબળાઇ ઘર પણ નહોતી કરતી કે એમ લાયક શોધવા જતાં મારા શિષ્યવૃંદને માઠું લાગશે. શ્રી શય્યંભવ સૂરિનો પ્રસંગ તો જગજાહેર હોઇ શ્રી વીર પછી તરતમાંજ બનેલો છે. ત્યાર પછી કેટલાક કાળે એવોજ પ્રસંગ શ્રી યશોભદ્ર સૂરિના સંબધમાં બન્યો છે. શ્રી સુધર્મા સ્વામીની મૂળ પાટે આવનાર ઇશ્વર સૂરિને સ્વપટ્ટધર માટે ચિંતા ઉદ્દભવી. 'બદરીદેવી'ના આરાધનથી જાણવામાં આવ્યું કે પાટદીપક ને શાસન સેવક તરિકે યશપડહ વગાડનાર તો પબાશી ગામના શાહુકાર પુન્યસારને ઘેર, શીળવતી માતા ગુણસુંદરીના અંકમાં રમે છે એનું ગુણ નિષ્પન્ન નામ સુધર્મ છે અને આજે તો તે વિદ્યાસંપન્ન બાળક તરિકે સુવિખ્યાત છે.

સૂરિજીને એની જરૂર, માતાપિતાને પણ એ એકલોજ પુત્ર. આમ છતાં પાંચ મહાવ્રતના ધરનારને ધર્મના નામે, અરે શાસન પ્રભાવના ખાતર સુધર્મને આજની માફક છુમંતર કરવવાનો વિચાર સરખો પણ ન ઉદ્દભવ્યો. 'જ્યાં ધર્મ એજ સત્ય અને સત્ય એજ ધર્મ' ત્યાં પછી તેનો દ્રોહ કરવાનું સુઝે પણ કયાંથી? સૂરિજી તો સંઘના આગેવાનોને સાથમાં લઈ પુણ્યસારને ઘેર પહોંચ્યા. ગુણસુંદરી એક ધર્મવતી લલના હતી. સૂરીશ્વરને તેમજ સંઘના અગ્રણીઓને સ્વ આંગણામાં પગલાં મૂકતાં નિરખી સામે ગઇ અને હસ્તદ્વય જોડી, વિનયપૂર્વક આગમનનો હેતુ પૂછવા લાગી.

સૂરિજી—બ્હેન, દેવીના કથનથી ત્હારે ઘેર એક શાસનપ્રિય વસ્તુ છે તેની માંગણી અર્થે આવ્યા છીએ. એ વસ્તુ તે બીજી કોઇ નહિ પણ ત્હારો પુત્ર સુધર્મ. તું રાજી થઇ એ ભિક્ષા આપ.

જાણે આકાશમાંથી અકસ્માત્ વજ્ર પડયું ન હોય, અગરતો દુઃખનો ડુંગર અચાનક ન તૂટી પડયો હોય અને તેથી જે કષ્ટ ઉપજે તે કરતાં પણ વધુ પીડા ગુણસુંદરીએ અનુભવી.

મહારાજ! આંધળાની લાકડી તુલ્ય મારા એ બાળકને હું શી રીતે આપી શકું? માત્ર અમારા દંપતીજીવનમાં એ એકજ સંતાન છે, એને જોઈ અમારી આંખો ઠરે છે. એના વગર તો જીવન લુણ વગરનાં ભોજન જેવું નિરસ લાગે. મારૂં હૃદય આપની એ ભિક્ષા આપવા સમર્થ નથી. કૃપાનિધાન, આપ બીજું જે કંઇ ઇચ્છો તે ઝટ લાવી હાજર કરૂં, બાકી મારા સુધર્મને દેતાં તો મને ઘણુંજ કષ્ટ પહોંચે છે.

બ્હેન, અનગારને અન્ય ઇચ્છા હોય ખરી! આટલી માંગણી પણ માત્ર શાસનપ્રભાવના અર્થેજ; બાકી સંસારિક વાતોનો સ્પર્શ પણ સ્વપ્નમાં ન હોય! ત્યાં અન્ય શો પ્રપંચ!

પૂજ્યશ્રી, સંસારી જીવ તરિકેની મારી જીવન દોરી એ પુત્ર પર નિર્ભર છે. એનો વિયોગ ઘડીભર પણસહન કરવા જીવ ચાલતો નથી ત્યાં આપી દેવાની હા તે કઇ રીતે ભણાય?

સંઘના ધુરિણો—બ્હેન, સાધુ મહારાજની પ્રવૃત્તિ પોતીકા કોઇ સ્વાર્થ માટે તો છેજ નહિં. એ બાળકમાં પ્રભાવક થવાનો યોગ અવધારીનેજ તેઓ સહિત અમો પ્રાર્થના કરવા સારૂ આવેલા છીએ. તું રાજી ખુશીથી અર્પણ કરશે તોજ ગુરૂશ્રી ગ્રહણ કરવાના છે નહિંતો તેમનું કે અમારૂં ત્હારા પર કંઇ દબાણ તો છેજ નહીં. ધર્મ માટે સર્વસ્વ ખરચવું એ સૌ કોઇ અનુયાયીની ફરજ છે તેમ ત્હારી પણ છેજ. વિચાર કરને બ્હેન કે ત્હારા બારણે આજે આવા જંગમ કલ્પવૃક્ષ સમા આચાર્યશ્રી અને સંઘના આગેવાનોના પગલાં કયાંથી હોય! એ તો એ બાળકનો તારે ત્યાં જન્મ એજ મોટી પુન્યાઇ! માટે અમારો તો આગ્રહ છે કે આવી ક્ષણ વ્યર્થ ન જવા દે.

સંઘ સરખા પચીશમા તીર્થંકરનું આગમન મ્હારે માટે અનન્ય હર્ષજનક છે, છતાં આપ પણ સારી રીતે સમજો છો કે પુત્રપ્રેમ કેવો અનિવાર્ય છે! સંતાન પ્રતિ માતાનું હૃદય કેવું સંકલાયેલું હોય છે! ચોથા આરામાં થયેલા ચક્રવર્તી સગર કે દશરથ જેવાથી એના મોહ ન મૂકાયા. અરે શ્રેણિક રાજા જેવા પ્રભુ–ભકતે બીજા સંખ્યાબંધ પુત્રો છતાં અભય કુમારને સંસાર છોડતાં રોકી રાખ્યો. નાગ સારથી જેવા તત્વ કોવિદને પુત્ર સંબંધી દુઃખ લાગ્યા વિના ન રહ્યું. અને શય્યંભવ સૂરિ જેવા ગચ્છાધિપતિને પણ મનક પુત્રને જોતાં સ્નેહ ઉભરાઇ આવ્યો ત્યાં મારા જેવી અબળાની શી કથા! મ્હારાથી પુત્ર સ્નેહ નથી છોડી શકાતો; બાકી આપને આટલું કહેવાપણું નજ હોય

સૂરિ જેવા તત્વજ્ઞાતાને મોહનું પ્રાબલ્ય નવું નહોતું. તેઓ કર્મરાજના દાવોને સારી રીતે સમજી શકતા હતા. ગુણસુંદરી જેવા આત્માની તેમને દયા આવતી છતાં તેઓ ગંભીર પણ હતા. આજની માફક ઝટ 'મરી જાય છે તો શું કરો છો'? એવું કારી ઘા કરનારૂં વાકય લવી જાય તેમ નહોતા. તેમ જબરાઇ કરીને તેઓશ્રીને શાસન સેવા કરવાના કોડ પણ નહતા કે આમ વિનવણીથી ન બન્યું તો કાવાદાવાથી કામ પાર પાડવા કમર કસે. એમની શાસન પ્રભાવના કરવાની રીતમાં પ્રેમ માર્ગ વિના અન્ય રસ્તોજ નહોતો. એમણે મન શાસન કીર્તિ સર્વ કરતાં વધુ સંરક્ષણીય હતી. એને જરાપણ ક્ષતિ ન પહોંચે કિંવા એની જરા માત્ર અપભ્રાજના ના થાય એ સારૂ તેઓશ્રી સતત્ જાગ્રત રહી પગલું ભરતા. પ્રભુની આજ્ઞા એમણે એવી રીતે પીધી હતી કે પોતાના વ્રતને ધર્મના નામે કે શાસન રક્ષાના ઓઠા હેઠળ લગાર પણ દુષણ ન પહોંચે. એકજ પિતાની પ્રજારૂપ એવા શ્રાવક –સાધુ સંબધમાં પ્રપંચ કેળવવાનું તેમની વૃત્તિમાંજ નહોતું. પુરૂષાર્થ ફોરવવો અને ફળ માટે નચિંત રહેવું એજ તેમનું ધ્યેય હતું.

આથી ગુણસુંદરીના નકારથી તેમને જરા પણ દુઃખ ન લાગ્યું. એકાદ કટુ વચન પણ ન સંભળાવ્યું ત્યાં 'અરે તું તો નાસ્તિક છે' એવું તો બોલાવજ શારીતે! માત્ર એકજ વાકય ઉચ્ચર્યા અને તે પણ મીઠી ભાષામાં–બ્હેન, ત્હારી એમજ ઇચ્છા છે?

સંઘ સભ્યો—બ્હેન જે પુત્રથી શાસનની ઉન્નતિ થનાર છે, અરે જેની વાણીથી ભવિષ્યમાં હજારો જીવનું શ્રેય થનાર છે તેને તું સંસારના કલેશ બંધનોમાં લપટાવી રાજી ન થા. સુરિજી પાછા પધારે તે પૂર્વે એમના ચરણે ધરી અનુપમ લ્હાવો પ્રાપ્ત કરી લે. સુધર્મ સાધુ થશે તેથી ત્હારી ખ્યાતિ ઉલટી વધવાની છે. બીજા સંખ્યાબંધ પુત્રો હોવા છતાં જ્યાં તેમનો ઉપયોગ નથી તેમનું શું પ્રયોજન? તારા કોટિગમે હોવા છતાં તેથી શું ચંદ્રની ગરજ સરે છે! વિચાર કર. ત્હારો પુત્ર અમો છીનવી લેવા નથી આવ્યા પણ તું એક પ્રભાવશાળી બાળની જનેતા છે એનું ભાન કરાવવા આવ્યા છીએ. એ દારકને આ સૂરિ સરખી સરાણ ચઢાવી સંપૂર્ણ ઓપદાર હીરો બનાવવાના અમારા આ પ્રયત્ન છે. આવું અહોભાગ્ય તું શા માટે ચુકે છે! અવશ્ય પુત્ર સ્નેહ દુર્નિવાર્ય છે છતાં એક વખત મોડા વહેલો ઉતારવો પડવાનો છે એ જ્યારે ચોક્કસ છે, તો પછી આ સોનેરી તક શા માટે ગુમાવવી? કયુ માતાપણું પ્રશંસનીય છે? સંસારી સુધર્મની માતા કહેવડાવવાનું કે ભાવિ યશોભદ્રસૂરિની જનેતા તરિકે વિખ્યાત થવાનું?

નજીકમાં રહેલો સુધર્મ, બાળક અવસ્થામાં હતો છતાં આ બધું તે સાંભળી રહ્યો હતો. પૂર્વભવના સંસ્કાર સત્તામાં સાથે લાવ્યો હતો. ઉભય પ્રકારની દલીલોમાં તેને પોતાની માતાની દલીલ નરમ જણાઇ. આંતરિક જુસ્સાએ જોર કર્યું, વિધિ એણે ભાવિ નિર્માણ પ્રતિ ખેંચી જવા લાગી એટલે તે આવી, સ્વમાતને કહેવા લાગ્યો.

માડી, ત્હારા સરખી ધર્મ સ્વરૂપની જાણકાર શા સારૂ આ ગુરૂ મહારાજના વચનને અનુસરવામાં પાછી પાની કરે છે! આ સદ્‌ગૃહસ્થો શું ખોટું કહે છે? મારા વિયોગના નામે તું એક વીર તનયા બની કેમ કાયરતા સેવે છે? એકોજ હું સદાકાળ ત્હારી ગોદમાં બેસી રહેવાનો છું? સંસારમાં જ્યારે ડગલે ને પગલે વિવિધ પ્રકારના કલેશની હુતાશન પ્રજ્વલિત થઇ રહી છે ત્યારે મારા જેવા એકાદને તેમાં રાખવામાં શું તું સાચો પુત્ર-સ્નેહ દાખવે છે? જરા વિચાર તો કર કે આટલી બધી પુત્રવંતીઓ છતાં આ મહાશયો ત્હનેજ આટલું બધું શા સારૂ વિનવી રહ્યા છે! ત્હને શું એમાં કંઇ ભાવિનો સંકેત નથી જણાતો? ભલેને હું ઝાઝું નથી સમજતો છતાં આ સદ્‌ગૃહસ્થોની વાત સાંભળતાં સાચી જણાય છે અને આ શાંતપ્રકૃત્તિ મહાત્માને નિરખતાં સદૈવ એમની છાયામાં વસવાનું મન થાય છે. જોને ઘડી વારમાં રમવા દોડી જનાર હું આજે તેમનાં કોઈ કુદરતી આકર્ષણથી ક્યારનોયે અહીં ચોંટી રહ્યો છું. મહાત્માની પ્રાર્થના પાછી નજ ઠેલાય, તો આ તો આપણા ધર્મગુરૂ. એમના દર્શન એ તો સાક્ષાત્ શ્રી મહાવીરદેવના દર્શન સમા. મને તું અર્પણ કરશે તેથી ત્હારો માતાપણાનો હક ડુબી જવાનો નથીજ. આમ પણ તું જુએ છે તો ખરી કે મારૂં મન કુદરતી સંસારના વળણમાં નથીજ, તો શા સારૂ ઉજ્વળ ભાવિ તરફના પ્રયાણને રોકે છે! હર્ષથી વહોરાવી વીરમાતા બનવાનો અપૂર્વ અવસર સાધી લ્યો.

પુત્રની વાણીથી માતાના આવરણો નષ્ટ થઈ ગયા. ઘડીભર તે વિચાર વમળમાં પડી ગઇ કે બાળક એવો સુધર્મન શું વદી રહ્યો છે? અંતર નાદ સંભળાયો કે એ બાળક દેખાતા સુધર્મનનું સ્થાન આ સંસારમાં નથી, પણ ત્યાગ જીવનના સુવાસિત ઉદ્યાનમાંજ છે. વયમાં ભલેને તે બાલક છે છતાં પૂર્વભવના ઉચ્ચ સંસ્કારથી યુક્ત છે. તે વિના એના મુખારવિંદમાંથી આ શબ્દો નજ ઝરે, જ્યારે ભાવિનું એવુંજ વિધાન છે ત્યારે શા સારૂ વિલંબ કરવો?

તરતજ તેણે ઉછળતા હૃદયે પુત્રની ભેટ ગુરૂદેવના ચરણે ધરી. સૌ સહર્ષ છુટા પડયા. ઇતિહાસ સાક્ષી પૂરે છે કે શ્રી યશોભદ્ર સૂરિએ શાસન પ્રભાવના કરવામાં ધાર્યા કરતાં પણ વધારે શક્તિ દેખાડી બતાવી છે. તેથી તો આજે તે પલાશી ગામના કે એકલી ગુણસુંદરી માતાના સુધર્મન નથી રહ્યા, પણ સારાએ જૈન સમાજના સ્મરણીય મહાત્મા બની ચુકયા છે.

જે સમયમાં આવા લક્ષણ પારખુ મહાત્માઓ હતા અને વિવેક પુરસ્સર દલીલ કરનાર માતાઓ હતી તે સમય અવશ્ય સોનેરી ગણાય, અને એવી દિક્ષાઓ જરૂર ભાગવતી નામને યોગ્ય મનાય. એવા શક્તિ સંપન્ન મહાત્માઓને પણ પુત્રભિક્ષા અને તે પણ પ્રેમ માર્ગે એટલે કે શાંતિના રાહપર રહીનેજ ઉચિત જણાઇ. ત્યારે આજના કેટલાક હલદરના ગાંઠીએ ગાંધી બનનાર અને તેમનીજ પરંપરામાં ઉતરી આવ્યાનો દાવો કરનાર સાધુઓને એવો ધોરી માર્ગ નથી ગમતો એટલુંજ નહિ પણ તેઓને ઇરાદા પૂર્વક દેશના બદલાયલા વાતાવરણમાં-ધમાધમ કરવી ગમે છે. દિક્ષાના નામે કલહ કંકાશ અને નાસ ભાગ એ તો તેઓ રોજના બનાવી બેઠા છે. વળી આ બધી ધમાધમ કદાચ સુધર્મન જેવા પાત્ર માટે હોય તો પણ સંતોષ માનીએ. પણ તેનું તો નામનિશાન પણ ન મળે. ગમે તેને મુંડવો એજ વ્યવસાય હોય ત્યાં પાત્ર કુપાત્રની પરિક્ષા કોણ કરે? આમ ઉઘાડી આંખે પૂર્વજોથી વિપરીત માર્ગ લેવાતો જોવાય છતાં આશ્ચર્યની વાત તો એટલીજ કે એને શાસ્ત્રોક્ત ઠરાવવા સારૂ લાંબી પહોળી દલીલો કરાય અને જાહેરાત સારૂ પૈસાના બળે કેટલાંય કાગળો કાળા કરાય! એનું નામ પણ ભાગવતી દિક્ષા! આથી વધુ અફસોસ કરાવનારી અન્ય શી વાત હોય! સાચી ભાગવતી દિક્ષા તો સદા જયવંતીજ હોય છે. એની પાછળ આજની માફક કોલાહલ કે કદાગ્રહનું નામ પણ ન હોય.

લેખક—ચોકસી.

---

## સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો પ્રત્યે.

કૉન્ફરન્સના બંધારણ અનુસાર ચાલુ સાલ સંવત ૧૯૮૮ નો આપનો શ્રી સુકૃત ભંડાર ફંડનો ફાળો-ઓછામાં ઓછા-રૂપીઆ ૫) તુરત મોકલી આપવા વિનંતિ છે.

કાર્યવાહી સમિતિના ઠરાવ અનુસાર આ ફાળો વર્ષ શરૂ થતાં ચાર માસમાં દરેક સભાસદે ભરી આપવો જોઇએ એ જરૂરી છે. આશા છે કે આપનો ફાળો તુરતજ મોકલી આપવા ગોઠવણ કરશો.

**રણછોડભાઇ રાયચંદ ઝવેરી.**
**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.**
સ્થાનિક મહામંત્રીઓ.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

— લેખક —
ધીરજલાલ ટી. શાહ.

— પાત્ર પરિચય —

સાગરપોતઃ પોતનપુર બંદરનો ધનાઢ્ય વેપારી
સમુદ્રદત્તઃ સાગરપોતનો પુત્ર
સહદેવઃ સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળઃ સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહઃ ભૃગુપુરનો રાજા
કુલપતિઃ સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મીઃ સમુદ્રદત્તની માતા
નંદયંતીઃ સમુદ્રદત્તની પત્ની
મનોરમાઃ સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિઃ સેવાશ્રમની સાધ્વી

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

(ગતાંકથી ચાલુ)

### પ્રવેશ ૨ જો.

(ભૃગુપુર સેવાશ્રમ ઉદ્યાન.)

નંદયંતી૦ ધન્ય રાજા પદ્મક, આર્ય રાજાઓનો આદર્શ તું મૂર્તિમંત કરી રહ્યો છે! તારો જીવનમંત્ર પ્રજાના પિતા થવાનો પ્રજાના સાચા મિત્ર થવાનો છે! અહા આટલી વિદ્યા, આટલું શૌર્ય છતાંયે ગર્વ નથી. આટલો વૈભવ છતાં વિલાસ નથી. રાજ્યની સઘળી આવક પ્રજાના હિતના કાર્યોમાંજ ખર્ચી નાંખે છે. નથી તારા રાજ્યમાં એક પણ આકરો કર કે નથી તારા રાજ્યમાં ચોરી ને લુટફાટ અને તારા રાજ્યમાં એ કદી નહિંજ થાય. જ્યાં પ્રજા પોતાની કમાણી સુખે ભોગવી શકે છે જ્યાં સહુને પેટ પૂરતું ખાવા મળે છે ત્યાં ચોરી ચખારી નજ થાય. એ તો પ્રજાના પાલક ગણાઇને ભક્ષક બનતા રાજવીઓનાં રાજ્યમાંજ હોય. તારો આ સેવાશ્રમ નિહાળતાં વિદ્યા ને સેવાનો આદર્શ મૂર્તિમંત થયેલો જણાય છે. તારા રાજ્યનું આ મહાન્ ગૌરવ છે. અહા! એક દિવસના અહિંના વાતાવરણે મારા હૃદયપર કેટલી અસર કરી!

અહિંના કુળપતિ સેવાશ્રમનો ધ્યેયમંત્ર **सम्यग् ज्ञानक्रियाभ्यां मोक्षः** સમજીને જીવનમાં આચરનારે છે. એમનું જીતેંદ્રિયપણું, એમનું નિર્લોભીપણું, એમનું નિર્મળ બ્રહ્મચર્ય મનુષ્ય માત્રને મુગ્ધ કરવાને બસ છે. એમની અમૃતવાણી વાતમાત્રમાં અનેક સંશયોનું છેદન કરે છે. અરે! આવા કુલપતિ વિના આશ્રમ આ સ્થિતિએ હોયજ નહિ. કુલપતિ એટલેજ આશ્રમ અને આશ્રમ એટલેજ કુલપતિ. આ ગુરૂના ચરણ સેવતાં જરૂર મારૂં કલ્યાણ થશે

(શાન્ત અને ભવ્ય આત્મા કુલપતિ પધારે છે.)

નંદયંતી૦ નમસ્તે ગુરૂદેવ!

કુલપતિ૦ કલ્યાણ હો પુત્રી! રાજા પદ્મસિંહે તમારી હકિકત કહી છે. આ સેવાશ્રમનું વાતારણ તો ગમશે ને?

નંદ૦ ગુરૂદેવ! આ વાતાવરણની શી વાત કરૂં! આ મુખે કહેવું અશકય છે. શાસ્ત્રોમાં સાંભળેલો ધર્મ અહિ આચરણમાં જોવાય છે. તેનો પ્રભાવ પ્રત્યક્ષ અનુભવાય છે. ગુરૂદેવ, થોડા વખતમાં મારા મનનો સંતાપ દૂર થયો છે.

કુલ૦ કોઇ પણ સંસ્થાની પ્રથમ દર્શને પડેલી છાપ પરથી આકર્ષાવાની જરૂર નથી. અહીં નિયમન નથી છતાં નિયમન છે. સ્વતંત્રતાની સાથે સંયમ છે. એટલે થોડો વધારે વખત અહીં રહી વાતાવરણથી પરિચિત થા.

નંદ૦ ગુરૂદેવ! અહીંના વાતાવરણમાંજ પવિત્રતા ભરેલી દેખાય છે. અહીં રહેવાની દીક્ષા આપો.

કુલપતિ૦ **પુત્રી, ઉતાવળ ન કર. સાધુ જીવનની તપસ્વી જીવનની દીક્ષા સ્હેલ નથી. સંસારના કડવા અનુભવો ઉપરથી ઉત્પન્ન થયેલો ક્ષણિક વૈરાગ્ય એ સંયમી જીવનની લાયકાત નથી. એ લાયકાત મેળવવા સહુથી પહેલાં સંયમ ને સેવા ધર્મનું પુરતું જ્ઞાન મેળવવું જોઇએ અને પુનઃ પુનઃ વિચાર કરી પછીજ એ દીક્ષા અંગીકાર કરવી જોઇએ.** વળી તું ગર્ભવતી છે, એટલે જ્યાં સુધી તને પ્રસવ ન થાય ત્યાં સુધી એ દીક્ષા ન અપાય. બાકી આશ્રમમાં આદર્શ ગૃહસ્થાશ્રમી માટે પણ સ્થાન છે. ત્યાં રહી પવિત્ર જીવનનું પહેલું પગથીયું શીખ.

નંદ૦ જેવી આજ્ઞા ગુરૂદેવ! આપની વાણીએ મારા અજ્ઞાન તિમિરના પડ ભેદી નાંખ્યા છે.

(ફુલ છોડને પાણી પાતી એક તાપસી આવે છે.)

કુલપતિ૦ સુમતિ! આ દેવીને ગૃહસ્થાશ્ર વિભાગમાં લઇ જા અને તેની સઘળી કાર્ય પ્રણાલિકાથી વાકેફ કર. (જાય છે.)


## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂા. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂા. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂા. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂા. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂા. ૧ ૮-૦ |
| જૈન ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂા. ૫-૦-૦ |
| ” ” ” ભાગ બીજો | રૂા. ૩-૦-૦ |

લખોઃ-શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.

( अनुसंधान पृष्ठ ३८ से चालु )

to their respective abilities, that is, in proportion to the revenue which they respectively enjoy under the protection of the state."

इसका अर्थ है कि राज्य की प्रत्येक प्रजा को राज्य संचालन के लिए अपनी शक्ति अनुसार यानि जितनी पेदा वह राज्य के सुप्रबन्ध के नीचे रहकर करता है उसके अनुसार, अपनी पैदा का एक भाग राज्य को अर्पण कर देना चाहिए।

इस से यह सिद्ध होता है कि हरएक व्यक्ति को राज्य संचालन के लिए कुछ त्याग करना चाहिए। धनी हों, वे अपनी हैसियत अनुसार ज्यादा करें एवम् गरीब कम्। राज्य के संचालन–व्यय की द्रष्टि से कर का होना आवश्यक है ही परन्तु और भी कई एक कारण हैं जिन पर हम विचार करेंगे। उन कारणों पर विचार करनेके पहिले यह जान लेना आवश्यक है कि राज्य का एक मात्र उद्देश है–अधिक से अधिक संख्या की भलाई करना। जब राज्य का यह उद्देश है तो राज्य की आय तो जरूर ही सर्व साधरण के लाभ के लिए खर्च होनी चाहिए। क्योंकि आय कर से ही मुख्यतर होती है। इसलिए कर विभाग की भी यही ध्येय हो जाता है कि कर उन्हीं वस्तुओं पर लगानी चाहिये जिससे देश को, राजनीति, समाज नीति एवम् अर्थ नीति तीनों द्रष्टिकोणों से लाभ हो। यह कैसे हो सकता है इसीका विवेचन हम नीचे करेंगे।

सर्व प्रथम अपने राजनीतिको ही लेते हैं। प्रत्येक राज्य प्रणाली का यह ध्येय होना ही चाहिए कि राज्य में अधिक से अधिक संख्या में जनता सुखी रहे। प्रजा अधिक से अधिक संख्या में सुखी उसी समय रह सकती है जबकी अधिक से अधिक संख्या को कम से कम जीवन निर्वाह की चीजें तो मिला ही करें। परन्तु इस बीसवीं सदी में यह बात नहीं। कई आदमी तो आप को अत्यन्त हो धनाढ्य मिलेंगे जो अपने दिन आनन्द सहित भव्य भवनों में बिताते हैं। दूसरी ओर बहुत–सी संख्या उन गरीब भाइयों की मिलेगी जिनको पेट भर भोजन भी नही मिलता। भव्य भवन तो दूर रहे सड़कों पर ही जीवन व्यतीत करना पडता है! यह इतना अन्तर क्यों? क्या दोनों मनुष्य नहीं? पश्चिमीय देशों में इस अन्तर को मिटाने का आन्दोलन हो रहा है एवम् भिखारियों की संख्या तो बिल्कुल ही नहीं के बराबर हो गई है। परन्तु भारतवर्ष में ऐसा प्रयत्न करे कौन? यह काम है स्थानीय राज्य प्रणाली का। राज्य के मालिक तो हम नहीं। भला विदेशी हमारे लिए क्यों सोच करें? उन्हें क्या मतलब? खैर, यह विषयान्तर है। हमें अपने मुख्य विषय पर विचार करना चाहिये। बहुधा धनियों में इतना विचार ( common sense ) नहीं होता कि वे इस भयंकर अन्तर पर विचार करें एवम् यह सोचें कि वे कितने और भाइयों को दरिद्रावस्था में पहुंचा कर स्वयम् धनी बने हैं। इसलिए यह काम देश की राज्य प्रणाली अपने हाथ में लेती है और फल स्वरुप धनियों पर नाना प्रकारकी कर बिठाकर गरीबों के लाभके लिए उन रुपयोंको लगाती है। साधारण जनता के स्वास्थ्य, शिक्षा एवम् बेकारी के प्रश्नोंको हल करने में उस धन का सदुपयोग करती है। धनियों से किस रूपसे यह धन अदा किया जाता है इसको समझके लिये इनकम–टेक्स ( Income tax ) का उदाहरण प्रयाप्त होगा। किसी हद–तक लाभ होने मे इनकम टेक्स नहीं लगता एवम् एक हद के उपर लाभ हो जाने से फिर ज्यादा टेक्स ( Super-tax ) लगाना शुरु हो जाता है। इंग्लैण्ड में विवाहितों, जिसके घर में पढ़ने वाले ज्यादा हों और जिस धर में कमाने वाले कम और खाने वाले अधिक हों, इन सब को कम कर लगाता है। सारांश यह कि हरएक व्यक्ति के उसकी शक्ति के अनुसार कर लगता है। गरीब में तो शक्ति होती ही नहीं इसलिए ऐसी करों का भार धनियों पर ही विशेष पड़ जाता है। संक्षेप में हम यह कह सकते हैं कि राजनैतिक दृष्टिसे अत्यन्त गरीब एवम् प्रचण्ड धनाढ्यपन इन दोनों दशाओं को एक शान्ति दायक बीच की दशा मे लाने के लिए कर का होना अनिवार्य हैं। परन्तु इसके साथ २ यह बात ध्यान मे रखनी अत्यन्त ही आवश्यक है कि इस प्रकार की करों से प्राप्त धन जन–साधारण के लाभ क लिए ही खर्च होना चाहिए न कि कर्मचारियों की जेबें भर जांय और नाच एवम् दावतो मे खर्च हो। ( अपूर्ण )

## श्री आत्मानन्द जैन गुरुकुल पंजाब, गुजरांवाला

का षष्ठ वार्षिकोत्सव ईस्टर की छुटियों मे ता. २५–२६ व २७ मार्च १९३२ को श्रीयुत बावु बहादुरसिंहजी सिंघी रईस कलकत्ता निवासी की सभापतित्व मे होना निश्चित हुवा है। इस शुभ अवसर पर जाति के सुप्रसिद्ध सज्जनों तथा विद्वानों के पधारने की पूरी आशा है। शिक्षा से आंतरिक, सामाजिक आदि विषयों पर प्रभावशाली व्याख्यान होंगे। और विद्यार्थीयों की बनाई हुई वस्तुओं की प्रदर्शिनी और व्यायाम के खेल भी होंगे। सब भाई बहनों से सविनय पधारने की विनंति है।

**कितिप्रसाद जैन** मानद् अधिष्टाता,
**श्री आत्मानन्द जैन गुरुकुल पंजाब, गुजरांवाला.**

# कर आरोपण और उसके नियम.

[ श्री चुनीलालजी मालू ]

कोई भी राज्ज बिना धन के नहीं चल सकता। राज्यके प्रत्येक विभाग के संचालन में धन की आवश्कता होती है। जैसे २ सभ्यता का विकास हुवा वैसे २ राज्य सम्बन्धी व्यय में भी वृद्धि हुई। इस्वी सन् १८९० से लेकर १९१४ तक का समय राज्य-संचालन में खर्च की वृद्धि में प्रसिद्ध है. सन् १९१४ से लेकर १९१८ के समय में तो इतना खर्चा हुआ जिसके मुकाबिले का उदाहरण दुनियां के इतिहास में कहीं भी नहीं मिलता। इसका कारण था संसार व्यापी महा-युद्ध का होना। युद्ध के समाप्त होने पर भी खर्चे में विशेष कमी नहीं हुई। कई एक देशों में तो युद्ध सम्बन्धी कर्ज का प्रति वर्ष व्याज, उनके युद्ध के पूर्व के प्रति वर्ष के सर्व प्रकार के सम्मिलित खर्चे से भी ज्यादा हो गया। उदाहरणार्थ इङ्गलैण्ड के सन् १९२० का राष्ट्रीय कर्ज का व्याज सन् १९१३ के तमाम राज्यकीय व्ययके करीब दो गुना था। इसके अलावा युद्ध में शामिल होने वाले योद्धाओं की पेन्सन का भार भी राज्य के माथे पर आपड़ा।

ऊपर लिखे अनुसार यह प्रतीत होता है कि राज्यकीय व्यय की वृद्धि जरूरत से ज्यादा होगई। क्यों होगई?-क्या उसको कम करना अनिवार्य है? यह हमारे विषय के बाहिर की बात है। हमारा तो विषय है "कर और उसके साधारण नियम"। प्रसंग वश यह कह देना जरूरी था कि राजकीय व्यय में दिनोदिन वृद्धि हुई एवं इसका कर के साथ घनिष्ठ सम्बन्ध रहा है। कर पर विचार करने के पहिले व्यय पर थोडा विचार करना जरूर है। कर और व्यय का चोली दामन का साथ है। कर का लेना उसी समय सफल समझा जाता है जब कि उसके द्वारा प्राप्त धन देश को उन्नत बनाने में लगाया गया हो। यदि ऐसे शुभ कार्यों में कर की वृद्धि ही हो तो कोई हर्ज नहीं। परन्तु ऐसा हुआ नहीं। महा-समर के रचने एवं उसमें खर्च हुए रुपयों के व्याज चुकाने के लिये ही कर की दिनो-दिन वृद्धि हुई है। Indian fiscal Commissi n Report से तो यह ज्ञात होता है कि कर की लगातार वृद्धि ही वृद्धि हुई है। हां इसमें और भी कई कारण हैं जैसे सन् १८९४ में स्टरलिंग की दर घटनेसे कई एक नई करें बैठी थीं जैसा कि हाल ही में हुआ है। खैर, अब हम अपने विषय पर आते हैं।

राजकीय आय के दो प्रधान साधन है:-(१) Quasi private Revenue (२) Taxation। इन दोनों में कर ही मुख्य है। हम "कर" पर विचार करने के पूर्व राजकीय आय के पहिले साधन पर थोडा सा प्रकाश डालेंगे।

Quasi private Revenue से मतलब है राज्य की निजी आमदनी। इस साधन को हम तीन भागों में विभाजित करते है जिससे कि इसका समझना और भी सरल हो जाय:-

Quasi Private Revenue

(1) Property | (2) Services rendered by state | (3) Productive Enterprise

Property—से अर्थ है राजकीय जमीन जायदाद और उससे उपज। उदाहरणार्थ इङ्गलैण्ड की राजकीय जमीन (क्राउन लैण्डस्) ही लीजिये। इससे प्रति वर्ष ६५०००० पौंड की आय है। इसके अलावा इङ्गलैण्ड ने स्वेज केनाल (Swez cannal) के सेयर्स जो अपने लिये खरीदे थे उनकी आय भी प्रति वर्ष करीब १२०००० पौंड के है।

(२) Services rendered by state : इसके नीचे कानून विभाग की फीसें, पेटेंट राइटस की फीसें आदि आती हैं।

(३) Productive Enterprise :—इस विभाग के नीचे, पोस्ट आफिसें, रेलें, टकसाल आदि के महकमें आते हैं जिससे भी राजको अच्छी पैदा होती है।

पाठकों को राज की आय के एक साधन का तो साधारणसा ज्ञान हो गया। यह साधन भी एक बड़ा साधन है परन्तु कर का महत्व इससे कहीं अधिक है। क्योंकि यह साधन सब देशोंका एकसा नहीं इसलिए उनका सब दारोमदार कर पर ही रहता हैं।

"कर" पर विस्तार पूर्वक विचार करने के पूर्व यह क्या है? यह जानना तो अत्यन्त ही जरूरी है। इसकी परिभाषा के लिये तो एडम साहब (Adam smith) को उद्धृत करना ही ठीक रहेगा क्योंकि ये ही पश्चिमीय अर्थ शास्त्र के सर्व प्रथम लेखक गिने जाते है।

"The subject of very state ought to contribute towards the support of the government as nearly as possible in proportion

(अनुसंधान पृष्ठ ३७ में)

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:- હિંદસંઘ' 'HINDSANGH'
Regd. No. B 1996.
॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.
# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનુ ૭ મું
નવું ૨ જુ.

તા. ૧૫ મી માર્ચ ૧૯૩૨.

અંક ૬ ઠો.

## જૈન યુગ.

તા. ૧૫-૩-૩૨. મંગળવાર.

## આપણું કેળવણી મંડળ.

ધાર્મિક અને વ્યવહારિક કેળવણીના વિશિષ્ટ પ્રકારે સંગઠિત પ્રયાસોદ્વારા પ્રસારના શુભ હેતુથી આપણું એજ્યુકેશન બોર્ડ આજે વર્ષો થયા યથાશક્ય પ્રયાસ કરી રહ્યું છે અને પ્રતિવર્ષ ધાર્મિક ઇનામી હરીફાઈની પરીક્ષાઓ લેવામાં આવે છે જેમાંની છેવટે લેવાયેલી પરીક્ષાનું પુરૂષ વિભાગનું પરિણામ આ અંકમાં પ્રકટ થયું છે. સ્ત્રી વર્ગનું પરિણામ સ્થળ સંકોચના કારણે આવતા અંકમાં પ્રકટ થવા પર મુલતવી રાખવું પડયું છે.

પ્રાપ્ત વર્ષના પરિણામો જોતાં હરીફાઇમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વૃદ્ધિંગત થઇ છે એટલુંજ નહિં પણ પરીક્ષાનાં સ્થળો (Centres) વધ્યાં છે તેમજ સ્ત્રી અને પુરૂષ વિદ્યાર્થીઓમાં આ પરીક્ષાનો લાભ લેવાની ભાવના પણ વધતી જણાઈ છે એ ખરેખર હર્ષનો વિષય છે.

આ કાર્ય ઉપરાંત સામાન્યત: વ્યવહારિક કેળવણીનાં ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને સ્કૉલરશિપો આપવામાં આવે છે અને ધાર્મિક અભ્યાસ કરાવનારી પાઠશાળાઓને પણ બોર્ડના આર્થિક સંજોગો લક્ષમાં લઇ ગ્રાંટ આપવામાં આવે છે.

જૈન સમાજની મધ્યવર્તી સંસ્થા હસ્તક ચાલતું આ ખાતું વિશેષ જાગૃત થાય, વિશેષ પ્રગતિ કરી શકે એવા સ્થીતિ સંજોગ ઉત્પન્ન થાય એ ઘણું જરૂરી છે. ધાર્મિક અને વ્યવહારિક એ બન્ને કેલવણીનાં ક્ષેત્રો વિશાળ છે અને તે અંગે જૂદી જૂદી દૃષ્ટિએ વિચારવામાં આવે તો ઘણું કરવાનું છે.

બોર્ડની સ્થાપના બાદ આજ સુધી જુદા જુદા સેન્ટરોમાં પુરૂષ અને સ્ત્રી વર્ગની ધાર્મિક પરીક્ષાઓ લેવાય છે અને પરીક્ષાના સેન્ટરો અને બેસનારાઓની સંખ્યા નિસંશય ઉત્તરોત્તર વધતી ગઇ છે તેથી સંતોષ માની લેવાનું કારણ નથી. પંજાબ, યુ. પી., બંગાલ, માળવા, મેવાડ, કચ્છ આદિ પ્રાંતોમાં આપણી ઘણી પાઠશાળાઓ વિદ્યમાન છે, તે તે પ્રાંતોમાં કેન્દ્ર સ્થળો વધે અને વિદ્યાર્થીઓ વધુ લાભ લેતા થાય તે માટે પ્રચારની જરૂર રહ્યા કરે છે. અભ્યાસક્રમ જુદી જુદી ભાષામાં છપાવી ધાર્મિક કેળવણીની ઉપયોગિતા અને તેથી જીવનપર થતી અસરપર સંબંધે પત્રિકાઓ પ્રકટ કરાવવા ઉપરાંત જ્યાં જ્યાં પાઠશાળાઓ હોય ત્યાં નિરીક્ષકો (Inspector) મોકલી શિક્ષણ અંગેની ખામીઓ દૂર કરાવી બોર્ડના અભ્યાસક્રમને સર્વે સ્થળે ચાલુ કરાવવા પ્રયત્ન કરવાથી ધાર્મિક અભ્યાસને વધુ પ્રગતિમાન બનાવી શકાશે.

આજનું વાતાવરણ વિચારતાં કેળવણીની દિશામાં રચનાત્મક કાર્ય હાથ ધરવામાં આવે તો ઘણું બંધ બેસતું થઈ પડે તેમ જણાયા વિના ન રહે.

દાખલા તરીકે છાત્રાલયોનું સંમેલન શિક્ષણ વિષયક અને તે અંગે અન્ય જરૂરી બાબતોના વિચારો કરી એકધારી પ્રવૃત્તિ અને પદ્ધતિ સર્વત્ર સ્થાપિત કરી બંધારણ અને વ્યવસ્થાપૂર્વક પ્રયાસો કરી શકે. જૂદે જૂદે સ્થળે ચાલતી સંસ્થાઓનો પ્રાણવાયુ ચોકસ માર્ગોએ સંચરે તો વ્યવસ્થા વધે, વ્યવસ્થા અંગેનાં ખર્ચો ઘટે અને એકંદરે સમાજને અવશ્ય મ્હોટો લાભ થાય. આ અને આવી અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી બોર્ડનું કાર્ય સમસ્ત હિંદના જૂદા જૂદા વિભાગોમાં પ્રસરી વૃદ્ધિગત થાય એ જરૂરી છે.

આ પત્રની કટારોમાં અગાઉ પણ શ્રી મોહનલાલ દ. દેશાઇ મારફતે યોગ્ય પ્રેરણાઓ-સુચનો થયાં છે તે સર્વ વિચારી આપણું કેળવણી ક્ષેત્ર વિશેષ ખેડાય તો 'બોર્ડ' દ્વારા ઘણું થઇ શકે.

આ કાર્યક્ષેત્રને વિસ્તૃત બનાવવા 'બોર્ડ'ના આર્થિક સંજોગો સુધારવા માટે પણ સમાજના આગેવાન શ્રીમંતો ન ચુકે એ પણ એટલુંજ આવશ્યક છે.

( अनुसंधान पृष्ठ ४६ से चालु )

के लिए विदेशी कपडा ही लीजिये। इस करको सर्व प्रथम तो कपड़े का खरीदार (Importer) हो गया परन्तु अन्त में इसका भार व्यौहार करने वालों ( consumers ) पर ही पड़ेगा।

करों का भार विशेष रूपसे धनियोंपर ही पडना चाहिये। बेचारे गरीबोंको, जिनको भर पेट भोजन ही नहीं मिलता, इसके बोझ से जहां तक हो बचाना चाहिए। परन्तु इस अप्रत्यक्ष कर indirect tax का तो असर गरीब एवम् अमीर दोनों पर एक-सा ही पडता है। इसलिये जहां तक हो जीवन की साधारण जरूरतों पर कर नहीं होनी चाहिये। परन्तु हमारे देश में तो नमक पर भी कर है जिसके बिना गरीब व अमीर दोनों ही जीवन निर्वाह नहीं कर सकते। इसी नमक के कर ने फ्रांस में विप्लव मचा दिया था। तथा महात्मा गांधी ने भी अपने ऐतिकासिक आन्दोलन में, इसको प्रथम स्थान दिया है।

अब हम दूसरे प्रश्न पर विचार कर इस लेख को समाप्त करेंगे। जैसा कि उपर लिखा गया है हमारा दूसरा प्रश्न है–कर को इकट्ठे करते वक्त किन २ बातों को ध्यान में रखना आवश्यक है। ये हम नीचे क्रमशः देते है।

(१) जितना कर किसी आदमी से लेना हो उसकी संख्या पहिले से ही बता देना चाहिये। यह नहीं होना चाहिए कि बिना उसके बताये ही एकदम मन में आया वही कर उससे मांगने लगे।

(२) कर देने का समय, स्थान, पहिले से ही निश्चित होना जरूरी है। ये बातें तमाम सर्व साधारण को जतानी अत्यन्त आवश्यक है।

(३) कर उसी समय अदा करनी चाहिये जब लोगों को देने में विशेष कष्ट न हो। रियाया के सुभोते अनुसार समय को ही कर अदा करने का निश्चित समय बनाना चाहिये।

(४) कर अदा करने में जहाँ तक हो कम से कम खर्च हो। यह नहीं कि आफिसरों की जेबें भर जांवे और गरीब जनता के फायदा के लिए कुछ भी नहीं बेचे।

( ओशवाल नवयुगसे उध्धृत. )

## श्री आत्मानन्द जैन गुरुकुल पञ्जाब.

इस संस्थाका वार्षिकोत्सक ता. २५–२६–२७ मार्च १९३२ तदनुसार मिति चैत्र बदी ३–४–५ शुक्र, शनि, रविवार को गुरुकुल भवन में शिक्षा प्रेमी श्रीयुत बाबू बहादुरसिंह जी सिंधी रईस कलकत्ता के सभापतित्व में होना निश्चित हुआ है।

इस शुभ अवसर पर आपको अनेक विद्वानों के व्याख्यान मनोहर भजन, विद्यार्थियों के भाषण तथा बाद-बिवाद सुनने और विद्यार्थियों द्वारा बनाई गई वस्तुओं से सुशोभित प्रदर्शिनी व विविध खेलों और फौजी ड्रिल के देखने का आनन्द प्राप्त होगा। आप से आग्रह पूर्वक प्रार्थना है कि आप अपने मित्रों व परिवार सहित पधार कर उत्सव की शोभा बढ़ाने की कृपा करें।

**कीर्तिप्रसाद जैन,** B. A. L. L. B.
मानव अधिष्ठाता गुरुकुल।

**નીચેનો ખુલાસો પ્રકટ કરવા માટે અમને મળ્યો છે.**

**બહાર પડશે.**

અમારા તરફથી તૈયાર થતો "જૈન તીર્થોનો સચિત્ર ઇતિહાસ" હાલ પ્રેસમાં છપાઇ રહેલ છે. આ પુસ્તક માટે ઘણીજ શોધખોળ અને ઘણાંજ પુસ્તકોનું અવલોકન કરવાનુ તેમ શિલાલેખો મેળવવા માટે તેમાં વધારે સમય લાગેલ છે પરંતુ હવે તેને માટે લગભગ મળતી સામગ્રી તૈયાર થઈ ગએલ હોવાથી થોડા સમયમાં બહાર પાડવાની આશા રાખવામાં આવે છે.

આ પુસ્તકના જેઓ અગાઉથી ગ્રાહકો થયા છે તેમના તરફથી આવેલ ડીપોઝીટની રકમ જૈન શ્વે. કોન્ફરન્સ ઓફીસમાં જમા રાખવામાં આવેલ છે તે માટે જે ગ્રાહકોને ઉતાવળ હોય તેઓ પોતાની રકમ આપેલ પહોંચ પાછી આપી ડીપોઝીટ લઇ શકે છે.

પુસ્તક તૈયાર થવાથી ગ્રાહકોને અમો સુચના આપીશું.

તા. ૨૪-૨-૩૨ લી૦
**નાથાલાલ છગનલાલ શાહ.**

# સ્વીકાર અને સમાલોચના.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો** સોળમો વાર્ષિક રિપોર્ટ વિ. સં. ૧૯૮૬-૮૭ પ્રકાશક-શ્રી મોતીચંદ ગિ કાપડીઆ, ગોવાલીઆ ટેંક, જૈન વિદ્યાલય, મુંબઇ ૭.

આ સંસ્થાએ ગત વર્ષોમાં જુદી જુદી દિશાઓમાં સારી પ્રગતિ કરી છે. ખર્ચ પુરતી આવક નથી. ખોટ પડે છે તે પૂરવા કેળવણી પ્રિય શ્રીમંત બંધુઓ અવશ્ય ધ્યાન આપે એમ ઇચ્છીશું.

—શ્રી યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમ મહુવાનો સં. ૧૯૮૩ થી ૮૭ સુધીનો રિપોર્ટ.

—દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વેતાંબર બોર્ડીંગ સાંગલી–સં. ૧૯૮૬ થી ૮૭ સુધીનો રિપોર્ટ. ૧૬ થી ૧૯ વિદ્યાર્થીઓ છાત્રાલયમાં છે. દરેક વિદ્યાર્થી પાછળ માસિક સરેરાસ ખર્ચ રૂા. ૧૫-૧૬ સંસ્થાને પડે છે. દક્ષિણ મહારાષ્ટ્રમાં આ સંસ્થા ઠીક કાર્ય કરી રહી છે.

**ઓશવાલ નવયુવક સંમેલન—**

આવતા મે માસની તા. ૨૧-૨૨ ના રોજ સુજાનગઢ ( બીકાનેર ) માં ઓશવાલ નવયુવક સંમેલન મળવાનું છે.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ

તરફથી લેવાતી

**શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ ધાર્મિક તથા પ્રાકૃત અને અ૦ સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાલ સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની તા. ૨૭-૧૨-૧૯૩૧ રવિવાર ના રોજ લેવાયેલી ઇનામી પરીક્ષાઓ.**

## પરિણામ.

### પુરૂષ ધોરણ ૫ વિભાગ ૭ क ( प्राकृत )

પરીક્ષક-પંડિત પાનાચંદ ખુશાલભાઇ. મુંબઇ.

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ગોટીલાલ સેઠીયા | છોટી સાદડી | ૭૫ | ૨૫ |
| ૨ | વસંતીલાલ જારોલી | ,, | ૭૦ | ૧૫ |
| ૩ | મીઠુલાલ નંદાવત | ,, | ૬૭ | ૧૦ |
| ૪ | મોહનલાલ ખટવડ | ,, | ૬૫ | |
| ૫ | દેવીલાલ ઓસવાલ | ,, | ૬૨ | |
| ૬ | નાથુલાલ ડુંગરવાલ | ,, | ૫૭ | |
| ૭ | રાજમલ લોઢા જૈન | ઇન્દોર | ૫૧ | |
| ૮ | ગેંદાલાલ દોશી | છોટી સાદડી | ૪૪ | |

### પુરૂષ ધોરણ ૫ વિભાગ ૧ क ખંડ

પરીક્ષક—શ્રી. દરબારીલાલજી ન્યાયતીર્થ. મુંબઇ.

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | પોપટલાલ વ્રિ. મોનજી મેતા | અમદાવાદ | ૬૯ | ૨૦ |
| ૨ | રતનલાલ સિંઘવી | છોટી સાદડી | ૫૯ | ૧૦ |

### પુરૂષ ધો. ૫ વિ. ૩ ૫૦—શ્રી. પંડિત દરબારીલાલજી.

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ચીમનલાલ જયચંદભાઈ | પાદરા | ૭૨ | ૨૦ |

### પુરૂષ ધો. ૪ क ૫૦—શ્રી દરબારીલાલજી ન્યાયતીર્થ.

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ડાંગી સૂર્યભાનુ | છોટી સાદડી | ૭૩ | ૨૦ |
| ૨ | ઉંદલાલ ડુંગરવાલ | ,, | ૫૫ | ૧૨ |

### પુરૂષ ધો. ૪ વિ. ख ૫૦-શ્રી મોહનલાલ દી. ચોકસી

( ૨ વિદ્યાર્થીઓ બેઠાં તેમાંથી ૧ પાસ )

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | કુંવરજી મોહનલાલ શાહ | પાલીતાણા જૈ. બા. | ૫૧ | ૨૦ |

### પુરૂષ ધો. ૩ ૫૦—શ્રી પોપટલાલ સકરચંદ, ભાવનગર

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ચીમનલાલ તારાચંદ શાહ | ભાવનગર | ૫૫ | ૧૮ |
| ૨ | શાન્તિલાલ વર્ધમાન શાહ | ,, | ૪૫ | |
| ૩ | પ્રસન્નલાલ મોહનલાલ | પાલીતાણા બાલાશ્રમ | ૪૩ | |
| ૪ | હીંમતલાલ નથુભાઇ દેવચંદ | ભાવનગર | ૪૧ | |
| ૫ | અમરચંદ જેઠાભાઈ | પાલીતાણા બાલાશ્રમ | ૩૩ | |

### પુરૂષ ધો. ૨ ૫૦—જીવરાજ રામજી શાહ. મુંબઇ.

( ૧૧ વિદ્યાર્થીઓ બેઠાં તેમાંથી ૪ પાસ )

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | શા. સોમચંદ હરગોવનદાસ | છાણી | ૬૩ | ૧૫ |
| ૨ | શાહ મોહનલાલ ચુનીલાલ | ઈડર | ૬૨ | ૧૨ |
| ૩ | શાહ કાંતિલાલ મૂળચંદ | ઇડર | ૫૭ | ૯ |
| ૪ | હસ્તીમલ ખીમરાજજી | સાદડી | ૫૦ | ૬ |

### પુરૂષ ધો. ૧ ૫૦—શ્રી ભોગીલાલ લલુભાઇ મુંબઈ.

( ૭૨ વિદ્યાર્થીઓ બેઠાં તેમાંથી ૬૯ પાસ )

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | શા. માણેકલાલ છોટાલાલ | પાટણ | ૭૯ | ૧૫ |
| ૨ | શા. કાન્તિલાલ મોહનલાલ | પાટણ | ૭૫ | ૯ |
| ૩ | શા. ચિમનલાલ ભાઇલાલ | સુરત જૈ. વિ. આ. | ૭૫ | ૯ |
| ૪ | મહેતા જયંતિલાલ ભુદરજી | જુનાગઢ | ૭૨ | ૪ |
| ૫ | વોરા ખિરજલાલ ગોરધનદાસ | ભાવનગર | ૭૨ | ૪ |
| ૬ | શાહ કાન્તિલાલ ડાહ્યાલાલ | ઇડર | ૭૨ | ૪ |
| ૭ | શાહ અમૃતલાલ શિવલાલ | અમદાવાદ ચિ. ન. બો. | ૭૨ | ૪ |
| ૮ | શાહ હીરાચંદ દુર્લભદાસ | ભાવનગર | ૭૨ | ૪ |
| ૯ | શાહ કાન્તિલાલ પાનાચંદ | ઇડર | ૭૦ | ૨ |
| ૧૦ | શાહ કાંતિલાલ લહેરચંદ | ઉંઝા | ૬૯ | ૨ |
| ૧૧ | મોદી કક્કલદાસ રવચંદભાઇ | પાલણપુર | ૬૮ | |
| ૧૨ | શાહ હીરાલાલ ગિરધરલાલ | સુરત ન. ઘે. હાઇ. | ૬૮ | |
| ૧૩ | શા. ગણપતલાલ મોહનલાલ | નિપાણી | ૬૭ | |
| ૧૪ | શા. રતિલાલ છગનલાલ | આમોદ | ૬૬ | |
| ૧૫ | કાંઠી બચુલાલ નિહાલચંદ | પાલણપુર | ૬૫ | |
| ૧૬ | મંગુલાલ કુબેરદાસ કોઠારી | ઈડર | ૬૫ | |
| ૧૭ | શાહ જેસિંગલાલ નાગરદાસ | પાલણપુર | ૬૩ | |
| ૧૮ | દોશી જયંતિલાલ સાંકળચંદ | ઈડર | ૬૨ | |
| ૧૯ | શાહ અમૃતલાલ ભોગીલાલ | પાટણ | ૬૧ | |
| ૨૦ | ગાંધી પોપટલાલ ડાહ્યાલાલ | ઇડર | ૬૧ | |
| ૨૧ | શાહ ચિમનલાલ છગનલાલ | પાટણ | ૬૧ | |
| ૨૨ | મગનલાલ ગોડાભાઇ પટેલ | સુરત જૈ. વિ. આ. | ૬૦ | |
| ૨૩ | ભીમાની બાબુભાઇ રૂગનાથ | ,, | ૫૯ | |
| ૨૪ | બુલાખીદાસ દોલતચંદ | અમદાવાદ જૈ. શ્વે. મૂ. બો. | ૫૮ | |
| ૨૫ | દુલભદાસ છગનલાલ ગોવિંદજી ગાંધી | ભાવનગર | ૫૮ | |
| ૨૬ | કાંતિલાલ દોલતચંદ | અમદાવાદ જૈ. મૂ. બો. | ૫૭ | |
| ૨૭ | હઠીચંદ માધવજી સલોત | લિંબડી | ૫૭ | |
| ૨૮ | બાદરમલ અનોપચંદ પરીખ | થરાદ | ૫૭ | |
| ૨૯ | મફતલાલ ચુનીલાલ મહેતા | પાલણપુર | ૫૭ | |
| ૩૦ | ચિમનલાલ જીવરાજભાઇ શાહ | ,, | ૫૭ | |
| ૩૧ | શાહ પરમાણંદ મોહનલાલ | પાદરા | ૫૭ | |
| ૩૨ | મનસુખલાલ છોટાલાલ ભાઇચંદ | ભાવનગર | ૫૭ | |
| ૩૩ | હિમતલાલ પ્રેમચંદ | અમદાવાદ જૈ. મૂ. બો. | ૫૫ | |
| ૩૪ | ભીમચંદ સગનચંદ મેથા | નિપાણી | ૫૬ | |
| ૩૫ | શા. અમૃતલાલ છગનલાલ | આમોદ | ૫૫ | |
| ૩૬ | મનસુખલાલ નથુભાઇ દોશી | ભાવનગર | ૫૫ | |
| ૩૭ | શાહ હીરાચંદ ખીમચંદ | સુરત જૈ. વિ. આ. | ૫૪ | |
| ૩૮ | શાહ અમૃતલાલ મંગળજી | પાલણપુર | ૫૩ | |
| ૩૯ | રતિલાલ કુંવરજી ડાર | પાલીતાણા (ય. ગુરૂકુલ) | ૫૩ | |
| ૪૦ | વનમાલી જેઠાલાલ પટેલ | ,, ,, | ૫૨ | |
| ૪૧ | રતિલાલ મગનલાલ શાહ | સુરત જૈ. વિ. આ. | ૫૨ | |
| ૪૨ | ઓટરમલ પુનમચંદજી | સાદડી (ખુડાલા) | ૫૧ | |
| ૪૩ | મણીલાલ જેચંદભાઇ શેઠ | પાટણ | ૫૧ | |

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૪૪ | રતિલાલ છગનલાલ વૈદ | આમોદ | ૫૦ | |
| ૪૫ | નરોત્તમ પુંજાલાલ | અમદાવાદ જૈ. મૂ. બો. | ૪૯ | |
| ૪૬ | છોટાલાલ દુર્લભદાસ બકોરદાસ | ભાવનગર | ૪૮ | |
| ૪૭ | જયંતિલાલ દોલતચંદ | અમદાવાદ જૈ. મૂ. બો. | ૪૭ | |
| ૪૮ | રમણિકલાલ કેશવલાલ | અમદાવાદ જૈ. વિ. મં. | ૪૬ | |
| ૪૯ | લાલચંદ પુનમચંદજી મુનત | રતલામ | ૪૫ | |
| ૫૦ | શા. કનૈયાલાલ છગનલાલ | આમોદ | ૪૫ | |
| ૫૧ | સુરજમલ વર્ધભાનજી માલવી | રતલામ | ૪૪ | |
| ૫૨ | ઠાકોરલાલ ગુલાબચંદ | સુરત જૈ. વિ. આ. | ૪૩ | |
| ૫૩ | ધરમચંદ છગનલાલ જીવણ | ભાવનગર | ૪૧ | |
| ૫૪ | સાંકળચંદ કાલીદાસ | અમદાવાદ જૈ. મુ. બો. | ૪૦ | |
| ૫૫ | રસિકલાલ મંગળદાસ | સુરત જૈ. વિ. આ. | ૪૦ | |
| ૫૬ | શાહ હીરાચંદ ગુલાબચંદ | ભાવનગર | ૪૦ | |
| ૫૭ | જયંતિલાલ મોતીચંદ | પાલીતાણા (ય. ગુરૂકુલ) | ૩૯ | |
| ૫૮ | મણીલાલ બુલાખીદાસ શાહ | પાટણ | ૩૯ | |
| ૫૯ | કાન્તિલાલ ગિરધરલાલ | અમદાવાદ જૈ. વિ. મં. | ૩૮ | |
| ૬૦ | બાલુભાઇ ભીખાભાઇ | અમદાવાદ જૈ. મુ બો. | ૩૮ | |
| ૬૧ | વાડીલાલ રવચંદભાઇ | ,, ,, | ૩૭ | |
| ૬૨ | ભાઇલાલ મગનલાલ | સુરત જૈ. વિ. આ. | ૩૬ | |
| ૬૩ | હીરાલાલ જાદવજી વર્ધમાન | ભાવનગર | ૩૬ | |
| ૬૪ | સુમતિલાલ પ્રેમચંદ | અમદાવાદ જૈ. મુ. બો. | ૩૫ | |
| ૬૫ | ઇશ્વરલાલ માણેકચંદ | સુરત જૈ. વિ. આ. | ૩૫ | |
| ૬૬ | શા. રતિલાલ મોહનલાલ | પાદરા | ૩૪ | |
| ૬૭ | શાન્તિલાલ ચતુરદાસ | પાલીતાણા (ય. ગુરૂકુલ) | ૩૩ | |
| ૬૮ | ખાન્તિલાલ ભગવાનદાસ | ,, ,, | ૩૩ | |
| ૬૯ | પદમશી ઠાકરશી | અમદાવાદ જૈ. શ્વે. મુ. બો. | ૩૩ | |

## બાલ ધોરણ ૨ પરીક્ષક—શ્રી મણીલાલ ગુલાબચંદ, રાંદેર તથા શ્રી બાલચંદ હીરાચંદ માલેગાંવ

( ૭૮ વિદ્યાર્થીઓ બેઠાં તેમાંથી ૬૮ પાસ )

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ચંદુલાલ ગોરધનદાસ સંઘવી | પાલીતાણા બુ. પા. | ૮૨ | ૧૦ |
| ૨ | સરૂપચંદ કપૂરચંદ | સુરત જૈ. વિ. આશ્રમ | ૮૦ | ૭ |
| ૩ | હરીલાલ મોતીચંદ | પાલીતાણા જૈ. બાલા. | ૭૦ | ૭ |
| ૪ | નરેન્દ્રલાલ પ્રાણજીવન | ભરૂચ | ૭૯ | ૫ |
| ૫ | મણીલાલ તલકશી | લીંબડી | ૭૮ | ૪ |
| ૬ | લાલચંદ ખીમચંદ | સુરત જૈ. હા. | ૭૫ | ૨ાા |
| ૭ | માવજી વીરચંદ | પાલીતાણા જૈ. બા. | ૭૫ | ૨ાા |
| ૮ | હીંમતલાલ પુરશોતમ | ,, | ૭૩ | ૧ |
| ૯ | પરમાણંદ ઓધવજી | ,, | ૭૦ | ૧ |
| ૧૦ | જયંતીલાલ છગનલાલ | ,, | ૬૮ | |
| ૧૧ | રતનચંદ નાનચંદ | મુંબઇ | ૬૭ | |
| ૧૨ | મનસુખલાલ ગોરધન | પાલીતાણા જૈન બા | ૬૭ | |
| ૧૩ | જેઠાલાલ સુંદરજી | ,, ,, | ૬૭ | |
| ૧૪ | દલીચંદ રાયચંદ | પાલીતાણા જૈ. ગુરૂ. | ૬૬ | |
| ૧૫ | ચુનીલાલ લાલચંદ | સુરત જૈ. બો. | ૬૫ | |
| ૧૬ | જગજીવન કેશવજી | પાલીતાણા જૈ. બાલા. | ૬૫ | |
| ૧૭ | ફતેહચંદ મણીલાલ | ,, બુ. પાઠશાળા | ૬૫ | |
| ૧૮ | ચતુરદાસ ભગવાનદાસ | સાંગલી | ૬૪ | |
| ૧૯ | રચણલાલ ચુનીલાલ | પાદરા | ૬૩ | |
| ૨૦ | નાનાલાલ પ્રેમચંદ | ભાવનગર | ૬૩ | |
| ૨૧ | નગીનદાસ વીઠલદાસ | પાલીતાણા જૈ. બાલા. | ૬૩ | |
| ૨૨ | બાલુચંદ દાનમલજી | સુરત જૈ. હાઇ. | ૬૧ | |
| ૨૩ | શાંતિલાલ માણેકલાલ | પાદરા | ૬૦ | |
| ૨૪ | દેવચંદ ખુશાલચંદ | કરાંચી | ૬૦ | |
| ૨૫ | રાયચંદ કસ્તુરચંદ | સુરત જૈ. વિ. આશ્રમ | ૬૦ | |
| ૨૬ | હરીચંદ મુલચંદ | પાલીતાણા જૈ. બાલા | ૬૦ | |
| ૨૭ | છોટાલાલ પ્રાગજી | ,, ,, | ૬૦ | |
| ૨૮ | મનસુખ હરીચંદ | ,, બુદ્ધિ૦ પાઠ. | ૬૦ | |
| ૨૯ | ચીમનલાલ માણેકલાલ | પાદરા | ૫૯ | |
| ૩૦ | પ્રવીણચંદ્ર માણેકચંદ | ભાવનગર | ૫૮ | |
| ૩૧ | ખાંતીલાલ પોપટલાલ | પાલીતાણા જૈ. બા. | ૫૮ | |
| ૩૨ | હરગોવીંદ વીઠલદાસ | ,, બુ. પાઠ. | ૫૮ | |
| ૩૩ | હરખચંદ હરજીવન | ,, જૈ. બા. | ૫૬ | |
| ૩૪ | મી. જ્ઞાનચંદ્ર | ઇન્દોર | ૫૫ | |
| ૩૫ | જયંતીલાલ સુંદરજી | પાલીતાણા જૈ. ગુ. | ૫૫ | |
| ૩૬ | પોપટલાલ કેશવજી | ,, જૈ. બાલા. | ૫૪ | |
| ૩૭ | રતનલાલ તુકારામ | સાંગલી | ૫૩ | |
| ૩૮ | જયંતીલાલ હરગોવીંદ | સીનોર | ૫૦ | |
| ૩૯ | ભોગીલાલ કાલીદાસ | પાલણપુર | ૫૦ | |
| ૪૦ | છોટાલાલ મુલચંદ | ભાવનગર | ૫૦ | |
| ૪૧ | છોટાલાલ અમુલખ | થરાદ | ૪૮ | |
| ૪૨ | અમ્રતલાલ ભવાન | પાલીતાણા જૈન બાલા. | ૪૮ | |
| ૪૩ | મગનલાલ હીરાચંદ | ઇન્દોર | ૪૬ | |
| ૪૪ | ઉતમચંદ છગનલાલ | પાલીતાણા બાલાશ્રમ | ૪૫ | |
| ૪૫ | ચંદુલાલ અમરચંદ | ,, ગુરૂકુલ | ૪૫ | |
| ૪૬ | ખીમચંદ ચુનીલાલ | પાદરા | ૪૪ | |
| ૪૭ | મનસુખલાલ ગુલાબચંદ | પાલીતાણા ગુરૂકુલ | ૪૪ | |
| ૪૮ | શાન્તિલાલ ગીરધરદાસ | ,, | ૪૩ | |
| ૪૯ | ખેમચંદ ચતુરદાસ | સાંગલી | ૪૩ | |
| ૫૦ | કેહવલાલ મોતીચંદ શાહ | કરાંચી | ૪૨ | |
| ૫૧ | જમનાદાસ નાગજીભાઇ | મુંબઇ (શાં પા.) | ૪૦ | |
| ૫૨ | કાંતિલાલ કાલીદાસ મહેતા | પાલણપુર | ૪૦ | |
| ૫૩ | રમણિકલાલ ગુલાબચંદ | પાલીતાણા જૈ. ગુરૂકુલ | ૪૦ | |
| ૫૪ | મણીલાલ ડાહ્યાભાઇ શાહ | ભાવનગર | ૪૦ | |
| ૫૫ | સૌભાગ્યચંદ રતનચંદ | પાલીતાણા જૈ. ગુરૂકુલ | ૩૮ | |
| ૫૬ | કાંતિલાલ હરિલાલ | ભાવનગર | ૩૮ | |
| ૫૭ | કનૈયાલાલ પૃથ્વીરાજજી માલાશા | ઈંદોર | ૩૫ | |
| ૫૮ | કંચનલાલ નગીનદાસ શાહ | શિનોર | ૩૫ | |
| ૫૯ | ચંદુલાલ ચતુરદાસ મહેતા | પાલણપુર | ૩૫ | |
| ૬૦ | પોપટલાલ નાનચંદ | પાલીતાણા (જૈ. ગુરૂકુલ) | ૩૪ | |
| ૬૧ | શાંતિલાલ ઉજમચંદ દેશાઈ | થરાદ | ૩૩ | |
| ૬૨ | જયંતીલાલ પ્રભાશંકર મહેતા | કરાંચી | ૩૩ | |
| ૬૩ | રમણલાલ મોતીચંદ શાહ | શીનોર | ૩૩ | |
| ૬૪ | હીરાલાલ ગુલાબચંદ | ,, | ૩૩ | |
| ૬૫ | કાંતીલાલ નાગરદાસ | પાલણપુર | ૩૩ | |
| ૬૬ | ડાહ્યાલાલ છગનલાલ | ,, | ૩૩ | |
| ૬૭ | ચંપકલાલ ગીરધર | પાલીતાણા જૈ. ગુરૂ. | ૩૩ | |
| ૬૮ | તલકચંદ લાલચંદ સંઘવી | ,, ,, | ૩૩ | |

બાલ ધોરણ ૧ ૫૦-શ્રી ફતેહચંદ જગજીવનદાસ, મુંબઈ. શ્રી બાલચંદ હીરાચંદ, માલેગાંવ. (મહારાષ્ટ્ર પ્રાં. સેન્ટરોના)

( ૩૩૫ વિદ્યાર્થીઓ બેઠાં તેમાંથી ૨૭૬ પાસ )

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઈ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | વીરચંદ નરશીદાસ | પાલીતાણા જૈ. બાલા. | ૮૮ | ૧૦ |
| ૨ | શા. કેશવલાલ મગ્ગુલાલ | આમોદ | ૮૩ | ૭ |
| ૩ | બાબુભાઇ કેશવલાલ | અમદાવાદ ગંગ. પાઠ. | ૮૩ | ૭ |
| ૪ | રમણલાલ કાલીદાસ | અમદાવાદ ચિ. ન. ઓ. | ૮૨ | ૫ |
| ૫ | અનંતરાય જાદવજી | ભાવનગર | ૮૧ | ૩॥ |
| ૬ | ફતેચંદ જીવરાજ શામજી | ,, | ૮૧ | ૩॥ |
| ૭ | રતીલાલ જગજીવનદાસ | જુનાગઢ | ૮૦ | ૨ |
| ૮ | પ્રેમચંદ અમીચંદ | પાલીતાણા જૈન ગુરૂ. | ૮૦ | ૨ |
| ૯ | જયંતીલાલ ખોડીદાસ | ,, જૈન બાલા. | ૭૯ | ૨ |
| ૧૦ | દલીચંદ બાવચંદ શાહ | પાલીતાણા બાલા૦ | ૭૯ | ૨ |
| ૧૧ | શા. ગોરધનદાસ નેમચંદ | આમોદ | ૭૭ | |
| ૧૨ | શાહ મણીલાલ શિવલાલ | પાલીતાણા બાલા૦ | ૭૭ | |
| ૧૩ | શાહ ન્યાલચંદ જમનાદાસ | ,, બુદ્ધિ. પા. | ૭૭ | |
| ૧૪ | મનહરલાલ લીલાચંદ | અમદાવાદ ચિ. ન. ઓ. | ૭૭ | |
| ૧૫ | શાન્તિલાલ નાથાલાલ | ,, ,, | ૭૭ | |
| ૧૬ | ચીનુભાઇ મણીલાલ શાહ | ,, ,, | ૭૬ | |
| ૧૭ | બસન્તલાલ જૈન | આગરા | ૭૬ | |
| ૧૮ | શાન્તિલાલ શામળદાસ | અમદાવાદ ચિ. ન. ઓ. | ૭૫ | |
| ૧૯ | મીઠાલાલ ગુન્દોલ | વરકાણા | ૭૫ | |
| ૨૦ | મી૦ ચુનીલાલ | ,, | ૭૩ | |
| ૨૧ | ઉત્તમચંદ નરસીદાસ શાહ | ભાવનગર | ૭૩ | |
| ૨૨ | સેવંતિલાલ સૂરજમલ | પાટણ હેમચંદ્રા. પાઠ. | ૭૩ | |
| ૨૩ | રમણલાલ અંબાલાલ | અમદાવાદ ચિ. ન. ઓ. | ૭૩ | |
| ૨૪ | મહેતા ગુલાબચંદ ફુલચંદ | બોટાદ | ૭૩ | |
| ૨૫ | વિનયચંદ હીરાલાલ લખમીચંદ | ભાવનગર | ૭૨ | |
| ૨૬ | ભોગીલાલ વાડીલાલ | અમદાવાદ ચિ. ન. ઓ. | ૭૨ | |
| ૨૭ | મણીલાલ કુંવરજી | પાલીતાણા બુ. પાઠ. | ૭૨ | |
| ૨૮ | નાગચંદ છગનલાલ | મહુવા | ૭૨ | |
| ૨૯ | સોમાલાલ મોહનલાલ | ઇડર | ૭૧ | |
| ૩૦ | રમણીકલાલ મોહનલાલ | ભાવનગર | ૭૦ | |
| ૩૧ | નૌતમલાલ નાનચંદ | ,, | ૭૦ | |
| ૩૨ | ચંપકલાલ કેશવલાલ | ,, | ૭૦ | |
| ૩૩ | અમૃતલાલ મૂળચંદ શાહ | ઇડર | ૭૦ | |
| ૩૪ | ધર્મચંદ્ર કપૂરચંદ | આમોદ | ૭૦ | |
| ૩૫ | ભબુતમલ ( ખીમાડા ) | વરકાણા | ૭૦ | |
| ૩૬ | અચલદાસ લક્ષ્મીચંદજી (બીજોવા) | ,, | ૭૦ | |
| ૩૭ | લક્ષ્મીચંદજી ઉમેદમલજી | ,, | ૭૦ | |
| ૩૮ | શાન્તિલાલ હરીચંદ | પાલીતાણા બુ. પાઠ. | ૭૦ | |
| ૩૯ | વ્રજલાલ અમુલખ | ,, જૈ. ગુરૂ. | ૭૦ | |
| ૪૦ | છોટાલાલ ઉમેદચંદ | સુરત જૈ. હાઇ. | ૭૦ | |
| ૪૧ | ફુલચંદ રામચંદ | નિપાણી | ૭૦ | |
| ૪૨ | મેઘરાજ (કરણવા) | વરકાણા | ૬૯ | |
| ૪૩ | શા. પાનાચંદ ભુખણલાલ | આમોદ | ૬૯ | |
| ૪૪ | પરમાણંદ મુલચંદ | પાલીતાણા બુ. પાઠશાળા | ૬૮ | |
| ૪૫ | ભોગીલાલ કેશવલાલ સંઘવી | કડી | ૬૮ | |

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઇ. રૂ. |
|---|---|---|---|---|
| ૪૬ | દલીચંદ ગોપાલજી દોશી | મહુવા | ૬૮ | |
| ૪૭ | વેલચંદ જેઠાલાલ | પાલીતાણા બુ. પાઠ. | ૬૭ | |
| ૪૮ | શાંતિલાલ બાવચંદ | ,, ,, | ૬૭ | |
| ૪૯ | રતિલાલ ધનજી બગડીઆ | બોટાદ | ૬૭ | |
| ૫૦ | પ્રેમચંદ | વરકાણા | ૬૭ | |
| ૫૧ | અમરચંદ નાનચંદ | સુરત જૈ. ઓ. | ૬૭ | |
| ૫૨ | જસવંતરાય તારાચંદ | ભાવનગર | ૬૭ | |
| ૫૩ | બબલદાસ જેઠાલાલ | અમદાવાદ ચિ. ન. ઓ. | ૬૬ | |
| ૫૪ | શાંતિલાલ નગીનદાસ | છાણી | ૬૬ | |
| ૫૫ | રાયચંદ જીવરાજ | પાલીતાણા બાલાશ્રમ | ૬૬ | |
| ૫૬ | કુંદનમલ | વરકાણા | ૬૬ | |
| ૫૭ | દલીચંદ કાલીદાસ | આમોદ | ૬૬ | |
| ૫૮ | વુદ્ધિચંદ નેમચંદ | નિપાણી | ૬૫ | |
| ૫૯ | રતીલાલ વશરામ | પાલીતાણા બુદ્ધિ૦ પાઠ. | ૬૫ | |
| ૬૦ | ભણસાલી ભોગીલાલ અમુલખ | થરાદ | ૬૪ | |
| ૬૧ | શાહ મનુભાઈ કેશવલાલ | પાદરા | ૬૪ | |
| ૬૨ | પ્રતાપચંદ લોઢા | આગરા | ૬૩ | |
| ૬૩ | કપુરચંદ ગુલાબચંદજી | વરકાણા | ૬૩ | |
| ૬૪ | સુરજમલ વોરીદાસજી | ,, | ૬૩ | |
| ૬૫ | વખતાવરમલ નિહાલચંદજી | ,, | ૬૩ | |
| ૬૬ | કન્હૈયાલાલ લોઢા | ઇન્દોર | ૬૩ | |
| ૬૭ | સંઘવી ગગલમલ ખેમચંદ | થરાદ | ૬૨ | |
| ૬૮ | પુનમચંદ મોહનલાલ | અમદાવાદ ચિ. ન. ઓ. | ૬૨ | |
| ૬૯ | રખબચંદ ભંડારી | ઇન્દોર | ૬૨ | |
| ૭૦ | શાન્તિલાલ ઘોડીચંદ | નીપાણી | ૬૨ | |
| ૭૧ | અમરચંદ ( બાલી ) | વરકાણા | ૬૧ | |
| ૭૨ | બાવચંદ જગજીવન | પાલીતાણા બાલાશ્રમ | ૬૧ | |
| ૭૩ | મંગલદાસ બબાલાલ | ઊંઝા | ૬૧ | |
| ૭૪ | ચમ્પાલાલ તાતેડ | ઇન્દોર | ૬૧ | |
| ૭૫ | મોહનલાલ મોતીલાલ | સુરત ર. જૈ. વિ. | ૬૦ | |
| ૭૬ | ફતેહચંદ | વરકાણા | ૬૦ | |
| ૭૭ | ચીનુભાઇ કેશવલાલ | ઇડર | ૬૦ | |
| ૭૮ | નગીનદાસ ભાઇચંદ | , | ૬૦ | |
| ૭૯ | ચંપકલાલ ત્રીભોવનદાસ | પાદરા | ૫૯ | |
| ૮૦ | નંદલાલ મોતીલાલ | પાદરા | ૫૯ | |
| ૮૧ | કાંતીલાલ મફતલાલ | અમદાવાદ વી. વિ. પાઠ. | ૫૯ | |
| ૮૨ | રતીલાલ ચુનીલાલ | આમોદ | ૫૯ | |
| ૮૩ | વીરચંદ ઓધવજી | પાલીતાણા બાલા. | ૫૯ | |
| ૮૪ | મદનલાલ | ઇન્દોર | ૫૮ | |
| ૮૫ | રસીકલાલ છનાલાલ | ઊંઝા | ૫૮ | |
| ૮૬ | રતીલાલ ત્રીભોવનદાસ | પાલીતાણા બાલા. | ૫૮ | |
| ૮૭ | જવેરચંદ ડુંગરશી | ,, | ૫૮ | |
| ૮૮ | હીમતલાલ મુલચંદ | ,, ગુરૂકુલ | ૫૭ | |
| ૮૯ | ન્યાલચંદ રૂપચંદ | ,, બાલાશ્રમ | ૫૭ | |
| ૯૦ | સાગરમલ ભેરેલાલ | ઇન્દોર | ૫૭ | |
| ૯૧ | ઉમેદમલ | વરકાણા | ૫૭ | |
| ૯૨ | શાંતીલાલ જગજીવનદાસ | ભાવનગર | ૫૭ | |
| ૯૩ | હરીચંદ મોહનલાલ | પાલણપુર | ૫૭ | |
| ૯૪ | રમણલાલ ગીરધરલાલ | અમદાવાદ વી. વિ. પા. | ૫૭ | |

| નં. | નામ | સેન્ટર | માર્ક ઈ. રૂ. |
|---|---|---|---|
| ૯૫ | શાહ રસિક છોટાલાલ | ઉંઝા | ૫૭ |
| ૯૬ | કેશવજી પુંજા | મુંબઇ કચ્છી વી. ઓ. પા. | ૫૬ |
| ૯૭ | જસવંતલાલ ફુલચંદ | અમદાવાદ ચિ. ન. ઓ | ૫૬ |
| ૯૮ | ત્રિકમલાલ છોટાલાલ શાહ | લીંબડી | ૫૬ |
| ૯૯ | શા. મફતલાલ રાયચંદ | ઉંઝા | ૫૫ |
| ૧૦૦ | મોદી અમૃતલાલ ઉગરચંદ | ,, | ૫૫ |
| ૧૦૧ | શાહ કનૈયાલાલ કેશવજી | આમોદ | ૫૫ |
| ૧૦૨ | મહેતા જયંતીલાલ નેમચંદ | જુનાગઢ | ૫૫ |
| ૧૦૩ | શા. કાંતિલાલ મોહનલાલ | આમોદ | ૫૪ |
| ૧૦૪ | શાહ પોપટલાલ ભોગીલાલ | ઇડર | ૫૪ |
| ૧૦૫ | પોપટલાલ પીતાંબરદાસ | મુંબઇ (શાં૦ વિ.) | ૫૪ |
| ૧૦૬ | મહેતા ચુનીલાલ વીરચંદ | જેતપુર | ૫૪ |
| ૧૦૭ | શા. શાંતિલાલ છોટાલાલ | કડોર | ૫૪ |
| ૧૦૮ | શાહ ઇંદુલાલ નગીનદાસ | સીનોર | ૫૩ |
| ૧૦૯ | છોટાલાલ નવલચંદ | મુંબઇ શાં૦ વિદ્યાલય | ૫૩ |
| ૧૧૦ | દેશાઇ ફોજાલાલ વીરચંદ | થરાદ | ૫૩ |
| ૧૧૧ | રાજેન્દ્રસિંહ જૈન | આગરા | ૫૩ |
| ૧૧૨ | શાંતિલાલ વાડીલાલ | અમદાવાદ ચિ. ન. ઓ. | ૫૩ |
| ૧૧૩ | નરસી ડુંગરશી | પાલીતાણા બાલાશ્રમ | ૫૩ |
| ૧૧૪ | પુનાતર છોટાલાલ જીવન | જેતપુર | ૫૩ |
| ૧૧૫ | ચંદુલાલ કેશવલાલ | અમદાવાદ ને. દે. પાઠ. | ૫૨ |
| ૧૧૬ | શા. પાનાચંદ નગીનલાલ | આમોદ | ૫૨ |
| ૧૧૭ | રમણલાલ કોદરદાસ | સુરત જૈન બો. | ૫૨ |
| ૧૧૮ | હીરાલાલ હઠીચંદ | પાલીતાણા બાલાશ્રમ | ૫૨ |
| ૧૧૯ | ચંદનમલ ગુડા | વરકાણા | ૫૨ |
| ૧૨૦ | બાબુભાઇ વીરચંદ | અમદાવાદ મં. જૈ. પાઠ. | ૫૧ |
| ૧૨૧ | શાહ પોપટલાલ પાનાચંદ | ઇડર | ૫૧ |
| ૧૨૨ | શાહ ચંદુલાલ રાવજી | નિપાણી | ૫૧ |
| ૧૨૩ | શાહ નાનચંદ જુઠાભાઇ | મહુવા | ૫૦ |
| ૧૨૪ | ચાંદમલ જૈન | વરકાણા | ૫૦ |
| ૧૨૫ | ફતેસિંહ લોઢા | આગરા | ૫૦ |
| ૧૨૬ | કાંતિલાલ ભોગીલાલ | અમદાવાદ ને દે. જૈ. પા. | ૫૦ |
| ૧૨૭ | શા. કનુભાઇ ચંદુલાલ | છાણી | ૫૦ |
| ૧૨૮ | દોશી રાયચંદ હરખચંદ | જુનાગઢ | ૫૦ |
| ૧૨૯ | શાહ મનહરલાલ માણેકચંદ | કરાંચી | ૫૦ |
| ૧૩૦ | ધનરાજ ગેનમલજી (સાદરી) | ખુડાલા | ૫૦ |
| ૧૩૧ | કેશવલાલ બાબુલાલ મારવાડી | નિપાણી | ૫૦ |
| ૧૩૨ | ભીકુલાલ ચુનીલાલ મેથા | ,, | ૫૦ |
| ૧૩૩ | શા. પુખરાજ ભબુતમલજી (સાદડી) | ખુડાલા | ૪૯ |
| ૧૩૪ | શાહ લાલચંદ નાનચંદ | સાંગલી | ૪૯ |
| ૧૩૫ | પ્રાણલાલ વસનજી | પાલીતાણા (ગુરૂકુલ) | ૪૯ |
| ૧૩૬ | શાહ રતિલાલ મગનલાલ | મહુવા | ૪૮ |
| ૧૩૭ | શાહ રતિલાલ જીવરાજ | સાંગલી | ૪૮ |
| ૧૩૮ | મનસુખલાલ દેવચંદ | મહુવા | ૪૮ |
| ૧૩૯ | ગાંધી જીવરાજ જાદવજી | ,, | ૪૮ |
| ૧૪૦ | મેતા ચંદુલાલ હરીચંદ | જુનાગઢ | ૪૮ |
| ૧૪૧ | રતિલાલ ધરમચંદ | અમદાવાદ ચિ. ન. ઓ. | ૪૮ |
| ૧૪૨ | કાંતિલાલ લાલચંદ | પાલીતાણા (ગુરૂકુલ) | ૪૮ |
| ૧૪૩ | શા. ચંદુલાલ હલીચંદ | આમોદ | ૪૮ |

| નં. | નામ | સેન્ટર | માર્ક ઈ. રૂ. |
|---|---|---|---|
| ૧૪૪ | શાહ કચરાલાલ ભવાનચંદ | પાલણપુર | ૪૭ |
| ૧૪૫ | શાહ બાબુલાલ કેવળ | ,, | ૪૭ |
| ૧૪૬ | શાહ અમૃતલાલ મગનલાલ | ,, | ૪૭ |
| ૧૪૭ | મણીયાર કેશવલાલ પુંજીરામ | કડી | ૪૭ |
| ૧૪૮ | શાહ ચિમનલાલ નાગરદાસ | પાલીતાણા બાલા. | ૪૭ |
| ૧૪૯ | મનસુખ દીપચંદ | કરાંચી | ૪૭ |
| ૧૫૦ | શા. ચિનુભાઇ ડાહ્યાલાલ | ઉંઝા | ૪૭ |
| ૧૫૧ | ફકીરચંદ અમરતલાલ | અમદાવાદ લઘુ જૈ. પા. | ૪૭ |
| ૧૫૨ | અમોલકચંદ સુરાણા | ઇન્દોર | ૪૬ |
| ૧૫૩ | રખવચંદ | ,, | ૪૬ |
| ૧૫૪ | સાંકલચંદ | વરકાણા | ૪૬ |
| ૧૫૫ | દામજી મેઘજી | મુંબઇ કચ્છી વી. ઓ પાઠ. | ૪૬ |
| ૧૫૬ | મુલજી ચના | ,, ,, | ૪૬ |
| ૧૫૭ | નૈપાલસિંહ જૈન | આગરા | ૪૫ |
| ૧૫૮ | મનસુખલાલ ભાઇચંદ | પાલીતાણા (ગુરૂકુલ) | ૪૫ |
| ૧૫૯ | શા. મૂલચંદ નાથાભાઇ | શિનોર | ૪૫ |
| ૧૬૦ | ભીખાભાઇ ઉત્તમચંદ | અમદાવાદ વી. જૈ. પા. | ૪૫ |
| ૧૬૧ | વોરા મનજી લીલાધર | જેતપુર | ૪૫ |
| ૧૬૨ | શાહ પોપટલાલ મણીલાલ | પાલણપુર | ૪૪ |
| ૧૬૩ | શાહ માણેકલાલ હીરાચંદ | નિપાણી | ૪૪ |
| ૧૬૪ | શાહ શાંતિલાલ મણીલાલ | મુંબઇ શાં. જૈન વિ. | ૪૪ |
| ૧૬૫ | નંદલાલ દેવશીભાઈ | અમદાવાદ ચિ. ન. ઓ. | ૪૪ |
| ૧૬૬ | ચાંદમલ ધૂલચંદજી ગુગલીઆ | રતલામ | ૪૪ |
| ૧૬૭ | જયંતિલાલ હરજીવન | પાલીતાણા બાલાશ્રમ | ૪૪ |
| ૧૬૮ | ચુનીલાલ (નાડલાઇ) | વરકાણા | ૪૪ |
| ૧૬૯ | સાગરમલ | ઇંદોર | ૪૩ |
| ૧૭૦ | હિંમતલાલ રતિલાલ | અમદાવાદ વી. જૈ. પાઠ. | ૪૩ |
| ૧૭૧ | માણેકચંદ જેચંદ | સુરત જૈ. બો. | ૪૩ |
| ૧૭૨ | ફતેચંદ બાલચંદ | પાલીતાણા (ગુરૂકુલ) | ૪૩ |
| ૧૭૩ | રતનચંદ | વરકાણા | ૪૩ |
| ૧૭૪ | મગનલાલ ચુનીલાલ મહેતા | સાંગલી | ૪૩ |
| ૧૭૫ | શા. છનાલાલ બલાખીદાસ | ઉંઝા | ૪૩ |
| ૧૭૬ | શાહ લહેરચંદ અમૃતલાલ | લીંબડી | ૪૩ |
| ૧૭૭ | ગાંધી કાંતિલાલ મોહનલાલ | પાલણપુર | ૪૩ |
| ૧૭૮ | કેશવલાલ ચતુરદાસ | પાલીતાણા (ગુરૂકુલ) | ૪૩ |
| ૧૭૯ | રાજમલ દાનમલજી | સુરત જૈ. બો. | ૪૩ |
| ૧૮૦ | હરશી રવજી | મુંબઇ કચ્છી વી. ઓ. જૈ. પા. | ૪૩ |
| ૧૮૧ | છગનલાલ રતનલાલ ચેલાવત | ઇન્દોર | ૪૩ |
| ૧૮૨ | સુખલાલ મગનલાલ શાહ | મહુવા | ૪૩ |
| ૧૮૩ | શાહ કેશરીચંદ દલીચંદ | કડોર | ૪૩ |
| ૧૮૪ | કાંતિલાલ કેશવલાલ | અમદાવાદ મં. વી જૈ. પા. | ૪૨ |
| ૧૮૫ | ચિનુભાઇ વાડીલાલ નવાબ | ,, ,, | ૪૨ |
| ૧૮૬ | અશોકચંદ મગનલાલ | ,, ચિ. ન. ઓ. | ૪૨ |
| ૧૮૭ | મનુભાઇ પોપટલાલ | ,, વી. જૈ. પા | ૪૨ |
| ૧૮૮ | સોભાગચંદ મગનલાલ | સુરત જૈ. બો. | ૪૨ |
| ૧૮૯ | હસ્તીમલ ત્રીલોકચંદજી (સાદડી) | ખુડાલા | ૪૨ |
| ૧૯૦ | પ્રાગજી લાલજી | મુંબઇ કચ્છી વી. ઓ. જૈ. પા. | ૪૨ |
| ૧૯૧ | જયંતીલાલ મોહનલાલ કાલીદાસ | કરાંચી | ૪૨ |
| ૧૯૨ | ભાયલાલ અંબાલાલ | પાલીતાણા (ગુરૂકુલ) | ૪૧ |

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઈ. રૂ. |
|---|---|---|---|---|
| ૧૯૩ | ગેડમલ | ઇન્દોર | ૪૧ | |
| ૧૯૪ | મુલતાનમલ (બાલી) | વરકાણા | ૪૧ | |
| ૧૯૫ | દોશી જગજીવન વનમાલી | મહુવા | ૪૧ | |
| ૧૯૬ | ગાંધી અમુલખ મગનલાલ | ,, | ૪૧ | |
| ૧૯૭ | જેઠમલ અગરચંદજી (સાદડી) | ખુડાલા | ૪૧ | |
| ૧૯૮ | નેમચંદ ભોગીલાલ | પાટણ હેમચંદ્રા. પા. | ૪૧ | |
| ૧૯૯ | બાબુલાલ મોહનલાલ | ભાવનગર | ૪૧ | |
| ૨૦૦ | મગનલાલ કમળશી | પાલીતાણા બાલાશ્રમ | ૪૧ | |
| ૨૦૧ | ચુનીલાલ બાવચંદ | ,, બુદ્ધિ. પા. | ૪૦ | |
| ૨૦૨ | શાંતિલાલ ફીરચંદ મહેતા | કરાંચી | ૪૦ | |
| ૨૦૩ | ચિમનલાલ મણીલાલ | સુરત હરિ. પા. | ૪૦ | |
| ૨૦૪ | મોહનલાલ લખમીચંદજી (સાદડી) | ખુડાલા | ૪૦ | |
| ૨૦૫ | કાંતિલાલ ભગવાનદાસ | મહુવા | ૪૦ | |
| ૨૦૬ | ચિનુભાઇ ચંદુલાલ | અમદાવાદ ને. દે. જૈ. પા. | ૪૦ | |
| ૨૦૭ | કનૈયાલાલ ભંડારી | ઇન્દોર | ૪૦ | |
| ૨૦૮ | શા. કાંતિલાલ મોહનલાલ | બોરસદ | ૪૦ | |
| ૨૦૯ | નાનચંદ પાનાચંદ | જુનાગઢ | ૪૦ | |
| ૨૧૦ | જેઠાલાલ વૃજલાલ | લીંબડી | ૩૯ | |
| ૨૧૧ | અમૃતલાલ નરસીંહ | ,, | ૩૯ | |
| ૨૧૨ | અમૃતલાલ ગોપાલજી | પાલીતાણા બુદ્ધિ. પાઠ. | ૩૯ | |
| ૨૧૩ | ઠાકોરલાલ મોહનલાલ | ,, બાલાશ્રમ | ૩૯ | |
| ૨૧૪ | રમણલાલ જીવણલાલ | અમદાવાદ ચિ. ન. બો. | ૩૯ | |
| ૨૧૫ | બાબુલાલ મોહનલાલ | ઉંઝા | ૩૯ | |
| ૨૧૬ | પરમાણંદ હેમચંદ | ભાવનગર | ૩૯ | |
| ૨૧૭ | રણજીતસીંહ | આગરા | ૩૮ | |
| ૨૧૮ | વૃદ્ધિચંદ્ર (સાદડી) | વરકાણા | ૩૮ | |
| ૨૧૯ | રમણલાલ કેસુરભાઇ | (રાંદેર) સુરત | ૩૮ | |
| ૨૨૦ | નરોતમ મણીલાલ | લીંબડી | ૩૮ | |
| ૨૨૧ | હરીભાઇ અંબાલાલ | બોરસદ | ૩૭ | |
| ૨૨૨ | ધરમચંદ ઝવેરી | ઈંદોર | ૩૭ | |
| ૨૨૩ | કાલીદાસ શામજી | પાલીતાણા (ગુરૂકુલ) | ૩૭ | |
| ૨૨૪ | ખીમરાજ (બીજોવા) | વરકાણા | ૩૭ | |
| ૨૨૫ | રમણલાલ કાલીદાસ | મહુવા | ૩૭ | |
| ૨૨૬ | સોભાગચંદ જાદવજી | મહુવા | ૩૭ | |
| ૨૨૭ | રતિલાલ હરીચંદ | ,, | ૩૭ | |
| ૨૨૮ | ચમનલાલ મગનલાલ | અમદાવાદ ચિ. ન. બો. | ૩૬ | |
| ૨૨૯ | ભલાભાઇ મગનલાલ | અમદાવાદ વી. જૈ. પાઠ. | ૩૬ | |
| ૨૩૦ | ગીરધરલાલ જીવનલાલ | જુનાગઢ | ૩૬ | |
| ૨૩૧ | નેમીચંદ ભંડારી | ઇન્દોર | ૩૬ | |
| ૨૩૨ | નાથુલાલ મોતીલાલ રાંકા | રતલામ | ૩૬ | |
| ૨૩૩ | રતીલાલ કસ્તુરચંદ | મુંબઇ શાં. વિદ્યા. | ૩૫ | |
| ૨૩૪ | નાનાલાલ ચુનીલાલ | પાલીતાણા (ગુરૂકુલ) | ૩૫ | |
| ૨૩૫ | ચંદુલાલ ભગવાનદાસ | ,, ,, | ૩૫ | |
| ૨૩૬ | ધીરજલાલ ડાહ્યાલાલ | ,, ,, | ૩૫ | |
| ૨૩૭ | અમરતલાલ દલસુખ | ઇડર | ૩૫ | |
| ૨૩૮ | વ્રજલાલ કપુરચંદ વસા | જુનાગઢ | ૩૫ | |
| ૨૩૯ | દલીચંદ (સાંડેરાવ) | વરકાણા | ૩૫ | |
| ૨૪૦ | ઉત્તમચંદ શંકરલાલ | શીનોર | ૩૫ | |
| ૨૪૧ | જયંતીલાલ ભાઈલાલ મોદી | બોરસદ | ૩૫ | |
| ૨૪૨ | મહાસુખભાઇ ચુનીલાલ | મહુધા | ૩૫ | |
| ૨૪૩ | બોરજીવલાલ દલસુખભાઇ | ,, | ૩૫ | |
| ૨૪૪ | બાબુલાલ શંકરલાલ ભણસાલી | ,, | ૩૫ | |
| ૨૪૫ | મનુભાઇ જેસિંગભાઇ | અમદાવાદ વી.ર પાઠ. | ૩૪ | |
| ૨૪૬ | શાંતીલાલ નરભેરામ મહેતા | જુનાગઢ | ૩૪ | |
| ૨૪૭ | રમણીકલાલ તારાચંદ સંઘવી | ,, | ૩૪ | |
| ૨૪૮ | નાથાલાલ નાનચંદ | લીંબડી | ૩૪ | |
| ૨૪૯ | ચિમનલાલ મગનલાલ | કડી | ૩૪ | |
| ૨૫૦ | બાબુલાલ હેમચંદ | જેતપુર | ૩૪ | |
| ૨૫૧ | રતિલાલ વીરજી | ,, | ૩૪ | |
| ૨૫૨ | જીવરાજ | વરકાણા | ૩૪ | |
| ૨૫૩ | વસંતલાલ ઝવેરચંદ | કઠોર | ૩૩ | |
| ૨૫૪ | છોટાલાલ કેશવલાલ | મુંબઇ (શાં૦ વિ.) | ૩૩ | |
| ૨૫૫ | દેવચંદ પ્રેમચંદ | પાલીતાણા (ગુરૂકુલ) | ૩૩ | |
| ૨૫૬ | હીંમતલાલ નાથાલાલ | પાલીતાણા (ગુરૂકુલ) | ૩૩ | |
| ૨૫૬ | નગીનદાસ કેવળશી | ,, ,, | ૩૩ | |
| ૨૫૭ | મનસુખલાલ લાલચંદ | ,, ,, | ૩૩ | |
| ૨૫૯ | હીંમતલાલ જેઠાલાલ | ,, ,, | ૩૩ | |
| ૨૬૦ | ન્યાલચંદ માવજી | જુનાગઢ | ૩૩ | |
| ૨૬૧ | જેસુખલાલ હેમચંદ | ,, | ૩૩ | |
| ૨૬૨ | પ્રાણલાલ પ્રેમચંદ | ,, | ૩૩ | |
| ૨૬૩ | માણેકજી | ઇંદોર | ૩૩ | |
| ૨૬૪ | માનમલ રાજમલજી ચપલોત (નેવરી) | રતલામ | ૩૩ | |
| ૨૬૫ | મનસુખ કેશવજી | મહુવા | ૩૩ | |
| ૨૬૬ | ચીમનલાલ પુરૂષોતમ | લીંબડી | ૩૩ | |
| ૨૬૭ | હરીલાલ મુળજી | ,, | ૩૩ | |
| ૨૬૮ | કાંતીલાલ ચુનીલાલ | ,, | ૩૩ | |
| ૨૬૯ | શાન્તીલાલ ખુબચંદ | અમદાવાદ ચી. ન. બો. | ૩૩ | |
| ૨૭૦ | જયંતીલાલ નાનચંદ | ,, ,, | ૩૩ | |
| ૨૭૧ | મનુભાઇ હીરાલાલ | ,, મંગળ. વિ. પા. | ૩૩ | |
| ૨૭૨ | શાન્તીલાલ જીવાભાઇ | બોરસદ | ૩૩ | |
| ૨૭૩ | ધીરજલાલ અમરચંદ | ભાવનગર | ૩૩ | |
| ૨૭૪ | વાલચંદ રૂપચંદજી (સાદડી) | ખુડાલા | ૩૩ | |
| ૨૭૫ | રતીલાલ છગનલાલ | કડી | ૩૩ | |
| ૨૭૬ | મુલતાનમલ (નાડોલ) | વરકાણા | ૩૩ | |
| ૨૭૭ | ચંદ્રકાંત ચુનીલાલ | મહુધા | ૩૩ | |

**પુરૂષ ધોરણ ૫ વિભાગ ૫ (ઇતિહાસ અને પુરાતત્વ)**
**૫૦ શ્રી મોહનલાલ દ. દેશાઇ એડવોકેટ, મુંબઇ.**

( ૬ વિદ્યાર્થીઓ–પાટણના ૨ અને લીંબડીના ૪ બેઠાં છે. કોઈ વિદ્યાર્થી પાસ થતો નથી. )

**સ્ત્રી ધોરણોની પરીક્ષાઓના પરિણામો આગામી અંકમાં પ્રકટ થશે.**

જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ,
૨૦, પાયધુની, મુંબઇ ૩.

**વીરચંદ પાનાચંદ શાહ,**
**સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી,**
માનદ્ મંત્રીઓ.

# कर आरोपण और उसके नियम.

[ श्री चुनीलालजी माल्र ]

( अनुसंधान पृष्ठ ३७ से चालु )

अब हम इस पर समाज नीति के दृष्टि कोण से विचार करें। अनेक ऐसी वस्तुएं है जिनका प्रयोग देशके लिए हितकर नहीं हो सकता। जिनके प्रयोग से देश को लाभ के बजाय हानि ही होती है। लोगों का स्वास्थ्य बिगड जाता है एवम् व्यर्थ में धन का व्यय होता है। ऐसी वस्तुओं के उदाहरणोंकी कमी नहीं। शराब, अफीम, तम्बाकू इत्यादि पदार्थों का सेवन किसी भी देशके लिये हितकर नहीं बरन् नाशकारी ही है। समाजिक दृष्टि कोण से इन चीजों का सेवन समाजको उच्छृंखल एवम् व्यसनी बनाता है। तो फिर ऐसी वस्तुएं कर लगाकर इतनी मंहगी कर दी जांय जिससे कि सर्व साधारण इनका उपयोग ही न कर सकें तो हर्ज ही क्या है? दूसरी और कई ऐसी वस्तुएं भी है जो हानिकारक तो नहीं हो सकतीं परन्तु उनका प्रयोग करना साधारण जनता की शक्ति के बाहिर है। केवल मात्र देश के धनाढ्य ही उनको प्रयोग कर सकते है। जैसे इत्र, सेंटस् इत्यादि एशो आराम की चीजें। इन पर जितनी ही कर हो उतनी ही थोड़ी है।

अब अर्थ नीति से कर पर विचार करना बाकी रहा है। यही दृष्टि कोण आज के जमाने में सब से मुख्य समझा जाता है। इस युगमें राज्य संचालन में भी अर्थ नीति का स्थान राजनीति से भी प्रथम है। परस्पर भिन्न २ देशों में व्यापार कैसे हो यह भी एक आजकाल गहरी समस्या है। इस में भी दो प्रकार के विचारों के आदमी है। एक दल स्वतंत्र व्यौपार (Free trade) का पक्षपाती है एवम् दूसरा दल रक्षित व्यौपार ( Protected trade ) का। स्वतंत्र व्यौपार के पक्षपातियों का कहना है कि भिन्न देशों को विना किसी रुकावट तथा कर के परस्पर में व्यौपार करना चाहिए। इससे मैत्री भावकी वृद्धि होती है तथा आर्थिक लाभ भी होता है। जैसे अमुक देश कपडा नहीं बना सकता तो उसे दूसरे देश से कपडा ले लेना चाहिये और अपनी शक्ति उसी चीज के बनाने में लगा देनी चाहिये जिसे कि वह सुगमता एवम् उतमता से बना सकता है। बहुत सी ऐसी भी वस्तुएं है जो किसी खास देशनें उसके जलवायु के कारण सस्ती एवम् उतम बनाई जा सकती है। इसीलिये तमाम देश अपने देशों में वे ही वस्तुएं तैयार करने लग जांय जो वे सस्ती एवं सुगमता से कर सकते हैं, तो चीजा का दाम कम हो जाय और गरीबों को काफी फायदा हो जाय। परन्तु ऐसा हो नहीं सकता। एक दूसरे को अविश्वास की दृष्टि से देखता है। खाने, पहनने एवम् लडाई के सामान के लिये दूसरे का आश्रित होना कोई भी देश पसन्द नही करता, न मालूम कुसमय में क्या हो जाय। दूसरी बात यह है कि स्वतंत्र व्यापार ऐसे दो देशों के लिये ही लाभ प्रद हो सकता है जो दोनों एक ही अवस्था में हो। एक भारतवर्ष जैसा गरीब और दूसरा इंगलैण्ड जैसा धनी—ऐसे दो देशों में स्वतंत्र व्यापार की चाल (policy) गरीब देश के लिये लाभ प्रद नहीं। गरीब देश का धन सब धनी देश के हाथ लग जायगा तथा राजनैतिक दासता से आर्थिक दासता की जंजीर में फिर जकडा जायगा। यह तो बिल्ली और चूहे की मैत्री होगा।

इसीलिये जो देश उद्योग धन्धों में इतने नहीं बढ़ गये है जो दूसरे देशोंका सहर्ष मुकाबिला कर सकें रक्षित व्यापार की चाल का आसरा लेते है। अपने देश के उद्योग धन्धों को मजबूत बनानेक लिये दूसरे देशों से आने वाले माल पर कर बैठाते है। हां इससे कहीं निश्चित समय तक चीजों की कीमत तो कुछ अधिक ही रहती है परन्तु देशका पैसा देश में ही रहता है बेकारी का प्रश्न भी जो देश के उद्योग धन्धों के ह्रास से देश में अशान्ति पैदा कर देता है, हल हो जाता है। परन्तु यह रक्षण देश के हरएक उद्योग धन्धे को नहीं दिया जाता बरन् उन्हींको दिया जाता है (Dircriminate Protectien) जो कि आगे जाकर खूब सफल हो सकते है एवम् दूसरे देशों के मुकाबिला में ठहर सकते है। ऊपर लिखे अनुसार अर्थ नीति से देशके उद्योग धन्धों, तथा बेकारी के प्रश्न को हल करने के लिये कर का होना किसी हद तक अनिवार्य है

अब हमें इसके साधारण नियमों पर विचार करना है। यह किस रीति से लगाई जाती है एवं कर के रुपये इकट्ठे करती वक्त किन २ बातों पर ध्यान रखना जरूरी है।

कर दो प्रकार से लगाई जाती है। प्रथम Direct. अर्थात किसी खास व्यक्ति पर जैसे incometax। इसका बोझ उसी व्यक्ति पर पड़ता है जिसको कि किसी नियमित हद से जादा फायदा हुआ हो। वह अपनी कर का बोझा किसी दूसरे व्यक्ति पर डाल नहीं सकता। इसको अंगरेजी में incident of tax कहते है। दूसरी रीति है indirect tax यह किसी वस्तु पर लगाई जाती है। इसके उदाहरण

( अनुसंधान पृष्ठ ४५ में )

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:- હિંદસંઘ' 'HINDSANGH'

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું નવું ૨ જું.

તા. ૧ લી એપ્રીલ ૧૯૩૨.

અંક ૭ મો.

# આગામી અધિવેશન.

## મુંબઇ સમાચારની 'જૈન ચર્ચા'ના લેખકને જવાબ.

'મુંબઇ સમાચાર' ના તા૦ ૩૦ માર્ચ ૧૯૩૨ બુધવારના અંકમાં જૈન ચર્ચાના મથાળા હેઠળ જૈન કૉન્ફરંસની આગામી બેઠક સંબંધે કેટલીક હકીકતો પ્રકટ કરવામાં આવી છે તે સત્યથી વેગળી, બિન પાયાદાર, મનોકલ્પિત ઉપજાવી કાઢેલી હોવા ઉપરાંત જનતામાં ભ્રમ ફેલાવનારી છે. આવી હકીકતો અંત્યાર અગાઉ પણ પ્રસિદ્ધ થયેલી છે, તેથી એમ માનવા કારણ મળે છે કે આ ચર્ચાના લેખક "જૈન" કૉન્ફરંસ વિરૂદ્ધ પ્રચાર કરવાના કાર્યમાં સમાજની સેવા બજાવી માનતા હશે. અને પોતાના જે તે મનોકલ્પિત વિચારો જાહેરમાં મૂકી પોતાની જાતને ધન્ય માનતા હશે.

ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમીટીની બેઠક વખતે સુરત જીલ્લાના આગેવાનો મુંબઇ આવ્યા હતા અને તેઓએ તથા તે જીલ્લાના વતનીઓએ તે પ્રાંતમાં યોગ્ય સ્થળે અધિવેશન ભરવા આમંત્રણ આપેલું તે સ્વીકારાયા બાદ એક અઠવાડીયામાંજ રાજકીય વાતાવરણ બદલાયું. રાજકીય પરિસ્થિતિ તે સમયથી અત્યાર સુધીમાં કઇ કક્ષાએ પહોંચેલ છે તે જનતાને જણાવવાની ભાગ્યેજ જરૂર હોય.

આમંત્રણ આપવામાં આવેલ ત્યારથી આજ સુધીમાં બેઠક ભરવા અંગે ખર્ચ સંબંધે કોઇપણ પ્રકારની ચર્ચા થયેલીજ નથી. કૉન્ફરંસના ધોરણ પ્રમાણેજ અત્યાર સુધીમાં થયેલ અધિવેશનોની જેમ આગામી અધિવેશન ભરાશે. તેવીજ રીતે અમુક ગામમાં અધિવેશન મળી શકશે નહીં એવી જે બીન પાયાદાર ખબર 'જૈન ચર્ચા"માં લખાયેલી છે તે તદ્દન અસત્યજ છે. કોઇપણ સ્થળના સંઘે એકત્રિત થઇ અધિવેશન ભરવા વિરૂદ્ધ કંઇપણ મત પ્રદર્શિત કર્યો હોય એમ જાણમાં નથી. તે જીલ્લાના આગેવાનો અધિવેશન પહેલી તકે ભરવા ઉત્સુક છે અને તેમાં ખર્ચ કે કોઇ સ્થળના ઠરાવો સંબંધી અગવડ નડીજ નથી. હાલના રાજકીય સંક્ષુબ્ધ વાતાવરણ અંગેજ તે કાર્ય અનુકૂલ સમયે પાર પાડવા સૌની ઇચ્છા હોય એ સ્વાભાવિક છે.

વિશેષમાં "જૈન ચર્ચા" અને "જૈન જગત્"માં પ્રથમ કૉન્ફરંસ નિભાવ ફંડમાં ભરાયેલાં નાણાંની રકમો પૂરી ન આપવા સંબંધે જે હકીકતો જણાવેલી છે તે પણ અસત્યજ છે. આ સંસ્થાના પ્રમુખ તથા એક મહામંત્રીએ કૉન્ફરંસ તરફથી તેના નિભાવ ફંડ માટે શરૂ કરવામાં આવેલ ફંડમાં પ્રારંભમાંજ જે રકમો ભરેલી છે તે તેઓ પૂરેપૂરી આપવાનાજ છે. તેઓએ કોઇપણ વખત તે આપવા ના પાડી નથી. પ્રથા એ છે કે ફંડમાં બધા સંભાવિત ગૃહસ્થો તરફથી રકમો ભરાઇ જાય પછીજ તે ઉઘરાવાય. પરંતુ ઉક્ત ગૃહસ્થોએ તો તેવી પ્રથા હોવા છતાં સંસ્થામાં જરૂર પડતા પોતે ભરેલી રકમોમાંથી અર્ધી રકમ સત્વર નિ:સંકોચપણે આપી છે અને સંસ્થા આવી તાત્કાલિક મદદ માટે તેમની આભારીજ છે.

છેવટે જૈન જનતા આવા લખાણોથી અવળે રસ્તે ન દોરવાય એમ ઇચ્છીશું.

**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.**

રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

# श्री आत्मानन्द जैन गुरुकुल पंजाब गुजरांवाला के षष्ठ वार्षिकोत्सव का विवरण.

श्री आत्मानन्द जैन गुरुकुल गुजरांवाला का षष्ठ वार्षिकोत्सव ईस्टर की छुट्टियों में २५, २६, २७ मार्च सन् १९३२ ई. को गुरुकुल के इहाते में सफलता पूर्वक हुआ। प्रबन्धक समिति के सदस्य २३, मार्च ही को आगये थे। २३ और २४ मार्च को प्रबन्धक समिति की बैठकें होती रहीं। २५ मार्च को गुजरांवाला टाउन स्टेशन पर मनोनीत सभापति का बडी शान से स्वागत किया गया। जुलूस शहर के मुख्य २ बाजारों में होता हुआ वहीं समाप्त हुआ। २ बजे दोपहर को सभापतिजी ने छात्रों की बनाई हुई वस्तुओं की प्रदर्शिनी का उद्घाटन किया। जनता ने प्रदर्शिनी की वस्तुओं को भली भांति देख कर प्रशंसा की। सभापतिजी ने अपने भाषण में समाज की आवश्यकताओं और गुरुकुल शिक्षण की उपयोगिता पर प्रकाश डाला। इस अवसर पर श्रीयुत सभापति शेठ बहादुरसिंहजी सिंघी कलकत्ता निवासी के साथ दो और सज्जन कलकत्ते से पधारे थे। ज उत्सव में सम्मिलित होने वाले सज्जनों में मुनि तिलक विजयजी, मुनि कृष्णचन्द्रजी, यति विनय विजय जी, पं. जुगल किशोरजी, पं. सुखलालजी, सेठ दयाल चन्दजी, लाला दौलत रामजी, प्रो. ज्ञान चन्द्रजी, डा. बनारसी दासजी, बा. गोपी चन्द्रजी और बाबू मूलचन्द्र बोहरा आदि सज्जनों के अतिरिक्त श्रीमति रामा देवीजी, और श्रीमति दुर्गा देवी जी के नाम उल्लेखनीय हैं। जाति के प्रसिद्ध सज्जनों के सन्देश सुनाये जाने के पश्चात् गुरुकुल की सन् १९३१ के हिसाब और रिपोर्ट सुनाये गये। विद्यार्थियों की फौजी ड्रिल हुई। रात को ८ बजे से विद्यार्थियों के भजन सम्वाद आदि के बाद बहिन राम देवी जी का स्त्री समाज के सुधार पर व्याख्यान हुआ।

२६ मार्च को प्रबन्धक समिति की बैठक के बाद संरक्षकों की मीटिंग हुई और २ बजे से वि. के. भजन व्याख्यान के बाद मुनि तिलक विजयजी का व्याख्यान हुआ। पं. जुगल किशोरजी ने पं. सुखलालजी का प्रभावशाली निबन्ध जैन सम्प्रदायों के भेदाभेद पर हुआ। सभापतिजी ने परीक्षार्थ वि. को तत्काल बोलने को कहा। विद्यार्थी सफलता पूर्वक बोले। परिणाम स्वरूप पं. सुखलालजी ने वि. और शिक्षकों को उत्साहित किया। रात्रि को वि. के व्याख्यान, भजन और संवाद के पश्चात् डाक्टर K. N. Sitaram M. A. P. H. D. Cdurator central museum Lahore का प्रभावशाली व्याख्यान "जैन धर्म का भारत के कला कौशल्य में स्थान" पर हुआ। उन्हों ने बडी योग्यता सेकडों अकाट्य प्रमाण देकर यह सिद्ध किया कि जैनधर्म भी किसी समय में राजधर्म रह चुका है। भारत का कोई प्राकृतिक दृश्य ऐसा नहीं है जहां पर जैन मंदिर, जैन मूर्ति और जैनियों की यादगार न हो, कई शताब्दियों तक जैनधर्म यही भारतीय जनता का धर्म रहा है।

२७ मार्च को शिक्षा समिति की मीटिंग के बाद नये वि. का. प्रवेश संस्कार हुआ। तदनन्तर डा. K. N. Sitaram M. A. Ph. D. का दूसरा भाषण अंग्रेजी ही में "जैनधर्म का मानव समाज को संदेश" पर हुआ। जिस में बतलाया कि अहिन्सा के सन्देश ने २५०० वर्ष पहले जिस सुख और शांतिको स्थापित किया था वही अहिंसा का सन्देश आज फिर दुनिया को जीवन प्रदान कर रहा है। दो पहर को २ बजे से विद्यार्थियों के भजन, संवाद और भाषण के बाद श्रीमति दुर्गादेवीजी का भाषण हुआ। तत्पश्चात् पं. सुखलालजी ने जनता को समझाया कि जैन जाति को अहिंसा का सदुपयोग भूल गया है कि अहिंसा की जान सेवा है और सेवा का क्षेत्र जैनियों का विशाल होना चाहिये। समाने के एक भाई के गायन और जंडियाले के भा. प्यारे लालजी के व्याख्यान के पीछे ट्रस्टी, ऑडीटरान और प्रबन्धक समिति के सदस्यों का चुनाव हुआ। रात को वि. के भजन, संवाद और वाद विवाद प्रबन्धक समिति का चुनाव १२ बजे तक हुआ और उत्सव सहर्ष समाप्त हुआ।

गुरुकुल को श्री सुमति विजयजी व अन्य मुनिराजों की प्रेरणा से नारोवाल निवासी भा. दित्ती राम जंगीरीमल जी ने अपनी सारी संपति जिस का अन्दाजा लगभग १५००० किया जाता है दान की जिस के लिए वसीयत नामा रजिस्ट्री हो चुका है। और भी दान की कई छोटी २ रकमें प्राप्त हुई। इस अवसर पर श्री हस्तिनापुर तीर्थ क्षेत्र समिति की एक बैठक भी हुई। और पंजाब जैन महासभा की भी बैठक हुई। पंजाब जैन स्त्री समाज का भी अधिवेशन हुआ। संरक्षक-परिषद में गुरुकुल के संबंध में बहुत सी ठीक २ बातें संरक्षकों को बताइ गइ, जिन से उन के भ्रम दूर हुए। अधिवेशन अपने उद्देश्य के लिहाज से अति सफल हुआ।

—मानद् मंत्री.

( અનુસંધાન પૃષ્ટ. પર થી ચાલુ )

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | બ્હેન | શારદા ચમનલાલ | અમદાવાદ પ્ર. ક. | ૬૧ |
| ૨૦ | ,, | મુળી રવચંદ | ઇડર | ૬૦ |
| ૨૧ | ,, | લીલાવતી કોદરલાલ | ,, | ૫૯ |
| ૨૨ | ,, | વીરમતી નગીનદાસ | સુરત જ. જ્ઞા. ઉ. | ૫૮ |
| ૨૩ | ,, | શાન્તા મણિલાલ | અમદાવાદ પ્ર. ક. | ૫૮ |
| ૨૪ | ,, | લીલી કેશવલાલ | ,, ,, | ૫૮ |
| ૨૫ | ,, | ધુળી મગનલાલ | ઇડર | ૫૬ |
| ૨૬ | ,, | સુભદ્રા નગીનદાસ | અમદાવાદ શ્રા. ઉ. શા. | ૫૬ |
| ૨૭ | ,, | હીરા માણેકલાલ | ખેડા | ૫૬ |
| ૨૮ | ,, | વિમલા મોહનલાલ | અમદાવાદ પ્ર. ક. | ૫૬ |
| ૨૯ | ,, | મંગુ ચમનલાલ | ,, ,, | ૫૬ |
| ૩૦ | ,, | યશોમતી નરોત્તમદાસ | અમદાવાદ શ્રા. ઉ. શા | ૫૪ |
| ૩૧ | ,, | જશી બાવચંદ | પાલીતાણા બુદ્ધિ. પાઠ. | ૫૩ |
| ૩૨ | ,, | ચન્દ્રમણી લાલભાઈ | અમદાવાદ પ્ર. ક. | ૫૩ |
| ૩૩ | ,, | વસુમતી જબાભાઇ | ,, ,, | ૫૨ |
| ૩૪ | ,, | કમળા વાડીલાલ | મહુવા | ૪૯ |
| ૩૫ | ,, | ખામી વીરચંદ | પાલીતાણા બુ. પા. | ૪૭ |
| ૩૬ | ,, | મનહર રાયચંદ | ભાવનગર | ૪૫ |
| ૩૭ | ,, | શારદા ચીમનલાલ | ખેડા | ૪૫ |
| ૩૮ | ,, | શાન્તિ મણીલાલ | ખેડા | ૪૫ |
| ૩૯ | ,, | ચન્દ્રકાન્તા કેશવલાલ | અમદાવાદ પ્ર. ક. | ૪૫ |
| ૪૦ | ,, | રંગુ મોહનલાલ | નિપાણી | ૪૩ |
| ૪૧ | ,, | વિમળા વાડીલાલ | મહુવા | ૪૨ |
| ૪૨ | ,, | તારા અમૃતલાલ | અમદાવાદ શ્રા. ઉ. શા. | ૪૨ |
| ૪૩ | ,, | વસંત રામચંદ | ભાવનગર | ૪૦ |
| ૪૪ | ,, | મકરી જેઠાલાલ | અમદાવાદ શ્રા. ઉ. શા. | ૩૯ |
| ૪૫ | ,, | લીલાવતી ચુનીલાલ | ,, ,, | ૩૮ |
| ૪૬ | ,, | સુંદરા કેશવચંદ | નિપાણી | ૩૭ |
| ૪૭ | ,, | કાન્તા મોહનલાલ | ખેડા | ૩૪ |
| ૪૮ | ,, | શારદા હીરાલાલ | અમદાવાદ દ. મ. શા. | ૩૩ |
| ૪૯ | ,, | ગુલાબ ભુરાભાઇ | પાલીતાણા બુદ્ધિ. પા. | ૩૩ |

**નોટ:—**

સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૧, સ્ત્રી ધોરણ ૫. વિ. ૪ ક (પ્રાકૃત) અને સ્ત્રી ધોરણ ૫ વિ. ૫ (સંસ્કૃત) માં એકેકજ બ્હેન આ વર્ષે બેઠેલા છે.

સ્ત્રી ધોરણ ૪ માં ૧૩ બ્હેનો બેઠી છે. સૌ પાસ છે
સ્ત્રી ધોરણ ૩ માં ૫ બ્હેનો બેઠી છે. ,, ,,
કન્યા ધોરણ ૨ માં ૭૫ બ્હેનો બેઠી છે. તેમાંથી ૬૭ પાસ થાય છે

પરિણામમાં જણાવ્યા શિવાયના પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ (ફેલ થનાર) ના માર્ક જવાબી પોસ્ટ કાર્ડ દ્વારા મંગાવી શકાશે.

પ્રમાણપત્રો તથા ઇનામોની રકમો સેન્ટરોના વ્યવસ્થાપકોને હવે પછી મોકલાશે.

આગામી પરિક્ષાઓ ડિસેમ્બર ૧૯૩૨ માં લેવામાં આવશે.

સામાન્યતયા સર્વ અને ખાસ કરીને ઉચ્ચ ધોરણોની પરીક્ષામાં બેસવા ઇચ્છા ધરાવનાર વિદ્યાર્થીઓએ તો તુરતજ અભ્યાસ શરૂ કરી દેવાની જરૂર છે. અભ્યાસક્રમની કૉપીઓ નીચના સ્થળેથી મળી શકશે.

જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ. } **સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી.**
૨૦, પાયધુની મુંબઇ ૩. } માનદ મંત્રી,

( અનુસંધાન પૃષ્ટ ૫૪ ઉપરથી. )

ઉપયોગી થઇ શકતા કે બીજાને. તેટલાજ માટે માધ્યમિક શિક્ષણ તો જૈન કોમમાં ફરજીઆત થવુંજ જોઇએ, અને આવી સંસ્થાઓમાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓએ પણ અમુક હદ સુધી શિક્ષણ લેવાની કબુલાત મેળવાય તેવાજ વિદ્યાર્થીઓને દાખલ કરવા પ્રબંધ કરવામાં આવે તોજ શિક્ષણ સંબંધીની આંતરિક સ્થિતિ સુધરી શકે તેમ મારૂં માનવું છે, છેવટે મારે જણાવવું જોઇએ કે ગમે તેવા ઉચ્ચ આશયથી આપણા તરફથી જણાવવામાં આવે; પરંતુ પદાર્થને છોડી પડછાયાને પકડવામાંજ જૈનો તરફથી વલખા મારવામાં આવે છે અને સંગીનતાને છોડીને તકલાદી બહારના દેખાવની ટાપટીપ તરફ મોહીની બતાવવાના પ્રયત્નમાં કોઇ પણ સરસમાં સરસ યોજનાને સહન કરવું પડે છે. આ વાત વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ અને કાર્યવાહકોના ધ્યાન બહાર કદીપણ રહેવી ન જોઇએ એવી મારી ઇચ્છા છે તેટલાજ માટે આવા સાર્વજનિક ખાતાને, કોમના હીતના સવાલ માટે, એકે અવાજે દરેક જૈન ભાઇઓએ ટેકો આપી પોતાનાથી બની શકતી ફરજ બજાવવા પાછા હઠવું જોઇએ નહિ.

## સાભાર સ્વીકાર.

નીચેની રકમો સાભાર સ્વીકારવામાં આવે છે.

**શ્રી કૉન્ફરંસ નિભાવ ફંડમાં.**

રૂા. ૧૨૫૦) રાવસાહેબ શેઠ **રવજી સોજપાળ,** મુંબઇ.

રૂા. ૧૦૦૦) શેઠ **રણછોડભાઈ રાયચંદ મો. ઝવેરી,** મુંબઇ.

**શ્રી સુકૃત ભંડાર ફંડમાં.**

રૂા. ૫૨૪) મહુંમ શેઠ **દેવીદાસ કાનજીના** ટ્રસ્ટીઓ બાઇ લીલાવતી દેવીદાસ, શેઠ છોટાલાલ પ્રાણલાલ તથા શેઠ મૂલચંદ હીરજી તરફથી મર્હુમ શેઠના વિલમાં લખ્યા મુજબ રૂા. ૫૦૦) ની ફેસવેલ્યુની ગ. પ્રા. નોટ ૧૯૫૫/૬૦ ની ટકા ૪॥ ની તથા રોકડા રૂા. ૨૪).

**શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.**

રૂા. ૫૦૦) સન ૧૯૩૧ ની પુરૂષ વર્ગની પરીક્ષાઓના ઇનામો માટે શેઠ **સારાભાઈ મગનભાઈ** મોદી તરફથી રૂા. પાંચસોનો સેંટ્રલ બેંક ઉપરનો ચેક.

### શોકજનક અવસાન.

આ અઠવાડીએ એક આઘાત જનક અવસાન થવાની નોંધ લેતાં અમોને અતિ ખેદ થાય છે. પ્રોફેસર નગીનદાસ જગજીવન શાહ એમ. એ. પી. એચ ડી. ભર યુવાન વયે હૃદયની બીમારીથી મૃત્યુ પામ્યા છે. તેઓ એક વિદ્વાન અને અત્યંત ઉત્સાહી યુવાન હતા, મહાવીર વિદ્યાલયમાં તેઓએ પોતાની સેવા અર્પી હતી. અને આ સંસ્થાની સ્ટેન્ડીંગ કમિટીના ઉત્સાહી સભ્ય હતા. તેઓ અર્થ શાસ્ત્રના અથંગ અભ્યાસી હતા, એટલુંજ નાહ પણ જ્યાં જ્યાં પોતાની જરૂર પડે ત્યાં ત્યાં તેઓ નિઃસ્વાર્થ સેવા અર્પતા હતા. આવા એક ઉત્સાહી વિદ્વાન જૈન કોમમાંથી ગુમ થતાં જૈન કોમને ભારે ખોટ પડી છે, પ્રભુ તેમના આત્માને શાંતિ આપો.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ

તરફથી લેવાતી

**શેઠ સારાભાઈ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ ધાર્મિક તથા પાકૃત અને અ૦ સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાલ સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની તા. ૨૭-૧૨-૧૯૩૧ રવિવાર ના રોજ લેવાયેલી ઇનામી પરીક્ષાઓ.**

## પરિણામ.

(ગતાંકથી ચાલુ.)

**સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૧ (તત્ત્વજ્ઞાન વિષય)**

પરીક્ષક—શ્રી ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની, સાદરા.

| નં. | નામ | સેન્ટર | માર્ક. | ઇ. રૂા. |
|---|---|---|---|---|
| ૧ | સમરથબ્હેન વીરચંદ જીવરાજ | ભાવનગર | ૬૦ | ૨૦ |

**સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૪ क (प्राकृत.)**

પરીક્ષક—પંડિત પાનાચંદ ખુશાલભાઈ, મુંબઇ.

(૭૫ માંથી)

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | હીરાબ્હેન સારાભાઇ મ. મોદી | મુંબઇ | ૫૩ | ૨૫ |

**સ્ત્રી ધોરણ ૫ વિભાગ ૫ संस्कृत विषय**

પરીક્ષક—પંડિત જીવરાજ રામજી શાહ, મુંબઇ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | કડવીબ્હેન પોલા | ભાવનગર | ૫૭ | ૨૦ |

**સ્ત્રી ધોરણ ૪ પ૦—શ્રી કુંવરજી દામજી માસ્તર, પાલીતાણા**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બ્હેન શાન્તા મોહનલાલ | અમદાવાદ દ. મ. શા. | ૮૧ | ૧૬ |
| ૨ | ,, મોંઘી મૂલચંદ | પાલીતાણા બુ. પાઠ. | ૮૧ | ૧૬ |
| ૩ | ,, ચંપા ત્રિભોવનદાસ | મુંબઇ માં. ક. શા. | ૭૬ | ૮ |
| ૪ | ,, કમલા વીરચંદ | પાલીતાણા બુ. પાઠ. | ૬૯ | ૬ |
| ૫ | ,, પુષ્પાવતી મોહનલાલ | અમદાવાદ જે. મ. શા. | ૬૮ | |
| ૬ | ,, માનકોર રણછોડ | પાલીતાણા બુ. પાઠ. | ૬૦ | |
| ૭ | રંગૂબાઈ ચુનીલાલ મહેતા | નિપાણી | ૫૫ | |
| ૮ | બ્હેન શાન્તા પરમાણંદ | પાલીતાણા બુ. પાઠ. | ૫૩ | |
| ૯ | ,, ઇંદુમતી ચંપકલાલ | અમદાવાદ દ. મ. શા. | ૫૨ | |
| ૧૦ | ,, લક્ષ્મી ચુનીલાલ | પાલીતાણા બુ. પાઠ. | ૫૧ | |
| ૧૧ | ,, ચંપા અમરચંદ | ,, ,, | ૪૭ | |
| ૧૨ | ,, નેમકોર ગોરધન | ,, ,, | ૪૧ | |
| ૧૩ | ,, પ્રભાવતી અમૃતલાલ | ,, ,, | ૪૦ | |

**સ્ત્રી ધોરણ ૩ પ૦—શ્રી ભગવાનદાસ મીઠાભાઇ, જુન્નર.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બ્હેન હંસવતી ગુલાબચંદ | પાલીતાણા બુ. પાઠ. | ૮૩ | ૧૮ |
| ૨ | ,, મથુરી પરશોતમદ | ઇડર | ૭૭ | ૧૪ |
| ૩ | ,, સમરત અંબાલાલ | પાલીતાણા સિ. શ્રા. | ૭૨ | ૧૦ |
| ૪ | ,, શાન્તા ગટોરદાસ | ખેડા | ૫૯ | ૮ |
| ૫ | ,, જાસુદ મોહનલાલ | ખેડા | ૩૬ | |

**કન્યા ધોરણ ૨ પ૦—શ્રી હરખચંદ રાયચંદ શાહ, સુરત.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બ્હેન જાસુદ સકરચંદ | અમદાવાદ પ્ર. ક. શા. | ૮૨ | ૧૦ |
| ૨ | ,, કુસુમ કેશવલાલ | પાદરા | ૭૬ | ૮ |
| ૩ | ,, સુશીલા હેમચંદભાઇ | ઇડર | ૭૫ | ૬ |
| ૪ | ,, કંચન પ્રેમચંદ | અમદાવાદ (પ્ર. ક.) | ૭૪ | ૫ |
| ૫ | ,, શારદા ધરમચંદ (રાંદેર) | સુરત | ૭૪ | ૪ |
| ૬ | ,, વસુ છગનલાલ | અમદાવાદ (પ્ર. ક.) | ૭૧ | ૩ |
| ૭ | ,, શારદા ભીખાભાઇ | અમદાવાદ (શ્રા. ઉ) | ૬૯ | ૨ |
| ૮ | ,, શાન્તા ફકીરચંદ | અમદાવાદ (પ્ર. ક.) | ૬૭ | ૨ |

| નં. | નામ | સેન્ટર | માર્ક. | ઇ. રૂા. |
|---|---|---|---|---|
| ૯ | બ્હેન ચંદ્રા સોમાભાઇ | પાદરા | ૬૬ | |
| ૧૦ | ,, સરસ્વતી અમરચંદ | ભરૂચ | ૬૬ | |
| ૧૧ | ,, લીલી છગનલાલ | ઊંઝા | ૬૬ | |
| ૧૨ | ,, નારંગી મણીલાલ | અમદાવાદ (પ્ર. ક) | ૬૬ | |
| ૧૩ | ,, નિર્મલા પોપટલાલ | ,, ,, | ૬૪ | |
| ૧૪ | ,, સવીતા પોપટલાલ | ,, દ. મ. શા. | ૬૪ | |
| ૧૫ | ,, મંગલા મોતીચંદ | સુરત જ. જ્ઞા. ઉ. | ૬૩ | |
| ૧૬ | ,, પ્રભાવતી હેમચંદ | અમદાવાદ શ્રા. ઉ. શા. | ૬૩ | |
| ૧૭ | ,, લીલી વાડીલાલ | અમદાવાદ પ્ર. ક. | ૬૩ | |
| ૧૮ | ,, શાન્તા ત્રિકમલાલ | ,, ,, | ૬૩ | |
| ૧૯ | ,, લીલી ગણપતલાલ | ,, ,, | ૬૧ | |
| ૨૦ | ,, શાન્તા રતીલાલ | ,, ,, | ૬૧ | |
| ૨૧ | ,, સુશીલા મણીલાલ | ,, ગં. કન્યા. | ૬૧ | |
| ૨૨ | ,, લીલી પાનાચંદ | પાદરા | ૬૦ | |
| ૨૩ | ,, મોતી છોટાલાલ | કડોર | ૫૯ | |
| ૨૪ | ,, વસુમતિ ચંદુલાલ | અમદાવાદ (પ્ર. ક.) | ૫૯ | |
| ૨૫ | ,, અનુસૂયા સારાભાઇ | ,, (ગં. ક.) | ૫૭ | |
| ૨૬ | ,, પદ્માવતી મણીલાલ | મુંબઈ (માં. ક.) | ૫૭ | |
| ૨૭ | ,, નિર્મલા જેઠાલાલ | અમદાવાદ (પ્ર. ક.) | ૫૬ | |
| ૨૮ | ,, સુશીલા મોહનલાલ | ,, ,, | ૫૬ | |
| ૨૯ | ,, લીલાવતી વેલચંદ | ભાવનગર | ૫૬ | |
| ૩૦ | ,, કાન્તા રૂગનાથ બીમાણી | સુરત (વ. વિ) | ૫૬ | |
| ૩૧ | ,, લલીતા અમૃતલાલ પારેખ | મહુધા | ૫૬ | |
| ૩૨ | ,, તારા ચુનીલાલ | ઉંઝા | ૫૫ | |
| ૩૩ | ,, શાન્તા મગનલાલ | અમદાવાદ પ્ર. બા. ક. | ૫૫ | |
| ૩૪ | ,, શાન્તાગૌરી હરીલાલ | સુરત વ. વિશ્રામ | ૫૪ | |
| ૩૫ | ,, ચંદ્રકાન્તા જેસિંગભાઇ | અમદાવાદ દ. મ. શા. | ૫૪ | |
| ૩૬ | ,, વસુમતિ માણેકલાલ | ,, ગં. ક. | ૫૪ | |
| ૩૭ | ,, લીલી ભાઈલાલ | ,, પ્ર. ક. | ૫૩ | |
| ૩૮ | ,, શાન્તા ત્રિકમલાલ | ,, ,, | ૫૩ | |
| ૩૯ | ,, સવિતા શંકરલાલ | પાદરા | ૫૨ | |
| ૪૦ | ,, મધુકાન્તા માણેકલાલ | અમદાવાદ દ. મ. શા. | ૫૨ | |
| ૪૧ | ,, વસુમતિ સારાભાઇ | ,, (ગં. ક.) | ૫૨ | |
| ૪૨ | ,, સુભદ્રા છોટાલાલ | મહુધા | ૫૧ | |
| ૪૩ | ,, વિદ્યા અમૃતલાલ | અમદાવાદ (ગં. ક.) | ૫૧ | |
| ૪૪ | ,, લીલાવતી મંગલદાસ | ,, ,, | ૫૧ | |
| ૪૫ | ,, હીરા હરગોવિંદદાસ | ,, ,, | ૫૦ | |
| ૪૬ | ,, મધુકાન્તા માધવલાલ | ,, (પ્ર. ક.) | ૫૦ | |
| ૪૭ | ,, શાન્તા ત્રિકમલાલ | ,, ,, | ૪૯ | |
| ૪૮ | ,, કુસુમ નરોત્તમભાઇ | ભાવનગર | ૪૯ | |

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઈ. રૂ. |
|---|---|---|---|---|
| ૪૯ | બ્હેન કાંતા લલ્લુભાઇ | પાદરા | ૪૮ | |
| ૫૦ | ,, લીલી જેચંદ | ઉંઝા | ૪૭ | |
| ૫૧ | ,, શાન્તા અનોપચંદ | અમદાવાદ ગં ક. | ૪૭ | |
| ૫૨ | ,, વિદ્યા ફુલચંદભાઇ | ,, ,, | ૪૬ | |
| ૫૩ | ,, સુભદ્રા વાડીલાલ | ,, પ્ર. ક. | ૪૫ | |
| ૫૪ | ,, શારદા ચીમનલાલ | સુરત વનિતા વિ. | ૪૫ | |
| ૫૫ | ,, જયા ખીમચંદ લલ્લુ | ભાવનગર | ૪૫ | |
| ૫૬ | ,, વિમળા મોતીચંદ | ,, | ૪૩ | |
| ૫૭ | , વિમળા પ્રેમચંદ | અમદાવાદ શ્રા. ઉ. શા. | ૪૩ | |
| ૫૮ | ,, ભાનુમતિ વાડીલાલ | ,, ગંગાબાઇ ક. | ૪૨ | |
| ૫૯ | ,, સવિતા દલીચંદ | કઠોર | ૪૧ | |
| ૬૦ | ,, ચંદ્રાવતી મોહનલાલ | મુંબઇ માંગરોળ ક. | ૪૦ | |
| ૬૧ | ,. રતન છોટાલાલ | અમદાવાદ ગંગાબાઇ ક | ૩૯ | |
| ૬૨ | ,, શાન્તા વીરચંદ નથ્થુ | ભાવનગર | ૩૮ | |
| ૬૩ | ,, પ્રભાવતી વાડીલાલ | અમદાવાદ પ્રધાન ક. | ૩૭ | |
| ૬૪ | ,, ધનલક્ષ્મી વીરચંદ | અમદાવાદ ગંગાબાઇ ક. | ૩૫ | |
| ૬૫ | ,, પ્રભાવતી નાનચંદ | ભાવનગર | ૩૪ | |
| ૬૬ | ,, કુસુમ ભગુભાઇ | અમદાવાદ શ્રા. ઉ. શા. | ૩૪ | |
| ૬૭ | ,, સવિતા ચીનુભાઇ | ,, ગંગાબાઇ ક. | ૩૩ | |

કન્યા ધો૦ ૧ પરીક્ષક-રા. દલીચંદ તારાચંદ ગાંધી, સુરત.

( ૧૫૭ બ્હેનો બેઠી તેમાંથી ૧૩૪ પાસ )

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઈ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | બ્હેન લીલી મોહનલાલ | સમોઉ | ૮૭ | ૧૦ |
| ૨ | ,, સવિતા ભોળાભાઇ | અમદાવાદ દ. મ. શા. | ૮૬ | ૮ |
| ૩ | ,, કાન્તા કેશવલાલ | બોરસદ | ૮૪ | ૬ |
| ૪ | ,, કમલા ભુરાભાઇ | ,, | ૮૨ | ૫ |
| ૫ | ,, શાન્તા ચકુભાઇ | સમોઉ | ૮૦ | ૪ |
| ૬ | ,, સુભદ્રા ચકુભાઇ | ,, | ૭૯ | ૪ |
| ૭ | ,, લીલી ચુનીલાલ | ,, | ૭૬ | ૨ |
| ૮ | ,, સુભદ્રા અમથાલાલ | ,, | ૭૪ | ૨ |
| ૯ | ,, સુભદ્રા બબાભાઈ | ,, | ૭૩ | ૧ |
| ૧૦ | ,, કમળા માણેકલાલ | અમદાવાદ પ્ર. ક. | ૭૩ | ૧ |
| ૧૧ | ,, પદ્મા નગીનલાલ | આમોદ | ૭૩ | ૧ |
| ૧૨ | ,, શાન્તા કોદરદાસ | ઇડર | ૭૩ | ૧ |
| ૧૩ | ,, મંગલા લક્ષ્મીચંદ | પાલીતાણા (સિ. શ્રા.) | ૭૩ | ૧ |
| ૧૪ | ,, જયામણી ચુનીલાલ | ભાવનગર | ૭૨ | |
| ૧૫ | ,, શકરી અંબાલાલ | પાલીતાણા (સિ. શ્રા.) | ૭૨ | |
| ૧૬ | ,, સુશીલા નાનાલાલ | અમદાવાદ (પ્રધાન ક.) | ૭૨ | |
| ૧૭ | ., લીલાવતી પ્રભુદાસ | પાલીતાણા સિ. શ્રા. આ | ૭૨ | |
| ૧૮ | ,, સુભદ્રા ચમનલાલ | અમદાવાદ ગગાબાઇ ક. | ૭૧ | |
| ૧૯ | ,, મંછા ગિરધરલાલ | પાલીતાણા સિ. શ્રા. | ૭૦ | |
| ૨૦ | ,, લલિતા ભાઇલાલ | પાદરા | ૭૦ | |
| ૨૧ | ,, મધુકાન્તા મોહનલાલ | અમદાવાદ પ્ર. ક. | ૭૦ | |
| ૨૨ | ,, લીલી કેશવલાલ | સમોઉ | ૭૦ | |
| ૨૩ | ,, વિજયા વાડીલાલ | પાદરા | ૬૯ | |
| ૨૪ | ,, હસંતિકા ચુનીલાલ | આમોદ | ૬૮ | |
| ૨૫ | ,, ધુળી ડાહ્યાલાલ | ઇડર | ૬૭ | |
| ૨૬ | ,, લીલી હીરાચંદ | ઉંઝા | ૬૭ | |
| ૨૭ | ,, મંજુ રતિલાલ | અમદાવાદ પ્રધાન ક. | ૬૭ | |
| ૨૮ | ,, પુષ્પાવતી લાલભાઇ | ,, ,, | ૬૭ | |
| ૨૯ | ,, વસુમતિ પોપટલાલ | ,, ,, | ૬૬ | |

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઈ. રૂ. |
|---|---|---|---|---|
| ૩૦ | બ્હેન જશી હિરાલાલ | અમદાવાદ શ્રાવિકા ઉ. | ૬૬ | |
| ૩૧ | ,, ચંદ્રાવતિ ચિમનલાલ | અમદાવાદ ગંગાબાઇ ક. | ૬૪ | |
| ૩૨ | ,, કમળા હઠીસંગ | સમોઉ | ૬૩ | |
| ૩૩ | ,, સવિતા આત્મારામ | અમદાવાદ શ્રા. ઉ. | ૬૩ | |
| ૩૪ | ,, જસવંતિ નગીનદાસ | ,, | ૬૩ | |
| ૩૫ | ,, કાન્તા સોમચંદ | અમદાવાદ ગગાબાઇ ક. | ૬૩ | |
| ૩૬ | ,, હીરા લાલભાઇ | અમદાવાદ પ્રધાનબાઇ ક. | ૬૩ | |
| ૩૭ | ,, સરસ્વતિ મોહનલાલ જરીવાલા | સુરત હ. પા. | ૬૩ | |
| ૩૮ | ,, શાન્તા મણીલાલ | ઇડર | ૬૩ | |
| ૩૯ | ,, હીરા ચિમનલાલ | અમદાવાદ પ્રધાન ક. | ૬૨ | |
| ૪૦ | ,, નારંગી નાથાલાલ | અમદાવાદ શ્રાવિકા ઉ. | ૬૨ | |
| ૪૧ | ,, શાન્તા અમથાલાલ | ઇડર | ૬૧ | |
| ૪૨ | ,, પ્રભાવતી ચુનીલાલ | મહુધા | ૬૧ | |
| ૪૩ | ,, મોતન ત્રિભોવન | ભરૂચ | ૬૦ | |
| ૪૪ | ,, કંચન મણીલાલ લખમીચંદ | અમદાવાદ પ્ર. ક. | ૬૦ | |
| ૪૫ | ., શારદા જેસંગભાઇ | અમદાવાદ પ્રધાન ક. | ૬૦ | |
| ૪૬ | ,, શાન્તા ભીખાભાઇ | ,, ,, | ૬૦ | |
| ૪૭ | ,, સુલોચના અંબાલાલ | ,, ,, | ૬૦ | |
| ૪૮ | ,, સુભદ્રા મગનલાલ | ભાવનગર | ૫૯ | |
| ૪૯ | ,, કુસુગ હરીલાલ | અમદાવાદ પ્રધાન ક. | ૫૯ | |
| ૫૦ | ,, વસુમતિ સાંકલચંદ | અમદાવાદ પ્રધાન ક. | ૫૯ | |
| ૫૧ | ,, શારદા ચંદુલાલ | ,, ગંગાબાઇ ક. | ૫૯ | |
| ૫૨ | ,, સુશીલા પોપટલાલ | અમદાવાદ શારદા ભુ. | ૫૮ | |
| ૫૩ | ,, સવિતા માણેકલાલ | મુંબઇ માંગરોળ ક. | ૫૮ | |
| ૫૪ | ,, ધનુ મોહનલાલ | આમોદ | ૫૮ | |
| ૫૫ | ,, લીલાવતી પરશોતમ | ભાવનગર | ૫૭ | |
| ૫૬ | ,, શારદા કેશવલાલ | ઇડર | ૫૭ | |
| ૫૭ | ,, મોતી પ્રેમચંદ | પાદરા | ૫૭ | |
| ૫૮ | ,, વસુમતિ ગાંડાભાઇ | અમદાવાદ પ્રધાન ક. | ૫૭ | |
| ૫૯ | ,, કંચન ચિમનલાલ | અમદાવાદ પ્રધાન ક. | ૫૭ | |
| ૬૦ | ,, વસુમતિ પરશોતમ | અમદાવાદ ગંગાબાઇ ક. | ૫૭ | |
| ૬૧ | ,, સરસ્વતિ ફકીરચંદ | ભરૂચ | ૫૬ | |
| ૬૨ | ,, કમળા ગોકળદાસ | ઇડર | ૫૬ | |
| ૬૩ | ,, રમણગૌરી નગીનદાસ | સુરત (રાંદેર) | ૫૬ | |
| ૬૪ | ,, કાન્તા મંગળદાસ | અમદાવાદ દ. મ. શા. ભુ. | ૫૬ | |
| ૬૫ | ,, લીલાવતી કચરાભાઈ | ,, ,, | ૫૬ | |
| ૬૬ | ,, શારદા જીવણલાલ | ,, પ્રધાન ક. | ૫૬ | |
| ૬૭ | ,, કંચન પોપટલાલ | ,, ,, | ૫૬ | |
| ૬૮ | ,, સવિતા લાલભાઇ | ,, ,, | ૫૬ | |
| ૬૯ | ,, કંચન હરીલાલ | ,, શ્રા. ઉ. | ૫૬ | |
| ૭૦ | ,, લલિતા હરગોવન | કઠોર | ૫૬ | |
| ૭૧ | ,, કાન્તા માણેકલાલ | અમદાવાદ પ્રધાન ક. | ૫૫ | |
| ૭૨ | ,, શાન્તા મફતલાલ | ,, ગંગાબાઇ ક. | ૫૫ | |
| ૭૩ | ,, લીલાવતી રામચંદ વેનાડીકર | નિપાણી | ૫૫ | |
| ૭૪ | ,, કમલા સકરચંદ | આમોદ | ૫૪ | |
| ૭૫ | ,, ગુણવંતા કાનજીભાઇ | ભાવનગર | ૫૪ | |
| ૭૬ | ,, માંગીબાઇ હંસરાજજી | રતલામ | ૫૪ | |
| ૭૭ | ,. શાંન્તા ચિમનલાલ | મુંબઇ માંગરોલ ક. | ૫૩ | |
| ૭૮ | ,, શૌખ્યપ્રભા મણીલાલ | ,, ,, | ૫૩ | |

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઈ. રૂ. |
|---|---|---|---|---|
| ૭૯ | બ્હેન મધુરી હરીચંદ | ભાવનગર | ૫૨ | |
| ૮૦ | ,, પ્રભાવતી વેણીલાલ | ભરૂચ | ૫૨ | |
| ૮૧ | ,, મંજુ મગનલાલ | અમદાવાદ પ્રધાન ક. | ૫૨ | |
| ૮૨ | ,, જેડી સ્વરૂપચંદ | ઇડર | ૫૧ | |
| ૮૩ | ,, કંચન મણીલાલ ડાહ્યાભાઇ | અમદાવાદ પ્ર ક. | ૫૧ | |
| ૮૪ | ,, ચંદ્રાવતી લાલભાઇ | અમદાવાદ ગંગાબાઇ ક. | ૫૧ | |
| ૮૫ | ,, વિમળા વાડીલાલ | ,, ,, | ૫૧ | |
| ૮૬ | ,, વિમળા રતીલાલ | ,, ,, | ૫૧ | |
| ૮૭ | ,, વિદ્યા બબ્બાભાઇ | અમદાવાદ પ્રધાન ક. | ૫૦ | |
| ૮૮ | ,, વસુમતિ મણીલાલ | ,, ગંગાબાઇ ક. | ૫૦ | |
| ૮૯ | ,, સુગનબાઇ ગણુજી કાસ્વા | રતલામ | ૪૯ | |
| ૯૦ | ,, નારંગી સકરાભાઇ | અમદાવાદ શ્રાવિકા કા. | ૪૮ | |
| ૯૧ | ,, દલી છગનલાલ | કઠોર | ૪૮ | |
| ૯૨ | ,, દેવનબાઇ કેશરીમલજી માલવી | રતલામ | ૪૮ | |
| ૯૩ | ,, ડાહી વસ્તાગામ | ઉંઝા | ૪૭ | |
| ૯૪ | ,, મંધુકાન્તા રતિલાલ | અમદાવાદ ગંગાબાઇ ક. | ૪૭ | |
| ૯૫ | ,, સવિતા લાલચંદ | કઠોર | ૪૭ | |
| ૯૬ | ,, ચંપા ઝવેરચંદ | ,, | ૪૭ | |
| ૯૭ | ,, લીલી પુંજારામ | કડી | ૪૬ | |
| ૯૮ | ,, કાન્તા દલસુખભાઇ | અમદાવાદ શ્રા. ઉ. શા | ૪૬ | |
| ૯૯ | ,, લીલી સોમચંદ | ,, ,, | ૪૬ | |
| ૧૦૦ | ,, કાન્તા શામળદાસ | મહુધા | ૪૫ | |
| ૧૦૧ | ,, કાન્તા પ્રેમચંદ | શિનોર | ૪૫ | |
| ૧૦૨ | ,, પ્રભાવતી લાલભાઇ | અમદાવાદ પ્રધાન ક. | ૪૫ | |
| ૧૦૩ | ,, લીલી છગનલાલ | કઠોર | ૪૫ | |
| ૧૦૪ | ,, હીરા મૂલજીભાઈ | બોરસદ | ૪૪ | |
| ૧૦૫ | ,, સુશીલા ચિમનલાલ | અમદાવાદ દ. મ. ભુ. | ૪૪ | |
| ૧૦૬ | ,, હસુમતિ હીરાભાઇ | અમદાવાદ ગંગાબાઇ ક. | ૪૪ | |
| ૧૦૭ | ,, દેઉબાઇ ગુલાબચંદ ચોપડા | રતલામ | ૪૩ | |
| ૧૦૮ | ,, કાન્તા અમૃતલાલ | અમદાવાદ ગંગાબાઇ ક. | ૪૩ | |
| ૧૦૯ | ,, રમણગૌરી રતિલાલ | સુરત (રાંદેર) | ૪૨ | |
| ૧૧૦ | ,, ચંદુ રતનશી | કડી | ૪૨ | |
| ૧૧૧ | ,, શારદા ત્રિકમલાલ | અમદાવાદ ગંગાબાઇ ક. | ૪૧ | |
| ૧૧૨ | ,, સવિતા ચમનલાલ | ,, ,, | ૪૧ | |
| ૧૧૩ | ,, ગુણવંતી શંકરલાલ | મહુધા | ૪૦ | |
| ૧૧૪ | ,, વસુમતિ કલ્યાણભાઇ | અમદાવાદ ગંગાબાઇક. | ૪૦ | |
| ૧૧૫ | ,, તારા બીમાજી | કઠોર | ૪૦ | |
| ૧૧૬ | ,, સુભદ્રા પુંજાભાઇ | અમદાવાદ દ. મ. શા. | ૩૯ | |
| ૧૧૭ | ,, કેશર પુલચંદ | મુંબઇ માંગરોલ ક. | ૩૮ | |
| ૧૧૮ | ,, શાન્તા પુલચંદ | અમદાવાદ ગંગાબાઇ ક. | ૩૮ | |
| ૧૧૯ | ,, વિમળા મગનલાલ | શિનોર | ૩૭ | |
| ૧૨૦ | ,, શાન્તાગૌરી લાલચંદ | ભરૂચ | ૩૫ | |
| ૧૨૧ | ,, ભગવતી ચમનલાલ | બોરસદ | ૩૫ | |
| ૧૨૨ | ,, સુશીલા ચમનલાલ | અમદાવાદ ગંગાબાઇ ક. | ૩૫ | |
| ૧૨૩ | ,, પ્રભાવતી માણેકલાલ | ,, શ્રાવિકા ઉ. | ૩૫ | |
| ૧૨૪ | ,, તારા નગીનદાસ | કઠોર | ૩૫ | |
| ૧૨૫ | ,, બીખી ચુનીલાલ | ભરૂચ | ૩૪ | |
| ૧૨૬ | ,, કમળા ચુનીલાલ | સુરત (રાંદેર) | ૩૪ | |
| ૧૨૭ | ,, લીલી મંગલદાસ | શિનોર | ૩૪ | |
| ૧૨૮ | બ્હેન સુભદ્રા ગિરધરલાલ | મહુધા | ૩૪ | |
| ૧૨૯ | ,, મનોદમા વરદીચંદજી ગાદીયા | રતલામ | ૩૪ | |
| ૧૩૦ | ,, મરઘા ગિરધરલાલ | કડી | ૩૪ | |
| ૧૩૧ | ,, વની ભાયલાલ | બોરસદ | ૩૪ | |
| ૧૩૨ | ,, કમળા જગજીવન | ,, | ૩૪ | |
| ૧૩૩ | ,, લીલાવતી હીરાભાઇ | અમદાવાદ ગંગાબાઇ ક. | ૩૪ | |
| ૧૩૪ | ,, કાન્તા ડાહ્યાભાઇ | ,, શ્રાવિકા ઉ. | ૩૪ | |

સ્રી ધોરણ ૨ પરીક્ષક—રા. માવજી દામજી શાહ, મુંબઇ.

( ૨૦ બ્હેનો બેઠી સર્વે પાસ. )

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઈ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | બ્હેન ચંદ્રાવતી ચિમનલાલ | અમદાવાદ દ. મ. શા. | ૭૬ | ૧૨ |
| ૨ | ,, હીરા મૂલચંદ | ઇડર | ૭૬ | ૧૨ |
| ૩ | ,, ચંપાવતી મોહનલાલ | ઇડર | ૭૬ | ૧૨ |
| ૪ | ,, કાન્તા રતીલાલ | અમદાવાદ શ્રા. ઉ. શા. | ૭૪ | ૬ |
| ૫ | ,, ધુળી કેળવદાસ | ઇડર | ૭૨ | |
| ૬ | ,, ચંપા ત્રિભોવનદાસ | અમદાવાદ શ્રા. ઉ. શા. | ૭૨ | |
| ૭ | ,, સકરી ચતુરલાલ | પાલીતાણા સિ. શ્રા. આ. | ૬૮ | |
| ૮ | ,, મંગુ ડાહ્યાલાલ | ઇડર | ૬૭ | |
| ૯ | ,, સવિતા સોમાભાઇ | અમદાવાદ દ. મ. શા. | ૬૭ | |
| ૧૦ | ,, પ્રભાવતી જગાભાઇ | ,, દ. મ. શા. | ૬૬ | |
| ૧૧ | ,, લીલી બાલાભાઇ | ,, શ્રા. ઉ. શા. | ૬૫ | |
| ૧૨ | ,, કાન્તા ત્રિકમલાલ | ,, દ. મ. શા. | ૬૪ | |
| ૧૩ | ,, લક્ષ્મી મણીલાલ | ,, શ્રા. ઉ. શા. | ૬૩ | |
| ૧૪ | ,, મંગુ ત્રિકમલાલ | ,, દ. મ. શા. | ૬૨ | |
| ૧૫ | ,, વેણી મગનલાલ | પાલીતાણા બુદ્ધિ. પા. | ૫૯ | |
| ૧૬ | ,, જીવી મગનલાલ | ભાવનગર | ૫૫ | |
| ૧૭ | ,, શારદા રતીલાલ | અમદાવાદ દ. મ. શા. | ૫૦ | |
| ૧૮ | ,, રંભા ઉકાભાઇ | પાલીતાણા બુદ્ધિ. પા. | ૪૮ | |
| ૧૯ | ,, શારદા હીરાલાલ | અમદાવાદ શ્રા. ઉ. શા. | ૩૫ | |
| ૨૦ | ,, ઇદુમતી લાલભાઇ | ,, શ્રા. ઉ. શા. | ૩૩ | |

સ્રી ધોરણ ૧ ૫૦—શિવલાલ ઝવેરચંદ સંઘવી, મુંબઇ.

( કુલ ૫૩ બ્હેનો બેઠી તેમાંથી ૪૯ પાસ. )

| નં. | નામ | સેન્ટર | માર્ક | ઈ. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | બ્હેન ભાગીરથી રેવચંદ | નિપાણી | ૯૦ | ૧૫ |
| ૨ | ,, ચંપા જયચંદ | નિપાણી | ૮૯ | ૧૦ |
| ૩ | ,, પ્રભાવતી શામજી | ભાવનગર | ૭૮ | ૮ |
| ૪ | ,, લીલાવતી કેશવલાલ | અમદાવાદ પ્ર. ક. | ૭૬ | ૬ |
| ૫ | ,, પ્રભાવતી હીરાચંદ | સુરત વનિતા વિ. | ૭૫ | ૫ |
| ૬ | ,, રમા અંબાલાલ | પાલીતાણા સિ. શ્રા. આ. | ૭૩ | ૪ |
| ૭ | ,, કાન્તા સાંકળચંદ | ઈડર | ૭૨ | ૩ |
| ૮ | ,, રંભા હકમચંદ | પાલીતાણા સિ. શ્રા. આ. | ૭૧ | ૩ |
| ૯ | ,, મંગુ ઘેલજી | ઇડર | ૭૧ | ૨ |
| ૧૦ | ,, સીતા કેશવલાલ | પાલીતાણા સિ. શ્રા. આ. | ૭૧ | ૨ |
| ૧૧ | ,, મંજુ ચમનલાલ | અમદાવાદ પ્ર. ક. | ૭૦ | |
| ૧૨ | ,, કાન્તા પુનમચંદ | ઇડર | ૬૮ | |
| ૧૩ | ,, વિમળા નાનચંદ | ભાવનગર ઉ. ક. | ૬૭ | |
| ૧૪ | ,, હીરા બીખાભાઇ | ભાવનગર | ૬૬ | |
| ૧૫ | ,, શારદા જમનાદાસ | અમદાવાદ શ્રા. ઉ. શા. | ૬૬ | |
| ૧૬ | ,, સાંકુ મણીલાલ | ,, પ્ર ક. | ૬૫ | |
| ૧૭ | ,, શારદા મફતલાલ | ,, શ્રા. ઉ. શા. | ૬૩ | |
| ૧૮ | ,, સરસ્વતી પરસોતમ | ભાવનગર | ૬૧ | |

( અનુસંધાન પૃ. ૪૯ ઉપર જુવો.

# 'કેળવણીનો વિચાર આર્થિક દૃષ્ટિએ ન કરો.'

## 'ચારિત્ર સુધારવા કેળવણીની જરૂર.'

### તારીખ ૧૮ મી માર્ચ ૧૯૩૨ ના રોજ પાલીતાણામાં શ્રી. નરોતમ બી. શાહે વિદ્યાર્થીઓ સમક્ષ આપેલ ભાષણ.

સુજ્ઞ બંધુઓ !

અત્રેના વિદ્યાર્થીઓની શિક્ષણ સંબંધી સ્થિતિ અને વિદ્યાર્થીઓનો સંસ્થા પ્રત્યેનો કેટલો પ્રેમ છે તે સંબંધી કાંઇ પણ અભ્યાસ કરવાના હેતુથી તેમજ આવી સંસ્થાની પાછળ જાહેર જૈન પ્રજાના નાણાનો જે વ્યય કરવામાં આવે છે તે કેટલે દરજ્જે ફળીભૂત થાય છે તેનો અનુભવ મેળવવા મને સંસ્થાના કાર્યવાહકો તરફથી અત્રે મોકલવા સારૂ જે તક આપવામાં આવી છે તે માટે તેઓનો આભાર માનું છું. કેળવણીની આવી સંસ્થાઓ, કેમ આદર્શ બને તે ધ્યાનમાં રાખી, જે જે ત્રુટીઓ હોય તે ધીમે ધીમે દુર કરવામાં આવે અને બીજી પ્રજાઓ કેમ કેળવણીમાં આગળ વધે છે તેના અનુભવો અને જ્ઞાનનો લાભ વિદ્વાન ગણાતા કેળવાએલ વર્ગની વ્યક્તિઓ મારફતે સંસ્થાને મળે તો સંસ્થા સારામાં સારી પ્રગતિ કરી શકે એવું અંતઃકરણથી મારૂં માનવું છે.

કેળવણીના સંબધમાં મારે જણાવવું જોઇએ કે, કોમની મોટામાં મોટી હાજત, માધ્યમિક અને ઉંચી કેળવણીને લગતી હોવાથી, આગળ અભ્યાસ કરતા અટકી જતા વિદ્યાર્થીઓની મોટી સંખ્યાને આભારી છે, તેટલાજ માટે સંવત ૧૯૨૧ ના વસ્તીપત્રક મુજબ કેળવણી સંબંધી એકલા મુંબઇ ઇલાકાની કેવી સ્થિતિ છે; તેનો કાંઇક ખ્યાલ તમોને આપવાની જરૂરીઆત સમજું છું. મુંબઇ ઇલાકાની કુલ વસ્તીના પ્રમાણમાં દર હજારે ૮૩ માણસો લખી-વાંચી શકે છે; એટલે સેંકડે લગભગ ૮ ટકા જેટલો વર્ગ લખી-વાંચી શકે છે, એટલે મુંબઇ ઇલાકાની બે કરોડ અને સીતેર લાખની કુલ વસ્તીમાં બે કરોડ અને પીસ્તાળીશ લાખ જેટલી વસ્તી વાંચી-લખી શકતી નથી. મુંબઇ ઇલાકાના ગામડા તથા શહેરોની સંખ્યા ૨૬૭૩૦ ની છે: તેમાં ૧૬૭૩૦ ગામોમાં બીલકુલ શાળાનું નામ પણ નથી. ફક્ત ૧૦૦૦૦ ગામોમાંજ નિશાળો છે. પ્રાથમિક શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા **૧૦૧૯૭૪૮** છે અને માધ્યમિક શિક્ષણ લેનારાની સંખ્યા ૯૮૯૬૬ ની છે અને કોલેજમાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા ૮૦૮૯ છે.

આ પ્રમાણે આંકડાઓનું અવલોકન કરતાં આપણને માલુમ પડે છે કે, બ્રીટીશ સરકારની જનસમાજને કેળવણી આપવાની નેમ ગમે તે પ્રમાણમાં યોગ્ય ગણાતી હોય છતાં એકલા મુંબઇ ઇલાકાનું કેળવણી સંબધી પૃથક્કરણ કરતાં કુલ્લે વસ્તીના સેંકડે ૯૨ ટકા જેટલી વસ્તી તદ્દન લખી-વાંચી શકતી નથી એ ખેદકારક બીના છે.

### જૈનોની કેળવણી સંબંધી—

મુંબઇ ઇલાકામાં **૪૮૧૩૪૨** જૈનોની વસ્તી છે, એટલે કુલ જૈન વસ્તીની લગભગ ૪૦ ટકા જેટલી વસ્તી મુંબઇ ઇલાકામાં હોવાથી તેના સને ૧૯૨૪ ની સાલના પ્રાથમિક તેમજ માધ્યમિક અને કોલેજને લગતા વિદ્યાર્થીઓની સંખ્યાના આંકડાઓ કેળવણીના વિષયમાં કેમ પાછા હઠતા જઇએ છીએ તેનો ખ્યાલ આપવાના કારણથી આપને જણાવવાની જરૂર જોઉં છું.

| | પ્રાથમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા. | માધ્યમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા. |
|---|---|---|
| ઉત્તર વિભાગ | ૬૭૪૨ | ૧૪૭૭ |
| મધ્ય વિભાગ | ૩૫૮૬ | ૨૯૧ |
| ભાવનગર | ૧૮૦૪ | ૪૨૨ |
| જામનગર | ૧૪૯૬ | ૩૫૪ |

| | પ્રાથમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા. | માધ્યમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓની સંખ્યા. |
|---|---|---|
| દક્ષિણ વિભાગ | ૧૭૩૩ | ૧૯૯ |
| કાઠીઆવાડ | ૮૮૭૯ | ૩૩૫૩ |
| જુનાગઢ | ૫૫૬ | ૨૩૭ |
| કરાંચી | ૧૫૫ | ૮૯ |

પ્રાથમિક શિક્ષણ લીધા બાદ માધ્યમિક કેળવણી પ્રાપ્ત કરવા કેટલી બધી બેદરકારી જૈનો તરફથી બતાવવામાં આવે છે અને કેટલો બધો વર્ગ આગળ અભ્યાસ કરતો અટકી જાય છે તે સંબંધી આવી શિક્ષણશાળાઓના કાર્યમાં રસ લેનારાઓએ ખાસ ધ્યાન આપવાની જરૂર છે, આપણી કોમમાં વડીલ અથવા તો આવી બોર્ડીંગો માર્ફતે જો શિક્ષણના સંબંધમાં ચાંપતા ઇલાજો લેવામાં ન આવે તો મોટે ભાગે વિદ્યાર્થી અભ્યાસ છોડી દઇ પોતાનું ભવિષ્ય બગાડે છે જ્યારે બીજી કોમોમાં ગમે તેટલી મુશ્કેલી સહન કરી અભ્યાસ ચાલુ રાખવા સારૂ ફાલતુ વખતમાં પણ નોકરી કરી પોતાનું શિક્ષણ આગળ વધારે છે. જૈન કોમમાં વિદ્યાર્થી ગમે તેટલો ગરીબ હોય અને આવી સંસ્થાઓ મારફતે સગવડ મળ્યા છતાં અમુક અપવાદ બાદ કરતાં મોટે ભાગે પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકતા નથી. કેળવણીના પ્રચારાર્થે થતા પ્રયત્નોમાં કેટલે ઠેકાણે તદ્દન બેપરવાઈ બતાવવામાં આવે છે, વિદ્યાર્થીઓ ભણીને નોકરી કરી ૫૦ થી ૬૦ રૂપીઆ કમાય છે અને તેટલું કમાવું એ વેપારી વર્ગ માટે મોટી વાત નથી. આ જાતની માન્યતાથી કેળવણી તથા પૈસાની સરખામણી કરી કેળવણી તરફ ઉપેક્ષા કરવામાં આવે છે અને પોતાના સહવાસમાં આવનારને પણ ઉંધી અસર બેસારવામાં આવે છે તેથી પણ ઘણું સહન કરવુ પડે છે. કેળવણીથી બેનશીબ રહેલ માણસો પણ શ્રીમંત તરીકે નજરે પડે છે તેથી કેળવણીની કીંમત ઓછી કરવામાં મોટી ભૂલ થાય છે. કેળવણી લેનાર માણસ રફતે રફતે આગળ વધી શકે છે અને તેવી વ્યક્તિઓની શક્તીઓ જો બરાબર ખીલે તો કોઇ વખત

મહાન પુરૂષોની ગણનામાં આવી શકે છે. દેશની ઉન્નતિમાં ભાગ લેનાર મહાત્મા ગાંધી, ગોખલે, ફીરોજશાહ અને રાનડે વગેરે કેળવાએલજ હતા કે જેઓએ દેશના હિતની ખાતર પોતાનું જીવન અર્પણ કર્યું હતું; પણ જો તકજ ન મળે તો ભવિષ્યની આશાવાળાઓ પણ રહી જાય છે, તેથી કેળવણી પ્રત્યે તિરસ્કાર નહિ દર્શાવતા ભલે કેળવણીનો બદલો આર્થિક દૃષ્ટિથી કદાચ જોઇએ તેટલો ન મળે પણ આચાર વિચાર ને આપણી રહેણી-કહેણી અને ચારિત્ર સુધારવા માટે પણ કેળવણીની જરૂર છે. કેટલેક ઠેકાણે એમ પણ માલુમ પડે છે કે માબાપો પોતે, પોતાના છોકરા તરફ એટલા બધા બેદરકાર રહે છે કે તેઓ કેળવણી નહિ આપતાં તેમજ ભવિષ્યનો વિચાર નહિ કરતાં પોતાના છોકરાઓ કયારે કમાતા શીખે તેવા હેતુથી ગમે તેવા ધંધામાં જોડી દે છે. એટલુંજ નહિ પણ નાની ઉમરમાં લગ્ન પણ કરવા ચુકતા નથી તેથી જેટલી ફરજ માબાપોને પોતાના છોકરાને પરણાવવાની છે તેટલીજ ફરજ કેળવણી આપવાની છે તે ભૂલી જવું જોઇતું નથી. અજ્ઞાનતાને લીધે ઘણીજ મુશ્કેલી અને હાડમારી વચ્ચે કુટુંબ કલેશ થવાના દાખલાઓ ઘણે ઠેકાણે જોવામાં આવે છે; પૈસાપાત્ર હોવા છતાં કેળવણીની ગેરહાજરીને લીધે મગજ ઉપર કાબુ નહિ રાખવાથી પૈસાનો દુરૂપયોગ થવાના ઘણા સંજોગો ઉભા થાય છે. અને દુઃખમય જીવન ગુજારવું પડે છે, કેટલી વખત બાળવયમાં પણ જ્યારે બીન કેળવાએલ વાતાવરણમાં આવી જવાય છે અને કેળવણીના ફાયદાઓ અને ખરૂ રહસ્ય શું છે તે સમજાવનાર મળતું નથી તેથી પણ બીન કેળવાએલ રહી જવાય છે. તેથી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં સ્વ આશ્રય અને સ્વમાનની લાગણીથી પોતાનો તેમજ કુટુંબનો નિર્વાહ કરવાને શક્તિમાન થાય તેવી રીતે આવી સંસ્થાઓ મારફતે શિક્ષણ લઇ લાભ લેવા ચુકવું જોઇએ નહિ.

ઉપરાંત કેળવણીના પીનલકોડમાં જૈન વિદ્યાર્થી આગળ અભ્યાસ કરતા અટકી જાય છે, અને જેને માટે કડવી ફરીઆદ રજુ કરવાની જરૂર પડે છે તે એ છે કે તેમની મનની કેળવણી સાથ તનની કેળવણીની ગેરહાજરી છે, તે બાબત તદ્દન વિસરી જવામાં આવે છે. આ ખરેખર કમનસીબ બીના છે. શરીર ખીલવવાનું અને કસરત કરવાનું વીરપરમાત્મા જેવા ત્રિકાળજ્ઞાનીને પણ સ્વીકારવું પડયું છે, છતાં હાલના વિદ્યાર્થીની તંદુરસ્તી માટે જો ડોકટરી તપાસ કરવામાં આવે તો ખાત્રી થશે કે શારિરીક ખીલવણી માટે વ્યાયામશાળાઓનો ઉપયોગ કરવામાં આવે તો દવાખાનાનો લાભ લેવાની ઓછી જરૂરીઆત પડે એમ મારૂં માનવું છે. આ સંસ્થામાં આ બાબત સારી પ્રગતી થતી રહે છે તે ખુશી થવા જેવી બીના છે અને બહારના વિદ્યાર્થીઓને અનુકરણ થઇ પડે તેવા પ્રયત્નો થવાની જરૂરીઆત હું જોઉં છું.

ઉપરના સંજોગોમાં પ્રાથમિક શિક્ષણથીજ અને તે પણ કાંઇ ઉચ્ચ આશય વગર લુખ્ખી કેળવણીથી કાંઇ સંગીન અને વ્યવહારિક શક્તિ પ્રાપ્ત થઇ શકતી નથી; તેથીજ આપણે આટલેથી નહિ અટકતાં એક કફોડુ કાતીલ દરદ કે જેનું મૂળ ખુદ ભીતરમાં સમાયલું હોય અને દિન-પ્રતિદિન વધતુ જતું હોય તેને જેમનું તેમ સબડતું રાખી દુઃખના બહારના ઇલાજો લેવામાં આવે અને ભીતરને સબડવા દઇ તે તરફ બેદરકારી બતાવવામાં આવે તે ખરેખર ડહાપણથી ઉલટું છે; જૈન કોમની દેખીતી ફરજ છે કે, દરદના ભીતરમાં ઉતરી તેનો મૂળ સડો દુર કરવાની પહેલાં કોશીશો થવી જોઇએ અને પછી બહારના દેખીતા ચિન્હો અટકાવવાની કોશીશો કરવા પાછળ પડવું જોઇએ. ભીતરનું દરદ દુર કરવાનો ઇલાજ બીજો કાંઇ નહિ પણ કોમના સામાન્યવર્ગની આર્થિક સ્થિતિ બીજા શબ્દોમાં કહીએ તો હાલની ઉછરતી અને ભવિષ્યની જૈન પ્રજાની કમાવાની શક્તિ વધારવા અને ખીલવવાની પહેલી તક શોધવામાં સમાયેલ છે. અને તે માટે જોઇતાં સાધનો હસ્તીમાં લાવવાની જરૂર છે; તેટલાજ માટે જો માધ્યમિક શિક્ષણથી બાળકનાં બુદ્ધિ બળને ખીલવવા સારૂ જોઇતી જોગવાઇઓ અને સામગ્રીઓ તૈયાર કરવામાં ન આવે તો કેળવણીના ફળો થોડાક કીંમતી અપવાદો બાદ કરતાં કોમની મગરૂરી અને કીર્તિને વધારવા ફત્તેહમંદ નિવડી શકે નહિ, તે કુદરતી છે; પણ તે માટે કેળવણીનો ખરો દોષ નથી, પરંતુ કેળવણી આપવાની રૂઢીમાં સમાયેલી ખામીનો દોષ ગણવામાં આવતો હોય તો તે આવી સંસ્થાઓ માર્ફતે દૂર થઇ શકે તેમ છે તેથીજ આવી ખામીઓ દુર કરવા સારૂ આંખો આગળથી હમેશાં અજ્ઞાનતાનો કાળો પડદો ઉંચકવાની જરૂર છે અને માધ્યમિક શિક્ષણ લેવાની જરૂરીઆતની હું હિમાયત કરૂં છું, તેથીજ આવી જાતના ગુરૂકુળો દરેક પ્રાંતવાર થાય તે મારી આકાંક્ષા છે. કોઇ પણ સમજુ જૈન કબુલ કર્યા વિના રહેશે નહિ કે માધ્યમિક શિક્ષણને ટેકો આપ્યા વિના ઉંચી કેળવણીમાં જૈનો આગળ વધે તે હવામાં કિલ્લા બાંધવા સરખું છે; એક જૈન કોલેજ કરતાં સેંકડો મીડલ અને હાઇસ્કુલોની જરૂરીઆત હું વધારે જોઉં છું. છતાં ખેદની વાત છે કે, જૈનોનું તે તરફ લક્ષ ખેંચાતું નથી; સમાજની સ્થિતિ છિન્નભિન્ન થઇ ગએલ છે, અને જેઓની પાછળ હામાં હા ભેળવનાર હોય અને જેઓ ભાગ્યદેવીના પ્રભાવથી અચાનક રીતે પ્રતિષ્ઠા અને દ્રવ્યના જોરથી રૂષ્ટપુષ્ટ થએલ હોય તેવાઓનુંજ સમાજમાં સ્થાન છે અને તેવા કારણોને લીધેજ જૈનો પોતાની સખાવતનો ઝરો ચોકસ દિશામાં મોટેભાગે પ્રાચીન રીતરિવાજ મુજબ ખેંચી રાખવામાં પોતાનું કર્તવ્ય સમજે છે. આ બાબત હાલના જમાનામાં સખાવત કયાં કરવી, કેટલી કરવી, કયારે કરવી અને કેવી કરવી તે સમજાવવાનું કાર્ય કોમના કેળવાએલ વર્ગનું છે. જૈનોની સખાવત માટે મને માન છે અને પારસીઓ કરતાં સખાવતમાં બીજે નંબરે જૈનો આવે છે તે બીના સારી છે છતાં કોમના હાજતમંદ વર્ગની હાજતો હંમેશ માટે દૂર કરવા કોશીશો કરવી તે પ્રસંશાપાત્ર હોવાથી આટલો ઉલ્લેખ કરવાની જરૂર જણાઇ છે. કોમની અંદર ચોકસ એક માર્ગી ધંધામાં મોટે ભાગે કોઇ પણ જાતના સટ્ટામાં ઝંપલાવીને નબળી પ્રજા જે કોમ ધરાવે છે તે કોમમાં એક કીંમતી અસ્કામત થવાને બદલે બીન જરૂરી વર્ગ ઉભો થાય છે કે જેઓ નથી પોતાને

( અનુસંધાન પૃષ્ટ ૪૯ જુવો )

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:- હિંદસંઘ' 'HINDSANGH'

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું.

તા. ૧૫ મી એપ્રીલ ૧૯૩૨.

અંક ૮ મો.

# શ્રી મહાવીર દેવના કેટલાક જીવન પ્રસંગો.

(લેખક:—મોહનલલાલ ડી. ચોકસી)

विदारयति यत्कर्म, तपसा च विराजते । तपोवीर्येण युक्तश्च, तस्माद्वीर इति स्मृतः ॥

શ્રી વીર પરમાત્માના નામની નિરૂક્તથી વ્યાખ્યા કરતાં વિદ્વાનો ઉપર મુજબના શ્લોકના અર્થ કરે છે કે જે કર્મોનું વિદારણ કરે છે, તપસ્યાથી વિરાજમાન છે તથા તપ-શક્તિવાળા છે તેજ વીર કહેવાય છે. એ પરમાત્મા મહાવીર-દેવના જીવન ઉપર નજર કરીએ તો તેમના અખિલ ચરિત્રમાં માત્ર કર્મો સાથેનો ઉગ્ર સંગ્રામ અને તપ કરવાની ઉગ્ર શક્તિજ જ્યાં ત્યાં ભાસમાન થાય છે.

જેઓને માત્ર આત્મહિતજ કરવાની તીવ્ર ઇચ્છા છે તેઓજ માત્ર તેમના ચરિત્રમાંથી ઘણું શીખી શકે છે એમ માનવા કરતાં જેઓ સંસારની કોઈ પણ કક્ષામાં વિચારનારા છે. આરંભ સમારંભમાં રક્ત છે. અથવા તો માયાપાશમાં બંધાયલા છે તેઓ પણ તે પ્રભુજીના જીવનસુત્રમાંથી પોતાને માફક આવતાં તારો (સુત્રો) લઇ સ્વજીવનનું પુર્ણ અંશે નહિં તો થોડે અંશે તો જરૂર સાર્થક્ય કરી શકે છે; અને જો તેમના જેટલી પ્રબળ ભાવનાથી વીર્ય ફોરવે તો તેમના સદશ થઇ શકે છે એમાં જરામાત્ર શકા નથી તેથીજ તેમનું અવલંબન લેવાની ખાસ જરૂર છે. ચક્ષુ સમીપ તેમનું સત્તાવીશ ભવનું સારભૂત જીવન રાખી દુન્યવી પ્રવૃત્તિ કરવામાં આવે તોપણ જરૂર ધીમે ધીમે આત્મા ઉન્નતિના માર્ગ પ્રતિજ ગમન કરવાનો.

પ્રભુશ્રીના જીવન ઉપર દ્રષ્ટિ ફેરવતાં ઘણા ઘણા મુદ્દાઓ તરવરે છે. જો કે તે સર્વ ઉપર વિચાર કરવા બેસીએ તો વિપુલ સમય સાથે તાજી યાદદાસ્તીની જરૂર પડે અને તેથીજ આગમમાં સાંભળીએ છીએ કે અરિહંતના ગુણો જ્ઞાની જ્ઞાન વડે જોઇ સકે છતાં જીવ્હા વડે સપૂર્ણ રીતે વર્ણવી ન શકે. આપણે પણ મુખ્ય ભાગ ઉપરજ અવલોકન કરશું.

## પ્રસંગ ૧

પ્રભુ જીવનની ઝાંખી શરૂઆત નયસારના ભવથી થઇ, અતિ રંક દશા હોવા છતાં અને સખત મહેનત કર્યાં છતાં ભોજન સમયે અન્યને કંઇક દાન દઇને જમવાની શુભ ભાવના, પુણ્ય યોગે સાધુ સરખું ઉત્તમ પાત્ર અને અંતમાં તેમના મુખથી શ્રવણ કરેલ ધર્મ અને નવકારમંત્ર આ બધું શું સુચવે છે? તેના ઉપરથી એ સાર સ્પષ્ટ નિકળે છે કે ગમે તેવા સંજોગો વચ્ચે પણ "પેટવરામાં પુન્ય વરો કરવો" અને 'થોડામાં થોડુ આપવું' આ પ્રકારની ભાવના કદાપિ નિષ્ફળ જતીજ નથી. વળી ભાવના વૃદ્ધિ ને શું દશા સાથે કે સામાન્ય પ્રકારના ભોજન સાથે ઝાઝો સંબધ નથી. માત્ર આત્માના પરિણામની ધારા વધવી જોઇએ. સાથે એ પણ સમજાય તેવું છે કે થોડું ઘણું શ્રદ્ધાથી સાંભળેલું ઘણું લાભ કરતા થઇ પડે છે.

## પ્રસંગ ૨

ભરત ચક્રીને ત્યાં પુત્ર તરિકે જન્મ અને અન્ય સંપત્તિ, એ મુનિદાનના પ્રારંભિક ફળો. વળી તેમાં નહિં લેપાતા સંયમ ધરવા રૂપ આત્માની વધતી જતી પ્રગતિ ભરત મહારાજની આગામી ભવે થનારા તીર્થંકર તરિકેની વંદના, મરિચીને થયેલો ઉંચા કુળનો ગર્વ અને તેથી કરેલુ નૃત્ય, વળી પાછળથી 'ત્યાં પણ ધર્મ છે અને અહીં પણ ધર્મ છે.' એવું વાક્ય કહેવારૂપ ઉત્સુત્ર વચન.

ઉપરની વાતથી શું સમજાય છે? સંયમ માર્ગમાં આગળ ધપતા આત્માને જડ એવા કર્મે પ્રથમ ફટકો લગાવી સાધુના શુધ્ધ માર્ગથી પતિત કર્યો, વળી બીજો ફટકો કુલમદ કરાવવા માર્યો. અને તે વેળાએ નૃત્ય અને હર્ષ કરાવી તેનો બંધ

એટલો બધો ચીકણો કરી નાંખ્યો કે ખુદ પરમાત્માના ભવમાં પણ બાકી રહેલ વિપાક ભોગવવો પડયો. અને ત્રીજો ફટકો ઉત્સુત્ર વચન વદવાથી સંસાર પરિભ્રમણ વધારવામાં મળ્યો. આ ઉપરથી ઘણો સાર ગ્રહી શકાય. કર્મ કોઇને પણ છોડતું નથી, પછી ભલે તે રંક હોય અગરતો રાજા હોય. વળી મદ કરવા કે અભિમાન કરવો એ તો દેખીની રીતેજ પોતાનુ અધઃપતન કરવાનો માર્ગ છે. તે સાથે એ પણ ચોકખુંજ છે કે કર્મ બાંધતી વેળાએ જેટલી જેટલી પ્રશંસા અને બડાઇ કરવામાં આવે છે તેટલો તેટલો તેનો વિપાક તીવ્ર અને અતિ તીવ્ર ઉદયે થાય છે. વળી સંપૂર્ણ જ્ઞાન વગર ગમે તેમ બોલી જવાથી કેવા ગંભીર નુકશાન થાય છે એ ઉત્સુત્ર વચનની વાતથી સમજાય છે. અને તેથીજ ખાસ કરી ધાર્મિક વિષયોમાં કંઇપણ બોલતા અગાઉ પુખ્ત વિચાર કરવાનો છે.

### પ્રસંગ ૩

બ્રાહ્મણ કુળમાં જન્મ, અને ચિર સમય પર્યંત ત્રિદંડી વેષનું પાલન અને પ્રાંતે સામાન્ય પ્રકારના દેવના સુખોનો અનુભવ એ સ્થિતિ કેટલાયે ભવો સુધી ચાલુ રહી છે, જે એ વેષ પ્રત્યેની મમતા સુચક સચોટ દ્રષ્ટાન્ત છે.

### પ્રસંગ ૪.

વળી જ્ઞાનપૂર્વક સંયમ પાળી, કંઇક અંશે ઉગ્ર તપ તપી જ્યાં આત્મા થોડો આગળ પ્રગતિ કરે છે ત્યાં તો નિયાણારૂપે કર્મરાજે આવી ગુલાંટ ખવડાવી, અને તેનો પૂરેપૂરો પાત વાસુદેવના ભવમાં કર્યો. કેટલાયે હિંસાદિના કરપીણ કૃત્યો કરાવી પ્રભુના જીવને કર્મના પાશમાં સજ્જડ પ્રકારે જકડયો અને સય્યાપાલના કાનમાં સીસુ રેડાવી એને પૂર્ણતાયે પહોચાડયું. અર્થાત એ પ.શ પર ચીકણી રેશમની ગાંઠવાળી જેને છોડવાને સાતમી નર્કના દુઃખો ભોગવવા એ જીવને પ્રમાણ કરવું પડયું. વિચાર કરતાં કર્મની પ્રબળ સત્તાનું અને એ ગોળ મિશ્રિત ગોળીઓ ખવડાવી કેવું ભાન ભુલાવે છે તેનું આબેહુબ ભાન થાય છે. અલ્પ સુખનો ચમકારો દેખાડી તેમાં જીવને તલ્લીન બનાવી, ધન અને સત્તાના મદે ચઢાવી જેમ કોઇ મનુષ્ય અન્યને ઉંચા પહાડ ઉપરથી ધકકો મારી ઉંડી ખીણમાં ગબડાવી દે તેમ અહીં પણ એવો તો હડસેલો મુકે છે કે જેનાથી મહા મહા પ્રયત્ને ઉંચે આવેલો જીવ ઘડીના છઠ્ઠા ભાગમાં કયાંનો કયાં જઇ બેસે છે.

જીવ અને કર્મના યુદ્ધમાં જીવનો સંપૂર્ણ પરાજય સુચક પ્રભુનો વાસુદેવપણાનો ભવ તાદશ ચિતાર ખડો કરે છે એથી ઉંચી શ્રેણીપરથી કેટલાક આત્માઓને પડતાં જોઈ તેની નિંદા કરનારાઓને એક ધડો લેવા લાયક શિક્ષાપાઠ મળે છે અને તે સાથે એવા પ્રસગે કર્મની જાળમાં નહીં ફસવારૂપ ઉમદા શિક્ષા પણ ધ્યાનમાં લેવાની છે.

### પ્રસંગ ૫

નંદન શ્રેષ્ટીના ભવમાં જ્યાં પ્રભુના જીવે દીર્ઘકાળ પર્યંત ચારિત્ર પાળી કર્મના મોટા સમૂહને ભસ્મીભૂત કરી તીર્થંકર નામ નિકાચિત કર્યું છે એ એમનું અનુપમ વીર્ય ફોરવવાનું બળ, અને ધૈર્ય સુચવે છે. વળી જે કર્મોએ નિયાણુ કરાવવા રૂપ તપનું અજીર્ણ કરાવ્યું હતું તેઓને આ વેળાએ સારી રીતે ઓળખી લઇ તેમ થતું તો અટકાવ્યું, પણ આગળ વધી તેઓનોજ મોટો ઘાણ વાળી દીધો, જે અનુભવ દશાનો પુર્ણ ખ્યાલ આપે છે અને તપની અચિંત્ય શક્તિ દેખાડે છે.

### અંતિમભવ ૬

પ્રભુનો ભવ, જ્યાં ત્રણ જ્ઞાન સાથેનો જન્મ અને ચાર અતિશયથી યુક્તપણું. વળી દેવોના સ્વામીથી સેવાવાપણું અને સ્વઅંગુઠો ચુસી મોટા થવાપણું, ઇત્યાદિ પ્રારંભિક ચિન્હોજ તે ભવની ઉત્કૃષ્ટતાની આગાહી આપે છે. અને છે પણ તેમજ. આખો તે ૭૨ વર્ષનો જીવન સમય બોધ અને ધડો લેવા રૂપ છે. તેમાંથી જેટલું ગ્રહણ કરાય તેટલું થોડું છે; અને ન આચરી શકાય તેટલું ઓછું છે.

જ્યાં ગર્ભમાં રહ્યાં છતાં માતૃભક્તિનું સુચન, દેવાનંદાના ગર્ભમાં ૮૨ દિવસ ગાળી અવશેષ રહેલ ગોત્રમદનું પ્રાયશ્ચિત કરી કરેલ નિકાચિત કર્મોનો ક્ષય તો ભોગવેજ થાય એ સુત્રનું દર્શન, વળી ત્રણ જ્ઞાને કરી સહિત છતાં વડીલનો વિનય રાખવા અર્થે તેમ સ્વમુખે પોતાની પ્રશંસા ન દેખાડવા અર્થે નિશાળ ગમન અને તે દ્વારા ખુદ વિદ્યાપતિ દ્વિજની શંકાનું નિરાકરણ, પોતાના બાળ સખાઓના ભયના નિવારણ અર્થ પ્રચંડ એવા ભુજંગને દૂર ફેંકી દઇ નિડરતાનું દર્શન, વડીલ બધુ નંદીવર્ધનના આગ્રહથી સંસારમાં બે વર્ષ વધુ થોભવું, તેમજ પ્રવજ્યા અગીકાર કરી એકાકી વિહારની શરૂઆત, શક્રની આગ્રહ પુર્વક સ્હાય આપવાની વિનંતી છતાં તેનો અસ્વીકાર અને ત્યાર બાદ અનુકુળ તથા પ્રતિકુળ એમ ઉભય પ્રકારના ઉપસર્ગોનું સમભાવ પુર્વક સહન કરવું. મનમાં જરાપણ ગ્લાનિ ન ધરતાં મોટા ભાગે તપનુંજ સેવન કરવું, વળી મંખલીપુત્રને તેના તરફથી ભવિષ્યમાં અપકાર થશે એમ જાણવા છતા તેજોલેસ્યાના વિધિનું શિક્ષણ અને સંગમ જેવા અભવ્ય દેવના જીવલેણ ઉપસર્ગો સહન કર્યા છતાં તેના ઉપર કરૂણા ભાવ, ચંડકોશિનુ સર્પ સદ્રશ ઘાતકી નાગને પણ પ્રતિબોધ અને વાસુદેવ ભવના અવશેષ રહેલા કર્મનો કર્ણમાં ખીલા નખાવા રૂપ ઉપસર્ગ સહી ક્ષય કરવો અને એ રીતે કર્મનો કાયદો રંકથી માંડીને રાય સુધી અથવા તો કીડીથી કુંજર લગી સરખો છે એમ સાબિતી સ્વદ્રષ્ટીથીજ કરી આપવી, તેમજ છદ્મસ્થાવસ્થાના સાડાબાર વર્ષને પદર દિનમાં કોઇવાર પલાંઠીવાળી બેઠા નથી. ઉભા રહીને માત્ર એક મુહુર્ત નિદ્રા લીધી, અને તપમાં માત્ર ૩૪૯ દિવસજ અહાર લીધો, અને બાકીના સમય ધ્યાન અને તપમાંજ વ્યતીત કર્યો. **આવા આશ્ચર્યકારી દિવસો નિર્ગમી જેમને રજુવાળી કાંઠ ઉપર કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું. એવા શ્રી મહાવીર દેવને વંદન હો.**

પુર્ણ જ્ઞાન મેળવી પણ તેઓ શ્રી બેસી ન રહ્યા. કેટલાયે પંડીતોની શંકા નિવારી, તેમને જૈન ધર્મના સ્થંભ બનાવ્યા. હિંસાના સમારંભરૂપ યજ્ઞો વિરૂદ્ધ મજબુત વિરોધ ઉઠાવી લાખો જીવોને અભયદાન આપ્યું, અને અહિંસાનો વિજય વાવટો સર્વત્ર ફરકાવ્યો. હરકોઇ આત્મા પરમાત્મા થઇ શકે છે પણ તેને માત્ર સમ્યગ જ્ઞાન દર્શન અને ચારિત્ર રૂપ મહાન ઔષધિ વડે સ્વઆત્મપર લાંબા કાળથી લાગેલ નિબિડ કર્મરૂપ મેલને કહાડી નાંખી તેની અનંત શક્તિનો ચળકાટ કરવા જોઇએ એવી પ્રરૂપણા કરી સુદેવોજ માત્ર મોક્ષ અપાવી શકે એવા પ્રવર્તી રહેલા દંભનો સ્ફોટ કર્યો. તેઓ શ્રીએ વિશ્વવર્તી જીવોના ખરા શત્રુ રાગ અને દ્વેષને દુનિયાની નજરમાં ઉઘાડા પાડી તેમના પર વિજય મેળવી, તેમના ઉપરજ પુરે

उदधाविव सर्वसिन्धवः; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
-श्री सिद्धसेन दिवाकर.

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જેમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.


# જૈન યુગ.

તા. ૧૫-૪-૩૨. શુક્રવાર.


## શ્રી મહાવીર પ્રભુની આવતી જયંતી.

ચૈત્ર શુદિ ત્રયોદશીને દિવસે શ્રી મહાવીર ભગવાનની જયંતીનો ઉત્સવ ઠેકઠેકાણે પ્રતિવર્ષ બને છે તેમ આ વખતે પણ ઉજવશે. પ્રભુની જીવન કથા અને તે માહેના અદ્‌ભૂત પ્રસંગોની યાદ સૌ યાદ કરશે-ગુણગાન કરશે. આ પવિત્ર પ્રસંગ આવે ઉજવાય અને જાય તેટલી ઘડીજ એ પુનિત સંસ્મરણોની ધુનમાં આપણી ઇતિકર્તવ્યતા નથી. આજે મ્હોટે ભાગે જો એમજ મનાતું હોય તો એ ખરેખર વિશ્વધર્મના અનુયાયી, આપણે શ્રી મહાવીરદેવના સત્પુત્રો નથી એમ કહેવામાં શું ખોટું છે? શ્રી મહાવીરના વીર સંતાનો તરીકે આપણે મગરૂર હોઇએ તો આડંબર કે દંભનું પ્રદર્શન કર્યા વિના એ મહાન્ પિતાના સુપુત્રો તરીકે એ પવિત્ર પિતાના જીવન પ્રસંગોને અનુસરીને આપણું હવે પછીનું જીવતર ઘડીએ અને 'જૈન' તરીકે ઓળખાવવાના આપણા દાવને સુદૃઢ કરી ફલિતાર્થ કરીએ તો આગામી જયંતીના શુભ દિને આપણે કંઇક કર્યું એમ અવશ્ય સંતોષ લેવા કારણ મળે.

મુંબઈમાં આ વર્ષે આવતી જયંતીનો પ્રસંગ પ્રતિ વર્ષ કરતાં જુદી રીતે ઉજવવાના પ્રયાસો થાય છે અને તે એ રીતે કે જ્યાં સુધી બને ત્યાં સુધી ત્રણે ફિરકાઓ એકત્ર મલી આ શુભ માંગળિક પ્રસંગ સંપૂર્ણ રીતે ફત્તેહમંદ નિવડે એવી રીતે ઉજવવો. સર્વ સામાન્ય પ્રસંગોમાં તેમજ વિશિષ્ટ પ્રસંગોએ ભેદભાવ મતમતાન્તરોને ભૂલી જવાય તો ઐકય અને સંગઠ્ઠનનો માર્ગ સરલ બને એમાં લેશ પણ શંકા નથી. જૈન યુવક પરિષદ્ આવતી જયંતીનો પ્રસંગ ત્રણે ફિરકાઓનો સાથ મેળવી એકત્ર થઈ વીરભગવાનની જયંતી ઉજવવાની ગોઠવણ કરે છે અને તેમનો તે પ્રયાસ સફળ થઈ શ્રી મહાવીર ભગવાનની આગામી જયંતીનો પ્રસંગ ઘણાજ આનંદપૂર્વક ઉજવાય એમ ઇચ્છતાં દરેક જૈન એ મહાન અને પવિત્ર દેવના સંતાનો તરીકે એમનાં જીવન સંસ્મરણોની યાદ હર હમેશ તાજી કરે જીવનમાં ઉતારે અને તેમનાં પુનિત માર્ગે જૈન જીવન ઉજ્વલ કરે.

## સુરત જીલ્લાના પ્રો. સેક્રેટરીનો ખુલાસો.

કોન્ફરન્સનાં આગામી અધિવેશન સંબંધે હાલ કેટલીક ચર્ચા વર્તમાનપત્રોમાં ચાલી રહી છે અને તેના યોગ્ય જવાબ અપાયા છે જે અન્યત્ર પ્રકટ થયા છે. તદુપરાંત આ સંબંધે સુરત જીલ્લાના પ્રાંતિક મંત્રી શ્રી જીવણલાલ કપુરાજી વાંઝથી લખે છે કે "જૈન" ની સહીવાળો કોન્ફરન્સ સંબંધી જે લેખ મુંબઈ સમાચારમાં છપાયો છે તેનો કોન્ફરન્સને હલકી કરે રસ્તે પાડવી એ સીવાય બીજો અર્થ નથી. મુંબઇનાં કોન્ફરન્સનાં અધિવેશન (સ્ટે. કમિટીની બેઠક) વખતે સુરત જીલ્લા તરફથી સુરત અગર જીલ્લામાં કોન્ફરન્સ રાજદ્વારી વાતાવરણમાં ફેરફાર નહિ થાય તો ભરવાનું નકકીજ હતું. આઠ દશ દિવસમાંજ રાજદ્વારી વાતાવરણમાં ફેરફાર થઇ ગયો એટલે કોન્ફરન્સ ભરવાનું મુલતવી રાખવું પડયું છે બાકી કાંઇ ખર્ચ માટે અગર આગેવાનોમાં મતભેદ નથી. રાજદ્વારી વાતાવરણ શાંત થયે તરતજ કોન્ફરન્સ ભરવાની ગોઠવણ કરવામાં આવશે એ નકીજ છે. (૧૨-૪-૩૨ જા. નં. ૮૧.)

## ધર્મ ભાવનાનો નાશ?

'અહિંસા સ્વદેશી પ્રચારક મંડળી (મુંબઇ) એક પત્ર લખી જણાવે છે કે 'જૈન મંદિરો અને સ્થાનકોમાં ધર્મભાવનાથી, પ્રભાવના કરવામાં આવે છે તેમાં સાકર અને પતાસાં પણ હોય છે. તેમાં પરદેશી અપવિત્ર ખાંડ-સાકરનો ઉપયોગ થાય છે, પરદેશી સાકર બનાવવાની રીત સદંતર હિંસાભરી છે. તે અહિંસક ધર્મ પ્રચારક જૈન શાસનના કોઇ પણ ફિરકામાં હિંસાને ઉત્તેજન આપનારી વસ્તુ વપરાય કે પ્રભાવના નિમિત્તે વહેંચાય તે આપ કોઇ પણ ઇચ્છશો નહિં એવું અમારૂં માનવું છે.' હિંસાભરી વસ્તુ પવિત્ર સ્થળોમાં ઉપયોગમાં લઇ શકીએ કે કેમ તેનો સ્વતંત્ર વિચાર વાંચક વર્ગ બાંધે અને તે સંબંધે માહિતીની જરૂર હોય તો તેમને મજકુર મંડળીની પત્રિકા નં. ૧. (ઠે. કલ્યાણદાસ ચાલ ચીંચપોકલી, મુંબઇ નં ૧૨) વાચવી કે જેમાં ઘણાં વર્તમાનપત્રો અનેઆધારભૂત ગ્રન્થોના ઉતારા આપવામાં આવ્યા છે. અહિંસાના પુજારી આપણે સૌ છીએ એટલે આ પ્રશ્ન પરત્વે વિચાર કરવાની આવશ્યકતા અનિવાર્ય ગણાય.

### જૈન યુગના ગ્રાહકોને વી. પી.

સને ૧૯૩૨ ના લવાજમની વસૂલાત માટે વી. પી. કરવાની શરૂઆત થઇ છે.

લવાજમના રૂા. ૨) શિવાય વી. પી. ખર્ચના ૦-૩-૦ કુલ ૨-૩-૦ આપી તે સ્વીકારવા વિનંતિ છે.

---

કાબુ મેળવવાનો ઉપદેશ દીધો. તે માટે મૈત્રી-પ્રમોદ-કરૂણા અને મધ્યસ્થનામાં ચાર ભાવના દર્શાવી. અને 'સવિ જીવ કરૂં શાસન રસી' એવી ઉત્કૃષ્ટી ભાવનામાં પૃથ્વીતલ પર વિચરી અનેક ભવ્યજીવોને બોધી અંતે શ્રી પાવાપુરીમાં માનવ દેહને ત્યાગી સિદ્ધસિલાના વાસી બન્યા એ ચરમ તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માને અમારા કોટિશ વંદન હો. તેમનું આખું જીવન રસથી ભરેલું છે. તેમાંથી પીવાય તેટલો રસ પીને આત્મતૃપ્તિ કરવાની છે જ્યાં સારભૂત પદાર્થોનો નિધિ પડેલો હોય ત્યાં તેમાંથી શું લેવું અને શું ન લેવું એમ કહેવાપણું હોયજ સાનું? રૂચિવાલાને લેવાની છુટ છે.
ૐ શાન્તિ.

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

—લેખક—
ધીરજલાલ ટી. શાહ.

—પાત્ર પરિચય—

| | |
|---|---|
| સાગરપોત: | પોતનપુર બંદરનો ધનાઢય વેપારી |
| સમુદ્રદત્ત: | સાગરપોતનો પુત્ર |
| સહદેવ: | સમુદ્રદત્તનો મિત્ર |
| સુરપાળ: | સમુદ્રદત્તનો વફાદાર નોકર |
| પદ્મસિંહ: | ભ્રગુપુરનો રાજા |
| કુલપતિ: | સેવાશ્રમના આચાર્ય |
| લક્ષ્મી: | સમુદ્રદત્તની માતા |
| નંદયંતી: | સમુદ્રદત્તની પત્ની |
| મનોરમા: | સહદેવની પત્ની અને નંદયંતીની સખી |
| સુમતિ: | સેવાશ્રમની સાધ્વી |

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

## પ્રવેશ ૩ જો.

સુમતિ૦ દેવી ! અમારા આશ્રમનો ધ્યેય મંત્ર તો આપે જાણ્યો. પણ ધ્યેય મંત્ર નકકી કરવા માત્રથી સંસ્થાની સફળતા પ્રાપ્ત થતી નથી, તેના માટે યોજવામાં આવેલા માર્ગ જાણવા જોઇએ.

નંદયંતિ૦ સાચી વાત છે, બ્હેન. કાર્યના સાધનના બળાબળ પર ધ્યેયની સિદ્ધિ આધાર રાખે છે.

સુમતિ૦ સંયમી જીવન ગાળનાર મુમુક્ષુઓના પણ બે ભેદ આપણે જોઇએ છીએ, કરી શકીએ, એક સંપૂર્ણ ત્યાગ માર્ગે વિચરનાર અને એક ગૃહસ્થાશ્રમમાં રહીને અંશતઃ ત્યાગમૂર્તિનું આચરણ કરનાર. આ મૂળભૂત વસ્તુ ધ્યાનમાં રાખી આશ્રમમાં પણ બેજ વિભાગ રાખ્યા છે. એક સર્વ ત્યાગી, બીજો આદર્શ ગૃહસ્થાશ્રમી.

નંદયંતિ૦ બન્ને વિભાગમાં શું શું જીવનવ્રતો લેવાના હોય છે?

સુમતિ૦ ધર્મનું મૂળ અહિંસા છે. એટલે મુખ્ય વ્રત અહિંસાનુંજ લેવાનું હોય છે. છતાં મુમુક્ષુઓની સમજની ખાતર તેની વધારે સ્પષ્ટતા આવશ્યક હોઇ તેના પાંચ વિભાગ કરેલા છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અને અપરિગ્રહ. સર્વ ત્યાગીઓએ આનો સંપૂર્ણ અમલ કરવા પ્રયત્નશીલ રહેવું પડે છે, અને આદર્શ ગૃહસ્થાશ્રમીઓએ તેની સ્થૂલ બાબતો પર પહેલાં વિજય મેળવવાનો છે.

નંદયંતિ૦ એ બરાબર સ્પષ્ટ ન સમજાયું.

સુમતિ૦ ગુરૂદેવની દયાથી તમે બધું સ્પષ્ટ સમજશે. અહિંસાદિ પાંચ મહાવ્રતોનું પાલન તો આત્મ વિકાસની પરમ કોટીએ શકય છે, છતાં સર્વ ત્યાગીઓ તેમાં અહર્નિશ મન, વચન, કાયાથી પ્રયત્નશીલ હોવાથી મહાવ્રતધારી કહેવાય છે. ગૃહસ્થ તો પોતાના ગૃહસ્થાશ્રમને અંગે એટલી સૂક્ષ્મ રીતે એ વ્રતો લઇ ન શકે. પણ સમાજ વ્યવસ્થામાં મદદભૂત અને નીતિ ધર્મના પણ પાયા સમાન એવી સ્થૂલ બાબતોનુ આચરણ કરે. જેમકે સ્થૂલ અહિંસામાં કોઇનું ખૂન, તાડન, મારણ કે દુઃખ દેવાના વિચારોનો ત્યાગ આવે સ્થૂલ સત્યના પાલનમાં ખોટી સાક્ષી, ખોટા ઉપદેશ, ખોટા લખાણ ને એવી બાબતોનો ત્યાગ આવે, તેમ અદત્તાદાનમાં માલીકની રજા સિવાયની ચીજ લેવી કે ખસેડવી નહિં એનો સમાવેશથાય. બ્રહ્મચર્યમાં સ્વપત્ની કે એક પતિથી સંતોષ અને એમાંયે બને તેટલો સંયમ-એટલે વ્યભિચારનો ત્યાગ આવે. સ્થૂલ અપરિગ્રહ કે પરિગ્રહનું માપ તેમાં જીવનની જરૂરીઆતની બધી વસ્તુઓની મર્યાદા આવે.

નંદયંતિ૦ દેવી ! આદર્શ ગૃહસ્થાશ્રમ જીવવાને પણ ઘણી તૈયારી કરવી પડે !

સુમતિ૦ જો એટલી પણ તૈયારી ન હોય તો સાધુજીવનમાં તો શી રીતે પ્રવેશજ કરી શકાય ? સાધુઓ પણ થાય છે તો સમાજમાંથીજ ને ? આદર્શ ગૃહસ્થાશ્રમનું આટલું ધોરણ ન હોય તો સાધુજીવનનું ધોરણ પણ નીચુંજ ઉતરી જાય.

નંદયંતિ૦ દેવી, તમારૂં જ્ઞાન જોઇ મને ખુબ માન ઉત્પન્ન થાય છે.

સુમતિ૦ બ્હેન એ ગુરૂદેવની કૃપા છે. મારામાં તો શું છે? હું તો અલ્પમતિ સાધ્વી છું.

નંદયંતી૦ અને આદર્શ ગૃહસ્થાશ્રમીને બીજું શું શું કરવાનું હોય છે?

સુમતિ૦ પ્રાતઃ ને સાયંકાળ પરમાત્મ સ્તુતિ, ત્રણ કલાક વિદ્યાભ્યાસ અને બાકીનો આજીવિકા ઉત્પન્ન કરવાનો કોઇ પણ પરિશ્રમી ઉદ્યોગ.

નંદયંતી૦ અંહિના વિદ્યા ને ઉદ્યોગની રૂપરેખા જણાવવા કૃપા કરશો?

સુમતિ૦ નહિ. એ જણાવવામાં કૃપા નથી, એ તો મારૂં કર્તવ્ય છે. જો કે વિદ્યા અને સંસ્કારી જીવન હેતુ દૃષ્ટિએ ભિન્ન નથી, છતાં ઉપચારથી વિદ્યા સમય જુદો ગણેલો છે. એમાં ધર્મ શાસ્ત્ર, સમાજ શાસ્ત્ર. સાહિત્ય, કૃષિજ્ઞાન, રસાયણ શાસ્ત્ર. ગણિત વગેરે વિષયો શીખવાય છે. અહિંના અધ્યાપકો ત્યાગી સાધુઓજ છે. શિક્ષકો આદર્શ ગૃહસ્થાશ્રમી છે બીજાઓ પણ એનો લાભ લેવા અહિ આવી ચડે છે. ઉદ્યોગ વિભાગમાં દરેક આશ્રમવાસીએ પોતાની આજીવિકા જેટલું ખેતી, વણાટ, કૃષિ, તથા વણાટનાં ઓજારો વગેરેની બનાવટ દ્વારા મેળવી લેવાનું હોય છે. દરેકના ઉત્પાદનનો વિનિમય થતાં સહુને આજીવિકા મળી રહે છે.

નંદયંતી૦ કેવો ઉચ્ચ આદર્શ ! આર્ય આદર્શની આ મહત્તા પદ્મસિંહની માફક બધા રાજવીઓ સમજે તો આર્યાવર્ત

# કૉન્ફરન્સનાં આગામી અધિવેશન અંગે ખુલાસા.

મુંબઇ સમાચારના તા૦ ૨ એપ્રીલ ૧૯૩૨ શનિવારના અંકમાં "શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસ ખુલાસો કરશે કે" એ શિર્ષક હેઠળ એક ચર્ચાપત્ર પ્રકટ થયું છે તે સંબંધે જણાવવાનું કે જૈન શ્વેતાંબર કોન્ફરંસના એક મહામંત્રી શેઠ રણછોડભાઇ રાયચંદે પોતાના ઓદ્ધાનું રાજીનામું આપ્યું છે તે અફવા તદ્દનપાયા વિનાની છે.

શ્રીયુત મકનજી જે. મહેતા જેઓ આ સંસ્થાની કાર્યવાહી સમિતિના ઉપ-પ્રમુખ છે, તેઓએ શ્રી મહાવીર જૈન વિદ્યાલય વગેરે સંસ્થાના મંત્રી તરીકેના કાર્યના અધિક બોજાને લઇને પોતાનું રાજીનામું મોકલાવ્યું હતું, પરંતુ ત્યારબાદ સંસ્થા તરફથી તેમને કહેવામાં આવ્યું કે તેમની સેવાની આ સંસ્થાને ઘણી જરૂર છે ત્યારે તેમણે આપેલ રાજીનામું પાછું ખેંચી લીધું છે.

વળી ઉક્ત ચર્ચાપત્રમાં લખ્યું છે કે આગલ પ્રકટ થયેલ ખુલાસમાં "કોન્ફરંસના મહામંત્રીની સહી જણાતી નથી." પરંતુ લેખક સમજી શકયા નથી કે રેસીડેન્ટ જનરલ સેક્રેટરી અને મહામંત્રી બન્નેનો અર્થ એકજ છે.

કોન્ફરંસના આવતા અધિવેશન સંબંધે તા૦ ૧ એપ્રિલ ૧૯૩૨ ના મુંબઇ સમાચારના અંકમાં સંસ્થાનો ખુલાસો બહાર પાડવામાં આવ્યો છે તે ઉપરાંત મુંબઇ સમાચારના તા૦ ૩૦ મી માર્ચના અંકના પ્રકટ થયેલ "જૈન ચર્ચા" સંબંધે બારડોલીના આગેવાનો તરફથી અમને એક પત્ર મળ્યો છે તે પણ જાહેરની જાણ માટે નીચે પ્રકટ કરીએ છીએ.

---

## બારડોલીના પત્ર.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસના સેક્રેટરી સાહેબ જોગ,

લિ૦ બારડોલીથી શા. મગનલાલ હરજીભાઇ તથા શા હીરાચંદ ઝવેરચંદ તથા શા. લલુભાઈ ઝવેરચંદ તથા શા. ઝવેરચંદ હીરાજીના જયજીનેંદ્ર વાંચશોજી. વિ. આપનો તા૦ ૩૦ માર્ચ ૧૯૩૨ નો જાવક નંબર ૮૭૧ નો પત્ર મળયો છે તેંમ આપે જણાવેલી અને મુંબઇ સમાચાર તા૦ ૩૦ મી માર્ચ સન ૧૯૩૨ ના પેપરમાં 'જૈન ચર્ચા' માં હમારી બારડોલી માટે જે હકીકત આવી છે તે તદ્દન ખોટી છે અને ઉપજાવી કાઢેલી વાત છે. એવી કોઇ પણ સ્થીતિ કોનફરંસ સંબધી બારડોલીમાં-નથી, જે જાણી વાકેફ થશોજી. લિ;—એજ.

(સહી) શા. મગનલાલ હરજીભાઇના વંદન
,, શા. લલ્લુભાઇ ઝવેરચંદના જયજીનેંદ્ર
,, શા. હીરાચંદ ઝવેરચંદના જયજીનેંદ્ર
,, શા, ઝવેરચંદ હીરાજીના જયજીનેંદ્ર.

ઉપરની હકીકત પરથી સમાજ સત્યથી વાકેફ થશે અને ચર્ચાપત્રીઓના મનઘડંત તરંગોથી ગેરસમજુતી ફેલાતી અટકશે એવી આશા રાખવામાં આવે છે. લિ૦ શ્રી સંઘ સેવકો,

શા. રણછોડભાઈ રાયચંદ ઝવેરી,
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી,
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

# બારડોલીવાસીનો ખુલાસો.

"મુંબઇ સમાચાર" ના અધિપતી જોગ,

સાહેબ,-આપના સમાચારમાં તા૦ ૩૦ મી મારચના દીવસે જૈન ચર્ચાના કોલમમાં "જૈન કોન્ફરંસ સુરત જીલ્લામાં કયારે ભરાશે? ના મથાળા હેઠળ છપાયલી ચરચાના ખુલાસામાં જણાવીએ છીએ કે:—

મુંબઇની અંદર ભરાયલી જૈન શ્વેતાંબર કોન્ફરંસની સ્ટેન્ડીંગ કમીટીની બેઠકમાં સુરત જીલ્લામાં આગામી અધીવેશન ભરવાને માટે સુરત જીલ્લા તરફથી આમંત્રણ અપાયું હતું અને તે આમંત્રણ સ્વીકારાયું પણ હતું. એ અધીવેશન સુરત જીલ્લાના નામ હેઠળ બારડોલી અગર વાંઝ મુકામે ભરાવાનું હતું એ વાત સત્ય છે. જીલ્લાનું નામ આપવાનું કારણ ફકત એ હતું કે કદાચ કોઇ અનિવાર્ય સંજોગોને લઇને ઉપર જણાવેલા મુકામે કોન્ફરન્સ નહી ભરી શકાય તો જીલ્લાનો વાડો ખુલ્લો રહે અને બીજું કારણ તાલુકા યા ગામના નામ કરતાં જીલ્લાનું નામ વધારે આકર્ષક રહે કોન્ફરંસના મહામંત્રીએ પોતાના ખરચે કોન્ફરંસ ભરવા ગોઠવણ કરી હતી એ વાત તદન વજુદ વગરની છે. અને આમંત્રણ આપનારાઓ ખસી ગયા છે એવું જે જણાવવામાં આવેલ છે તેના જવાબમાં જણાવવાનું કે આમંત્રણ આપનારાઓ ખસી ગયા નથી અને અમો આમંત્રણ આપનારાઓ તો હજુ આજેયે તે ભરવા માટે તઇયાર છીએ. અમારી સાથે કોઇને ખાસ કરીને જોડવામાં આવ્યા ન હતા તેમજ અમોએ કોઇને જોડાવા ખાસ ભલામણ કરી ન હતી. મહામંત્રીએ બારડોલીના ત્રણ જૈનોને બોલાવ્યા હતા અને તેઓ બારડોલી જતાં તેઓએ આપેલા આમંત્રણ સંબંધમાં બારડોલી પંચ એકઠું થયું હતુ અને તેમના તે કામ પ્રત્યે અણગમો જાહેર કરાયો હતો તેનો હમો આમંત્રણ આપનારાઓ બારડોલી સંઘ તરફથી સત્તાવાર ઇન્કાર, કરીએ છીએ. ઉલટું અમો આમંત્રણ આપનારાઓ બારડોલી સંઘની પરવાનગીથી લેખીત સંઘનું આમંત્રણ લઇ મુંબઇ ગયા હતા. અત્રે આમંત્રણ અપાયા પછી કોઇ પણ વખતે ઉપરના કામ માટે સંઘ એકઠો થયો નથી અને કોઇપણ જાતનો ઠરાવ કરવામાં આવ્યો નથી. ઉલટું અમારા સંઘે અમો તરફથી અપાયલું અને સ્વાકારાયલા આમંત્રણને સહર્ષ વધાવી લીધું હતું.

બારડોલી તા૦ ૭ મી એપ્રીલ. C. K. Shah.

(મુંબઇ સમાચારમાં ઉપરોક્ત ખુલાસા પ્રકટ થયા છે.)

---

જરૂર ફરીને પણ દેવભૂમિ થઇ જાય. વારૂ બેન! અહિં જાતિભેદનું શું છે?

સુમતિ૦ અહિં તો મનુષ્ય માત્રને સરખા ગણવાનો નિયમ છે. અને જાતિ ગણાય તો તે ગુણકર્મ ઉપરથીજ ગણાય છે. એને માટે જુઓ આ મહાન આર્ય પ્રવચન આ આશ્રમની દિવાલો પર લખી રાખ્યું છે.

**न वि मुंडएण समणो, ओंकारेण न बंभणो ।**
**न मुणि रणवासेण, कुरु चीरेण तावसो ॥**
**समायाए समणो होइ, बंभचेरेण बंभणो ।**
**नाणेव उ मुणि होइ, तवेण होइ तावसो ॥**

(ટં—ટં—ટં સંભળાય છે.)
(બ્હેન, હવે ભોજનનો વખત થયો છે, ચાલો.)

# આપણી એક દિવસની વીરજયંતી.

(લેખકઃ-ડાહ્યાલાલ મ. મ્હેતા.)

ચૈત્ર સુદી ત્રયોદશીનો દિવસ પ્રતિવર્ષ આવે છે, અને જાય છે. આ દિવસ આવે છે એટલે ભગવાન મહાવીરની જયંતી ઉજવવાનો શુભ પ્રસંગ આપણને મળે છે, અને તે દિવસે પ્રભુના જીવન કાર્યનાં ગુણગાન ગાતાં આપણે ધારતા નથી. દેવલોકમાંથી આ દિવસે પૃથ્વી ઉપર મુંસાફરીએ કોઇ નીકળે અને આપણા જયંતીના મેળાવડાઓ વગેરેમાં હાજરી આપે તો તેમને પણ જરૂર આપણી ધાર્મિકતાની સરસ છાપ બેઠા વીના રહે નહિ.

પરંતુ તે અવાસ્તવિક દેવ જો આપણા રોજના જીવનમાં પ્રવેશ કરે તો—માન્યતાઓ કરતા જૂદા પ્રકારના આપણા વર્તતની છાંપ પણ તેમનામાં આશ્ચર્ય પ્રેર્યા સિવાય રહે નહિ, આ કલ્પનાશીલ વ્યક્તિ આપણા સમાજીક, ધાર્મીક અને રાજકીય જીવનનો બરાબર અભ્યાસ કરે તો વર્તમાન જૈન જીવન માટે તેમને ખરાબ અભિપ્રાય થયા વીના પણ રહે નહિ. આ પુરૂષ એ જોઇ શકે કે જે પ્રભુની જયંતીના ઉત્સવો તેમના ભકતો ઉજવી રહ્યા હતા, તે માત્ર એક વાણીવિલાસની વરાળ કાઢવા પૂરતું જ હતું. જે પ્રભુએ જ્ઞાતિ રંગ, વર્ણ વગેરેની માનવસર્જીત ભેદભાવોની દિવાલો તોડી વિશ્વબંધુત્વનો સિદ્ધાંત પ્રચાર્યો હતો, તે જ પ્રભુના પડખે આજે અનેક તડ, ગચ્છ, અને વાડાઓમાં વહેંચાયેલા છીએ. જે પ્રભુએ સૂક્ષ્મ અહિંસાનું પણ પાલન કરવાનું શીખવ્યું હતું. તેમના જ ભકતો થઇ, કીડી મંકોડીની દયા પાળીએ છીએ; પણ માનવદયા ભૂલી જઇ ભાઇ ભાઇ વચ્ચે—શ્વેતાંબર દિગંબર સાથે અને મૂર્તિપૂજક અમૂર્તિપૂજક સાથે—કલેશ કરી રહ્યા છીએ. જે પ્રભુએ સ્યાદ્વાદ શૈલીનું સાત્વિક અમૃત પાયું છે, તેને જ ઝેરરૂપે પરિણમાવી કલેશી માનસના ઉલ્કાપાતો પ્રગટાવી રહ્યા છીએ. આ પ્રત્ય-પ્રભુના જ સિદ્ધાંતોનું ખુન—તેમનાં નામની જ રોજ માળા ફેરવનારાઓને હાથે બની શકે છે, એ જોઇ એ કલ્પનાશીલ વ્યક્તિને કયો ખ્યાલ બેસશે, એનો વિચાર વીરજયંતી નીમીત્તે આપણે કરવો ઘટે.

આગામી પુણ્યજયંતી નીમીત્તે આપણે કમમાં કમ એટલુ તો જરૂર કરીએ કે આપણા આંતરિક ઝઘડાઓ દફનાવી દઇએ, પિતા મહાવીરના સંતાનો તરીકે એક બીજાને પ્રેમથી ભેટીએ, અને પ્રભુના આદેશોનું પાલન કરવાના શુભ વિચારો સેવીએ.

પ્રભુની જયંતી-વર્ષના એકજ દિવસે ઉજવવાનો સંતોષ પકડી લેવા કરતાં, વર્ષભરના સમસ્ત જીવનમાં, પ્રભુના પ્રરૂપેલા માર્ગની સાધનામાં યતિકિંચિત પ્રયાસ કરવાનું આપણા સૌમાં બળ આવો, અને પ્રભુના ઉપદેશ કરતાં વિપરીત પ્રકારનું જે કંગાળ અને કલેશી સમુદાયિક જીવન આપણે જીવી રહ્યા છીએ, તેમાંથી વિશુદ્ધ જીવનનો રાહ ખુલ્લો થાઓ એજ વીરજયંતી પર્વ નીમીત્તે પ્રાર્થના અને મનોકામના છે.

# પ્ર...કી...ર્ણ

## જૈન પ્રકાશની બે આવૃત્તિઓ.

શ્રી. શ્વેતાંબર સ્થા. જૈન કોનફરંસનું મુખ પત્ર "જૈન પ્રકાશ" કે જે શ્રી. ડાહ્યાલાલ મ. મ્હેતાના તંત્રીપણા હેઠળ મુંબઈમાંથી પ્રગટ થાય છે, તે પત્રની તા૦ ૧૦-૪-૩૨ થી હિંદી અને ગુજરાતી એમ બે આવૃત્તિઓ જુદી જુદી પ્રગટ થઇ છે. આ યોજના ભાઇબંધ પત્રના વાંચનારાઓ વધાવી લેશે એવી આશા રાખવામાં આવે છે.

## જૈન બેંકની સહકારી યોજના.

ઓલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટીની મુંબઇ મુકામે મળેલી છેવટની બેઠક વખતે આવી યોજના સંબંધે જે નિર્ણય થયો છે તદનુસાર નિમાએલ સભ્યોની મુલાકાત તથા તેમના વિચારો વગેરે અત્રેની કાર્યવાહી સમિતિ સમક્ષ રજુ થતાં એક પેટા કમિટી નિમાઇ હતી. મજકુર સમિતિની એક બેઠક તા૦ ૨-૩-૩૨ ના રોજ શ્રી મકનજી જે. મ્હેતાની ચેંબરમાં મલી હતી. કેટલીક ચર્ચા પછી એમ ઠરાવવામાં આવ્યું હતું કે શ્રી ગિરધરલાલ દયારામ મ્હેતાની સાથે મલી આ યોજના માટે એક 'સ્કીમ' નો ખરડો તૈયાર કરવો. આવો ખરડો તૈયાર કરવા માટે ઘટતી તજવીજ ચાલુ છે.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**-મુંબઇને ઉચ્ચ કેળવણીને લગતા બે ટ્રસ્ટો મળ્યાં છે. એક શેઠ સારાભાઇ મગનભાઇ મોદી તરફથી રૂા. ૫૧૦૦૦) કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ કરનાર જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીને શિષ્યવૃત્ત આપવા અને બીજું શેઠ દેવીદાસ કાનજી તરફથી સંસ્થામાં તેમના નામનો એક ફ્રી બોર્ડર રાખવા માટે રૂા. ૧૦૬૦૦ નું.

**ઐકયતાના પંથે**-શ્રી મુંબઇ જૈન યુવક પરિષદ્‌ના આશ્રય હેઠળ મુંબઇમાં શ્રી મહાવીર જયંતી તા. ૧૮-૪-૩૨ ના રોજ ઉજવવામાં આવશે. શ્વેતાંબર-દિગંબર-સ્થાનકવાસી બંધુઓ સર્વે એકજ વ્યાસપીઠ ઉપર એકત્ર થઇ ઉજવણી કરશે

**કપડવંજ શાંતિનાથજી જૈન દેરાસર**ના વહિવટ સબંધે કેટલીક ચર્ચાઓ ચાલે છે. વહિવટ કરનાર કાર્યકર્તાઓ હિસાબ પ્રગટ કરે એમ સૌ કોઇ ઇચ્છશે. તેમ થતાં વહિવટદારો અને ટ્રસ્ટીઓ ઉપર થતા આક્ષેપો દુર થશે અને ચોકખા વહિવટની લોકમાં શ્રદ્ધા બેસશે.

**મારવાડમાં પ્રચારાર્થે** કોન્ફરન્સના ઉપદેશક મી. વાડીલાલ સાંકલચંદ શાહ અને પંડિત ગિરજાશંકર પ્રવાસ કરે છે.

**ઓશવાલ નવ યુવક પરિષદ્**-જે સુજાનગઢ (બીકાને૨) માં આવતા મે માસની તારીખ ૨૨ તથા ૨૩ ના રોજ મળવાની હતી, તેની તારીખ બદલીને મે ની ૧૩-૧૪-૧૫ તારીખો રાખવામાં આવી છે.

---

**અવસાન નોંધ**-પાટણના સંઘ પતિ પેપટલાલ હેમચંદ નગરશેઠ જેઓ કોન્ફરંસની ઓલ ઇં સ્ટે. કમિટીના એક સભ્ય હતા તેઓના અવસાનની સખેદ નોંધ લેતા તેઓના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

## श्री आत्मानन्द जैन पुरुकूल ( गुजरांवाला—पंजाब के षष्ठ वार्षिकोत्सव के
# बाबु श्री बहादुरसिंघजी सिंघी का व्याख्यान.

**धर्मप्रिय सभ्यजन, अध्यापकवर्ग और विद्यार्थिगण !**

सबसे प्रथम तो मैं आजके इस आनन्ददायक प्रसंग पर, आप सब बन्धुओंके दर्शन करनेका और परिचय प्राप्त करनेका जो मुझे सौभाग्य प्राप्त हुआ है उसके लिये, मैं आपका हृदयसे अभिनन्दन करता हूं। इस गुरुकुलके अधिष्ठाता और प्राणस्वरूप भाईसाहब श्री कीर्तिप्रसादजीका कोई तीन चार वर्षसे आग्रह था कि मैं गुरुकुलके ऐसे वार्षिक संमेलनपर उपस्थित हो कर कुछ अपनी सेवा समर्पित करूं। लेकिन आज तक मुझे, अपनेमें इस विषयकी कोई विशेष योग्यता न पाकर, इस पदके स्वीकार करनेमें पूरा संकोच रहा; और उस लिये मैं टालमटोल करता रहा। लेकिन इस समयका अधिष्ठाताजीका आग्रह बहुत उग्र स्वरूपका था और उसका अस्वीकार करना मुझे अशक्य सा प्रतीत हुआ, एतदर्थ, मूकभावसे, इस वार मैंने इस आज्ञाके आधीन होना अपना कर्तव्य समझा; और बिना हि हां—ना कुछ कहकर मैं आज आपकी सेवामें उपस्थित हुआ हूं।

मेरे लिये तो यह एक सौभाग्य और हर्षका प्रसंग है कि—गुरुकुल जैसी सज्ज्ञान और सत्क्रियाकी शिक्षा दे कर मुक्तिका मार्ग बतलानेवाली संस्थाकी, इस प्रकार यत्किंचित् सेवा करनेका धन्य प्रसंग मुझे प्राप्त हुआ। लेकिन इसके साथ ही मैं अपने समाजमें जो एक अनुचित परंपरा रूढ हो गई है उसकी और आपका ध्यान खींचना चाहता हूं। वह परंपरा है किसी भी जलसे पर धनाढ्य या लक्ष्मीप्रिय व्यक्ति ही को प्रमुख बनाने की ओर समाजका झुकाव। प्रायः अपने समाजमें, जितनाही बडा द्रव्यसंपन्न व्यक्ति सभापति पदके लिये मिले उतनी ही जलसे की महत्ता और सफलता समझी जाती है। यह बात चाहे किसी हद तक ठीक हो पर इस एकतरफी झुकावमें दूसरी महत्वकी और सच्ची बाजु दबही नहीं बलकि लुप्त सी हो गई है। कोन्फरन्स जैसी सामाजिक संस्थाओंकी बात अभी छोड दें, तो भी गुरुकुल जैसी विद्या और शिक्षाप्रधान संस्थाओंके लिये यह कभी शोभारूप नहीं समझा जा सकता, कि जब दो मेंसे एककी पसंदगीका सवाल आवे तब ये विद्वान् को छोड धनवानको सभापति चुनें। इसमें सीर्फ अशोभा ही नहीं बल्कि वैसी विद्याजीवी संस्थाओंके ध्येय की बडी भारी हानि भी है। अगर राष्ट्रीय महासभाके सभापति धनवान ही बनाये जाते तो आप समझ सकते है कि उसकी और देशकी स्थिति आज वैसी ही होती जैसी हमारी संस्था और समाजकी है। यह तो धनवानों का ही फर्ज है की वे अपनी योग्यता का कार्यक्षेत्र निश्चित करें। यह दूसरी बात है की कोई धनवान् होनेके साथ साथ विद्वान् भी हो, तो उसको ऐसे पदके लिये खुशीसे पसंद कीया जाय; परंतु सामान्य नियम एक ही होना चाहीए और वह मेरी दृष्टिसे यही कि जहां जहां विद्या और विचारका संबंध हो वहां सर्वत्र अधिकसे अधिक विद्यासंपन्न और विचारसंपन्न व्यक्तिको ही प्रमुख बनाकर उसके ज्ञान और विचारका लाभ उठाना चाहिए।

### गुरुकुल—

गुरुकुल क्या है और उसका ध्येय और कार्य क्या है इस विषयमें बहुत कुछ कहा सुना गया है, और आप सब लोग उससे अब परिचित भी हो गये है, इस लिये मैं इस विषयमें कुछ विशेष न कहकर और प्राचीन इतिहासके गहरे तलमें न जाकर, सीर्फ वर्तमान बातोंका ही कुछ ऊहापोह मैं आपके सामने करना चाहता हूं। यह बात सबको विदित ही है कि प्राचीन कालमें हमारे देशमें शिक्षा और विद्याका जितना प्रचार था वैसा जगत्के और किसी देशमें न था। भारतवर्ष ही उस समय संसारका शिक्षादायक गुरु था। भारतवर्षहीसे विद्या और शिक्षा प्राप्त कर दूसरे देश सभ्य और शिक्षित बने थे। उस प्राचीन कालमें भारतवर्षने जो ज्ञानविषयक उन्नति प्राप्त की थी उसका इतिहास पढ कर आज युरपका बडेसे बडा विद्वान भी आश्चर्यचकित होता है। उस समय भारतवर्षमें जैसे महान् गुरुकुल और विश्वविद्यालय थे उनकी तुलना कर सके वैसे विद्यालय आज बीसवीं शताब्दीका युरप भी नहीं स्थापित कर सका। लेकिन कालके नियमानुसार भारतवर्षका वह ज्ञानसूर्य विपत्तियोंके बादलोंसे आच्छादित होकर शताब्दियों तक हमारे लिये अंतरित सा हो गया, और उसके सबबसे देशमें सर्वत्र अज्ञानान्धकार फैल गया। मुसलमान प्रजाके, शताब्दियों तक होते रहनेवाले क्रूर और संहारक आक्रमणोंके कारण भारतवर्षकी सारी ही प्राचीन व्यवस्था और संस्कृति छिन्न भिन्न हो गई। तक्षशिला, नालंदा, विक्रमशिलाके जगद्विख्यात महाविद्यालय जमीनदोस्त हुए और पंजाब, सिंध, गूजरात, राजपूताना, मालवा और मध्यदेशके वैसे ही सैंकडों विद्यामन्दिर, पाठशालाएं और सरस्वती भंडार भस्मिभूत हुए। राजा और प्रजाको अपने प्राणोंकी रक्षा करना भी

जहां कठिन हो गया था वहां विद्या और संस्कृतिके शिक्षा-स्थानोंकी रक्षा करना कहां संभव था । बस पीछले सातसौ वर्ष तकका भारतका इतिहास इसी प्रकारकी अव्यवस्था और अन्धाधुन्धीसे भरा हुआ है; और वही भारतके उस प्राचीन ज्ञानसूर्यको आवृत करनेवाले विपत्ति-स्वरुप बादल थे । इस अन्धकारयुगमें हमारी ज्ञानज्योति बहुत कुछ नष्ट होगई–हमारे वे सब पुराने गुरुकुल विद्यालय, पाटशालायें और सरस्वीत-भंडार, जो प्रजाकीय जागृति और ज्ञानप्राप्तिके मुख्य स्रोत समान थे वे लुप्त हो गये ओर सर्वसाधारण जनता एक प्रकारसे ज्ञाननेत्रविहीन जैसी हो गई ।

जब से इस देशमें अंगरेजोंका शासन शुरू हुआ और देशकी वह अन्धाधुन्धी कुछ शांत हुई तब से फिर विद्याका वह टिगमिगाता हुआ दीपक कुछ तेज होने लगा । अंगरेजों के साथ इस देशमें अनेक चीझें आई उनमें एक विद्याकी भावना भी थी । एक तरफ से राज्यकर्ताओंने अपने सुभिते के लिये अपने ढंगसे शिक्षा देना चाहा और अपनी संस्कृतिके अनुरूप शिक्षालय ( स्कुल्स, कोलेजिस ) स्थापित किये । दूसरी तरफसे राष्ट्रहितैषी और अपनी संस्कृतिकी रक्षा चाहने वाले महानुभावोंने जातीय तथा धार्मिक भावना पर विद्यालय स्थापन करने शुरू किये । उन महानुभावोंमें एक तेजस्वी आत्मा स्वामी दयानंदकी भी थी, जिन्होंने गुरुकुलका लुप्तप्रायः नाम फिरसे मूर्तिमंत करनेका उपदेश दिया । शुरूमें कांगडीका गुरुकुल अस्तित्वमें आया । उसका असर सनातन धर्मावलंबी भाई, जो उन दिनोंमें आर्यसमाज के कट्टर विरोधी थे उनके ऊपर भी पडा और उन्होंने भी जहां तहां ऋषिकुल आदि संस्थाएं स्थापन कीं । इस तरह आर्य समाज ओर सनातनी लोगोंका संघर्ष चलही रहाथा उसी बीचमें हमारे समाजके लोग भी जागे । शुरूमें जहां तहा पाठशालाएं–खासकर गूजरातमें खुलीं । फिर बोर्डिंग-युग ( छात्रालय युग ) आया । एक तरफसे धार्मिक शिक्षाके लिये पाठशालाएं और दूसरी तरफसे स्कुल और कोलेजमें पढने वाले विद्यार्थिओंके सुभीते के लिये छात्रालय; इस तरह दो प्रवृत्तियां अलग २ चल रही थीं पर दोनोंमें त्रुटि थी जो धीरे २ मालूम होने लगी । ऐसा मालूम हुआ कि शिक्षाका सारा प्रबंध स्वधीन रुपसे करना और विद्यार्थिओंको संस्थामें ही रखकर अपनी इच्छाके अनुसार शिक्षा देना । इस भावनाने अपने समाजमें भी गुरुकुल स्थापित करवाए । इनमें पालीतानाका गुरुकुल पहिला है । स्वर्गीय आचार्य श्रीआत्मारामजी महाराज इन नवयुगके प्रसिद्ध जैन साधु और विद्याप्रिय व्यक्ति थे । उनकी भावना चोरां ओर विद्याप्रचारकी थी पर वे उसे अपने जीवनमें सफल नहीं कर पाये । उनके अंतेवासी विद्यमान प्रसिद्ध आचार्य विजयवल्लभसूरीने अपने गुरुकी भावना को मूर्तिमंत करनेका व्रत लिया, और जहां तक मैं जानता हूं, उन्होंने पिछले पचीस तीस वर्ष सीर्फ इसी व्रतके पालन और पूर्णता निमित्त बिताये हैं । पंजाबका यह गुरुकुल उन्हींका मूर्त प्रयत्न है । इसकी उम्र तो बहूत छोटी है पर इसके कइ वर्ष पहिले ही उन आचार्यने गूजरातमें अनेक विद्या संस्थाएं खुलवाई हैं जिनमें बंबइका महावीर विद्यालय सबसे अधिक प्रसिद्ध है । अब तो यह विद्याकी भावना यहां तक फैल गई है, कि मारवाड जो सबमें पिछडा हुआ देश है, उसमें भी पाठशालाएं, विद्यालय और गुरुकुल स्थापित हो रहे हैं । यहां तक कि स्थानकवासी भाई जो विद्याके क्षेत्रमें सबके पीछे गिने जाते थे उनके भी दो गुरुकुल मारवाड–मेवाडमें और एक पंजाबमें चल रहे है ।

( अपूर्ण )

## જૈન પાઠશાળાને મદદ.

જૈન શ્વે૦ એજ્યુકેશન બોર્ડ તરફથી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ ધાર્મિક તથા પ્રાકૃત હરીફાઇની સને ૧૯૨૯ ના ડિસેમ્બરમાં લેવાયેલી ઇનામી પરીક્ષાઓમાં ભાવનગરની શ્રી ગંભીરવિજયજી જૈન પાઠશાળામાંથી ૫ વિદ્યાર્થીઓ બેઠા હતા તે સર્વ સારા માર્ક મેળવી પાસ થયા હતા.

ઉપરોક્ત પરીક્ષાઓના પ્રાકૃતના કોઇ પણ ખંડમાં જે પાઠશાળામાંથી ઓછામાં ઓછા ચાર વિદ્યાર્થીઓ પાસ થાય તેને રૂ. ૩૦) તથા જે પાઠશાળામ થી સાત કે તેથી વધુ વિદ્યાર્થીઓ પાસ થાય તે પાઠશાળાને રૂ. ૭ ) ની એક વર્ષ માટે **શેઠ સારાભાઇ મગનભાઇ મોદી** તરફથી મદદ આપવા ઠરાવવામાં આવેલું છે,

આ નિયમ આધીન શ્રી ગભીરવિજયજી જૈન પાઠશાળા-ભાવનગરને શ્રીયુત **શેઠ સારાભાઇ મગનભાઇ મોદીએ** રૂા. ત્રીસ મદદના આપ્યા છે.

સદરહુ નિયમ તરફ સર્વ પાઠશાળાઓના વ્યવસ્થાપકોનું ધ્યાન ખેંચતાં આશા રાખવામાં આવે છે કે તેઓ પોતાની પાઠશાળાઓમાં **પ્રાકૃતનો** અભ્યાસ શરૂ કરાવી યોગ્ય મદદ જરૂર મેળવશે.

**સૌભાગ્યચંદ ઉ. દોશી,**
માનદ મંત્રી,
જૈન શ્વે૦ એજ્યુકેશન બોર્ડ

---

**શ્રી જૈન દવાખાનું પાયધુની મુંબઇમાં** ગત માર્ચ માસમા ૪૨૫ પુરૂષ દરદીઓ ૩૮૪ સ્ત્રી દરદીઓ તથા ૨૦૯ બાળક દરદીઓ મલી કુલે ૧૦૧૮ દરદીઓએ લાભ લીધો હતો દરરોજની સરેરાશ દરદીની હાજરી ૬૩ ની થઇ હતી.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3

તારનું સરનામું:- હિંદસંઘ' 'HINDSANGH'

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું.

તા. ૧ લી મે ૧૯૩૨.

અંક ૯ મો.

## સદ્‌ગત સારાભાઈ મગનભાઈ મોદી.

આ મહાશયનું અચાનક અવસાન તા. ૨૨-૪-૩૨ ને દિને થયું તેની નોંધ લેતાં અતિ ખેદ થાય છે. સંસારમાં આવે છે, જાય છે અને કાલિદાસ કવિએ ફિલસુફ તરીકે જણાવ્યું છે કે 'મરણં પ્રકૃતિઃ શરીરિણાં વિકૃતિર્જીવિતમુચ્યતે બુધૈઃ' એટલે દેહધારીઓનો સ્વભાવ મરણ છે અને વિકૃતિ' તે જીવન છે એમ ડાહ્યા કહે છે. મરણ જન્મધારીને અવશ્ય છે છે ને છે, એથી તેમજ નવો જન્મ ધરવાથી શોક કે હર્ષ કરવાનો નથી, પરંતુ સારાભાઈના જવાથી જે શોક થાય છે તે તેની પડેલી ખોટ સાલે છે, તેનાથી ઝરણા માફક વહેતો દાનપ્રવાહ હવે બંધ થયો, અને રડયા ખડયા કામ કરનારાઓમાંથી એક ખરો કાર્ય કરનારો નર ઓછો થયો, તેથી દિલને આઘાત થાય છે અને ખેદ કરવો પડે છે. સારાભાઈએ લગભગ પચાસ વર્ષની ઉમ્મરે દેહોત્સર્ગ કર્યો અને જીંદગીનું મધ્યસ્થાન આવ્યું ત્યાંજ તેઓ આપણામાંથી ચાલ્યા ગયા આવી રીતે હમણાં કેટલોક વખત થયાં સારા સારા નાયકો, આગેવાનો આપણે ગુમાવ્યા. આપણે સૌ ઇચ્છીશું કે તેની ખોટ પૂરનાર વિદ્યમાન જૈનોમાંથી નીકળી આવે

સદ્‌ગત વિદ્વાન હોવાનો દાવો કરતા નહિ, પણ વિદ્વાનોને પિછાનતા, બી. એ. ની પરીક્ષા મુંબઇની નહિ, પણ અલાહાબાદની યુનિવર્સિટીમાં આપી. પાસ થયા, ને પછી ગૃહસ્થાશ્રમમાં—નોકરી અને ધંધામાં પડયા. આટલી વિદ્યાને મેળવતાં પોતાને જે વિપતડીઓ પડી હતી તેનું પળે પળે તેમને ભાન હતું અને તેથીજ તેમણે પાઇ પાઇ સંચરી સાદાઇ અને નિરભિમાનતા રાખી ભેગા કરેલા ધનનો સદ્‌વ્યય કેળવણીમાં અતિશય ઉદારતા-હૃદય વિશાલતાથી પોતાના શહેર-ગામ કે પ્રાન્તના તફાવત વગર સમગ્ર જૈન શ્વે૦ મૂર્તિપૂજક કોમના વિદ્યાર્થીઓને લાભ મળે એ રીતે કર્યો. તે માટે તેમણે બે સંસ્થાઓ ખાસ ધ્યાનમાં લીધી. એક તો શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઇ અને ઘણા વખત પછી શ્રી યશોવિજય જૈન ગુરૂકુલ પાલિતાણા. પહેલી સંસ્થાને પોતાને મદદ કરી તેની વ્યવસ્થાપક સમિતિના એક સભ્ય તરીકે ઠેઠ સુધી ભાગ લીધો. એટલુંજ નહિ, પણ તેને બે મહાન યોજનાઓ પાંત્રીસ અને એકાવન હજાર રૂપીઆની અનુક્રમે કરી સોંપી. પહેલી યોજના નામે શ્રી સારાભાઇ મ. મોદી લોન સ્કોલરશિપ ફંડ દ્વારા અંગ્રેજી ચોથાથી મેટ્રિક સુધીનો શિક્ષક તરીકે ટ્રેઇનિંગ સ્કૂલ કે કૉલેજનો. મિડવાઇફ કે નર્સનો, હિસાબી જ્ઞાન-ટાઇપ રાઇટિંગ શૉર્ટ હૅન્ડનો, ચિત્રકામ ફોટોગ્રાફી વિજળીનો તેમજ દેશી વૈદકનો અભ્યાસ કરનારને શિષ્યવૃતિ-સ્કોલરશિપ (ઉછીની તરીકે કમાવાની શરૂઆતથી વાળી આપવાની શરતે) આપવામાં આવે છે; બીજી યોજનાનું નામ શ્રી સારાભાઇ મ. મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ છે, જે થોડાં અઠવાડિયાં પહેલાં મૂકાઇને પાસ થઇ છે. તેનો ઉદ્દેશ મેટ્રિક પછાથી આગળ અભ્યાસ કરવા માટે-બી. એ. નો બી. કોમ, બી. એસ. સી, મેડિકલ, એંજીનીયર, ખેતીવાડી, કાંતવું વણવું, સેનિટરી, વિજળી ઉંચી હિસાબી, જનાવરનું વૈદું વગેરે ઉચ્ચ કેળવણીની લાઈનોનો અભ્યાસ કરવા ઈચ્છતા ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સ્કોલરશિપ આપવાનો રાખવામાં આવ્યો છે, આ બન્નેમાં ધાર્મિક અભ્યાસ વિદ્યાર્થીને કરવાનું ફરજિયાત રાખવામાં આવ્યું છે. અને જે જે શિષ્યવૃત્તિ અપાય તે પાછી વાળવાની સરતથી તેનું ફંડ ચાલુ રહેતું જાય અને નવી મદદ અપાતી જાય એ એની રીતિ છે.

સને ૧૯૨૬ માં તેમને એક મહાન વિચાર સૂઝયો કે જેવી રીતે ચરોતર પાટીદારો માટે સહકારી મંડળ લિ૦ ની યોજના દ્વારા તે કોમમાંથી અનેક વિદ્યાર્થીઓ હિંદમાં રહી તેમજ હિંદ બહાર જઇ જુદી જુદી ખર્ચાળ લાઇનોમાં પાવરધા થઈ મોટી મોટી ડીગ્રીઓ મેળવે છે અને અહીં સારા હોદ્દા અને મોટી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે, તેજ મિસાલ મારી કોમમાં કેમ ન થાય?—એવા મંડળની યોજના ઘડી અનેક મિત્રોને

મળી શેરો ભરાવી જુદા જુદા શ્રીમંતોને ઘેર જાતે જઇ મળી સમજાવી તેમની પાસેથી સારી સંખ્યામાં શેર ભરાવી 'જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લિમિટેડ' સંસ્થા ઉભી કરી તા. ૧૩-૧૨-૨૬ ને રોજ રજીસ્ટર કરાવી, તેના ઓનરરી મંત્રી તરીકે મરતાં સુધી કાર્ય કર્યું. તેમાંથી દરેક લાઇનમાં તેમજ પરદેશમાં અભ્યાસ કરવા માટે મુંબઇ ઇલાકાના અનેક ચંચળ બુદ્ધિના શ્વે. મૂ. **જૈન** વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન છ આનાના વ્યાજે તથા ત્યાર પછી આઠ આનાના વ્યાજે યોગ્ય જામીનગીરીથી અને વીમો ઉતરાવી લોન આપી સહાય કરવામાં આવી છે અને આવશે. આ સંસ્થાને ઉત્પન્ન કરી તેને ગતિમાં મૂકવા માટે જે પ્રયાસો તેમણે સેવ્યા છે તે જો આપણી અન્ય સંસ્થાઓના ખુરશીમાં બેસી રહી કામ કરનારા મંત્રીઓ ને સંચાલકો સેવે તો નવું ચેતન અને પ્રગતિમય વાતાવરણ આખા જૈન સમાજમાં ઉત્પન્ન કરી શકાશે. પ્રભુ! તેમનામાં એવી ધગશને અભિમાન રેડે! આ ત્રણ મહાન યોજનાથી વસ્તુસ્થિતિ લગભગ એ થઈ છે કે મૂર્તિપૂજક કોમમાં કોઇપણ ચંચળ વિદ્યાર્થી નાણાના અભાવે અભ્યાસ કરતો અટકે તેમ નથી. આનું અનુકરણ કરી આવી યોજનાઓ દિગંબરી તથા સ્થાનકવાસી ભાઇઓમાં કરવામાં આવે તેની મોટી જરૂર છે. સારાભાઇને મૂર્તિપૂજામાં અટલ વિશ્વાસ હતો, અને તેમણે કાઢેલી રકમ મૂર્તિપૂજક કોમના વિદ્યાર્થીઓને પણ પૂરી પડી શકે તેમ નહોતી, અને લિમિટેડ સંસ્થાના શેર હોલ્ડરો બધા શ્વે. મૂર્તિપૂજક હતા, તેથી તે ત્રણે યોજનાનો લાભ બીજાને આપી નથી શકાયો; છતાં પોતે જો પોતાના અમદાવાદ કે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ માટે ત્રણે યોજના કરવા ધારી હોત તો કરી શકત, પણ તેમ ન કરતાં વિશેષ વ્યાપક બની સમસ્ત મૂ. કોમને તે યોજના લાગુ પાડી છે. છતાં પહેલી કરેલી યોજનામાં પોતાની જન્મભૂમિ અમદાવાદ શહેર માટે ખાસ અપવાદ કરેલ છે કે તેના વિદ્યાર્થીને લીધેલી રકમ પાછી વાળવાનું ફરજીયાત નથી. વળી સ્ત્રીઓ પ્રત્યે પોતાને માન હતું ને તેથી પોતાના યોજનામાં સ્ત્રી વિદ્યાર્થીઓનો સમાવેશ કરેલ છે એટલુંજ નહિ પરંતુ પહેલી યોજનામાં તો સ્ત્રી વિદ્યાર્થી પર છાત્રવૃત્તિ પાછી આપવાનું ફરજીયાત રાખેલું નથી; અને ધાર્મિક તથા સંસ્કૃત વા પ્રાકૃતનો સંપૂર્ણ અભ્યાસ કરનાર માટે પણ તેજ પ્રમાણે મરજીયાત રાખવામાં આવેલ છે એટલે તે પરથી જણાય છે કે ધાર્મિક શિક્ષણ પર તેમનો ઘણો પ્રેમ હતો.

શ્રીયશોવિજય ગુરૂકુળને લગભગ કુલ એકત્રીસ હજાર રૂપીઆનું દાન ખાસ યોજનાદ્વારા અને મકાન માટે કરેલ છે.

પોતાની મૂડીમાંથી સખાવત કરવાનું મોટું પ્રમાણ રાખી તેમણે શ્રીમંતો અને ભણેલા બંનેને ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડયું છે. પોતે જાતે કમાયેલાં નાણાના પોતે ગમે તે રીતે ઉપભોગ કરનાર માલિક નહિ, પણ ટ્રસ્ટી છે એ ધર્મ અને નીતિના સૂત્રને અમલમાં મુકી સૌને ધડો આપ્યો છે. આપણા શ્રીમંતો એ ધોરણે કામ ન કરે તો કંઇ નહિ પણ પોતાની દોલતનો દશમો કે વીસમો ભાગ તો સખાવતમાં ખર્ચી શકે.

તેઓ જોકે શિઘ્રકોપી હતા પણ તેમનું હૃદય તો નિર્મળ હતું. તેઓ સામાની વાત શાંત પડયા પછી પુનઃ વિચારતા અને પિછાનતા. તેમની ચીવટ અને કાળજીપૂર્વક કાર્ય કરવાની શક્તિ તો દરેક વ્યવહારમાં જોવામાં આવતી. હિસાબ નિયમિતપણે રાખતા અને રોજનો હિસાબ વિગતવાર લખાયા વગર સુતા નહિ. નાણાંનો વહીવટ તેમજ વેપારનો વહીવટ બહુ કુશળતાથી કરતા અને તેઓ પુણ્યશાળી હોવાથી તેમનો પૈસો કયાંય વિશેષ પ્રમાણમાં દબાયો નથી. કોઇપણ સખાવત કરવાનો વિચાર થાય તો તે માટે અનેક વિદ્વાનોને, મિત્રોને પૂછી તે સંબંધીના વિચારો મેળવી તે દરેકનો સમતોલપણે વિચાર કરી તેનું આખું ખોખું પોતાના હૃદયને તેમજ મગજને જચે, ત્યારે તે યોજના બહાર મૂકતા. આ બધા સખાવતી કામમાં તેમણે કીર્તિનો મહાલોભ રાખ્યો નથી. પોતાની પહેલી યોજનામાં તો ત્યાં સુધી જણાવ્યું કે એક લાખ રૂ. તેમાં આપનારને તેનું નામ તે યોજનાને આપી દેવું. તેમનું નામ રાખવા માટે બીજા સલાહકારો ઇચ્છતા અને તેથી તેમની ઇચ્છા મુજબ પોતાનું નામ યોજના સાથે જોડયું છે.

આ લેખક સાથેનો પરિચય અને સંબંધ એક અંગત બાબત હોઇ તે જણાવતો નથી, પણ એટલું તો કહી શકાય કે તેઓ પોતાની દરેક યોજનામાં આ લેખકની મંત્રણા લીધા સીવાય રહ્યા નથી તેમજ તેની લખેલી 'સામાયિક સૂત્ર' નામની ચોપડીની એક હજાર નકલ પોતાને ખર્ચે કઢાવી તેને વિદ્યાર્થીઓમાં તેમજ તેના અર્થીઓમાં મફત વહેંચી છે અને તે પ્રમાણે પ્રતિક્રમણ જીવવિચાર નવતત્વ અને કર્મગ્રંથ તેમજ જૈન એજ્યુકેશન બૉર્ડની પરીક્ષામાં દાખલ કરેલાં પુસ્તકો નવીન શૈલીથી તૈયાર કરી આપવા મારી પાસેથી ઇચ્છયું હતું કે જે પોતે પોતાને ખર્ચે પ્રકટ કરે ને તેનો લાભ વિદ્યાર્થીઓ અને સમાજ મેળવે પણ તે તેમના જીવન પર્યંત ન થયું, ન થઇ શકયું. જૈન એજ્યુકેશન બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષા માટે રૂા. પચીસસોની રકમ આપી છે. તે માટે તેમને બહુ પ્રેમ હતો ને ધાર્મિક શિક્ષણ કેમ વધુ પ્રચાર પામે એ બાબત તીવ્ર લાગણી ધરાવતા તેથીજ તે બાબત પર પોતાની યોજનાઓમાં ખાસ ભાર મુકયો છે.

મારો એક પ્રિય મિત્ર ગયો, અનેક જૈન સંસ્થાઓનો પોષક અને મુરબ્બી ગયો અને જૈન સમાજનો એક ઉદાર ઉપકારી દાની ગયો—એ માટે થોડાં અશ્રુ ખેરી આપણે સહુ ઇચ્છીશું કે તેમના દાનનું અને કાર્યશક્તિનું અનુકરણ કરનારા ઉદાર અને કાર્યકર જૈનો વિશેષ અને વિશેષ બહાર આવે કે જે જોઇ તેમના આત્માને સંતોષ થાય, અને તેમના આત્માને સદ્‌ગતિ તથા ઇષ્ટ શાંતિ મળો. તેમના જ્યેષ્ઠ પુત્ર રા. ચંદુલાલ કે જે હાલ ચાલુ દિલચાલને કારણે જેલમાં છે, તે પોતાના સદ્‌ગત પિતાને પગલે ચાલી તેમને દીપાવશે એ પણ છેવટે સાથે સાથે ઇચ્છીશું. આપણે બધા એ સદ્‌ગતના જીવનમાંથી યોગ્ય ધડો લઇએ અને એ સારાભાઇ તે સારાજ ભાઇ હતા ને આપણે પણ સારા નીવડીએ તો તે તેમનું ઉત્તમમાં ઉત્તમ સ્મારક છે, અને તેમાં સ્વ અને પરનું કલ્યાણ છે.

—મોહનલાલ દલીચંદ દેશાઇ.

## —જૈનોની જાહેર સભા—

મુંબઈમાં ૧૧ જૈન આગેવાન સંસ્થાઓના આશ્રય હેઠલ એક જૈનોની જાહેર સભા તા. ૨૭-૪-૩૨ ના રોજ શ્રી માંગરોલ જૈન સભાના હૉલમાં રા. રા. શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી, ના પ્રમુખપણા હેઠલ મલી હતી જે વખતે શ્રી સદ્‌ગત્ શેઠ સારાભાઇ મગનભાઇ મોદીના અવસાન અંગે નીચેના ઠરાવો સર્વાનુમતે પાસ થયા હતાઃ—

"પાયધુની ઉપર આવેલા શ્રી માંગરોલ સભાના હોલમાં, (૧) શ્રી મહાવીર જૈન વિદ્યાલય (૨) શ્રી જૈન વિદ્યોતેજક સહકારી મંડળ લી. (૩) શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ (૪) શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ (૫) શ્રી મોહનલાલજી જૈન સેંટ્રલ લાઇબ્રેરી (૬) શ્રી જૈન યુવક સંઘ (૭) શ્રી જૈન એસોશીએશન ઓફ ઇંડીઆ (૮) શ્રી મુંબઇ માંગરોલ જૈન સભા (૯) શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ (૧૦) શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ અને (૧૧) શ્રી જૈન મહીલા સમાજ વિગેરે સંસ્થાઓના આશ્રય નીચે ભરેલી આજની જૈનોની જાહેર સભા જૈન કોમના એક આગેવાન નેતા રા. રા. શેઠ સારાભાઇ મનગભાઇ મોદી બી. એના એકાએક થયેલા દેહોત્સર્ગ માટે શોક પ્રદર્શિત કરે છે અને તેઓએ જૈન કોમના અનેક ખાતાઓની (ખાસ કરીને કેળવણીના વિષયમા) તનમન અને ધનથી જે અમુલ્ય સેવા બજાવી છે તેની આભાર સાથે નોંધ લે છે અને મર્હૂમના અમર આત્માને શાંતિ ઇચ્છે છે—"

ઉપરોકત ઠરાવ શ્રી ડૉ. **નાનચંદ કે. મોદી** એ રજુ કરી તે પર યોગ્ય વિવેચન કર્યા બાદ મેસર્સ **લલ્લુભાઇ કરમચંદ દલાલ, મણીલાલ મોકલચંદ શાહ,** શ્રી **મોહનલાલ દલીચંદ દેશાઇ,** ડૉ. **પુનશી હીરજી** મૈશ્રીએ અનુમોદન આપતાં સર્વાનુમતે પસાર થયો હતો બાદ તે ઠરાવ મર્હુમના કુટુંબીઓ ઉપર પ્રમુખની સહીથી મોકલી આપવા ઠરાવવામાં આવ્યું. પ્રમુખશ્રીના આભાર સાથે સભા વિસર્જન થઇ હતી.

## જૈન સમાજના આગેવાન.

### કેળવણી પ્રિય નેતા

સદ્‌ગત શેઠ સારાભાઇ મગનભાઇ મોદી, બી. એ.



[ બાર-મુંબઈ મુકામે તા. ૨૨-૪-૩૨ શુક્રવારના રોજ હાર્ટફેલથી થયેલા અવસાનથી જૈન કોમને ઘણી ખોટ પડી છે. મર્હૂમે પોતાના જીવનના છેલ્લા દાયકામાં જૈન કોમની વ્યવહારિક અને ધાર્મિક કેળવણીના પ્રચાર માટે લગભગ ૧૦૦૦૦૦ એક લાખ રૂપીઆની સખાવતો કરી છે. તેઓશ્રી જૈનોની ન્હાની-મ્હોટી અનેક સંસ્થાઓમાં જોડાયેલા હતા. ]

**પ્રવાસ નોંધઃ**—કૉન્ફરંસના પ્રાંતિક મંત્રી શ્રી મણીલાલ ખુશાળચંદ પરિ ગુજરાતના નીચે મુજબ સ્થળે પ્રવાસમાં ગયા હતા. **ટેંબાચુડી** વસ્તી સારી છે. પાઠશાળા કે પુસ્તકાલય નથી, તે ઉઘડાવવા ઉપદેશ કરવામાં આવ્યો. **મજાદર**—લાઇબ્રેરી તપાસી 'આપણા કર્તવ્ય' વિષયપર ભાષણ આપ્યું અને જિનાલયમાં યોગ્ય વ્યવસ્થા માટે સુચના કરી. **મેતા**—લાઇબ્રેરી ચાલે છે, પાઠશાળા માટે મુનિ જયન્ત વિજયજીએ ઉપદેશ આપ્યો. ત્યાંથી **બસુ** આવ્યા. સુકૃત ભંડારફંડનો ફાળો વસુલ કરવામાં આવ્યો. પુસ્તકાલયમાં અવ્યવસ્થિતતા જણાય છે. **જગાણા** અત્રે શાળા માટે પ્રયાસ કર્યો. પ્રવાસ દરમ્યાન કેટલાક ગામોમાં સ્થાનિક ઝગડાઓ ચાલુ જોવામાં આવ્યા છે.

## मारवाड—समाचार.

**उमेदपुर**—श्री अमरचंद बोहरा की अध्यक्षतामें बाला-श्रम भवनमें सभा हुई थी. श्री साराभाई म. मोदी और स्व. देवीदास काणजी के ट्रस्टीयोंको अनुक्रमसे रु. ५१०००) और ११०००) श्री महावीर विध्यालयकों प्रदान करनेके लिए घन्यवाद दिया गया. कान्फरन्सके उपदेशक वाडीलाल सांकलचंदने विद्यार्थीयोंके समक्ष एक दिन "जीवनकी किंमत" विषय पर भाषण दिया.

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

—લેખક—
ધીરજલાલ ટી. શાહ.

— પાત્ર પરિચય —

સાગરપોતઃ પોતનપુર બંદરનો ધનાઢય વેપારી
સમુદ્રદત્તઃ સાગરપોતનો પુત્ર
સહદેવઃ સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળઃ સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહઃ ભ્રગુપુરનો રાજા
કુલપતિઃ સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મીઃ સમુદ્રદત્તની માતા
નંદયંતીઃ સમુદ્રદત્તની પત્ની
મનોરમાઃ સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિઃ સેવાશ્રમની સાધ્વી
ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

## પ્રવેશ ૪ થો.

(આશ્રમનો એક ભાગ)

સુમતિ૦ બેન, તમે ભુલી કેમ ગયાં? સેવા એ તો અમારૂં જીવન વ્રત છે.

નંદ૦ પણ મારા લીધે તમારા સ્વાધ્યાયમાં ખુબ અંતર પડયું.

સુમતિ૦ અરે બેન! સ્વાધ્યાય ને સેવા એ એકજ પ્રવૃત્તિનાં અંગ છે. અમે તેને ભિન્ન લેખતા નથી. તમે એવું મનમાં કેમ લાવો છે? એ પુત્રનું મોઢું જોઈ મને ખુબ આનંદ થાય છે.

નંદ૦ આર્યા! તમારા પવિત્ર વાતાવરણમાં ઉછેરવાનું મળે એ તો બાળકનાં અહોભાગ્ય ગણાય.

સુમતિ૦ બ્હેન, તમારા સંસ્કાર ઘણા ઉચ્ચ છે. બાળકને સહુથી વધારે સંસ્કાર માતાના પડે છે, પછી વાતાવરણના.

નંદ૦ ધન્ય છે આપની નમ્રતા. કયાં આશ્રમવાસી તમે ને ગૃહસ્થાશ્રમી હું! હવે મને કાંઇ કામ સુપ્રત કરો.

સુમતિ૦ તમને કયું કામ વધારે ગમે છે? રસોઇ વિભાગ, માંદાની માવજત, બાગની સ્વચ્છતા એ કામો ખાસ આપણા વિભાગમાં છે.

નંદ૦ બ્હેન, આશ્રમની રસોઇનું કામ હું સંભાળી લઇશ.
[ગીત શરૂ થાય છે.

સુમતિ૦ સાયંગીત શરૂ થયું જરા સાંભળો.

કાયા ઓ જીવન ધન શું ધરે!
કાયા ઓ જીવન ધન શું ધરે!
ચાદર દીપક એક ઘડુલો મહા મોંઘા મુજ પાસે
મુલ્ય ન આંકી શકે કો એનું કદી નહિ વિણાસે
મૃત્યુ ઓ! જીવન ધન હું ધરૂં.
કયાં છે ચાદર! કયાં છે દીપક! ઘડુલો કેવો બતાવો,
લેવા તત્પર થાય અમારૂં મન લેવા એ લ્હાવો.
કાયા ઓ જીવન ધન શું ધરે.
માનવ સેવાની મહા મોંઘી ચાદર અતિ ઉજ્વારી
જ્ઞાન દીપક અખંડ ઉદ્યોતે પ્રગટી રહ્યો છે ભારી
મૃત્યુ ઓ! જીવન ધન હું ધરૂં
વિશ્વતણા રસ દર્શન અમૃત પૂર્ણ ભર્યો ઘટ એ
ફોગટ ફાંફા હાહા મૃત્યુ કેમ મળે ઝુંટએ
મૃત્યુ ઓ! જીવન ધન હું ધરૂં

સુમતિ૦ નંદયંતી! ચાલ એ સંગીતમાં જોડાઇએ. ઉંડો આનંદ પ્રાપ્ત થશે. [બન્ને જાય છે.

## પ્રવેશ ૫ મો.

(વસ્ત્ર ફાટી ગયાં છે. દાઢી વધી છે, દુર્બલ શરીર)

સમુદ્ર૦ હા નંદયંતી! નંદયંતી! તું અત્યારે કયાં હોઇશ? અનેક જંગલ નદીનાળાં ને ગામ ફરી વળ્યો પણ કયાંઇ તારો પત્તો નથી! શું તું મૃત્યુના મુખમાં પડી ગઇ છું?

(આંખમાં આંસુ લાવે છે,)

અહા સહદેવ! તું પણ અત્યારે કયાં હોઇશ! મને એવું શું સુઝયું કે મેં તને એકલા જવાની રજા આપી!

(મુસાફરો સામા મળે છે.)

સમુદ્ર૦ અરે મુસાફરો! તમે કોઇએ મારી નંદયંતીને જોઇ?

એક મુ૦ નંદયંતી?

સમુદ્ર૦ હા એ સૌંદર્યમૂર્તિ સ્નેહપ્રતિમા નંદયંતી.

બીજો મુ૦ અરે! જવા દે, કોઇ પાગલ લાગે છે. ના ભાઇ ના અમને ખબર નથી.

(આગળ ચાલતાં બીજા મુસાફરો મળે છે.)

સમુદ્ર૦ ભલા મુસાફરો, આ માર્ગ કયાં જાય છે? આ રસ્તે તમે કોઈ સુંદરીને જતાં જોઇ? સ્વર્ગની અપ્સરા જેવું તેનું રૂપ હતું.

મુ૦ ભાઇ અમે કોઇ અપ્સરાએ નથી જોઇ ને કોઇ વનદેવીએ નથી જોઇ. આ સીધા માર્ગે જશો તો ભૃગુપુર પહોંચશો.

સમુદ્ર૦ શું કોઇને એની ખબર નહિં હોય! ત્યારે આ રસ્તે નહિં હોય. અહિં કયાંથી આવે? કયાં તે વિંધ્યાટવી! કયાં આ ભૃગુપુર! નંદયંતી! નંદયંતિ?

(કેટલીક સ્ત્રીઓ ગાતી ગાતી સામે આવે છે)

સખિ! આવ્યાં વસંતનાં વધામણાં રે
મારાં હઇડાં ફુલી ફુલી જાયરે — આવ્યાં.
થયાં ભૂરાં આકાશનાં આંગણાંરે
ત્યાં સોનેરી સાથીયા પૂરાય રે — આવ્યાં.
ખીલી જાઇ જુઇને વળી માલતી રે
ત્યાં ભમરા કરે ઝંકાર રે — આવ્યાં.
સખિ! ભર્યાં સરોવર શોભતાં રે
ત્યાં હંસ રહ્યાં હરખાય રે — આવ્યાં.
જ્યાં આવી વસંત ઉર ઉતરે રે
ત્યાં આનંદ પૂર રેલાય રે — આવ્યાં.

સમુદ્ર૦ આ અભાગી હૃદય! એના હૃદયમાં આનંદના

# 'શત્રુંજયનો શ્યામ' અને જૈન સમાજ.

જૈન સમાજે એટલે તેની આગેવાન સંસ્થાએ હવે લાંબો સમય પ્રમાદમાં રહેવું ઉચિત નથી. દિન ઉગ્યે તેના સામે જૈન ધર્મ સામે અને જૈન ધર્મના સાધુઓ સામે ઇર્ષાથી જેમના હૃદય અવરાઇ ગયા છે એવા જૈનેતર લેખકોના લેખ-પ્રહારો ચાલુજ હોય છે. આશ્ચર્ય જેવું તો એ છે કે જૈન ધર્મનાં સ્વરૂપથી સાવ અજ્ઞાનતા ધરાવનાર આ લેખકો પોતાના એ ટીકામય લખાણને ઐતિહાસિકતાનો સ્વાંગ સજાવતાં રંચ માત્ર લજ્જા ધરતા નથી. ભૂતકાળમાં આવા કૈંક પ્રસંગો આપણે અનુભવી ચુકયા છીએ; અને એ સામે આંદોલન કરવાથી કેટલાક સાક્ષરોને પોતાની કૃતિઓની નવી આવૃત્તિઓમાં સુધારણા કરવી પડી છે. આ લેખનો હેતુ પણ એ વાત પ્રતિ સમાજનું પુનઃ એકવાર લક્ષ્ય ખેંચવાનો છે.

'શત્રુંજયનો શ્યામ' એ 'ગુજરાતી' પત્રની ૪૯ મી ભેટ છે. એના લેખક જેઠાલાલ હરજીવન મહેતા પાલીતાણાના ઠાકોર સાહેબના આશ્રિત છે. એ ભાઇશ્રીએ નવલકથાકાર શ્રીયુત મુનશીનું અનુકરણ કરી, 'કાક'ની માફક 'જામ્બ' નામનું એક કલ્પિત પાત્ર ઉભું કરી મુનશીજીની માફક એના પર સર્વ પ્રકારના શૌર્ય કૌશલ્યનો કળશ ઢોળ્યો છે. 'ગુજરાતના નાથ' માં જેમ કાક. મહામંત્રી ઉદાયનને મહાત કરવાના પ્રયાસો સેવતો અને એમાં વિજય મેળવતો દેખાડ્યો છે તેમ અહીં પણ દ્વિજ મહાશય જામ્બને વણિક મંત્રી ધુંધલ સામે દાવ ફેંકતો અને અંતે વિજયશ્રી વરતો બતાવ્યો છે. વળી જૈનો સામે બળતા અંતરની આગ બુઝાવવા જૈન મંદિરમાં મોડી રાત્રે નવઘણને ગુહુંલીનો મેળાપ, યતિ શિવભૂતિને રાજ્ય ખટપટમાં ભાગ લેવા રૂપ પ્રસંગ અને જૈન યાત્રાળુઓના મુખે નવઘણની ભારોભાર પ્રશંસા જેવા સંબંધો કલ્પી કેવળ બાળિશતાનું અને "જૈન ધર્મ સંબંધી અજ્ઞાનતાનું પ્રદર્શન દાખવ્યું છે. એકવાર તો લેખક ભાઈશ્રી એટલી હદે ભાટાઇ કરવા લાગી ગયા છે કે તેઓ જૈન યાત્રાળુઓની પાસે નવઘણને જંગમ તીર્થ મનાવી વંદના કરાવે છે? જાણે સ્થાવર તીર્થ સિધ્ધાચળ યાને શત્રુંજય કરતાં પણ જૈનોને મન તેના ચોકીયાત યાને રખોપુ કરનાર નવઘણની મહત્તા વધુ ન હોય! શેખચલ્લીના તરંગોમાં નાચતા આ આશ્રિત લેખક લુણ અદા કરવા જતાં ગારિયાધરના ઠાકોરને શત્રુંજયના સ્વામી અને શ્રાવકોના જાણે દેવથી પણ અધિક પૂજા પાત્ર ન હોય એવા મહાન રાજવી તરિકે ઠોકી બેસાડવા યત્ન સેવે છે. તેમની આ મશ્કરીપૉલીશી ને આપબડાઈની લખાણ શૈલી વાંચતાંજ સમજુ હૃદયને આવી કથાને ઐતિહાસિક કહેતાં વિચાર થઇ પડે છે. જગત્ ગુરૂશ્રી હીરવિજયસૂરિનો ગ' નવઘણ સાથે મેળાપ અને કલ્પિત વાર્તાલાપ કરાવી એમાં સમ્રાટ અકબરની મજાક ઉરાડવાનો અને શત્રુંજય સંબંધી જૈન સમાજ પાસે મોજુદ દસ્તાવેજોને મામુલી કે અર્થશૂન્ય ગણવાનો જે પ્રયાસ સેવ્યો છે, એથી તો લેખક ભાઇશ્રીની બુદ્ધિમત્તા પર પક્ષાંધતા અને અસૂયાનું કેવું ગાઢ આચ્છાદન થયેલું છે તેનો સાચો ખ્યાલ આવે છે. એ સંવાદ વાંચતાંજ અંતરના ભાવ જણાઇ આવે છે. જૈન સમાજના એ હકપત્રો આંખમાં કણા માફક કેવા ખુચે છે તેનો એ પરથી તાગ નિકળે છે અને એને કોડીના બનાવવા માટે કેવા ધુમાડાના બાચકા ભરી એ મહાશયે આમતેમ ફાંફાં મારી અંકોડા જોડવા વેઠેલા પરિશ્રમનું દિગ્દર્શન થાય છે. આ સંબધે 'જૈન' પત્રમાં વિસ્તૃત સમાલોચના એક લેખક તરફથી થયેલી હોવાથી જિજ્ઞાસુને ઉકત ચોપડીના પાના ૪૩, ૧૧૪-૧૧૫, ૨૦૦ તથા ૨૦૧ વાંચવા ભલામણ છે.

આથી પણ વધારે કડવી ઠેકડી કરતું એક નાટક અમદાવાદમાં પ્રગટ થયું છે; એમાં જૈન ધર્મ ઉપર સખત ને ઘૃણાજનક પ્રહારો કરાયેલા છે.

આ બધા માટે કોન્ફરન્સને કાયદાની કોરટમાં જવાની કે વારંવાર સમાજે વિરોધો કરવાની સલાહ વ્યાજબી નજ લેખાય. તેથી લેખકોની વાણી કે કલમ પર અંકુશ નજ મુકી શકાય. વળી સ્વતંત્ર વિચારણાના આ યુગમાં એવો પ્રયત્ન શોભે પણ નહિ. મારી સમજથી આપણી જૈન મહાસભા (કોન્ફરન્સ) સાહિત્ય ઇતિહાસ અને ધર્મ સંબંધી વિષયોમાં નિષ્ણાત લેખકોની એક સમિતિ નિયુકત કરે જે આવી રીતે પ્રગટ થતા સાહિત્યને સાદ્યંત વાંચી જઇ, એ ઉપર મધ્યસ્થ બુદ્ધિથી સમાલોચના કરી, જાહેર પત્રોમાં અને જરૂર જણાતા ન્હાના પેમ્ફલેટોમાં પ્રસિદ્ધ કરે, એથી જનતાને સત્યાસત્યની તુલના કરવાનું સુલભ થઇ પડે. હળદરના ગાંઠીએ ગાંધી બની બેઠેલા લેખકોની ઇંદ્રજાળ ઉઘાડી પડે અને ઇતિહાસને નામે ખોટી ભ્રમજાળ ન પ્રસરે.

સમાજ અને એના અગ્રણીઓ અવશ્ય આ વાત વિચારે.

લેખકઃ—ચોકસી.

---

ઉભરાનો બદલે છાંટો પણ નથી. આ મહીલાઓ પાસે આવી પહોંચી.

(સ્ત્રીઓ આવે છે.)

સમુદ્ર૦ બ્હેનો! શહેર કેટલું દૂર છે! તમે અહિં કોઇ વનદેવી જેવી સ્ત્રીને આવેલી જોઇ?

એક સ્ત્રી૦ ભાઈ, શહેર તો જરા દૂર છે. પણ આ સેવાશ્રમ પાસે છે, ત્યાં જાઓ તમને આરામ ને ભોજન બન્ને મળશે.

સમુદ્રદત્ત લથડતાં પગલે જાય છે.

સેવાશ્રમ આગળ પહોંચતાં ભૂખ ને થાકથી બેભાન થઇ નીચે પડી જાય છે. (ચાલુ)


## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂા. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂા. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂા. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂા. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂા. ૧-૮-૦ |
| જૈન ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂા. ૫-૦-૦ |
| ,, ,, ,, ભાગ બીજો | રૂા. ૩-૦-૦ |

લખોઃ-શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.

# જૈન પ્રાચીન ઇતિહાસ.

એક મહાનિબંધ જૈન પ્રાચીન ઇતિહાસ પર શોધ-ખોળથી પ્રકાશ (સર્ચલાઇટ) ફેંકતો હમણાં પ્રકટ થયો છે, અને તેનું નામ **વીર નિર્વાણ સંવત ઔર જૈન કાલ-ગણના** છે. લેખક મુનિ કલ્યાણવિજય છે અને તેનું મૂલ્ય રૂા. ૧ (પ્ર. ક. વિ. શાસ્ત્ર સમિતિ જાલોર પ્રાપ્તિસ્થાન શાહ કસ્તુરચંદ થાનમલ, વિઠ્ઠલવાડી મુંબઇ નં. ૨) તેની સમાલોચના કરીશું.

મુનિ કલ્યાણવિજયે શ્રીમન્મહાવીર પ્રભુનું ચરિત્ર લખવાનું શરૂ કર્યું અને તે માટે તેમણે અનેક સામગ્રી એકઠી કરી જૂદાં જૂદાં પ્રકરણો લખવાનું ચાલુ રાખ્યું." તેમાં શ્રી મહાવીર પ્રભુનો કાલ, તેમનું નિર્વાણ અને ત્યારથી ચાલેલો નિર્વાણ સંવત્ અને તે પછી થયેલા સ્થવિરો, રાજાઓ વગેરે સર્વપર પોતાને દૃષ્ટિ દોડાવવી પડી. ઐતિહાસિક દૃષ્ટિએ સર્વ વસ્તુનો વિચાર કરતાં અને દરેક બાબતનાં પુષ્ટિ પ્રમાણો એકત્ર કરતાં તે એટલું બધું થઇ ગયું કે મૂલ પ્રભુનું ચરિત્ર કરતાં આ સામગ્રી ઘણી વધી ગઈ. ચરિત્ર એક બાજુ રાખી આ સામગ્રીનું પ્રકાશન ઇતિહાસ-ગવેષકોને માટે અત્યંત ઉપયોગી થશે માટે તે પર લક્ષ રાખી તેને રા. બ. ગૌરીશંકર ઓઝાથી સંપાદિત થતા પ્રસિદ્ધ ઇતિહાસ તત્વ વિષયક હિંદી ત્રિમાસિક 'નાગરી પ્રચારિણી પત્રિકા'માં પ્રકટ કરવાની પંડિત સુખલાલજીએ ભલામણ કરી. તેથી તે સામગ્રીવાળો લેખ તે પત્રિકામાં મોકલાયો ને તેના ભાગ ૧૦-૪ માં પ્રકટ થયો. તે પ્રકટ થયા પછી હિમવંત થેરાવલી પરથી ખારવેલ રાજા આદિ સંબંધી પંડિત હીરાલાલ હંસરાજે અંચલગચ્છની મોટી પટ્ટાવલીમાં ગુજરાતી અનુવાદ કરીને જે છપાવેલું તે પરથી કાલગણના પર જૂદી ત્રીજી દિશાનો પ્રકાશ પડ્યો, તે જૂદા લેખમાં મૂકી મુનિશ્રીએ તેજ ત્રિમાસિકના ૧૧ મા ભાગના પહેલા અંકમાં પ્રકટ કરાવ્યો. આ બંને લેખો એક પુસ્તક આકારમાં તે પત્રિકાના સંચાલકના સૌજન્યથી છપાવી કઢાવ્યા છે, તેથી વિશેષ સગવડતા થઇ છે.

આ બંને લેખો શ્રીમહાવીર પ્રભુ પછીના જૈન-ઇતિહાસ પર અપૂર્વ અને ગવેષક દૃષ્ટિથી ભારે પ્રકાશ ફેંકવા માટે મુનિશ્રી કલ્યાણવિજયને અત્યંત ધન્યવાદ ઘટે છે અને તે પરથી સૂક્ષ્મ ઐતિહાસિક બુધ્ધિ, તોલનશક્તિ, સત્ય ન્યાયાન્વેષણ, અભિનિવેશ-રહિતતા, નિરહંકાર, અને રાગદૃષ્ટિનો અભાવ કે જે એક સાચા ઇતિહાસકારમાં અવશ્ય અપેક્ષિત ગુણો છે તે ગુણો મુનિશ્રીમાં પદે પદે ઝળકી ઉઠ્યા છે એ સ્વીકારતાં અમને તેમના પ્રત્યે અત્યંત માન, આદર ઉપરાંત સાનંદાશ્ચર્ય ઉત્પન્ન થાય છે. ઇતિહાસ એ કંઇ બાબા વાક્યં પ્રમાણં નથી; પ્રબંધ આદિમાં જે કંઇ શ્રુતપરંપરાથી અને દંતકથાના મિશ્રણવાળું લખ્યું હોય તે સર્વ સત્ય તરીકે સ્વીકારી ન શકાય; જ્યાં જ્યાં વિરોધ આવતા હોય ત્યાં ત્યાં તે વિરોધને દાબી દઇ અવિરોધ છે યા 'કેવલીગમ્યં' છે એમ કહી તેનું પોષણ કર્યે જેવું એ ઇતિહાસદૃષ્ટિ નથી, પરંતુ જે જે વિરોધો આવે તેનો ન્યાયબુધ્ધિથી નિર્ણય કરી તેમાંથી સત્ય હકીકતો તારવવી એ ખરા ઇતિહાસકારનું લક્ષણ છે. ઉક્ત પૂજ્ય મુનિમહારાજશ્રી તેવા ઇતિહાસકાર તરીકે નિવડ્યા છે, એમ છાતી ઠોકી કહેવામાં જરા અતિશયોક્તિ નથી. અમે તેમની પાસે અમારૂં શીર્ષ નમાવીએ છીએ.

અત્યાર સુધીમાં બ્રાહ્મણ અને બૌદ્ધ ગ્રંથો પરથી કાલ ગણનાનો ખ્યાલ પાશ્ચિમાત્ય અને પૌર્વાત્ય વિદ્વાનોએ ઘણી મહેનત કરીને આપ્યો છે, પણ જૈન ગ્રંથો પરથી એવો ખ્યાલ વિશેષ કરી નથી અપાયો, તેનું કારણ આપણા જૈનોના પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથોનું પ્રકાશન લગભગ હમણાંજ થતું આવે છે અને જેટલું થયું છે તેના કરતાં હજુ વિશેષ બહાર પાડવાનું રહે છે. દાખલા તરીકે મૂલ આગમો વધુ અર્વાચીન ટીકા સાથે હમણાં બહાર પડયાં, પરંતુ તેમાં પણ 'છેદ સૂત્રો' નામથી ઓળખાતાં આગમો બહાર પડયા નથી, તેમજ ટીકામાં જે પ્રાચીન પ્રાકૃત ટીકાઓ-ચૂર્ણિઓ છે તે બહાર પડી નથી. મુનિશ્રીએ ચૂર્ણિઓ પૈકી આવશ્યક, કલ્પ, નિશીથ, પંચકલ્પ અને વ્યવહાર સૂત્રો પરની ચૂર્ણિઓ અવગાહી તેમાંથી અનેક ઐતિહાસિક તત્વો બહાર કાઢયાં છે. આ ચૂર્ણિઓ, છેદસૂત્રો તેમજ પયન્નાઓ વગેરે જે જે અપ્રકટ છે તે હવે પ્રકટ કરવામાં વિલંબ ન થવો ઘટે. તેમના પરથી ઐતિહાસિક પ્રાચીન વ્યક્તિઓ સંબંધી વિશેષ પ્રકાશ પડી તે સર્વેને ઇતિહાસની શૃંખલામાં બાંધી ક્રમબદ્ધ ઇતિહાસ રચી શકાય તેમ છે, એટલુંજ નહિ પણ આખા જૈન દર્શનના વિકાસ અને પરિવર્તનનો ઇતિહાસ પણ રચી શકાશે.

શ્રીમાન મહાવીર પ્રભુના નિર્વાણ પછી તેમની પાટે થયેલા સુધર્મા સ્વામીથી તે વજ્ર સ્વામી સુધીનાં વૃત્તાંતો શ્રી હેમચંદ્ર આચાર્યે પરિશિષ્ટ પર્વમાં શ્લોકબદ્ધ કર્યાં છે, કે જેનું મૂળ ચૂર્ણિઓ આદિમાંથી મળે છે. તેઓનાં ચરિત્રો સિવાય દેવર્દ્ધિગણિએ આગમોને લિપિબદ્ધ કર્યાં ત્યાં સુધીનો ઇતિહાસ લગભગ અંધકારમાં હતો. આ અંધકાર આગમો પરની ચૂર્ણિઓ વગેરે અપ્રકટ સાહિત્ય પરથી મુનીશ્રી કલ્યાણવિજયજીએ દૂર કર્યો છે, તે માટે તેમની જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. હજુ પણ કાલગણનાના વિષય સિવાય શ્રી સુધર્મા આદિનાં ચરિત્રો પર પણ જે પ્રકાશ ફેંકી શકાય તેમ હતો તે પણ ટુંકામાં તે મુનિશ્રીએ પ્રભાવક ચરિત્ર ગૂજરાતી ભાષાંતર ભાવનગરની જૈન આત્માનંદ સભાએ પ્રકટ કરેલ છે તેની પ્રસ્તાવના તરીકે 'પ્રબંધપર્યાલોચન' લખી પાડયો છે. કે જે સંબંધી તેની સમાલોચના કરતાં વિશેષ લખવામાં આવશે.

જે જે વિધાનો ઇતિહાસનાં પ્રમાણોથી પુષ્ટ કરી મુનિશ્રીએ કર્યાં છે તે ઘણાં અગત્યનાં છે તેમાં ખાસ ઉલ્લેખનીય વિધાનો એ છે કેઃ—(૧) શ્રી મહાવીર શ્રી બુદ્ધના નિર્વાણ પછી ૧૪ વર્ષ અને સાડા પાંચ માસ પછી નિર્વાણ પામ્યા. (૨) શ્રેણિક પછી તેનો પુત્ર કોણિક-અજાત શત્રુ અંત સુધી મહાવીર પ્રભુનો અનુયાયી હતો, પછી ઉદાયી પણ પરમ જૈન હતો. ઉદાયીનો ઉત્તરાધિકારી નંદ અને તેનો મંત્રી વંશ પણ જૈન હતા, મૌર્ય રાજા પણ જૈન ધર્મના પોષક અને કેટલાક તો ચુસ્ત જૈન હતા. આ પરિસ્થિતિમાં બૌદ્ધ અને પૌરાણિક ગણનાઓની અપેક્ષાએ જૈન કાલગણના ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે. જૈનોમાં કાલગણનાની બે પદ્ધતિ નામે પહેલી પ્રસિદ્ધ રાજાઓના રાજત્વ કાલની અને બીજી સ્થવિરોના યુગ પ્રધાનત્વ-કાલની ગણના જણાય છે, ને તેનો પ્રારંભ ભગવાન મહાવીરના નિર્વાણકાલથી થાય છે. તેમાં રાજત્વ કાલગણનામાં તિત્થોગાલી અનુસાર પાલકનાં ૬૦ વર્ષ ગયા. એટલે મગધના

ઉદાયીનું મરણ થયું ને નંદનું રાજ્ય થયું, નવ નંદોનાં ૧૫૦, મૌર્યોનાં ૧૬૦, પુષ્યમિત્રનાં ૩૫, બલમિત્ર ભાનુમિત્રનાં ૬૦, નભઃસેનનાં ૪૦ અને ગર્દભિલ્લોનાં ૧૦૦ વર્ષ ગયા પછી એટલે વીર નિર્વાણથી ૬૦૫ ને ૫ માસ વીત્યા પછી શકોનું શાસન થયું. આ પૈકી પુષ્યમિત્રે સેનાની હોઈ છેલ્લા મૌર્ય રાજા બૃહદ્રથને મારી રાજ્ય લીધું, પોતે તે ચુસ્ત વૈદિક ધર્મી હોઇ બૌદ્ધો અને જૈનો પર તેણે બહુ જુલમ કર્યો જ્યાં જ્યાં કલ્કીના અત્યાચારોનો ઉલ્લેખ જૈન સાહિત્યમાં છે તે કલ્કી તે પુષ્યમિત્ર. તેના મગધ પર કલિંગ દેશના જૈન રાજા ખારવેલે બે વખત ચડાઇ કરી યોગ્ય શિક્ષા કરી હતી, પછી ખારવેલનો દેહાંત થયો, એટલે પુષ્યમિત્રે નિરંકુશ બની શ્રમણોપર ત્રાસ વર્તાવ્યો. સાધુ પર કર લેવા માંડયો આથી શ્રી મહાવીરના ધર્મપ્રચારની ક્રીડાભૂમિ મગધમાંથી હજારો જૈન સાધુઓને નીકળી અન્ય સ્થળે વિચરવું પડયું. જોકે આની પહેલાં મૌર્ય સંપ્રતિના સમયથી મધ્ય અને પશ્ચિમ હિંદમાં જૈન શ્રમણોનો જમાવ થવા લાગ્યો હતો, છતાં પુષ્યમિત્રથી મગધમાં જૈન શ્રમણોને રહેવું ભારે થઇ પડયું ને ઘણાંને તેની બહાર જવું પડયું.

પુષ્યમિત્રના છેલ્લા વર્ષની સાથે ભરૂચમાં જૈન રાજા બલમિત્રનો રાજ્યાભિષેક થયો, બલમિત્ર–ભાનુમિત્રના અમલના ૪૭ મા વર્ષ આસપાસ ઉજ્જયિનીના ગર્દભિલ્લ વંશના રાજા દર્પણે જૈનાચાર્ય કાલકસૂરિની બહેન સાધ્વી સરસ્વતીનું હરણ કર્યું ને કાલકસૂરિના ભાણેજ બલમિત્ર–ભાનુમિત્ર થતા હતા છતાં તેઓ દર્પણ સામે કંઇ કરી શકે તેમ ન હોવાથી કાલકસૂરિએ પરદેશ પારિસકુલ જઇ ત્યાંના શકવંશ્ય શાહની મદદ લઇ તેમને હિંદ લાવી બલમિત્ર–ભાનુમિત્ર સંગાથે લઇ લડાઇ કરાવી ગર્દભિલ્લ રાજાને પદચ્યુત કરાવ્યો ને ત્યાં ૪ વર્ષ શકોનો અધિકાર રહ્યો પછી બલમિત્ર—ભાનુમિત્રે ઉજ્જયિની પર અધિકાર મેળવ્યો ને ૮ વર્ષ રાજ્ય કર્યું. આમ ભરૂચમાં ૫૨ વર્ષ ને ઉજ્જેણીમાં આઠ એમ કુલ ૬૦ વર્ષ રાજ્ય કર્યા પછી (વીરાત્ ૪૬૫) જૈનોનો બલમિત્ર પાછળથી વિક્રમાદિત્ય નામથી પ્રસિદ્ધ થયો. ત્યારપછી નભઃસેન ઉજ્જેણીની ગાદી પર આવ્યો, તેના પાંચમા વર્ષમાં શકોએ ફરી માલવા પર હલ્લો કર્યો, પણ તેઓ હાર્યા ને તેની યાદગીરીમાં માલવ પ્રજાએ 'માલવ સંવત્' નામનો સંવત્સર ચલાવ્યો કે જે પછીથી 'વિક્રમ સંવત!' નામથી પ્રસિદ્ધ થયો. (વીરાત્ ૪૭૦). તેણે ૩૫ વર્ષ વધુ રાજ્ય કર્યું ને પછી ગર્દભિલ્લીય રાજ્ય વંશની સત્તા એકસો વર્ષ રહી. (વીરાત્ ૬૦૫ સુધી). પછી વળી શકોએ આક્રમણ કર્યું અને આ વખતે તેમણે જીત મેળવી ગર્દભિલ્લ વંશનો અંત આણ્યો. આ વિજયના સ્મારક અર્થે એક સવંત ચલાવ્યો કે જે શક સવંત અથવા શાલિવાહન શાક નામથી પ્રચલિત થયો.

હવે બીજી યુગપ્રધાનત્વ કાલગણનાની પદ્ધતિ લેતાં વીરાત્ ૬૦૫ વર્ષમાં ક્રમશઃ સંઘસ્થવિરો ૨૦ થયા કે જેમના ગૃહસ્થાશ્રમ, શ્રમણત્વ, યુગપ્રધાનત્વ, સ્વર્ગવાસનું નિરૂપણ 'સ્થવિરાવલી' અથવા યુગપ્રધાન પટ્ટાવલીમાં કરેલું છે. વીર પછી ૨૦ વર્ષ સુધર્મા, ૪૪ જંબૂ, ૧૧ પ્રભવ, ૨૩ શય્યંભવ, ૫૦ યશોભદ્ર, ૮ સંભૂતિવિજય, ૧૪ ભદ્રબાહુ, ૪૫ સ્થૂલભદ્ર એટલા અનુક્રમે વર્ષો સુધી યુગપ્રધાન પદ પર રહ્યા. કુલ વીરાત્ ૨૧૫ વર્ષ એ રીતે થયાં. પછી આર્ય મહાગિરિ ૩૦, આર્ય સુહસ્તી ૪૬ અને ગુણસુંદર ૪૪ વર્ષ સુધી, તે પછી નિગોદના વ્યાખ્યાતા કાલકાચાર્ય ૪૧ વર્ષ, સાંડિલ્ય ૩૮ વર્ષ, રેવતીમિત્ર ૩૬, આર્યમંગુ ૨૦ વર્ષ સુધી યુગપ્રધાન રહ્યા. આથી વીરાત્ ૪૭૦ થયા. (આની વચમાં ગર્દભિલ્લ વંશના ઉચ્છેદક કાલકાચાર્ય વીરાત્ ૪૫૩ માં થયા). પછી **આર્ય ધર્મ ૨૪, ભદ્રગુપ્ત ૩૯, શ્રીગુપ્ત ૧૫.** અને વજ્ર ૩૬ વર્ષ યુગપ્રધાન હતા, એટલે કુલ વીરાત્ ૫૮૪ સુધી એ રીતે આવ્યા. વજ્ર પછી **આર્ય** રક્ષિત ૧૩ અને પુષ્યમિત્ર ૨૦ વર્ષ યુગપ્રધાન પદ પર રહ્યા, અને તેમ વીર નિર્વાણથી ૬૦૫ વર્ષ વીત્યે શક સંવત્સરની ઉત્પત્તિ થઇ. હવે પછી વિશેષ વિધાનો અને માહિતી સંબંધી દિગ્દર્શન કરીશું.

—**મોહનલાલ દ. દેશાઈ.**

# શ્રી મહાવીર જયંતી ઉત્સવ.

મુંબઇમાં શ્રી મહાવીર જનમોત્સવ ઉજવવા માટે શ્રી જૈન યુવક પરિષદ તરફથી એક મેળાવડો સોમવારે સહવારે હીરાબાગ લેકચર હોલમાં કરવામાં આવ્યો હતો, જે વેળાએ જૈન નરનારીઓની સારી સંખ્યાએ હાજરી આપી હતી. આખો હોલ સ્ત્રી પુરૂષોથી ચીકાર ભરાઇ ગયો હતો.

## પ્રમુખનું ભાષણ.

દી. બા. કૃષ્ણલાલ ઝવેરીએ પ્રમુખપદ લઇ જણાવ્યું કે આજે આપણે સઉ જૈનો અને જૈનેતરો મહાવીર સ્વામીનો જનમોત્સવ ઉજવવા ભેગા મળ્યા છીએ. મહાવીર સ્વામી હિંદુસ્તાનના તો શુ પણ દુનીયાના મોટામાં મોટા આચાર્યોમાંના એક હતા. તેમનો પ્રાદુર્ભાવ લગભગ ૨૫૦૦ વરષ પર થયો હતો. તેઓશ્રીની તવારીખી હકીકત જૈનોને કહેવાની હોય નહી, પરંતુ આજે આપણે જનમોત્સવ ઉજવવા મળ્યા છીએ, એટલે જે વ્યક્તીના જનમોત્સવ આપણે પાળવા ભેગા થયા હોઇએ તેમના ગુણદોષ જાણીને તેમના સદગુણો જીવનમાં ઉતારી તે પ્રમાણે ચાલવાનું રહ્યું અને તેમ કરીએ તો જન્મોત્સવ ઉજવ્યો કહેવાય. મહાવીર સ્વામી મહાન તપસ્વી થઇ ગયા. તેમણે તે વખતનો હિંદુસ્તાનનો સમાજ કઇ રીતે સુધરે તે વીષે વીચાર કરી કંઇક યોજના ઘડી કહાડેલી હોવી જોઇએ.

મહાવીર સ્વામીને થઇ ગયાને લગભગ બઠી હજાર વર્ષ થયાં છે. તે વખતે પશુમેધ સામે તેમણે બળવો જગાડી આ ધર્મ સ્થાપ્યો હતો. તેઓ તપ અને સયંમના ઉપાસી હતા અને તેમણે પ્રચારેલા સીદ્ધાંતો બીજા ધરમોં, હિંદુ–પારસી વગેરેમાં પણ નજરે પડે છે. આજના પ્રસંગે ખુશાલીભરી બીના એ છે કે જૈનોમા પડેલા ત્રણ ફીરકાઓ સાથે મળીને આ જયંતી ઉજવે છે. પહેલાં જ્યારે બે ભાઇઓ મારી પાસે આ મેળાવડાનું પ્રમુખપદ લેવા માટે કહેવા આવ્યા, ત્યારે મેં તેમને જણાવ્યું કે અત્યારની જૈન સમાજની હાલત છિન્નભિન છે, તેમાં ભાગલાઓ છે અને અત્યારે તો ખુદ મહાવીર સ્વામી પણ હોય તો તે પણ આ સ્થિતી જોઇ દુખી થાય. એટલે જો જૈન બધા ભેગા મળીને આ ઉત્સવ ઉજવે તો કંઇક સાર્થક કહેવાય. આ પછી જૈનોના ત્રણે ફીરકા ભેગા મલી આ ઉત્સવ ઉજવે છે તેથી મને આનંદ થાય છે.

### શ્રી મોહનલાલ દેશાઇ.

શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇએ જણાવ્યું કે આજે આપણે જે પ્રભુનો જનમોત્સવ ઉજવવા ભેગા થયા છીએ તેઓશ્રીનો ઉપદેશ શાંતી જાળવવાનો છે. આ શાંતીના ઉપદેશકના ધર્મમાં આજે કલેશનાં બી વવાયાં છે. હજીયે જો આપણે પ્રભુ મહાવીરનો ઉપદેશ જીવનમાં ઉતારીએ તો કંઇક ઉન્નતી કરી શકીએ, પ્રભુ મહાવીરનો સીદ્ધાંત 'અહીંસા પરમો ધર્મનો છે. તેમનો આ સીદ્ધાંત પોતાના જીવનમાં ઉતારનારા આજે મહાત્મા ગાંધીજી છે (તાળીઓ) તેમને પણ જૈન સમાજે પોતાના પરમ ઉદ્ધારક અને મહાવીર પ્રભુના સીદ્ધાંતને અડગ રીતે જીવનમાં ઉતારનારા તરીકે સ્વીકારી લઇ તેમના સીધ્ધાંતો અને ઉપદેશો અમલમાં મેલવા જોઇએ.

આગળ ચાલતાં વકતાએ જૈન સમાજમાં વ્યાયામ, કેલવણી વગેરેના પ્રચારની ખુદ મહાવીર પ્રભુએ હીમાયત કર્યાનું જણાવીને તે પ્રમાણે અનુસરી મહાવીર પ્રભુના જીવનમાંના સંયમને અનુસરવા આગ્રહ કર્યો હતો, જૈન સાધુ અને સાધ્વીઓએ કલહવાળી જગ્યાએ ન રહેતાં ત્યાં શાંતી સલાહ સ્થાપવાની કોશેષ કરવી જોઇએ. મહાવીર પ્રભુએ મગધ દેશમાં જન્મ લઇ સઘળા દેશોમાં ફરી સંકટો અને મુસીબતો વેઠીને પોતાના સીધ્ધાંતનો ઉપદેશ આપ્યો હતો. આજનાં સાધુ–સાધવીઓએ તેમનું અનુકરણ કરવું જરૂરનું છે અને તેમ થાય તો તેઓ મહાવીર પ્રભુનો વીજયડંકો વગડાવી શકે તેમ છે. જૈનો–શ્વેતાંબર, દીગંબર અને સ્થાનકવાસીઓમાં ઝઘડાઓ ટળી જવા જોઇએ.

### પંડીત સુખલાલજી.

પંડીત સુખલાલજીએ જણાવ્યું કે હીંદમાં નરપુજા–માનવપુજા–રામ, કૃષ્ણ, બુધ અને મહાવીરથી શરૂ થઇ છે. આ ચારે ક્ષત્રીય વંશનાં છે. અર્વાચીન કાળમાં સ્વામી દયાનંદ અને મહાત્મા ગાંધી એ બેને બાદ કરીએ તો ધર્મના પ્રચારકો બધા ક્ષત્રીયો હતા. જ્યારે બુધ અને મહાવીરની મનુષ્ય તરીકેની પુજા થવા લાગી, ત્યારે બ્રાહ્મણ સંસ્કૃતિમાં દેવોની મુર્તિની પૂજા દાખલ થઇ હતી. બુધ અને મહાવીરે ધર્મ કાર્યમાં પણ અહીંસા જાળવવાને ઉપદેશ આપ્યો હતો. તેમજ સ્ત્રી અને શુદ્ર યોગ્ય હોય તો ઉંચ બની શકે છે તે સીધ્ધાંતનો પ્રચાર કર્યો હતો. બુધ અને મહાવીર સમકાલીન હતા. અને તેઓ બંને બ્રાહ્મણ સંસ્કૃતિની સામે હોવા છતાં તેમના આચાર વિચાર વિષે મતભેદો હતા.

વધુમાં તેમણે જણાવ્યું કે જ્ઞાન અને ધ્યાનની સાથે જે ઉપવાસ કરાય તેજ ખરૂં તપ કહેવાય. ભગવાન મહાવીર પોતાના જીવનમાં કડક જીવન ગાળીને પોતાના સીદ્ધાંતને ગમે તેટલું કષ્ટ ભોગવીને પણ મજબુત રીતે વળગી રહ્યા હતા આપણે મહાવીર સ્વામીના જીવનને સમજીને આપણા જીવનમાં ઉતારવો જોઇયે. શ્વેતાંબર અને દીગંબર બંને મારે મન તો સરખાજ છે. એટલુંજ કહી હું મારૂં બોલવું પુરૂં કરીશ, તે પછી પંડિત દરબારીલાલજી અને શ્રી બી. એન. મૈશરીએ પ્રસંગોચિત વિવેચનો કર્યા હતા.

બાદ મેળાવડો વિસર્જન થયો હતો. (મળેલું)

---

## ટુંકા પંથ.

(પાને ૧૮૩ થી ચાલુ)

(લેખક—પ્રભાશંકર અભેચંદ, જેતલસર.)

### ૩ ત્યાગ.

**ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;**
**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.**

જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યદિ સાધનો ઉત્પન્ન થયા ન હોય તેને જ્ઞાન ન થાય. વૈરાગ્યની સાથે જે ત્યાગને અટકાવે છે તેને આત્મજ્ઞાન થાય નહિ અને પોતાનું ભાન ભુલી જાય અર્થાત અજ્ઞાન પૂર્વક ત્યાગ વૈરાગ્યાદિ હોવાથી તે પૂજા સત્કારાદિથી પરાભવ પામે અને આત્માર્થ ચૂકી જાય,

જ્ઞાની પુરૂષોએ વારંવાર આરંભ પરિગ્રહના ત્યાગનું ઉત્કૃષ્ટપણું કહ્યું છે અને ફરી ફરીને તે ત્યાગનો ઉપદેશ કર્યો છે અને પોતે પણ એમ વર્ત્યા છે માટે મુમુક્ષુ પુરૂષને અવશ્ય કરી તેની સંક્ષેપવૃતિ જોઇએ એમાં સંદેહ નથી.

આરંભ પરિગ્રહનો ત્યાગ કયા કયા પ્રતિબંધથી જીવ ન કરી શકે અને તે પ્રતિબંધ કયા પ્રકારે ટાળી શકાય એ પ્રકારે મુમુક્ષુ જીવે પોતાથી વિચારી કંઇ પણ તથારૂપ ફળ આણવું ઘટે જો તેમ કરવામાં ન આવે તો તે જીવને મુમુક્ષુતા નથી એમ પ્રાયે કહી શકાય.

ઘણાં જીવોએ સુત્રસિદ્ધાંત મુખપાઠ કરી ઘણું જ્ઞાન મેળવેલું હોય છે પરંતુ તેમાંના ઘણાંને ત્યાગવૃતિ હોતી નથી રાત્રી ભોજન કે કંદમુળ વિગેરે અભક્ષનો પણ ત્યાગ હોતો જણાતો નથી આવા જીવે પોતાના ચિત્તમાં વિશેષ વિચાર અંકુર ઉત્પન્ન કરી જ્ઞાન મેળવવાનું કારણ શોધવું ઘટે.

આરંભ, પરિગ્રહ અસત્સંગ આદિ કલ્યાણને પ્રતિબંધ કરનારા કારણોના જેમ બને તેમ ઓછા પરિચયી થવું તે ઉદાસીનતા (વૈરાગ્ય) પ્રાપ્તિનું પરમ સાધન છે. ત્યાગ વિના ધર્મની વિશેષતા સંભવતીજ નથી

ત્યાગ બે પ્રકારના—બાહ્ય અને આભ્યંતર.

બાહ્ય ત્યાગ એટલે વેશ—લોક દ્રષ્ટિએ ત્યાગ.

આભ્યંતર એટલે અંતરની આકુળતા વ્યાકુળતા મટી જવી. રાગ દ્વેષથી મુકાવુ, અંતરંગ મોહગ્રંથીનું છેદાવું, જીતેંન્દ્રિય થવું, પોતાના દોષને ટાળવા આનું નામ આભ્યંતર ત્યાગ.

આ બન્ને વિના કોઇ કાળે આત્માનું શ્રેય નથી. બાહ્યત્યાગ વિના આભ્યંતર ત્યાગ બની શકતો નથી. આભ્યંતર ત્યાગ વિના બાહ્યત્યાગ નકામો છે કારણઃ—

**ઘર ત્યાગા તો કયા હુઆ, તજ્યો ન માયા સંગ;**
**સર્પ તજે જ્યું કાંચરી, ઝેર તજ્યો ન અંગ.**

માટે અંદરનું ઝેર ગયા વિના બહારનો ત્યાગ નકામો છે. સો ઉપવાસ કરે, પણ જ્યાં સુધી માંહીથી ખરેખરા દોષ જાય નહિ ત્યાં સુધી ફળ થાય નહિ. નરસિંહ મહેતો કહે છે અનાદિકાળથી આમને આમ ચાલતા કાળ ગયો પણ નીવેડો આવ્યો નહિં કારણઃ—

**સેવાને પ્રતિકુળ જે, તે બંધન નથી ત્યાગ;**
**દેહેંદ્રિય માને નહિ, કરે બાંહ્યપર રાગ.**

ટુંકામાં, અનુભવ જ્ઞાનથી જે નીવેડો થાય છે તે શાસ્ત્રાદિકના જ્ઞાનથી થતો નથી. માટે દંભ તજી દરેક પ્રવૃતિ કરવી અને પોતે પોતાના પરિચયી થવું કે જેથી ત્યાગના ખરા પંથે પડી શકાય.

---

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGH'

Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું.

તા. ૧૫ મી મે ૧૯૩૨.

અંક ૧૦ મો.

# વિ...વિ...ધ.......વ...ર્ત...મા...ન.

<u>કાર્યવાહી સમિતિ</u>—કૉન્ફરન્સની કા. સમિતિની એક સભા તા. ૧૨-૫-૩૨ ના રોજ રાતના સંસ્થાની ઓફીસમાં શ્રી **સાકરચંદ** એમ. ઘડીયાલીના પ્રમુખપણા નીચે મળી હતી. સદ્દગત શેઠ **સારાભાઇ** મગનભાઇ મોદીના ખેદજનક અવસાન બદલ નિમ્ન લિખિત ઠરાવ પાસ થયો હતો:—

"કૉન્ફરન્સની સ્ટેન્ડિંગ કમિટીના એક ઉત્સાહી સભ્ય અને જૈન કોમની વ્યવહારિક અને ધાર્મિક કેળવણી માટે તન, મન, ધનથી ભોગ આપનાર આગેવાન શેઠ સારાભાઇ મગનભાઇ મોદીના એકાએક થયેલા અવસાનથી સમાજને ઘણી ખોટ પડી છે તેની સખેદ નોંધ લેતાં મર્હુમના આત્માને શાંતિ ઇચ્છે છે અને તેઓના કુટુંબીઓ પ્રત્યે આજની સભા સહાનુભૂતિ પ્રકટ કરે છે."

અન્ય કારોબારી કાર્ય સંબંધે વિચાર થયા પછી પ્રમુખનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

<u>એજ્યુકેશન બોર્ડ</u>—વ્યવસ્થાપક સમિતિની એક સભા તા. ૧૨-૫-૩૨ ગુરૂવારના રોજ રાતના **શ્રી મોહનલાલ** બી. ઝવેરી, સોલિસિટરના પ્રમુખસ્થાને થઇ હતી, જેમાં શેઠ સારાભાઇ મોદીના થયેલા દુઃખદ દેહોત્સર્ગ માટે નીચેનો ઠરાવ પાસ થયો હતો:—"શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડના આ જીવન સભ્ય શ્રીયુત શેઠ સારાભાઇ મગનભાઇ મોદી જેઓએ આ સંસ્થાને ધાર્મિક કેળવણીના ઉત્તેજનાર્થે વખતો વખત સારી મદદ કરેલી છે તેઓના થયેલા દુઃખદ અવસાન માટે આજની સભા અત્યંત શોક પ્રદર્શિત કરે છે અને મર્હુમના આત્માને પરમશાંતિ ઇચ્છી તેઓના કુટુંબીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે."

<u>પ્રતિષ્ઠા</u>—મથુરામાં દેરાસરોના જીર્ણોદ્ધાર પછી તારીખ ૧૨-૫-૩૨ ના રોજ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા મુનિશ્રી દર્શન વિજયજી, જ્ઞાનવિજયજી, ન્યાયવિજયજી, અને હેતમુનિજીએ કરાવી છે.

## ગ્રાહકોને—

ગત્ શનિવાર તા. ૧૪-૫-૩૨ થી મુંબઇમાં એકાએક પ્રગટી નિકલેલ ભયંકર રમખાણના લીધે શહેરમાં સર્વત્ર હડતાળ અને પોસ્ટ ઓફીસ બંધ હોવાથી આ અંક આપને યથાસમય મોકલી શકાયો નથી તે બદલ દિલગીર છીએ. તંત્રી-"જૈન યુગ."

## ખુનામરકી અને આગની આફતના આંકડા.

મુંબઇમાં શનિવારથી ખુનામરકી અને આગની આફત શરૂ થઈ છે. આ ખુનામરકીના આંકડા ભયંકર છે. છેલ્લા આંકડાઓ મળી શકયા છે તે નીચે મુજબ છે:-

| | માર્યા ગયા | ઇજા પામ્યા. |
|---|---|---|
| શનિવાર | ૫ | ૯૬ |
| રવિવાર | ૨૪ | ૩૪૬ |
| સોમવાર | ૩૨ | ૪૦૦ |
| મંગળવાર | ૨૪ | ૨૫૭ |
| બુધવાર | ૨૪ | ૧૨૪ |
| ગુરૂવાર | ૨૦ | ૧૩૬ |
| શુક્રવાર મધરાત સુધી | ૨ | ૫૩ |

આગ.

| | |
|---|---|
| રવીવારે ... ... ... ... | ૧૬ |
| સોમવારે ... ... ... ... | ૭૦ |
| મંગળવારે ... ... ... ... | ૨૪ |
| બુધવારે ... ... ... ... | ૧૧ |
| ગુરૂવારે ... ... ... ... | ૪ |
| શુક્રવારે મધરાત સુધી ... ... ... | ૭ |

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
-श्री सिद्धसेन दिवाकर.

અર્થઃ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છેઃ પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.

તા. ૧૫-૫-૩૨. રવિવાર.

## જૈન દીક્ષા સંબંધી જૈનેતર દુનિયા શું કહે છે?

દીક્ષા એ ભગવાન્ પણાને પ્રાપ્ત કરાવે છે એવી ભાગવતી દીક્ષા માટે તો ઉત્કટ વૈરાગ્ય, વ્રતોની શુદ્ધ આચરણા, સંયમ ત્યાગ, સાથે તે સંયમને સમજવાનું અને નિભાવવાનું જ્ઞાન જોઇએ. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ બંનેનો સુંદર મેળ સંપૂર્ણ કરી લેવાની ઉમેદવારીમાં શુદ્ધ વિચાર અને આચારની પ્રબલ ભાવના તો જાગી હોવી જોઇએ. જ્યાં સુધી તેમ ન થાય ત્યાં સુધી માત્ર વેશ ધરાવી તે પ્રત્યે ગમન-પ્રયાણ કરવાની પ્રથા રાખવાથી ઘણો કાળ તે સુંદર ભવ્ય સ્થિતિની ભાવના પ્રગટ કરવા માટે લાગે છે. ને એમ ન થાય તો તે સ્થિતિ આવ્યા પહેલાં ચ્યુત-સ્થાન ભ્રષ્ટ થવાય છે, ને એવી ભ્રષ્ટતા વેશને ધારીને ચાલુ રાખવાથી સ્વ અને પરનું અકલ્યાણ-અધઃ ગમન થાય છે. આ સાદી વાત હજુ સુધી આખી સમાજમાં પૂરી સમજાઇ નથી એ દુઃખદાયક અને શોચનીય છે.

બીજી બાજુ જૈન સંસાર સિવાયની પણ વસ્તુ—મેટી વસ્તુ છે અને તે જૈનેતર સંસાર કે સમાજ છે કે જેની મધ્યમાં અને જેના નિકટ સહવાસમાં જૈન સંસારને રહેવાનું છે. તે સમાજ જૈન સમાજ કરતા અનેકગણો મોટો છે. તે સમાજ જૈન દીક્ષાના ભવાડાઓ જોઇ સાંભળી ત્રાસ પામે છે—આથી શાસનની અવહેલના થાય છે. બાલ સંન્યાસ-દીક્ષા પ્રતિબંધક નિબંધ વડોદરા સરકાર તરફથી મુસદ્દારૂપે બહાર પડયો ત્યારે 'ટાઇમ્સ ઓફ ઇંડિયા'ના તંત્રીએ એક અગ્રલેખ લખ્યો હતો તેમજ બીજા પત્રકારોએ પોતાના વિચારો જણાવ્યા હતા તે પરથી બહારની દુનિયા દીક્ષા સંબંધી શું ધારે છે તે જણાયું હશે.

હમણાં દશેક વર્ષની કન્યાને તેની માતાની રજા-આજ્ઞા વગર ગરણીજી બનાવી દેવાની વાત વદોદરા રાજ્યમાં બન્યાની વાતથી 'બોમ્બે ક્રોનિકલ' જેવું ઠરેલ, રાષ્ટ્રીય ભાવનાવાળું અને ઉદાત્ત આશયવાળું દૈનિક પત્ર મંગળ તા. ૩-૫-૩૨ના ટુંકા અગ્રલેખોમાં જે જણાવે છે તે મૂળમાં ઉતારવામાં આવે છે.

### A Forced "Conversion."

Acc. rding to an Associated Press message from Barada a Jain girl, only ten years old, was "converted into a saint" by the elders of the community against the wishes of the girls widowed mother. The conversion implies, we suppose, that the girl will not be permitted to marry if she chooses to do so on coming of age. In any case the girl at present is incapable of understanding the meaning and implications of the cnnversion; and for that reason it must be regarded as a forced conversion especially in view of the mother's objection. The youths of the place, who are said to have strongly opposed the conversion, should have prevented by all legitimate means this cruel and disgraceful act of coercion in the name of religion We hope it is not yet too late for them to intervene It is time indeed the responsible leaders of the Jain community condemned the practice of "converting into saints" little children who cannot even imagine the nature of the conversion

### Wanted Frontal Attack.

The Baroda State authorities are understood to have already published a draft amendment to the Prevention of Child Conversion Act which lays down that permission shall not be given for the conversion of a child below the age of eighteen and even if such permission is obtained, it shall be considered invalid We trust that the amendment will become law soon and will be enforced strictly If it cannot affect retrospectively the reported conversion, public opinion must be rallied against the conversion and got to declare it null and void What social and religious reform requires m st at this time is direct frontal attacks on foolish superstitious practices.

આનું ભાષાંતર-એ છે—

### "પરાણે આપેલ દીક્ષા."

વડોદરામાંથી એ. પ્રેસના આવેલ સંદેશ પ્રમાણે ફકત દશ વર્ષની એક જૈન બાળાને તે કોમના મોટેરાએ તેણીની વિધવા માતાની ઇચ્છા વિરૂદ્ધ 'સાધ્વીમાં ફેરવી નાંખવામાં આવી છે. અમે ધારીએ છીએ કે આ રૂપાન્તર એમ સૂચવે છે કે તે બાળા ઉમર લાયક થતાં પોતાને પરણવાની ઇચ્છા હશે તો પણ તેને પરણવા દેવામાં આવશે નહિ ગમે તેમ હો પણ તે બાળા અત્યારે સાધ્વી થવાનો અર્થ શું છે અને તેના અંતર્ગત આશયો શું છે તે સમજવા માટે અશકત છે અને તે કારણે તેણીનું સાધ્વી થવું એ પરાણે સાધ્વી બનાવવું છે; ખાસ કરી તેની માતાનો વિરોધ હોવા છતાં તેમ થાય તો અવશ્ય બલાત્કાર છે. તે સ્થાનના યુવકો આની સામે સખત રીતે થયા હતા એમ કહેવામાં આવે છે તેઓએ આ ઘાતકી અને શરમાવે તેવું બલાતકારનું ધર્મને નામે કૃત્ય સર્વ કાયદેસર પગલાં લઇ અટકાવવું જોઇતું હતું. અમે આશા રાખીએ છીએ કે તેઓ માટે વચમાં પડવું એ હજુ મોડું થયું નથી. આ ખરેખરો અવસર પ્રાપ્ત થયો છે કે જે વખતે જૈન કોમના જવાબદાર નાયકોએ જે બાળકો સંન્યાસ દીક્ષા લેવી એ શું વસ્તુ છે તેની કલ્પના પણ કરી શકે નહિ તેને સાધુ બનાવી દેવાની રીતિને જાહેર રીતે નિન્દવી જોઇએ.

# આજની વિષમ દશા !

આજે આપણા સાધુ સમાજની દશા જોઇએ કે આપણા શ્રાવક સમુદાયની હાલત અવલોકીએ તો જરૂર આપણું હૃદય દ્રવીભુત થવાનુ ! માત્ર કર્મને વાંક કહાડી બેશી રહેવાથી અગર તો પાંચમા આરાના એવા ભાવ છે એમ સવિચારો સેવાથી એમાં રચ માત્ર સુધારણા નહીંજ થાય. દિન પ્રતિદિન સ્થિતિ વધુ બગડતી જવાની. શ્રી વીરનો સાચો સંતાન આ વાત જરૂર નજ સહન કરી શકે. પુરૂષાર્થ ફોરવ્યા વિના કર્મના બંધનો તોડી શકાનાજ નથી. એ સંબંધમાં શ્રી જયશેખર સુરિ પ્રબોધ ચિંતામણો (સં. ૧૪૬૨) માં નિમ્ન ઉદ્દગારોમાં મોહરાજનું ચેષ્ટિત રજુ કરે છે–"તેણે (કળિ યુક્ત મોહરાજાએ) લોકોને જુદી જુદી સમાચારી (ગચ્છોની જુદી જુદી ક્રિયા)ના ભેદથી એવા વ્યામોહિત કરી નાંખ્યા કે જેથી તેઓ આગમના વચનો વિષે પણ વિશ્વાસ પામવા લાગ્યા નહીં. ચારિત્રરૂપી સંપદાના ચોર કળિકાળે એક ગચ્છમાં રહેવાવાળા સાધુઓનું સાધર્મીપણું હોવા છતાં તેમની અંદર પણ નિષ્કારણ કલેશ ઉત્પન્ન કર્યો, અને દરેક ગચ્છનું મૂળ એક શ્રીમન્ વીર પરમાત્મા હોવાથી પરસ્પરમાં મિત્રાઇને લાયક એવા જુદા જુદા ગચ્છના સાધુઓમાં તેણે શોકયપણું ધારણ કરાવ્યું. પગે ચાલવું પૃથ્વી ઉપર સુવું અને મળાદિ ધારણ કરવું ઇત્યાદિ બાહ્ય આડંબરને રહેવા દઇને સાધુઓમાં સારભુત જે નિષ્કષાયપણું (કષાય રહિત ક્ષમાદિ ગુણો) હતું તે લઇ લીધું (બીજા ગચ્છના સાધુઓ ઉપર અગર સ્વ ગચ્છમાં) અન્યો અન્યના મત્સરમાંથી વર્ષ પર્યંત પાછા નહીં વળતા સાધુઓને નિશ્ચયનયથી મિથ્યાત્વ પમાડયું. કેટલાક નિર્ગ્રંથો મોહ રહિત નિજ પામ્યે છતે તેઓને શિષ્ય–શ્રાવકની ઉપાધીથી ક્ષેત્ર અને ઉપાશ્રયના મોહમાં લીન કરીને વિડંબિત કર્યાં. મિથ્યાતીઓના મહત્વને દૂર કરવાને શક્તિ વિનાના લિંગધારીઓ (સાધુઓ)ને સ્વધર્મી સાધુઓની પ્રખ્યાતિ (ચડતી)ના દ્વેષી કર્યાં. અર્થાત જ્યારે મિથ્યાત્વીઓના મતને દૂર કરવાની શક્તિ ન રહી ત્યારે આપસમાં એક બીજાની ચડતી જોઈ સહન ન કરી શકવાથી વાદવિવાદમાં ઉતારી એક બીજાના દ્વેષી બનાવ્યા !"

પાંચશો વર્ષ પૂર્વે દોરાયલું આ ચિત્ર શું આજે પણ સાચુ નથી લાગતું ? આજની સ્થિતિતો એથી પણ વટાવી જાય તેવી દેખાય છે. સાધુઓના કલહોથી સારી જૈન સમાન આજે ઝળી રહી છે ! આજે ભાગ્યેજ એવું સ્થળ હશે જ્યાં કોઇને કોઈ પ્રકારનો એકાદો ધાર્મિક ટંટો અસ્તિત્વ નહીં ધરાવતો હોય ! એમાં વળી ધર્મી અધર્મી અને દિક્ષાના પ્રશ્ને તો મર્યાદા કુદાવી દાધી છે. એના ચેનમાં ગોથા ખાતાં સાધુઓ પાટ પરથી જાણે પોતે કેવળજ્ઞાની ન હોય એ માફક ઓર્ડીનન્શો કહાડે છે અને સાદી સમજ (Common Sense)ને ધરાણે મૂકી ખમા પોકારનારા વેવળા ભકતો એનો અમલ કરતાં શરમાતા પણ નથી. પોતાના મૂઠીભર માનવીઓના ટોળાને ખુદ મહાવીર દેવથી સર્ટીફાઇડ થયેલો સંઘ ગણી એજ પિતાના મોટા સમુદાયને હાડકાનો માળો કહેતાં લાજતા પણ નથી ! પોતામાં પ્રભુકથિત સમ્યકૃત્વ છે કે કેમ એ સંબંધી જરાપણ ચિંતા કર્યા વગર અથવા તો પોતાની રોજની કરણી પ્રત્યે લગાર પણ દ્રષ્ટિ ફેરવ્યા વિના પોતાના માનેલા ગુરૂથી જૂદા પડે વા પોતાની આંધળી શ્રધ્ધામાં હકારો ન ભણે એ ખાતર તરતજ મિથ્યાત્વી નાસ્તિક કે અધર્મીના વિશેષણો ન વાજતાં પાછા હઠતા નથી ! શું હજુ પણ આથી ભયંકર કર્મરાજના તમાશા જોવાના કોડમાં છેલ્લે પાટલે જઇ સમાજને સાવ છિન્ન ભિન્ન કરી નાંખવો છે ? યાદ રાખવું ઘટે કે 'A House divided against itself falls down' અર્થાત્ ઘર ફુટયે ઘર જાય. શું જરા પણ સાચી હૃદયની ધગશ નથી ? ઉપચાર ન જડે એમ તે હોય ? હજુ રોગ અસાધ્ય નથી થયો ત્યાં લગી એને સુધારવાના પ્રયત્નો જરૂર સફળતા વરવાના.

મધ્યસ્થ ગણાતા ત્યાગીઓએ કામ ઉપાડી લેવા કમર કસવાની છે. જેઓએ પક્ષાંધતાના ચસ્મા ચઢાવ્યા છે તેમના તરફથી મુશ્કેલીઓ તો નડવાનીજ પણ સાચો સુધારક–સાચુ ઐકય સાધવાની તમન્નાવાળો–આત્મા એથી રંચ માત્ર ન મુઝાય.

આજના શ્રાવક વર્ગની દશા તો મદારીના માંકડા જેવી છે. ભાગ્યેજ એના મોટા ભાગમાં ધર્મના સિધ્ધાંતો સમજવા જેટલી શક્તિ કે અભ્યાસ છે. તેથી તો એને સાધુની મોરલીએ નાચવુ પડે છે. ધર્મના સંરક્ષણ નામે ચઢાવાતાં ઓપ આગળ એ કોથળીઓ ઠાલવતા અચકાતો નથી ! ભાગ્યેજ એને ખબર પડે છે કે એ નાણાથી એનોજ ધર્મ નિંદાય છે અને એનાજ ભાઇઓમાં દાવાનળ પ્રગટાવાય છે ! ખાલી કરેલી કોથળીઓ પછી ભાગ્યેજ સરવાયુ જોવા પામે છે કે ધર્મનું કેટલું સંરક્ષણ થયું ? ઘડીભર એકાંતમાં વિચારાય તો જરૂર દીવા જેવું લાગે કે ધર્મનુ તો રક્ષણ નહીં પણ ભક્ષણ થયું. બાકી જરૂર વકીલ બારીસ્ટરના કુટુંબનું કે કોરટ છાપાના સ્ટાફનું એ દ્રવ્યથી અમુકાંશે રક્ષણ અવશ્ય થયું છે. સાચા તટસ્થની એજ ફરજ છે કે જનતા સામે સાચી સ્થિતિ રજુ કરે અને અભ્યુદયનો માર્ગ દોરી બતાવે. આમ થાય નહીં ત્યાં સુધી આજની વિષમ દશા માટે તે પણ જવાબદાર છેજ. લેખકઃ—**ચોકસી.**

---

## આ પ્રથા સામે કરવો જોઇતો મુખડાનો હુમલો.

વડોદરા રાજ્યના અધિકારીઓએ બાલ સંન્યાસ પ્રતિબંધક નિબંધ પર એક સુધારાનો ખરડો કયારનો પ્રસિદ્ધ કરેલો કહેવાય છે કે જે એમ જણાવે છે કે અઢાર વર્ષની વયની નીચેના બાલકને સાધુ બનાવવા માટે રજા અપાશે નહી અને કદી આવી રજા લેવામાં આવી હશે તો તે ગેરકાયદેસર ગણાશે. અમે વિશ્વાસ રાખીએ છીએ કે આ સુધારો તરતજ કાયદાના રૂપમાં મુકવામાં આવે અને તેનો અમલ સખત રીતે કરવામાં આવે. જો તેને કાયદારૂપે પસાર કરવાની મિતિ પહેલાંના બનેલા સાધુઓના બનાવને લાગુ ન પાડવામાં આવે તો જાહેર જનતાનો અભિપ્રાય આવી દીક્ષા સામે મેળવવો ઘટે અને તેને રદ કરવા માટે પ્રાપ્ત કરવો જોઇએ. આ વખતે સામાજિક અને ધાર્મિક સુધારને મોટામાં મોટી જરૂર એ છે કે મૂર્ખાઈ ભરેલી વહેમવાળી પ્રથાઓ પર મુખડાના હલ્લા સીધી રીતે કરવા જોઇએ"

જેને અકકલ છે તેઓ પોતાની અકકલનો ઉપયોગ કરી, સમય, સંજોગ, યુગ રાષ્ટ્ર–કોમ–સમાજની સ્થિતિ ધ્યાનમાં લઈ આ દીક્ષાના સવાલનો ફડચો પ્રબળતાથી અને હિંમતથી કરશે, અને તેથી જૈન સમાજને કલેશ અને ઝઘડામાંથા બચાવશે એટલુંજ નહિ પણ તેની જૈનેતર સમાજમાં થતી હાંસી દૂર કરશે

**—મોહનલાલ દ. દેશાઇ.**

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

—લેખક—
ધીરજલાલ ટી. શાહ.

—પાત્ર પરિચય—

સાગરપોત: પોતનપુર બંદરનો ધનાઢ્ય વેપારી
સમુદ્રદત્ત: સાગરપોતનો પુત્ર
સહદેવ: સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળ: સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહ: ભ્રગુપુરનો રાજા
કુલપતિ: સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મી: સમુદ્રદત્તની માતા
નંદયંતી: સમુદ્રદત્તની પત્ની
મનોરમા: સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિ: સેવાશ્રમની સાધ્વી

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

### પ્રવેશ ૬ ઠો.

( ભૃગુપુર આશ્રમ. )

અધ્યાપક૦ અરે બટુકો જરા દોડતા આવો. આ કોઇ મુસાફર અહિં પડી ગયેલો છે.

( ચાર પાંચ બટુકો દોડતા આવે છે. )

બટુકો૦ ગુરૂદેવ કોણ છે એ ?

અધ્યા૦ ભાઇઓ! હું અહીંથી પસાર થતો હતો ત્યાં મેં આ મુસાફરને પડેલો જોયો. તે બેભાન અવસ્થામાં છે. તેને જલ્દી અંદર લઇ ચાલો.

( ડોળી કરી ઉપાડે છે અંદર લાવે છે. )

(બીજા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો ભેગા થાય છે.)

અધ્યા૦ ભાઇઓ, જરા દૂર હઠજો. હમણાં તે બેભાન છે. એટલે જાગે ત્યાં સુધી એની પાસે બે જણ સારવાર માટે બેસો. બીજા સહુના કાર્યે લાગો.

( બે સિવાય બધા જાય છે. શરીર તપાસે છે.)

મુખ્ય અ૦ વિનોદ! મુસાફરનું શરીર તપાસતાં કાંઇ ખાસ બીમારી નથી. તેનું પેટ ભુખથી અંદર પેસી ગયું છે. આ ઢીલા પગ થાક સૂચવે છે, એટલે તેને ભોજન ને આરામની જરૂર જણાય છે. તમે બરાબર સાવધ રહેજો. હું ભોજનનો બંદોબસ્ત કરૂં છું.

સમુ૦ (જાગીને) ભાઇઓ કોણ છો તમે?

વિનો૦ અમે આશ્રમના વિદ્યાર્થીઓ છીએ.

સમુ૦ હું શું સેવાશ્રમમાં આવી ગયો? હાશ ભલા ભગવાન!

વિનો૦ કેમ આપ અહિં આવવાજ નીકળ્યા હતા?

સમુ૦ જંગલમાં રખડતાં ખુબ ભૂખ ને થાક લાગ્યા એટલે અહીં પહોંચવા વિચાર કર્યો.

વિનો૦ ભાઈ હમણાં તમારે માટે ભોજન આવશે. આપ જરા આરામ કરો. ( ભોજન આવે છે. )

સમુ૦ (જમતાં જમતાં) આપે કોઇએ નંદયંતી જોઇ?

વિનો૦ નંદયંતી! એ નામની તો કોઈ અહિ સ્ત્રી નથી. કેમ તમારે એનું શું કામ છે?

સમુ૦ એના માટેજ હું પૃથ્વીમાં પરિભ્રમણ કરૂં છું. શું કયાંઇ એનો પત્તો નહિં લાગે?

વિનોદ૦ પણ એના માટે આટલા બધા શોકાતુર કેમ છો?

સમુ૦ ભાઇ! તને શું કહું? એ તો મારી પ્રિયતમા છે. એનું અસ્તિત્વ જગતમાં છે કે કેમ તેનીજ મારે ખાત્રી કરવી છે.

વિનોદ૦ ભલા મુસાફર! જરા આપ આરામ કરો. તમારૂં શરીર આરામ માગે છે.

સમુદ્ર૦ ભાઇ, આ શરીરને નંદયંતી નહિં મળે ત્યાં સુધી કયાંઇ આરામ નહિં મળે.

વિનોદ૦ ભાઇ, નિરાશ ન થતા. પ્રયત્ન કરતાં કરતાં સફળતા મળશે. પણ આપ નિરાશ થઇ આરામ વગેરેની દરકાર નહિં કરો તો શરીરજ ગુમાવશો. માટે ભલા થઇને જરા સૂઇ જાવ. (સમુદ્રદત્ત સુઇ જાય છે.)

### પ્રવેશ ૭ મો.

સહદેવ૦ હું રખડી રખડીને થાકયો પણ નિરાશ! ન મળી નંદયંતી કે ન મળ્યો સમુદ્રદત્ત એકની શોધ કરતાં બીજાને પણ ખોયો. પછી મેં વિચાર્યું કે હવે પોતનપુર જવા દે. ત્યાં ગયા શિવાય બીજા કાંઇ ખબર નહિં પડે પણ અહિં તો કાંઇ ખબર નથી.

મનો૦ નાથ! આ બધું સાંભળી મને કમકમાટી આવે છે. એક કુબુદ્ધિ સૂજતાં કેવો અનર્થ થાય છે ને! લક્ષ્મી કાકીને સાગરપોત કાકા તમારા આવ્યાના સમાચાર સાંભળતાંજ આવશે. તે બિચારાઓને આ સમાચાર સાંભળી શુ થશે?

સહદેવ૦ હું જાતેજ તેમની પાસે જાઉં છું ને તેમને ધીરજ આપું છું.

(સહદેવ જાય છે. સાગરપોતને લક્ષ્મી શેઠાણીના ઓરડામાં આવે છે.)

સહદેવ૦ પ્રણામ કાકા!

સાગર૦ કોણ સહદેવ! સમુદ્રદત્ત કયાં?

સહદેવ૦ કાકા શોધ કરતાં કરતાં અમે એક જંગલમાં છૂટા પડી ગયા. મેં ખુબ શોધ કરી પણ પછી સમુદ્રદત્તને તે મળ્યોજ નહિં.

લક્ષ્મી૦ હાયરે! મારા આંધળાની એક આંખ.

સાગર૦ ઓ સમુદ્રદત્ત! બેટા તુ કયાં હોઇશ! (બંને રડે છે)

સહદેવ૦ કાકા આપ ધીરજ શા માટે ખુઓ છો? સમુદ્રદત્ત ગમે તેવા સાહસમાં સોંસરો પડે તેમ છે. એના પુરૂષાર્થ પર મને અચળ શ્રદ્ધા છે જરૂર તે કોઇ સહી સલામત ઠેકાણે પહોંચી ગયો હશે.

લક્ષ્મી૦ પણ અત્યારે તે કયાં હશે? વહુની પાછળ દીકરો પણ મે તો ગુમાવ્યો! મને એવી કુબુદ્ધિ કયાંથી સૂઝી

સહદેવ૦ કાકા ગમે તેટલો શોક કરો પણ થયું ન થવાનું નથી. હવે તો ધીરજ રાખીને દિવસો પસાર કરો પરમાત્માનું નામ લ્યો.

સાગર૦ સહદેવ! તમે મારૂં કહ્યું માન્યું નહિં. કોઇ માણસને પણ પાછળ મોકલવા ન દીધા. હવે ચારે બાજુ આજેને આજે માણસો મોકલી આપું સમુદ્રદત્ત! તું અત્યારે કયાં હોઇશ?

## શ્રીમન્ મુનિ મહારાજશ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરી અને સંસ્કૃત પાઠશાળાનો તા. ૧ લી જાન્યુઆરી ૩૧ થી તા. ૩૧ મી ડીસેમ્બર ૩૧ સુધીનો આવક જાવકનો હિસાબ.

### આવક.

જ

૨૮૭૧-૧૦-૦ શ્રી વ્યાજના આવ્યા તે જમે.

૩૨૫—૦—૦ શ્રી વાર્ષિક મદદના.

બા. જે ઝવેરી મહાજનના મોતીના ધરમના કાંટા તરફથી સંવત ૧૯૮૭ ના કારતક સુદ ૧ થી આસો વદ અમાસ સુધીના અધિક માસ સહિત માસ તેરના માસિક રૂા. ૨૫) પચીસ લેખે

૩૨૫)

૩૦૭-૧૨-૦ શ્રી પરચુરણ ઉપજના

- ૧૦૫—૦—૦ ડીપોઝીટરોએ ગુમ કરેલ પુસ્તકોના દંડના.
- ૯૫-૯-૦ ડીપોઝીટરોના પુસ્તકો. I દંડના.
- ૬૫-૩-૦ પાસ બુકોના વેચાણના.
- ૩૨-૪-૦ જુના ન્યુસ પેપરોના વેચાણના.
- ૯-૧૨-૦ સદ્‌ગૃહસ્થો તરફથી પરચુરણ ભેટના.

૩૦૭-૧૨-૦

૩૫૦૪-૬-૦

(Sd) H. M. Shah.
Hony. Secretary.

### જાવક.

ઉ

૩૩૮૬-૦-૦ શ્રી ખર્ચ ખાતે ઉધાર.

- ૧૭૯૬-૧૨-૧૧ લાયબ્રેરીના સ્ટાફના પગારના
- ૫૮૩—૫—૪ પાઠશાળાના પંડિતજીના પગારના.
- ૪૧૩—૫—૦ વર્તમાન પત્રોના તથા માસિકોના લવાજમના.
- ૧૭૭—૪—૩ બુક બાઈન્ડીંગના.
- ૯૮—૮—૦ રીપોર્ટની છપામણીના.
- ૬૭—૮—૬ શ્રી સ્ટેશનરી તથા છપામણી ખર્ચના.
- ૫૭-૧૦—૦ પરચુરણ ખર્ચના.
- ૫૫-૧૨—૦ બત્તી ખર્ચના.
- ૪૩-૧૨—૦ વીમા ખર્ચના.
- ૨૮—૬—૬ મકાન રીપેરીંગ ખર્ચના.
- ૨૮—૩—૬ પાઠશાળાના વિદ્યાર્થીઓને ઇનામના.
- ૨૦—૮—૦ સ્ટામ્પ ખર્ચના.
- ૧૫—૦—૦ મકાનના ભાડાંના.

૩૩૮૬)

૧૧૮—૬-૦ શ્રી ખર્ચ જતાં વરસ આખરે પડેલ વધારો તે સરવૈયામાં બતાવ્યા મુજબ.

૩૫૦૪-૬-૦

Comect
(Sd.) N. B. Shah. 6-3-32
(Sd.) Jivraj Bhikabhai Shah.
Hony. Auditors.

## શ્રીમન્ મુનિ મહારાજશ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરી અને સંસ્કૃત પાઠશાળાનું તા. ૩૧ મી ડીસેમ્બર ૧૯૩૧ ના રોજનું સરવૈયું.

જ

(૮૨૯૦) દેવું.

- ૭૮૯૫) અનામત (ડીપોઝીટ) પુસ્તકો વાંચવા લઇ જનારા પાસેથી લીધેલા તે.
- ૩૦૦) શેઠ રણછોડભાઇ રાયચંદને વરસ આખરે બાકી દેવાના.
- ૮૦) પ્રાગજી કશનજીને દેવાના બાકી.
- ૧૫) શેઠ મોતીશા લાલબાગ જૈન ચેરીટીઝના ટ્રસ્ટીઓને વરસ આખરે ભાડાંના દેવાના.

૮૨૯૦)

૭૧૧૮૯-૩-૬ ફંડ.

- ૭૦૧૮૮-૭-૬ મુનિ મહારાજશ્રી મોહનલાલજી સ્મારક ફંડ.
- ૧૦૦૦-૧૨-૦ શ્રી સરપ્લસ (વધારાનું) ફંડ.

૭૧૧૮૯-૩-૬

ઉ

૨૦૭-૯-૦ રોકડ

- ૧૨૭-૧૩-૬ બેન્ક ઓફ ઈંડીયા લીમીટેડ બુલીયન બ્રાન્ચ પાસે તા. ૩૧-૧૨-૩૧ ના રોજે બાકી લેણા.
- ૭૯-૧૧-૬ શ્રી પુરાંત બાકી તા. ૩૧-૧૨-૩૧ ના રોજે.

૨૦૭-૯-૦

૫૨૪૮૧-૧૪-૦ સીકયુરીટીઝ.

શ્રી પોર્ટ ટ્રસ્ટ બોન્ડોના ચાલુ ખાતામાં વરસ આખર સુધીમાં બાકી.
Face value Rs. 52500/-

૧૫૮૦૭—૮-૪ શ્રી પ્રોમીસરી લોનનાં ચાલુ ખાતામાં વરસ આખર સુધીમાં બાકી વિગત નીચે મુજબ.

જ

૫૧૩-૦-૦ મળેલી ભેટો.

૫૦૦) ગૃહસ્થો તરફથી સ્ત્રી ઉપયોગી પુસ્તકો ખરીદવા મળેલ ભેટના.

૧૩) ગૃહસ્થો તરફથી લાયબ્રેરી માટે પુસ્તકો ખરીદવા મળેલ ભેટના.

૫૧૩)

૯૬૬૧-૧-૧૦ અત્યાર સુધીમાં પડેલ વધારો.

૯૫૪૨-૧૧-૧૦ ગઇ સાલ આખર સુધીમાં પડેલ વધારો.

૧૧૮—૬—૦ ચાલુ સાલમાં પડેલ વધારો.

૯૬૬૧-૧-૧૦

૮૯૬૫૩-૫-૪

## તથા પાર

ઉ

૧૧૯૮૧-૦-૦ શ્રી પુસ્તકોનું ખરીદ ખાતું

૧૧૭૩૨-૧૪-૬ ગઇ સાલ આખર સુધી

૩૫૮-૧-૬ ચાલુ સાલમાં ખરીધા.

૧૨૦૯૧-૦-૦

બાદ ૧૧૦-૦-૦ બા. જે ઇ. સ. ૧૯૨૮-૨૯ ની સાલમાં ખરચ્યુ થયેલ પુસ્તકો ડીપોઝીટરોએ રીટર્ન નહિ કરવાથી તેમની ડીપોઝીટની રકમ જપ્ત કરી શ્રી પુસ્તક ખરીદી ખાતે જમે કરી છે.

૧૧૯૮૧)

૩૯૫-૯-૩ સ્ત્રી ઉપયોગી પુસ્તકો ચાલુ સાલની આખર સુધીમાં ખરીધ્યા

૧૭૧૩૭-૧૪-૦

૧૧૯-૦-૦ શ્રી પુસ્તકો માટે ડીપોઝીટ.

૧૦૦) ગુજરાતી જ્ઞાનકોશ કુંપની પુના પાસે લેણા

૧૦) શેઠ કેસરીચંદ ભંડારી પાસે બાકી.

૫) લોહાણા સ્ટીમ પ્રી. પ્રેસ પાસે બાકી.

૪) જૈન ભાસ્કરોદય પ્રેસ પાસે બાકી.

૧૧૯)

૨૦૯-૮-૦ અંગત લેણું.

૧૧૪-૮-૦ રામા બાલુ પાસે બાકી.

૯૫-૦-૦ ચંદુલાલ કાશીદાસ પાસે બાકી.

૨૦૯-૮-૦

૮૯૬૫૩-૫-૪

ઉ

૧૦૫૮૭-૮-૪ બા. જે રૂ. ૧૨૦૦૦) ની પ્રોમીસરી લોનોના ચાર ટકાની તેરીખના. Face value Rs. 12000/-

૫૨૨૦-૦-૦ બા. જે રૂ. ૬૦૦૦) ની પ્રો. લોનોના સાડાત્રણ ટકાની તેરીખના. Face value Rs. 6000/-

૩૬૯૦-૦-૦ લેણું.

૧૦૫૦-૦-૦ મુંબાઈ પોર્ટ ટ્રસ્ટ બોન્ડોના વ્યાજના બાકી ૧-૭-૩૧ થી ૩૧-૧૨-૩૧ સુધીના.

૨૪૫-૦-૦ ગવર્નમેન્ટ પ્રોમીસરી લોનના વ્યાજના બાકી.

૧૪૦) રૂા ૧૨૦૦૦)ની પ્રોમીસરી લોનના વ્યાજના ચાર ટકાની તેરીખના ૧૫-૯-૩૧ થી ૩૧-૧૨-૩૧ સુધી.

૧૦૫) રૂા. ૬૦૦૦) ની પ્રો. લોનના સાડાત્રણ ટકાની તેરીખના તા. ૧-૭-૩૧થી ૩૧-૧૨-૩૧ સુધીના.

૩૨૫-૦-૦ ઝવેરી મહાજનના મોતીના ધરમના કાંટા પાસે બાકી સંવત ૧૯૮૭ની સાલના બાકી.

૨૦૦૦-૦-૦ બાબુ સાહેબ દોલતચંદજી તથા સીતાબચંદજી અમીચંદજી પનાલાલ પાસે બાકી લેણા બા. જે. રૂા. ૨૦૦૦) ની પ્રો. નોટો તમારી પાસે છે અને જેનુ વ્યાજ તમો આપો છો તે.

૭૦-૦-૦ બા. જે બાબુ સાહેબ દોલતચંદજી તથા સીતાબચંદજી અમીચંદજી પનાલાલ પાસે છ. સં. ૧૯૩૧ ની સાલના વ્યાજના બાકી લેણા.

૩૬૯૦)

૧૭૧૩૭-૧૪-૦ મિલકત.

૪૪૮૨-૨-૯ શ્રી ફરનીચર ખાતુ

૪૧૯૭-૨-૯ ગઇ સાલ આખર સુધી

૨૮૫-૦-૦ ચાલુ સાલે ખરીદયું

૪૪૮૨-૨-૯

૨૭૯-૨- શ્રી ડેડ સ્ટોક ખાતું

૨૭૯-૨-૦ ગઇ સાલ આખર સુધી,

We have examined the accounts & Balance Sheet with the books and vouchers of Shreeman Muni Maharaj Shree Mohanlalji Jain Central Library & Sanskrit Pathsala and report that the balance Sheet is properly drawn up so as to exhibit a true & Correct view of the affairs of that Institution on 31st December 1931 as Shown by the books of account

(Sd) N. B. Shah. 6-3-32
(Sd) Jivraj Bhikhabhai Shah
Hony. Auditors.

(Sd) Hiralal M. Shah.
Hon. Secretary.

# જૈન પ્રાચીન ઈતિહાસ.

(૨)

ગયા લેખમાં મુનિશ્રી કલ્યાણવિજયે લખેલા 'વીર નિર્વાણ સંવત્ ઔર જૈનકાલ ગણના' નામના નિબંધની સમાલોચના કરતાં તેમના કેટલાંક ઐતિહાસિક વિધાનો જોયા હતાં અને વિશેષ જોઇએ.

આ બે કાલગણનાની સંગતિ જોઇએ. મુનિશ્રી જણાવે છે કે બંને વચ્ચે કંઇ વિરોધ નથી. બંને ગણનાનુસાર ભદ્રબાહુનો સ્વર્ગવાસ વીરાત્ ૧૭૦ માં આવે છે. બંને નિર્વાણ અને શક સંવત્સર વચ્ચે ૬૦૫ વર્ષોનું અંતર જણાવે છે. પરંતુ કેટલીક ઐતિહાસિક જૈન પરંપરા સંબંધી મેળ ખાતો નથી તો તે સંબંધી જ્યાં તેવું હોય ત્યાં વિરોધનો પરિહાર કઇ રીતે થઇ શકે તે માટે પ્રયત્ન કરવો ઘટે. તેમ બરાબર થાય તોજ નિર્વાણ સંવત્સરની ગણના નિશક્તિ થઇ શકે. તેથી તેવી પરંપરા જોઇએઃ-

**(૧) ભદ્રબાહુ અને ચંદ્રગુપ્ત**—ભદ્રબાહુ અને મૌર્ય-સમ્રાટ ચંદ્રગુપ્તની સમકાલીનતાની પરંપરા છે. આ ત્રણ બાબત પરથી મનાય છે-એકતો ચંદ્રગુપ્તના રાજ્યમાં બાર વર્ષનો દુકાળ પડયો તે વખતે કે ત્યાર પછી ઘણો વખત ભદ્રબાહુ વિદ્યમાન હતા, બીજી એ કે ચંદ્રગુપ્તને ૧૬ સ્વપ્ન આવ્યાં ને તેનું ફલ સ્થવિર ભદ્રબાહુને પૂછતાં તેમણે દુઃષમ કાલના ભાવી અનર્થો બતાવ્યા. ત્રીજી એ કે ચંદ્રગુપ્ત ભદ્ર-બાહુ પાસે જૈન દીક્ષા લઇ તેની સાથે દક્ષિણ દેશમાં ગયા હતા. આ દંતકથાની ત્રણ બાબત સત્ય હોય તો ચંદ્રગુપ્તનો સમય વીરાત્ ૧૭૦ વર્ષથી પછી ન હોઇ શકે; જ્યારે રાજ્ય-ત્વકાલ ગણનાથી તેના સમયનો પ્રારંભ વીરાત્ ૨૧૦ (૬૦ પાલકનાં + ૧૫૦ નંદોનાં વર્ષ મેળવતાં) પછી આવે છે. હેમાચાર્યે પરિશિષ્ટ પર્વમાં આ દંતકથાઓને સાચી માની વીરાત્ ૧૫૫ માં ચંદ્રગુપ્ત થયો એમ વિચાર પૂર્વક જણાવ્યું છે; પરંતુ જ્યાંસુધી પ્રાચીન સાહિત્ય જોવાયું છે ત્યાં સુધી તેમાં આ બંને સંબંધીની કથાઓને સ્થાન નથી. બંનેના સમયમાં જુદા જુદા દુકાળ પડયા હતા તેથી બંનેને તે કારણે એકકાલીન મનાયા હોય એમ લાગે છે. ભદ્રબાહુના સમયમાં દુકાળ પડયો ત્યારે અંગોની વ્યવસ્થા માટે પાટલિપુત્રમાં શ્રમણ સંઘ એકઠો મળી સ્થૂલભદ્રને બારમું અંગ ભદ્રબાહુ પાસે શીખવા મોકલ્યા ત્યારે તો ચંદ્રગુપ્તનું નહી પણ નંદનું રાજ્ય હતું એમ આવશ્યક ચૂર્ણિ, તિત્થોગાલી પઇન્ના પ્રમુખમાં પ્રમાણિત છે. નિશીથ ચૂર્ણ આદિમાં ચંદ્રગુપ્તના સમયમાં દુકાળ પડવાનું જણાવ્યું છે પણ તેથી તે દુકાળને ભદ્રબાહુના સમયનો દુકાળ એક માની લેવાય? સ્વપ્નની વાત પણ પ્રાચીન ગ્રંથોમાં નથી પણ બિલકુલ અર્વાચિન ગ્રંથોમાં મળે છે તેથી તે આધુનિક કલ્પના જણાય છે ત્રીજી બાબત ચંદ્રગુપ્તે ભદ્ર-બાહુ પાસે લીધેલી દીક્ષાની વાત શ્વેતાંબર સંપ્રદાયના કોઇપણ ગ્રંથમાં નથી પણ દિગમ્બર સાહિત્યમાં છે, અને તે આખી દંતકથા નિરાધાર અને કપોળ કલ્પિત લાગે છે, કારણ કે તેમાં અનેક અસંભવિત ઘટનાઓ બતાવી છે. શ્રવણ બેલગોલના શિલાલેખમાં ભદ્રબાહુને ચંદ્રગુપ્તનો ઉલ્લેખ છે તેમાં ભદ્રબાહુને શ્રુતકેવલી જણાવેલ નથી તેથી તે બીજા જ્યોતિષી ભદ્રબાહુ (વરાહમિહિરનાભાઇ) અને ચંદ્રગુપ્ત તે કોઇ ગુપ્તવંશીય લાગે છે. શ્રુતકેવલી ભદ્રબાહુએ દક્ષિણ દેશમાં વિહાર કરેલો જણાતો નથી કારણ કે તેમના સમયમાં દુકાળ પડયો તેના અંતે તેઓ નેપાલના માર્ગમાં હતો અને તેના શિષ્યો તામ્ર-લિપ્તિ અને પુંડ્ર વર્ધનમાં ચિરકાલ રહ્યા એ વાત બતાવે છે કે તેઓએ પૂર્વદેશ છોડી અન્યત્ર ગમન કર્યું નહોતું.

**(૨) આર્ય સુહસ્તીને રાજા સંપ્રતિનો સમય નિર્ણય**–બીજી પરંપરા લઇએઃ–નિશીથાદિ પ્રાચીન ગ્રંથોમાં એમ આપેલ છે કે રાજા અશોકના પૌત્ર ઉજ્જયિનીના રાજા સંપ્રતિને આર્ય સુહસ્તીએ જૈન કર્યો અને સંપ્રતિએ જૈન ધર્મની ઘણી ઉન્નતિ કરી, એ સત્ય વાત સ્વીકારવામાં બાધ નથી, પણ તે ા કાલમાં જરા વિરોધ આવે છે તે એ છે કેઃ—

યુગ પ્રધાનત્વ કાલગણનાથી વીરાત્ ૨૯૧ માં વર્ષમાં સુહસ્તી સ્વર્ગસ્ત થયાં; રાજત્વ કાલગણનાથી વીરાત્ ૨૧૦ પછી મૌર્ય વંશનો પ્રારંભ થયો છે. પુરાણ અને બૌદ્ધ લેખો અનુસાર ચંદ્રગુપ્તનાં ૨૪, બિંદુસાગરનાં ૨૫ અને અશોકનાં ૩૬ વર્ષનાં રાજ્ય માનવામાં આવે તો સંપ્રતિનું રાજ્ય (૨૧૦+૨૪+૨૫+૩૬=) ૨૯૫ વીરાત્ પહેલાં આવી શકતું નથી આમ બંને કાલમાં જરા અસંગતતા આવે છે. આ સંબંધમાં અનેક ઘટનાઓ કથનોનો વિચાર કરી મુનિશ્રીએ નિર્ણયપર આવે છે કે સંપ્રતિ અશોકના પછી રાજા થયો તે પહેલાં એટલે યુવરાજ હતો ત્યારે તે અવંતિ–ઉજ્જયિનીનો શાસક હતો ને તે વખતમાં એટલે વીરાત્ ૨૯૫ પહેલાં સુહસ્તિનો તેને ભેટો થયો, ને જૈન થયો ને સુહસ્તિ સ્વર્ગસ્થ વીરાત્ ૨૯૧ માં થયા એ પ્રમાણે સુસંગતતા થાય છે.

**(૩) સંપ્રતિના રાજ્યમાં આર્ય મહાગિરિની વિદ્ય-માનતાના ઉલ્લેખ** સંબંધી વિચારતાં વિકટ સમસ્યા ઉભી થાય છે. બંને સમકાલીન હોવાના નિશીથાદિ સૂત્રોપરનાં ભાષ્યો અને ચૂર્ણિઓમાં 'અસાંભોગિક વ્યવહાર' જૈન શ્રમ-ણોમાં થવાની ઉત્પત્તિની વાત કરેલી છે તે પરથી લાગે છે. હવે ઉપર જણાવ્યા પ્રમાણે સંપ્રતિનો રાજ્યાભિષેક વીરાત્ ૨૯૫ માં આવે છે ને યુગ પ્રધાન મહાગિરિનો સ્વર્ગવાસ વીરાત્ ૨૪૫ માં થાય છે કે જે વખતે સંપ્રતિનો જન્મ પણ નહીં હોય, આના સંબંધમાં ખુબ ઉંડા ઉતરી મુનિશ્રી એ સંગતતા કાઢી આપે છે કે તે અસાંભોગિક વ્યવહારની વાતમાં આવતો રાજપિંડ લેવાનો દોષ બિંદુસારના રાજ્યમાં દુર્ભિક્ષના કારણે થયો હોય યા તો અશોકના રા[illegible] પણ સંપ્રતિના રાજ્યમાં નહિ. વળી પોતાનો ખ્યાલ[illegible] છે કે આ 'અસં-ભોગિકતા' સંપ્રતિના પૂર્વભ[illegible] દ્રમક નામના જીવે આર્ય સુહસ્તીના સમીપે 'કોસંબાહાર'માં જૈન દીક્ષા લીધી હતી, પરંતુ પાછળના લેખકોએ બિંદુસારની આ દુષ્કાલ–પ્રતિક્રિયાને સંપ્રતિની શાસન પ્રભાવનાનું અંગ માની લીધું, સાથે સાથે પોતે જણાવે છે કે આર્ય મહાગિરિનો સ્વર્ગવાસ ૨૪૫ નહિ પણ ૨૬૧ વીરાતમાં થયેલો પોતે માને છે.

**(૪) વાચનાંતરનો મતભેદ**—પૂર્વોક્ત ગણના પધ્ધતિ-ઓથી એ નિશ્ચિત છે કે શક સંવત્સરના પ્રારંભ સુધી વીર નિર્વાણની સંવત્સર ગણનામાં કંઇ પણ મતભેદ નહોતો, પણ પાછળથી ભિન્ન ભિન્ન વાચનાઓ થઇ તેથી નિર્વાણ સંવત્સ-રમાં કંઇ મતભેદ અવશ્ય થઇ ગયો કે જે વાત દેવર્ધિગણિ ક્ષમા શ્રમણ કલ્પસુત્રમાં વીર ચરિત્રના અંતે વીરાત ૯૮૦ ને વાચનાંતર લેખે ૯૯૩ એમ બે વર્ષ આપે છે તે પરથી સ્પષ્ટ જણાય છે.

આ મતભેદ સમજવા માટે વાચનાનો ઇતિહાસ હવે પછી જોઇશું.

—મોહનલાલ દ. દેશાઇ.

# નવયુવાન એટલે—

લેખકઃ વિજય.

**આ**શાવાદી તે યુવાન. તેને નિરાશા સ્પર્શતી નથી: નિષ્ફળતા મુંઝવતી નથી; કર્મનાં ફળની તેને કામના નથી. પ્રયત્નો કરતાં તે પાછો પડતો નથી. હાથ લીધેલું કામ આકાશ પાતાળ એક કરીને પણ તે પાર પાડે છે.

નવયુવાનને આળસ નથી, થાક નથી, શિથિલતા નથી. કુંભકર્ણ સમો ઘોરે તે નવયુવાન શાનો? ભયને તે જાણતો નથી; ધાકને તે માનતો નથી; તુચ્છકારને તે ગણકારતો નથી. તેનામાં શક્તિના ફુવારા ફુટે છે, ધગશના ધોધ પડે છે, અને તનમનાટના તરંગો ઉડે છે.

તેનામાં દંભ નથી, મદ નથી, ઢોંગ નથી, મોહ નથી, લોભ નથી. ખાલી ભભકો તેને ગમતો નથી. બડાઇઓથી તે કોઇને બ્હીવડાવતો નથી. દમદાટી તેને આવડતી નથી.
તેને હૈયે હોંશ છે, આનંદ છે, નિર્દોષતા છે, નિર્વિકારતા છે. માયાના બંધન તેને બાંધતાં નથી. જગતની જંજાળ તેને જકડતી નથી લોભ તેને લોભવતો નથી. અસંતોષની આછી વાદળીઓ તેનો આનંદસૂર્ય ઢાંકતી નથી. તે તો ખુશામતની જડ ખોદનાર, અસત્યનાં અનિષ્ટમાં આગ મૂકનાર, અને વિકારનાં શ્યામ વાદળ વિદારનાર હોય છે. આત્મશ્લાઘા જેને અપ્રિય હોય, કપટ પ્રત્યે જેને કંટાળો હોય, અને કાયરતાના મૂળમાંજ જે કાપ મૂકનાર હોય, તેનું નામ નવયુવાન. તેનું હૃદય હવાસમું હલકું અને પાણીસમું પારદર્શક હોય.

ઉગતા બાલભાનુના તેજસમું તેજ તેના મૂખ પર ઝળકે છે. બજરંગ સમુ બળ તેના બાહુઓમાં હોય છે. પત્થર સરીખી તેની પ્રચંડ કાય દુઃખના ડુંગરોને ચૂર્ણ કરે છે. નથી જણાતી તેના મૂખ પર આછી શોકની રેખા, નથી જણાતી તેનાં નયનોમાં નિર્માલ્યતા, કે નથી જણાતી તેનાં ભ્રૂભંગમાં પાશવતા. નવયુવાનની મૂર્તિ તો ભલભલાનાં માન મર્દન કરે, વજ્ર સમા હૈયામાં પણ છાપ પાડે, અને દુસ્મનના દીલમાં પણ હેત ઉપજાવે.

નવયુવાનના દીલ-દરીયે દયા છલકાતી હોય છે. તે દુઃખીનાં દુઃખ જોઈ શકતોજ નથી. તેમનાં દુઃખો કેમ દફનાવાય, શે તેઓ સુખી થાય, તેમની આબાદી, તેમની સલામતી, તેઓની ઉન્નતિ શી રીતે સધાય, તેનુંજ તે હમેશ ચિંતવન કરે છે.

દેશ માટે તે પ્રાણ પાથરે છે, દેશી માટે તે સર્વસ્વ ડુલ કરે છે; અને તેમનાં સંકટ નિવારવા શિર આપતાં પણ પાછો પડતો નથી. દેશને સત્તાને શિખરે ચઢાવવા તે તનતોડ મહેનત કરે છે. તેની ટેક જાળવવા તે બેહાલ બને છે. તેની મુક્તિ માટે તે મરણીઓ થાય છે.

નવયુવાન હોય તે પ્રભુને માને; તેની સત્તાને શીશ નમાવે; સર્વ કાર્યોમાં તેની મદદ યાચે; તેનાં ફરમાનો ઉઠાવવામાં ફરજ સમજે; તેનાં કાનુનોનું પાલન કરે; તેને બેવફા થતાં ડરે; અને સત્ય માર્ગે ચાલે.

નવયુવાન કોઈની લાગણી દુઃખાય તેવું કાર્ય કરતો નથી, કોઇને કટુવચન કહેતો નથી. તેની વાણીમાં મૃદુતા અને મધુરતા છે; તેની આંખમાં અમિ છે; તેનાં પ્રાણમાં પ્રેમ છે. નથી તે કોઇની નિંદા કરતો કે નથી તે કોઇની નિંદા સાંભળી પોતાના કર્ણ અપવિત્ર કરતો.

વિનય નવયુવાનની વહાલામાં વહાલી વસ્તુ છે; હિંમત તેનું હથીયાર છે અને બુદ્ધિ તેનું બખ્તર છે. તે દુરઅંદેશી હોય છે. અવિચારીપણું કે ઉચ્છૃંખલતા તેનામાં દેખા દેતાં નથી. લપલપાટ કરી કયારેય તે પોતાનું કાર્ય બગાડતો નથી.

નવયુવાનના નયન-તેજે કાયરનાં કાળજાં કંપે છે; તેની ગર્જનાએ ગર્વિષ્ટના ગર્વ ગળે છે; તેની ધાકે ઢોંગીઓ ધ્રૂજતા ફરે છે. તેની સત્તા સર્વવ્યાપી છે. પુરૂષો તેના પ્રેમે પાગલ બને છે. સ્ત્રીઓ તેની સત્યતાથી શરમાય છે. દુઃખીયાને દીલાસા રૂપ, પડતાને આધાર રૂપ, અને ડુબતાને નાવ રૂપ તે હોય છે.

જીવનનો તેને મોહ નથી, મોતનો તેને ડર નથી, સુખની તેને પરવા નથી મોજશોખમાં તેનું મન નથી. પ્રભુમય બનવું અને બીજાને બનાવવા એ તેનું ધ્યેય હોય છે. એ ધ્યેયના ગગનગામી શિખરે પહોંચવા તે કુચ કરતોજ હોય છે. નથી તે કુચમાં અટકી જતો કે નથી તે પાછો ફરતો. ધીરજથી, શાન્તિથી, ચાલાકીથી, દિનપ્રતિદિન તેમાં તે પ્રગતિજ કરે છે. ગમે તેવાં વિઘ્નો પણ તેનો ઉત્સાહ નરમ પાડી શકતાં નથી. અહરનિશ ઉમંગી તેજ નવયુવાન.

નવયુવાનથી નવતેજ પ્રગટે. નવતેજ અજ્ઞાન અંધકારનો નાશ કરે. અજ્ઞાન ટીટે એટલે દુનિયા દેવભૂમિ થાય. એ દેવભૂમિનો દેવ તે નવયુવાન. તેના જીવનની જગત અદેખાઇ કરે. તેના પગલે ચાલવા પ્રયત્નો થાય. કવિઓના કાવ્યનું વસ્તુ, શૂરવીરોને શૂર ચઢાવવાનું સાધન, સુંદરીઓને સ્નેહ સમર્પણ કરતાં સરખાવવાનું કાટલુ એ તેનું જીવન. નવયુવાન તો અનુકરણીય, નિષ્કલંક, નિષ્પાપ, નીતિમય, આનંદમય, આદર્શ અને સાદું જીવન જીવે.

ભારતવર્ષને આવા નવયુવાનોની આજે ભીડ પડી છે.

( ઉદ્ધૃત. )

गुडाबालोतरा (मारवाड) में वीर जयंति के प्रसंग पर यतिश्री नेमविजयजीकी अध्यक्षतामें सभा हुई थी. कॉन्फरंक के उपदेशक वाडीलाल सांकलचंद शाहने प्रभावशाली भाषण दिया. उपस्थित महानुभावोंपर अच्छी असर हुई. विद्यार्थीओंनेभी समयानुसार विवेचन किया था.


## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂા. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂા. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂા. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂા. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂા. ૧-૮-૦ |
| જૈન ગૂર્જર કવિઓ ( પ્ર. ભાગ ) | રૂા. ૫-૦-૦ |
| ,, ,, ,, ભાગ બીજો | રૂા. ૩-૦-૦ |

લખોઃ—શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.


Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGH'

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ { જુનું ૭ મું. નવું ૨ જું. }

તા. ૧ લી જુન ૧૯૩૨.

{ અંક ૧૧ મો.

## જૈન યુગ.

તા. ૧-૬-૩૨. બુધવાર.

## મુંબઈનું રમખાણ.

ગયા વીસ દિવસથી મુંબઈમાં હિન્દુ-મુસ્લિમ વચ્ચે ભયંકર હુલ્લડ ચાલી રહ્યું છે. આ હુલ્લડથી સેંકડો નિર્દોષ મનુષ્યોની કત્લ થઈ છે, હજારો ઘાયલ થયા અને લગભગ કરોડ ઉપરની નુકસાની થવા પામી છે. હિંદમાતાનો દરેક પૂત્ર પછી તે ગમે તે ધર્મ કે કોમના હશે તે આ હુલ્લડને હૃદયથી ધિક્કારતોજ હશે. આ હુલ્લડથી સારાયે દેશને મોટો ફટકો પડયો છે અને ભાઇબંધ કોમો વચ્ચે અવિશ્વાસની લાગણી પ્રગટી નિકળી છે. મુંબઇ જેવી અલબેલી નગરી અત્યારે સ્મશાનસમ ઉજ્જડ દેખાય છે. હજારો કુટુમ્બો દેશમાં ચાલી ગયા છે અને ઘણા કુટુમ્બો ઘર બાર વગરના નિરાધાર થઇ રહ્યા છે.

માતૃભૂમીની મુક્તિ અર્થે, જ્યારે સંગઠનની અતિ આવશ્યક્તા છે ત્યારે આ હુલ્લડ ફાટી નિકળ્યું તે પણ એક અણ ઉકેલ્યો કોયડો છે હુલ્લડના અનેક કારણો કલ્પવામાં આવે છે. ગમે તે હોય પણ આ હુલ્લડે મુંબઇ નગરીને તથા તેના વેપાર-ધંધાને જબરજસ્ત ફટકો માર્યો છે તે તો નગ્ન સત્ય છે.

આ હુલ્લડમાં મવાલીઓ તથા ગુંડાઓ એ જે કાળો કેર અને ત્રાસ વર્તાવ્યો છે તે મુંબઇ નગરીને કલંકરૂપ છે. આવા મવાલીઓને જ્યાં સુધી સરકાર યોગ્ય ફેજે ન પહોંચાડે ત્યાં સુધી સંપૂર્ણ શાન્તિની આશા રાખવી સ્વપ્નવત્ છે.

હુલ્લડને શાંત પાડવા પીસ કમેટીની સેવાઓ પ્રશંશાપાત્ર છે. તે કમીટીના સભ્યોએ પોતાથી શકય તેવા દરેક ઉપાયો લીધા છતાં હજુ પણ મામલો સંપૂર્ણ રીતે કાબૂમાં આવ્યો નથી તે મુંબઈની કમનસીબીજ ગણી શકાય.

સરકારે પોલીસ અને લશ્કર મારફતે ચાંપતા ઉપાયો લેવા માંડયા છે. હજુ પણ અવાર નવાર હુમલાઓ થયા કરે છે. વધારે દિલગિર થવા જેવું તો એ છે કે ધાર્મિક લાગણી ઉશ્કેરાય તેવા કૃત્યો કરવામાં આવે છે. ધાર્મિક સ્થાનો ઉપર હુમલા અને તેને આગ લગાડવાના પ્રયાસો થયા છે. ગાયના ઉપર પણ અનેક જાતના અટકચાળા કરવાના, ટ્રામ ગાડીમાં મુસાફરી કરતા રાહદારીઓ ઉપર હુમલા કરી તેમને ઘાયલ કરવાનાં, તેમજ નિર્દોષ સ્ત્રીઓ અને નાના બાળકો ઉપર ઘાતકી અને નિર્દય હુમલા અને કોઇ કોઇ માળાઓને આગ લગાડવાના સમાચારો બહાર આવ્યા છે.

આવા હુલ્લડોથી અનેક બોધપાઠ ગૃહણ કરી શકાય છે. સ્વરક્ષણ માટે પોતાની તૈયારી કરવાની આવશ્યકતા કેટલી છે તે સ્હેજે સમજી શકાય તેમ છે. અન્ય બંધુ કોમો સાથે જૈન કોમને પણ આ હુલ્લડથી ઘણું ખમવું પડયું છે. જૈન કોમે પોતાન સ્વરક્ષણાર્થે વ્યાયામ લેવા વ્યાયામશાળાઓ અને અખાડાઓ ઉભા કરવાની જરૂર છે.

આવા હુલ્લડો ફાટી નિકળવાના ખરા કારણો શોધી કાઢવાની ફરજ સરકારની છે અને ફરીથી આવા હુલ્લડો ફાટી ન નિકળે તે માટે ઘટતા પગલા લેવાય એ ઇચ્છવા યોગ્ય છે.

છેવટે બંને કોમોમાં વિશ્વાસ ઉત્પન્ન થઇ સુલેહ અને શાંતિનું સામ્રાજ્ય સત્વરે સ્થપાય એમ ઇચ્છીશું.

## ગ્રાહકોને—

અશાંત વાતાવરણના લીધે આ અંક આપને મોકલવામાં ઢીલ થઇ છે તે માટે દરગુજર કરશો એવી આશા છે.

તંત્રી "જૈન યુગ."

( અનુસંધાન પૃષ્ઠ ૮૬ ઉપરથી )

તા. ૨૦ મી મેની મધરાત સુધીના ખુવારીના આંકડા બતાવે છે કે ૯૩ હીંદુ અને ૫૧ મોહોમેદન તથા ૧ અજ્ઞાન મળી કુલે ૧૪૫ મરણ નીપજ્યાં હતાં અને ૮૨૯ હીંદુઓ, ૮૦૫ મોહોમેદનો અને ૨૩ બીજી કોમના મળી કુલે ૧૬૫૮ માણસ ઇજા પામ્યા હતાં.

**શનીવારના બનાવોની વીગતો.**

શનીવારે શહેરમાં તો કોઇ પ્રકારના હુમલા થયા નહોતા અને શાન્તીની સ્થીતી જણાતી હતી. માત્ર ઉત્તરના ભાગમાં છુટા છવાયા હુમલા થયા હતાં.

ટ્રામનો, ગાડીઓનો અને લોકોની આવ જાવનો વેહવાર આજે સવારે ચાલુ થયેલો જણાતો હતો.

જો કે હજુ પોલીસ અને લશ્કરનો પેહેરો ચાલુ છે પણ એકંદરે તેમને આજે ઠીક આરામ મળ્યો હતો.

**કામ ધંધો શરૂ થયો.**

રમખાણવાળા વીસ્તારો ખાતેની દુકાનો ઉઘડી હતી અને કામ ધંધો કરવામાં આવતો હતો.

( અનુસંધાન પૃષ્ઠ ૮૧ ઉપરથી )

કરવાની હોય તે તે આપત્તિ કાળ અને અપવાદ માર્ગને લક્ષ્યમાં રાખીને મૂલપૂર્વની સર્વ પ્રકારની જાહોજ લાલીની પ્રાપ્તિ થાય એવું હૃદય આગળ દૃષ્ટિબિંદુ રાખીને કરવી કે જેથી પૂર્વાપર અવિરોધ પણે પ્રગતિ પ્રવૃત્તિ પાન્થત્વ પ્રાપ્ત થઇ શકે.

ઉપર્યુક્ત ઉદાર વિચારાચાર કર્તવ્ય શિક્ષા પ્રમાણે મહાસંઘ અને મહાસંઘાતગતિ પ્રત્યેક વ્યક્તિ નહિ વર્તશે, તો ચાતુર્વર્ણ મહાસંઘની પ્રગતિના સ્થાને-અવનતિ દેખાશે અને બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય અને શુદ્ર વિગેરે સર્વ મનુષ્યોમાં દેશ-કાળાનુસારે જૈન ધર્મનું વિશાળ જીવત્સ્વરૂપ પ્રગટી શકશે નહિ. સર્વ ગચ્છોના પરસ્પર સંબંધના અભાવે તેઓમાં અવ્યવસ્થા વધતાં ઇદંતૃતીયમ્ જાગ્રત થશે. જેઓ શાસ્ત્રોના રહસ્યોપૂર્વક દેશકાલાનુસાર સર્વત્ર સર્વ મનુષ્યોને સર્વના અધિકારો સદ્વિચારો-સમર્પશે તેઓ વિશ્વની સપાટીપર ધર્મ વડે આગળ વધી શકશે. કેળવાયેલો વર્ગ પ્રાયઃ સુધારક વિચારોનો પક્ષધારક બનશે. ગચ્છોના નામે જેમ ભૂતકાળમાં પરસ્પર વિરોધો હતા, તેમ નવા કારણે મનુષ્યો અરૂચિયુક્ત થઇ પ્રાચીન અને નવ્યસુધારક પક્ષ એવાં નામોએ મંડળો ઉત્પન્ન કરશે તે સમયે ગચ્છની તકરારો મતો સબંધી લક્ષ્ય દેવામાં નહિ આવે અને તેની ચર્ચાઓ કાલાંતરે દબાઇ જશે અને તેનું રૂપ પ્રાચીન સંરક્ષક વર્ગ અને નવ્યસુધારક વર્ગ એ એના ભાવાર્થ વિશિષ્ટ મંડળો લેશે. તેઓમાં પરસ્પર વિરોધ સંઘટ્ટનથી પરસ્પર શક્તિની હાનિ થશે. પરંતુ બને સ્વસ્વઆશયોને વળગી સ્વસ્વ વિચારોને પ્રચારતા બંને અમુક રૂપમાં ફાવશે. અપૂર્ણ.

**સવિનયભંગની ચળવળો:**-સવિનયભંગની ચળવળો માટે ૧૯૩૨ માં થયલી સજાઓની નીચલી વિગતો એસોસિએટેડ પ્રેસને સત્તાવાર સાધનો મારફતે મલી હતી. સવિનયભંગની ચળવળોની શરૂઆત પછી કુલે ૪૪૭૫૩ ને સજા થઇ હતી. જાન્યુઆરી માસમાં ૧૪,૮૦૦ ફેબ્રુવારીમાં ૧૭,૮૦૦ માર્ચમાં ૬૯૦૦ એપ્રીલમાં ૫૨૦૦

૧૯૩૨ ના એપ્રીલ માસની આખેરીએ સવિનયભંગની ચળવળો માટે જેલમાં ૩૨૫૨૪ કેદીઓ હતાં.

**રસ્તાઓ સાફ થવા લાગ્યા.**

બંબાખાના અને હારપીટલોને આજે દોડાધામ વેઠવી પડી નહોતી રસ્તાઓ પણ મ્યુનીસીપલ ઝાડુવાળાઓએ સાફ કરવા માંડયા છે અને કચરો ખસેડવા માંડયો છે.

**વધુ ધરપકડ:**

ગીરગામ, ઠાકુરદ્વાર અને ફ્નસવાડી ખાતે ગૈરો ધાલી પોલીસે ૨૫૦ જેટલા શકમંદ માણસોને પકડયાં હતાં અને હજુ એક બે દીવસમાં બીજા બસો માણસને પકડવામાં આવે એમ લાગે છે.

**વીશ્વાસની સ્થાપના.**

હવે બે કોમો વચ્ચે વીશ્વાસ સ્થપાયો છે એટલે પુર્ણ શાંતી સ્થપાશે.

**ખુવારી.**

કાલાચોકી રોડ પાસે એક મોહમેદન છરી લાગવાથી મરણ પામેલો મળી આવ્યો હતો તેની લાશ જુરી હાઉસમાં લઇ જવામાં આવી હતી. બપોરના રીપન રોડ પાસે એક હીંદુને છરી મારવામાં આવી હતી તેને જે. જે. હોસ્પીટલ ખાતે લઇ જવામાં આવ્યો હતો. ફરી રોડ પાસે બે મોહોમેદનો ઉપર હુમલો કરવામાં આવ્યો હતો તેમને કે. ઇ. એમ. હોસ્પીટલ ખાતે લઇ જવામાં આવ્યાં હતા અને તેમનામાંના એકને હોસ્પીટલમાં રાખવામાં આવ્યો હતો.

**તા. ૧૪ થી તા. ૨૯ મી મધરાત સુધીમાં કુલે ૧૬૩ મરણ ૧૮૦૪ ઘાયલ.**

સરકારી પ્રકાશન ખાતાંના વડા તરફથી તા. ૩૦ મીએ રાતે બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, વીખવાદ અને અવિશ્વાસનું વાતાવરણ ગઇ કાલે વધારે તીવ્ર બન્યું હતું. આજે આખો દીવસ શહેરના દક્ષિણ તરફના ભાગમાં અને ખાસ કરીને નળબજાર, ડંકનરોડ તથા સેન્ડહર્સ્ટ રોડ ખાતે છુટા છવાયા હુમલા અને છરી મારવાના બનાવો બનતા રહ્યા છે. રાત્રે આઠ વાગે ખુવારીની પોલીસને મળેલી ખબરો મુજબ ૧ મરણ નીપજ્યું હતું અને ૧૪ જણ ઇજા પામ્યાં હતાં.

બે ટાંકી ખાતે મારૂતિના મંદિરને અને કરનાક રોડ નજીક ખાડ બજારમાં આવેલી મસજીદને આગો લગાડવાની તજવીજ થઇ હતી.

વેહેવારૂ રીતે ભીંડીબજાર, કાલબાદેવી રોડ, નળબજાર, ગીરગામ રોડ, શેખમેમણ સ્ટ્રીટ અને માંડવી વિગેરે અગત્યના રસ્તાઓની સઘળી દુકાનો બંધ હતી. જો કે ટ્રામ ગાડીઓ અને બીજા વાહનોનો વહેવાર ચાલુજ રહ્યો હતો.

સઘળી મીલોએ સેહવારમાં કામ શરૂ કર્યું હતું. પણ જમવાના વખત પછી રીપનરોડ ઉપરની હીંદુસ્તાન મીલ્સના મુસલમાન કામદારો કામ છોડી બહાર નીકળ્યાં હતાં અને તે પછી તુરતજ હીંદુ કામદારો પણ ચાલી ગયા હતા. બીજી બે મીલોના મુસલમાન વણકરો પણ પોતાનું કામ છોડી ગયા હતા પણ તે મીલોના બીજા ખાતાંઓનું કામ ચાલુ રહ્યું હતું. બીજી ૭ મીલોના મુસલમાન કામદારો કામ ઉપર આવ્યા નહોતા.

ગઇ તા. ૧૪ મી મેથી તા. ૨૯ મી મેની મધરાત સુધીમાં રમખાણો દરમ્યાન ૧૬૩ માણુસ મર્યાં ગયાં હતાં અને ૧૮૦૪ માણસને ઇજા થઇ હતી.

# સંઘોન્નતિનું કાર્ય.

(લે૦ સદ્‌ગત યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિશ્વરજી.)

સંશોધકઃ-**'વીરેશ.'**

ગચ્છ-સંઘાડાની વ્યવસ્થાઓ સુધારવાને અને પરસ્પર લઘુવર્તુલોનું ઐકય કરવા માટે વખતસર પ્રયત્ન નહિ કરવામાં આવશે, તો અંતે એ પરીણામ આવવાનું કે પરસ્પર કલેશાદિ સંઘર્ષણમાં સાધુઓ, સાધ્વીઓ અને તેઓના પરસ્પર રાગી શ્રાવકો અને શ્રાવિકાઓનું અશુભ માર્ગે આત્મવીર્ય નષ્ટ થવાનું; એમ નક્કી જાણવું. જે ધાર્મિક કોમમાં અનેક જાતનો સડો પેસે છે અને લઘુ લઘુ વર્તુલમાં વહેંચાઈ જઇને પરસ્પર એક બીજાનું અશુભ કરવા પ્રયત્ન કરે છે તે કોમનો યાદવાસ્થલી પેઠે સ્વયમેવ નાશ થાય છે અને તે કોમ વિશ્વમાં પોતાનું અસ્તિત્વ સંરક્ષવા શક્તિમાન્ થતી નથી. પરસ્પર સંઘાડાઓ, ગચ્છો આદિના પ્રમુખો જેઓ ક્ષેત્રાદિની સુવ્યવસ્થા પૂર્વક રહે છે અને પરસ્પર એક બીજાના ગચ્છ મંતવ્યને વા અન્ય ગચ્છીય સાધુઓને તોડી પાડવા માટે અને અન્યગચ્છીય શ્રાવકોને અનેક યુક્તિથી પોતાના રાગી કરવા માટે દાંભિક ધર્મોપદેશદ્વારા પ્રયત્ન કરે છે, તેઓ અંતે પરસ્પર સ્વયમેવ વિનાશ પામે છે. અતએવ ઉપર્યુક્ત વાતને લક્ષ્યમાં લઇ આ સુધરતા જમાનામાં પોતાની દશાનો ખ્યાલ કરીને એકતા કરવાને માટે સંકુચિત દૃષ્ટિ વિરોધ દૃષ્ટિ, મમત્વ દૃષ્ટિ અને વૈર દૃષ્ટિનો ત્યાગ નહિ કરે તો તેઓના લુખ્ખા-આચારોનું કાંઈ જોર ચાલશે નહિ અને ગુણ વિનાના ઉપર ઉપરના આચારોથી તેઓ વિશ્વ સમાજને આકર્ષણ કરી શકશે નહિ. યતિકોમ પરસ્પરની ખોદણી, કુસંપ શૈથિલ્યાચાર અને પ્રમાદને વશ પડી ગોરજીની અવસ્થાને પામી તેઓના તરફ શ્રાવકોનો રાગ ઉતરી જવા છતાં તેઓ પૂર્વજોની સત્તાથી હજી સુધી સ્વાસ્તિત્વ સંરક્ષી શકયા છે. હવે જૈન કોમનો સાધુઓ પરથી પરસ્પરની ખોદણી, કુસંપ એક બીજાની નિંદાના છાપાં છપાવવાં અને પરસ્પર વૈર ઇત્યાદિ કારણોથી તેઓના પરનો રાગ પ્રતિદિન ઘટતો જાય છે. અને ભવિષ્યમાં આ પ્રમાણે ચાલશે તો સારા મનુષ્યો સાધુઓ થશેજ નહિ અને અકેળવાયેલ દુઃખી મનુષ્યો સાધુઓ થશે, તેઓ જૈન કોમનું શું શ્રેય કરી શકશે? ધોળામાંથી પીળાં થયાં અને પીળામાંથી શું થશે? તત્સંબંધી ચેતવામાં નહિ આવે તો ઇંદતૃતીયં રૂપ કાંઇ જાગશે એમ નક્કી માનવું. શ્રી વીરપ્રભુનું એકવીસ હજાર વર્ષ પર્યંત શાસન ચાલશે એમ જે કહેવામાં આવે છે તે સત્ય છે, પરંતુ જો આ પ્રમાણે રહેશે તો ભયાસ્પદ છે. અતએવ શ્રી વીરપ્રભુનું એકવીશ હજાર વર્ષ પર્યંત શાસન ચાલે તેમ ઉદ્યમાદિ ગુણો વડે જાણીને સાધુઓએ એકય કરી વર્તવું જોઇએ.

ગચ્છ-સંઘાટકો વગેરેની વ્યવસ્થા પરસ્પર એક સાંકળના અંકોડા જેમ એક બીજાની સાથે સંબંધ રાખી વર્તે છે, તેવી રીતે વ્યવસ્થિત થવી જોઇએ. ગચ્છ-ગણના મૂલ ઉદ્દેશો શ્રી ઋષભદેવ અને મહાવીરપ્રભુ વિદ્યામાન છતાં જેવા હતા તેવા હોવા જોઇએ અને તેમાં જે જે યોજનાઓની ખામીઓ લાગતી હોય તે સુધારવી જોઇએ. અને પરસ્પર એક બીજાની સાથે અમુક અમુક ઉચ્ચ, વિશાલ, સાર્વજનિક, હિતકારક અને વર્તમાન ભવિષ્યની પ્રગતિમાં પરિપૂર્ણ બંધ બેસતા એવા નિયમોથી સંબંધિત થઇને પ્રવર્તાવવાની આવશ્યક મહાન્ ફરજને એક ક્ષણ માત્ર પણ પ્રમાદથી ન વિસરવી જોઇએ અને જો ઉપર્યુક્ત આવશ્યક પ્રગતિ વિચાર સૂત્રને અવગણી પ્રમત્ત થવાશે તો સાર્વજનિક હિતકલ્યાણુદિ ગુણોના અભાવે ગચ્છાદિની ઉપયોગિતા જનસમાજમાં નહિ ભાસવાથી સ્વયમેવ ગચ્છાદિકનો હ્રાસ થવાની સાથે વર્તમાન સાધુઓમાં અને સાધ્વીઓમાં અવનતિકારક આભ્યંતર સડો ઉદ્‌ભવશે એમ ખાસ લક્ષ્યમાં રાખવું. મહાસંઘની પ્રગતિ પ્રવૃત્તિની આંતરિક સદ્‌ગુણ સુધારણા કરીને સાત્વિક ગુણ વડે વાસ્તવિક સુખના માર્ગે વાળવા માટે સાધુઓએ દેશકાલ મર્યાદાથી વ્યવસ્થિત પણે ઉપદેશ દેવો જોઇએ. સ્વાત્મ કલ્યાણ થાય અને વિશ્વસમાજાદિનું કલ્યાણ થાય અને આંતરિક સદ્‌ગુણોમાં વિશ્વજનોનું લક્ષ્ય આકર્ષાય, એવી યોજનાઓપૂર્વક શનૈઃ શનૈઃ ગણ ગચ્છ-સંઘાટકના ઉદાર વિચારો અને આચારો વધે એવી પ્રવૃત્તિ કરવી જોઇએ સર્વ ગચ્છીય સાધુઓ એક સાંકળના અંકોડાની પેઠે પરસ્પર એક બીજાથી સંબંધિત થઇને અને ઐકય ભાવમાં અવિરોધી બની શનૈઃ શનૈઃ મહાસંઘના અભિન્નસ્વરૂપમાં તન્મયપણે મળીને રહે એવા કેન્દ્ર સ્થાનને સાધ્યબિન્દુ તરીકે લક્ષ્યમાં રાખીને વાર્તમાનિક ગચ્છ બંધારણોમાં પરસ્પર સંઘાટક ગચ્છોના નેતાઓએ સુધારો કરવો જોઇએ કે જેથી ભવિષ્ય સારૂં આવી શકે. વાર્તમાનિકદૃષ્ટયા મહાસંઘ-ઉપદેશાદિ સત્કાર્યોમાં સુખપુર્વક પ્રવૃત્ત થાય અને ભવિષ્યમાં મહાસંઘના ઐકય ભાવમાં તન્મય પણે સર્વ રહે અને વિશ્વ જનસમાજની સાથે સાર્વત્રિક શુભ પ્રગતિમાં ભાગ લેવાય એવા ઉદાર વિચારોમાં અને આચારોમાં સુખપૂર્વક સાધુઓ અને સાધ્વીઓ પ્રવર્તી શકે એવું દૃષ્ટિબિંદુ લક્ષ્યમાં રાખીને લઘુલઘુ ગચ્છ વર્તુલોના પ્રવર્તકોએ પરસ્પર વીર્ય હાનિકર અને ઐકય હાનિકર સંકર્ષણ ન થાય અને સંઘીભૂત શક્તિઓનું પુનઃ અનેક પ્રસંગોમાં પ્રથક્કરણત્વ ન થાય એવી યોજનાઓની સુવ્યવસ્થા પૂર્વક અપ્રમત્ત માનસિક-વાચિક અને કાયિક-યોગથી સર્વ સાથે પ્રવર્તવું જોઇએ. તેમજ વિરોધક બળ અને વિનાશકારક બળની સામે રહી તેઓના કરતાં અત્યંત સંઘબળ પ્રાપ્ત કરી પ્રગતિ પ્રવૃત્તિ કરી શકાય એવા પ્રકારના ઉપાયો વડે કર્મયોગી બનવું જોઇએ. કર્મયોગી એવા ઉદ્ધારક મહા પુરૂષો જે જે કોઇ આવી સાર્વત્રિક જનસમાજ ભાવનાનું હિત ધારતા હોય, તેઓને મન-વાણી-કાયા અને ધનાદિકનું સ્વાર્પણ કરી તેમની આજ્ઞાઓને અનુસરી શુભમાં યથાશક્તિ યત્ન કરવામાં યદિ કોઇ બાબતમાં પ્રતિપક્ષીઓ તરફથી હાર થાય તો પણ હિંમત ન હારતાં બમણું બળ વાપરીને જે જે અંશે પ્રવૃત્તિ કરવામાં આવે છે તે તે અંશે સ્વાત્મ કલ્યાણનો વિશ્વાસ ધારણ કરવો જોઇએ આત્મશ્રદ્ધા ધારણ કરીને મહાસંઘરૂપ વર્તુલાંતર્ગત લઘુ સંઘાટક ગચ્છાદિ વર્તુલોનો ઉદાર-વિચારાચારોએ સંબંધ બાંધવાની સેવામાં સ્વસમય પરસમય સેવકોના પ્રગતિ વિચારોના સારભાગને લેવાની સાથે વર્તમાન જમાનાની અનુકુલતા પ્રમાણે પ્રવર્તવું જોઇએ. અલ્પદોષ અને મહાલાભ દૃષ્ટયા સંપ્રતિ કર્તવ્ય કાર્યોમાં જે જે સુધારાઓ કરવાના હોય, તેને મહાસંઘાદિ સેવાર્થે કરવા અને તેમાં જેટલો બને તેટલો આત્મભોગ સમર્પવો તથા સ્વાધિકારે સદોષ વા નિર્દોષ જે જે પ્રવૃત્તિઓ મહાસંઘ પ્રગતિ માટે

(અનુસંધાન પૃ. ૮૦ ઉપર)

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

— લેખક —
ધીરજલાલ ટી. શાહ.

**— પાત્ર પરિચય —**

| | |
|---|---|
| સાગરપોત: | પોતનપુર બંદરનો ધનાઢ્ય વેપારી |
| સમુદ્રદત્ત: | સાગરપોતનો પુત્ર |
| સહદેવ: | સમુદ્રદત્તનો મિત્ર |
| સુરપાળ: | સમુદ્રદત્તનો વફાદાર નોકર |
| પદ્મસિંહ: | ભ્રગુપુરનો રાજા |
| કુલપતિ: | સેવાશ્રમના આચાર્ય |
| લક્ષ્મી: | સમુદ્રદત્તની માતા |
| નંદયંતી: | સમુદ્રદત્તની પત્ની |
| મનોરમા: | સહદેવની પત્ની અને નંદયંતીની સખી |
| સુમતિ: | સેવાશ્રમની સાધ્વી |

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

## પ્રવેશ ૮ મો.

નંદયંતી॰ ( સ્વાગત ) આશ્રમમાં આવેલા અતિથીને જોઇ મારૂં હૃદય આજે કેમ ખેંચાય છે! આશ્રમના આ પવિત્ર વાતાવરણમાં એકાએક આ શો ફેરફાર! તેમનું મોઢું પણ સ્વામીનાથના મોઢાને મળતું જણાય છે. પણ આવા વેશે ને આવી હાલતમાં તે અહિં કયાંથી હોય! ગમે તે હોય પણ તેમની પુરી માહિતી તો જરૂર મેળવવી.

( સુમતિ આવે છે )

સુમતિ॰ કેમ બ્હેન! શા વિચારમાં છો!

નંદ॰ આશ્રમમાં આવેલા અતિથીની સેવામાં હું તો કાંઇ પણ ભાગ આપી શકી નહિં.

સુમતિ॰ વૈદરાજે ફરમાવ્યું છે કે હજી તેમણે થોડા દિવસ આરામ લેવો. બિચારા અહિં આવ્યા પછી માંદા થયા છે તે સાજાજ કયાં થવા છે? તેમને શારીરિક કરતાં માનસિક ચિંતા વધારે હોય એમ જણાય છે. તે ઉંઘમાં ને જાગતાં બસ નંદયંતીનો જાપ જપ્યા કરે છે.

નંદ॰ ( સ્વાગત ) જરૂર તે પ્રિયતમ. ચાલો સુમતિ તેં એમને પૂછ્યું પણ નહિં કે એ નામ એ શા માટે વારંવાર યાદ કર્યા કરે છે!

સુમતિ॰ બ્હેન! તેમની માંદગી અને વિહ્વળ માનસ જોઇ મને પુછવુજ ઠીક નથી લાગતું. જો આજ સ્વસ્થ હશે તો જરૂર પૂછી જોઇશ.

( બંને આરોગ્ય ભુવનમાં દાખલ થાય છે. )

( સુમતિની નજર સમુદ્રદત્ત પર પડે છે. સમુદ્રત્ત આંખો મીંચી પડેલો છે. સુમતિ પડખે બેસે છે. નંદયંતી માથા પાસે બેસે છે. નંદયંતી ઉકાળો સુમતિને આપે છે. )

સુમુતિ॰ ભાઇ! જરા આ ઉકાળો પીશો?

સમુદ્રદત્ત॰ ( આંખો ચોળીને ) કોણ સુમતિદેવી! દેવી તમે મારી ખૂબ ચાકરી કરી છે. હવે આ અભાગીને મોત પણ આવતું નથી. હવે આ શરીરને જીવવામાં શું રસ છે કે આપ અને બીજાને નાહક હેરાન કરે છે! નંદયંતી! નંદયંતી!

( નંદયંતીના મુખ ઉપર શરમના શેરડા પડે છે. તે સાવધાનીથી સાંભળે છે. )

સુમતિ॰ ભાઇ! તમો અત્યાર સુધી ખુબ માંદા હોવાથી તમારી કાંઇ હકીકત પૂછી નથી. પણ મને જાણવાની જીજ્ઞાસા થાય છે કે નંદયંતીનો જાપ આટલો બધો કેમ જપો છો?

સમુદ્ર॰ દેવી, એતો મારા જીવનની કરૂણ કથની છે. મારૂં સાચું ધન! મારી પ્રિયતમા નંદયંતી! હા તે જીવતી નહિજ હોય! નહિતર મને મળ્યા વિના કેમ રહે!

સુમતિ॰ આર્યબાળા! જુઓને આ સંસારનો સ્નેહ! એક પત્નીના વિયોગથી કેટલું દુઃખ પામે છે! હં ભાઇ! પણ જરા હકીકત તો કહો.

સમુદ્ર॰ દેવી! હવે હું વધારે વખત જીવી શકું એમ લાગતું નથી. મારી એ વાત એક વખત દિલ ઠાલવીને કહું. જરૂર તમને કહું. પોતનપુરના રહેવાશી સાગરપોત શેઠનો હું પુત્ર છું. સમુદ્રદત્ત મારૂં નામ. મારી એ રૂપવતી ને ગુણવતી પ્રિયા નંદયંતીને એકજ વર્ષના પરણેતરે મૂકીને પરદેશ ગયો હતો. જતી વખતે ન મળાયું એટલે વહાણમાંથી પાછા આવીને મળ્યો. હા! મને અભાગીને એ કયાંથી સૂઝયું? પણ નહિ નહિં એ પણ ઠીકજ હતું. હું તેને મળ્યો અને એ રાત્રિએ તેને ગર્ભ રહ્યો. મારા ચાલી ગયા પછી બિચારી પર કલંક મૂકી વિંધ્યાચળના ઘોર જંગલમાં રખડતી મુકી દીધી.

સુમતિ॰ હા નિષ્ઠુરતા! આ ઘોર જંગલમાં એકલી રખડતી મુકી?

સમુદ્ર॰ મેં પાછા આવીને આ વાત સાંભળી એટલે મારાથી એ ઘરમાં ન રહેવાયું. હું ને મારો મિત્ર એને શોધવા નીકળી પડયા. આ બબ્બે વર્ષથી શોધ કરૂં છું પણ તેનો કયાંઇ પત્તો ન લાગ્યો. હે ભગવાન! હવે આ ભવમાં તેનો મેળાપ નહિ થાય!

( જોરથી એક નિસાસો મૂકે છે. )

નંદ॰ ( કપાળ પર હાથ મુકી ) સ્વામીનાથ!

સમુદ્ર॰ કોણ! એ નંદયંતીના મધુર નાદ કયાંથી?

( ડોક ઉંચી કરે છે. )

( નંદયંતીને જોતાંજ તે બેઠો થઇ જાય છે. ) નંદયંતી? નંદયંતી? તું અહિં કયાંથી?

સુમમિ॰ એ ન હોય નંદયંતી? એ તો છે આર્યબાળા!

નંદ૦ એન! એ તો મ્હારૂં આશ્રમનું ઉપનામ છે. જેનું હું રટણ કરતી તે આ મારા હૃદયના આરાધ્ય દેવ!

સુમતિ૦ તમારૂં સૌભાગ્ય અચળ રહો. ઓ સ્નેહઘેલાં દંપતી! ચાલો હું તમારા રિપુમર્દનને લઇ આવુ છું.
(બંને ખુબ પ્રેમથી ભેટે છે.)

સમુદ્ર૦ પ્રિયા નંદયંતી તું અહિં કયાંથી?

નંદ૦ સ્વામીનાથ! વિંધ્યાટવીમાં રખડી રખડીને વાઘ તથા સિંહના પંજામાંથી બચી એક વખત હું ખડકને કિનારે ચાલતી હતી. ત્યાંથી પગ લપસી પડતાં ભયંકર ખીણમાં પડી. ત્યાંના ભરવાડોએ મારી ખુબ બરદાસ ચાકરી કરી. પછી ત્યાંથી એક જણે રેવાજીના કિનારે ચડાવી અને ત્યાંથી ભીલોના હાથમાં પકડાઇ. ત્યાં મારો ભોગ આપવાની તૈયારી થઇ. એટલામાં સુરપાળ આવ્યો. બિચારો એ મારી પાછળ નીકળેલો ને જંગલીઓના હાથે પકડાઇ પડેલો. તેણે મને બચાવી. રસ્તામાં ભીલોએ તેના પ્રાણ લીધા. ત્યાંથી નાસતાં રસ્તામાં આ પ્રજાપાલક રાજા પદ્મસિંહનો ભેટો થયો. તેમણે અહિં આશ્રમમાં મુકી.

સમુદ્ર૦ અહા આ આશ્રમને પણ ધન્ય છે કે જેણે આપણ બંને દુઃખીને સંઘર્યાં અને મેળાપ કરાવ્યો પ્રિયા! જાણે મારી બધી માંદગી ચાલી ગઇ હોય તેમ લાગે છે.

સુમતિ૦ રિપુમર્દન! બેટા તારા માતાપિતાને પ્રણામ કર
(રિપુમર્દન નમસ્કાર કરે છે. તેને પ્રેમથી લઇને ખોળામાં બેસાડે છે.)

નંદ૦ કુલપતિજી અને રાજા પદ્મસિંહ અહિં આવતા જણાય છે. આશ્રમ જીવનની મર્યાદા આપણે સાચવવી જોઇએ.
(કુલપતિજી તથા રાજા પદ્મસિંહ આવતાં બધા નમસ્કાર કરે છે.)

બધા૦ **नमस्ते गुरुदेव!** પ્રણામ મહારાજા!

કુલપતિ૦ **कल्याणमस्तु।** ભો સમુદ્રદત્ત! તમારી માંદગીના સમાચાર તમારે ત્યાં કહેવડાવતાં આજે તમારા માતાપિતા તથા તમારો મિત્ર સહદેવ ને તેની પત્ની મનોરમા આવી ગયાં છે.

સમુદ્ર૦ કુલપતિજી! આપે મને સર્વસ્વ આપ્યું. સ્ત્રી, પુત્ર, માતા, પિતા ને મિત્ર બધાં આપનાજ પ્રતાપે મળ્યાં.

કુલપતિ૦ મહાનુભાવ! એ સઘળી કૃપા આ પ્રજાપાલક રાજાની છે.

પદ્મસિંહ૦ નહિં, ગુરૂદેવ! એ કૃપા પરમાત્માની છે. હું તે કોણ માત્ર?
(સેવાશ્રમના ઉદ્યાનમાં માતપિતા તથા સહદેવ ને મનોરમા ઉભાં છે. તેમને જઇને સહદેવ, નંદયંતી તથા રિપુમર્દન પગમાં પડે છે. સહદેવને સમુદ્રદત્ત ભેટે છે. મનોરમાને નંદયંતી ભેટે છે.)

કુલપતિ૦ મહાનુભવો! પ્રેમપ્રકાશ પરમાત્માનું સદા સ્મરણ કરજો. અહિંથી લીધેલા ગૃહસ્થાશ્રમના આદર્શ પૂરી રીતે પાળજો ને પ્રસારજો
(સહુએ તેમના પગમાં પડે છે.)

## શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી
### શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ (પ્રાઇઝ)
### દરેક રૂપીઆ ૪૦ નું.
### છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં ફતેહચંદ નિવડેલા જૈન વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા ફંડમાંથી કૉન્ફરન્સ ઑફીસ તરફથી એક સ્કૉલરશિપ છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં-**સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને**, તેમજ બીજી સ્કૉલરશિપ **સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્ક્સ મેળવનાર જૈનને** આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કૉલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ-માર્ક્સ વગેરે સર્વ વિગત સાથે -નીચેના સ્થળે તા. ૧૫-૭-૩૨ સુધીમાં અરજી કરવી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ,
૨૦, પાયધુની, મુંબઇ ૩.
તા. ૧-૬-૧૯૩૨.

**શા૦ રણછોડભાઇ રાયચંદ ઝવેરી**
**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી** સોલિસિટર.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

## सूचना।

कलकत्ता निवासी बाबू पूरणचंदजी नाहर की धर्मपत्नी श्रीमती इन्द्र कुमारीजी के ज्ञान पंचमी तपके उद्यापन में श्री जिनविजयजी-संगृहीत "खरतर गच्छ पट्टावली संग्रह" नामक पुस्तक भेट दी जाती है। जिन महाशयों को प्रति की आवश्यकता होवे निम्न लिखित पतेसे लेलेवें अथवा डाक व्ययादि के लिये दो आनेका टीकिट भेजकर पोष्टसे मंगा सकते है। **श्री गुलाब कुमारी लायब्रेरी.**
४६, इन्डियन मिरर स्ट्रीट, **कलकत्ता।**

કુલપતિ૦
**शिवमस्तु सर्वजगतः**
**परहितनिरता भवन्तु भूतगणाः।**
**दोषाः प्रयान्तु नाशम्**
**सर्वत्र सुखी भवंतु लोकाः॥**
(સંપૂર્ણ.)


## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂા. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂા. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂા. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂા. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂા. ૧-૮-૦ |
| જૈન ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂા. ૫-૦-૦ |
| " " " ભાગ બીજો | રૂા. ૩-૦-૦ |

લખો:-**શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.**
**૨૦, પાયધુની, મુંબઈ ૩.**

# મુંબઇમાં ખૂન, આગ અને લૂંટફાટનું અઠવાડિયુ.

સરકારી પ્રકાશન ખાતાંનો વડો તા૦ ૨૦ મી મેની પોતાની યાદીમાં જણાવે છે કે, ૭ દીવસથી મુંબઇમાં ચાલી રહેલાં રમખાણનું કારણ કાંઇક અજાણ્યું રહે છે. તાબુત માટે માગવામાં આવેલા પૈસા આપવાની હીંદુઓએ મુસલમાન છોકરાઓને ના પાડવાથી આ રમખાણ થયું એમ કહેવાય છે. અને એમ પણ કહેવાય છે કે, એક મુસલમાન છોકરાએ ગાયને મારી તેમાંથી રમખાણ જાગ્યું હતું. બેઉ બનાવ નાગદેવી સ્ટ્રીટની નજીકમાં બનેલા કહેવાય છે.

### આરંભ.

પોલીસને તા૦ ૧૪ મીને દાને સાંજે સાડા ત્રણ વાગે ખબર મળી કે ત્યાં હીંદુઓ અને મુસ્લીમો વચ્ચે મારામારી ચાલી છે. પોલીસ ફોજ તુરત બહાર પડી અને જોયું કે લોકોની નાની નાની ટોળીઓ રસ્તાઓના ખુણા ઉપર ઉભી હતી. કાંઇ મારામારી ચાલતી નહોતી પણ ઉશ્કેરણી ઘણી ફેલાયલી હતી. તુરત પોલીસે પીકેટ ગોટવી દીધા અને હથીઆરબંદ પોલીસની ટુકડી પણ બોલાવી તથા તે વિભાગના ડેપ્યુટી પોલીસ કમીશનર પણ ત્યાં જઇ પુગ્યા.

### મુસલમાનો તરફથી સોડાની બાટલીનો મારો.

આશરે સાંજે સાડાચાર વાગે ખબર મળી કે, નાગદેવી સ્ટ્રીટ ખાતેની હીંદુ મંદીરની નજીકની બાજુની ગલીમાંના એક ઘરમાં રહેલાં મુસલમાનો રહદારીઓ ઉપર પથરા ફેંકે છે ડેપ્યુટી પોલીસ કમીશનર એ ઘરમાં ગયા અને સોડાવૉટરની બાટલીઓની એક પેટી જપ્ત કરી.

### મુસ્લીમ આગેવાનના સરઘસ ઉપર પથરા.

થોડીવાર પછી એક જાણીતા મુસ્લીમ આગેવાનને લઇને નાગદેવી સ્ટ્રીટ ઉપરથી સરઘસ જતું હતું. તેના ઉપર બાજુનાં ઘરોમાંથી પથરા ફેંકાયા અને તેમાંથી હીંદુઓ અને મોહોમેદનો વચ્ચે એ લતામાં જુદે જુદે ઠેકાણે ટંટા થયા. પથરા ફેંકવાનું અને હુમલા કરવાનું સામાન્ય થઇ પડયું અને પોલીસે ટોળાં ઉપર ગોળીબાર કરી તેને જલ્દી વીખેરી નાખ્યું.

### પોલીસ કમીશનરની હાજરી.

એ વખતે પોલીસ કમીશનર પણ ત્યાં આવી પહોંચ્યાં અને પીકેટોની સંખ્યા વધારી પહેરો મજબુત બનાવ્યો. કેટલીક હીંદુ દુકાનો લુંટાઇ હતી પણ સાંજે સાત વાગે પાછી શાંતિ સ્થપાઇ હતી. એ અરસામાં પાંચ માણસ મરણ પામ્યાં હતાં અને ૮૭ જણને ઇજા થઇ હતી એ પછી આખી રાત અને રવીવારે સવારે મામલો શાંત રહ્યો હતો પણ પોલીસ બંદોબસ્ત શીથીલ કરવામાં આવ્યો નહોતો. લશ્કર પણ ઉભેલું હતું.

### રવીવારે પોલીસને બે ઉપાધી.

વડાલાના અગરો ઉપર ધાડ પાડવા માટે રવીવારે સવારના નવ વાગતાનો વખત કોંગ્રેસ તરફથી જાહેર કરવામાં આવ્યો હતો. કોંગ્રેસની હીલચાલમાં જણાતી શીથીલતાં જોતાં જો કે એમ થવું અસંભવીત લાગતું હતું પણ સતાવાળાઓ સને ૧૯૩૦ ના જેવા નામોશીભર્યા દેખાવો ફરીથી બનવા દેવાનું જોખમ ખેડી શકયા નહી. વડા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ અને પોલીસ કમીશનર ૨૫૦ પોલીસ લઇને સવારમાંજ ત્યાં ગયા પણ પોલીસ કમીશનર પાયધુની પોલીસ સ્ટેશન જેના વીસ્તારમાં શનિવારે રમખાણ થયું હતું તેની સાથે ટેલીફોનથી વારંવાર વાતચીત કરતાં હતાં. વડાલા ઉપરની કોંગ્રેસની ધાડ ફારસરૂપ નીવડી અને ૧૧ વાગતા પહેલાં તો પોલીસ કમીશનર અને વડા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ વડાલામાંથી પાયધુની આવવા નીકળ્યાં.

### બહુ અતીશયોક્તિ ભરેલી વાતો.

તેમણે જોયું કે સવારે નવ વાગે એક મુસલમાન સ્ત્રીએ એવી ખબર આપી હતી કે, ચકલા સ્ટ્રીટ ઉપરથી જતાં તેના ઉપર પથરા ફેંકવામા આવ્યા હતા. અને તે પછી એક મુસલમાન છોકરા ઉપર પથરા ફેંકાવાનું પણ કહેવામાં આવ્યું હતું. બેશક આ હકીકત ઘણી અતીશયોક્તિ ભરેલા હતી પણ તે એ લતાના મુસલમાનોમાં ફેલાઇ, મસજીદ બંદર પાસે ટોળાં ભેગાં થયાં અને કેટલીક ઠેકાણેથી હુમલા થયાની ખબર મળી.

### લશ્કરી મદદની માગણી.

પોલીસ કમીશનરને લાગ્યું કે કદાચ ગંભીર ઉપાધી ઉભી થશે; તુરતજ તેમણે લશ્કરી મદદ માંગી અને મળી. એક વાગે રોયલ આઇરીશ ફયુઝીલીઅરસનાં ૧૦૦ માણસ આવ્યાં અને અગત્યના મથકે તેમને ગોઠવ્યાં. થોડા કલાકો સુધી રાહદારીઓ ઉપર હુમલાઓ અને તેમનાં ખુન થતાં રહ્યાં અને ઘણાઓને છરી ભોંકાઇ.

### માધવબાગ પાસે ગોળીબાર.

માધવબાગ પાસેની એ કબરો જે પોતાની હોવાનો મુસલમાનો દાવો કરતાં હતાં તેને જમીનદોસ્ત કરવામાં આવી અને બે મુસ્લીમ રખેવાળોને એટલા તો માર્યા કે આખરે ઇજાઓના સબબે તેઓ મરણ પામ્યા. સાદા પોશાકમાં ફરતાં એક પોલીસ સીપાઇ ઉપર એક મુસલમાને હુમલો કર્યો અને હીંદુઓ ઉપર ઘણે ઠેકાણે હુમલા કરવામાં આવ્યા. તેમને બચાવવાની પોલીસ પીકેટોએ તજવીજ કરી તો ટોળાંએ તેમનાં ઉપર પથરા ફેંકયા અને તેથી ગોળીબાર કરવા પડયા હતા. ટેકસીના હાંકનારાઓ, ટ્રામના કંડકટરો અને ગાડીવાળાઓ ઉપર પણ હુમલા કરવામાં આવ્યા હતા. પોલીસે ઘાયલ થઇને રસ્તામાં પડેલાં ઘણાં માણસોને ઉંચકી લઇ હોસ્પીટલોમાં મોકલી આપ્યા હતાં.

### મામલો વધુ બગડયો.

સાંજે ૭ વાગ્યા પછી મામલો વધુ બગડયો અને રમખાણ બીજા લતાઓ ખાતે પણ ફેલાતું જણાયું વધારાનું ૧૨૫ લશ્કરી માણસ બોલાવ્યું અને સૌથી વધારે જરૂર જણાઇ ત્યાં તેને ગોઠવી દીધું. પોલીસ કમીશનરે જીલ્લાગાંથી હથીયારબંધ પોલીસ પણ માંગી અને જાહેર પ્રજાને લાકડી, છરી વિગેરે લઇને ફરવાની મનાઇ કરી.

### ચીંચબંદરના મારૂતીના મંદીરને આગ.

અગત્યના બનાવોમાં એક એ હતો કે ચીંચબંદર ખાતેના મારૂતીના મદીરને આગ લગાડવામાં આવી હતી. પણ પોલીસે તે બુજાવી નાખી પુજારીને બચાવી લીધો હતો. કબુતરખાના, ચકલા સ્ટ્રીટ, મસજીદ બંદર રોડ, ખોજા સ્ટ્રીટ અને ડંકન

રોડ ખાતે દુકાનો પણ લુંટાઇ હતી સેમ્યુઅલ સ્ટ્રીટમાં એક મકાનને આગ લગાડવામાં આવી હતી અને પોલીસે તે બુજાવવા માંડી ત્યારે હીંદુ ટોળાંએ તેના ઉપર પથરા ફેંકવાથી તેમના ઉપર પોલીસને ગોળીબાર કરવા પડયા હતા. રવિવારે ઘાયલ થયેલાઓની સંખ્યા ૪૦૩ અને મરણ પામેલાઓની સંખ્યા ૨૮ સુધી પહોંચી હોય

## હીંદુઓની રસ્તામાં પડેલી લાશો.

રવિવારે જો કે હંમેશની માફક મોહરમ મજલીસો કાંઈ પણ દખલગીરી વગર ભરાઇ હતી. પણ તે દીવસે આખીરાત અને સોમવારે સવારે કેટલાંક રમખાણો થવાથી પોલીસને ગોળીબાર કરવા પડયા હતાં. પરંતુ પ્રભાત થતાં કેટલાંક હીંદુઓના મુડદાં રસ્તામાં નાખી દેવામા આવેલા મળી આવ્યા હતાં. થોડો વખત જે શાંતિ જણાઇ હતી તે વધુ વખત નભી નહી.

## દુકાનો લુંટાઈ અને બળાઇ.

સવારે આડાઆઠ વાગતાં કાલબાદેવી રોડ, ગીરગામ રોડ અને ભુલેશ્વર રોડ ઉપરની સંખ્યાબંધ દુકાનો તોડીને લુંટવામાં અને બાળવામાં આવી. આખો દીવસ વીકાળ સ્વરૂપનાં ખુન, આગ અને લુંટફાટના બનાવો બનતાજ રહ્યા. પોલીસનું દરેક માણસ કામે લાગેલું હતું અને લોકોના ટોળાંને વીખેરવામાં આવતાં હતાં. લોકોને બચાવવામાં આવતાં હતાં તથા આગ અને લુંટની અટકાયત કરવામાં આવતી હતી. બુંબાઓ અને અનેક એમ્બ્યુલન્સ કારો હરપળે કામમાં રોકાયલી રહેતી હતી.

## મદનપુરાથી ઇસ્લામપુરા જતાં મુસલમાનોને રોકયા.

તે દીવસ રાતના આશરે આઠ વાગે મસીદનો નાશ કરવામાં આવ્યો છે એવી અફવાને પરિણામે મદનપુરા ખાતેથી આશરે ૧૦૦૦ મુસલમાનો ઇસ્લામપુરા ખાતે જતાં હતાં પણ પોલીસ લશ્કરી પાકેટાએ તેમને તાબડતોબ અટકાવવાથી એક ખુના મરકીભર્યું રમખાણ થતું રહી ગયું હતું. તે બાદ એક કલાક પછી આર્થર રોડ જંકશન ખાતે હીંદુઓ અને મુસલમાનો વચ્ચે મારામારી થતાં પોલીસને ગોળીબાર કરવા પડયા હતાં

૭૧ મીલોમાંથી જો કે માત્ર ૬૭ મીલો ચાલતી હતી. પણ મીલ વિસ્તાર ખાતેનો મામલો શાંત હતો.

## નામદાર ગવર્નરની પધરામણી.

બપોરના ના૦ ગવર્નર મહાબળેશ્વર ખાતેથી પધાર્યા અને તે નામદારને સઘળી સ્થિતિ જણાવવામાં આવી.

## વધુ લશ્કરી મદદ.

તે દીવસે બપોરે રોયલ આરટીલરી અને ૪ થી તથા ૮ મી પંજાબી પલટણોએ અને રોયલ આઇરીશ ફ્યુઝીલીઅરસનાં માણસોને છુટાં કર્યાં. પુના ખાતેથી તેમજ બોમ્બે બેટેલીઅન ઓકઝીલીયરી ફોરસની મદદ મેળવવામાં આવી અને લાઇટ મોટર પેટ્રોલનો બંદોબસ્ત કરવામાં આવ્યો.

## સોમવાર મધરાત સુધીની ખુવારી.

સોમવાર તા૦ ૧૬ મીની મધરાત સુધીમાં ૬૬ મરણ નીપજ્યાં હતાં જેમાં ૫૦ હીંદુઓ અને ૧૬ મુસલમાનો હતાં, ઘાયલ થયેલાંઓની સંખ્યા ૯૮૬ હતી જેમાં ૫૬૪ હીંદુઓ, ૪૧૨ મોહોમેદનો અને બાકીના ૧૦ જુદી જુદી કોમનાં હતાં.

## આગ.

સોમવારે આખી રાત રમખાણો ચાલુ રહ્યાં હતાં. મધરાત પછી તુરતજ પાયધુની પોલીસ સ્ટેશન નજીકનાં એક જૈન મંદીરને આગ લગાડવાની તજવીજ કરવામાં આવી હતી પણ પોલીસે વખતસર આવી પહોંચી તે બુજાવી નાખી હતી.

## બુંબાવાળાઓ અને પોલીસની સતામણી.

એક કલાક પછી કેટલાંક મોહોમેદનોએ પરેલ રોડ ઉપરની એક દુકાનને આગ લગાડી હતી. બુંબાવાળાઓને તે બુજવતાં તેમણે અટકાવ્યા પણ તેમને હાંકી કહાડી આગ બુજાવવામાં આવી હતી.

ડંકનરોડ ખાતે મોહોમેદનોનાં એક ટોળાંએ હીંદુઓ ઉપર હુમલો કર્યો હતો. ત્યાંથી પોલીસે ૩૦ હીંદુઓને બચાવી લીધા હતાં. મુસલમાનોએ ત્યાં પોલીસ ઉપર હુમલો કરવાની તજવીજ કરવાથી તેમની સામે ગોળીબાર કરી તેમને વીખેરવા પડયાં હતાં.

એક શસ્ત્રહીન પોલીસ ઉપર અબદુલ રહેમાન સ્ટ્રીટમાં પથરા અને સોડાની બાટલીઓ ફેંકાઈ હતી અને ટોળું એકઠું થવાથી તેના ઉપર ગોળીબાર કરવા પડયાં હતાં.

## રાતે વારંવાર કરવા પડેલા ગોળીબાર.

આખીરાત છુટા છવાયા હુમલાઓ થતા રહ્યા હતા. મોટી મોટી ટોળઓ વચ્ચે મારામારીઓ થતી હતી અને પોલીસને વારંવાર ગોળીબાર કરવા પડતાં હતા. સવાર પડતાં મરાઇ ગયેલાં માણસોની વધુ લાશો હાથ આવી હતી.

## મંગળવાર–મેજીસ્ટ્રેટના ફરમાન.

મંગળવારે સવારે વડા પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટે પાંચ કરતાં વધુ માણસના ટોળા ભેગા થવાની અને રાતમાં કોઇએ ફરવા કે ભટકવાની મનાઇ કરનારા ફરમાન લગભગ આખા શહેર માટે બહાર પાડયાં. બપોરે ૪ વાગે ભીંડી બજાર ખાતે એક સારજંટને ખબર મળી કે ઇમામવાડા ખાતે એક હીંદુની લાશ પડેલી છે, જેનું ગળું કાપી નાખવામાં આવ્યું છે.

## પઠાણોનું ઝનુન.

હથીઆરબંધ પોલીસ લઇને સારજંટ ત્યાં ગયો અને ૧૫ પઠાણોને તેઓ ખુનમાં સંડોવાયલા હોવાનું માનીને તેને પકડયાં. તેમાંના એક પઠાણે છટકી જઇને બે પોલીસ સીપાઇઓ ઉપર હુમલો કર્યો અને ડેપ્યુટી ઈન્સ્પેકટર ટવીસનાં રહેઠાણમાં ઘુસ્યો. મીસીસ ટવીસે ચીચીયારી પાડી મદદ માંગી તેથી એક સારજંટ ત્યાં દોડી ગયો તો જોયું કે પઠાણ એક નોકરને મારતો હતો. પઠાણ તે સારજંટ સામે ધસવાથી સારજંટે તેને ગોળી મારી અને પાછળથી એક પઠાણ મરણ પામ્યો હતો.

બીજા પઠાણોએ આ ગડબડનો લાભ લઇ નાસવાની તજવીજ કરી અને માણસો ઉપર હુમલો કરી રીવોલ્વરોનો કબજો મેળવવા ઝનુની પ્રયાસ કર્યો. આજુબાજુ લોક ઘણું ભેગું થએલું હોવાથી લશ્કરે ગોળીબાર નહી કરતાં બેયોનેટનો ઉપયોગ કરી કેદીઓને થકાવ્યા.

મોહોરમને કારણે ૧૮ તથા કામદારો નહી હોવાથી ૧૬ મીલો તે દીવસે બંધ રહી હતી.

## મીલ વીસ્તારમાં પણ અશાંતી.

તા. ૧૬ મી સુધી મીલ વીસ્તાર શાંત હતો પણ તા. ૧૭ મીએ બી. બી. સી. આઇ. નાં વર્કશોપ સામે હીંદુઓએ બે

મુસલમાનોને મારી નાંખ્યા હતા અને નાયગામ ખાતે એક મોહોમેદને ૧ હીંદુ ને મારી નાંખ્યો હતો અને ભોઇવાડા વીભાગમાં એક મોહોમેદનને પણ મારી નાંખવામાં આવ્યો હતો.

ભાયખલા વીભાગમાં મુસલમાનોએ હીંદુઓ ઉપર અને ડીલાઇલ રોડ વીભાગમાં હીંદુઓએ મુસલમાનો ઉપર હુમલા કર્યા હતા. કરીરોડ ખાતે હીંદુઓએ મુસલમાનને ઉપર ત્રણ વખત હુમલા કર્યાં હતાં. આથી મીલ મજુરો વચ્ચે પણ અશાંતી ફેલાઇ હતી.

આ વખતે વધુ લશ્કર આવી પહોંચ્યું હતું.

તા. ૧૭ મી મધરાત સુધીમાં ૯૬ જણ મરણ પામ્યાં હતાં, જેમાં ૬૮ હીંદુઓ અને ૨૮ મોહોમેદનો હતાં. તે વખતે ઇજા પામેલાં ૧૩૦૭ હતાં જેમાં ૬૮૪ હીંદુઓ અને ૬૦૯ મોહોમેદનો તથા ૧૪ બીજી કોમનાં હતાં.

### મસ્જીદ ઉપર પથરા.

મંગળવારે રાતે મામલામાં ચોક્કસ સુધારો થવા લાગ્યો પણ મીલ વીસ્તાર માટે ચીંતા રહેવા લાગી. કેમકે પરેલ, કાલાચોકી રોડ, કલાર્ક રોડ ઉપરથી મુસલમાનો ઉપર સંખ્યાબંધ હુમલા થવાની ખબરો મળી. કાલાચોકી વીભાગમાં એક મસ્જીદ ઉપર હીંદુઓએ પથરા ફેંકવાથી ગોળીબાર કરવા પડયાં હતાં.

### વીઠોબાના મંદીરની મુર્તિઓનું ખંડન.

સાઉટર સ્ટ્રીટમાંના વીઠોબાના મંદીરના માલીકે ખબર આપી કે ગતના આજાણ્યા માણસોએ મંદીરમાં ઘુસી મુર્તિઓનું ખંડન કર્યું છે.

થોડીવાર પછી કાલબાદેવી ગાયવાડી ખાતે મોહોમેદનો ઉપર બે હુમલા થયાની ખબર મળી.

સેન્ડહર્સ્ટ રોડ ઉપર મોહોમેદનો હીંદુઓ ઉપર છરીઓથી હુમલા કરતાં હતા. તેમના ઉપર ગોળીબાર કરવા પડયાં હતા

ભુલેશ્વર ખાતે મોહોમેદનો ઉપર અનેક હુમલા થયા હતા.

### હેઇન્સ રોડ ઉપર ખુન.

બપોરે હેઇન્સ રોડ ઉપર હીંદુઓનાં એક ટોળાએ પઠાણોની ચાલી ઉપર પથરા ફેંકયાં હતા તેમને ગોળીબાર કરી વીખેરવા પડયાં હતા અને એક પઠાણનું મુડદું ટરકીરેડ ડાઇ વર્કસની પાછળ દરીયા કીનારેથી મળી આવ્યું હતું.

ડીલાઇલ રોડની મસસ્જીદ ઉપર પથરા ફેંકયાં હતા અને આખો દીવસ હીંદુઓ અને મોહેમેદનો વચ્ચે મારામારીઓ થતી રહી હતી. દુકાનો લુંટનારાં ટોળાંઓ ઉપર બીંડીબજાર તથા દાદી શેઠ અગીઆરી લેન ખાતે ગોળીબાર કરવા પડયા હતા. લાલબાગ ખાતે એક યાહુદીને હીંદુઓએ છરી મરી હતી. ભવાનીશંકર રોડ ઉપરની મસજીદ ઉપર પથરા ફેંકયા હતા.

સન મીલ ગલી, જ્યુબીલી મીલ અને રે રોડ બ્રીજ નજીકથી લાશો મળી આવી હતી. રાત પડયા પછી બીંડીબજાર ખાતેથી ગોળીબાર કરીને મોહોમેદન તોફાનીઓને વીખેરવા પડયા હતા. ધનજી સ્ત્રીટમાં એક પોલીસ સીપાઇને પથરો મારવામાં આવ્યો હતો.

ફીયર રોડ ઉપરની એક મારવાડીની દુકાન તોડવા મવાલીઓએ તજવીજ કરી હતી પણ પોલીસના પ્રયાસથી તેઓ તેમ કરી શકયા નહોતા.

### તા. ૧૮ મી બુધવાર-મવાલીઓની ધરપકડ.

બુધવારે વરલી ખાતેની ત્રણ ચાલીઓને કબ્જામાં ફેરવી નાખી ઝડપબંધ મવાલીઓને પકડવામાં આવ્યાં હતાં. તે દીવસ મધરાત સુધીમાં ૧૨૩ મરણ નીપજ્યાં હતાં, જેમાં ૮૩ હીંદુ અને ૪૦ મોહોમેદનો હતા. કુલ્લે ઇજા પામેલા ૧૪૬૫ હતાં, જેમાં ૭૫૫ હીંદુ અને ૬૯૨ મોહોમેદન હતાં.

### તા. ૧૯ મી ગુરૂવાર.

ગુરૂવારે શહેરના દક્ષિણ ભાગમાં ખુલ્લો સુધારો જણાયો હતો. પાયધુની સુધી ટ્રામ ગાડીઓ દોડવા લાગી હતી. પણ ઉત્તર વિભાગ-મીલ વિસ્તાર-ખાતેની સ્થિતિ એટલી સારી નહોતી ૪૬ મીલો બંધ હતી. ત્યાં અનેક ખુન, હુમલા અને મારામારીઓ થઇ હતી. ડીલાઇલ રોડ ઉપર ૧૮ માણસ પોલીસ આવી પુગતાં પહેલાં ઘવાયાં હતાં. પોલીસે સંખ્યાબંધ માણસોને પકડયાં હતાં. ૪૫૦ મવાલીઓને અત્યાર સુધીમાં પકડી વરલી ખાતે રાખવામાં આવ્યા છે. તે દીવસની મધરાત સુધીમાં કુલ્લે મરણ ૧૩૮ (૮૯ હીંદુ અને ૪૯ મોહોમેદના) અને ઇજા પામેલાંઓની સંખ્યા ૧૬૦૧ (૭૯૭ હીંદુ અને ૭૮૩ મોહોમેદન અને બાકીના બીજી જાતોનાં) હતાં.

વધુ લશ્કર આજે-પણ બોલાવવામાં આવ્યું હતું.

તા. ૨૦ મી શુક્રવાર-આજે સ્થિતિ વધારે સુધરેલી જણાય છે.

### મામલાને પુગી વળવાનાં પુરતાં સાધન.

આ વિગત ઉપરથી રમખાણોની ગંભીરતા સમજી શકાય તેમ છે. આ કામ પ્રથમ તો પોલીસનું હોવા છતાં લશ્કરીની મદદ કીંમતી નીવડી છે. પોલીસ અને લશ્કરે આગ અને લુંટ અટકાવવામાં તથા સંકટમાં સપડાયલાં કુટુંબોને ખસેડવામાં અને મવાલીઓને પકડવામાં સહકારથી કામ કર્યું છે. સરકારને ગંભીર મામલાને પુગી પુગી વળવાનું છે પણ તે હાથ બહાર ગયો નથી. જાહેર પ્રજાએ ખાત્રી રાખવી કે સરકાર પાસે પુરતાં સાધનો છે અને તે કેવાં પગલાં પડેલી તકે ભરવાં તે પુરતી રીતે સમજી શકે તેમ છે.

સરકારી પ્રકાશન ખાતાના વડા તરફથી ગઇ તા. ૨૧ મીએ બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, શનીવારે પણ મામલો સુધરતો રહ્યો હતો. ટ્રામ વગેરે વાહનો શહેરમાં છુટથી ફરતાં હતાં જો કે કામકાજ સામાન્ય રીતે શરૂ થયું નથી પણ ઘણા ખરા લતાઓ ખાતે દુકાનો ઉઘડી હતી અને વીશ્વાસની લાગણીમાં વધારો થયેલો જણાતો હતો. હોસ્પીટલમાં માત્ર એક માણસને થએલી ઇજા માટે સારવાર કરવી પડી હતી. પણ કાલાચોકી ખાતે છરી ભોંકાવાથી મરણ પામેલા એક શખ્સની લાશ મળી આવી હતી. ૭૧ માંથી ૫૭ મીલો કામ કરતી હતી અને મીલ વીસ્તાર શાંત હતો. કરફ્યુ ઓરડરમાં પણ તેનો અમલ રાતના ૮ થી સવારના ૬ સુધીનો ઠરાવ્યો હતો તે બદલીને રાતના ૧૦ થી સવારના ૬ નો ઠરાવવામાં આવ્યો છે. વધુ મવાલીઓને પકડવામાં આવ્યાં હતા. ૬૮૩ માણસો રમખાણ દરમ્યાન પકડાયાં હતા અને બીજાઓને શક ઉપરથી પકડયાં હતા. પોલીસના કબજામાં અત્યાર સુધીમાં કુલે ૧૪૦૦ માણસો છે.

( અનુસંધાન પૃષ્ઠ ૮૦ ઉપર )

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGH' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું. | તા. ૧૫ મી જુન ૧૯૩૨. | અંક ૧૨ મો.

# વિ...વિ...ધ.......વ...ર્ત...મા...ન.

મુંબઇમાં કેટલાક દિવસની શાંતિ પછી ગત શનિ-રવિવારના દિવસે ફરીથી હુમલાઓ થયા હતા. મવાલીઓ દારૂ પીને આ તોફાન તે દિવસે કરે છે એમ કેટલાકો માને છે.

યુવક હૃદય સમ્રાટ પંડિત જવાહિરલાલ નહેરૂને બરેલી જેલમાંથી દેહરાદૂન ખાતે ખસેડવાનો હુકમ ફરમાવવામાં આવ્યો છે......લીબરલ રાજદ્વારી આગેવાન ફિરોઝ શેઠનાએ એક યાદીમાં જણાવ્યું છે કે ઇંગ્લાંડ અને હિંદ વચ્ચે ભલી લાગણી પેદા કરવાનો એકજ માર્ગ પ્રાંતો અને મધ્યસ્થમાં જવાબદાર સરકાર દાખલ કરવાની યોજનાને સંપૂર્ણ કરવાનો છે. જ્યાંસુધી અનીવાર્ય અને જરૂરી ખોળાધરીઓ સાથેની હિંદમાં પ્રાંતિક અને રાષ્ટ્રિય સરકારોને સંપૂર્ણ જવાબદારી દાખલ કરવામાં નહિં આવે ત્યાં સુધી દેશની હાલની પરિસ્થિતિ રહેજે સુધરવાની નથી. આ વાતને બાજુએ રાખતાં મધ્યસ્થ સરકારમાં જવાબદારી દાખલ કર્યા વિના પ્રાંતિક સ્વરાજ્ય આપવાથી સરકાર વચનભંગ થશે......પ્રકટ થએલ સમાચારો મુજબ કાઠીયાવાડમાં કેટલાક મવાલીઓ અમુક રાજ્યમાં હિંદુ-મુસ્લિમ ઝગડા કરાવવા પ્રયત્નો કરી રહ્યા છે.........કાનપુર અને દિલ્હીમાં સખત ગરમીથી કેટલાંક મરણ નોંધાયા છે......બેંગાલ જીલ્લાના માજીસ્ટ્રેટ અને પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટપર રાજશાહીથી ફરીદપુર ટ્રેઈનમાં જતાં બોમ્બ ફેંકાયો હતો. ......ઇમ્પીરિઅલ બેંક ઑફ ઇન્ડિયા મુંબઇની બોર્ડના માજી પ્રેસિડેન્ડ ઇ. જે. બનબરીએ ચાંદીની પેદાશ ઉપર અંકુશ મુકવા માટે દુનિયાના દેશો એ અરસપરસ કોલ કરાર કરવા, હિંદુસ્તાનની સરકારે અમુક ભાવની નીચે ચાંદી બિલકુલ વેંચવી નહી-ચાંદીનો અમુક ભાવ હોય ત્યારે અમુક ઠરાવેલા જત્થાથી વધારે ચાંદી વેચવી નહીં, ચાંદીને દુનીયાના દેશોના ચલણમાં ફરી પાછી ચાલુ કરવા "ફીનેન્શ્યલ ટાઇમ્સ" માં ભલામણો કરી છે.........શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ જેમને બે વર્ષની સખ્ત સજા કરવામાં આવી છે. તેના રીવીઝન માટે મુંબઇની હાઇકોર્ટમાં અરજ કરવામાં આવી છે. સુનાવણી જુલાઇ માસમાં થશે....અમદાવાદમાં "ગુજરાત પ્રાંતિક પરિષદ્" નું અધિવેશન ભરવા માટે મનાઇ કરવામાં આવી હતી, છતાં તા. ૧૪ મી જૂનના દિવસે સાબરમતીની રેતીમાં તેની બેઠક શ્રી નારીએલવાલાના પ્રમુખપણા હેઠળ મળી હતી. તેજ દિવસે શહેરમાં ઠામઠામ સરઘસો નિકળ્યાં હતાં અને નાની સભાઓ મળી હતી. લગભગ ૫૦૦ ની ધરપકડ થઈ છે.........દરીયાપારના વેપારના ગયા મે માસના આંકડા પરથી જણાય છે કે આગલા મહીના (એપ્રીલ) ની પાઉન્ડ ૫૩૪૮૭૧૮૭ ના કીંમતની અને ગયા વરસના મે માસની પાઉન્ડ ૬૯૬૨૭૪૮૪ ની કીંમતની આયાત સાથે સરખાવતાં ગયા મે માસમાં પાઉન્ડ ૫૫૭૩૫૩૪૪ ની કીંમતની આયાત થઇ હતી. મે માસની નીકાસ ગયા એપ્રીલ માસની પાઉન્ડ ૩૯૪૨૩૦૯૮ ની કીંમતના અને ગયા વરસના મે માસની પાઉન્ડ ૩૯૬૪૨૨૮૪ ની કીંમત સાથે સરખાવતાં પાઉન્ડ ૩૪૫૯૫૫૨૪ ની થઇ હતી. નીકાશ થયલો તૈયાર માલ ૧૯૩૧ ના મે માસ કરતાં પાઉન્ડ ૩૫૯૩૮૪૪ જેટલો ઓછો નીકાશ થયો હતો. આમાં એન્જીનો સુદ્ધાં વાહનો, સ્ટીમરો, યંત્રો અને લોખંડ અને પોલાદની જણસોની પાઉન્ડ ૩૨૯૬૦૮૭ ની કીંમતના ઓછા નીકાશ થયેલા માલનો સમાવેશ થાય છે. સુતર અને સુતરાઉ કાપડની નીકાશમાં પાઉન્ડ ૯૪૭૩૬૦ ની કીંમતનો માલ વધુ નીકાશ થવા પામ્યો હતો.

જીનીવા ખાતે મળેલી આંતર રાષ્ટ્રીય કામદાર પરિષદના એક હીંદી પ્રતીનીધી દીવાન ચમનલાલે જણાવ્યું છે કે હીંદના રાજદ્વારી આગેવાનો જેઓ તુરંગની બાહેર છે તેઓ ગમે તે પક્ષના હોય તો પણ તેમણે સયુક્ત નીવેદન બાહેર પાડી જણાવી દેવું જોઇએ કે અમને એકલા પ્રાંતીક સ્વરાજ્યની યોજનાથી સંતોષ થશે નહી પણ સંયોજીત રાજ્યતંત્ર મળે કે નહી મળે તો પણ મધ્યસ્થ રાજતંત્રમાં જવાબદારીનું તંત્ર

( અનુસંધાન પૃ. ૮૯ ઉપર જુઓ. )

**उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

# જૈન યુગ.

તા. ૧૫-૬-૩૨. બુધવાર.

## સ્થાનકવાસી સાધુ સંમેલન.

મુનિસંમેલનની આવશ્યકતા સ્થાનકવાસી જૈન સંપ્રદાયે સ્વીકારી તે ભરવાના પ્રયત્નો કર્યા છે અને મહા મુનિસંમેલન એકત્રિત કરવાના પ્રયાસ ચાલુ રાખ્યા છે. હમણાં રાજકોટ મુકામે ગત માર્ચ માસમાં પ્રાંતિક સાધુ સંમેલનની પૂર્ણાહુતિ થઇ તેમા તે સંપ્રદાયના ગૂજરાત કાઠિયાવાડના છ સંઘાડાના સાધુઓનું મિલન થયું અને અનેક ઠરાવો આપસઆપસમાં કરી સંગઠનની પ્રાથમિક શરૂઆત કરી છે. તે ઠરાવોનું અક્ષરશઃ પ્રકાશન થયું નથી પણ તેનો સાર 'જૈન પ્રકાશ'ના ૧૩-૩-૩૨ ના અંકમાં પ્રકટ થયો છે.

ઠરાવો માત્ર કરવાથી ને કાગળ પર રાખવાથી કંઇ વસ્તુતઃ સરવાનું નથી. તે પળાવવા માટે પીઠબળ ઉભું કરવું જોઇએ. અમરેલીના બુદ્ધિશાળી શ્રીમંત રા. દામોદરભાઇના શબ્દો એ છે કે 'ગાદી પતિઓએ પોતાની સત્તાના કારણે, અભિમાનથી શ્રી સંઘનાં સંસારી અંગોની ઉપેક્ષા કરી અને નાનાં માણસોએ પક્ષબળ હાથ કરીને ગાબડાં પાડયાં. શ્રી સંઘના સંસારી પક્ષે અંધશ્રદ્ધાથી ગુરૂ આદિના દોષો ન જોવાય એમ માન્યું. પરિણામે મારા તારા કર્યા. છેવટમાં શ્રી સંઘનું બંધારણ તુટયું. સાધુ સંમેલનથી બંધારણ થઇ શકે તો તેનો અમલ કરવાને પીઠબળની ખામી છે. અત્યારના સમયમાં પાંચ પૈકીનાં ચાર શાસનો-ધર્મશાસન, ન્યાયશાસન, કીર્ત્તિ અપકીર્તિ એટલે વ્યવહાર, અને લજ્જા નષ્ટ થયેલ છે. પાંચમું દંડશાસન-ભયનેજ લોકો અત્યારે માને છે. આવા સંયોગમાં પીઠબળ વિનાના ઠરાવો પત્ર ઉપરજ રહે છે. તે પીઠબળ શ્રી સંઘના સંસારી અંગમાંથી ઉભું થાય ત્યારે બની શકે, પણ એ અંગ કહેવાતા સાધુઓએ વિદીર્ણ કરી મેલ્યું છે,-આ પીઠબળ પાછું બળવાળું થાય અને અમુક પ્રસંગે શ્રાવક શ્રાવિકાને પણ સાધુ સાધ્વીને માર્ગ વિમુખ ન થવા માટે આજ્ઞા કરવાનો હક્ક છે અને શાસ્ત્રમાં માતા, પિતા બંધુ અને મિત્ર તુલ્ય એમ ચાર પ્રકારના શ્રાવકો એટલા માટે કહેલા છે. ખાસ કરી હાલ એ સ્થિતિ છે કે જો શ્રાવક સંઘ જોરદાર હોય તો સાધુ સંઘના ઠરાવો તેમની પાસે પળાવી શકાય. આ કારણે પહેલો ઠરાવ એ કરવામાં આવ્યો છે કે:—

હાજર રહેલા છયે સંપ્રદાયોનું સંગઠન ને તે નિભાવવા નિયમો બાંધી તેના સંચાલન માટે સાધુ સમિતિ નીમી છે અને નિયમોના પાલન માટે પીઠબળ રૂપે શ્રાવક સમિતિ સ્વીકારી છે. (ઠરાવોમાં સંઘાડા માટે 'સંપ્રદાય' શબ્દ વાપર્યો છે તે ઠીક નથી કર્યું.)

એક સંઘાડાના સાધુઓ એક ઠેકાણે ચાતુર્માસ કરે ને તેજ ઠેકાણે બીજા સંઘાડાના ચાતુર્માસ કરે-મુખ્યપણે શહેરોમાં ચોમાસાં થાય, નાનાં નાનાં ગામોમાં સ્થિતિ રહે નહિ, ને ત્યાં વિહારપણ ન થાય. દરેક પોત પોતાની ઇચ્છા મુજબ ચોમાસાં કરે તેમાં ગાદી પતિનો અંકુશ હોય નહિ, 'જહા સુહં દેવાણુ પ્પિયા' એ જાતની સ્થિતિ રાખવામાં આવે આથી અનેક અવ્યવસ્થાઓ થાય છે, તો તેવી થતી ઘણી અથડામણો અટકે, પરસ્પર સહકાર વધે, અને દરેક સ્થલે ચાતુર્માસ કરનાર 'સાધુઓ માટે તે સ્થલ'ના ગાદી પતિની આજ્ઞા લેવામાં આવે વગેરે માટે નિયમો બાંધવામાં આવ્યા તે બીજો ઠરાવ છે.

ત્રીજામાં 'સંપ્રદાયે નહીં સ્વીકારેલા અને સ્વચ્છંદપણે વિચરતા 'સંતો'ને સુધરવાની તક આપવી અને છતાં ન સુધરે અને જે ક્ષેત્રો તેમની શિથિલતાને પોષી ચાતુર્માસ કરાવે તે તે ક્ષેત્રોનો સર્વ સંપ્રદાય વાળાએ બહિષ્કાર સ્વીકાર્યો છે.'

આમાં એકલ વિહારી, ગચ્છત્યાગી, સ્વચ્છંદીઓનો સમાવેશ થાય છે. આવા પૈકી આત્માર્થી અને કેવલ આત્મલક્ષી મુનિ વિરલજ હોય છે. અને તેટલા માટે પછીના ઠરાવ ચોથામાં ઓછામાં ઓછા બે સાધુ અને ઓછામાં ઓછી ત્રણ આર્યાજીએ સાથે વિચરવાની વ્યવસ્થા કરી છે.

ખાવા પીવાના વ્યવહાર માટે સહભોજન કરવું તે માટે જૈન પરિભાષામાં 'સંભોગ' શબ્દ વપરાયો છે. શ્રાવકો-બધી જાતના શ્રાવકો-'નવકાર' મંત્ર ભણી જાણનારા સર્વે સ્વામી વાત્સલ્ય કરી એક સાથે જમણ કરી શકે અને હજારો એક વાડી કે વંડામાં આવી એકી વખતે જમી શકે, જ્યારે જુદા જુદા ગચ્છ, શાખા કે સંઘાડાના સાધુઓ બે ચાર હોય તે પણ એક સાથે ભોજન લઇ ન શકે, એ માટે કયો શબ્દ વાપરવો? મહાવીર પ્રભુના ચતુર્વિધ સંઘના શ્રમણ સંઘમાં આટલી પણ હૃદય વિશાલતા ન હોય? આ માટે પાંચમાં ઠરાવમાં 'સંગઠિત થયેલા સંપ્રદાયોમાં બાર માંહેલા નવ સંભોગો ખોલ્યા છે પરંતુ અભ્યાસ નિમિત્તે રહેલા વિદ્યાર્થી-મુનિઓ માટે બારે સંભોગ સ્વીકારવાની ઉદારતા બતાવી છે.

છઠામાં 'સમકિતની અદલી બદલીપર અંકુશ મુકયો છે' આનો અર્થ સમજવામાં કેટલાક વાચકને મુશ્કેલી પડશે, તો સમજાવવાની જરૂર છે કે જેમ અન્ય દર્શનીઓ 'ગુરૂમંત્ર' આપે છે તેમ આ સંપ્રદાયમાં કેટલાક સાધુ સાધ્વીઓ 'સમકિત' આપે છે કે તમે અમારા શ્રાવક કે શ્રાવિકા જ્યારે વળી બીજા આવી તે બદલાવી નાંખી પોતાના શ્રાવક કે શ્રાવિકા પોતા તરફથી 'સમકિત' આપી કરી લે છે શું 'સમકિત' સમ્યગ્દર્શનનો વિપર્યય!! સમ્યગ્દર્શનનું ચોથું ગુણસ્થાન તો હજુ હજારો ગાઉ દૂર હોય છે ત્યાં આપવા લેવાની કે અદલા બદલીની વાત કેવી રીતે થાય? પણ ગાડરીઓ પ્રવાહ ચાલ્યો તે ચાલ્યો. અંધશ્રદ્ધાનાં પૂર વહ્યે જાય ત્યાં સમ્યગ શું કે મિથ્યાત્વ શું તેની સમજણ નથી હોતી-અને પરિણામે મિથ્યાત્વનું પોષણ થાય છે.

સાતમામાં સર્વ સ્થળે એકજ સંવત્સરી પખ્ખીની યોજના મહાસંમેલન નકકી કરે તે સ્વીકારવી. આઠમામાં દીક્ષા સંબંધી ના નિયમ ઘડયા છે. શું ઘડયા છે તે બહાર પાડયા નથી પણ

જણાવ્યું છે કે પાત્રની પૂરી પરીક્ષા થાય, અભ્યાસ અને અનુભવથી લાયક થાય તે બાદ મહાસંમેલન ઉપર ઉમર સંબંધીનો નિર્ણય છોડયો છે. આ દીક્ષાનો સવાલ ચર્ચાસ્પદ નિવડયો. પંદર વર્ષથી ઓછી ઉમરનાને દીક્ષા ન આપવી. ઉમર અતિ મોટી નહિ અને અતિ નાની નહિ એવી જોઇએ. તે તે મહા સંમેલન નક્કી કરે તો સારૂં અને એ નક્કી થયું કે બીજી કમીટીઓની એરણે પાત્રની પરીક્ષા કર્યા પછીજ અને તે પણ સંઘ અને સંપ્રદાયના અગ્રેસરોની મંજુરીથી દીક્ષા આપવાનો ઠરાવ થયો. 'યોગ્ય દીક્ષા'ની વિરૂદ્ધ કોઇપણ સમજુ હોઇ શકે નહિં અને છે નહિ. જે ખટકે છે અને જેનાથી સમાજમાં કોલાહલ મચી રહે છે તે 'અયોગ્ય' દીક્ષા છે તેને સીધી કે આડકતરી રીતે પોષવાથી અને તેની સામે આંખમિંચામણાં કરવાથી જે કલેશ, ઉદ્વેગ, શોક અને છિન્ન ભિન્નતા ઉપસ્થિત થયેલ છે તેનો વિચાર અને નિર્ણય દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ સંજોગાદિને ધ્યાનમાં લઇ કર્યેજ છૂટકો છે. પંદર વર્ષની નીચેનાને ન આપવી એવો પ્રાંતિક સંમેલને ઊહાપોહ કર્યો, પણ શાસ્ત્રમાં જે પૂર્વે ૧૬ વર્ષ સુધી સગીર વય ગણાતી તે ૧૬ વર્ષ આપેલ છે અને હાલના કાયદામાં ૧૮ વર્ષ સુધી સગીર વય ગણેલી છે તો ૧૮ વર્ષની અંદરના સગીર વયનાને દીક્ષા ન આપવી એવો નિર્ણય મહાસંમેલન કરે તો તે જમાનાને તદ્દન બંધ બેસતો છે

નવમામાં સ્થળ અને કલ્પનો વિચાર કરી સાધુઓનાં શિક્ષણ માટેની સંસ્થા સ્થાપવા વિચારણા કરી છે. ગુરૂઓ શિષ્યોને હંમેશાં અમુક વખત સુધી સતત્ અધ્યાપન કરાવતા એ આવશ્યક પ્રણાલિકા હાલ જોવામાં નથી આવતી. વ્હોરવાનું વખાણ સાંભળાવું અને ક્રિયા આદિમાં ગુંથાઇ રહેવાનું ચેલાઓના ભાગે સાંપડે છે અને જ્ઞાન વધારવાનું, શાસ્ત્રમાં પારંગત થવાનું, અન્ય દર્શનો નિહાળવાનું અને અન્ય દેશીય સાહિત્યમાં ભરેલ સમૃદ્ધિ જોઇ જવાનું સૂઝતું નથી. આ દશા દૂર કરવાની અને ખરા ધર્મોપદેશક તરીકે જૈન સાધુએ નિવડવાની મોટી જરૂર છે બીજા ઠરાવોનું ટુંક દિગદર્શન હવે પછી જોઇશું.

—મોહનલાલ દ. દેશાઇ.

( અનુસંધાન પૃ. ૮૭ ઉપરથી. )

દાખલ કરો. તેમણે જણાવ્યું કે ઓર્ડીનંસો એકદમ ખેંચી મહાત્મા ગાંધીજીને છોડી આરંભ કરવો ઘટે છે. આથી મામલો સુધરશે તે પછી કોમી સમજુતી થવી જોઇએ.

યુરોપના મામલાના અવલોકનને પરીણામે તેમણે જણાવ્યું કે યુરોપ નાદાન થઇ આર્થીક પાયમાલીની અણી પર છે અને તેના ધડાકાનો અવાજ આખા જગતમાં સંભળાશે. જો હીંદી સવાલનો નીકાલ નહી થાય તો દેશનો આર્થીક મામલો વધુ ગંભીર બનશે અને તેની અસર હીંદની રાજદ્વારી અને સામાજીક સ્થીતી પર નહી પણ જગતના પુનરોધ્ધાર પર પણ થશે

## કંકુને ચાંદલે લગ્ન.

જૈન કુમારિકા, સોળ વર્ષની ભણેલી ગણેલી પાક શાસ્ત્રમાં પ્રવિણ, ધર્મમાં નિપુણ—એક સારી ચાલ ચલગતવાળા—કેળવાયેલા, રૂા. ૨૦૦) થી ઉપર માસીક આવક ધરાવનારા ૨૦ થી ૨૫ વર્ષની અંદરના યુવાનને કંકુને ચાંદલે આપવી છે. ઉમેદવારોએ તાકીદે ફોટા સાથે અરજી કરવી. લખોઃ—મેનેજર "વિશ્વવા."

ગૌમુખ ભુવન, માંડવી, મુંબઇ નં. ૩.

# આચાર્યના ગુણ.

(લેખકઃશ્રી રતિલાલ ભીખાભાઇ, ગિરગાવ, મુંબઇ.)

## नमो आयरियाणं.

ધન્ય હો! નમસ્કાર હો! આચાર્ય મહારાજને કે જે બાળ જીવોને કષાયો ઓછા કરવા માટેના રસ્તા બતાવે છે. મુનીચંદ્રસૂરિ લખે છે કેઃ—

वहिन पडिवन्न चरित्तो
गीयध्थो वच्छलो सुशीलोय
सेवीय गुरुकुल वासो
अनुवत्ति परो गुरु भणियो ।

**વિહિપડિવન્ન ચરિત્તો** એટલે વિધિ પ્રમાણે ચારિત્ર અંગીકાર કરેલું. અહીંયાં ટીકાકાર લખે છે કે વિધી એટલે સારૂં ચોઘડીયું તેમજ વડીલ વર્ગના સંમતીથી જેમણે ચારીત્ર અંગીકાર કરેલું છે તેવા આચાર્ય મહારાજને નમસ્કાર હો.

**ગીયથ્થો** એટલે ગીતાર્થ અત્યારે જૈન સમાજમાં ઘણાઓ ગીતાર્થનો સંખ ફુંકી રહ્યા છે પણ અહીહંતના ચાર ગુણ કહેવાય કે વધારે? બાર ગુણો અહીહંતના પરાપુર્વથી ચાલતા આવે છે તેનો સુત્ર અને અર્થ સાથે ખુલાસો માંગવામાં આવે ત્યારે ચાર ગુણ અરીહંતના બોલનારને હાડકાના માલામાં રહેવાની તેમજ નાસ્તીક અને અધર્મીની ઉપમા આપનાર ગીતાર્થ કહેવાય નહી કારણકે ગીતાર્થનું કર્તવ્ય પ્રેમથી પુછનારને સુત્ર અર્થ પોતે જાણકાર હોઇ તેના પ્રમાણો સાથે ખુલાસો આપે તેનેજ ગીતાર્થ આચાર્ય કહેવાય અને તેવા ગીતાર્થ આચાર્યને કોટીવાર વંદન હો.

**વચ્છલો** વાત્સલ્યગુણ યુકત એટલે મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કારૂણ્ય ભાવના સહિત હોય તેવાજ આચાર્યોને વંદન કરવામાં આવે તો આપણા પોતાના આત્મામાં ધીમે ધીમે મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કારૂણ્ય ભાવના ઉત્પન્ન થાય છે બાકી જે આચાર્યમાં વાત્સલ્યગુણ નથી તે બીજાને શું આપી શકવાના હતા? હમણાં પત્રમાં વાંચ્યા પ્રમાણે શંકરાચાર્ય હાઇ કોર્ટમાં પોતાની ગાદી માટે લઢે તેવા શંકરાચાર્ય હોય કે શાસનાચાર્ય હોય તેવાઓને નવગજના નમસ્કાર કરી દૂર રહેવામાંજ આત્માનું શ્રેય છે.

**સુશીલોઃ**—જેનું ચારિત્ર એટલે બ્રહ્મચર્ય તેમજ આચાર, વિચાર, અને કરણી અખંડ સમ્યક પ્રકારે શુદ્ધ છે તેવાજ સુશીલ આચાર્યને મારા વંદન હોજો. છેદ સુત્રોના પાઠો કાઢી તેમાંથી કાયદાની બારીકીઓ કાઢી જે બ્રહ્મચર્યમાં શીથીલ હોય તેવાઓથી દુર રહેવામાંજ આત્મા ઉન્નત દશાએ પહોંચી શકે છે.

**ગુરૂકુળ વાસો સેવીય ગુરૂ ભણીયોઃ**—આચાર્ય મહારાજ ગુરૂ કેવા હોય તો ગુરૂકુળ વાસની અંદર રહી જેણે અભ્યાસ કરેલો છે તેમજ શિષ્યોને અભ્યાસ આપે છે તેવા આચાર્ય મહારાજને માપવાનો ગજ મારા જૈન બંધુઓ તમારી સમક્ષ મુકું છું. કારણકે શુદ્ધ ગુરૂની સેવા કરીને જ્ઞાન પ્રાપ્ત કર્યું હશે તોજ આત્મા ઉન્નત દશાએ પહોંચી શકશે.

# ઐકય થવું શકય છે શું ?

હાલમાં જૈન કોમમાં દીક્ષા સંબંધી જે કમનસીબ ઝગડો જાગ્યો છે તેથી સમાજની દશા દીવસે દીવસે છિન્ન વિછિન્ન થતી જાય છે અને એનું છેવટ શું આવશે એ એક મોટો સવાલ છે. વચમાં વચમાંથી બન્ને પક્ષોમાં ઐકય કરવાની વાતો સંભળાયા કરે છે. અને કેટલાએક ભવ્યાત્માઓ અંતઃકરણ પૂર્વક ઐકયતા સાધવાની આકાંક્ષા રાખે છે. જે લોકો પ્રયત્ન કરે છે તેઓ કોની સાથે વાત કરાય, મધ્યસ્થ કોણ છે અને કોના શબ્દને બન્ને પક્ષ માન આપશે એ વિચારમાને વિચારમાંજ આમ તેમ ફેરા ખાય છે. તેમના મનથી જેઓ તટસ્થ છે તેઓ તરફ તેઓ ઝુકે છે. પણ તેવા તટસ્થોએ અક્ષમ્ય મૌન ધારણ કરી રખેને આપણે કાંઇ બોલી જઇશું તો લોકોમાં અપ્રિય થઇ પડીશું, એવી ખોટી કલ્પનાથી ચુપ બેસી રહેલા છે પણ તેમના એ મૌનથી સમાજની કેટલી હાની થાય છે તે બાબત તેઓ કાંઈ વિચાર કરતાં નથી એમ જણાય છે. તેઓ પોતે સમજે છે કે, આપણે કાંઇ બોલતા નથી એટલે આપણા ઉપરની જવાબદારી મટી જાય છે અને આપણે દોષને પાત્ર થતાં નથી. પણ આ તેમની માન્યતા ખોટી છે એ સ્પષ્ટ છે. કારણ કે જેમ યોગ્ય વખતે અમુક કર્મ કરવાથી પુણ્ય થાય છે તેમ યોગ્ય વખતે તે જવાબદારી દૂર કેરવાથી એટલે અ કર્મથી પણ દોષ ઉત્પન્ન થાય છે. આપણામાં જો શક્તિ હોય તો તેનો સવેળાએ ઉપયોગ કરવોજ જોઇએ તે માટે શાંતિ તદન દોષાર્દ થઇ પડે છે, તેનો વિચાર કરવો જોઇએ. કર્મ અકર્મ અને વિકર્મનો સિદ્ધાંત પ્રત્યક્ષ વર્તનમાં ઉતારવાનો વખત ખાસ આવી લાગ્યો છે.

ઘણા લોકોની એવી માન્યતા જણાય છે કે, આ ઝગડો સુધારક પક્ષ એટલે યુવક સંઘ, કોન્ફરન્સ અને પોતાને ધર્મી પક્ષ તરીકે ઓળખાવનાર યંગમેન્સ સોસાયટી અથવા તેના ગુઢ ચાલકો એ બે પક્ષ વચ્ચે છે. મતલબ કે એ બન્ને પક્ષ શ્રાવકોના છે અને શ્રાવકો શ્રાવકોમાં આપસમાં તકરાર કે મતભેદ છે એવી ઘણાઓની માન્યતા છે. મતભેદ જો પ્રમાણિક હોય તો બન્ને પક્ષમાં એટલા ડાહ્યા માણસો છે કે આવા એક તો શું પણ સેંકડો મતભેદો તેઓ ઘડીના છઠ્ઠા ભાગમાં દુર કરી શકે. અથવા એમને સમજાવનારા ઘણા મળી આવે અને ઐકયનો ભંગ બીલકુલ નજ થાય. બરાબરીના દરજ્જાના માણસો હોય તેમનામાં મતભેદ થાય તો પણ તે મટાડવાના સાધનો મોજુદ હોઈ શકે પણ આ મતભેદનો સવાલજ નથી અને અમુક મત માટે આવા બખેડાઓ પેદા થયા છે એ વાત તદન ખોટીજ છે. વાસ્તવિક રીતે આ બખેડાઓ પેદા કરનારા અને જેમનું તેમાં હિતાહિત સમાએલું છે તેઓ તદન બાજુ પર રહી પોતાના અંધ ભકતો પાસે આવા ઐકય તોડવાના પ્રયત્નો કરાવી રહ્યા છે. અને તેથીજ હજુ સુધી કાંઇ તોડ નીકળતો નથી. અને અમારી માન્યતા છે કે આવો તોડ નીકળવો તદ્દન આકાસ કુસુમવત્ છે.

આપણે સ્વરાજ્ય માંગીએ છે અને સરકાર તે આપતી નથી એમાં જે અર્થ સમાએલો છે તેવોજ અર્થ આ અયોગ્ય દીક્ષા પ્રકરણમાં સમાએલો છે. સાધુઓનો અમુક વર્ગ કહે છે કે, સાધુઓને કોઇ પુછનાર દુનિયામાં છેજ નહીં તેઓ સંઘની સત્તાને તુચ્છ માની સ્વચ્છંદપણે વર્તવા માંગે છે. શ્રાવકો ફકત સાધુઓને ખાનપાનને કપડા પુરા પાડનારાઓ છે. અને તેમને ઉપદેશ આપી વૈરાગ્ય તરફ દોરવવા એટલુંજ નહી પણ બને તેટલા તેમનામાંથી સાધુઓ મેળવવા એ સાધુઓનો હકક છે. તેમાં શ્રાવકો હું કે ચું બોલી શકેજ નહી. પોતાને ગમે તેટલું દુઃખ થાય તો મુંગે મોઢે સહન કરવું એજ તેમની ફરજ છે. એવું સાધુઓ માને છે. એટલુંજ નહી પણ આમ કરતાં જો કાંઇ સંતા કુકડી જેવી રમત થાય અથવા ગમે તે પ્રકારનું સાંસારીક દુઃખ થાય કે આપત્તિ આવે તો પણ તે ધર્મ માટે છે. મહાવીર ભગવાનની એવીજ આજ્ઞા હોય એમ માની છાના માના મ્હોં સંતાડી રડયા કરવું અને પોતાનો હજુ ઉદય નથી આવ્યો એમ જાણી ચુપ બેસી રેહેવું એટલાજ શ્રાવકોના હક્કો હોઇ શકે. એટલુંજ નહી પણ આવા ચોરી છુપીથી સરકારી માણસોને દ્રવ્યથી લલચાવી પોતાના કરી કાયદા તોડવામાં પણ પોતાના દ્રવ્યનો સદુપયોગ કરવો અને માક્ષેનો કે છેવટ સ્વર્ગનો પાસપોર્ટ મેળવવો, એટલુંજ શ્રાવકોનું કર્તવ્ય હોય એવીજ માન્યતા આવા સાધુઓની છે. અને એ કલ્પના અથવા માન્યતાને કેટલાએક સુશ્રાવકો (!) સંમતી આપી ઉત્તેજન આપે છે તેનુંજ પરિણામ આ પ્રસ્તુત કલહ છે. એમાં વ્યક્તિશઃ તેવા શ્રાવકોનો દોષ છે પણ તે થોડેજ અંશે છે. મતલબ કે સત્તા કોના હાથમાં હોય એ પ્રશ્ન છે અને સાધુ લોકો કહે છે કે સત્તા તો સાધુઓનીજ હોય અને શ્રાવકો તો કેવલ હાડકાના માલા જેવા છે ત્યારે આ પ્રશ્નનો નીવડો શી રીતે થઇ શકે?

ધારો કે આપણે ધર્મી કેહેવાતા ડાહ્યા સરળ સ્વભાવનાં કોઇ આગેવાનો સાથે ચર્ચા કરીને તેમની સમજુતી કરીએ. દલીલોથી તેમનો મન તૈયાર કરીએ અને સમજુતીની શરતો તૈયાર કરીએ ત્યારે પેલા ધર્મી ગૃહસ્થો તરતજ બોલી ઉઠે છે કે, હા, એ બધું ઠીક પણ અમો મહારાજ સાહેબને પુછી પછી નકી કરીશું. એટલે બધી મહેનત મફતમાં જાય કારણ કે તેમના હાથમા છેવટણી સત્તા નથી. કે તેઓ પોતાના મગજના વિચારોથી દોરવાએલા હોતા નથી તેઓ તો બીજાના વાચારોજ બોલી જાય છે અને બીજાના દોરવાએલા દોરવાય છે. સાધુ–અને અમુકજ સાધુ કહે તે પ્રમાણે–એવી તેમની મનોદશા હોય છે તથા તેઓ મનમાં લાવે તો પણ કાંઇ કરી શકે તેમ નથી. માટે ઐકય કોની સાથે થઇ શકે? સાધુઓ તો સર્વોપરી સત્તાવાલા મનાય; તેમની સાથે દલીલ પણ થઇ શકે નહી. સામો પ્રશ્ન પણ થઈ શકે નહી. તેઓ અર્થ કેહતા હોય તેમાં ભુલ જણાય છતાં બતાવી શકાય નહી કારણ કે તેમ કરેલો અધર્મી નાસ્તિક અને છેવટ અજૈન પણ બની જાય ત્યારે આવી સ્થિતીમાં ઐકયની વાતો કરવી એ ફોગટ નથી શું? જ્યારે તેમના અનુયાયીઓ–સાધુ લોકો પણ સ્ખલનાશીળ છે–તેઓની પણ ભુલ હોઇ શકે–એવી માન્યતા કબૂલ કરે તો તેઓ પછી સ્વતંત્ર વિચાર કરી શકે પણ જ્યાં અમુક સાધુઓ ભુલને પાત્રજ નથી. તેઓ મહાવીર ભગવાનના ઉતરી આવેલા સીધા પ્રતિનિધી છે, બલકે તેમની પણ ભુલ કાઢી શકે છે એવી માન્યતા મૂળ ઘાલી બેડી હોય ત્યાં ઐકયના પ્રયત્નોને શી રીતે યશ મળી શકે. કોન્ફરન્સે ઠરાવ કરેલો છે તેમાં યોગ્ય દીક્ષા માટે પ્રતિબંધ મુકેલો જણાતો નથી 'ફકત સંઘને પુછવું' એટલોજ સીધો ઠરાવ છે પણ તે ઠરાવ માટેજ કોન્ફરન્સના બહિષ્કારની બાલીશ વાતો થાય છે ત્યારે

હઠ કદાગ્રહ કોનો છે એ સ્પષ્ટ જણાઇ આવે છે. માટે ઐકય-ના પ્રયત્નો કરવા હોય તો તેના માટે ખરો માર્ગ શોધવો જોઇએ. સંઘને પુછવું એટલીજ સીધી અને સાદી વાત પણ ગળે ન ઉતરે અને પોતાનો કક્કો ખરો કરી નહી બોલવાના શબ્દો બીજાઓને બોલાય ત્યારે ઐકય માટે ક્ષેત્રજ કયાં ખુલું રહ્યું?

ધર્મશાસ્ત્રોમાં આમ લખ્યું છે એમ એક વખત અમુક સાધુઓના મુખમાંથી વાણીનો ઉચ્ચાર થયો કે, તરતજ તે આગમ વાકય થઇ જાય છે. શાસ્ત્રોના તે વિરૂધ્ધ પુરાવાઓ ગમે તેટલા આવે તેને ઠોકર મારવા તૈયાર થવાય છે ત્યારે એવા મહાશયો સાથે દલીલ શી રીતે થઇ શકે? અને દલીલ માટે કે સાદી સમજ માટે કોઇ તૈયાર ન હોય ત્યાં સુધી તેમની સાથે વાત પણ શી રીતે થઈ શકે?

સંઘને પચીસમો તીર્થંકર માનવો છે પણ તેની સત્તાને તુચ્છ ગણવી છે ત્યારે મેળ શી રીતે આવે? ઐકય અને સમાધાન થવા માટે બાલ અને અયોગ્ય દીક્ષાના હીમાયતીઓ પોતાનો દુરભીમાન છોડે, સાદી સમજ અંગીકાર કરી જનતામાં થતા ક્ષોભને ઠંડો કરવાનું મનમાં લાવે તોજ સમાધાનની કાંઇ આશા રખાય, પણ જ્યાં સુધી તેવા સાધુઓને લાંબા લાંબા વિષેશણો લખી કે તેમણેજ રચેલા બિરૂદો લગાડી પરદેશી કાગળો ઉપર લાંબી કંકોત્રીઓ છાપી આસમાનમાં ચડાવી દુનીયામાં તેમણાં કરતાં વધું જ્ઞાની કોઇ છેજ નહી અથવા હોઇ શકેજ નહી એવી માન્યતા સેવતા રેહેશે ત્યાં સુધી એકય સાધવા માટે મથનારા અને ઘેર ઘેર ફેરા ખાનારા થાકીજ જવાના અને અંતે ફળ શુન્યમાં આવવાનું એ નિશ્ચયજ છે. માટે જેને સમાધાન કરાવવું હોય તેને એ દૃષ્ટીથી કાર્ય હાથમાં ધરવું ઘટે છે. અમારી સ્પષ્ટ માન્યતા એવીજ છે કે, આ મુદ્દાનું સમાધાન કોઇ સમર્થ અને ક્રાંતિ કરનાર મહાન તપસ્વી કે સાધુ (ફકત વેશધારી નહી) જ્યારે નીર્માણ થશે અને જૈન સમાજનું સાંગોપાંગ નિરીક્ષણ કરી તેને મુળમાંથી સુધારવા પ્રયત્ન કરશે ત્યારેજ કાંઇક નિર્ણય થઇ શકશે. અથવા કેળવણીનો પ્રચાર જે દીવસે દીવસે વધતોજ જવાનો અને જગત નવા વિચારો કરતુંજ જવાનું છે તે દ્રષ્ટીએ કાલના ઓઘમાં આવો નામધારી ધર્મીપક્ષ વિલીન થઇ જવાનો વખત આવશે ત્યારે આપોઆપ બધું પતી જશે ત્યાં સુધી થોભવાની ધીરજ રાખ્યા વગર હાલમાં બીજો ઉપાય આપણા હાથમાં નથી.

"મહારાષ્ટ્રીય જૈન."

# હિંદમાંથી સોનાની નીકાશ.

### શનીવારે રૂા. ૮લા લાખનું ચઢયું.

### અત્યાર સુધીમાં રૂા. ૬૭ કરોડનું સોનું દેશની બાહેર.

શનિવાર તા. ૧૧ મી જુને પુરા થયલા અઠવાડીયા દરમ્યાન રૂપીઆ ૮૯,૪૯,૪૮૯ નું સોનું ઇંગ્લંડ ચઢયું છે. શનિવારે અત્રેથી લંડન જવા ઉપડેલી પી. એન્ડ. ઓ. કંપનીની મેલ સ્ટીમર, 'નરકુંડ'માં રૂા. ૮૮,૬૮,૭૩૭ નું સોનું લંડન માટે અને રૂા. ૯૧૦૩૪ નું સોનું એમસ્ટરડેમ માટે ચઢયું છે. એ સ્ટીમરમાં રૂા. ૧૪૫૮૮ ના સોનાના રૂબલ અને રૂા. ૬૬૧૬૪ ના સોવરીન પણ ગયા છે. આ અઠવાડીએ ચઢેલું સોનું ગયા અઠવાડીઆ કરતાં ઓછું છે. ગયે અઠવાડીએ રૂા. ૯૪,૦૦,૯૦૫ નું સોનું ચઢયું હતું. ગ્રેટબ્રીટને સોનાનું ધોરણ કહાડી નાખ્યા પછી અત્રેથી ગ્રેટબ્રીટન ખાતે અત્યાર સુધીમાં કુલ રૂા. ૬૭,૫૭,૪૦૧૭૨ નું સોનું ચઢયું છે.

# પ્રતિમાજી મેળવવા માટે ઠરાવ.

કાંગરા ફોર્ટમાં શ્રી પાર્શ્વનાથ પ્રભૂની પ્રતિમાજીને ખંડિત કરી કેટલીક પ્રતિમાજી ચોરી ગયાના સમાચાર શ્રી આત્માનંદ જૈન મહાસભા-પંજાબને મળતાં અંબાલામાં જૈનોની જાહેર સભા મળી હતી અને તેમાં નીચેનો ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો. આ ઠરાવોમાં પંજાબના ના૦ ગવર્નર અને આર્ચિઆલાજીકલ સર્વેના સુપ્રિન્ટેન્ડેન્ટ ને પ્રતિમાજી આત્માનંદ જૈન મહાસભા પંજાબને સુપ્રદ કરવા વિનંતિ કરવામાં આવી છે.

"News of recent outrage on Sacred image of Shri Parshwanathji in Kangra Fort and theft of idols from temple received with deep regret and sorrow. We most humbly press our demand that said idol of shri Parshwanathji, sacred to Jains be kindly handed over to Shri Atmanand Jain Mahasabha Punjab Ambala city so that image should be duly installed and worshipped. The recent outrage Shows lack of proper care of images.

We most humbly request H. E. Governor of Punjab and Superintendent Archaeological Survey to kindly allow Jains to take charge of said image, for which Jains of India shall ever feel indebted."

## શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી

### શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ (પ્રાઇઝ)

### દરેક રૂપીઆ ૪૦ નું.

### છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં ફતેહમંદ નિવડેલા જૈન વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા ફંડમાંથી કૉન્ફરન્સ ઑફીસ તરફથી એક સ્કૉલરશિપ છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં-**સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને**, તેમજ બીજી સ્કૉલરશિપ **સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈનને** આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કૉલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ-માર્કસ વગેરે સર્વ વિગત સાથે -નીચેના સ્થળે તા. ૧૫-૭-૩૨ સુધીમાં અરજી કરવી.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ,
૨૦, પાયધુની, મુંબઇ ૩.

શા૦ રણછોડભાઇ રાયચંદ **ઝવેરી.**
**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી** સોલિસિટર.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

## पीछे पडे मेरे हैं।

ज्ञानावर्णी दर्शनावर्णी, वेदनीय मोहनीय।
आयु नाम गोत्र अंत, राय आठ घेरे हैं॥
संसार के सिन्धु बीच, भ्रमण कराय रहे।
करमके पेरे चेरे, चौरासी में फेरे हैं॥
करत उपाय योगी, करम को कापवे का।
मगन धरम ध्यान, जाप बहुतेरे हैं॥
'सीरीनाथ' यत्न यही, करत टरत नहीं।
आठों ही करम कारे, पीछे परे मेरे हैं॥१॥

# જૈન પ્રાચીન ઇતિહાસ.

## ( ૩ )

આ પહેલાં બે લેખોમાં મુનિશ્રી કલ્યાણવિજયના 'વીર નિર્વાણ સંવત્ ઔર જૈન કાલગણના' નામના હિંદી નિબંધની આલોચના તથા તેમણે કરેલ કેટલાક ઐતિહાસિક નિર્ણયો જોઇ ગયા. હવે વાચનાનો ઇતિહાસ જોઇએ–વાચના એટલે વાચન કરાવવું–શીખવવું શ્રુતધર આચાર્ય પોતાના શિષ્યોને સૂત્ર અને તેનો અર્થ શિખવે તે વાચના. આવી સામાન્ય વાચનાઓ પરંપરામાં સેંકડો થઇ છે, પણ વિશેષ વાચનાઓ ત્રણ થઇ–૧ પાટલીપુત્રી ૨ માથુરી અને ૩ વાલભી એ ત્રણ સ્થલો પરથી કહેવાય છે. પહેલી ભદ્રબાહુના સમયમાં વીરાત્ ૧૬૦ ની આસપાસ નંદરાજાના સમયમાં થઇ. તે વખતે શ્રમણસંઘ મળી તે વખતે પડેલા દુકાળથી છિન્ન ભિન્ન થયેલ જૈન પ્રવચનનાં અગ્યાર અંગ પુનઃ વ્યવસ્થિત કરવામાં આવ્યાં ને બારમું અંગ દૃષ્ટિવાદ ભદ્રબાહુ સ્વામી પાસેથી સ્થૂલિભદ્રે પ્રાપ્ત કર્યું. આનું વિસ્તારથી વર્ણન તિત્થોગાલી નામના પયન્નામાં, આવશ્યક ચૂર્ણિ, પરિશિષ્ટ પર્વ આદિમાં ઉપલબ્ધ થાય છે. ( ૨ ) બીજી માથુરી વાચના વીરાત્ ૮૨૭ થી ૮૪૦ ની વચમાં કોઇ વર્ષે સ્કંદિલ સૂરિના પ્રમુખત્વ નીચે મથુરામાં થઇ તેથી 'સ્કાંદિલી' પણ કહેવાય છે. તેણે પણ ફરી દુકાળ પડવાથી છિન્ન વેરાય થયેલ આગમોને વ્યવસ્થિત કર્યાં અને જેને આગમ સૂત્ર કે તેના ખંડ યાદ હતા તે લખી લેવામાં આવ્યા. સામાન્ય માન્યતા એ છે કે વીરાત્ ૯૮૦ માં દેવર્દ્ધિ ગણિના સમયમાં આગમ પહેલાં પ્રથમ પુસ્તક પર લખાયાં પણ વસ્તુસ્થિતિ એમ નથી. તે વખતે લખાયાં હતાં એ સત્ય છે પણ તેની પહેલાં પણ લખાયાં હતાં કારણ કે પુસ્તકપર લખાયેલાં દ્રવ્યશ્રુતનો અનુયોગદ્વાર સૂત્રમાં પાઠ છે, ને છેદ સૂત્રોમાં પાંચ પ્રકારનાં પુસ્તકો રાખવાનો અધિકાર સાધુને છે તેમાં લખેલાં પુસ્તકો આવી જાય છે. વગેરે વગેરે ( ૩ ) ત્રીજી વાલભી વાચના ઉક્ત માથુરી વાચનાના કાલમાંજ વલભીમાં નાગાર્જુન સૂરિએ શ્રમણસંઘ એકઠો કરી દુકાળથી નષ્ટાવશેષ આગમ સિધ્ધાંતોનો ઉદ્ધાર શરૂ કર્યો–આથી સૂત્રની વ્યવસ્થા ને ઉદ્ધાર થયો, આ વાચના નાગાર્જુની કહેવાય છે. આ વાચનાનો સ્પષ્ટપણે ભેદ પ્રકટ કરવાનું માન મુનિશ્રી કલ્યાણવિજયને ઘટે છે ભદ્રેશ્વર કૃત કથાવલિ અને બીજાં પ્રમાણોથી સિદ્ધ કર્યું છે કે વાયણંતર–વાચનાંતરનો જે ઉલ્લેખ દેવર્દ્ધિ ગણિના સમયમાં લખાયેલાં સૂત્રોમાં કરવામાં આવેલ છે તે આ નાગાર્જુનીને લાગુ પડે છે. અત્યાર સુધી વાલભી વાચનાથી આપણે માત્ર દેવર્દ્ધિ ગણિએ કરાવેલ પુસ્તકલેખનને ગણતા હતા, પણ વસ્તુસ્થિતિએ તે પુસ્તક–લેખનની પહેલાં દોઢસો વર્ષે નાગાર્જુને વલભીપુરમાં વાચના કરી હતી તેજ ખરી વાલભી વાચના છે. દેવર્દ્ધિ ગણિના પ્રમુખપણા નીચે વીરાત્ ૯૮૦ માં શ્રમણ સંઘ મળ્યો હતો અને તેણે પૂર્વોક્ત બંને વાચનાઓ–માથુરી ને વાલભી વાચનાઓ સમયે લખાયેલા સિધ્ધાંતો અને તે ઉપરાંત જે જે ગ્રંથ પ્રકરણ મોજૂદ હતાં તે સર્વને લખાવવાથી સુરક્ષિત કરવાના નિશ્ચયને પાર પાડયો. બંને વાચનાનો સમન્વય કરી ભેદ-ભાવ કાઢી એકરૂપ કરી જ્યાં મહત્ત્વના ભેદ હતા ત્યાં પાઠાંતર રૂપે ટીકા–ચૂર્ણિઓમાં તેને સંગૃહીત કરવામાં આવ્યા જ્યાં પ્રકીર્ણક ગ્રંથ એકજ વાચનામાં હતાં ત્યાં તેને પ્રમાણ માનવામાં આવ્યાં. મૂળ સૂત્રો તો માથુરી વાચના પ્રમાણે લખાયાં, પણ જ્યાં નાગાર્જુની વાચના પ્રમાણે મહત્ત્વના પાઠભેદ હતા ને તે મૂકી દેવા નાગાર્જુનાનુયાયી શ્રમણો તૈયાર ન હતા ત્યાં મૂળ સૂત્રમાં પણ 'વાયણંતરે પુણ' એવા શબ્દો સાથે ઉલ્લેખ કરવામાં આવ્યા છે, એટલે દેવર્દ્ધિ ગણિના પ્રમુખપણા નીચે પણ વલભીમાં જૈન શ્રમણસંઘ એકઠો મળ્યો હતો એ વાત બરાબર છે, પરંતુ તે સમયે વાચના નથી થઇ પરંતુ પૂર્વોક્ત બંને વાચનાનાં સિધ્ધાંતોનો સમન્વય કરીને તે લખવામાં આવ્યાં હતાં તેથી આ કાર્યને દેવર્દ્ધિ ગણિની વાચના ( કે વાલભી વાચના) ન કહેતાં 'પુસ્તકલેખન' કહેવું યોગ્ય છે.

આ પુસ્તકલેખન ક્યારે થયું તે બાબતમાં ઉપર્યુક્ત બે વાચનાના ભેદથી દેવર્દ્ધિ ગણિ કલ્પસૂત્રમાં જણાવે છે કે અત્યારે શ્રી મહાવીર મુક્ત થયાં નવસો એંસીમું વર્ષ ચાલે છે ને વાચનાંતર પ્રમાણે નવસો ત્રાણુમું વર્ષ ચાલે છે. આમ તેર વર્ષનો ફેર આવે છે તે કેવી રીતે આવ્યો તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી મળતો, છતાં મુનિશ્રી કલ્યાણવિજયે તે માટે પ્રાચીન સ્થવિરાવલીઓનું સૂક્ષ્મ પર્યાલોચન કરી આ મતભેદનું બીજ પોતાની સમજમાં જે રીતે આવ્યું તે સ્પષ્ટાકારે મુકયું છે.

**તેર વર્ષનો ફેર**—હમણાં બે જાતની સ્થવિરાવલી મળે છે એક તો માથુરી કે જે નંદિસૂત્રના પ્રારંભમાં દેવર્દ્ધિ ગણિએ આપી છે તે. તેમાં આર્ય સુધર્માથી તે પોતે બત્રીસમાં એમ ૩૨ સ્થવિરો ગણાવ્યા છે. આ દેવર્દ્ધિ ગણિની ગુરૂ ક્રમાવલી નથી પરંતુ માથુરી વાચનાનુગત યુગપ્રધાન સ્થવિરાવલી છે. જ્યારે દેવર્દ્ધિ ગણિની ગુરૂક્રમાવલી દશાશ્રુતસ્કંધમાં આવેલી થેરાવલી છે કે જેમાં આર્ય સુધર્માથી દેવર્દ્ધિ ગણિ ચોત્રીસમા આવે છે.) બીજી વાલભી સ્થવિરાવલી–કે જે યુગપ્રધાન પટ્ટાવલી નામથી પ્રસિદ્ધ છે કે જેમાં પહેલા આર્ય સુધર્મા ને છેવટના ૨૭ મા કાલકાચાર્ય આવે છે. (આ ઉપરાંત એક વિશેષ થેરાવલી નામે હિમવત્ થેરાવલી પાછળથી પ્રાપ્ત થઇ છે કે જે ઉપરથી ઉપજતાં અનુમાનો અને વિધાનો પછી કહેવામાં આવશે ) આ સ્થવિરાવલીઓનો પરસ્પર સમન્વય કરવો એ અતિ દુર્ઘટ કાર્ય છે, છતાં તેમાં ઉંડા ઉતરી કેટલાક વૃદ્ધ સંપ્રદાયોમાં કયાં ભૂલ આવે છે તે તપાસી એ નિર્ણય પર મુનિશ્રી આવ્યા છે કે વાલભી યુગપ્રધાન પટ્ટાવલીમાં ભદ્રગુપ્તના યુગપ્રધાનત્વ પર્યાયના ૩૯ ને બદલે ૪૧ વર્ષ લેવાં, ને શ્રીગુપ્તનાં ૧૫ વર્ષ છે તે કાઢી નાંખવાં, કે જેથી ૧૩ વર્ષની ભૂલ નીકળી જાય છે. ભદ્રગુપ્તનો સમય શ્રીગુપ્તના સમયથી ભિન્ન નહોતો છતાં જુદો ગણેલ છે ને તેથી ૧૩ વર્ષની ભૂલ રહી છે. માથુરી વાચના અનુસાર આવશ્યક નિર્યુક્તિ અને ચૂર્ણિના મતે આર્ય રક્ષિતજીનો સ્વર્ગવાસ વીરાત્ ૫૮૪ માં છે ને વાલભી સ્થવિરાવલી પ્રમાણે વીરાત્ ૫૯૭ માં છે–એ બંનેમાં ૧૩ વર્ષનો તફાવત કલ્પસૂત્રમાં ૧૩ વર્ષનો મતભેદ સૂચિત કર્યો છે તેનું પ્રત્યક્ષ ઉદાહરણ છે આ આખો વિષય ઘણી ઝીણવટથી મુનિશ્રીએ છણેલ છે તે માટે લીધેલા પરિશ્રમને અંગે તેમને ભારે ધન્યવાદ ઘટે છે.

આવી બીજી એક મહા ગરબડ રાજત્વ કાલ ગણનામાં ચાલુ હતી અને તેથી જૈન ઇતિહાસની અનેક સત્ય ઘટનાઓ વિદ્વાનોની નજરે શંકાવાળી થઇ ગઇ હતી તે દૂર કરવામાં મુનિશ્રીએ ભારે શ્રમ લીધેલ છે. તે સંબંધી તેમજ બીજી હકીકતો માટે હવે પછી લખવામાં આવશે

—મોહનલાલ દ. દેશાઈ.

( अनुसंधान पृ. ९४ परसें. )

अन्त में ए नवयुवको ! फिरकों के झगडे, गच्छों के झगडे, जातपात के झगडे और साधुओं के झगडे एकदम मिटाने का भरसक प्रयत्न करो।

इस क्रान्ति के युग में एक बार क्रान्ति कर दो इससे ही तुम्हारी तुम्हारे धर्म की और तुम्हारी समाजकी दिन प्रति दिन उन्नति होगी।

**श्री आत्मानंद जैन गुरुकुल पंजाब** गुजरांवाला के संबन्ध मे श्री भाई परमानन्दजी, एम. ए; एम, एल. ए. अपनी सम्मति दर्शाते लिखते है कि:—मैंने आज ५ जून १९३२ को श्री सन्तराम और दूसरे मित्रों के साथ जैन गुरुकुल को देखा। यह भारत वर्ष में अपने प्रकारकी एक ही संस्था जान पडती है। हमे यह देखकर बडी प्रसन्नता हुई कि विद्यार्थियों के जीवन को सादा बनाने का यत्न किया जाता है। विद्यार्थी अपने वस्त्र अपने हाथ से धो रहे थे। विद्यार्थी स्वयं ही अपने कमरों की सफाइ करते हैं। प्रत्येक विद्यार्थी को कोइ न कोइ उद्योग–धंधा भी सिखाया जाता है यद्यपि इसका नाम जैन गुरुकुल है तथापि इस के ५४ छात्रों में से लगभग एक दर्जन छात्र गैर जैन है। इस से प्रकट होता है कि छात्रों में संकुचित साम्प्रदायिक भाव पैदा नहीं किया जाता। परन्तु सबसे विशेष बात यह पाइ जाती हैं कि इस की शिक्षा प्रणाली सर्वथा स्वतंत्र है। गत ७ वर्ष मे इस के विद्यार्थियो मे मैट्रिक तक की योग्यता उत्पन्न करने का यत्न किया गया। इस के सचालक यह चाहते हैं कि ५ वर्ष का और कोर्स बढा कर कालेजो के समान उच्च शिक्षा का प्रबन्ध कर दिया जावे। प्रबन्धकर्ता श्रीयुत् किर्ति प्रसादजी तथा प्रिन्सिपल बाबू वंशीधरजी बी ए. एल. टी. बडे सज्जन पुरुष हैं। तथा मैं आशा करता हूँ कि इस गुरुकुल को आदर्श संस्था बनाने मे इन्हे सफलता प्राप्त होगी.

**भाई परमानन्द** ५-६-१९३२.


## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂ. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂ. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂ. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂ. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂ. ૧-૮-૦ |
| જૈન ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂ. ૫-૦-૦ |
| " " " ભાગ બીજો | રૂ. ૩-૦-૦ |

લખો:-શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.


# સંઘોન્નતિનું કાર્ય.

( લે૦-સદ્‌ગત યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિશ્વરજી. )

સંશોધકઃ–'**વીરેશ.**'

કાલ કાલનું કાર્ય કરશે અને અનેક વિચારાચાર રૂપાંતરોએ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાની વાસ્તવિક સ્થિતિ પ્રગતિ થયા કરશે ભવિષ્યની પ્રજા સંપ્રતિ જે જે વીર્ય હાનિકર ચર્ચાઓ-મતો અને મહાસંઘ પાર્થક્ય પ્રવૃત્તિના કલેશો થાય છે તેના ઇતિહાસ વાંચીને વડવાઓની મૂર્ખતા પર હસશે અને પ્રગતિનો વારસો આપવાના અભાવે તેઓના નામની ઘોરોને-કબરોને અવગણશે, આવો પણ એક સમય જો ચેતવામાં નહિ આવે તો ભાવિ દેશકો-સંઘ સેવકો અને ઉદાર દૃષ્ટયા ધર્મના જે સેવકો થશે તેઓના મનમાં આવશે. કોઇ સમય એવો નહિ હોય કે જેમાં પ્રાચીન માન્યતાના પ્રેમીઓ ન હોય અને તેમ કોઇ સમય એવો નહિ હોય કે જેમાં સુધારકો ન ઉત્પન્ન થાય. બન્નેના આશયો ઉત્તમ હોવા છતાં કોઇ વખત કોઇની મુખ્યતા અને કોઇ વખત કોઇની ગૌણતા રહેશે. પરન્તુ કોઇનો સર્વથા નાશ થવાનો નથી. સાપેક્ષ દૃષ્ટિએ વર્તમાનમાં બન્નેના આશયો તરતમ યોગે સત્ય હોય છે, પરન્તુ પક્ષ રાગ, આગ્રહ અને અન્ય પક્ષ-દ્વેષના સંસ્કારો વડે એક બીજાનું સત્ય આંખ આગળ આવવું મુશ્કેલ થઇ પડશે અને કેટલાક મધ્યસ્થ મનુષ્યો દેખી પણ શકશે. આવી દૃષ્ટિ સ્થિતિએ જૈન ધર્મ પ્રવહ્યા કરશે. પાશ્ચાત્ય દેશીયજનો જૈન ધર્મના સદ્‌વિચારોને અને સદાચારોને માન આપશે. હાલની જે જે ચારિત્ર માર્ગમાં જે સંકુચિત દશાઓ છે, તે ભવિષ્યમાં તરતમયોગે ન્યૂન થતી અવબોધાશે. એક વખત નિવૃત્તિ માર્ગ કરતાં પ્રવૃત્તિ માર્ગની પ્રગતિ પ્રતિ મોટા ભાગે સર્વનું લક્ષ્ય ખેંચાશે અને પ્રવૃત્તિ પ્રગતિમાં ઉચ્ચ બલવાન્ થયા પશ્ચાત્ તેઓ નિવૃત્તિમાર્ગ પ્રતિ વિશેષ રૂચિધારક બનશે એવો પણ ભવિષ્યમાં સમય આવશે. ગમે તેમ હોય, પરન્તુ વર્તમાનમાં સ્વશીર્ષે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવે જે જે આવશ્યક કર્તવ્ય ફર્જો આવી પડેલી હોય, તેઓને યથાશકત્યા સ્વાત્મભોગે બજાવવી એ પ્રત્યેકનું કર્તવ્ય પ્રત્યેક મનુષ્યે અવબોધવું જોઇએ. દ્રવ્ય ક્ષેત્ર કાલભાવે વર્તમાન સાનુકુલ અને પ્રતિકૂલ સ્થિતિએ, બેની વચ્ચમાં રહીને સ્વાધિકારે કર્તવ્યફર્જ બજાવવાના કરતાં વિશેષ કરવામાં આવ્યું નથી એમ સ્વાવબોધની સાથે મહાસંઘ પ્રગતિ મંત્રનું સર્વત્ર વ્યાપક બલ પ્રસરો એમ નિવેદવામાં આવે છે. ૐ શાન્તિ! શાન્તિ !! શાન્તિ !!!

## કુડચીના જૈનોને સતામણી.

ગત ૨૦ મી જાન્યુઆરીના દિવસે દિ૦ દેરાસરના ચણતર કામની શરૂઆત કરતાં મુસલમાનોએ જૈનોની સતામણી કરી તેમના ખેતરો ઉપર હુમલા કર્યા હતા તે સબંધેની તપાસના પરિણામે સરકારે બે વડા કોન્સ્ટેબલ અને દશ હથીયાર બંધ કાન્સ્ટેબલો કુડચીમાં રાખવાનો અને તેનો ખર્ચો મુસલમાનો પાસેથી વસૂલ કરવાનો ઠરાવ કર્યો છે.

## जैन समाज! अपनी सुध ले!

( लेखक:-ईश्वरलाल जैन विशारद हि. रत्न.)

ए जैन समाज और उसके स्तंभरूप नवयुवक! उठो! कुछ देरके लिये अपने को सम्हालो, कुम्भकर्णी निद्राको त्याग दो, अपनेपर से अज्ञात तथा प्रमाद का पर्दा हटाकर देखो, तुम्हारे चारों ओर पहिले क्या दशा थी. और इस समय क्या दशा है, पहिले कहां थी, और अब कहां पिछडी हुई पडी है। क्या तुम उस हालत को नहीं देखना चाहते? इतने कठोर हृदयी और निर्दयी हो गये, क्या तुम्हारी दो आंसू भी नहीं टपकती? कान खोलकर सुनो तो सही, की युग धर्म तुम्हें क्या सन्देश देना चाहता है?

**सो रहे हो नींद में अब जब कि सारे जागते।**
**पांव पकड बैठे हुए हो और हैं जब भागते॥**

तुम किस अभिमान में मस्त पडे हो? क्या यह अभिमान है कि तुम्हारा धर्म अनादि है, न, अब इस अभिमान में न रहना, तुम्हें मालूम नहीं कि अब तो जमाना काम करनेका है न कि बैठे बैठे बातें बनाने का! उठो! कुछ काम करो, यदि ऐसे बैठे ही बैठ अपनी प्राचीनता और प्रशन्सा के पुल बान्धोगे, तो तुम्हारे धर्म और तुम्हारी समाज पर आक्रमण कर तुम्हारी सत्ता को ही मिटा देने वाले पूर्णरूप से तैयार बैठे हैं।

उठो! कार्य करो! क्या भाग्य का चिन्तवन कर रहे हो. परन्तु अब भाग्य तुम्हारी सहायता नही करेगा,

"दैव दैव आलसी पुकारा"

केवल भाग्य के आधार पर किसी न सफलता प्राप्त नहीं की, केवल भाग्य के आधार पर किसीने विजय प्राप्त नहीं की, केवल भाग्य से कोई अपने उद्देश्य तक नहीं पहुंचा, हमारे पूर्वज अपना गौरव कायम कर गये, भाग्य पर बैठे बैठे नहीं, प्रत्युत देश-धर्म-और समाज में काम करके अपने को अमर कर गये। संसारभरका इतिहास खोज डालो, उसके पृष्ठ पृष्ठ पर वीरों की अमर जीवनियां होगी, तुम्हें कहीं पर भाग्याधीन मनुष्य की विजय पताका नजर नहीं आयगी। तुम्हें कोई भी ऐसा धर्म और समाज नहीं मिलेगा, कि जिस ने बैठे बैठे तरक्की की हो, जो जाति धर्म शील रही, विजय पाती रही, उसने सर्वोच्च स्थान प्राप्त किया, अकर्मण्य जातियां सदा पद दलित होती रहीं, जिन का नाम लेना मी आज लोग पाप समझते हैं।

वास्तव में "भाग्य उसकी सहायता अवश्य करता है जो कुछ काम करता है"।

बस! युवको! कार्य क्षेत्र में उतर आओ, फिर तुह्मारे शत्रु आपसे आपही दूर भागेंगे, तुह्मारा मार्ग स्वयंसाफ हो जायगा, प्रकृति तुह्मारी सहायता करेगी-और भाग्य तुह्मारे आधीन हो जायगा।

ए जैन समाज! तूं धर्म के नाम पर पाप न कर तुझे सच्चा स्वामिवात्सल्य करना है तो गरीबों को भोजन दे। गरीबों के लिये ऐसा प्रबन्ध कर कि उन्हें दर दर भटकना न पडे यह तेरा धर्म है। 'जिन के पास पर्याप्त धन है काफी भोजन है, उनको यदि तूने मिठाईयां खिलाई तो कौनसा उपकार किया? और कौनसा धर्म किया? एक दिन का भोजन देकर हजारों खर्च करनेकी अपेक्षा कई तुह्मारे गरीब भाईयों का जीवन भरका भोजन देने से सच्चा स्वामिवात्सल्य होता है, अब जरा आंखें खोल कर देखो तुह्मारी समाज में कितने गरीब है, जो पेट पर हाथ रख कर भूखे ही सो रहते हैं।'

ए जैन समाज! तू इस बात पर विचार कर, कि तेरे कितने सपूत धनाभाव के कारण विद्यासे वंचित तडप रहे हैं, आज तेरे कितने ही ग्रेज्युएट तेरे कालेज के अभाव से दूसरे कालेजों में जा रहे हैं, और दूसरे धर्मों के शिकार हो रहे हैं।

तेरे छोटे छोटे बच्चे अपने माता पिता से वंचित होकर दर दर ठोकरें खा रहे हैं, क्या उन के लिये भी तेरे पास पर्याप्त साधन नहीं, तो फिर दया भाव कहां गया, इतनाभी तरस नहीं आता?

जैन समाज! विचार करो, शास्त्रों में द्रव्य क्षेत्र काल और भाव को देखकर कार्य करने का सन्देश है. यदि तुम उन शास्त्रों को माननेवाले हो, तो आ जाओ मैदान में, अपने धन को विद्या में लगाओ, दीन दुःखियों को स्वामिवात्सल्य कराओ, समाज में सपूत पैदा करो, विधनाओ और अनाथों को आश्रय दो, विद्या से वंचितों के लिये साधन पैदा करो, अपनी समाज में कालेज, हाइस्कूल और गुरुकुल आदि खोलो जिस में समाज के सपूत निकलकर समाज की सेवा करें, यही इस युग का कार्य है।

ए जैन समाज के नवयुवको! अब समय सोनेका नहीं, अब तो पसीना बहाकर काम करनेका है।

ए आपस में भेद भाव रखनेवाले बंधुओ! जरा सोचो तो सही, कि तुह्मारी फूट से तुह्मारी लडाइयों से तुह्मारे धर्म की उन्नति हुई या अवनति. तुह्मारे महावीर की वाणी फैली या तुम्हारी पुस्तकों में रही रद गई।

( अनुसंधान पृ. ९३ पर देखें. )

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA'        Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું. | તા. ૧ લી જુલાઇ ૧૯૩૨. | અંક ૧૩ મો.

## पहिले शिक्षा या दीक्षा.

(लेखक:-श्री जवाहिरलाल लोढा; अधिपति, "श्वेतांबर जैन")

छोटे छोटे बालक बालिकाओ को फुसलाकर साधु साध्वी बनानेका रोग दिन ब दिन बढता जाता है। अभी दो मास भी नहीं हुए जब मैं कार्यवश बड़ौदा गया था तो वहां जैन मन्दिरों के दर्शन करने के उपरांत यह तलाश किया कि क्या यहां कोई मुनिराज या साध्वी जी भी विद्यमान हैं। तो एक स्वधर्मी भाई ने बतलाया कि 'हाँ' छाणी से विहार कर श्री धर्मसागरजी महाराज आदि ठाणा ६ वैसाख सुदी १३ के दिन बड़ौदा पधारे हैं। साध्वी जी श्री हीरश्री जी महाराजादि ठाणा ६ भी विराजती हैं। हम उनके दर्शनों की इच्छासे दोनों उपाश्रयोंमें गये।

श्री सिद्धिविजयसूरिजी के सिंघाड़े की साध्वी श्री हीरश्री जी महाराज के पास सुरेन्द्रश्री नाम की एक साध्वी जिसकी आयु १०-११ वर्ष की है, को देखा। पूंछने पर मालूम हुआ कि इनके माता-पिता मौजूद हैं। वैराग्य भावना के वशीभूत होकर खुशीके साथ इसने दीक्षा अंगीकार की है। मैंने पूछा कि आपने विद्याध्ययन कहां तक किया है। तो एक दुसरी साध्वी जी महाराज बोल उठी कि अभी तो यह बालिका है। दीक्षा लिए भी अधिक समय नहीं हुआ है। कुछ पढ़ना प्रारम्भ कर दिया है। मुझे आश्चर्य हुआ कि जब कुछ शिक्षा भी प्राप्त नहीं की, धर्म का ज्ञान भी नहीं हुआ तो वैराग्य भावना ने ऐसा जोर कैसे मारा कि इतनी छोटी अवस्था में इन्होंने दीक्षा अंगीकार करली। खैर! मैं वहाँ से उठ कर श्री धर्मसागरजी महाराजादि ठाणा ६ की सेवा में पहुँचा तो वही दो बाल मुनियों के दर्शन हुए। एक की आयु है १३ वर्ष की, जिनका नाम है श्री महोदय सागरजी। दूसरे हैं श्री अभयसागरजी महाराज, इनकी अवस्था तो केवल ६ वर्ष की ही है। दोनों के दर्शन कर मेरे आश्चर्य का ठिकाना न रहा। कौतूहल वश मैंने दो चार बात उन बाल मुनियों से पूछी। वह बेचारे उत्तर क्या देते, उन्हें अपनी चादर और ओघा तक तो सम्हालना आता ही नहीं। हम नहीं कह सकते कि छः छः वर्ष के दुध मुंहे बच्चों को पंच महाव्रत का भारदे देने में इनके गुरुओं ने क्या लाभ सोचा है।

महाराज श्री से मैंने पूछा कि यदि इन बच्चों को पहिले शिक्षा देकर दीक्षा दी जाती, पहिले विद्वान बनाकर पंच महाव्रत का भार सौंपा जाता तो क्या अच्छा न होता! महाराज ने फरमाया कि दीक्षा देकर शिक्षा देने में अधिक सुविधा रहती है। बडा होकर साधु बनना कठिन हो जाता है। इसी प्रकार महाराज साहब ने कई एक बातें कहीं, किन्तु उनके उत्तर से अपने को संतोष नहीं हुआ क्यों कि हमतो रात दिन यह पढ़ते सुनते चले आरहे हैं कि—

"पहिले ज्ञान ने पीछे किरिया, नहीं कोई ज्ञान समान रे।"

विचार किया जायतो बातभी वास्तवमें यही ठीक है कि पहिले जानना और फिर करना। जिस बातको जो जानता ही नहीं उनके करने में उससे सैकडों भूले होना स्वाभाविक हैं। जिसने सेर दो सेर भी बोझा न उठाया हो उसके ऊपर मनों का बोझा लाद देने का फल यही होगा कि वह घबरा जायगा और उसका बस चला तो छोड कर भाग जायगा जैसा कि आज कल अकसर हो रहा है।

(अनुसंधान पृ. ९७ पर देखें.)

**उद्धाविव सर्वसिन्धव;, समुदीर्णास्त्वयि नाथ! दृष्टा य:**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधि:॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.
તા. ૧-૭-૩૨. શુક્રવાર.

# સ્થાનકવાસી સાધુ સંમેલન.

## (૨)

ગયા લેખમાં આપણે સ્થા. પ્રાંતિક સાધુ સંમેલનના નવ ઠરાવોનું દિગ્દર્શન કરી ગયા. નવમા ઠરાવમાંથી ઉપસ્થિત થતા શિક્ષણના પરિણામરૂપે વ્યાખ્યાનદાતા થવાની યોજના દશમામાં વિચારી છે. અગ્યારમો ઘણો ઉપયોગી ઠરાવ છે. ધર્મ સાહિત્ય રચવું, પ્રસિદ્ધ કરવું, અને તેનો પ્રચાર કરવો એ ધર્મ ટકાવી રાખવાનું સબળ સાધન છે; પરંતુ તેમ પ્રસિદ્ધ કરવા જતાં ત્યાગીઓને ભારે ઉપાધીમાં આવવું પડે છે એટલુંજ નહિ પણ ગમે તેવાં-કચરા જેવાં-નમાલાં પુસ્તકો પાછળ દ્રવ્ય અને મહેનતનો અપવ્યય થાય છે. આ બધી હકીકત ધ્યાનમાં લઈ તે ઠરાવમાં સાહિત્ય પ્રકાશન સંબંધે સાધુઓએ સર્વ સંબંધ છોડયો છે, ફકત રચના પુરતું પોતાનું કામ રાખી પ્રકાશન ક્રયવિક્રય વિગેરે સાહિત્ય સમિતિને સોંપ્યું છે અને સમાજમાં સાહિત્ય સમિતિ સ્વીકારે તેજ પુસ્તકો પ્રસિદ્ધ થાય અને નમાલો કચરો અટકે એમ ભલામણ કરી છે? મૌલિક સાહિત્ય આ સંપ્રદાયમાં શું છે તેના વિસ્તારની અમને ખબર નથી. જે કંઇ પૂર્વ સાધુઓનું રચિત હોય તે પ્રકટ થાય એમ ઇચ્છીશું. હાલ તો સંસ્કારિતા અથવા ધર્મ બુદ્ધિ સરવાળે કંઇક ઘટયાં છે, ભોગ અને ઐશ્વર્યની ઉપાસના વધી પડી છે, માણસની માણસાઇ ઓછી થઇ છે તેવે વખતે ધર્મશાસ્ત્રોના અસંકુચિત અને વ્યાપક સર્વ કલ્યાણકારી સિધ્ધાંતોનુંજ શરણ લેવું પડે છે. તેથી મુંઝાયેલા જન સમાજને અહિંસામૂલક વિશ્વ કુટુંબવાદ સ્થાપિત કરવામાં જે મદદગાર થાય એવા ધર્મગ્રંથો પ્રસિધ્ધ થવાની અગત્ય છે.

સાંપ્રદાયિકતામાં વધારો કરનારી વાત જુદી જુદી સમાચારી છે. તે સામાચારી ક્રિયાઓની વિધિ એકત્રિત કરી એક પ્રકારની (Uniform) કરવામાં આવે તો અલગ અલગ પણું નીકળી જઇ ભેદભાવથી ઉપજતા કલેશ આદિનું નિવારણ થાય. 'છ કોટી' ને 'નવ કોટી'-પણું નીકળી જાય અને ભાઇચારામાં વધારો થાય. આ પરથી બારમાં ઠરાવમાં 'સાધુ સામાચારી જુનામાં જુની જેટલી મળી શકી એટલી વાંચી વિચારી શાસ્ત્રસંમત દેશકાળાનુસાર સુધારો વધારો કર્યો છે. સામાચારીના કેટલાક બોલ દેશ આશ્રી, કેટલાક સ્વસંપ્રદાય આશ્રી અને કેટલાક ઝીણા અને વ્યવહારના હોઇ, જેટલા જરૂરી જણાયા એટલાજ જાહેરમાં મૂકયા છે'-આ શું બોલ છે તે તેમની અંદર અંદર જાહેરમા આવ્યા હશે, પણ હજુ જનતા પાસે જગજાહેર મુકાયા નથી. સામાચારી જો સર્વ સંઘાડાની એક થઇ જાય તો એક સ્થા. સંપ્રદાયનું નક્કરપણું વધે. આ ક્રાંતિજનક વાત છે અને તે આ ક્રાંતિના યુગમાં થાય તો એક મોટી વાત સિદ્ધ કરી કહેવાય.

હાલ સાધુઓના વસ્ત્ર પરિધાનમાં શ્વેતાંબર રહ્યા એટલે શ્વેત વસ્ત્રો પહેરાય છે પણ તેમાં વિદેશી, મિલનાં મલમલો અને રેશમી વસ્ત્રોને જ્યાં સ્થાન અપાય છે ત્યાં એ ધર્મમય નથી ને સાધુને ઉચિત પણ નથી. એમ દલીલ થાય છે કે અમને તો જે કંઇ વહોરાવે તે સ્વીકારવાનું રહ્યું પણ તે દલીલ સાચી હોય તો આહાર સંબંધે પણ લાગુ પડે અને તેમ હોય તો કોઇ અભક્ષ્ય આહાર વહોરાવે તો તે સ્વીકાર્ય ન થઇ શકે. સ્વદેશી ભાવના હિંદમાં વ્યાપક થઇ છે તો તે સાધુઓમાં તેનો જરાય પડઘો પણ ન આવે અને અત્યાર સુધી 'મલમલીયાં' જેઓએ પહેરેલાં તે ઠીક નહોતું એ પણ ન સ્વીકારાય તો કહેવુંજ પડશે કે સાધુઓ પોતાના નામ અને કામ પ્રમાણે વિચાર કરી શકતા નથી. ઠરાવ તેરમામાં તેથી 'તમામ પ્રકારનાં રેશમી વસ્ત્રો, બારીક વસ્ત્રો, મૂલ્યવાન વસ્ત્રો વહોરવાને નિષેધ કર્યો છે અને બની શકે ત્યાં સુધી ચરબી વિનાનાંજ વસ્ત્રો વહોરવા અરજ કરી છે, મિલનાં કપડાં ચરબી વગર બની શકતાં નથી અને તે પહેરવાનું અનિવાર્ય હોય નહિ માટે 'બની શકે ત્યાં સુધી' આમ શબ્દો મુકવા ઉપરાંત 'અરજ કરી છે' એ શબ્દોમાં ઢીલાપણું છે.

ચૌદમામાં વ્યાખ્યાન સિવાય ઉપાશ્રયોમાં સ્ત્રી વર્ગને આવવા બાબત અને વાંચણી દેવા બાબત નિયમો બંધાયા છે. પંદરમામાં કંદમુળના શાક વગેરે વહોરવા સામે પ્રતિબંધ મુકયો છે, સોળમાગાં સાદો સાત્વિક ખોરાક, તપશ્ચર્યા અને સઝાય સંબંધી નિયમો કર્યા છે સત્તરમામાં શ્રાવકોએ પોતાની ધર્મ કરણી માટે યોજેલા મકાનમાં (પછી નામ ગમે તે હોય) મુનિઓથી ઉતરી શકાય; ખાસ સાધુઓજ માટે બનાવેલા હોય તો ન ઉતરી શકાય-આ નિયમ પ્રાચીન પ્રથા નિયમને વધુ અનુકૂળ છે. ઉદ્યાન-ચૈત્યાદિ પછી 'વસતિ' એટલે કોઇના બંધાવેલ ઘર-રહેઠાણમાં સાધુઓ ઉતરતા ને ચાતુર્માસ પણ કરતા. હાલ તેમના નિમિ-તેજ બંધાવેલા ઉપાશ્રય-અપાસરાઓ વિદ્યમાન છે. તો તેને શ્રાવકોની પોષધશાળા કહી-તેમાં ફેરવી નાંખી સાધુઓને તેમાં ઉતારવામાં આવે તો ધાર્મિક સાધુના નિયમ પણ જળવાય છે. અઢારમામાં ભવિષ્ય બતાવવાનું અને મંત્ર જંત્રના પ્રયોગો બંધ કરાવ્યા છે. ૧૯મામાં ફોટા પડાવવા, છપાવવા વગેરે જડપૂજાની બંધી કરાવી છે અને ૨૦મામાં ફકત આવશ્યક કાગળોજ લખાવવા ઠરાવ્યું છે અને જવાબદાર કાગળો સંઘના મુખીની સહીથી મોકલવા ઠરાવ્યું છે.

હમણાં લીંબડી સંઘાડાની વ્યવસ્થા કરવા મે માસમાં તેનું સંમેલન મળ્યું તેમાં એકને પૂજ્ય સાહેબ નીમી દીક્ષાના ઉમેદવારની યોગ્યતા તપાસ્યા બાદ તેમની આજ્ઞા પત્રિકા મંજુર કરવી. દૂષિતને પ્રાયશ્ચિત્ત આપવું વગેરે અધિકાર તેમને તથા લીંબડીના શેઠને આપવામાં આવ્યા. ચોમાસા નકકી કરવા આદિ બાબત એક સમિતિ નીમી દીક્ષા માટે એકજ વરઘોડો કાઢવાનું, સાધુના મૃતદેહ માટે અવિલંબ તેમજ સાદાઇથી

કાર્ય લેવાનું ઠર્યું. પરિગ્રહના કારણરૂપ પોતાના કબજામાં રહેતાં પુસ્તકો છે તેને એકત્ર કરી તેના પર સંપ્રદાયની માલિકી રહેશે ને જે જે ભંડારો ખોલાયા હોય તેનું નામ પણ બદલી એકજ નામ સંપ્રદાયના ભંડારનું આપવું અને તે ભંડારોની વ્યવસ્થા માટે પ્રબંધ કર્યો ને તે માટે 'શ્રાવક સમિતિ' નીમી શ્રાવકોનો પૂરેપૂરો હિસ્સો અને સહકાર આવકાર દાયક ગણેલ છે.

મુનિઓમાં જ્યાં જ્યાં શિથિલતા, પરિગ્રહ, અને કલેશ હોય ત્યાં ત્યાં તેને દૂર કરી શ્રમણ ભગવાન્ મહાવીરના અનુયાયી શ્રમણો તેમના પ્રણીત કઠિન આચારો લક્ષમાં રાખી હાલના દ્રવ્યક્ષેત્ર કાળભાવને અનુસરી સંયમ અને ત્યાગને પુષ્ટી મળે એવી રીતે વ્યવસ્થા-પદ્ધતિ તૈયાર કરવી ઘટે. આચાર્યોનાં વૃંદ વધી જાય, કોઇ કોઇપર અંકુશ ન રહે, ગુરૂકુલવાસ-ગુરૂ પારતંત્ર્ય રહે, શ્રમણ સંઘની હેલના ન થાય જૈનેતરમાં પણ તેમના પ્રત્યે આદરભાવ રહે અને ચાલુ કલુષિત વાતાવરણમાં મુખ્ય હાથ મુનીઓનો હોય છે એ માન્યતા સત્ય રીતે દૂર થાય એ સઘળું કરવાની અતિ તીવ્ર જરૂર છે. સમય કહે છે કે 'ચેતો' છતાં જો ચેતવામાં નહિ આવે તો પ્રતિષ્ઠા જે કંઈ રહી સહી હોય તે ખોવાનો પ્રસંગ નજીક છે. આ રથા. સાધુ સંમેલન પણ હજુ જોઇએ તેટલી સીમા પર ગયું નથી, છતાં પણ જે કર્યું તે પણ ઠીક છે ને તેટલાને પણ માત્ર કાગળ પરના ઠરાવ રૂપે રાખીને નહિ, પણ વર્ત્તનમાં મુકવાના સત્ય પ્રયાસ થશે ને તેની વિરૂદ્ધ ચાલનારને રીતસર યોગ્ય શિક્ષા થશે ત્યારેજ આખું બંધારણ સ્થાયી રહેશે ને તેનાં સારાં ફળ થશે.

**—મોહનલાલ દ. દેશાઇ.**

(अनुसंधान पृ. ९५ परसें.)

पंच महाव्रत का पालन करना तो बडे बडे विद्वानों को, त्यागियों को, वैरागियों को कठिन हो जाता है तो इन दुध मुँहे बच्चोंको पालन कराना कहां तक संभव है!

विना शिक्षा प्राप्त किये दीक्षा लेना उतना ही भयावह है जैसे किसी अनाडी को दवाइयों का बक्स देकर वैद्यगी करने की आज्ञा दे देना। ज्ञानी वैद्य उन दवाइयों से यदि सैकडों मनुष्यों को अच्छा कर सकता है तो उन्हीं दवाइयों से अज्ञानी के हाथों सैकडों मरीजों के प्राण चले जाते हैं। कारण क्या है केवल यही कि उसने पहले ज्ञान प्राप्त करके पीछे वैदगी की क्रिया की। दूसरे ने अज्ञानता के कारण रोगियों को अण्ट सण्ट औषधि देकर उनके प्राण ले लिये। इसलिये यह सीधी सादी बात है कि जिस बालक या बालिका को दीक्षा देनी हो उसे भली प्रकार पहिले शिक्षा दी जाय फिर यदि उसका भाव वैराग्यमयी हो तो खुशी से वह साधु बन सकता है। चेला चेली के लोभ में पडनेवाले साधु साध्वी महाराजों को ध्यान रखना चाहिये कि एक चन्द्रमा रात्रि के अन्धकार को नष्ट कर सकता है पर सैकडों तारे नहीं। एक विद्वान साधु संघ का उपकार कर सकता है, पर सौ अज्ञानी नहीं। अच्छा हो यदि हर एक उपाश्रयों में बडे बडे हरूफों में यह लिख दिया जावे कि—

'पहिले ज्ञान ने पाछे क्रिया'

'पहिले शिक्षा देकर फिर दीक्षा दा'

# જૈન............જગત્.

### ખંભાત રાજ્ય અને દીક્ષા.

ખંભાત રાજ્યના પહેલા વર્ગના માજીસ્ટ્રેટે ૧૪૪ મી કલમ હેઠળ એક હુકમ બહાર પાડી અમૃત નામની એક સગીર બાળાને સાધ્વી તરીકેની દીક્ષા આપવાની બધા સાધુઓ અને સાધ્વીઓને મનાઇ કરી છે.

આ હુકમ સગીર વયની બીજા કોઇ પણ વ્યક્તિને સાધુ અથવા તો સાધ્વી તરીકેની દિક્ષા આપવાની બધા જૈન સાધુઓ અને સાધ્વીઓને મનાઇ કરે છે.

### કાઠીયાવાડ સમાચાર.

**પાલીતાણા:**—યશોવિજયજી ગુરૂકુળમાં શ્રીમદ્ બુદ્ધિસાગર સુરીશ્વરજીની જયંતિ ઉજવવામાં આવી હતી.

**વઢવાણ:**—સંઘની વિનંતિ ન હોવા છતાં ચાતુર્માસ માટે આવેલા શ્રી દાનવિજયજી અને રામવિજયજી થી સુલેહ-શાંતિને હાની ન પહોંચે, તેની સંભાળ રાખવા શ્રી મનસુખલાલ ઓઘડભાઇ આદિએ વઢવાણ સીટીના નામદાર મહારાજા સાહેબને તાર કર્યો છે.

### ચાતુર્માસ સમાચાર.

—આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિશ્વરજી મહારાજ **સાદડી:**—(મારવાડ) માં ચાતુર્માસ કરશે.

—**વડોદરા:**—ન્યાયતીર્થ શ્રી ન્યાયવિજયજી મહારાજ વડોદરામાં ચાતુર્માસ કરશે.

—**ઉજ્જૈન:**—શ્રી વિદ્યાવિજયજી મહારાજ ચાતુર્માસ કરશે.

### શ્રી વિઠ્ઠલભાઈ પટેલનો સત્કાર.

એન્ટવર્પમાં શ્રીયુત વિઠ્ઠલભાઇ પટેલને સત્કારવા એક મેળાવડો કેટલાક જૈન બંધુઓ તરફથી યોજવામાં આવ્યો હતો, અને હિંદવાસી તરીકે સારૂં માન આપી બસોદશ પાંઉડની એક 'પર્સ' એનાયત કર્યાના સમાચાર મલ્યા છે.

### દીક્ષા ન આપવા ચેતવણી.

દાઠાવાળા શા. નાનચંદ ખીમચંદે એવી મતલબની હકીકત વર્તમાનપત્રો મારફતે જાહેર કરી છે કે પોતાના જીવનના આધાર રૂપ પુત્ર રતિલાલ જેની ઉમર વર્ષ ૧૪ ની છે તેને છુપાવવામાં આવ્યો છે અને તેને કોઇ સાધુ કે સંઘ દીક્ષા આપે કે અપાવે નહિં.

### પંજાબ સમાચાર.

गुजरानवालां में आत्म जयन्तिः—धामधूम से मनाई गई. स्वर्गीय महात्मा आत्मारामजी के मूर्ति के दर्शन, भक्ति आदि के पश्चात् नगर-कीर्तन प्रारम्भ हुआ. बाबू अनंतराम B. A. LL. B. के सभापतित्व में समाधि-भवन में सभा हुई. वक्ताओंने स्व० गुरूदेवकी जीवनी पर भाषणोंद्वारा खूब प्रकाश डाला. कांगडा फोर्ट की मूर्तियां सुपूर्द करने के लिए प्रस्ताव पास हुआ.

आत्मानंद गुरूकुल मे एक सभा हुई थी जिस मे शेठ साराभाई म. मोदी के देहोत्सर्ग के लिए खेद प्रकट किया गया.

## આચાર્યના ગુણ.

(સંગ્રાહકઃ—**રતિલાલ ભીખાભાઇ-મુંબઇ.**)

देसकुलजाइरुवे संघयण घिई जुओ, अणासंति अविकत्थणो, अमाइ थिरपरिवाडी, गहियवक्को, जियपरिसो, जियनिद्दो, मज्जत्थो, देसकालभावन्नू, आसन्नलद्धपइभो, नाणाविहदेसभासन्नू, पंचविहे आयारे जुत्तो, सुतत्थतदुभय विहन्नू, आहरण हेउ उवणय नय निउणो, गाहणाकुसलो, ससमय परसमय विउ, गंभीरो दित्तियंसिवो, सोमो गुणसयकलिओ एसो पवयण उवएसउय गुरुओ भणिओ ।

૧ **देस**-એટલે આર્ય દેશમાં આર્ય સંસ્કાર સાથે ઉત્પન્ન થયેલ હોય તેને આચાર્ય કહેવાય.

૨ **कुल**-એટલે જેના પિતાનો પક્ષ શુદ્ધ હોય, તેવા આચાર્યને ગુરૂ કહેવાય.

૩ **जाइ**-એટલે માતાની જાત એટલે માતાનો વંશ પક્ષ ઉચ્ચ હોય તેનેજ આચાર્ય ગુરૂ કહેવાય.

૪ **रुवे**-એટલે રૂપવાન્ કાંતિવાન્ તેમજ પ્રભાવશાળી હોય તેનેજ આચાર્ય કહેવાય.

૫ **संघयण**-એટલે શરીર સામર્થ્યવાન્ હોય, તપસ્યા કરવામાં જેનું સંઘયણ શરીરબળ છે, તેવાનેજ આચાર્ય કહેવાય.

૭ **घिई**-એટલે ધીરજવાળો એટલે ચારિત્રવાન નીભાવવાને સમર્થ, દીક્ષા લઇને છોડી દે, અને ફરીથી દીક્ષા લે, તે સાધુ થઇ શકે છે, પણ આચાર્ય થવાને તદ્દન નાલાયક છે.

૭ **अणासंति**-એટલે પાંચ પ્રકારની આકાંક્ષા રહિત, ચારિત્ર પાળે, ઉપદેશ દે, પાંચ પ્રકારની આકાંક્ષા તે (ઇહલોગ પરલોગ જીવિય મરણ આસંસપાઓગે.)

૮ **अविकत्थणो**-એટલે તુચ્છ અપરાધે પણ શિષ્યાદિકને ચારિત્રમાં સ્થિત કરવા માટે પ્રયત્ન કરે, પણ વિકથા કરી ચારિત્રમાંથી ઢીલા કરવા પ્રયત્ન કરે નહિ તેજ આચાર્ય ગુરૂ કહેવાય.

૯ **अमाइ**-એટલે માયા કપટ રહિત.

૧૦ **थिरपरिवाडी**-એટલે સૂત્ર અર્થ વિગેરે પાઠો યાદ રાખનાર, એટલે ભૂલી જાય નહિ તેવાને આચાર્ય ગુરૂ કહેયાય.

૧૧ **गहियवक्का**-એટલે જેમના વચનો હંમેશાં ગ્રહણજ કરાય, તેવા આદેય વચન સહિત હોય, તેવા આચાર્ય ગુરૂ કહેવાય, પણ જેમના વચનો વડે સંઘમાં કલેશાગ્નિ ઉત્પન્ન થાય, તેવાઓને આચાર્ય ગુરૂ કહેવા તે આત્માને મતિજ્ઞાનમાંથી મતિઅજ્ઞાનમાં દાખલ કરવા સમાન છે. કારણકે શંકરાચાર્ય જેવું સુંદર નામ ધારણ કરીને ગાદી માટે કોર્ટમાં જઇને લઢે તે મતિઅજ્ઞાનમાં દાખલ થયેલા આચાર્ય કે જેવાને હું તો હોળીના રાજા જેવા હોદ્દાવાળા મતિઅજ્ઞાનાચાર્ય ગણું છું.

૧૨ **जियपरिसो**-એટલે પરીષહોને જીતનાર, બાવીસ પરીષહો જીતનાર, અથવા જીતવાની ઉમેદવારી કરીને સમ્યક પ્રકારે દુઃખ પોતાના સંઘયણ બળ પ્રમાણે બાવીસ પરીષહો સહન કરવા પ્રયત્ન કરે તેવા આચાર્ય ગુરૂ મહારાજને વંદન હોજો. દિવસમાં ત્રણ વખત અકરાંતીયાની માફક આહાર કરનાર તે ગુરૂ નથી, પરંતુ સંસારની અંદર વેષાચાર્ય તરીકે પાઠ ભજવી આ ફાની દુનીયાનો ત્યાગ કરી અનંતાકાલ રઝળે છે.

૧૩ **जियनिद्दो**-એટલે નિંદ્રાને જીતનાર.

૧૪ **मज्जत्थो**-એટલે રાગદ્વેષે રહિત.

આનાંઘનજી લખે છે કે—

ગચ્છનાં ભેદ બહુ નયન નિહાળતાં
તત્વની વાત કરતાં ન લાગે.
ઉદર ભરણા દિ નિજ કાર્ય કરતાં થકાં
મોહ નડીયાં કલિકાલ રાજે.

જે આચાર્યનો વેશ પહેરી ગચ્છના ભેદો માટે ઢુંગા મસ્તી કરી સંઘમાં કલેસ ઉત્પન્ન કરે છે અને તત્વોની વાતો કરે છે તે બીચારો કળીકાલની અંદર મોહ રાજાથી પીડાએલો છે માટે તેવા રાગદ્વેષ સહીત જે આચાર્યનો નાટકનો પાઠ ભજવવો હોય તેને નાટયાચાર્ય તરીકે જાહેર કરવામાં વાંધો નથી, માટે રાગદ્વેષ રહીત થવામાં જે પ્રયત્ન કરવા હોય તેમજ બીજાઓને તેવો ઉપદેશ આપતા હોય તેવા આચાર્ય ગુરૂ મહારાજને વંદન હોજો.

૧૫ થી ૧૭—દેશ, કાલ, ભાવને જાણનાર તે આચાર્ય ગુરૂ કહેવાય છે. દેશ કાલ ભાવને જોનાર સમય ધર્મી મહાત્માને જે રોટલાચાર્ય કહે છે તે પાકકો ઉઠાવગીર, બદમાશ, સેતાન અને સાધુ કે શ્રાવકના વેષમાં રહીને ભગવાન મહાવીરના સાસનને નહી સમજનાર મૂર્ખ પંડીત વિદ્વાન છે તેમ હું છાતી ઠોકીને જાહેર કરૂં છું.

## પૌષધ કરનારને—

જે ભાઇ યા બ્હેને ૧૯૮૭ માં વધારેમાં વધારે પૌષધ કરેલા હશે તેને વિજ્યાનંદ સૂરિ કૃત નવ તત્વ સંગ્રહનું પુસ્તક ભેટ તરીકે આપવામાં આવશે.

લખોઃ—**રતિલાલ ભીખાભાઇ,**
ગીરગામ પોસ્ટ મુંબઇ ૪.

## જીવદયા પ્રચાર.

### પશુઓને બદલે કાકડીના બલીદાન.

મુંબઇની જીવદયા મંડળીના આસિ. સેક્રેટરી શ્રી જયંતિલાલ માનકર જણાવે છે કેઃ—

પશુઓના બલીદાન બાબતમાં કોચીન રાજ્યમાં નીચે મુજબનો હુકમ થયો હોવાના ખબર “રૂટર” મારફતે કલકત્તાના Evening Standard પેપરમાં પ્રગટ થયા છે તે મુજબ કોચીન રાજ્યમાં દેવ દેવીને નામે બકરાં તથા મુરઘાંના બલીદાન દેવાનો રિવાજ ચાલુ હતો, તે બાબતમાં સુધારો કરી છેવટે રાજ્યે હુકમ બહાર પાડયો છે.

“કોચીન રાજ્યના દેવળોમાં હવેથી બકરાં મુરઘાંનાં બલીદાન આપવાને બદલે કરકસર અને દયાની ખાતર કાકડીના બલીદાન ભવિષ્યમાં આપવામાં આવશે અને બકરાં તથા મુરઘાંના બલીદાન વખતે તેનાં ડોકાં કાપવામાં આવતાં તેને બદલે કાકડીનાં માથાં (ઉપરનો ભાગ) કાપીને હોમવામાં આવશે.”

આ સ્તુત્ય કાર્ય માટે કોચીન નરેશને અભિનંદન ઘટે. બીજા રાજ્યો આને અનુકરણ કરે ને ઇચ્છવા યોગ્ય છે.

# વિદ્યાર્થી ઉપયોગી ડિરેકટરી.

( સંગ્રાહકઃ— મા. મોદી. )

જૈન વિદ્યાર્થી આલમને પોતાના **શિક્ષણને આગળ વધારવા** ઘણી મુશ્કેલીઓ વચ્ચે પસાર થવું પડે છે. સ્કૉલરશિપો આપનાર સ્થળો તથા રહેવા માટે વિદ્યાર્થી આશ્રમ વિદ્યાલયો આદિની કેટલીક માહિતિ આ ટાંગ આપતાં તે ઉપયોગી નિવડશે એવી આશા છે. વિશેષ વિગત માટે સંસ્થાઓના મંત્રીઓ સાથે પત્ર વ્યવહાર કરવો.

**સ્કોલરશિપ (છાત્રવૃત્તિઓ) પ્રાપ્ત કરવાના સ્થળોઃ—**

૧ **શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન સ્કૉલરશિપ** ફંડ-ઠે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાલીઆ ટેંક રોડ, મુંબઈ ૭. આ ફંડમાંથી માધ્યમિક કેળવણી અંગ્રેજી ૪ થા ધોરણથી ૭ મા ધોરણ સુધીના અભ્યાસ માટે, ટ્રેઈન્ડ શિક્ષક થવા માટે, મિડ વાઈફ કે નર્સ થવા માટે, હિસાબી જ્ઞાન, ટાઈપ રાઈટિંગ, શોર્ટહેન્ડ શીખવા, પેન્ટિંગ, ડ્રાઇંગ, ઇજનેરી–વિજળી ઇત્યાદિના અભ્યાસ માટે, દેશી વૈદક શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોન રૂપે આપવામાં આવે છે. હિંદમાં વસતા શ્વે. મૂર્તિપૂજક જૈન લાભ લઇ શકે છે.

૨ **શ્રી જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ**-ઠે. ટાઉન હોલ સામે, કોટ, મુંબઇ. મુંબઈ ઇલાકાના શ્વે. મૂ. જૈન વિદ્યાર્થીઓને અમુક વ્યાજે યોગ્ય જામીનગીરીથી દેશ તેમજ વિદેશમાં અભ્યાસ કરવા લોન રૂપે મદદ કરવામાં આવે છે.

૩ **શ્રી સારાભાઈ મગનભાઇ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ**-ઠે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાલીઆ ટેંક રોડ, મુંબઇ ૭. શ્વે. મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓ જેની બીજી ભાષા સંસ્કૃત વા અર્ધમાગધી હોય અને જેણે શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ (૨૦, પાયધુની મુંબઇ)ના પુરૂષ ધોરણ ૧ લાની પરીક્ષા પસાર કરી હશે તેને મેટ્રીક થયા પછી કૉલેજ કે વિદ્યાલયમાં ઉચ્ચ અભ્યાસ કરવા અથવા સ્પીનીંગ, વીવીંગ, સીવીલ કે ઇજનેરી સેનેટરી, ઇલેકટ્રીક, ટેકનીકલ, ઉચ્ચ હિસાબી, વૈદક કે વેટરનરી લાઇનમાં અભ્યાસ કરવા લોન રૂપે શિષ્યવૃત્તિ મળી શકે છે.

૪ **શેઠ ધરમચંદ ઉદેચંદ જૈન એજ્યુકેશન ફંડ**-તથા લલ્લુભાઈ ધરમચંદ એજ્યુકેશન ફંડ; C/o શેઠ ગુલાબચંદ ધરમચંદ મેનેજીંગ ટ્રસ્ટી મુ. **મલાડ MALAD** (બી. બી. સી. આઇ): ગ્રેજ્યુએટ થયા પછી આગલ વધવા માટે લોન મળી શકે છે.

૫ **શેઠ સારાભાઇ વીરચંદ દીપચંદ એજ્યુકેશનલ સ્કૉલરશિપ ફંડ**-ઠે. શેઠ કેશવલાલ પ્રેમચંદ મોદી વકીલ, (સેક્રેટરી) હાજાપટેલ પોળ, અમદાવાદ. વીશા શ્રીમાલી જૈન વિદ્યાર્થીઓને મદદ આપે છે.

૬ **શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ**-ઠે. જૈન કૉન્ફરન્સ, ૨૦, પાયધુની, મુંબઇ. દર વર્ષે ડિસેમ્બર માસમાં ધાર્મિક પરીક્ષાઓ લેવા ઉપરાંત જૈન શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થીઓને ફંડના પ્રમાણમાં દર વર્ષે સ્કૉલરશિપો આપે છે. જૈન પાઠશાળાઓને પણ મદદ કરે છે.

૭ **જૈન એસોશિએસન ઑફ ઇંડિયા**-ઠે. શ્રી રતનચંદ માસ્તર (સેક્રેટરી) માસ્ટર કંપની, બ્રુસ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ. જૈન શ્વે. મૂ. વિદ્યાર્થીઓને દર વર્ષે સ્કૉલરશિપો આપે છે.

૮ **શેઠ ગુલાબચંદ રાયચંદ જૈન શ્વે. સ્કૉલરશિપ ફંડ**-ઠે. શેઠ નેમચંદ અભેચંદ ઝવેરી (**મેનેજીંગ ટ્રસ્ટી**), શેખ મેમણ સ્ટ્રીટ, ઝવેરી બજાર, મુંબઇ. દર વર્ષે અમુક સ્કૉલરશિપો આપવામાં આવે છે.

૯ **શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરંસ**-૨૦, પાયધુની, મુંબઇ મેટ્રીકની પરીક્ષામાં પાસ થનાર સંસ્કૃત વિષયમાં સૌથી વધારે માર્ક મેળવનાર તથા કુલ્લે સૌથી વધારે માર્ક મેળવનાર સુરતના વતની જૈનને રૂા. ૪૦)ના બે સ્કૉલરશિપ પ્રાઇઝો મ. શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ પ્રાઇઝ તરીકે દર વર્ષે આપે છે.

૧૦ **સ્વ૦ શેઠ ભગુભાઇ ફતેહચંદ કારભારી સ્કૉલરશિપ**-ઠે. મંત્રી, મુંબઇ. માંગરોળ જૈન સભા, ગોડીજી ચાલ, પાયધુની, મુંબઇ. પ્રીવીઅસની પરીક્ષા પાસ કરી કમાર્શીઅલ કૉલેજમાં અભ્યાસ કરવા ઇચ્છનાર–સૌથી ઉંચે નંબરે પાસ થનારને રૂા. ૮૦) ની સ્કૉલરશિપ અપાય છે.

૧૧ **શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ સહાયક ફંડ**-ઠે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય ગોવાલીઆ ટેંક, મુંબઇ. મુંબઇમાં રહી કલકત્તા વિદ્યાલયની ન્યાય તીર્થની પરીક્ષાઓ માટે તથા મુંબઈ વિશ્વવિ. ના ફર્સ્ટ ઇયરથી માંડી એમ. એ. સુધીના અર્ધમાગધીના અભ્યાસ કરનારને રૂા. ૧૦ અથવા તેથી વધુ મદદ ધારા ધોરણો આધીન મલી શકે છે, મંત્રીઃ શ્રી મોહનલાલ બી. ઝવેરી, સોલિસિટર.

૧૨ **શ્રી આત્મવલ્લભ જૈન કેળવણી** ફંડ-પાલણપુરના જૈન મૂ. વિદ્યાર્થીઓને ધાર્મિક તથા વ્યવહારિક કેળવણી માટે મદદ આપે છે.

૧૩ **શ્રી શેઠ મોતીલાલ મૂલજી વિદ્યો-તેજક ફંડ**-રાધનપુરના વિદ્યાર્થીઓ માટે ઉત્તેજન આપવા.

૧૪ **શ્રી બાલ મિત્ર મંડળ**-ઠે. પન્નાલાલ પૂ. જૈન હાઇસ્કૂલ ત્રાંબાકાંટા, મુંબઇ. વિદ્યાર્થીઓને નિયમો આધીન મદદ આપે છે.

# જૈન વિદ્યાલયો બોર્ડિંગો વિગેરે.

**મુંબઈમાં (૧) શ્રી મહાવીર જૈન વિદ્યાલય**-ગોવાલીઆ ટેંક રોડ, મુંબઇ. મેટ્રીક પછીના વિદ્યાર્થીઓ મુંબઇમાં રહી અભ્યાસ કરનાર માટે, **(૨) શ્રી હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડિંગ**-તારદેવ, મુંબઇ. (રહેવા માટે), **(૩) શ્રી ગોકુલભાઇ મુલચંદ જૈન હોસ્ટલ**-એલ્ફિસ્ટન રોડ, સ્ટેશન, મુંબઈ. (રહેવા માટે), **(૪) શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ**-પીરભાઇ બીલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ. (રહેવા માટે)

**ગુજરાતમાંઃ**-(૧) શ્રી ચિમનલાલ નગીનદાસ જૈન બોર્ડીંગ-ખાનપૂર–અમદાવાદ (૨) શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ કોચરબ, અમદાવાદ (૩) શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક બોર્ડીંગ, એલિસ બ્રીજ, અમદાવાદ, (૪) શ્રી પાટણ જૈન મંડળ બોર્ડીંગ-બહાદુરગંજ–પાટણ, (૫) શ્રી જૈન વિદ્યાર્થી આશ્રમ, વડાચૌટા, સુરત, (૬) શ્રી નવાપુરા જૈન બોર્ડીંગ–નવાપુરા સુરત.

**મેવાડ-મારવાડમાંઃ**-(૧) શ્રી જૈન શ્વે. બોર્ડીંગ ઉદયપૂર (મેવાડ) (૨) શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈન બાલાશ્રમ મુ.

# સંવિજ્ઞ સાધુ સાધ્વી યોગ્ય નિયમો.

સંપાદકઃ—રા. ચોકસી.

(૧)

[ સંવિજ્ઞ સાધુ સાધ્વી યોગ્ય નિયમો, સ્પષ્ટીકરણ–આ નીચે આપેલા પટ્ટકો પરથી તે સમયના સાધુ સમાજની પરિસ્થિતિનો–તેમજ આચારનો ઠીક ઠીક ખ્યાલ આવે તેમ છે. એ કાળના અને અત્યારના વર્તનમાં કેવું અંતર પડી ગયું છે અને તેથી કેવી સ્થિતિ જન્મી છે તેનો પણ સારી રીતે તોલ કરી શકાય તેમ છે. વધુ વિવેચન પ્રાંત ભાગે કરવા ઇચ્છા છે. આ ઉતારા એક મુનિશ્રીના સંગ્રહ પરથી કરાયેલા છે. ]

ઐઁ નત્વા ભટ્ટારક શ્રી હીરવિજયસૂરિશ્વર પટ્ટાલંકાર ભટ્ટારક શ્રી વિજયસેન સૂરિશ્ર ગુરૂભ્યો નમઃ

સંવત ૧૬૭૭ વર્ષે વૈશાખ શુકલ સપ્તમ્યાં, બુધે, પુષ્ય નક્ષત્રે, સાબળી નયરે શ્રી વિજયદેવ સૂરિભિર્લિખ્યતે અપર ભટ્ટારક શ્રી આનંદ વિમળ સૂરિ, ભટ્ટારક શ્રી વિજયદાન સૂરિ, ભટ્ટારક શ્રી હીર વિજય સૂરિ, ભટ્ટારક શ્રી વિજય સેન સૂરિ પ્રમુખ પૂર્વાચાર્યે પ્રસાદ કીધા જે સાધુ સાધ્વીની મર્યાદાના તથા નવા બોલ માંહેના કેટલાક બોલ સંભારવા નિમિત્તે લખ્યા છે તે બોલ સમસ્ત ગીતાર્થે તથા સાધુ સાધ્વીએ રૂડી પેરે પાળવા તથા સંઘાડા માંડે પળાવવા. જે ન પાળે તેને યથોચિત પ્રાયશ્ચિત દઇ મર્યાદા રૂડી પળે તેમ કરવું.

૧ માસ કલ્પની મર્યાદાએ ગીતાર્થે પાગરવું (વિહાર કરવો) અને વ્યાખ્યાનાદિક પણ માસ કલ્પની મર્યાદાએ કરવું. માસ કલ્પ પુરો થયા પછી બીજા પન્યાસ ન હોય તો ગણેશ (ગણી–પન્યાસથી ઉતરતી પદવી) પાસે પણ વ્યાખ્યાનાદિક વિધિ સચવાવવી.

૨ સમસ્ત યતિએ સર્વ માંડળે[૧] આવવું અને બાધાનું કારણ હોય તો પૂછ્યા વિના સર્વથા ન રહેવું અને દહેરાની સામગ્રી છતે દિનપ્રત્યે સંભારી દેવ જુહારવા, (૧ સમુદાયમાં ભેગા થઇ બેસવું.)

૩ છ ઘડી પહેલાં કોઇએ બહાર નિકળવું નહિ. મોટા કારણે પૂછીને જવું.

૪ ગચ્છ બહારના વેશધારી સાથે કોઇએ બોલવું નહિ. જરૂરને કારણે ગુરૂ આદિ કહે તેમ કરવું.

૫ વહોરવા જતાં અથવા સ્થંડિલ જતાં વાટે સર્વથા કોઇએ બોલવું નહિ. બોલવાનું કાર્ય હોય તો પાસે રહીને બોલવું.

૬ ઉઘાડે મુખે સર્વથા બોલવું નહિ.

૭ પૂંજ્યા વિના સર્વથા કોઇએ હાંડવું નહિ.

૮ દુઃખક્ષય–કર્મક્ષય નિમિત્તે ૧૫ લોગસ્સનો કાઉસગ્ગ કરવો.

૯ પડિક્કમણું કર્યા પછી પોરસી લગી ત્યાંજ રહેવું ને પોરસી ભણ્યા પછી પોતાને સ્થાનકે જવું.

૧૦ મધ્યાન્હે માંડલે બેઠા વિના ૪ દ્રવ્ય ઉપરાંત ન લેવા. કારણે ગુરૂ આદિ કહે તેમ કરવું.

૧૧ પડિક્કમણું ઠાયા પછી છ આવશ્યક લગી પડિક્કમણમાં ન બોલવું.

૧૨ પંચ પર્વીદિને પ્રક્ષાલન (ધોવું–કાપ કાઢવો) ન કરવું.

૧૩ આહાર કરતાં સર્વથા ન બોલવું. બોલવાનું કાર્ય હોય તો કોગળો કરીને બોલવું.

૧૪ રાત્રે 'વાસી' સર્વથા ન રાખવું. બાધાદિ કારણે વડા કહે તેમ કરવું.

૧૫ 'નીવી કરવાની આજ્ઞા દેવી અથવા ન દેવી,' તે વાત ગુરૂ આધિન છે.

૧૬ સંધ્યાને તેમજ પ્રભાતને પડિક્કમણે નમુથ્થુણં કહ્યાં પહેલાં માંડલે આવવું.

૧૭ સાબુ વડે સર્વથા પ્રક્ષાલન ન કરવું.

૧૮ પોતાની હદ માંહી જવું. બીજાની હદમાં ન જવું. ઔષધાદિકને કારણે જેની હદ હોય તેને તેડીને જવું.

૧૯ હમેશાં ગાથાદિક કંઈ ભણવું ન ભણાય તો શાક નિષેધ.

૨૦ ૧સંઘાડીએ ગુરવાદિકને પૂછ્યા વિના બીજા સાથે ન જવું બીજાએ પણ તેના ગુરવાદિકને પૂછ્યા વિના તેડી ન જવું, (૧ ગચ્છ યા સમુદાયમાં રહેનાર)

૨૧ યતિ સમસ્તે તિવિહાર એકાસણું ન મુકવું.

૨૨ પ્રભાતના પડિક્કમણા પહેલાં અથવા પડિલેહણ પહેલાં પાટ ઉપહરી કરવી. ઉપહરી કરવી–ઉભી કરવી, વાપરવી નહીં.

૨૩ કોઈ સાધુ–સાધ્વીએ એકલા ન જવું. મોટે કારણે વડાને પૂછીને કરવું.

૨૪ સાધ્વીએ વ્યાખ્યાનની વેળા ટાળી યતિ હોય ત્યાં ન આવવું; અને યતિએ પણ સાધ્વી હોય ત્યાં ન જવું.

૨૫ યતિ સમસ્તે સાધ્વી તથા શ્રાવિકા સાથે આલાપ સંલાપ કરવો નહિ.

૨૬ પન્યાસે પગ વીછળવા ટાળી, સર્વથા સ્નાન ન કરવું, અને બીજા યતિઓએ અપવિત્રતાદિક કારણે પધ્ધાવન (પગ ધોવા) માત્ર કરવું.

૨૭ મધ્યાન્હ પછી યતિએ તેમ સાધ્વીએ કારણ વિના વહોરવાને અર્થે ગ્રહસ્થને ઘેર ન જવું.

૨૮ આહાર પણ અઢી પહોરમાંહિજ કરવો.

૨૯ ઉજ્વળ વસ્ત્રનું પરિધાન કોઇએ ન રાખવું. (ચોળી નાંખીને વાપરવું)

૩૦ શુકલ એકાદશી દિને સર્વથા કોઇએ શાકાદિક આદ્રક વસ્તુ ન વહોરવી.

(અપૂર્ણ.)

---

ઉમેદપુર પો. ગુડા બાલોતરા (૩) શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય, વરકાણા (મારવાડ–વાયા રાણી) શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ, શિવપુરી.

કાઠીયાવાડઃ–શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ, પાલીતાણા (૨) શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ, પાલીતાણા (૩) શ્રી જિનદત્તસૂરિ જૈન બ્રહ્મચર્યાશ્રમ, પાલીતાણા, (૪) શ્રી ચારિત્ર રત્નાશ્રમ–સોનગઢ (૫) શ્રી કોઠારી જૈન શ્વે. મૂ. બોર્ડીંગ લીંબડી, (૬) શ્રી દાદા સાહેબ જૈન બોર્ડીંગ ભાવનગર, (૭) શ્રી મહુવા જૈન બાલાશ્રમ મહુવા, (૮) પોપટલાલ ધારશી જૈન બોર્ડીંગ જામનગર. (૯) શ્રી દેવકરણ મૂળજી જૈન શ્વે. સૌ. વિ. બોર્ડીંગ, જુનાગઢ (જેતપુરમાં પણ બ્રાંચ ખોલવામાં આવી છે.)

પંજાબઃ—(૧) શ્રી આત્માનંદ જૈન ગુરૂકુલ ગુજરાનવાલા.

યુ. પી.:—(૧) શ્રી જૈન સ્ટુડેન્ટસ હોસ્ટલ અલ્હાબાદ.

મહારાષ્ટ્રમાંઃ—(૧) શ્રી દ. મા. જૈન શ્વે. મૂ. બોર્ડીંગ C/o ચતુરભાઇ પીતાંબર શાહ સાંગલી, (૨) શ્રી નેમીનાથ જૈન બ્રહ્મચર્યાશ્રમ, ચાંદવડ (વાયા માલેગાંવ.)

# શ્રી શ્રમણસંઘની શાસનપદ્ધતિનો ઇતિહાસ.

લેખકઃ—મુનિશ્રી કલ્યાણવિજયજી.

(૧)

[ સ્થાનકવાસી સાધુસંમેલનના પ્રયત્નો થઇ રહ્યા છે. શ્વે. મૂર્તિપૂજક મુનિસંમેલનની અગત્યતા સ્વીકારાઇ છે. તેણે કેમ કાર્ય કરવું અને શું પ્રશ્નોનું નિરાકરણ કરવું એ ચર્ચાનો વિષય છે. તે ચર્ચા યોગ્ય માર્ગે થાય તે પહેલાં આખા શ્રમણસંઘની શાસનપદ્ધતિ પૂર્વે શું હતી તે સંબંધી ઇતિહાસતત્ત્વમહોદધિ રૂપ ગણાતા સિદ્ધહસ્ત લેખક મુનિશ્રી કલ્યાણવિજયજીના એ હિંદી લેખ હિંદી માસિક 'આત્માનંદ' ના મે અને જુન ૧૯૩૧ ના અંકમાં આવેલા તેનું ગુજરાતી ભાષાંતર કરી અત્ર આપેલ છે કે જે પરથી અનેક જાણવાયોગ્ય હકીકત મળશે. મો. દ. દેશાઇ. ]

જોકે પ્રસ્તુત લેખમાં અમારે શ્રમણસંઘની શાસન-પદ્ધતિનું જ મુખ્યત્વે વર્ણન કરવાનું છે, તો પણ આના પ્રારંભમાં 'જિન શાસનપદ્ધતિ'નો પણ નિર્દેશ કરવો અનિવાર્ય છે, કારણ કે અમારી શાસનપદ્ધતિ પણ આ જિન શાસનપદ્ધતિનું વિસ્તૃત રૂપ છે.

જૈન સૂત્રોમાં ભગવાન્ **મહાવીર**ને 'ધર્મચક્રવર્તી' કહેલ છે, અને વાસ્તવમાં તેઓ ધર્મચક્રવર્તી જ હતા. ધાર્મિક રાજ્યની વ્યવસ્થા કરવામાં તેઓ સ્વતંત્ર અને સાર્વભૌમ સત્તાધારી પુરૂષ હતા. લાખો અનુયાયીઓ પર તેમનું અખંડ પ્રભુત્વ હતું. અનુયાયિગણ ઘણી લગનીપૂર્વક તેમના શાસનોનું અનુપાલન કરતો હતો. તેમના શાસનો પણ સાંપ્રદાયિક વાડામાં દોરી જનારા ફતવા નહોતા પરંતુ સર્વ-ગ્રાહ્ય ઉપદેશાત્મક રહેતા હતા.

શ્રી **મહાવીર** મનુષ્યોના સ્વભાવ અને તેની પરિસ્થિતિઓના પૂર્ણ જ્ઞાતા હતા, તેનું કારણ એ છે કે તેમના ઉપદેશોમાં કઠણમાં કઠણ અને સુગમમાં સુગમ એમ બધી જાતના નિયમોના પાલનનો આદેશ રહેતો હતો. તેમના મતમાં નિર્ગ્રન્થ સાધુ અને મોક્ષમાર્ગમાં વિશ્વાસ માત્ર રાખનારા ગૃહસ્થો-બંને જૈન હતા. તેમની વિશાળ દૃષ્ટિ અને ઉદારતાનું પરિણામ એ આવ્યું કે લાખો મનુષ્ય પોતપોતાની શ્રદ્ધા ભક્તિ અને શક્તિ અનુસાર **મહાવીર**ના ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ કરી રહ્યા હતા.

ધર્મચક્રવર્તી **મહાવીર**ના ધર્મસામ્રાજ્યની શાસનપદ્ધતિનો ઇતિહાસ ઘણો મોટો છે. પોતાના હજારો ત્યાગી અને લાખો ગૃહસ્થ શિષ્યોની વ્યવસ્થા માટે **મહાવીરે** જે નિયમો બાંધ્યા હતા તે આજ પણ જૈન શાસ્ત્રોમાં સંઘરેલા છે.

એક ધર્મવ્યવસ્થાપક પોતાના અનુયાયીઓ માટે કેવી સુંદર ધાર્મિક વ્યવસ્થા કરી શકે છે તે વાત સમજવા માટે **મહાવીર** પ્રણીત 'સંઘવ્યવસ્થા પદ્ધતિ' એક દર્શનીય વસ્તુ છે. આ પદ્ધતિનું સવિસ્તર નિરૂપણ કરવું એ આ લેખનો વિષય નથી. અહીં તો અમે તેનું દિગ્દર્શન માત્ર કરાવી આગળ ચાલશું.

**મહાવીરનો શ્રમણગણ**—ભગવાન્ **મહાવીર**ના તમામ સાધુ નવ વિભાગોમાં વહેંચવામાં આવ્યા હતા. તે વિભાગ 'ગણ' અથવા 'શ્રમણગણ' એ નામથી પીછાનવામાં આવતા હતા. આ ગણોના અધ્યક્ષ **મહાવીર**ના પ્રથમ-દીક્ષિત ઇંદ્રભૂતિ-ગૌતમ આદિ અગ્યાર શિષ્ય હતા કે જે 'ગણધર' કહેવાતા, સાધુ-સાધ્વીઓની કુલ વ્યવસ્થા આ ગણધરોને સોંપી હતી.

**મહાવીર**ના પોતાનાપર ધાર્મિક ઉપદેશ, અન્યતીર્થિક તથા પોતાના શિષ્યોની શંકાઓનું સમાધાન અને ધાર્મિક નિયમ બતાવવા ઈત્યાદિ કામની જુમ્મેદારી હતી, શેષ સર્વ કાર્ય પ્રાયઃ ગણધરોના હવાલામાં રહેતાં હતાં.

પૂર્વોક્ત નવ વિભાગ વ્યવસ્થાપદ્ધતિની અનુસાર બન્યા હતા ગુણની અપેક્ષાએ **મહાવીર**ના સાધુ સાત વિભાગોમાં પણ વિભક્ત હતા કે જે ૧ કેવલી, ૨ મનઃપર્યવજ્ઞાની, ૩ અવધિજ્ઞાની, ૪ વૈક્રિયર્દ્ધિક, ૫ ચતુર્દશપૂર્વી, ૬ વાદી અને ૭ સામાન્ય સાધુ કહેવાતા હતાઃ—

૧ કેવલી અથવા પૂર્ણજ્ઞાની-સાધુઓની સંખ્યા ૭૦૦ હતી અને તેમનો દરજ્જો સર્વશ્રેષ્ઠ હતો. તેઓ ભગવાન્ **મહાવીર** જેવા-તેમના મુકાબલાના જ્ઞાની હતા. **મહાવીરે** તેમની પૂર્ણસ્વતંત્રતાનો સ્વીકાર કર્યો હતો. તેઓ આત્મ-ધ્યાન કરવા ઉપરાંત ધર્મોપદેશ પણ આપતા હતા.

૨ મનઃપર્યવજ્ઞાની-યા મનોવૈજ્ઞાનિક તે બીજા દરજ્જાના સાધુ. તેઓ ચિત્તવૃત્તિવાળાં પ્રાણીઓના માનસિક ભાવોના જ્ઞાતા હતા.

૩ અવધિજ્ઞાની અથવા પરોક્ષજ્ઞાની સાધુ ૧૩૦૦ હતા.

૪ ચતુર્દશપૂર્વી-સંપૂર્ણ અક્ષરજ્ઞાનના પારગત હતા અને શિષ્યોને શાસ્ત્રાધ્યયન કરાવતા હતા.

૫ વૈક્રિયર્દ્ધિક-અથવા યોગસિદ્ધિપ્રાપ્ત-૭૦૦ સાધુ હતા, કે જેઓ પ્રાયઃ તપશ્ચર્યા અને ધ્યાનમાં મગ્ન રહેતા હતા.

૬ વાદી-અથવા તર્ક અને દાર્શનીક સિદ્ધાંતોની ચર્ચા કરનારા ૪૦૦ સાધુ હતા, કે જેઓ અન્ય તીર્થિકોની સાથે ચર્ચા-શાસ્ત્રાર્થમાં ઉતરતા અને જૈન દર્શન પર થનારા આક્રમણોના ઉત્તર દેતા હતા.

૭ આ વિભાગમાં બાકીના તમામ સાધુ હતા કે જેઓ વિદ્યાધ્યયન તપસ્યા ધ્યાન અને વિશિષ્ટ સાધુઓની સેવા-ચાકરી કરતા હતા.

આ પ્રકારે **મહાવીર**નો શ્રમણસંઘ યોગ્યતાની દૃષ્ટિએ અને વ્યવસ્થા પદ્ધતિની અનુસાર જૂદા જૂદા વિભાગોમાં વિભક્ત-વહેંચાયેલો હોવાથી તેની વ્યવસ્થાપદ્ધતિ ઘણી સુગમ થઇ ગઇ હતી. તેનું કારણ એ છે કે **મહાવીર**ના જીવન-કાલમાં ૧૪૦૦૦ જેટલો મોટો શ્રમણસંઘ એકાજ્ઞાધીન-એકની આજ્ઞાને વશ રહેનારો હતો. ૩૦ વર્ષની અંદર માત્ર બે સાધુ આ વિશાલ સમુદાયમાંથી **મહાવીર**થી વિરૂદ્ધ પડયા હતા કે જેના નામ જમાલી અને તિષ્યગુપ્ત જૈન શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. આ બેને જ **મહાવીર**ના શ્રમણસંઘની બહાર કરવામાં આવ્યા હતા.

ભગવાન્ **મહાવીરે** આશરે ૩૦ વર્ષ સુધી ધર્મનો પ્રચાર કરી ૭૨ વર્ષની અવસ્થાએ નિર્વાણ પ્રાપ્ત કર્યું હતું. તેમના ૧૧ ગણધરોમાંથી ૯ ગણધરે તેમની પહેલાં જ મુક્તિ મેળવી લીધી હતી. ગણધરોમાંથી માત્ર ઇંદ્રભૂતિ ગૌતમ અને અગ્નિ-વૈશ્યાયન સુધર્મા એ બે જ જીવિત-જીવતા હતા. તેમાંથી ઇંદ્રભૂતિ ગૌતમને **મહાવીર**નું જે રાત્રીએ નિર્વાણ થયું તે રાત્રીના અંતે કેવલજ્ઞાન થવાથી તેઓ નિર્વૃત્તિપરાયણ થઇ ગયા હતા. આ કારણે **મહાવીર**ના નિર્વાણ પછી સંપૂર્ણ શ્રમણસંઘના 'પ્રમુખ' સુધર્મા ગણધર બન્યા હતા.

જોકે **મહાવીરના** જીવનકાલમાં **જૈન**શાસન એકચ્છત્ર રાજ્ય ની માફક ચાલતું હતું પરંતુ તેમના નિર્વાણ પછી તે સ્થિતિ રહી નહી. **મહાવીરના** નિર્વાણ પછી **જૈન** શ્રમણસંઘની વ્યવસ્થા માટે એક નવીન શાસન પદ્ધતિ સ્થાપિત થઈ હતી કે જેને 'સ્થવિરસત્તાક' અગર 'યુગપ્રધાન સત્તાક' શાસનપદ્ધતિ કહી શકીએ છીએ. પ્રસ્તુત લેખમાં અમે શાસનપદ્ધતિનું દિગ્દર્શન કરાવીશું.

**પરિભાષા**—શાસનપદ્ધતિનું દિગ્દર્શન કરાવવા પહેલાં અમે આના કેટલાક અધિકારીઓની અને તેમના અધિકારોની પરિભાષા સમજાવીશું, કારણકે આ શાસનના અધિકારી સંઘસ્થવિર, યુગપ્રધાન, આચાર્ય, ઉપાધ્યાય, ગણિ, પ્રવર્ત્તક, ગણાવચ્છેદક, સ્થવિર ઈત્યાદિ નામોથી પ્રસિદ્ધ છે, અને તેમના અધિકાર પદ સંઘ, ગણ, કુલ આદિ પણ સુપ્રસિદ્ધ છે, પરંતુ આ બધાની પરિભાષાનો અર્થ શું છે તે ઘણા ઓછા લોક જાણતો હશે. અને જ્યાં સુધી તેની પરિભાષા જાણી લેવામાં ન આવે ત્યાં સુધી તે અધિકારીઓથી રચાયેલી શાસનપદ્ધતિને સમજવું કઠણ છે.

**૧** કુલ–એક આચાર્યનો શિષ્યપરિવાર શ્રમણપરિભાષામાં 'કુલ' એ નામથી નિર્દિષ્ટ થતો હતો. આ પ્રાચીન કુલને આધુનિક **જૈન** પરિભાષામાં સંઘાડા' કહી શકીએ છીએ.

**૨** કુલ–સ્થવિર અને તેનો અધિકાર–ઉપર્યુક્ત કુલનો પ્રમુખ આચાર્ય 'કુલ–સ્થવિર' કહેવાતો હતો. કુલની વ્યવસ્થા અને તેના પર શાશન કરવું–અમલ કરવો એ આ સ્થવિરના અધિકારમાં રહેતું હતું.

૩ ગણ-સમાન આચાર અને ક્રિયાવાળા બેથી વધારે કુલો ની સંયુક્ત સમિતિને 'ગણ' કહેવામાં આવતી.

૪ ગણસ્થવિર અને તેનો અધિકાર–ઉક્ત ગણના પ્રમુખ આચાર્ય 'ગણ સ્થવિર' કહેવાતા હતા, અને પોતાના ગણ સંબંધી અને કોઇ કોઇ વખત બે ગણો સંબંધી ઝઘડાનો ફેસલો ગણસ્થવિર કરતા હતા. કુલ સ્થવિરોનાં કામો પર દેખરેખ રાખવી, તેમના આપેલા ફેસલાઓની અપીલ સાંભળવી, સંઘસ્થવિરની સભામાં હાજર રહી તેને સલાહ આપવી–ઇત્યાદી ગણસ્થવિરના અધિકારનાં કાર્ય હતાં.

૫ સંઘ–ઉપર્યુક્ત લક્ષણવાળા સર્વ ગણોના સંયુક્ત મંડળ 'સંઘ' એ નામથી પીછાનવામાં આવતું હતું.

૬ સંઘસ્થવિર અને તેનો અધિકાર–ઉક્ત સંઘના પ્રમુખ આચાર્ય સઘસ્થવિર કહેવામાં આવતા. પ્રમુખની યોગ્યતાથી સંઘની વ્યવસ્થા કરવી, ગણસ્થવિરોના આપેલા ફેસલાની અપીલ સાંભળવી, અને ગણસ્થવિરોની સલાહ લઇ સંઘની ઉન્નતિને માટે ઉચિત મર્યાદા–નિયમો ઘડવા–ઇત્યાદી કાર્ય સંઘસ્થવિરના અધિકારમાં રહેતાં હતાં.

આમાં 'કુલસ્થવિર' અને 'ગણસ્થવિર' તો પોતપોતાની પરંપરાનાજ બનતા હતા, પરંતુ સંઘસ્થવિરને માટે એવો કોઇ નિયમ ન હતો. કોઇપણ કુલ અથવા ગણનો હોય, કે જે દીક્ષા-પર્યાય, શાસ્ત્રાભ્યાસ, ન્યાય પ્રિયતા, માધ્યસ્થ આદિ પ્રમુખને લાયક ગુણો વડે બધાથી વધારે સંપન્ન હોય તેને સંઘ પોતાનો પ્રમુખ કરી લેતો હતો.

૭ યુગપ્રધાન–**જૈન** સમાજમાં 'યુગપ્રધાન' શબ્દ જેટલો પ્રસિદ્ધ છે તેટલોજ તેનો વાસ્તવિક અર્થ અપ્રસિદ્ધ છે. આપણા ઘણા ભાઇઓને એવો ખ્યાલ છે કે 'યુગપ્રધાન કોઇ લોકોત્તર પુરૂષ બનતા હતા, ને જ્યાં તેઓ વિચરતા ત્યાં દુકાળ આદિ ઉપદ્રવ થતા નહી, અને તે ભાગ્યવાનમાં બીજામાં ન હોય એવા શારિરીક અતિશય રહેતા હતા. પરંતુ વાસ્તવમાં એવી કોઇ વાત નથી–એ ખ્યાલ ખોટો છે. ભદ્રબાહુ, આર્ય મહાગીરી, અને વજ્રસ્વામી જેવા પ્રસિદ્ધ મહાનુભાવ આચાર્યોના સમયમાં એવા દુકાળ આદિ ઉપદ્રવ થયેલા છે કે જેનું વર્ણન કરતાં કલમ કંપી જાય છે, છતાં પણ તે મહાપુરૂષો યુગ-પ્રધાન હતા એ વાત આપણે સહુ કોઇ માનીએ છીએ.

સાચી વાત તો એ છે કે જે આચાર્ય પોતાના સમયમાં સર્વ આગમસૂત્રોના જાણકાર હોવા ઉપરાંત વિવિધ ભાષા અને શાસ્ત્રોના જ્ઞાતા હોય, દેશ દેશાંતરોમાં ભ્રમણ કરેલું હોય અને માધ્યસ્થ શાન્તિ દાક્ષિણ્ય આદિ ગુણોથી વિભૂષીત હતા તેમને 'યુગપ્રધાન' (એટલે પોતાના સમયના શ્રેષ્ટ પુરૂષ) એ અન્વર્થક નામથી સંબોધાન કરવામાં આવતું હતું. આ પ્રકારના 'યુગ પ્રધાન' એક સમયમાં એકથી અધિક પણ થતા હતા, અને તેમાં જે દીક્ષા પર્યાયમાં મોટા હોય તેને 'સંઘસ્થવિર' કરવામાં આવતા હતા. જ્યાં સુધી 'સંઘસ્થવિર' પોતાના અધિકાર પર કાયમ રહે ત્યાં સુધી બીજા યુગ પ્રધાન ગણસ્થવિર અથવા અથવા કુલસ્થવિરનાજ પદ પર રહેતા હતા અને વૃધ્ધ સંઘસ્થવિરનો સ્વર્ગવાસ થયા પછી તેનામાં જે પર્યાય–વૃધ્ધ હોય તેને સંઘસ્થવિર બનાવવામાં આવતા. આ પ્રકારે 'યુગપ્રધાન' તે પોતાના સમયના 'સર્વશ્રેષ્ટ પુરૂષ'નું નામ છે.

(વિશેષ હવે પછી, અનુવાદક–)

—**મોહનલાલ દ. દેશાઇ.**


## જોઇએ છે.

**અનુભવી જૈન ગ્રેજ્યુએટ.**

તીર્થના મેનેજર તરીકે, પગાર રૂપીઆ ૭૦ થી ૧૦૦ સુધી, લાયકાત પ્રમાણે, એલ. એલ. બી. ને પ્રથમ પસંદગી આપવામાં આવશે. તાકીદે સર્ટિફીકેટો સાથે લખોઃ—

"ટ. સિં" કે. 'જૈન યુગ' ઓફીસ.
૨૦, પાયધુની મુંબઇ, ૩.

## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂા. ૧–૮–૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂા. ૦–૮–૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧–૨ | રૂા. ૧–૦–૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂા. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂા. ૧-૮–૦ |
| જૈન ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂા. ૫–૦–૦ |
| ,, ,, ,, ભાગ બીજો | રૂા. ૩–૦–૦ |

લખોઃ–**શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.**
૨૦, પાયધુની, મુંબઈ ૩.


Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું.

તા. ૧૫ મી જુલાઇ ૧૯૩૨.

અંક ૧૪ મો.

## સેવાનાં સૂત્રો.

(૧) દરિદ્રનારાયણની સેવા એજ સાચી ઇશ્વર સેવા છે.

(૨) પતિત અને પીડાયેલાઓની સેવા કરવામાં જ તમારી ભક્તિની સાર્થકતા અનુભવજો.

(૩) દુનીયાની હોહા અને દેખાવોથી દૂર રહી સેવાનાં સુકૃત્યો સાધવાની મજાહ લૂંટજો.

(૪) પ્રાણીમાત્ર પ્રતિ પ્રેમભક્તિનાં ઝરણ વહાવજો.

(૫) સેવાને માર્ગે સ્વસુધારણા સાધજો.

(૬) દરિદ્રનારાયણની સેવા કરજો અને તમે જેની ઝંખના કરો છો તે દયાના સાગરની ઝાંખી-તમને જરૂર થશે.

(૭) આદર્શને મૂર્ત કરવા મથતા સાચા સેવાભાવીઓ વીનાનું શહેર એ શહેર નહિ પણ જંગલ જેવું જ વેરાન ગણાય.

(૮) સેવા શક્તિનું રહસ્ય બલિદાન-આપભોગ વૃત્તિ છે.

(૯) આગામી ધર્મ એ સેવા અને બલિદાનનો ધર્મ થશે.

(૧૦) સહન કર્યા સિવાય હમદર્દી શીખાશે નહિ. જાતે સહન કરવું એ બીજાનાં દુઃખો દુર કરવાની તાલીમ લેવા જેવું છે.

(૧૧) જો તમે સાચા સેવક હો તો જે તમારાથી આજે જ થઇ શકે તેમ હોય તેને આવતી કાલ ઉપર મુલ્તવી રાખશો નહિ.

(૧૨) સેવાનો સાચો બદલો વધુ સેવા કરવાની શક્તિ મેળવવામાં રહેલો છે.

(૧૩) સેવાની કસોટી આ રહી-તમારૂં હૃદય દિવસે દિવસે વધુ પવિત્ર થઇ રહ્યું છે? દિવ્યતાની નજદીક તમે આવતા જાઓ છો?

(૧૪) સેવાને પંથે તમે વિચરતા હો તો તમારા પીડકો ઉપર આશિર્વાદનાં પુષ્પ વેરજો.

(૧૫) સાચો સેવક 'મૌન' ધારક અને શાંત કાર્ય કરનાર હોય.

(૧૬) અદ્રષ્ટના તમે અજાણ્યા અને શાંત સેવક રહો એવી નિરંતર પવિત્ર ભાવના ભાવજો.

(૧૭) પર્વતની ટેકરીઓ ઉપરથી દુનીયાને દેખવા કરતાં ગરીબોની ઝુંપડીઓમાં ભટકવાનું પસંદ કરજો અને તેમના સહભાગી થઇ ઇશ્વર ભક્તિ સાધજો.

(૧૮) બંધુ તેજ થઇ શકે કે જે બીજાના ભારને હલકો કરે. તમારે સેવક થવું હોય તો બીજાનાં દુઃખમાં સહભાગી બનજો.

(૧૯) જેણે પોતા ઉપર કાબુ મેળવ્યો નથી તે સેવા કરવાનું શીખ્યો નથી.

(૨૦) મુશીબતોથી ભડકતા નહિ. શ્રદ્ધા રાખજો કે જો તમારૂં હૃદય પવિત્ર છે તો પૃથ્વી, સ્વર્ગ અને દેવતાઓ એ બધા તમારા મદદકર્તા જ છે.

(૨૧) તેઓ ધન્ય છે કે જેઓ ગરીબોનાં આંસુ ખાળે છે અને તેમનીજ સેવામાં પ્રભુનો નાદ સાંભળે છે

['Tears' નામની શ્રી. વાસવાણીની તાજેતરમાં પ્રગટ થયેલી એક પુસ્તકામાંથી અનુવાદ જૈન પ્રકાશમાંથી]

---

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

### શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ શાળા.

ઉપરોક્ત સંસ્થામાં ચાલતી શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ શાળામાં અભ્યાસ કરતા ૨૫ વિદ્યાર્થીઓ કલકત્તા સંસ્કૃત એસોશીએશન તરફથી લેવાતી જુદી જુદી પરિક્ષાઓમાં બેઠા હતા. જેમાંથી ૨૪ વિદ્યાર્થીઓ પાસ થતાં પરિણામ એકંદરે ૯૬ ટકા આવ્યું છે, જે ઘણુંજ ઉત્તમ અને પ્રશંસનીય ગણી શકાય. વળી સંસ્થામાં અર્ધમાગધીનો પણ અભ્યાસ ગત વર્ષ કરાવવામાં આવ્યો હતો, અને એક વિદ્યાર્થી અર્ધમાગધી લઇ મુંબઇ યુનિવર્સીટી તરફથી લેવાયલી ઇન્ટર આર્ટસની પરિક્ષામાં પાસ થયેલ છે તેમજ બીજા ત્રણ વિદ્યાર્થીઓએ પ્રિવિયસના પાઠ્યક્રમ અનુસાર અર્ધમાગધીનો અભ્યાસ કર્યો હતો.

| | બેઠા | પાસ |
|---|---|---|
| ન્યાય પ્રથમા | ૨૦ | ૧૯ |
| વ્યાકરણ પ્રથમા | ૩ | ૩ |
| વ્યાકરણ મધ્યમા | ૨ | ૨ |
| | ૨૫ | ૨૪ |

उद्धाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टा यः
न च तासु भवान् प्रदृश्यते. प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
-श्री सिद्धसेन दिवाकर.

અર્થઃ-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.


# જૈન યુગ.

તા. ૧૫-૭-૩૨. શુક્રવાર.


## વિવિધ નોંધ.

**જખૌનાં જૈન મંદિર:**-કચ્છમાં આવેલા જખૌ ગામે કેટલાક વાઘેરો એ આપણાં પવિત્ર મંદિરો ઉપર હુમલો કરી આશાતના કરી લુટ ચલાવ્યાના સમાચાર પ્રથમ પ્રસિદ્ધ થઇ ચૂકયા છે જે સાંભળી દરેક જૈનને દુઃખ થયા વિના નજ રહે.

આ બનાવને અંગે જે વિગતો મળી છે તે જોતાં વાઘેરોનો હુમલો એક પૂર્વપ્રયોજીત હુમલો હોય તો તેમાં કાંઇ નવાઈ જેવું ન ગણાય. મજકુર ખબર આપતાં જખૌ મહાજન સમસ્ત જણાવે છે કે 'વિશેષ દુઃખ ભરી રીતે લખી જણાવવાનું કે અત્રેના આપણા દેરાસરજી ઉપર જેઠ શુદ ૧૫ શનિવારની રાત્રે ૮ સુમારે સંખ્યાબંધ લાઠીધારી વાઘેરોએ તેમના મુખી વાઘેર ઓસમાન આમદની આગેવાની નીચે એકત્ર મલી હુમલો કર્યો' આ હુમલાની સામે ચોકીદારો અને પુજારીઓ થયા હતા અને પરિણામે મોટાં મંદિરો બંધ હતા તે બચી ગયાં પરંતુ 'નાના મંદિરની બારી બારણાં તોડી વાઘેરોએ મૂર્તિઓ અભડાવી અને અપમાન પોચાડયું, મૂર્તિઓ પરનાં ઘરેણાં લૂંટી લઇ જવામાં આવ્યા ઉપરાંત મેતાજીની પાસ રહેતી પુરાંતનો મોટો ભાગ લૂંટી લેવામાં આવ્યો.'

આ બનાવની નોંધ લેતાં અમને અત્યંત ખેદ થાય એમાં આશ્ચર્ય નથી, તે સાથે એટલું પણ કહેવું જોઇએ કે હિંદુ અગર જૈન મંદિરો સામે વિધર્મીઓની દૃષ્ટિ બદલાયેલી હોય એમ જણાય છે એટલે આવા પ્રસંગો ભવિષ્યમાં નજ બને તે માટે સ્થાનિક અધિકારીઓ પૂરતો બંદોબસ્ત કરવા ઘટે અને ગુન્હેગારોને યોગ્ય નસિયત દેવી ઘટે.

અત્રેથી કચ્છના ના. રાવસાહેબ તથા દિવાન સાહેબને નીચે મુજબ તાર કરવામાં આવ્યા છે.

'This Conference deeply grieved to hear reports of sacrilegeous attack by Vaghers of Jakhau on our temples, desecration of Idols and looting same. Request protection of Jain Temples and culprits being brought to book. General Secretaries Jain Conference, 20, Pydhoni (Bombay, 3.)

આ સંબંધમાં મુંબઇમાં વસતા જૈન બંધુઓ વિશેષ ઉહાપોહ કરે તે જરૂરી જણાય છે. કચ્છના ના. રાઓશ્રી આ બાબતમા ઘટતી તજવીજ કરી સમાજને યોગ્ય ન્યાય આપે એમ ઇચ્છીએ છીએ.

**કંચનગૌરીનો કિસ્સો:**-આ બ્હેનની વીતક કથા અને તેની ચર્ચાનો લગભગ અંત આવ્યો છે એમ ભરૂચના મેજીસ્ટ્રેટના છેલ્લા ચુકાદાથી સમજાય છે. આ બ્હેનને યોગ્ય સ્થળે સુરક્ષિત રહે તે સંબંધે કેટલીક તજવીજ આ સંસ્થાદ્વારા કરવામાં આવી હતી અને મુંબઇનાં એક આશ્રમમાં તે રહે તેવી ગોઠવણ કરવામાં આવી હતી. પરંતુ છેવટના મળેલા સમાચાર મુજબ 'સદ્ભાગ્યે એક જૈન ભાઇએ ઉપરોક્ત બાઇને પોતાની તરફથી યોગ્ય સહાય આપવાનું હાલમાં જાહેર કર્યું છે અને યોગ્ય સ્થળે સારા સહવાસમાં રાખવાની સગવડ કરી આપી છે' એમ જણાય છે. આ બ્હેનના ચાલતા કેસ દરમ્યાન તેમજ તેનો છેવટનો ચુકાદો આવ્યા પછી પણ તેની સાર સંભાળ અને દેખરેખ રાખવામાં ભરૂચના એક અગ્રગણ્ય વકીલ કે જેઓનું નામ અત્રે જાહેર કરવું જરૂરી ધારતા નથી તેમને બજાવેલ સેવા બદલ અભિનંદન આપીએ છીએ.

**સંન્યાસ-દીક્ષા પ્રતિબંધક નિબંધ:**-મજકુર નિબંધ અંગે વડોદરા રાજ્ય તરફથી રા. બ. ગોવિંદભાઇ હાથીભાઇનાં અધ્યક્ષપણાં હેઠળ નિમાયેલ સમિતિએ પોતાનું કાર્ય શરૂ કર્યું છે. જુદા જુદા સાક્ષીઓની જુબાનીઓ લેવાય છે આ જુબાનીઓ અન્યત્ર પ્રકટ થઇ છે અને થશે એટલે સ્થળ સંકોચના કારણે અત્રે પ્રકટ કરવામાં આવી નથી.

આ સંસ્થા તરફથી જુબાની આપવા માટે પ્રતિનિધિ તરીકે પંડિત સુખલાલજીનું નામ મજકુર સમિતિને મોકલવામાં આવ્યું હતું તેમજ પંડિતજીને પણ તદનુસાર ખબર અપાઇ હતી. તદુપરાંત આ સંસ્થાના પ્રાંતિક મંત્રી શ્રીયુત વાડીલાલ મગનલાલ વૈધે પણ જુબાની આપી છે.

જુબાનીના જે અહેવાલો પ્રકટ થયા છે તે જોતાં એ નિર્વિવાદ છે કે સગીર દીક્ષાથી પ્રાય અનર્થની પરંપરા થાય છે, અને સગીરો માટે રાજ્યના રક્ષણની ખાસ જરૂર છે. વસ્તુસ્થીતિ પણ તેજ છે તેની કોણ ના કહી શકે તેમ છે? છતાં પણ રોગનું નિવારણ અન્ય કોઈ ઉપાયે થતું હોય તો તેને સૌ કોઇ આવકાર દાયક ગણે.

**શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ:**-પ્રાઇઝ, ચાલુ વર્ષમાં મેટ્રિક-સ્કૂલ લાવીંગ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ માટે અરજીઓ માંગવામાં આવી હતી જેના પ્રત્યુત્તરમાં કેટલીક અરજીઓ મલી છે તેનો નિર્ણય આ પત્રના આવતા અંકમાં પ્રકટ કરવામાં આવશે.

**સંસ્થાની સીકયુરીટીઓ:**—સીકયુરીટીઓના ભાવમાં આવેલ ઉછાળાનો લાભ લઈ સંસ્થાહસ્તકનાં ફંડો જે જે સીકયુરીટીઓમાં રોકવામાં આવેલ હતાં (જુઓ છેલ્લો રિપોર્ટ) તે વેચી નાંખવાનું કેટલાક બંધુઓને ઇષ્ટ જણાતાં તે સંબંધે એક જરૂરી પરિપત્ર (Circular Letter) કાર્યવાહી સમિતિના બધા સભ્યોને મોકલી વેચી નાંખવા સંબંધે અભિપ્રાય માંગવામાં આવતાં જેઓના અભિપ્રાય મલ્યા છે તે પર વિચાર કરી મજકુર સીકયુરીટીઓ વેચી નાંખવામાં આવી છે, અને સીકયુરીટીઝની વેચાણ કિંમત તથા ઉત્પન્ન આવેલ રકમોની રોકાણ વગેરે નીચે આપીએ છીએ.

( અનુસંધાન પૃ. ૧૦૯ ઉપર જુઓ. )

# શ્રી શ્રમણસંઘની શાસનપદ્ધતિનો ઇતિહાસ.

મૂળ લેખક-ઇતિહાસ મહોદધિ સાક્ષર મુનિશ્રી કલ્યાણવિજયજી

[ગયા અંકમાં આ લેખનો અગ્રભાગ આવી ગયો. તેમાં છેવટે પરિભાષા સંબંધી યુગ પ્રધાનનો અર્થ જોઇ ગયા, હવે બાકીની વિશેષ પરિભાષા ચાલુ કરીએ.]

૮ **ગચ્છ**–આ 'ગચ્છ' શબ્દ આગળના પાંચ અધિકારીઓના બનેલા 'ગણ' શબ્દનાજ ગણ વ્યવસ્થાપક મંડલના અર્થમાં પ્રચલિત થયો હતો, પરંતુ પાછળથી આ તેનો અર્વાચીન પર્યાય બની ગયો છે.

૯ **આચાર્ય**–ગચ્છ રાજ્યના સર્વોપરી શાસક પુરૂષને 'આચાર્ય' કહેવામાં આવતો. તેનેજ ગચ્છના રાજા માનવામાં આવતા. (ગણસ્થવિરજ આચાર્ય અથવા ગચ્છાચાર્ય કહેવાતા હતા)

આચાર્યને સંઘસ્થવિરની વ્યવસ્થાપિકા સભાનો સભાસદ ગણવામાં આવતા હતા; અથવા એમ કહીએ કે વિશાલ રાષ્ટ્રમાં એક દેશપતિ રાજાનો જેવો દરજ્જો હોય છે તેવોજ દરજ્જો સ્થવિર–રાજ્યમાં ગચ્છપતિ આચાર્યનો માનવામાં આવતો હતો. આ બધું થતું હતું તે છતાં પણ તેની સત્તા કાનુનથી બદ્ધ હતી. હા, કંઇક અનિયંત્રિત સત્તા પણ તેને આપવામાં આવતી હતી કે જેનો ઉપયોગ તે ખાસ વિશિષ્ટ સંયોગોમાં કરતા હતા.

સંઘ અને ગચ્છને આચાર્ય પૂરા જવાબદાર રહેતા હતા. તે કંઇ અપરાધ કરતા તો સામાન્ય સાધુથી પણ અધિક દંડ તેને કરવામાં આવતો.

વારંવાર કાનુનનો ભંગ કરવો, ગચ્છથી પ્રતિકૂળ ચાલવું, ગચ્છની વ્યવસ્થા કરવામાં નાલાયક સાબીત થવું ઇત્યાદિ કારણોથી આચાર્યને પોતાના પદ સુદ્ધાંનો ત્યાગ કરવો પડતો હતો.

૧૦ **ઉપાધ્યાય**–વર્તમાન આચાર્યના ઉત્તરાધિકારી ઉપાધ્યાયને માનવામાં આવતાં તેને જૈન શાસ્ત્રોમાં 'યુવરાજ'ની ઉપમાં આપવામાં આવી છે. ખરી રીતેજ આ પદાધિકારી યુવરાજની યોગ્યતા રાખવાની સાથે ગચ્છનાં અનેક કાર્યોમાં આચાર્યના જમણા હાથ રહેતા.

ગચ્છવાસી વિદ્યાર્થી–સાધુઓને સૂત્ર શીખવવું એ ઉપાધ્યાયનું મુખ્ય કર્તવ્ય રહેતું હતું.

૧૧ **ગણિ**–'ગણિ' એ શબ્દનો પ્રયોગ કયાંક આચાર્યના અને કયાંક ઉપાધ્યાયના અર્થમાં કરવામાં આવ્યો છે, અને કહેવામાં આવ્યું છે કે આચાર્ય અથવા ઉપાધ્યાયની ગેરહાજરીમાં તે બંનેનું કાર્ય 'ગણિ' ચલાવતા હતા. જોકે ગચ્છ–વ્યવસ્થાપિકા સભામાં તેની કાંઇ ખાસ બેઠક હતી નહિ, છતાં પણ આચાર્ય અને ઉપાધ્યાયનાં કાર્યોના એ મોટા સહાયક હતા, એટલુંજ નહિ પરંતુ તેમની ગેરહાજરીમાં આને આચાર્ય અથવા ઉપાધ્યાય માનવામાં આવતા હતા. આ પદના ધરનારને આચાર્ય–ઉપાધ્યાયના ખાનગી મંત્રી કહી શકીએ છીએ.

૧૨ **પ્રવર્ત્તક**–'પ્રવર્ત્તક' ગચ્છનાં બાહ્ય તેમજ આંતરિક કાર્યોના વ્યવસ્થાપક મંત્રી હતા. બાલ, વૃદ્ધ અને ગ્લાન–બીમાર સાધુઓની દેખરેખ રાખવી, અણજાણ સાધુઓને ગચ્છ અને સંઘના સામાન્ય નિયમોથી વાકેફ રાખવા અને ગચ્છમાં વસ્ત્ર પાત્ર આદિ જરૂરી સાધનોનો પ્રબંધ કરવો આદિ કાર્ય આ અધિકારીને સોંપાયેલાં રહેતાં હતાં. આ પદના ધરનાર ગચ્છ રાજ્યના મંત્રી કહી શકીએ છીએ.

૧૩ **સ્થવિર**–'સ્થવિર' એ પદ્ધર હોઇ ગચ્છના ન્યાયાધીશ હતા. ગચ્છની અંદરના તમામ ઝઘડાના ફેંસલા આ અધિકારી દ્વારા કરવામાં આવતા હતા. ગચ્છના સૌથી ઉંચા શાસક આચાર્ય સુધીના ને આના ફેંસલા મંજૂર કરવા પડતા હતા. સંઘ–સ્થવિરની સભામાં પણ આ સ્થવિર ગચ્છાચાર્યના પ્રતિનિધિ બનીને બહુધા ગયા કરતા હતા.

જે સાધુ ન્યાયશીલ હોવા ઉપરાંત દંડવિધાન (છેદ) શાસ્ત્રોના અચ્છા અભ્યાસી હોય તેનેજ આ 'સ્થવિર'નું પદ આપવામાં આવતું હતું.

૧૪ **ગણાવચ્છેદક**–'ગણાવચ્છેદક'નું કાર્ય ગણના ભિન્ન ભિન્ન કુલ અને શાખાઓના સંબંધોને વ્યવસ્થિત રાખવા, ગણના સાધુઓને જુદી જુદી ટુકડીઓમાં વહેંચી નાંખી ગીતાર્થોની દેખરેખ નીચે વિહાર કરાવવો. ગીતાર્થો તેમજ તેમના આશ્રિત સાધુઓની બદલી કરવી ઇત્યાદિ કાર્ય ગણાવચ્છેદકના અધિકારમાં રહેતાં હતાં આ પદ ધરનારને આપણે ગચ્છ રાજ્યના ગૃહ–મંત્રી (Home member) કહી શકીએ છીએ.

### વ્યવસ્થા પદ્ધતિ

શ્રમણ સંઘની વ્યવસ્થા પદ્ધતિ કેવી હશે, તેનો કંઇક આભાસ તો ઉપર આપી દીધેલી પરિભાષાઓથીજ થઇ જાય છે; છતાં પણ અધિક સ્પષ્ટતાની ખાતર અમે અહીંયા તેની વ્યવસ્થા પદ્ધતિ સંબંધી કઇક વિવેચન કરીશું.

જે રીતે એક વિશાલ રાષ્ટ્રમાં અનેક 'દેશ' અને દેશોમાં અનેક 'પ્રાન્ત' હોય છે, તે રીતે આપણા જૈન શ્રમણ–સંઘમાં અનેક 'ગણ,' અને ગણોમાં અનેક 'કુલ' હતાં.

જેમ પ્રાંતનો હાકેમ દેશના હાકેમોના, અને દેશના હાકેમો રાષ્ટ્રપતિના તાબે રહે છે, તેમજ કુલના સ્થવિર ગણ સ્થવિરોના અને ગણસ્થવિર સંઘ–સ્થવિરના તાબે રહેતા હતા.

કુલ–સ્થવિરોનો કાર્યપ્રદેશ સંકુચિત રહેતો હતો તેથી તે એકલાજ પોતાના કુલની વ્યવસ્થા કરી લેતા હતા; પરંતુ ગણ-સ્થવિરોનો કાર્ય પ્રદેશ ઘણો વિસ્તૃત હતો. તેને પોતપોતાના ગણોની વ્યવસ્થા તો કરવી પડતી હતી, પરંતુ તેની સાથેજ સંઘસ્થવિરની સભામાં હાજર રહી અથવા પ્રતિનિધિ મોકલી સંઘના કાર્યમાં પણ ભાગ લેવો પડતો હતો. આટલા માટે ગણસ્થવિર પોતાના ગણની વ્યવસ્થા વાસ્તે એક વ્યવસ્થાપિકા સભા સ્થાપિત કરતા હતા કે જેને 'ગચ્છ' કહેવામાં આવતો. તેના પાંચ સભાસદ રહેતા હતા. ૧ આચાર્ય અથવા પ્રમુખ, ૨ ઉપાધ્યાય અથવા ઉપપ્રમુખ, ૩ પ્રવર્ત્તક અથવા મંત્રી. ૪ સ્થવિર અથવા ન્યાયાધીશ, ૫ ગણાવચ્છેદક અથવા ગૃહમંત્રી.

ગણ–સભા અથવા ગચ્છના આ પાંચ અધિકારીઓના શિરે કયાં કયાં કાર્ય રહેતાં હતાં તેનો નિર્દેશ પરિભાષાના પ્રકરણમાં કરી દેવામાં આવ્યો છે.

હવે આપણે **ગણોનો પરસ્પર સંબંધ જોઇએ**:-સર્વે ગણ–સંઘના પ્રતિનિધિ હતા એ વાત તો પહેલાં કહી દેવામાં આવી છે, પરતુ તે ગણોમાં એક બીજા વચ્ચેનો સંબંધ કેવો હતો. તેનો અત્યાર સુધી વિચાર કર્યો નથી. જ્યાં સુધી અમે જાણીએ છીએ ત્યાં સુધી મહાવીર પ્રભુના સર્વે શ્રમણ–ગણ

પરસ્પર એક બીજા સાથે સંબંધવાળા હતા. વંદન, ભોજન, અધ્યયન, પ્રતિક્રમણ, પ્રતિલેખન આદિ સર્વે જાતના નિત્ય નૈમિત્તિક–ક્રિયા–વ્યવહાર એક બીજાની સાથે રહેતા હતા. અને આ રીત આદમાં સંઘ–સ્થવિર સ્થૂલભદ્ર સુધી બરાબર ચાલતી રહી. પરંતુ આર્ય સ્થૂલભદ્રનાં શિષ્ય: આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તીના વચમાં ભિક્ષા–વિધિના સંબંધમાં મતભેદ થવાથી એકવાર અરસપરનો સંબંધ તૂટી ગયો હતો; અને ત્યારથી અન્ય ગણોમાં પણ 'અસાંભોગિક' રીતિનો પ્રચાર થયો. તે સમયની પછી સમાન આચાર, વિચાર અને ક્રિયા–સમાચારી વાળા ગણ તો એક બીજાની સાથે ભોજનાદિ સામાન્ય વ્યવહાર રાખતા હતા, પરંતુ જે ગણ સામાચારીમાં પોતાથી ભિન્નતા રાખતા હતા તેની સાથે દૈનિક સામાન્ય વ્યવહાર રાખતા નહિ હતા. આ રીતનો સંભોગ–ભોજનાદિ વ્યવહાર જેની સાથે રહેતો તે ગણ, કુલ અથવા સાધુ એક બીજાના 'સાંભોગિક' કહેવાતા હતા અને બાકીના 'અસાંભોગિક' કહેવાતા.

સાંભોગિક ગણ એકઠા મળતા ત્યારે એક પરિવારની માફક બધી રીતે એક થઇને રહેતા હતા, પોતાથી મોટેરાને સર્વ વંદન કરતા હતા, એક મંડલમાં બેસીને ભોજન કરતા હતા અને સાથેજ પઠનપાઠન તથા પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરતા હતા: પરંતુ અસાંભોગિક ગણોની સાથે એવું બનતું ન હોતું. અસાંભોગિક ગણોનું એકત્ર મળવું થાય ત્યારે સાધુ એક બીજાના ગણસ્થવિરને વંદન માત્ર કરતા હતા અને તે પણ પોતાના આચાર્યોને પૂછ્યા પછી. હા, બીમાર સાધુની સેવા કરવાના સંબંધમાં આ 'અસાંભોગિકતા'ની વાડ કોઇને રોકી શકતી નહોતી; બલ્કે બીમારની સેવાના વિષયમાં તો એટલે સુધીનો નિયમ રાખેલો હતો કે બીમાર સાધુ, પછી તે પોતાના ગણનો કે બીજા ગણનો હોય, પણ તેની બીમારીની ખબર પડે કે તુરતજ વૈયાવૃત્ય (સેવા) કરવાવાળા સાધુઓને તેની સેવાભક્તિ કરવા માટે જવું પડતું હતું.

### ગણોના આંતર નિયમ.

ગણોનો અરસપરસનો સંબંધ કેવો રહેતો તેનો ટુંક પરિચય ઉપર આપવામાં આવ્યો છે. હવે આપણે એ જોવાનું છે કે માંડલિક રાજ્યોની પેઠે એક બીજાથી સંબંધમાં રહેલાં આ ગણ–રાજ્યોના આન્તર નિયમો અથવા સંધિવિધાન કેવા પ્રકારનું રહેતું હતું.

એમ તો અનેક નાની મોટી નિયમ–મર્યાદાઓ ગણોની વચ્ચે પાળવામાં આવતી હતી, પરંતુ તે સર્વેનું વર્ણન આ લેખમાં કરવું શકય નથી. અહીં તો અમે જે સ્થૂલ નિયમો પ્રત્યેક ગણને ઘણી સાવધાનીથી પાલવા પડતા હતા તેનોજ ઉલ્લેખ કરીશું. એવા નિયમોમાં ચાર નિયમ જે મુખ્ય હતા તે આ:—

૧ ક્ષેત્ર સ્વામિત્વ–મર્યાદા, ૨ સચિત્તાદિ વ્યવહાર, ૩ ગણાંતરોપસંપદા, ૪ સાધર્મ્ય વૈધર્મ્ય નિર્વાહ.

૧ ક્ષેત્ર સ્વામિત્વનુ તાત્પર્ય એ છેકે જે ક્ષેત્રમાં જે કુલ અથવા ગણ વિચરતો તે ક્ષેત્રપર તે કુલ અથવા ગણનું સ્વામિત્વ હોવાનું માનવામાં આવતું. તે સમય તે ક્ષેત્રમાં ક્ષેત્ર–સ્વામીની આજ્ઞા વગર બીજા કુલ અથવા ગણ આવી શકતા નહિ.

તે ક્ષેત્ર–સ્વામિત્વની કાલમર્યાદા વર્ષાકાલમાં–ચોમાસામાં શ્રાવણથી કારતક સુધીના ચાર માસની, અને બાકીના વખતમાં એક માસની રહેતી હતી. જો આ કાલમર્યાદાની ઉપરાંત પ્રથમના કુલ કે ગણ તે ક્ષેત્રમાં રહી જાય તો તે ક્ષેત્ર પરથી તેનું સ્વામિત્વ દૂર થતું હતું અને આ દશામાં ત્યાં બીજા કુલ કે ગણ આવીને રહી શકતા હતા. તથા ત્યાંથી ઉત્પન્ન થનારા સચિત્ત–અચિત દ્રવ્યના હકદાર બનતા હતા.

પોત પોતાના ક્ષેત્રોથી વિહાર કરી શ્રમણ ગણ જ્યાં જતા હતા તે ક્ષેત્ર જો નિર્વાહ યોગ્ય હોય તો ત્યાં માસ માસ સુધી સ્થિર રહી આગળ વિચરતા હતા. કોઇના ક્ષેત્ર પર પોતાનો હક જમાવવા વાસ્તે અથવા તો મોટું ક્ષેત્ર જાણી ત્યાં પોતાનું સ્વામિત્વ સ્થાપિત કરવાના વિચારથી યોગ્ય ક્ષેત્રોનું ઉલ્લંઘન કરી આગળ જવાનો કોઇને પણ અધિકાર હતો નહિ.

જે ગામ કે નગરમાં જે કુલ અગર ગણ ચાતુર્માસ રહેવા ઇચ્છે તો પહેલાં ત્યાંના મુખીઓને પોતાના વિચાર જણાવતા અને પછી જે કોઇ સ્થળે સંઘ સમવસરણ થતું ત્યાં પણ તે પોતાનો વિચાર પ્રકટ કરી દેતા હતા કે અમોએ અમુક ક્ષેત્રમાં ચાતુર્માસ કરવાનો વિચાર કર્યો છે. આમ કરવાથી બીજા કોઇ પણ કુલ કે ગણ યા સંઘાડો ત્યાં ચાતુર્માસ કરવા માટે જાતો નહિ, જો કોઇને ખબર ન હોવાથી ત્યાં તે જતો તો ત્યાંના શ્રાવક કહી દેતા કે 'અહીં તો અમુક ગણ અથવા કુલ ચાતુર્માસ કરનારા છે.'

જિન પ્રતિષ્ઠા–યાત્રા આદિ નિમિત્તે અથવા સંઘ સંબંધી કાર્યના નિમિત્તે જે ક્ષેત્રમાં સંઘ–સમવસરણ થતું (સંઘ એકત્ર થતો) ત્યાં ક્ષેત્ર સાધારણ માનવામાં આવતું. જ્યાં સુધી સંઘ ત્યાં રહેતો ત્યાં સુધી તે ક્ષેત્ર પર કોઇપણ કુલ કે ગણ વિશેષનું સ્વામિત્વ માનવામાં આવતું નહિ.

૨ સચિત્તાદિ પરિહાર–નો અર્થ એ છે કે જે ક્ષેત્રમાં સચિત્ત દીક્ષા લેનાર મનુષ્ય, અને અચિત્ત–વસ્ત્ર પાત્ર આદિ જે દ્રવ્ય ઉત્પન્ન થતું તેનો સ્વામી ક્ષેત્ર સ્વામી રહેતો હતો. કોઇ કારણ વિશેષથી અન્યસ્વામિક ક્ષેત્રમાં આવનાર કોઇપણ અન્ય સાધુ ત્યાં ઉત્પન્ન થનારા સચિત્તાદિ દ્રવ્યોના અધિકારી થતા નહોતા.

જેના ઉપદેશથી જે મનુષ્ય સમ્યકત્વ (જૈન દર્શન) પ્રાપ્ત કરતો તે જો ત્રણ વર્ષના અંદર સાધુ થવા ઇચ્છતો તો પોતાના પ્રાથમિક–ઉપદેશક ગુરુનોજ શિષ્ય થઇ શકતો હતો આ પ્રકારે કોઇ સાધુ ગૃહસ્થાશ્રમમાં જઇને ફરીને ત્રણ વર્ષની અંદર સાધુ થવા ઇચ્છતો તો પોતાના પહેલાના ગુરુની પાસેજ દીક્ષા લઇ શકતો હતો, પરંતુ ત્રણ વર્ષની પછી ઉપર કહેલ બંને પ્રકારોના પુરુષોના ઉપરથી મૂલ ગુરુઓનો અધિકાર રદ થઇ જતો હતો, અને તે પોતાની ઇચ્છા અનુસાર ગમે તેની પાસે દીક્ષા ગ્રહણ કરી શકતો હતો.

૩ ગણાન્તરોપસંપદા–આનો અર્થ એ છે કે બીજા ગણનો સ્વીકાર. સામાન્ય રીતે એક ગણનો સાધુ બીજા ગણમાં જઇ શકતો નહોતો; પરંતુ જો તે જ્ઞાન, દર્શન, ચારિત્રની વિશેષ આરાધના કરવા ખાતર અથવા તપસ્યા તથા વૈયા વૃત્ય કરવા નિમિત્તે અન્ય ગણમાં જવા ચાહતો તો પહેલાં પોતાના ગણના આચાર્યની આજ્ઞા લેતો અને પછી અભિપ્રેત ગણના આચાર્યની પાસે જઇને તેના ગણમાં લેવાને માટે તેને પ્રાર્થના કરતો. [વિશેષ હવે પછી—]

— અનુવાદક **મોહનલાલ દ. દેશાઇ.**

# સંવિજ્ઞ સાધુ સાધ્વી યોગ્ય નિયમો.

સંપાદકઃ— શ. ચોકસી.

( ગતાંક પૃ. ૧૦૦ ઉપરથી ચાલુ. )

( ૨ )

૩૧ બાળ, ગ્લાન, વૃદ્ધ ટાળી બીજા સર્વ યતિઓએ પાંચ તિથિઓમાં સર્વથા ઉપવાસ ન મુકવો, કારણે મુકવો પડે તો નિવિ કરવી અને સૌ જાણે તેમ આગળ ઉપર જુદો ઉપવાસ કરવો.

૩૨ ૭ પર્વીએ પણ વિગય યતિ તથા સાધ્વીએ ન લેવી. પંદર વર્ષ ઉપરાંતના ક્ષુલ્લક ( નવિન દિક્ષિત ) હોય તેને પણ ન આપવી. ચૌદ વર્ષ લગીનાને આપવી. માંદાદિક કારણે ગુરવાદિકને પૂછીને આહાર કરવો.

૩૩ મુખ્ય વૃત્તિએ હમણાં શ્રવિકાને દિક્ષા ન દેવી; અને સર્વથા દીષા વિના ન ચાલે તો વર્ષ પાંત્રીસ માંહેલીને (૩૫ વર્ષ નીચેની) સર્વથા ન દેવી પાંત્રીશ વર્ષ ઉપરનીને દેવી, શ્રાવક અને શ્રાવિકાને પાત્રાદિક કરવાનું સામર્થ્ય હોય તોજ દિક્ષા દેવી, અન્યથા ન દેવી.

૩૪ જ્ઞાનને અર્થે અથવા બીજા કોઇ કાર્ય અર્થે દ્રવ્ય સર્વથા ન માંગવું, ગૃહસ્થે પણ માગનારને આપવું નહિ.

આરાધના, તથા ઉત્તરાધ્યયન પ્રમુખ સંભળાવતાં ઉપજેલું દ્રવ્ય યતિએ તથા સાધ્વીએ પોતાની નિશ્રાયે (માલિકી) સર્વથા ન લેવું. શ્રાવકે પણ ન આપવું, માત્ર જ્ઞાન ભંડારને અર્થે રાખવું.

પાઠા પ્રમુખ માટે કપડાં પ્રમુખ સારૂ લુગડાં સર્વથા સાધુ-સાધ્વીએ ન રાખવાં.

૩૫ દિવસે કોઈ સાધુ–સાધ્વીએ સંથારો ન કરવો. માંદાદિકને કારણે ગુરવાદિકને પૂછીને કરવો.

એ બોલ ચર્ચાના છે માટે તેની વાત કોઇએ કાઢવી નહિ. જે કાઢે તેને વારવો, કોઇ પૂછે તેને કહેવું કે ગુરૂની આજ્ઞા એવી છે, માટે ચર્ચા કરવી નહિ.

૩૬ સ્તવન માંહી લઘુનિતિ કરવા જવું નહિ, અને જવું પડે તો ઉભા રહીને પાંચ સાત સજ્ઝાય કરવી.

૩૭ યતિઓએ માંહોમાંહે સર્વથા કલેશ ન કરવો અને ગૃહસ્થ દેખતાં કોઇએ વિશેષથી કલેશની વાત ન કરવી. કરે તેને આકરૂં પ્રાયશ્ચિત કરાવવું.

૩૮ કૃષ્ણ વર્ણના દાંડા સર્વથા ન રાખવા. કેવળ ઉજવળવર્ણા પણ ન રાખવા.

૩૯ ઘડા પ્રમુખ માટીનાં વાસણ સર્વથા ન વાપરવાં, કાચના પણ ન વાપરવાં.

૪૦ શુકલ પંચમી દિને શક્તિ હોય ને મન ઠામ (સ્થિર) રહેતો ઉપવાસ કરવો, ન બને તો આયંબિલ કરવું, એમ કરતાં મન ઠામ ન રહે તો લુખો આહાર કરવો, પણ કારણ વિના તપસ્યા ન છોડવી.

૪૧ ગૃહસ્થ સાથે કે સાધુ સમુદાયમાં પાંચ તિથિ ન ચાલવું: એટલે કે પાંચ તિથિ જેવા પવિત્ર દિવસે વિહાર ન કરવો.

૪૨ પન્યાસ હોય તથા ગણેશને, કાવ્યાદિક વખાણ્યાની સામર્થાઇ હોય તેણે ત્રણ–ચાર ઠાણા લગે આદેશ માંગવો. ઉપરાંત બીજું ક્ષેત્ર ગુરૂ સચવાવે તો આદેશ માંગવો. ગીતાર્થ વ્યાકરણ સાહિત્ય તર્કભાષા મિત્રભાષિણી સ્યાદ્વાદ મંજરી તથા આચારાંગાદિક સુત્રવૃત્તિ અંગોપાંગ ભણાવી શકે તેણે ઠાણા ૮ વા ૯ નો આદેશ માંગવો. ઉપરાંત બીજુ ક્ષેત્ર ગુરૂ સચવાવે તો માંગવો. કાવ્યાદિક વખાણી શકે તેણે પાંચ ઠાણાનો અને વ્યાકરણ સહિત રૂડી પેરે ભણાવી શકે તેણે ૬ વા ૭ ઠાણાનો આદેશ માંગવો. (આ નિયમ ચોમાસા માટે છે.)

૪૩ (૧)* અકાળ 'સંજ્ઞા' થઇ હોય ત્યારે સર્વથા આયંબિલ કરવું.

૪૪ આચાર્ય ઉપાધ્યાય વિના બીજા યતિએ તથા ગીતાર્થે હીરાગળ (રેશમી) વસ્ત્ર તથા શણીયું ન વહોરવું. કદાચિત્ આચાર્ય ઉપાધ્યાયે આપ્યું હોય તે પણ ઓઢવું નહિ. કેશરી વસ્ત્ર વર્ણ પરીવર્તન કરવા તથા બીજા યતિએ પીળાં વસ્ત્ર ઉપર ઓઢવાં નહિ. મશીપાત્ર ખડીયો કાચનો–માટીનો–કાચલાનો–ધાતુસકત પાત્ર કશું ન રાખવું. **ધાતુ સક્ત–સાતે ધાતુ સમ્બંધો.**

૪૫ શય્યાતરનું પાડિહારૂં વસ્ત્ર સર્વથા કોઇએ મોટા કારણ વિના ન લેવું.

૪૬ પડિક્કમણું માંડતી વેળા સંભારીને માંડલા સ્થંડિલ પડિલેહવા.

૪૭ યતિ તથા સાધ્વીએ ઉપાશ્રય બહાર બેસવું નહિ, અને ઉભા પણ ન રહેવું.

૪૮ યતિએ શ્રાવકાને તથા સાધ્વીને ગીત, રાસ ભાષા પ્રમુખ ભણાવવું નહિ અને સંભળાવવું પણ નહિ.

૪૯ કાચલા–કાચલી (ટોપરા–ટોપરી) રોગના પ્રમુખ લઘુપાત્રી નવી (કુટડી) સર્વથા કોઇએ આચાર્ય ઉપાધ્યાય પ્રમુખ યતિને માટે ફોડવી નહિ અને જુની હોય તે પાત્રાં ફરી લેપવાં આચાર્ય ઉપાધ્યાય ટાળી બીજા યતિને પાત્રા સમરાવવાં નહિ. એ મર્યાદા રૂડી પેરે પાળવી, કશું ભેદે હાવું (વિપરીત) જણાશે તો આકરો ઠપકો આપશે.

૫૦ તેલ રોગાન સફેતા પ્રમુખ સર્વથા વિક્રય કરી (વેચાતા) અણાવવા નહીં.

૫૧ સંધ્યાએ પડિલેહણા ભણાવ્યા પછી કારણ વિના વસ્ત્રપાત્ર પડિલેહવાં

૫૨ યતિએ વિહાર કરતાં કાણા દીઠ દંડાસન રાખવાં ને પુંજ્યાંનો ખપ વિશેષથી કરવો.

૫૩ ખજુર ખળહળ પ્રમુખ અનાચીર્ણ ( નહીં લેવા લાયક ) વસ્તુ કારણ વિના ન વહોરવી. ખળહળ–અવાજ ન થાય એવી વસ્તુ.

૫૪ કોઈ યતિએ બીજાનો સંઘાડી ગચ્છ નાયકને તથા ગુરૂને પૂછયા વિના ન રાખવો, બીજી ગોઅતાના બોલ છે.

૫૫ તથાવિધ કારણ વિના જઘન્યે ત્રણ ઠાણાં હોય તેને પન્યાસ પદની વિનંતિ કરવી અન્યથા ન કરવી.

૫૬ સોપારીના કટકા ભુકો તથા પાનનો ભુકો સર્વથા કોઇ સાધ્વીએ વાપરવો નહિ તેમ લેવો પણ નહિ.

૫૭ યતિ સમસ્તે દિન પ્રત્યે ૧૦૦૦ સઝાય કરવી, તેટલી ન કરી શકે તો ૫૦૦ સઝાય કરવી. સઝાય–સ્વાધ્યાય.

એ બોલ મધ્યે કેટલાક બોલ રોજ કરવાના છે તે ન પાલે તેને એક તથા બે વાર લગી ગુરવાદિકે વારવો,

---

(૧)* અકાળ સંજ્ઞા–આદ્રા નક્ષત્રથી સ્વાતિ નક્ષત્ર દિવસોમાં ગાજવીજ આદિ થાય તે.

# આચાર્યના ગુણ.

(સંગ્રાહકઃ-રતિલાલ ભીખાભાઈ—મુંબઇ.)

(ગતાંક પૃ. ૯૮ ઉપરથી ચાલુ.)

૧૮ **आसन्न लद्ध पइभो**—દરેક કાર્યમાં સારે રસ્તે પોતાની બુદ્ધિને યોજનાર તેજ આચાર્ય ગુરૂ. (આને માટે સો પાનાનો નિબંધ લખી શકાય તેમ છે પણ અત્યારે તેની જરૂર લાગતી નથી તેથી પડતો મુકવામાં આવે છે.)

૧૯ **नाणा विह देश भासन्नू**-એટલે ઘણા દેશની ભાષા જાણનાર. (એકલા ગુજરાતમાં પડી રહી ફક્ત ગુજરાતીમાં કે ભાંગી તુટી હિન્દીમાં ભાષણો આપ્યા તે આચાર્ય થવાને નાલાયક છે. ભલે પછી સંસ્કૃત-માગધી જાણતા હોય પણ સાથે ઘણા દેશની ભાષા ઉપર કાબુ ધરાવનાર અખંડ વીચરનાર મહાત્માને આચાર્ય ગુરૂ થવાને લાયક છે.) તેથી નાનાવીધ ભાષા જાણનાર અને તે પ્રમાણે દેશદેશાંતરમાં ફરી અહીંસા પરમોધર્મનો ફેલાવો કરનાર મહાત્મા ગાંધીજી જોકે સાધુ નથી, સૂરિ નથી પણ આચાર્યનો ૧૯ મો ઉપરનો ગુણ સારી રીતે કેળવેલો છે તો તેવા ગુણ કેળવેલા મહાત્મા ગાંધીજીને વંદન કરીને જે જે મહાત્મા ઉપરનો ગુણ કેળવી અહીંસા પરમોધર્મનો ફેલાવો કરે છે તે ગમે તે ધર્મનો હોય તેને હું વખાણું છું અને ભગવાન્ મહાવીરના શાસનમાં રહેનાર આચાર્ય મહારાજને ઉપરના ગુણવાળા હોય તો ભાવ વંદન કરૂં છું.

૨૦ થી ૨૪—પાંચ આચાર, તે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારીત્રાચાર, તપાચાર ને વીર્યાચાર.

૨૫—સૂત્ર અર્થ બેના જાણકાર એટલે આક્ષેત્રમાં ૨૪ તીર્થંકર શા માટે? અને મહાવિદેહમાં ૨૦ તીર્થંકરે શા માટે? તેનો ખુલાસો તો પુછવામાં આવે તો શાસ્ત્ર પ્રમાણે જાણતા હોય તો સુત્ર અને અર્થ સાથે ખુલાસો આપે પણ કદાચ જ્ઞાન ઓછું હોય તો કહે કે ભાઈ જ્ઞાની જાણે પણ પોતાની મતી કલ્પનામાંની પેદા કરી જવાબ અપાવે અને પ્રશ્ન પુછનાર સંતોષ પામે નહી તો તેને અધર્મી, મીથ્યવત્રા કહે છે તે ભગવાન્ મહાવીરના શાસનમાં મૂઢાચાર્ય છે ને આચાર્યના ગુણો સહીત ગુણાચાર્ય નથી માટે સૂત્ર અને અર્થ બેના જાણકાર અથવા જાણવાનો પ્રયત્ન કરનાર તેજ આચાર્ય ગુરૂ મહારાજ કહેવાય છે.

૨૬—આહરણ એટલે ઉદાહરણ.

૨૭ થી ૨૮—દૃષ્ટાંત જાણકાર એટલે ઉદાહરણ દૃષ્ટાંત સાથે સમજાવનાર.

૨૯—ઉપનય, નયનો જાણકાર તેમજ તેની દલીલો સાથે સમજાવનાર.

૩૦—પદાર્થ કહેતાં જીવ તેમજ અજીવ પદાર્થોને યુક્તિસર પ્રતિપાદન કરવામાં શક્તિમાન આચાર્ય ગુરૂ હોય તેજ ગુરૂ કહેવાય.

૩૧ થી ૩૨—સ સમય એટલે જૈન સિદ્ધાંત પરસમય એટલે બીજા દર્શનોનું જ્ઞાન હોય તેજ આચાર્ય ગુરૂઃ— (અહીંયા સ સમય એટલે દેશની બાબતમા લઇએ તો ગાંધીજીને પોતાના દેશનું સમ્યક્ જ્ઞાન હતું અને પરસમય એટલે બીજા દેશોનું જ્ઞાન પણ હતું તેથી પાર્લામેન્ટમાં પોતાનો કેસ સારી રીતે, સચોટ રીતે રદીયા સાથે આપી શક્યા તે ફક્ત તેમના અહીંસા પરમોધર્મના પ્રભાવના તપના લીધે હતું તેમ હું માનું છું અને તે જૈનાચાર્યો મારા વિચાર સાથે સંમત ના થાય તો તે ભગવાન મહાવીરના સાસનમાં પેદા થયેલા સ સમય ને પર સમયને નહી જાણનાર છે તેમ હું છાતી ઠોકીને જાહેર કરૂં છું) અને તેથી સસમય અને પરસમયના જ્ઞાનવાળા આચાર્યગુરૂ મહારાજને મારા કોટીવાર વંદન હોજો.

૩૩—ગંભીર.

૩૪—પરતિર્થીઓ જોડે વાત કરવામાં અહીંસા પરમો ધર્મનો પ્રભાવ બનાવનાર, (ગાંધીજી ગૃહસ્થ છતાં અહીંસા પરમો ધર્મનો પ્રભાવ પર તિર્થી એટલે પારકી પ્રજાને સંપૂર્ણ પણે સ્વીટઝર્લાન્ડમાં સમજાવે છે તે ગુણ થોડા પણ તેમનામાં કેળવાએલો છે તેમ હું સમજું છું અને તેથીજ મારા જૈન બંધુઓની જાણવાનેજ સરખાવું છું.)

૩૫—નીરૂપદ્રવ કરનાર એટલે જ્યાં જાય ત્યાં સંઘમાં બેતડા ઉત્પન્ન ના કરાવે અને હોય તેને ઉપસમાવે તેજ આચાર્ય ગુરૂ કહેવાય.

૩૬ **सोमो**—રૌદ્ર પ્રકૃતી રહીત એટલે કોઇપણ દર્શનનાવાદી તરીકે પ્રતિવાદી ઉપર કુદૃષ્ટીથી ના જુવે તેમજ પોતાનાથી વિરૂદ્ધ વિચાર ધરાવનારને હાડકાના માળામાં તેમજ ખરાત્માના વિગેરે શબ્દો કહીને રૌદ્રપ્રકૃતી ધારણ કરી પોતાનો કક્કો ખરો કરવા જાય તે પોતે રૌદ્રપ્રકૃતીમાં ખર કહે તો **ગગાનો** ભાઇ છે તેમ હું માનું છું, અને તેથી જે ગગાના ભાઇ થવા ન ઇચ્છતા હોય તેવા રૌદ્રપ્રકૃતી વગરના આચાર્ય ગુરૂ મહારાજને મારા વંદન હોજો.

તેમજ બીજા સેંકડો ગુણોથી યુક્ત હોવા પ્રવચન કહેતાં સૂત્ર, અર્થ તદુભય પોતે સમજી બીજાને સમજાવનાર આચાર્ય ગુરૂ મહારાજ છત્રીસ ગુણોથી યુક્ત છે તેમને મારા વંદન હોજો અને મારા જૈન મીત્રો જે શાસ્ત્રાર્થ બાબમાં કુંકનાર સાધુના કે સૂરિ કહેતાં આચાર્ય મહારાજના વેષમાં હોય તે સાધુ નથી. સૂરિ નથી તેમજ આચાર્ય નથી પણ પંચ મહાવૃતધારીનું બીરૂદલગાડી ફરનાર પાક્કો ઉઠાવગીર છે.

આચાર્ય મહારાજા ગુરૂને માપવાનો બીજો ગજ એટલે ૩૬ ઇંચનો મોટો ગજ હવે પછીથી રજુ કરીશ.

---

વાર્યું ન કરે તો શાક નિષેધ કરાવવું; તોએ ન પાળે તો આયંબિલ પ્રમુખ તપ કરાવવો, તેમ કરતાં ન પાળે તો તિવિહાર એકાસણું કરાવવું.

એ મર્યાદાના બોલ સમસ્ત ગીતાર્થે તથા યતિઓએ રૂડી પેરે પાળવા અને સંઘાડા માંહે પળાવવા. ગીતાર્થનું કહેણુ સંઘાડી ન માને તો સંઘમાંહે વૃદ્ધ શ્રાવક હોય તેને કહેવું અને રૂડી પેરે પળાવવું, પણ સર્વથા ધર્મવંતે ઉવેખી ન મુકવું. એ મર્યાદા આશ્રયી થોડું લખે ઘણું જાણવું. ઇતિ !!

( અનુસંધાન પૃ. ૧૦૪ ઉપરથી. )

ત્રણ ટકાની ગ. પ્રૅા. લોન રૂા. ૩૦૦૦) ની રૂા. ૫૮-૪-૦ લેખે વેંચી.

સાડા ત્રણ ટકાની ગ. પ્રૅા. લોન રૂા. ૧૭૫૦૦) ની રૂા. ૬૮-૧૫-૦ લેખે વેંચી.

ચાર ટકાના સીટી ઑાફ બામ્બે ઇમ્પ્રુવમેંટ ટ્રસ્ટ ડિબેંચર્સ રૂા. ૧૦૦૦૦) ના રૂા. ૭૦-૮-૦ લેખે વેંચ્યા.

સાડા ચાર ટકાની ગ. પ્રૅા. લોન રૂા. ૫૦૦) ની રૂા. ૮૬-૦-૦ લેખે.

ઉપરની સિકયુરિટીઓ વેંચતા જે ઉત્પન્ન આવ્યા તેમાંથીઃ-

રૂા. ૧૦૦૦૦) ધી બેન્ક ઑાફ ઇન્ડીઆ લી૦ હેડ ઓફીસમાં ફિકસ્ડ ડિપાઝિટ ૧૨ માસની ૪½% લેખે.

રૂા. ૫૦૦૦) ધી સેંટ્રલ બેન્ક ઓાફ ઇન્ડીઆ લી૦ હેડઓફીસમાં ફિકસ્ટ ડિપાઝિટ ૧૨ માસની ૫% લેખે તથા

રૂા. ૩૭૭૫) લાગત કિંમતના ૫ વર્ષના રૂા. ૫૦૦૦) ની ફેસવેલ્યુના પોસ્ટલ કેશ સર્ટિફિકેટામાં રોકવામાં આવેલ છે.

**શેઠ મેઘજી સોજપાળ** તરફથી બનારસ હિંદુ યુનિવર્સીટીમાં અભ્યાસ કરતા ઉદેપૂરવાળા વિદ્યાર્થી મી. લેહરસિંહ મેહતાને ચાલુ વર્ષ (છેલ્લું) માં અભ્યાસની મદદ માટે રૂા. ૨૦૦) બસો આપવા ઉદારતા દેખાડી છે. મજકુર વિદ્યાર્થીને ગયે વર્ષે શેઠશ્રી તરફથી અમારી ભલામણને માન આપી રૂા. ૨૦૦) બસો આપવામાં આવ્યા હતા. વર્ષને અંતે એમ. એ. (પ્રથમ વર્ષ) માં પહેલે નંબરે તથા એલ. એલ. બી માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થતાં બીજા વર્ષ માટે ઉપર જણાવ્યા મુજબ મદદ મંજૂર કરવામાં આવી છે જેનો પહેલો હફતો વિદ્યાર્થી મજકુરને મોકલી આપવામાં આવ્યો છે.

**અવસાન નોંધ**—શ્રી કેશવલાલ પ્રેમચંદ મોદી કે જેઓ અમદાવાદમાં આપણા અગ્રગણ્ય ધર્મપ્રેમી બંધુ અને ધારાશાસ્ત્રી તરીકે જાણીતા થયેલા હતા તેમના લાંબી બિમારી પછી દેહોત્સર્ગ થયાના દુઃખદ સમાચાર સાંભળી તેમના અવસાનની સખેદ નોંધ લઇએ છીએ. મર્હુમ સાહિત્યના વિષયમાં ખુબ રસ લેતા હતા તે ઉપરાંત સમાજના ઘણાં કાર્યોમાં તેઓનો ફાળો પણ સુંદર હતા. તેઓશ્રી આ સંસ્થાની સ્ટેન્ડીંગ કમિટિના અમદાવાદ ખાતેના સભ્ય હતા અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના એક વહીવટદાર પ્રતિનિધિ પણ હતા. અમે મર્હુમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.


## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂા. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂા. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂા. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂા. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂા. ૧-૮-૦ |
| જૈન ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂા. ૫-૦-૦ |
| ,, ,, ભાગ બીજો | રૂા. ૩-૦-૦ |

લખોઃ-શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.


( अनुसंधान पृ. ११० परसें. )

बालकों को मूंडने की आवश्यक्ता क्यों हुई? किन धार्मिक कार्यों में उनकी सहायता ली जाती है और समाज की क्या उन्नति वे कर सक्ते हैं? कुछ नहीं, ज्यादा से ज्यादा किया तो सामायिक प्रतिक्रमण और इस से ज्यादा किया तो संस्कृत के एकाध रूप। वर्षों तक यही रटन्ट। दीक्षा के लिये हजारों रुपये समाज के खर्चे करायें-कोर्ट में मुकदमा बाजी की, फिर भी परिणाम क्या—पहाड़ खोदा और चूहा निकला। पर यहां तो हमारे बाल-दीक्षा के हिमायतियों का कुछ दूसरा ही उद्देश्य मालूम होता है। सो क्या—उनकी सेवा करने वाले चाहिये—उनके हाथ पैर चांपने वाले चाहिये—उनका बोझा उठाने वाला चाहिये। मतलब यह कि उनकी हाजिरी में हमेशा एक न एक रहे और उनके कार्यों को पूरा करता रहे उधर उन वेचारे बालक—साधुओंकी दशा निहारिये। यदि को हुआ होशियार और चतुर तब तो पंजे में से निकल कर नौ दो ग्यारह हुआ और बाकी के वेचारे नर्क की यातनाओं को भोगते हुए अपनी जीवनयात्रा को पूरी करते है, कभी गुरु जी के डंडे के प्रहार सहन करते हैं, तो कभी वाणी की खरधार। कभी उनके क्रोध के शिकार बनते हैं तो कभी उनकी अन्य बातो के शिकार।

ऐसे मुनिवरो! आपका सम्मान, परम सुधारक भगवान महावीर के वेष का सम्मान जैन समाज बराबर करता आरहाहै। अब यदि आप अपनी कुचालों को न छोड़कर, साधु—जीवन के महत्व को न समझ कर केवल भेड़—बकरियों की संख्या बढ़ाने में ही अपने साधुत्व की इतिश्री कर दोगे, तो आपका आदर—सम्मान—उन परम परमेश्वर भगवान महावीर के वेष का सम्मान—संसार के इतर बाबाओं से विशेष न रहेगा। आपका सम्मान आपके हाथ में है। अब जागृत होने का समय है।

प्यारे समाज! तू अपनी आंखों देख रहा है कि तेरी ही सम्पति और नाम पर खेलने वाले उन साधुओं का क्या हाल हो रहा है जो नन्हे नन्हे बच्चों के, जिनके अभी खेल कूद के दिन भी पूरे नहीं हुए, जीवन को दीक्षा की आड़ में कुचल रहे हैं। प्यारे समाज! यदि इस बीसवीं सदी में भी तू इतना पीछे रहा तो इतिहासकारों से तुझ पर असभ्यता और कलंक का टीका लगाये बिना न रहा जायगा। तेरा कर्तव्य है कि उठ और भगवान महावीर के वेष सम्मान की रक्षा करके अपने आपको रसातल में जाने से बचा!

(अग्रलेख, श्वेतांबर जैन. ३०—६—३२)

## दीक्षा का भूत:—

बाल दीक्षा के प्रश्न ने जैन समाज में इतना विकृत रूप धारण कर लिया है कि यदि इस प्रश्न पर समाज जल्दी ही पूर्ण रूप से विचार करके कुछ निश्चय न कर लेगा तो वह कुछ समय बाद अपने असंख्य टुकडों में दृष्टिगत होगा। अहा! यह दीक्षा जिसका नाम सुनने से ही भव्य प्राणियों का हृदय आनन्द सरिता में निमग्न हो जाता था, उफ़! उसी दीक्षा को आज समाज में द्वेष-वैमनस्य, फूट-कलह, क्रोध और गाली-गलौचका विषय बना लिया गया है। वह भी साधारण मनुष्योंसे नहीं; समाज की बागडोर के स्वामी बडे बडे उपाधि धारियोंके द्वारा!!

दीक्षा यानी संसारकी वासनाओंसे किनारा दीक्षा यानी संसार की जलती हुई भट्टी में से निकल कर शान्ति-सरिता में प्रवेश करना, दीक्षा यानी जीवनकी कसौटी ज्ञान-विज्ञान का द्वार, पर वह दीक्षा जो लोभ लालच, विषय-वासना-द्वेष-वैमनस्य कलह फूट, अशान्ति और उद्दण्डता के दरवाजे खोल देती है दीक्षा नहीं-दीक्षा का भूत (शैतान) है।

बडे २ दार्शनिकोंने भी इस महती दीक्षा का मूल्य मालूम करने में अपनी असमर्थता प्रगट की है पर आज के नव-नीत बाल-दीक्षा के पक्षपाती आचार्यो ने इसका मूल्य बाजार में बिकने वाले आम और लीचीसे भी अधीक नहीं समझा है, जब जरूरत हुई चेले की, बनाया किसी सेठिये को, और किया चेला तैयार-नसाया-भगाया छिपाया और नाना प्रकार के प्रलोभनों में फँसा कर जीवन विकास के पहिले ही बेचारे छोटे अनुभव रहित बच्चों को धर्म के नाम पर अपने चंगुल में फँसा लेते है। फिर चाहे उनके माता पिता भाई बन्धु सम्बन्धी छाती पीट पीट कर क्यों न रोते रहें।

प्रकृती की पुस्तक अपने नदी-नद-पहाड-झरने, वृक्षा-वली, पशु-पक्षियों द्वारा साफ तौर से शिक्षा दे रही है कि समय प्राप्त करके ही, वे सुन्दरता को प्राप्त करते हैं, फल देते हैं और सन्तान पैदा करते है। कच्ची सरसों से तेल नहीं निकलता। परन्तु हमारे बाल दीक्षा के समर्थकों का कोई नया ही मानस-शास्त्र (psychology) होगा जिससे उन्होंने यह तरकीब भी शायद निकाल ली हो कि समय के पहिले ही जीवन के रहस्य से बिलकुल अनभिज्ञ बच्चों को जिनका जीवन बिलकुल कच्ची सरसों के सदृश है इस दीक्षा के कोल्हू में डाल कर तेल निकाल सकें.

बाल दीक्षा विशारद! एक अशिक्षित (untrained) घोडे को गाडी में जोत देने का क्या परिणाम होता है? मूर्ख भी, शायद, उत्तर दे सकेंगे कि-गाडी के टुकडे, कोच-वान की वक्र तारीफ और गाडी में बैठने वालों की अंगहानि। यह रुपक बाल-दीक्षा-विज्ञान को समझाने के लिये काफी है।

इस प्रकार का ढोंग रचना कि बाल्यावस्था में दीक्षा देने से बच्चों में अच्छे संस्कार जम जाते है, सर्वथा निर्मूल है। यदि यही युक्ति ठीक मानी जाय तो यह दीक्षा का प्रकरण, शायद, गर्भ में रहे हुए बच्चों तक भी पहुँच जाय और यदि ऐसा ही हुआ तो हमारे बाल-दीक्षा के समर्थक-साधु पूरे गृहस्थी ही बन जायेंगे चाहे उनका वेष कैसा भी क्यों न रहे। और जन-समाज भी यह क्यों न चाहने लगेगा कि जिस कार्य में उन्हें अपनी सन्तान को पारंगत करना है उसी में जोत दे। उदाहरण स्वरुप एक वणिक अपने पुत्र को योग्य गृहस्थाश्रमी बनाना चाहता है। यानी उसका पुत्र विवाहित हो जाय, एकाध सन्तान हो जाय और वाणिज्य करने लग जाय। क्या करता है कि वह अपने सात वर्ष के बच्चे का व्याह इसलिये कर देता है कि गृहस्थ के धर्म संस्कार उस पर बहुत उत्तमता से जमजाय, जल्दी ही सन्तति हो जाय, और उसी उम्र में वाणिज्य में लगा कर उसे गृहस्थी की दीक्षा दे डाली है। वाचकवृन्द! आप ही अपने आप को पूछिये कि आप उस पर हँसेंगे या उसकी तारीफ करेंगे। उस लड़के का क्या हाल होगा, ठीक एसा ही जैसा कि धोबी के कुत्ते का-जो न घर का और न घाट का। यह प्रसंग बाल-दीक्षा-संस्कार विज्ञान का विश्ले-षण करके बता देता है कि यदि अशिक्षित और अपरिपक्व उम्र के बालक में गृहस्थ धर्म के संस्कार-जो साधु-धर्म के मुकाबिले में बहुत ही कमजोर है, उत्तम रीति से नहीं जम सकते तो यह आशा करना कि साधु-धर्म के संस्कार, जो गृहस्थ धर्म से बहुत ही जटिल है, जम जायँगे, एक दुराशा मात्र है बालू से तेल निकालने का प्रयास है। कभी कभी बाल-दीक्षा के समर्थक प्राचीन आचार्यो के दो एक उदा-हरण रखकर अपने मत की पुष्टि करते हैं-परन्तु उन्हें स्मर्ण रखना चाहिये कि प्रत्येक नियम के पीछे अपवाद लगे हुए है। संसार के जबरदस्त लुटेरे मा० दृढ़प्रहारी और अर्जुन-माली जैसे महान् हिंसक भी जब उसी गति मे मोक्ष के अधिकारी हुए है तो क्या हमयह समझले कि संसार के जबरदस्त लुटेरे और महान् हिंसक दृढ़प्रहारी सभी अर्जुन माली की तरह मोक्ष के अधिकारी अवश्य होंगे?-कदापि नहीं।

(अनुसंधान पृ. १०९ पर देखें)

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:—'હિંદસંઘ' 'HINDSANGHA'　　　Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

卐

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું.　　તા. ૧ લી આગષ્ટ ૧૯૩૨.　　અંક ૧૫ મો.

## મી૦ બ્રેલ્સફર્ડની ચેતવણી.

મદ્રાસ. તા. ૨૮ મી જુલાઇ.

'હીંદુ' પત્રને મળેલા લંડનના ખાસ સંદેશામાં જણાવવામાં આવે છે કે,

'ઇંડીઅન રીવ્યુ'માં લખતાં જાણીતા કામદાર પત્રકાર મી. બ્રેલ્સફર્ડ જણાવે છે કે, સર સેમ્યુઅલ હોરે પરીષદ પ્રથાને કાઢી નાંખી તે તેની વીરૂદ્ધની ફરીયાદની આવશ્યક વસ્તુ નથી. જે વસ્તુ ખેદજનક છે તે વસ્તુ ગોળમેજી પરીષદની પ્રથા અને સીદ્ધાંતના ભંગની છે. આપણે મહાત્મા ગાંધીને જેલમાં રાખી હીંદ સાથે સંદેશો ચલાવી શકતા નથી જો આપણે હીંદને માથે ધાર્યું બંધારણ ઠસાવવા જઇશું તો હીંદીઓનો મોટો વર્ગ તેની સામે થશે આનું પરીણામ એકજ આવશે કે હીંદીઓનો બંધારણવીષયક વીરોધનો નીરધાર વધુ દ્રઢ બનશે.

—કોમી સમાધાન સંબંધે પ્રધાન મંડળમાં ૪ થી ઑગસ્ટે વિચારણા ચલાવવામાં આવશે એમ જણાય છે.

—ઓટાવા પરિષદ: સર અતુલ ચેટરજીને આર્થિક સહકાર કમિટીના પ્રમુખ તરીકે નિમવામાં આવ્યા છે.

—જરમનીમાં ચુંટણીને લગતાં રમખાણો અટકાવવા માટે ૨૧ મી જુલાઇથી દશ દિવસ સુધી 'રાજદ્વારી સંધી' જાહેર કરવામાં આવી છે, કે જે દરમ્યાન સભાઓ ભરવા તથા દેખાવો કરવા માટે અંકુશ મુકાયો છે. હુકમનો ભંગ કરનાર કેદ અને દંડની સજાને પાત્ર થશે એમ જાહેર થયું છે.

—'ઇન્ડો આઇરીશ ઇન્ડીપેન્ડન્સ લીગ' જે 'બ્રિટિશ શાહીવાદ સામેની સમાન લડતમાં હિંદ અને ઇંગ્લંડ વચ્ચે ગાઢ મજબુતી આણવા માટે' સ્થપાઇ છે તેના આશ્રય હેઠળ ડબ્લીન ખાતે મળનારી આઇરીશ નેશનેલીસ્ટ કૉન્ફરન્સમાં હાજરી આપવા શ્રી વિઠ્ઠલભાઇ પટેલ કેટલાક હિંદીઓ સાથે ઑગસ્ટની આખરે ત્યાં ખાતે જનાર છે.

—તા. ૨૩ જુલાઈના રોજ આગરામાં નવ વર્ષની બે છોકરીઓને એક્કામાં લઇ જતાં એક સાધુ પકડાયેલ છે.

—રાજકોટનાં વતની પરીખ વૃજલાલ દુર્લભભાઈનાં પત્ની બાઇ મણી જેમણે ચાણસ્મા પાસે રૂપરમાં દીક્ષા લીધેલા તેઓએ દીક્ષા છોડી સંસારી થયાની જાહેરાત થઇ છે.

—ઓશવાળ સંમેલન, અજમેર મુકામે આગામી કાર્તિક વદ ૧—૨—૩ ના રોજ મળનાર છે જે વખતે મ્હોટી સંખ્યામાં સમસ્ત હિંદના ઓશવાળ જૈન બંધુઓ ત્યાં હાજરી આપે એ માટે જોશથી પ્રચાર કાર્ય ચાલુ કરવામાં આવ્યું છે. આ કાર્યમાં સર ફીકાભાઇ, શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા, રા. બ. સુખરાજ રાય વગેરે તરફથી પ્રોત્સાહન મલ્યું છે.

—કોટન કોન્ટ્રેકટબીલ સામે મુંબઈના શ્રી મહાજન અસોસીએશને સખત વીરોધ જાહેર કર્યો છે.

—રાજકોટમાં જૈનોના બે પક્ષ વચ્ચે મારામારી થયાના સમાચાર સંભળાય છે.

—શ્રી જૈન મહિલા સમાજ તરફથી પાયધુની માંગેરોલ જૈન સભાના હોલમાં બુધવાર તા. ૩—૮—૩૨ ના રોજ શ્રી. ચુનીલાલ પટેલ વિનોદમય જીવન' એ વિષય ઉપર ભાષણ આપશે તેમજ સમાજ તરફથી 'સમાજ સેવા'એ વિષય ઉપર લખાયેલા નિબંધમાં પાસ થનાર બ્હેનોને ઇનામ વહેંચી આપવામાં આવશે.

---

### શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની જાહેરાત.

દરેક જૈનને માન્ય આગમશાસ્ત્રોમાં (પંચાંગી સહીત) શ્રદ્ધા સંબંધી અત્યાર સુધી સમગ્ર જૈન સમાજમાંથી કોઇ પણ વર્ગે ભીન્ન મત દર્શાવ્યોજ નથી. હકીકતમાં વાંધાવાળા પ્રશ્નો બીજાજ છે એટલે જ્યાં સુધી દીક્ષા, સંઘસત્તા આદિ બીજા અનેક વાંધાવાળા પ્રશ્નો સંબંધી હૃદયપલટો ન થાય ત્યાં સુધી સમાધાનની ભુમિકા તૈયાર થવાનો સંભવ હોય એવું શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માનતો નથી.

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
-श्री सिद्धसेन दिवाकर.

અર્થઃ-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છેઃ પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જ્યમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

# જૈન યુગ.

તા. ૧-૮-૩૨. સોમવાર.

## જૈન શ્વે મૂર્ત્તિપૂજકની વ્યાખ્યા.

૧ સમસ્ત ભારતના જૈન શ્વે. મુર્ત્તિપૂજકો અને તેના પ્રતિનિધિ રૂપ જૈન શ્વે. કૉન્ફરન્સ નિર્વિવાદપણે સ્વીકારે છે કે શ્રી મહાવીર પ્રભુના ગણધરોએ ગુંથેલા (૪૫) આગમો અને તેના પર મહાજ્ઞાની બહુશ્રુત આચાર્યોથી રચાયેલા નિર્યુક્તિ, ચૂર્ણિ, વૃત્તિ, ટીકા આદિ—એટલે કે પંચાંગી ૪૫ આગમોમાં દરેક જૈન શ્વે. મૂર્ત્તિપૂજકની શ્રદ્ધા હોવી જોઇએ અને હોય છે; વળી તેને અનુસરતાં શાસ્ત્રો અને જૈનો પ્રત્યે તેનો વિરોધ હોવો ન જોઇએ અને તે વિરોધ ન કરે, એટલુંજ નહિ પણ તે સર્વ પ્રત્યે પોતાનો પ્રમોદ, અનુમોદના અને આત્મસંતોષ તે દાખવે અને સાથે સાથે જેટલું પોતાથી પોતાની શક્તિ અને મતિ અનુસાર બને તે સર્વ શાસ્ત્ર પ્રમાણે વર્ત્તન કરવા માટે પ્રયત્નશીલ રહે.

૨ આ ઉપર કહેલી વાત સ્વીકારાયેલ છે અને સ્વીકાર કરવા યોગ્ય છે, તેથી તે માટે કાંઇ એકરાર કે જાહેરાત કરવાપણું રહેતું નથી. શ્રી જિન દેવનો અનુયાયી, શ્રી જિનમાં, શ્રી જિન એટલે વીતરાગની દેશના રૂપ શાસ્ત્રમાં-તેમના પ્રરૂપેલા ધર્મમાં તેમજ તે ધર્મના ઉપદેશકમાં અને તેવા ઉપદેશકનાં રચેલાં શાસ્ત્ર-ગ્રંથમાં આસ્થા વાળો જરૂર હોય. એ શ્રી જિનદેવનો અનુયાયી તે જૈન અને તેમની આજ્ઞા પાળવી તે દરેક જૈનનો ધર્મ એ સ્વતઃ સિદ્ધ છે. કોઇપણ વ્યક્તિ એક જૈન તરીકે, યા કોઇપણ જૈન સંસ્થાના એક સભ્ય તરીકે પ્રવૃત્તિ કરે તે સમયે જૈનની વ્યાખ્યા કે જૈનનાં લક્ષણ પોકારી પોકારીને કહેવાની જરૂર હોય ખરી? બેશક નહિ. કોઇપણ સંપ્રદાયવાળાને એવી જરૂર લાગી નથી. છતાંયે કોઇને જરૂર રહેતી હોય તો જે વાત સ્વીકૃતપક્ષ તરીકે છે તે આથી જાહેરમાં મૂકવામાં અમારી જરાયે આનાકાની નથી.

૩ આવી વાતની કબુલાતને અને દીક્ષા આદિના વિગ્રહને કારણ કાર્યરૂપ સંબંધ કઇ રીતે છે તે સમજી શકાતું નથી, છતાંયે તેવી કબુલાતથી દીક્ષા આદિ સર્વ વિગ્રહોનો અંત આવી જતો હોય તો તે ઘણા આનંદનો હેતુ છે. જૈન દર્શન અનેકાંતમય છે; તેથી તે સર્વ મતો-વિરોધ કે ભેદોનું સમાધાન કરે છે તેમજ નિરંતર સમાધાન વૃત્તિ કેળવ્યાં કરે છે. તે દર્શનના ઉપાસકોમાં વિગ્રહ પ્રવેશ કરે નહિ અને સર્વત્ર સમાધાન પ્રવર્ત્તતું હોય સમાજના દુર્ભાગ્યવશાત્ અસમાધાન વૃત્તિ ઉપસ્થિત થાય તો તેનો ક્ષય કરી સમાધાનનો માર્ગ લાવવામાં સર્વ શક્તિનો ઉપયોગ ઉત્સાહિત થઇને કરવો એ સમયજ્ઞ અને દીર્ઘદર્શી સજ્જનોનું કર્ત્તવ્ય છે.

૪ શાસનદેવ સર્વમાં સદ્દબુદ્ધિ અને સંકલ્પબળ પ્રેરો ઇતિ શુભેચ્છા.

રણછોડભાઇ રાયચંદ ઝવેરી.
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરંસ.

## શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ પ્રાઇઝો.

મહુંમ શેઠશ્રીના નામથી દર વર્ષે આ સંસ્થા તરફથી બે ઇનામો મેટ્રિક્યુલેશનની પરીક્ષામાં પસાર થનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનને અપાય છે, તે માટે આ વર્ષે જુદા જુદા સ્થળોના વિદ્યાર્થીઓની ૧૩ અરજીઓ મળી હતી. તેમાંથી (૧) સંસ્કૃત વિષયમાં સૌથી વધારે માર્ક મેળવનાર તરીકે શ્રી ચિનુભાઇ ડાહ્યાભાઇ મહેતા (માર્ક ૭૯) અમદાવાદવાળાને તથા (૨) સુરતના વતની અને કુલ્લે સૌથી વધારે માર્ક મેળવનાર તરીકે શ્રી જયંતિલાલ રતનચંદ ઝવેરી (માર્ક ૩૪૧) સુરતની અરજીઓ મંજૂર રાખી તેઓને રૂા. ૪૦-૪૦ ના ઇનામો આપવા નિર્ણય કરવામાં આવ્યો છે.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ગત વર્ષે ડિસેમ્બરમાં લેવાયેલી શેઠ સારાભાઇ મગનભાઈ મોદી પુરૂષ વર્ગ અને અ. સૌ. હીમકબાઇ મેઘજી સોજપાલ સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓનાં સેન્ટરવાર ઇનામો નીચે પ્રમાણે જાહેર કરવામાં આવ્યા છે.

પાલીતાણા રૂા. ૧૧૭ાા; અમદાવાદ રૂ. ૧-૭); છોટી સાદડી ૯૨); ભાવનગર રૂા. ૮૧); કંડર રૂા. ૭૭); મુંબઇ રૂા. ૩૩); પાદરા રૂા. ૨૮); સુરત રૂા. ૨૭ાા, નિપાણી રૂા. ૨૫), પાટણ રૂા. ૨૪); સમોઉ રૂા. ૨૨); છાણી રૂા. ૧૫); બોટાદ રૂા. ૧૧); આમોદ રૂા. ૮); ખેડા રૂા. ૮); જુનાગઢ રૂા ૬); વરકાણા સાદડી રૂા. ૬) ભરૂચ રૂા. ૫); લિંબડી રૂા. ૪) અને ઊંઝા રૂા. ૨).

ઉપર મુજબના કુલ ૨૦ સેન્ટરોમાં રૂા ૬૯૯ નાં ઇનામો જાહેર થયાં છે.

**અભ્યાસક્રમ:** ગત વર્ષના અભ્યાસક્રમ પ્રમાણે જ ચાલુ રાખવાનો છે. જેઓ પાસે તેની નકલ ન હોય તેઓએ સંસ્થાની ઑફીસમાંથી મગાવી લેવી.

**પરીક્ષા:** આગામી પરીક્ષાઓ ડિસેમ્બર માસમાં થશે. પાઠશાળાના વ્યવસ્થાપકોએ તે માટે વિદ્યાર્થીઓને અભ્યાસ શરૂ કરાવી દેવાની જરૂર છે.

# શ્રી શ્રમણસંઘની શાસનપદ્ધતિનો ઇતિહાસ.

## ( ૩ )

મૂળ લેખક-ઇતિહાસ મહોદધિ સાક્ષર મુનિશ્રી કલ્યાણ વિજયજી

આગન્તુક સાધુની પ્રાર્થના સાંભળ્યા પછી ગણસ્થવિર એ વાતની ખાસ પરીક્ષા કરે છે કે આગન્તુક શ્રમણ વાસ્તવમાં પોતાના ગુરૂની આજ્ઞા મેળવીને આવેલ છે કે નહિ, અને જે કારણથી તે પોતાનું આગમન થયેલું જણાવે છે તે કારણ પણ વાસ્તવિક છે કે નહિ. જો આ વાતોની પરીક્ષા કર્યા પછી ગણસ્થવિરને સંતોષ થાય છે તો તે આગન્તુક સાધુને ઉપસંપદા આપીને પોતાના ગણમાં દાખલ કરી દે છે.

પહેલાના કુલ-ગણના સંબંધને તોડી નાંખવા પૂર્વક આગન્તુક સાધુ આ પ્રકારની પ્રતિજ્ઞા કરે છે કે આજથી આ કુલ-ગણ જ મારા કુલ-ગણ છે અને આ કુલ-ગણના આચાર્ય ઉપાધ્યાયજ મારા આચાર્ય ઉપાધ્યાય છે.

ઉપસંપદ્યમાન (એટલે જેને ઉપસંપદા આપેલી છે તે) સાધુની ઉક્ત પ્રતિજ્ઞાને જ 'ઉપસંપદા' કહેવામાં આવે છે. આ ઉપસંપદાની કાલ-મર્યાદા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવા ભેદથી ક્રમશઃ છ માસ, બાર વર્ષ અને જીવન પર્યંતની હોય છે.

જઘન્ય અને મધ્યમ કાલની ઉપસંપદા વાળા સાધુ મુદત પુરી થતી વખતે પહેલાના ગુરૂની પાસે જાય છે, પરંતુ ઉત્કૃષ્ટ કાલની ઉપસંપદાવાળા શ્રમણ તો જીવનપર્યંત તે કુલ-ગણમાં રહેતા હતા.

ગણાન્તરોપસંપદા લીધા પછી તે સાધુને પોતાના પહેલાના ગુરૂ અને ગણની સામાચારીનો ત્યાગ અને નવા ગણની સામાચારીનું પાલન કરવું પડતું હતું.

ઉપસંપદાના વિષયમાં કંઇક અપવાદ પણ રહેતા હતા. જો કોઇ ગણ બિલકુલ શિથિલાચારમાં પડી જતો અને આચાર્ય તેનો ઉદ્ધાર કરતા નહિ અથવા આચાર્ય પોતેજ શિથિલ વિહારી થઇ જતા તો તે ગણના જે સંયમાર્થી સાધુ હોય તે તે ગણ અને ગુરૂનો સંબંધ છોડીને બીજા ચારિત્રધારી ગણમાં જતા હતા અને આ પ્રકારે શિથિલમાર્ગને છોડીને આવનારા આત્માર્થી સાધુઓ તેના મૂલ ગુરૂની આજ્ઞા વગર પણ ઉપસંપદા દેવામાં આવતી હતી.

૪ સાધર્મ્ય વૈધર્મ્ય નિર્વાહ—આની મતલબ સાંભોગિક અને અસાંભોગિક સાધુઓની અરસપરસની રીતિઓ સાથે છે.

પોતાના ક્ષેત્રમાં સાંભોગિક ગણના સાધુઓ આવે ત્યારે તેમના પ્રત્યે ત્રણ દિવસ સુધી આતિથ્ય-વ્યવહાર કરવામાં આવતો હતો. આગન્તુક સાધુઓને માટે આ ત્રણ દિવસ સુધીમાં ભિક્ષા વગેરે ક્ષેત્રી (સ્થાનિક) સાધુ લાવતા હતા. જો આગન્તુક ગણ મોટો હોય અને સ્થાનિક સમુદાય ન્હાનો હોય અથવા એવું કંઇ કારણ હોય કે જેથી સર્વ કાર્ય કરવાં સ્થાનિક સાધુઓને માટે કઠણ થઇ જતું, તો આગન્તુક ગણમાં જે યુવાન અને શક્તિવાન સાધુ હોય તેની પણ થોડી મદદ લેવામાં આવતી હતી, પરંતુ બાલ અને વૃદ્ધ સાધુઓ પાસેથી તો ત્રણ દિન સુધી કંઇપણ મહેનતનું કામ લેવામાં આવતું નહોતું.

આ પ્રકારે અસાંભોગિક ગણના જો પોતાના ક્ષેત્રમાં આવે તો ભિક્ષા ચર્યામાં તેમની સાથે જવું, તેમને સ્થાપના કુલ વગેરેનો પરિચય આપવો. આદિ આવશ્યક વ્યવહારનો નિર્વાહ કરવો પડતો હતો.

સાંભોગિક ગણોમાં તો એક સામાચારી હોવાથી સામાચારી-ભેદ સંબંધી પ્રશ્ન ઉપસ્થિત જ થતો નહોતો, પરંતુ અસાંભોગિક ગણોની સામાચારીના સંબંધમાં કોઇ કોઈ વખત ચર્ચા જો ચાલતી હતી તો તે પર સમભાવથી વિચાર કરવામાં આવતો હતો; અને જે વિષયમાં જે ગણ અથવા કુલનું જે મંતવ્ય હોય તેનો તે રૂપમાં નિર્દેશ કરીને શિષ્યોને સમજાવવામાં આવતું કે 'આ વિષયમાં અમુક કુલ અથવા ગણ વાળા આવું માને છે.' અથવા 'આ સંબંધમાં અમુક આચાર્યનો આ મત છે.'

### વ્યવહાર-છેદન ( મુકર્દમાનો ફેસલો. )

'વ્યવહાર'નો અર્થ 'મુકર્દમો'-'દાવો', અને 'છેદન'નું તાત્પર્ય તેનો ફેસલો-ચુકાદો-જજમેંટ છે

શ્રમણ-ગણમાં બે પ્રકારના વ્યવહાર રહેતા હતાઃ—એક તો 'પ્રાયશ્ચિત વ્યવહાર', અને બીજો 'આભવદ્ વ્યવહાર.'

'પ્રાયશ્ચિત વ્યવહાર' તે એનું નામ કે સાધુ લોક પોતાના માનસિક, વાચિક અને કાયિક અપરાધોના માટે આચાર્ય દ્વારા જે સજા (દંડ) પ્રાપ્ત કરતા હતા તે આ વ્યવહારના મહાવીર પ્રભુના સમયમાં દશ પ્રકાર નામે ૧ આલોચના, ૨ પ્રતિક્રમણ, ૩ મિશ્ર, ૪ વિવેક, ૫ ઉત્સર્ગ, ૬ તપ, ૭ છેદ, ૮ મૂલ, ૯ અનવસ્થાપ્ય અને ૧૦ પારાંચિત-હતા તે આર્ય ભદ્રબાહુ સુધી ચાલુ રહ્યા. ભદ્રબાહુના સ્વર્ગવાસ પછી પ્રાયશ્ચિત્તના નવમા અને દશમા ભેદ (અનવસ્થાપ્ય અને પારાંચિત્ત) બંધ કરવામાં આવ્યા અને ત્યારથી પ્રથમના આઠજ પ્રાયશ્ચિત્તોનો વ્યવહાર પ્રચલિત છે.

'આભવદ્ વ્યવહાર'નો અર્થ 'હકદારીનો ઝઘડો' થાય છે. આ વ્યવહારના પણ અનેક પ્રકાર હતા જેવા કે સચિત્ત વ્યવહાર, અચિત્ત વ્યવહાર, મિશ્ર વ્યવહાર, ક્ષેત્ર વ્યવહાર ઇત્યાદિ.

ઉપર જણાવેલા બંને પ્રકારમાંથી પહેલો વ્યવહાર તો બહુધા પોતપોતાના સ્થવિરો પાસેજ ચાલતો હતો. કુલના સાધુ પોતપોતાના કુલના સ્થવિર પાસેથી પ્રાયશ્ચિત્ત લઇને શુદ્ધિ કરી લેતા હતા, પરંતુ 'છેદ' અથવા 'મૂલ' જેવા મામલાના ફેસલા બહુધા ગણસ્થવિર આપતા હતા; અથવા કુલ સ્થવિરોએ આ વિષયોમાં આપેલા ફેસલાની અપીલ સાંભળતા હતા. જો ગણ-સ્થવિરને કુલસ્થવિરના કાર્યમાં પક્ષપાત અથવા રાગ દ્વેષ નજરે પડતો તો તુરત તે તેને રદ કરતા હતા, ગણ સ્થવિરોના આ વ્યવહાર સબંધીના ફેસલાની અપીલ સંઘ સ્થવિર સાંભળતા નહોતા, કારણ કે પ્રાયશ્ચિત્ત-વ્યવહાર એ ગણોનું આંતરિક કાર્ય માનવામાં આવતું હતું. સંઘસ્થવિર કોઇપણ ગણના કોઇ પ્રકારના આંતરિક કાર્યમાં જ્યાં સુધી તેમ કરવા માટે ગણની તરફથી તેજ અરજ કરવામાં નહોતી આવતી ત્યાં સુધી તેમાં દખલ કરતા નહિ.

આભવદ્ વ્યવહારના કાનૂન આનાથી કંઇક જૂદા હતા. આ વ્યવહારને માટે કુલ, ગણ અને સંઘ નામના ક્રમશઃ પહેલા, બીજા અને ત્રીજા દરજ્જાના ન્યાયાલય હતાં.

એક જ કુલના બે સંઘાડાની વચમાં જો હકદારી સંબંધી કંઇ વ્યવહાર ઉપસ્થિત થતો તો કુલસ્થવિરના તરફથી તેનું

( અનુસંધાન પૃ. ૧૧૭ ઉપર જુઓ. )

# સ્વદેશી.

દેશ જ્યારે સ્વરાજ્યનું યુદ્ધ લડી થાકયો પાકયો
અને ભૂખથી મરતો તમારે આંગણે
આવશે તે વખતે તમે એને

## શું આપશો ?

'અન્ન માગશે તે વખતે કાઉન્સિલના
પત્થરથી કામ નહી સરે.'

" I am deeply grateful for the response which has been made to my appeal to the country to celebrate the Swadeshi Day, with a view to further extend and deepen the Swadeshi movement. From all information I have received from newspapers, and private letters, I have no doubt that the day will be widely celebrated in British India. I have not yet made special appeal to the ruling princes, Government, and the people of Indian States to take their full share in the Swadeshi movement. But I do so now.

### What is 'Swadesh' & 'Swadeshi ?'

" Swadesh " means " My Country " and " Swadeshi " means " people or things of my country. " India is a common country for Princes and people of the Indian States as much as the people of British India, and it is as much the duty of princes and people of the Indian States as af those of British India, and it is an equal advantage to both to promote the Swadeshi movement for the good of our common Motherland.

I hope where Swadeshi Sangha, or the Buy-Indian-League has not already been established, it will be organized without any avoidable delay in every city, town, Tehsil, Taluka, both in Indian India and British India, to promote the objects of the movement.

### Wanted permanent Exhibitions.

It is also essential to have a permanent Swadeshi Exhibition, established in every district, with an information Bureau to supply the list of manufacturers, swadeshi articles, their addresses and such other useful information, together with a small industrial and commercial library attached to it.

The economic welfare of the people can be secured by promoting the industry both of the farmer and the manufacturer. The Swadeshi movement must keep this duel object in view.

The exhibition should therefore, be divided into two main sections, Agricultural & Industrial. The object should be to develop the institution as the most important centre in each district to help forward both agricultural and industrial advance, particularly in the direction of cottage industries. It should be remembered (to quote the words of Mahatma Gandhi ) that without the cottage industry the Indian peasant is doomed. He cannot maintain himself from the produce of the land. He needs a supplmentary industry and spinning is the easiest, cheapest and the best. It supplements agriculture, and, therefore, automatically assists materially to solve the problem of our growing poverty.

### Mahatma's greatest service.

One greatest service which Mahatma Gandhi has rendered to the country has been the revival of the spinning-wheel and hand-spun hand-woven khaddar which has brought about the most happy revolution in the clothing of people both men and women. It has given employment to tens of thousands in every part of British India

I would urge all, who can afford it, to use hand-spun and hand-woven cloth and leave all cloth of our Indian mills to be used by those of our people who cannot obtain khaddar.

But this is not only one of the home industries with which the Swadeshi movement is concerned. There are a thousand others which, it is our duty and our Interest to promote. I appeal to all my countrymen and countrywomen of all classes, creeds, including Government servants to join this patriotic and humanitarian endeavour and do so, thereby helping to ameliorate and advance the economic condition of our people."

'ભારતભૂષણ' 'મહામના' પંડિત મદનમોહન માલવીયાજીનો આ આદેશ છે. એ આદેશ આપવાનો એમના કરતાં અધિક અધિકાર અત્યારે કોઇજ દેશનેતાનો નથી. દેશનેતાની પંક્તિમાં મહાત્મા ગાંધીજી પછી બીજું સ્થાન પં. માલવીયાજીનું છે; એટલુંજ નહિ પણ "સ્વદેશી" ના વિષયમાં તો એમનું પદ સહુથી ઉંચું છે એમ કહીએ તો ખોટું નથી. તેઓ આજકાલના કે વીસ પચીસ વર્ષના સ્વદેશી વસ્ત્રધારી

નથી. એમણે આજન્મ એ મહાન વ્રત પાળ્યું છે, અને એમની શાતેર વર્ષના આજ પર્યન્તના જીવનમાં એમનું માત્ર દોઢ વખત, એકવાર આખું અને એકવાર અર્ધું સ્ખલન થયું છે. આમ સ્વદેશી વ્રતની દૃષ્ટિએ જીવનનું શુદ્ધિ ઉપરાંત સ્વદેશી ઉદ્યોગોના સંબંધમાં પંડિતજી અસાધારણ માહિતી ધરાવે છે. એઓ ૧૯૧૬-૧૮ માં "ઈન્ડસ્ટ્રિયલ કમિશન"ના મેમ્બર હતા, તેવારે એમણે મેમ્બર તરીકે કમિશનના રિપોર્ટ સાથે હિન્દુસ્થાનના ઉદ્યોગોમાં પડેલાં વિઘ્ન તથા એના પુનર્જીવનના સાધન એ વિષે એક ઉત્તમ નોંધ જોડી છે. બંગાળાના ઔદ્યોગિક અગ્રેસર સર રાજેન્દ્રનાથ મુકરજીએ ૧૯૧૭-૧૮ ના ઇન્ડસ્ટ્રિયલ કમિશનના મેમ્બર તરીકે એવા ઉદ્દગાર કાઢ્યા કહેવાય છે કે માલવીયાજી જેવો મહાન પ્રભાવશાળી બુદ્ધિ ધરાવતો પુરૂષ-કમિશનમાં બીજો કોઈ નહોતો. એ મહાન પુરૂષની પ્રતિષ્ઠાના સંબન્ધમાં અધિક પ્રેરોચના કરવાની જરૂર નથી. જે જ્ઞાન એમણે એ ઇન્ડસ્ટ્રિયલ કમિશનમાં વિશેષ સંશોધિત અને સંવર્ધિત કર્યું એને વ્યવહારમાં મૂકવાનો આરંભ એમણે ઇન્ડસ્ટ્રિયલ કમિશનમાંથી ઉઠી તુરતજ (૧૯૧૮ માં) કર્યો: બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં "ટેકનોલૉજી" ની એક વિશાળ શાખા યોજી અને એની પહેલી ઈંટ રૂપે એન-જીનિયરિંગ કોલેજ સ્થાપી, જે અદ્યાપિ હિન્દુસ્થાનના અનેક પ્રાન્તોમાંથી વિદ્યાર્થીઓને આકર્ષે છે; અને એની સાથે બી. એસ. સી., એમ એસ સીમાં કેમિસ્ટ્રીના વિષયમાં એક ઐચ્છિક વિષય તરીકે "ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી" દાખલ કરી, જેની અનેક શાખા પ્રશાખારૂપી દીકરીઓનો વિસ્તાર, દક્ષપ્રજાપતિની કન્યાઓની માફક, દિનપ્રતિદિન વધતો જશે એમ આશા છે. આટલું પ્રસ્તાવનારૂપે નિવેદિત કરવાનું કારણ એટલુંજ જણાવવા માટે કે જે વૃક્ષની વડવાઇ રૂપે અત્યારે દેશમાં સ્થળે સ્થળે "સ્વદેશી પ્રદર્શન" ભરાયાં છે એ એક મહાન પુરાણું વૃક્ષ છે અને આપણાં ઉંડા હૃદયના માન અને આદરને પાત્ર છે.

આટલી ભૂતકાળની વાતો કરી તો કાંઇક અધિક કરીએ: આજની "સ્વદેશી" પ્રવૃત્તિ એ "સ્વદેશી" નો ત્રીજો અવતાર છે. પહેલો અવતાર આજથી પચાસ સાઠ વર્ષ ઉપર થયો હતો. મહર્ષિ રાનડે જેમની આર્ષ દૃષ્ટિમાંથી, જેમ પ્લેટોમાંથી સર્વ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન તેમ, વર્તમાન હિન્દુસ્થાનની સઘળી સુધારણા ઉદ્દભવે છે-એ એના લગભગ આદ્ય દ્રષ્ટા હતા. પણ તે જમાનામાં સ્વદેશીવસ્તુપ્રચારનો પ્રયત્ન સફળ ન થયો: કારણ કે નવા ઉદ્યોગો સ્થાપનાર પાસે જોઈતી મૂડી નહિ, જેમની પાસે મૂડી તેમને કાળજે દેશહિત હજી લાગેલુ નહિ; તેના શિક્ષિતોમાં જોઇતું ઔદ્યોગિક કૌશલ નહિ, અને લોક હજી પશ્ચિમની કારીગરીના મોહથી અન્ધઃ "કન્ટ્રી" નામ હૃદય સાથે પ્રેમથી ચાંપવાનું નહિ, પણ હલકી કારીગરી માટે તિરસ્કાર વાચક શબ્દ! આ પ્રમાણે પ્રથમ યુગ ઋષિઓનો, પણ સાધકોનો નહિ; એમની સાધનામાં ઉપર કહેલા પ્રતિબન્ધ: તેમાં 'સ્વદેશી' માટે જોઇતું વાતાવરણ નહિ એ મ્હોટો પ્રતિબન્ધ. "સ્વદેશી"નો બીજો અવતાર ૧૯૦૫ માં બંગભંગને પરિણામે થયો. એ વખતે ઉત્સાહ પુષ્કળ, "સ્વદેશી" નાં વાદિત્ર સુમધુર અને ઉચ્ચ સ્વરે વાગ્યાં. પ્રથમ યુગ જેવી મન્દતા નહિ; એટલુંજ નહિ, પણ કૌશલ પણ પહેલા યુગ કરતાં વધારે હતું; મૂડી પણ પડદામાંથી નીકળી. પણ નવા ઉત્સાહથી દોડતાં, સ્વાભાવિક રીતે એણે ઠોકરો ખાધી. તો પણ એ પ્રવૃત્તિએ પ્રજાનું દૃષ્ટિબિન્દુ હમેશ માટે ફેરવ્યું એમ કહીએ તો ચાલે, પણ વસ્તુતઃ કાર્ય થયું તેના પ્રમાણમાં અવાજ વધારે થયો; કારણ કે ખરૂં જોતાં એનો પ્રયોજક હેતુ ઔદ્યોગિક નહિ પણ રાજકીય હતો: અન્તરંગ નહિ પણ બહિરંગ હતો, એનો પોતાનો નહિ, પણ પારકો હતો. દરેક પ્રવૃત્તિ જ્યારે એના પોતા ખાતર કેળવાય ત્યારેજ તે જોઇએ તેવી સફળ નીવડે છે. આજની આપણી "સ્વદેશી" પ્રવૃત્તિ એ સ્વદેશીનો ત્રીજો અવતાર છે, અને આપણે આશા રાખીશું કે એ સર્વથા દેશના આર્થિક ઉદ્ધારના હેતુથી પ્રેરિત હોઇ ચિરંજીવી નીવડશે. કોઇની એવી સમજણ હોય કે "ભણ્યો ગણ્યો તે નામું લખે, ન ભણ્યો તે દીવો ધરે." એ ન્યાયે ઉત્તમ રાષ્ટ્રસેવકો તો કેદમાં જ જાય, અને કેદમાં ન જઈ શકે તેજ આવાં સ્વદેશી પ્રદર્શનો ભરી દેશને ગૌણ પ્રકારની સેવા કરે તો એવાઓને નમ્ર નિવેદન છે કે આ માનવું ભૂલ ભરેલું છે. આ ભ્રાન્તિ અને તિરસ્કારવૃત્તિ ટાળવા પંડિત મદનમોહન માલવીયાજીનો આ પ્રવૃત્તિ સાથેનો સંબન્ધ બસ થવો જોઇએ. પરંતુ એ ઉપરાંત સહુ ભાઇઓને આટલું શાન્તિથી વિચારવા વિનતિ છે કે દેશ જ્યારે સ્વરાજ્યનું યુદ્ધ લડી થાકયો પાકયો અને ભૂખથી મરતો તમારે આંગણે આવશે તે વખતે તમે એને શું આપશો? અન્ન માગશે તે વખતે કાઉન્સિલના પત્થરથી કામ નહિ સરે. ક્ષેત્રો ખેડી અન્ન પકાવી રાખ્યું હશે તોજ દેશને તે વખતે જીવતો રાખી શકાશે. બાકી, કેવળ યુદ્ધનું પરિણામ તો 'After Blenheim' માં અંગ્રેજ કવિ સધીએ વર્ણવ્યું છે તેજ. અમારૂં લેશ ભાર પણ એમ કહેવાનું તાત્પર્ય નથી કે દેશના ઉદ્યોગને અને રાજકીય પ્રવૃત્તિને કાંઈ જ સંબન્ધ નથી રાજ્ય દેશના ઉદ્યોગોને ખીલવવા માટે કેટલું મહાન કાર્ય કરી શકે એનાં ઘણાં દૃષ્ટાન્ત વર્તમાન સમયમાં આપણાં નેત્ર આગળ ઉભાં છે. જર્મની જે સો વર્ષ ઉપર માત્ર જગતની પાર રહેલા (metaphysical) તત્ત્વની શોધમાં ગૂંચાએલું રહેતું તેને એના રાજ્યતંત્રીઓએ વિવિધ પ્રકારની કેળવણી વડે જગતના પ્રથમ પંક્તિના ઉદ્યોગકુશળ દેશ તરીકે આગળ લાવી મૂકયું. જાપાન જે પોણોસો વર્ષ ઉપર પુરાણા જમાનાનો ઉંઘતો દેશ હતો એને એના રાજ્યતંત્રીઓએ યુદ્ધકળામાં અને ઔદ્યોગિક કુશળતામાં અને વેપારની યુક્તિમાં યૂરોપને અદેખાઇ કરાવે અને પ્રસંગ આવતાં ટક્કર મારે એવી સ્થિતિમાં મૂકી દીધો. રૂશિયા જે વીસ વર્ષ ઉપર કેવળ ઉદ્યોગહીન દેશ હતો-એવો જડ કે "જેને એક 'ઉંદરિયું' (mousetrap) બનાવવા જેટલી પણ બુદ્ધિ ન હતી"-એ રૂશિયામાં સોવિયેટ રાજ્યે (પ્રજાસમષ્ટિરૂપ રાજ્યતંત્રે) એની પાંચ વર્ષની ઔદ્યોગિક યોજનાવડે બીજા ઔદ્યોગિક દેશોને ખળભળાવી મુકયા છે. એનું અનુસરણ કરીને તુર્કસ્તાને પણ ત્રણ વર્ષની ઔદ્યોગિક યોજના ઘડી છે. ઇટાલિ જે દસકા ઉપર એક જૂનાં ખંડેરોનો દેશ હતો એને એના મહાન્ રાજ્યતંત્રી મુસોલિનીએ એવો દીપ્તિમંત કરી મૂકયો છે કે બીજાં રાજ્યો એના પ્રતિ આશ્ચર્યથી વિકસેલી આંખે જુવે છે.-ટુંકમાં અત્યારે એમ સિદ્ધાન્ત રૂપે મનાઇ ચૂકયું છે કે જેમ વર્તમાન યુગમાં કોઇપણ ધંધો ન્હાના પાયા ઉપર ફતેહમંદ ન થઇ શકે તેમ કોઇ પણ દેશના ઉદ્યોગ એકાદ વ્યક્તિના પરાક્રમથી સફળ ન

થાય: એને રાજ્યનો આશ્રય અને રાજ્યનું ઉત્તેજન અવશ્ય જોઇએ. તે માટે જ્યારે સર ઇબ્રાહિમ રહીમતુલ્લાએ સન ૧૮૯૬ માં ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ આગળ ઔદ્યોગિક કમિટી નીમવાનો ઠરાવ મૂકયો અને એમાં હિન્દને પૂર્ણ આર્થિક સ્વતંત્રતા ( fiscal autonomy અર્થાત્ હિન્દની સરકારી તીજોરી કેમ ભરવી અને કેમ વાપરવી એ સંબન્ધી સઘળી વ્યવસ્થામાં સ્વતંત્રતા ) હોવી જોઇએ કે કેમ એ પ્રશ્નનો નિર્ણય કરવાનું સૂચવ્યું, અને પછી જ્યારે ઔદ્યોગિક કમિશન નીમ્યું અને એની પ્રશ્નાવલિમાં આ મહાન પ્રશ્ન કમિશનની વિચારમર્યાદામાંથી સરકારે બાતલ કર્યો, ત્યારે એ સબન્ધી સર ફ્રેડરિક નિકલ્સને વાપરેલા શબ્દો સૂચક છે: એમણે કહેલું—"The part of Hamlet must be totally omitted." નાટકમાંથી નાટકના નાયકને જ બાતલ કરવો! ઔદ્યોગિક પ્રશ્નનો રાજ્યતંત્ર સાથે આટલો નિકટ સંબન્ધ હોવા છતાં, અમે અત્યારે કૉન્ગ્રેસની રાજકીય પ્રવૃત્તિથી અલગ રાખવી ઇષ્ટ ગણીએ છીએ તે એટલા માટે કે હિન્દને મહાત્મા ગાંધીજીએ જે એક મહાન સત્ય સમઝાવ્યું છે અને ઉપદેશ્યું છે તે પ્રમાણે હવે પ્રજાએ પરાશ્રમ છોડી, આત્માવલંબી થઇ, પોતાનું ભવિષ્ય, જેટલાં સાધન હોય તેટલાં સાધનથી, ઘડવા બેસી જવું એજ ઉત્તમ માર્ગ છે, આ જ ખરૂં રાજ્યતન્ત્રનું સમકક્ષ પ્રજાતન્ત્ર છે. હિન્દે હવે પરમુખપેક્ષી ન થતાં, પોતાના હાથ પગ અને ખંભા ઉપર દૃષ્ટિ નાંખી એના બળ ઉપર જ ઝઝુમવાનો નિશ્ચય કરવો જોઇએ. બંગભંગ વખતે જન્મેલા આ સિદ્ધાંતને અત્યારે ગાંધીજીએ સર્વમાન્ય કરી આપ્યો છે. આપણા દેશના આ નવીન માનસનો આવિષ્કાર આ 'સ્વદેશી' ઉદ્યોગની પ્રવૃત્તિમાં થાય છે. અને પ્રજા જો આ 'સ્વદેશીનું વ્રત' અસ્ખલિત રીતે પાળશે તો જકાતની દીવાલો જે કાર્ય સાધી શકશે નહિ તે આ વ્રત સાધી આપશે.

પ્રશ્ન થશે કે-સ્વાભાવિક શું? સોંઘુ-મોંઘુ, સારૂં-ખોટું, જે મળે તે ખરૂં-પણ તે મ્હારા દેશનું જ હોવું જોઇએ? કે જે કોઇ સોંઘું અને સારૂં કરીને મ્હારા આગળ ધરે તે મારે ખરીદી લેવું જોઇએ? ઉપમાને આધારે ચાલીએ તો મેલું-ઘેલું તો પણ આપણું બાળક એ એક પક્ષ; અને કન્યા તો પરગોત્રમાંજ અપાય-લેવાય એ સ્હામો પક્ષ. વસ્તુતઃ સ્વાભાવિક તો એ જ કે 'સમસ્ત વસુધા તે મ્હારૂં કુટુમ્બ;' જેમાં મનુષ્યની મનુષ્યતાનો સ્વીકાર હોય તે સ્વાભાવિક; મનુષ્યજાતિમાં 'સ્વ' અને 'પર' કેવું? જેના મનમાં 'સ્વ' અને 'પર'ની અટક હોય, તે જ સારૂં અને સોંઘું જ્યાંથી મળે ત્યાંથી લેતાં અટકે, છેવટના સિદ્ધાંત રૂપે આ માનવું ખરૂં છે. સકલ જગત્ બ્રહ્મરૂપ છે, એમાં મ્હારા ત્હારાનો ભેદ નથી એ રીતે જ. પણ એ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે જે સાધનની યોજના કરવામાં આવી છે એમાં ભેદને અવકાશ છે એટલુ જ નહિ પણ એ અનિવાર્ય છે. તે જ રીતે, જો આખી પૃથ્વી જો એક મનુષ્યજાતિનું સ્વરાજ્ય થઈ જાય-કેવળ રાજ્ય નહિ, પણ સ્વરાજ્ય-તો ઉપર કહ્યો તેવો અપ્રતિબદ્ધ વ્યવહાર યોગ્ય થઇ જાય, કારણ કે એવું એકાકાર સ્વરાજ્ય થઇ જવાની પહેલી શર્ત તો એ જ હોય કે એનાં સર્વ અંગ સમાન રીતે હૃષ્ટ પુષ્ટ હોય, અને શરીરમાં જેમ રુધિર ફરે છે એમ, "**यथाकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान्**" એમ, પૃથ્વી માત્રમાં આર્થિક સરિતાઓ સરળતાથી અને સમાનતાથી વહે, પરંતુ કમનસીબે માનવજાતિની એ સ્થિતિ હજી દૂર, બહુ દૂર છે, અત્યારે તો એક ખંડ બીજા ખંડને, એક દેશ બીજા દેશને, એક વ્હેપારી બીજા વ્હેપારીને આર્થિક હરીફાઇમાં જીતવા, શોષવા તત્પર છે, ત્યાં ઉપર કહ્યો તેવો "વસુધૈવ કુટુમ્બકમ્" નો બન્ધુભાવ તે સ્વપ્ન માત્રજ. ત્યારે આપણે પણ પરસ્પર યુદ્ધનો દુશ્મનભાવ જ કેળવવો? વેરનું ઓસડ વેર જ? એમ નહિ. 'સ્વદેશી' વ્રતમાં વેરભાવનો છાંટો નથી: એમાં તો માત્ર નિર્બળ અવયવે સબળ થવાનો યત્ન છે; જેથી સમસ્ત દેહ સુખી થાય. પાડોશી સુખી તો હું સુખી-એ નૈતિક સત્ય આજ અર્થશાસ્ત્રે પ્રત્યક્ષ કરી બતાવ્યું છે: અત્યારે ઔદ્યોગિક દેશોનો માલ અન્યત્ર ખપતો નથી તેનું કારણ ખરીદનારમાં ખરીદવાની શક્તિ રહી નથી. હિન્દુસ્થાન દેશ હુન્નર ઉદ્યોગને અભાવે, અને રાત દિવસ ચાલ્યા કરતા આર્થિક અપવાહને પરિણામે, એવો શુષ્ક થઇ ગયો છે કે એના શરીરમાં આર્થિક બળ જ્યાંસુધી ન આવે ત્યાં સુધી એની સાથે વ્હેપાર કરનાર ઇગ્લંડનું પણ શ્રેય નથી. આમ હોઇ, હિન્દુસ્થાનના સ્વદેશી વ્રતથી વિદેશી વ્હેપારીઓને તાત્કાલિક નુકશાન છે, પણ આયંદે એથી જ એને લાભ છે

સ્વદેશી વ્રત—અર્થાત્ મ્હારે મ્હારા દેશનો જ માલ ખરીદવો એ સિદ્ધાન્ત સ્હામે જૂના અર્થશાસ્ત્રીઓનો એ વાંધો છે કે એથી દેશના કારખાનાંવાળાઓ સુસ્ત થઇ જાય છે, સુધારો કરતા અટકી જાય છે, અને પ્રજાના સ્વાર્થત્યાગનો લાભ લઇ ધનિકલોક સમૃદ્ધ બને છે, આ વાંધો ધ્યાનમાં લેવા જેવો છે,. પણ એની સ્હામે સ્મરણમાં રાખવાનું છે કે એક તરફ ધંધો કુશળતામાં પ્રગતિ કરતો નથી તો તે સ્હામે બીજી તરફ ધંધો જીવતો રહેવો બલ્કે જન્મવો પણ અશક્ય થઇ પડે છે. એમાં વધારે અનિષ્ટ શું? બીજો પક્ષ જ વધારે ઘાતક. પરંતુ વસ્તુતઃ દેશમાં ને દેશમાં હરીફાઇનો અવકાશ થોડો નથી, જે કારખાનાંવાળાઓને જાગૃત અને પ્રગતિપરાયણ રાખવા માટે બસ છે. બીજો વાંધો એ ઉઠે છે કે બે સ્વદેશી ધંધાઓ હોય તેમાં ધારો કે એક ધંધાવાળાનું (ઉદા૦ કારખાનાંવાળાઓનું) હિત અમુક પદાર્થ ( ઉદા૦ રૂ, કોલસા વગેરે) સોંઘો મળે એમાં રહેલું છે; અને બીજા ધંધાવાળાનું (કોલસાની ખાણવાળાનું અને કપાસ વાવનાર ખેડૂતનું) એના માલનાં નાણાં સારાં ઊપજે એમાં રહેલું છે. બન્ને સ્વદેશી છે. કાપડના કારખાનાંવાળાએ સોંઘું પરદેશી રૂ અને પરદેશી કોલસો વાપરવો કે કોલસા અને રૂના વ્હેપારીએ નીચે ભાવે ખોટ ખાવી અથવા પરદેશ નિકાસ કરવાથી નફો થતો હોય તે જતો કરવો? આ કાલ્પનિક કહોયડો નથી: પણ વસ્તુતઃ આપણા બજારમાં અનેક વખત ઉત્પન્ન થતો પ્રસંગ છે. એનો ઉત્તર, બન્ને પક્ષમાં ખરી સ્વદેશભક્તિ હોય, અને કોણે વિશેષ ભોગ આપવો જોઇએ એવી સમઝણ હોય, તો એની મેળે વ્યવહારૂ રીતે Common sense થી થઇ જાય છે આવી મુશીબત Protection યાને આર્થિક સંરક્ષણની નીતિને અંગે, એ નીતિ ધરાવનાર સર્વ દેશોમાં—હવે તો Freetrade યાને અપ્રતિબદ્ધ વ્યવહાર માટે આગ્રહી ઇંગ્લંડમાં પણ—આવે છે, અને એના વ્યવહારૂ માર્ગ એની મેળે, રાજ્યતન્ત્રીઓની અને વ્હેપારી વર્ગની સમજુતથી, નીકળે છે. કોન્ગ્રેસ જેવું કાયદાની મદદ વિનાનું મંડળ પણ હાથવણાટની ખાદી અને

મિલના કાપડ વચ્ચે હરિફાઇનો પ્રસંગ ન આવે એવી સમજુતીની યોજના કરી શકયું છે, તો દેશના કાયદા ઘડવાની દેશભક્તોને સત્તા હોય તો સર્વ પક્ષ વચ્ચે યોગ્ય સમજૂતિ એ કેમ ન કરી શકે? હજી એક ત્રીજો વાંધો સંભવે છેઃ સહુ સ્વદેશી માલ ખરીદ કરે, અને પરદેશથી માલ આવતો બંધ થઇ જાય તો પછી હિન્દુસ્થાનનો માલ પણ પણ પરદેશ શી રીતે જાય? આમ આયાત અને નિકાસ બંને બંધ થઈ જતાં હિન્દુસ્થાન વેપારની બાબતમાં પૃથ્વીના બીજા બધા દેશોથી અલગ પડી જાય! એ સ્થિતિ ઇષ્ટ ખરી? આનો ઉત્તર કે અલગ પડી જવાથી (isdolation) જે મુશ્કેલી ઇંગ્લંડને નડે તે હિન્દુસ્થાન જેવા વિશાળ દેશને—જ્યાં ખેતીથી માંડી વિવિધ જાતના ઉદ્યોગો જુદા જુદા પ્રાન્તમાં કેળવી શકાય તેને—ન નડે વિશેષ, આ વાંધામાં જેવી ભીતિ રાખવામાં આવે છે તેવી ભીતિ રાખવાને કારણ નથી. 'સ્વદેશી'નો અર્થ એવો નથી કે પરદેશી એક પણ વસ્તુ આ દેશમાં આવે નહિ. પણ જે વસ્તુઓ હિન્દુસ્થાનમાં બની શકવા માટે અનુકૂળતા છે છતાં આપણાં અજ્ઞાનને લીધે આપણે બનાવતા નથી બલ્કે કાચો માલ બહુ સોંઘે ભાવે પરદેશમાં કાઢી નાંખી બહુ મોંઘે ભાવે એનો પાકો માલ ખરીદીએ છીએ; એ અસ્વાભાવિક સ્થિતિ બંધ થવી જોઇએ: એજ સ્વદેશી હિલચાલનો ઉદ્દેશ છે. આવી સ્થિતિમાં Protection નહિ, પણ Free trade જ અસ્વાભાવિક છે, હિન્દુસ્થાન મ્હોટો દેશ છે, તો પણ કોઇપણ વસ્તુ એણે પરદેશથી મંગાવવાનીજ ન હોય એમ બની શકે નહિ. એટલે પરદેશી માલની હિન્દુસ્થાનમાં આયાત થતી બંધ થાય તો હિન્દુસ્થાનનું અનાજ પરદેશ જતુ બંધ થાય, અને આ ખેતીના દેશમાં ખેડૂતોની મ્હોટી વસ્તી પાયમાલ થઇ જાય એમ ભય દેખાડવામાં આવે છે. એ ખોટો છે. વસ્તુતઃ ખેતી દેશને જોઉતું અન્ન પુરૂં પાડે, અને એક ઔદ્યોગિક કલારૂપે એ એવી કેળવાય કે એની પેદાશને પરદેશ ચઢાવવાનો અવકાશ રહે, તો એને ખુશાથી પરદેશ ચઢાવીશું અને એ ચઢાવવાના બદલામાં હિન્દુસ્થાન ખુશીથી એવી ચીજો પરદેશથી આયાત કરશે કે જે એના ઉદ્યોગ ખીલવવામાં સહાયતા કરે. જેઓ આપણી સ્વદેશી પ્રવૃત્તિને એક આંધળો આગ્રહ સમજે છે તે એને ખરેખર અન્યાય કરે છે.

('વસંત' ચૈત્ર માસના અંકમાંથી ઉધ્ધૃત.)

(અપૂર્ણ.)

---

( અનુસંધાન પૃ. ૧૧૩ ઉપરથી. )

સમાધાન કરવામાં આવતું હતું, અને એક ગણની બે શાખા યા બે કુલોની વચમાં કંઇ વ્યવહાર મુકર્દમો ઉભો થતો તો તેનો ફેસલો ગણસ્થવિર કરતા હતા.

આવી રીતે બે ગણોની વચમાં વ્યવહાર ઉપસ્થિત થતાં કોઈ ત્રીજા ગણસ્થવિરના દ્વારા તેનો નિકાલ કરાવવામાં આવતો હતો, પરંતુ મધ્યસ્થ ગણસ્થવિર જો મધ્યસ્થતા ખોઈ નાંખી કોઇ એક પક્ષની તરફ વળી જતા તો ન્યાયાર્થી, 'સંઘસમવાય' કરવાને વાસ્તે 'સંઘપ્રધાન'ને અરજ કરતા અને 'સંઘપ્રધાન' સંઘસમવાય સંબંધી ઉદ્ઘોષણા કરતા. આવી સંઘ-સમવાય થવા સંબંધી ઉદ્ઘોષણા સાંભળીને સર્વ સંઘ પ્રતિનિધિ નિયત એટલે ઠેરવેલા સ્થાન અને સમય પર જતા અને સંઘસ્થવિર પણ ત્યાં જતા. અને ઉપસ્થિત વ્યવહારની સુનાવણીમાં મંડયા રહેતા. પહેલાં તે, સભામાં બેસીને સુનાવણીમાં મંડયા રહેતા. પહેલાં તે, સભામાં બેસીને મધ્યસ્થ ગણસ્થવિરની કાર્યવાહી સાંભળતા જ્યાં મધ્યસ્થ સ્થવિર પક્ષપાતથી શાસ્ત્ર વિરૂદ્ધ ભાષણ કરતા, ત્યાં તેને તે સંઘસ્થવિર ટોકતા. જો લવાદ સ્થવિર પોતાની ભુલને કબૂલ કરી લેતા તો તો તેને માફી આપવામાં આવતી હતી. પરંતુ જો તે પોતાનો આગ્રહ છોડતા નહિ અથવા તે એવો અપરાધ કરતા કે જે ક્ષમાને લાયક નહિ હોય તો તેની દિશા કાપી નાંખવામાં આવતી અને ઉપસ્થિત વ્યવહારનો ફેંસલો સંઘસ્થવિર આપતા હતા કે જે ફેંસલો સર્વસંઘને મંજૂર કરવો પડતો હતો.

જો વ્યવહાર-છેદનને માટે એકત્ર મળેલા સંઘસમવાયમાં કારણવશાત્ પ્રતિવાદી હાજર ન થતો તો તેને સંઘ તરફથી બોલવવા કોઇને મોકલતા. પહેલી અને બીજી વખત બોલાવવાથી તે આવી હાજર થતો તો તો ઠીક, નહિ તો ત્રીજી વખત ગણાવચ્છેદ તેને બોલાવવા માટે જતા.

પ્રતિવાદી પાસે ગયા છતાં જો ગણાવચ્છેદકને એમ સમજાતું કે પ્રતિવાદી બીકનો માર્યો આવતો નથી તો તેને તે સમજાવતા કે 'આર્ય! સંઘ પારિણામિક બુદ્ધિના ધણી છે. તેને કોઇના પર રાગ નથી તેમ દ્વેષ નથી. ઝઘડાનું મુળ સ્વરૂપ સમજ્યા પછી વિવાદાસ્પદ વસ્તુ પર કોનો હક છે તે સંઘ પોતાના નિર્ણયમાં બતાવશે'

જો પ્રતિવાદી ઉદ્ધતાઇ અથવા શઠપણાના કારણે સંઘ-સંમેલનમાં આવવા ઇન્કાર કરતો તો તેને સંઘથી બહાર કરી દેવામાં આવતો હતે, પરંતુ પ્રતિવાદી જો પોતાની ભૂલ અથવા શઠતાને બદલે પશ્ચાત્તાપ પ્રકટ કરવા સાથે સંઘની માફી માંગતો માંગતો આજીજી કરતો, તો ફરીવાર સંઘ તેને માફ કરી સંઘમાં દાખલ કરી દેવામાં આવતો, અને ત્યારે તે પ્રતિવાદી સંઘને કહેતો કે 'સંઘ સર્વ પ્રાણીઓના વિશ્વાસ સ્થાન છે. ભય-ભીતિને માટે સંઘજ આશ્વાસન દેનાર છે. સંઘ માતા પિતા તુલ્ય હોવાથી કોઇના પર વિષમતા કરતો નથી. સંઘ સર્વ ઉપર સમદૃષ્ટિ રાખનાર છે. સંઘને માટે પોતાનું કે પારકુ એવી કોઇ ચીજ નથી. સંઘ કોઇનો પક્ષપાત કરતો નથી!

આ પ્રકારે સંઘના ન્યાય અને તટસ્થતા પર પ્રતિવાદીની શ્રદ્ધા પ્રકટ થતાં સંઘ તે ઝઘડાનો ફેંસલો આપતો.

સંઘનો ફેંસલો આખરી રહેતો હતો. તેની કયાંય પણ અપીલ થઇ શકતી નહોતી.

### ઉપસંહાર.

શ્રમણ સંઘની શાસન પદ્ધતિનો ઇતિહાસ બહુ લાંબો છે. છે. તેનું સંપૂર્ણ નિરૂપણ એક લેખમાં શું, એક ગ્રંથમાં પણ કરવું અશકય છે, તો પણ તેની મૌલિક વાતોનું દિગ્દર્શન અમે આ લેખમાં કરાવ્યું છે. પાઠક ગણ જોઇ શકશે કે આપણા પ્રાચીન શ્રમણ સંઘની શાસન-વ્યવસ્થાનો ઇતિહાસ કેટલો મનોરંજક અને અનુકરણીય છે. આશા છે કે આપણો આધુનિક શ્રી શ્રમણસંઘ પોતાના પુર્વાચાર્યોની આ વ્યવસ્થિત શાસન પદ્ધતિનું અનુસરણ કરીને પોતાની વર્ત્તમાન શાસન પ્રણાલીને વ્યવસ્થિત બનાવશે. [અનુવાદ કરનાર]

—મોહનલાલ દ. દેશાઇ.

# સંવિજ્ઞ સાધુ સાધ્વી યોગ્ય નિયમો.

(સંપાદક:—શા. ચોકસી.)

(ગતાંક પૃષ્ઠ ૧૦૮ થી ચાલૂ.)

ભટ્ટારક શ્રી જગચ્ચંદ્ર સુરિ, ભટ્ટારક શ્રી સોમ સુંદર સુરિ, ભટ્ટારક શ્રી મુનિ સુંદર સુરિ, ભટ્ટારક શ્રી હીરવિજય સુરિ, ભટ્ટારક શ્રી વિજયસેન સુરિ, ભટ્ટારક શ્રી વિજયદેવ સુરિ, તત્પટ્ટાલંકારહાર આચાર્ય, શ્રી વિજયસિંહ સુરિ, પ્રખ્યિત પટ્ટકાનુસારેણ આચાર્ય શ્રી વિજયસિંહ સુરિ, પ્રમાદીકૃત જલ્પાનુસારેણાચાર્ય સવિજ્ઞ ગીતાર્થ સંભુત ધર્માર્થી સંવિજ્ઞ યતિના શુદ્ધમાર્ગ પક્ષકૃત મધ્યસ્થ સુવિહિતાચાર પાલનાય મર્યાદા પટ્ટકો લિખ્યતે. સંવત ૧૭૧૧ ના માઘસીત ત્રયોદશીના લેખને અનુસારે

૧ સંવિજ્ઞ ગીતાર્થની નિશ્રાયેજ સહુને વિહાર કરવો.

૨ ગીતાર્થને પૃછ્યા વિના કોઇએ નવી પ્રરૂપણા કરવી નહિ.

૩ યથા શક્તિ ભણવા ભણાવવા. લખવા લખાવવા. અર્થ ધારવા ધરાવવાનો ઉદ્યમ કરવો. જ્ઞાનાચારમાં શક્ત ગોપવવી નહિ.

૪ જોગ વહ્યા વિના કોઇએ સિદ્ધાંત વાંચવા નહિ.

૫ દિન પ્રત્યે મુલગે ભાગે (મુખ્ય વૃત્તિએ) ૨૫૦૦ ગાથા વા શ્લોક ગણવાં. જઘન્ય પદે ઉષ્ણકાંડે ૩૦૦, વર્ષાકાંડે ૫૦૦. શીતકાંડે ૮૦૦ ગણવા

૬ દિન પ્રત્યે છતી જોગવાઇએ દહેરે જવુ ને દેવ જુહારવા.

૭ દિન પ્રત્યે આઠ થુઇએ ત્રિકાળ દેવ વાંદવા. જઘન્યપદે એકવાર દેવ વાંદવા.

૮ વહોરવા જતાં, સ્થંડિલ જતાં, માર્ગે સર્વથા ન બોલવું કદાચ બોલવું પડે તો એક પાસે ઉભા રહી બોલવું.

૯ પ્રતિદિન યથાપર્યાય સાધુને વાંદવા.

૧૦ વસ્તી મધ્યે અણપુંજે ન હીંડવું.

૧૧ ઉઘાડે મુખે બોલવું નહિ ક્રિયા કરતાં કે આહાર લેતાં બોલવું નહિ.

૧૨ વાણીઆ બ્રાહ્મણને ઘેરથી વહોરવું પણ જ્યાં દુર્ગચ્છા થાય ત્યાંથી સર્વથા ન વહોરવું.

૧૩ એકલી ગોચરી કારણ વિના કરવી નહિ.

૧૪ બીજાં પાણી લાભે કુંડાનું ધોણ-જરવાણી ન વહોરવું.

૧૫ એષણા શુદ્ધિ યથા શક્તિએ કરવી અસંયમપણું ન કરવું.

૧૬ ઉપધિ પ્રમુખ પુંજી પડિલેહી લેવા મુકવાં ઉપગરણ પાત્ર ઉભય ટંક પડિલેહવાં.

૧૭ વર્ષાકાંડે[૧] વસતી ત્રણવાર પુંજવી કાંબલ રાખવી.

૧૮ અવિધે વહોરી આહાર પરઠવાય તો બીજે દિને આયંબિલ કરે. ઘણી અજયણાવાળી વસ્તુ પરઠવાય તો ૧૧ દિન ત્યાંથી આહાર ન લે. ગોચરી પડિકમવી

૧૯ તળીયા ઉપરાંત પગ કોઇએ ન ધોવા.

૨૦ વર્ષ પ્રત્યે ઘણી જયણાએ ધોણી કરવી. ખાર વિના.[૨] અકાળોપધિ ધોવાને કારણે કલ્પ સખ્યાએ નીચીનીચી નિવિ કરવી.

૧ પડિલેહણ કરેલી દરેક વસ્તુ કાંબળી પર મૂકવી

૨ અવાજ વિના ધોવું.

# રૂ. ૭૫ કરોડની સોનાની નીકાશ.

## ગયાં અઠવાડીએ થયેલી વધુ મોટી નીકાશ.

## અમેરીકા ખાતે પુષ્કળ નાણું શા માટે મોકલાય છે?

ગયા અઠવાડયાં દરમ્યાન મુંબઈ ખાતેથી રૂ ૧૪૬૭૦૧૮૬ ની કીંમતના સોનાની નીકાશ થઇ હતી. જે આગલાં અઠવાડયાંની નીકાશ સાથે સરખાવતાં આશરે સો ટકા જેટલી વધારે હતી.

સ્ટીમર "રજપુતાના" મારફતે લન્ડન માટે રૂ. ૯૯૭૭૭૪૧ ની કીંમતની સોનાની લગડીઓ, રૂ. ૩૭૮૩૯૪ ની કીંમતના સોવરીન અને રૂ. ૧૮૪૦૦ ની કીંમતના રૂબલ નીકાશ થયા હતા, જ્યારે એમ્સ્ટરડેમ ખાતે રૂ ૧૬૮૯૪૬૯ ની કીંમતની સોનાની લગડીઓ અને રૂ. ૧૨૩૬૫૪ ની કીંમતના સોવરીન નીકાશ થયાં હતાં.

સ્ટીમર "પ્રેસીડન્ટ એડમ્સ" મારફતે ન્યુયોર્ક ખાતે રૂ. ૯૩૧૭૨૬ ની કીંમતની સોનાની લગડીઓ મોકલવામાં આવી હતી.

પલીમાઉથ ખાતે જવાને ઉપડેલી સ્ટીમર "સીટી ઓફ ઇસ્ટબોરન" મારફતે રૂ. ૧૫૯૦૮૦૨ ની કીંમતનું સોનું ચડાવવામાં આવ્યું છે.

ગ્રેટ બ્રીટને સોનાનું ધોરણ બંધ કર્યા પછી અત્યાર સુધીમાં મુંબઇથી કુલ્લે રૂ. ૭૫૭૬૬૬૭૧૧ ની કીંમતનું સોનું નીકાશ થયું છે.

સ્ટરલીંગના ભાવમાં ઘટાડો થવાથી સોનાની કીંમત વધવાથી આ વેળા ખાસ વધુ નીકાશ થવા પામી છે.

ડોલર ક્રોસ રેટ ૩.૫૦॥ રહ્યો છે.

એમ કહેવાય છે કે નાણું રોકનારાઓ ન્યુયોર્ક ખાતે જામીનગીરીઓ ખરીદે છે અને અમેરીકા ખાતે નાણાંની મોટી રકમો મોકલવામાં આવે છે. બ્રીટીશ સરકાર તરફથી સ્ટરલીંગને ટેકો આપવામાં આવે એવાં કશાં ચીન્હો જણાતાં નથી.

---

૨૧ જે વાતે દાનાદિકનો નિષેધ થાય, પરને અપ્રીતિ ઉપજે, ન મળે પરનિંદા થાય તેવું વચન ન બોલવું.

૨૨ વડાને દેખાડયા વિના આહાર ન લેવો.

૨૩ શય્યાતર પૂછીને વહોરવા જવું.

૨૪ એકલી સ્ત્રી સાથે એકલા આલાપ-સંલાપ ન કરવો.

૨૫ વસ્ત્ર પાત્ર આગેપાછે બાંધી ન મુકવાં. વાટે સુખે નિર્વહે, એટંક પડિલેહાય પલિમંથન થાય તેહવુંજ (તેટલુંજ) રાખવુ.

૨૬ યાત્રાદિકને કાજે સાધુ સાધ્વી સારૂ ઉપગરણ મૂકી જાય તો માસ એત્રણ મધ્યે ચિંતા કરવી પછી ચિંતા ન થાય તો જે સારૂં મુકયું હોય તે પહેરે. નોટ-પછી મૂકનારનો હક નહીં.

૨૭ પુસ્તક ગૃહસ્થને ઘેર થાપીને ન મુકવું. જ્ઞાનાદિકની વૃદ્ધિને અર્થે રાખવું પણ મૂર્છાએ ન રાખવું.

૨૮ કારણ વિના માટીનું ભાજન ન રાખવું.

૨૯ દિવસમાં બે ઘડી પહેલાં ને બે ઘડી પાછલી આહારપાણી આશરે સાચવવી વિશેષ કારણે સુર્યોદય અસ્તવેળા જોવી.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:- હિંદસંઘ 'HINDSANGHA'

Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું.

તા. ૧૫ મી આગષ્ટ ૧૯૩૨.

અંક ૧૬ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઇ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.

„ મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર

„ હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ.

„ ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.

„ જમનાદાસ અમરચંદ ગાંધી

„ મોહનલાલ દીપચંદ ચોકસી

— સુચનાઓ —

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.

ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ.

૨૦, પાયધુની-મુંબઇ ૩.

## કાર્યવાહી સમિતિની બેઠક.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક બેઠક સોમવાર તા. ૧૫-૮-૩૨ ના દિને પરિષદ્-કાર્યાલયમાં મલી હતી. સભાનું પ્રમુખસ્થાન શ્રી કુંવરજી આણંદજીએ (ભાવનગર) લીધું હતું. મજકુર સભામાં કેટલુંક કારોબારી કામ થયા પછી સંસ્થાના આર્થિક સંજોગો તેમજ આવતુ અધિવેશન મેળવવા સંબંધે કેટલોક વિચાર કરવામાં આવ્યો હતો.

જૈન યુગ માટે નિમાયેલ મંડળમાં શ્રી જમનાદાસ અમરચંદ ગાંધી તથા શ્રી મોહનલાલ દીપચંદ ચોકસીની નિમણુંકો કરવામાં આવી હતી.

### શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ.

આ બોર્ડની મેનેજીંગ કમિટીની બેઠક તા. ૧૫-૮-૩૨ ના દિને મલી હતી, જે વખતે શેઠ સારાભાઇ મગનભાઇ મોદીનો તા. ૧૧-૩-૩૨ નો પત્ર બાળ ધોરણો માટે ઠરાવેલ ઉમર ઉપરના વિદ્યાર્થીઓને પરીક્ષા આપવાની છુટ આપવા બાબત તથા પાસ થયેથી તેઓને પ્રમાણપત્રો આપવા બાબતની સૂચનાવાળો પત્ર રજુ થતાં મજકુર સૂચનાઓ સ્વીકારવામાં આવી.

૨. કાર્યક્રમ ઉપરની બીજી વિગતો આવતી બેઠક ઉપર મુલતવી રાખવામાં આવી.

જૈન કો-ઑપરેટીવ બેંકની યોજના માટે નિમાયેલ કમિટીની વખતો વખત મળેલી બેઠકમાં થયેલ નિર્ણયો અન્વયે ડ્રાફ્ટ સ્કીમ તૈયાર થઇ ચુકી છે અને ઑલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટીની છેલ્લી બેઠક વેળાયે નિમાએલ સભ્યો પૈકી રાય સાહેબ ગિરધરલાલ દ. મ્હેતાએ મજકુર યોજના તપાસી છે. આ યોજના નિમાયેલ કમિટીના સભ્યો સમક્ષ વિચાર માટે મૂકવામાં આવનાર છે.

જૈન યુગ.
તા. ૧૫-૮-૩૨. સોમવાર.

# કૉન્ફરન્સ જીવંત છે.

સાચને આંચ આવતી નથી એ સૂત્ર ત્રિકાળાબાધિત જ છે. એકવાર રોષના આવેગમાં ભભુકી ઉઠી કૉન્ફરન્સનું તેરમું પોકારનારા અને એની કબર ખોદવાનો દાવો કરનારાઓને ટુંક સમય પૂર્વે વડોદરા મુકામે સ્વમુખે કબુલવું પડયું છે કે 'કૉન્ફરન્સ જીવંત છે' અને 'અમો તેની સાથે દિક્ષા સંબધી પ્રશ્નનો તોડ આણવા તૈયાર છીએ.' હું તો આ ઉપરથી માત્ર એટલુજ સુચવવા માગું છું કે આપણા એ ભાનભુલા બંધુઓ વારેક વારે આપણી આ મહાસભા સામે ગમે તેટલા પ્રલાપો કર્યા જાય છતાં જૈન સમાજમાં એનું સ્થાન અને પ્રતિભા અનોખા છે અને તે ભવિષ્યમાં પણ રહેવાના. કૉન્ફરન્સ એ કોઇ બહારનો પદાર્થ નથી કે જેથી એની નશ્વરતામાં શ્રદ્ધા બેસાડી શકાય. પ્રત્યેક જૈનના હૃદયમાં કોઇને કોઇ રૂપે એનું અસ્તિત્વ છે જ અને જ્યાં સુધી એવો એક પણ જૈન હૈયાતી ભોગવતો હશે ત્યાં સુધી એ તત્વની અસ્તિતા સ્વિકારવી જ રહી.

આપણે તો માત્ર એ મહાસભાને દેશકાળાનુસાર ગતિમાન કરનારા તેના સેવકો જ છીએ. આપણી ફરજ અદા કરવામાં જો જરાપણ આળસ ન કરીએ તો આજે પણ એના ભૂતકાળ કરતાં વર્તમાનને વધુ યશસ્વી બનાવી શકાય. જરૂર એ અર્થે ભેખ લેનારની અને એ માટે પ્રાણ પાથરનારાની છે. કદાચ આપણી ચક્ષુઓની સામે પથરાયેલું વાતાવરણ જોતાં ઘડીભર એમ લાગે કે આ અભિલાષા આકાશ કુસુમવત્ અસંભવિત છે, તો પણ તેથી સાચા સેવકને ગભરામણ નજ સંભવે. એનું કાર્ય સરિતાના પ્રવાહસમ હળવું હળવું પણ વહન થતું જ રહે. વર્ષાઋતુમાં એકાદવાર પણ એમાં અનિયંત્રિત વેગ આવશે એ આશા તંતુને ક્ષણ માત્ર પણ ન વીસરાય. તેથી તો અનુભવીઓએ 'આશા' માંજ જીવન દર્શાવ્યું છે. વિચારતાં આ વાત સમજાય તેવી છે. ધીમો પણ પ્રવાહ હશે તોજ વેગનો પ્રાદુર્ભાવ થવાનો. આછું પાતળું પણ કાર્ય ચાલુ હશે તો કોઇ એને વિદ્યુત્ ગતિ આપવાનો અખતરો કરનાર જન્મવાનો. ઓછી જ કંઇ ભેખધારીઓની વખારો ભરી હોય છે કે જ્યાંથી ખપ પડયે ઝટ ઉપાડી મંગાવાય.' કાર્યનો રસ અને એમાં અંતરની ઉલટજ પ્રાણ કુરબાન કરવાની શક્તિ જન્માવે છે. એનો પ્રારંભ તો સામાન્ય રીતેજ અને કેટલાક કાળ પૂર્વે ઉદ્ભવી ચુકેલો હોય છે આપણી નજરે ચઢે છે, ત્યારે તો તેનું રૂપ સ્થૂળતાને ધારણ કરી રહ્યું હોય છે. આપણી મહાસભા માટે પણ એજ વિધિવાદ સમજી લેવો. જો રાષ્ટ્રિય મહાસભા માટે એક મહાન્ તિલકનો અસ્ત થતાં પૂર્વે તો એકાદ સંત ગાંધીજીનું આવાગમન થઈ ચુકયું હોય અને એની હાકલ પડતાંજ જુના સ્થાને નવા તારાઓ પ્રકાશી ઉઠતાં હોય તો, જૈનોની મહાસભા માટે તરણી ભલે દૂર રહો છતાં એકાદો એવો તારો પણ વિધિ ન પ્રગટાવે? એ વાત મનાયજ કેમ? એ તો જનવાયકા છે કે 'ચોરાનો નાયક જાય છતાં ચોરો ખાલી નજ રહે' અવશ્ય કોઇ બીજો નાયક ઉપસ્થિત થાયજ. શાસારૂ આપણે પણ એ આશા દીપકના અજવાળે યથાશક્તિ ડગ ભર્યા ન જઇએ! વિધિના વિધાનમાં નાહક હાથ નાંખવાનું પ્રયોજન પણ શું? **उद्योगेन हि सिध्यन्ति कार्याणि** એ સુત્રનું અવલંબન આપણે સારૂ પૂરતું છે.

એટલે આપણે માટે કૉન્ફરન્સ સદાને માટે જીવંત છે અને રહેવાની છે. માત્ર વિચારવાનું એટલુંજ છે કે દેશની પરિસ્થિતિ પલટાતાં આપણે બારડોલીના કે સુરતના આંગણે એકત્ર મલીએ ત્યારે એને ઝોક કેવા પ્રકારનો આપવો? ભાવિ કાર્યક્રમ કેવો ઘડવો કે જેથી પુનઃ વર્ષભરમાં એનું પાલન કરી, સરવાયું નજર સામે રાખી નવી દિશા દોરી શકાય.

મહાસભાનો ભૂતકાળ અવશ્ય ગૌરવશાળી છે, છતાં સુપુત્રોને એના પર રાચવાનું હોય? ભલે ઇતિહાસકારો એ પરથી કંઇ કંઈ રેખાંકનો આંકે બાકી સુસંગનો તો એમાંથી માત્ર અનુભવ રૂપી પ્રેરણાઓ અને પુનઃ સ્ખલનાઓ ન પ્રાપ્ત થાય એ માટેના બોધપાઠો જ ગ્રહી શકે.

કયો એવો ભારત વર્ષનો ખુણો ખાલી છે કે જ્યાં એના સંદેશાઓ ન પહોંચ્યા હોય! ગુજરાત ભરના જેટલાએ કેળવણી વૃદ્ધિ માટેના ખાતાઓ છે-પછી ચાહે તો ગુરૂકુળ હોય કે વિદ્યાલયો હોય, ચાહે તો તે બોર્ડીંગો હોય કે છાત્રાલયો હોય—તે દરેકના મૂળમાં આ મહાસભાના છાંટણા તો અવશ્ય હોવાના જ.

આ તેજ મહાસભા છે કે જેના માચડેથી જૈન સમાજના આગેવાનો જેવા કે શેઠ લાલભાઈ દલપતભાઇ, શેઠ મનસુખભાઇ ભગુભાઇ, બાબુસાહેબ બદ્રીદાસજી, શેઠ ખેતસી ખીયસી, શેઠ ફકીરચંદ પ્રેમચંદ આદિ-એ જીર્ણોદ્ધાર-તીર્થ રક્ષા-કેળવણી સામાજીક સુધારણા અને સમાજ ઉન્નતિ માટેના પ્રવચનો ભુતકાળમાં આપેલાં છે. માત્ર સંદેશા આપી બેસી ન રહેતાં અમલી કાર્યોથી પોતાના હસ્તને અલંકૃત પણ કરેલાં છે. જે સંસ્થાનો ભૂતકાળ આવા આનંદ જનિત સ્મરણોથી ભરેલો છે તેનો વર્તમાન કાળ નિસ્તેજ હોઇ જ ના શકે. જો આટલો જ અનુભવ ગ્રહણ કરી કુચ કદમ કરવાના આરંભ થાય તોપણ વાંધો ન જ આવે.

આજની સુષુપ્તિ ખંખેરી નાંખવાનો નિર્ધાર જે પળે નિશ્ચિત કરી, આગળ એક પણ કદમ ભરશું એ ક્ષણ ભાવિ વિજયના પાયારૂપ હશે. માટે મહાસભાના પ્રત્યેક પૂજકે સ્વશક્તિના અર્ધ્ય એના ચરણે ધરવા કટિબધ્ધ થઇ જવું. આ આમંત્રણ વિચારક-કવિ-કે લેખકને જ છે એમ ન માનતાં ધનિક-સેવાભાવી અને પ્રજ્ઞાવંતોને પણ છે એમ સમજી લેવું. 'માતા કોરિયા ઘણું જીવો' એ હાકલ, જેમ કોરિયા વાસી આબાળ વૃધ્ધ દરેકની હતી તેમ 'માતા કૉન્ફરન્સ શાશ્વત રહો' એ ભાવના પ્રત્યેક નાના મોટા જૈનની હોય.

મારી દૃષ્ટિએ જે પ્રથમ સ્ફુરણા થાય છે તે એ કે આપણી આ મહાસભા અન્ય સંસ્થાઓની માફક પ્રતિવર્ષે કેમ ન ભરાય? અને શા કારણથી એના અધિવેશનો માત્ર ગુજરાતના મોટા શહેરો પુરતાંજ મર્યાદિત હોય! કિંવા કેમ એને મોટા ખર્ચાનો રાહુ ગળે વળગ્યો હોય? હવે પછી એ પરત્વે અવશ્ય વિચાર કરશું.

લે૦ ચોકસી.

# જૈન સમાજનો અત્યારનો અગત્યનો પ્રશ્ન.

છેલ્લા પાંચ વર્ષથી સાધુસમુદાયના અંતરકલહને પરિણામે જૈન સમુદાયમાં જે ખળભળાટ ઉઠયો છે તેનાં કડવાં ફળ એટલાં બધાં વધતાં જાય છે કે આ સ્થિતિ કયાં જઇને અટકશે તે કલ્પી શકાતું નથી.

કોન્ફરન્સને સુધારકપક્ષની પ્રતિનિધિ ગણવામાં આવે છે અને તેના ઉપર એવા હુમલા કરવામાં આવે છે કે તે દીક્ષાની વિરોધી છે અને દીક્ષા તદ્દન બંધજ થઇ જાય એવા ઉપાયો લે છે. ખરી સ્થિતિ તેથી ઉલટીજ છે. દીક્ષાનો વિરોધ હતોજ નહિ, છે પણ નહિ અને હોઇ શકે પણ નહિ. પરંતુ નસાડી ભગાડીને, ચોરી છુપીથી, માબાપની અથવા સ્ત્રીની પરવાનગી વગર, કસોટીએ ચઢાવ્યા વિના, તદ્દન સાત, આઠ, દશ, બાર કે પંદર વરસના છોકરાઓને જે દીક્ષા અપાય છે, તેનોજ વિરોધ કોન્ફરન્સ કરે છે અને કરશે. વડોદરાના નામદાર મહારાજા સાહેબે ઉપરની સ્થિતિ જોઇને પોતાના રાજ્યમાં એવા બનાવો બનતા અટકવા માટે જે ધારો ઘડવા ધાર્યો છે તે માટે નિમાયેલી કમીટીમાં રા. ગોવિંદભાઈ હાથીભાઈ દેશાઈ, રા. ધુરંધર તથા રા. કેહીમકર જેવા વયોવૃદ્ધ અનુભવી તથા આર્ય સંસ્કૃતિના ખરા જાણકાર અને રક્ષક નીમાયા છે. તેઓની ત્રિપુટી ઘણીજ બુદ્ધિશાળી છે. તેમની પાસે જુબાની આપવા માટે રા. કુંવરજી આણંદજીને આમંત્રણ થયું હતું, પરંતુ તબીયતને અંગે જઇ ન શકાવાથી તેમણે લેખીત જવાબ મોકલાવ્યો છે. તે એટલો મુદ્દાસર છે કે તે નીચે છાપવાની લાલચ રોકી શકાય તેમ નથી. કુંવરજીભાઇ આશરે ૭૦ વર્ષની ઉંમરના, આશરે ૫૫ વર્ષથી જાહેર અને ધર્મના કામમાંજ જીવન ગાળનારા, પુખ્ત વિચારના અને મારી દૃષ્ટિએ તો અદ્વિતીય પુરૂષ છે. તેમનું જીવન અનુભવવાનો પ્રસંગ હોય તેજ જાણી શકે કે તેઓ કેટલી ઉંચી કોટીના જીવ છે. તેમણે આપેલા જવાબનો ભાગ નીચે પ્રમાણે છેઃ—

"વડોદરા સ્ટેટ તરફથી નીમાયેલ ખાસ સમિતિ તરફથી મંજુર થઇ એ ધારો અમલમાં મુકાઓ કે નહીં, પરંતુ હાલમાં અપાતી દીક્ષાને અંગે કેટલીક બાબતની સ્પષ્ટતા કરવાની મને જરૂર લાગે છે.

આ નિવેદનમાં કેટલાક શબ્દો જૈનશાસ્ત્રની શૈલીના પારિભાષિક આવશે પરંતુ તેને બદલે બીજા શબ્દો તેવો ભાવ દર્શાવનારા ન મળવાથી તે વાપરવા પડયા છે, એટલું પ્રારંભમાં રોશન કરૂં છું.

૧ ઓછામાં ઓછી આઠ વર્ષની વયે દીક્ષા આપવા સંબંધી જે હકીકત જૈનશાસ્ત્રમાં કહેલી છે તેના અધિકારી કોણ? તે જાણવાની આવશ્યક્તા છે. જેણે પૂર્વભવે ચારિત્રનું સારી રીતે આરાધન કર્યું હોય પણ અમુક કર્મો ક્ષય કરવાના બાકી રહેવાથી દેવભવ કરીને મનુષ્યભવ લેવો પડે તેને લઘુવયમાં ચારિત્ર ઉદયમાં આવે. સર્વજ્ઞોએ પોતાના જ્ઞાનવડે વહેલામાં વહેલું ચારિત્ર અથવા છઠું સાતમું ગુણઠાણું કયારે ફરસે? તે જોતાં કોઈ જીવને કથંચિત્ આઠ વર્ષે તે ગુણસ્થાન ફરસેલ જોયું એટલે તેવી વ્યાખ્યા કરી, પરંતુ તેવી હકીકત કવચિત બને છે. તેવા પુણ્યશાળી જીવો ચોથા આરામાંજ પ્રાયે હોય છે. આ પાંચમા આરામાં કવચિતજ હોય છે. તેથી તે હકીકત હાલની પરિસ્થિતિને લાગુ થઇ શકે તેવી નથી.

૨ બીજી બાબત સગીર વયને લગતી છે. હું એટલી વિનંતિ કરૂં છું કે આપ લઘુવયના દીક્ષિત ૭ થી દશ બાર વર્ષ સુધીના પાંચ સાત સાધુની જુબાની લેવરાવશો-તેમને પૂછશો કે-દીક્ષા શું? દીક્ષા શી રીતે પાળી શકાય? દીક્ષા પાળી ન શકાય તો શું દોષ લાગે? દીક્ષામાં દોષ કઇ કઇ રીતે લાગે? કાયમ પાળવાના પાંચ મહાવ્રત કયા કયા? તેનું વાસ્તવિક સ્વરૂપ શું? આઠ પ્રવચન માતા કે જે પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિને નામે ઓળખાય છે, જેનો ઉપયોગ દિવસ-રાત્રિમાં પ્રતિક્ષણે કરવાનો છે તે તમે જાણો છો? એ માતા દુહવાય તો તેના પુત્ર (ચારિત્ર) નું શું થાય? ઇત્યાદિ પૂછવાથી આપ નામદારને માલુમ પડશે કે તેઓ કેટલા અજ્ઞાન છે? એવા અજ્ઞાનને દીક્ષા આપતી વખત જે 'કરેમિભંતે' ઉચ્ચરાવવામાં આવે છે અર્થાત્ જે પ્રતિજ્ઞા કરાવવામાં આવે છે તેના અર્થ આપ ખ્યાલમાં લેશો તો જણાશે કે-તે બાળકને સર્વ પ્રકારના અવદ્ય (પાપ)નો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરાવવામાં આવે છે. પાપો કેટલા પ્રકારના? ને કયા કયા? અને તેનો ત્યાગ શી રીતે થાય? તે ન સમજનાર બાળક તે પ્રતિજ્ઞાનો ક્ષણે ક્ષણે ભંગ કરે-પાપ બાંધે તેનો જવાબદાર કોણ? દીક્ષિત તો અજ્ઞાન છે, એને તો તેના ગુરૂએ આ વાત સમજાવી નથી, જો સમજાવવામાં આવે તો તે જતો રહે એવો તેમને ભય છે, તેથી તે શિષ્ય મોહવાળાને પોસાય તેમ નથી.

આપ નામદાર વિચારશો કે-આ કાંઇ એકડીઆનો કે પહેલી ચોપડીનો કલાસ નથી, આ તો ઉચ્ચ કોટિના શ્રાવકો કરતાં પણ શ્રેષ્ટ કોટિનો એટલે કે કોલેજનો કલાસ છે. તેમાં તદ્દન અભણ છોકરો દાખલ થઇ શકે? દાખલ કરી શકાય? દાખલ કરનાર સુજ્ઞ કે વિવેકી ગણાય? ખરો હિતશ્વી પણ ગણી શકાય?

ઝવેરાતના નામ પણ નહીં જાણનાર એવા મુગ્ધને ઝવેરી તરીકે થડે બેસાડવામાં આવે તે વેપાર કરી શકે? તેનું પરિણામ શું આવે? આ કાંઇ શાકભાજીનો વેપાર નથી કે ખોટ જશે તો પણ બે ચાર પૈસાની, આ તો ઝવેરાતનો વેપાર છે. એમાં લાખો ને ક્રોડો કમાવાના ને ખોવાના હોય છે. તે વેપાર કોણ કરી શકે? કેટલાક કહે છે કે-'દીક્ષા લીધા પછી સમજશે.' એ વાત આમાં ચાલી શકે તેમ નથી. કારણ કે પ્રારંભમાંજ તેની પાસે સર્વ સાવદ્યયોગના ત્યાગની પ્રતિજ્ઞા કરાવવામાં આવે છે. તેવા બાળકોને પાસે રાખી, ભણાવી, હુંશીયાર કરી, ચારિત્રનું સ્વરૂપ સમજાવી યોગ્ય ઉંમરે યોગ્ય જણાય તો દીક્ષા આપવામાં આવે તો પછી વાંધો લેવાનું કારણજ રહે નહીં.

શ્રી સર્વજ્ઞે શાસ્ત્રમાં ચારિત્ર (દીક્ષા)ને તરવારની ધારપર ચાલવા જેવું, હાથે સમુદ્ર તરવા જેવું, મેરૂ પર્વતનો ભાર ઉપાડવા જેવું બતાવ્યું છે તેનું શું કારણ? અગારા શિષ્યમોહી આચાર્યાદિકોએ તો તેને સહેલામાં સહેલું બનાવી દીધું છે અને વળી સોંઘામાં સોંઘું બનાવ્યું છે. અર્થાત્ એક પાઇ પણ બેસે નહીં અને આજે તિરસ્કાર કરનારા ક્ષણ પછી ખમાસમણ દઇને પગે લાગે. વળી ઘરે આવે તો સામું નહીં જોનારા આગ્રહ કરીને વહોરવા લઇ જાય. અલબત્ત આ બધી વાત

ચારિત્રના ગુણને અંગે ઘટે છે, પણ માત્ર વેશ બદલવાથી ઘટતી નથી.

૩ હવે દીક્ષા લેનારની યોગ્યતાના સંબંધમાં શ્રી પ્રવચન-સારોદ્ધારમાં ૧૦૭ મા દ્વારમાં ૧૮ પ્રકારના પુરૂષને અયોગ્ય કહ્યા છે. તે બધા પ્રકાર આપ નામદારે ધ્યાન આપવા લાયક છે, પરંતુ ખાસ ધ્યાન તો તેમાંના ૧૮ મા પ્રકાર તરફ ખેંચવામાં આવે છે. એ પ્રકાર 'શિષ્યનિષ્ફેટિકા' અર્થાત્ શિષ્યની ચોરીના નામનો છે. કોઈ પણ બાળકને ભગાડીને-સંતાડીને તેના માબાપથી છુપી રીતે, તેના માબાપને છેતરીને દીક્ષા આપવામાં આવે તે શિષ્યનિષ્ફેટિકા કહેવાય. તેવો શિષ્ય કરવાની શાસ્ત્રમાં મનાઇ છે. તેના કારણમાં તેના માબાપને દુઃખ ઉપજે, અનેક સંબંધીઓ કર્મબંધ કરે, તેથી એ પ્રમાણે ન કરવું, એમ તે ગાથામાં કહેલ છે.

આ હકીકતની પુષ્ટિમાં હું આપ નામદારને પંચસૂત્ર નામનો શ્રી હરિભદ્રસૂરિનો નાનો સરખો ગ્રંથ જોવા વિનંતિ કરૂં છું. એ ગ્રંથ ટીકા સાથે તેમજ ગુજરાતી ભાષાંતર સાથે છપાયેલ છે. તેનું બીજું સૂત્ર 'સાધુધર્મની પરિભાવના' નામનું છે અને ત્રીજું સૂત્ર 'પ્રવ્રજ્યા ગ્રહણ વિધિ' નામનું છે. એ બને સૂત્ર કેવા મનુષ્યને દીક્ષા આપવી યોગ્ય છે? અને કેવી રીતે દીક્ષા લેવા યોગ્ય છે? તે જાણવા માટે ખાસ ઉપયોગી છે. ત્રીજા સૂત્રના પ્રારંભમાં જે હકીકત માગધી ભાષામાં કહેલ છે, તેનો ભાવાર્થ એ છે કે-"સાધુધર્મને સારી રીતે સમજી લીધા પછી ઉપરોક્ત ગુણવાળો ભાવિત આત્મા કોઇને ઉપતાપ-દુઃખ-પીડા યા અસમાધિ ન થાય તેવી રીતે ઉક્ત ધર્મને અંગીકાર કરવા ઉજમાળ થાય. કેમકે કોઇને અશાંતિ કે અસમાધિ ઉપજાવવી એ તેમાં વિઘ્નરૂપ થાય છે. વળી એ ધર્મપ્રાપ્તિનો ઉપાય નથી, કેમકે અકુશલારંભ-પરોપતાપ હિતકારક નથી. કદાચ માતાપિતા કર્મયોગે પ્રતિબોધ પામ્યા ન હોય તો તેમને પ્રતિબોધવા-યોગ્ય રીતે સમજાવવા. (મહાસત્વશાળીના માતાપિતા તો પ્રાયે પ્રતિબોધ પામેલાજ હોય છે.) તેમને કહેવું કે-ઉભયલોક સુધરે એવું જીવિત પ્રશંસાપાત્ર લેખાય છે, સમુદાયે કરેલાં શુભ કાર્ય સમુદાયે ફળે છે-સફળ થાય છે." ઈત્યાદિ ઘણું વિસ્તારથી લખેલ છે કે જે માતાપિતાને સમજાવવામાં ઉપયોગી થાય તેમ છે, આ પ્રમાણેનો ઉલ્લેખ છતાં માબાપ તો કાંઈ લેખામાંજ નહીં, તેને સમજાવવાની કાંઇ જરૂરજ નહીં, એમ કહેવાનું શું કારણ?

આ સૂત્રમાંજ આગળ કહે છે કે-"કર્મયોગે માતાપિતાદિક પ્રતિબોધ ન પામે તો શક્તિ અનુસારે તેમના નિર્વાહ માટે આવકના નિર્દોષ સાધન કરી આપે, ખરેખર એ કૃતજ્ઞતા છે. અને આવી ભક્તિ લોકમાં શાસન ઉન્નતિના કારણરૂપ થાય છે. પછી (અનુકૂળતાએ) માતાપિતાની અનુમતિ પામી પોતે ચારિત્રધર્મને અંગીકાર કરે." આવી સ્પષ્ટ હકીકતનો તદ્દન અનાદર કરી ત્યારપછીની હકીકત ઉપર ભાર મૂકે છે, પણ પ્રથમ આ બાબત કેટલી વ્યવહારિક રીતે વિવેકવાળી ને આવશ્યકતાવાળી છે તેનો ખ્યાલ પણ કરવામાં આવતો નથી

આ સંબંધમાં શ્રી હરિભદ્રસૂરિ કૃત પંચાશક નામના ગ્રંથના બીજા દીક્ષા પંચાશકમાં ગાથા ૪ થી માં કહે છે કે-

"દીક્ષામાં રાગ, લોકવિરૂદ્ધનો ત્યાગ, અને સુંદર ગુરૂનો યોગ જેને હોય તેને અહીં ચારિત્ર વિષયમાં ઉચિત ગણ્યો છે." ૪

## જિન, નિર્ગ્રન્થ પ્રવચન અને ધર્મ.

१ नमो चउवीसाए तित्थगराणं उसभादिमहावीरपज्जवसाणाणं।

२ इणमेव निग्गंथं पावयणं सच्चं अणुत्तरं केवलियं पडिपुण्णं नेआउयं संसुध्धं सल्लगत्तणं सिध्धिमग्गं मुत्तिमग्गं निज्जाण मग्गं निव्वाणमग्गं अविहतहपविसंधिं सव्वदुक्खप्पहीणमग्गं, इत्थं ठिया जीवा सिज्झन्ति, बुज्झन्ति मुच्चन्ति परिनिव्वायन्ति सव्वदुक्खाणमंतं करेंति ।

३ तं धम्मं सद्दहामि पत्तियामि रोएमि फासेमि अणुपालेमि, तं धम्मं सद्दहंतो पत्तिअंतो रोयंतो फासंतो अणुपालंतो तस्स धम्मस्स अब्भुट्ठिओमि आराहणाए विरओमि विराहणाए असंजमं परिआणामि संजमं उवसंपज्जामि अबंभं परिआणामि बंभं उवसंपज्जामि अकप्पं परियाणामि कप्पं उवसंपज्जामि अण्णाणं परिआणामि नाणं उवसंपज्जामि अकिरियं परियाणामि किरियं उवसंपज्जामि मिच्छत्तं परियाणामि सम्मत्तं उवसंपज्जामि अबोहिं परियाणामि बोहिं उवसंपज्जामि अमग्गं परियाणामि मग्गं उवसंपज्जामि ॥

—आवश्यकसूत्र (सटीक) पृ० ३५०—१

૧ ઋષભથી માંડી મહાવીર સુધીના ચોવીસ તીર્થંકરોને નમસ્કાર.

૨ આજ (તીર્થંકરોનું પ્રણીત) નિર્ગ્રન્થ પ્રવચન (દ્વાદશાંગ) સત્ય, અનુત્તર-ઉત્તમ, કેવલ એટલે અદ્વિતીય પ્રતિપૂર્ણ, ન્યાયયુક્ત, સંશુદ્ધ, શલ્યછેદક, સિદ્ધિ અને મુક્તિના માર્ગ-

---

આની પછી તેજ ગ્રંથમાં ત્રણ ગાથામાં દીક્ષાપરનો રાગ, ત્રણ ગાથામાં લોકવિરૂદ્ધત્યાગ અને એક ગાથામાં સુંદર ગુરૂનો યોગ-તેની વ્યાખ્યા આપેલી છે તે વાચવાથી આ હકીકત ઉપર સારૂં અજવાળું પડે તેમ છે.

મેં આ નિવેદનમાં જૈનશાસ્ત્રોનાં નામો આપ્યાં છે પણ પાઠો આપ્યા નથી, તે આપની પાસે બીજી સાક્ષીઓ આવવાની છે તેમાં આવવાનો સંભવ માનીનેજ આપેલ નથી.

વળી અયોગ્ય અને બાળદીક્ષાના સંબંધમાં કેવા કેવા અઘટીત બનાવો બને છે તે સંબંધી હકીકત પણ બીજી સાક્ષીઓમાં આવવાનો સંભવ હોવાથી તે મેં આપેલ નથી.

આ ધારો અથવા કાયદો કે નિયમ રાજ્ય તરફથી થવાની જરૂર છે એવું કહેવાને હું ત્યાં સુધી તૈયાર નથી કે જો હજુ પણ અમારા પૂજ્યપુરૂષો આપ નામદારની સલાહ અનુસાર એ સંબંધમાં પોતાના સમુદાયને એકત્ર કરી યોગ્ય પ્રતિબંધકારક ઠરાવો કરે. અમારા સમુદાયની એકત્રતા, તેમાં થતા યોગ્ય ઠરાવ અને તેનો ચતુર્વિધ સંઘની સત્તાથી થતો અમલ જોવાને હું અંતઃકરણથી ઉત્સુક છું.

આટલું જણાવી આપ નામદારનો આભાર માની આ નિવેદન પૂર્ણ કરૂં છું.

સંવત ૧૯૮૮ અશાડ શુદિ ૧૧ ગુરૂવાર તા. ૧૪-૭-૩૨

સેવક,

કુંવરજી આણંદજી.

[પ્રેષકઃ-નરોત્તમ ભગવાનદાસ શાહ.]

રૂપ-મોક્ષસાધક, નિરૂપમ યાનના અને નિર્વાણના માર્ગરૂપ સકલ કર્મક્ષય જન્ય સુખ અને પરમ નિર્વૃત્તિના કારણ-રૂપ, અવિતથ એટલે સત્ય, અવિસંધિ એટલે અવ્યવચ્છિન્ન, સર્વ દુઃખના નિતાંત નાશ કરનાર માર્ગરૂપ-મોક્ષકારણરૂપ, તેમાં રહેલા જીવો સિઝે છે-સિદ્ધિ પ્રાપ્તિ કરે છે, બુઝે છે-બુદ્ધ એટલે કેવલી થાય છે, મૂકાય છે-ભવોપગ્રાહી કર્મથી મૂકાય છે, પરિનિર્વાણ પામે છે અને સર્વ દુઃખોનો અંત લાવે છે.

૩ તે (જિનોથી પ્રણીત નિર્ગ્રન્થ પ્રવચનમાં પ્રરૂપેલ) ધર્મને સદ્દહું છું. તેનું પ્રતિપાદન કરૂં છું, તેમાં રૂચિ કરૂં છું, તેનો સ્પર્શ કરૂં છું-સેવું છું, તેનું અનુપાલન કરૂં છું, પુનઃ પુનઃ પાલન કરૂં છું-તે ધર્મને સદ્દહતો. તેનું પ્રતિપાદન કરતો, તેમાં રૂચિ કરતો, તેને સ્પર્શતો તેનું અનુપાલન કરતો તે ધર્મની આરાધનામાં અભ્યુત્થિત-ઉપસ્થિત છું, તેની વિરાધનામાં વિરત-નિવૃત્ત છું. (એટલે) અસંયમને પરખું છું-ત્યાગું છું, સંયમનું પ્રતિપાદન કરૂં છું, અબ્રહ્મને ત્યાગું છું, બ્રહ્મચર્યનું પ્રતિપાદન કરૂં છું, અકલ્પ અકૃત્યને ત્યાગું છું ને કલ્પનું પ્રતિપાદન કરૂં છું. અજ્ઞાનને ત્યજું છું, જ્ઞાનનું પ્રતિપાદન કરૂં છું, અક્રિયા-નાસ્તિવાદને ત્યાગી ક્રિયા-સમ્યગ્વાદનું પ્રતિપાદન કરૂં છું, મિથ્યાત્વને ત્યાગી સમ્યક્ત્વનું, અબોધિ-મિથ્યાત્વકાર્યને ત્યાગી બોધિનું અને અમાર્ગ-મિથ્યાત્વાદિ અમાર્ગને ત્યાગી માર્ગ એટલે સમ્યગ્દર્શ-નાદિનું પ્રતિપાદન કરૂં છું.'

આમ બોલી 'તેમાં પ્રત્યેક દિને જે અતિચાર થયા હોય તેનું દરેક શ્રમણ કે જે સંયત, નિવૃત્ત, પાપકર્મને પ્રત્યાખ્યાનથી જેણે હણ્યા છે એવો, નિદાન રહિત, દૃષ્ટિસંપન્ન-સમ્યગ્દર્શન યુક્ત, માયામૃષાથી વિવર્જક હોય છે તે પ્રતિક્રમણ કરે છે.'

આમાં શ્રમણ કેવો હોય તે બતાવ્યું છે અને તેની જિનમાં, તેમના નિર્ગ્રન્થ પ્રવચનમાં, અને તેમાં કહેલા ધર્મમાં અચલિત શ્રદ્ધા, હોય છે અને તે ધર્મમાં રૂચિ રાખી તેને પ્રતિપાદે છે-સેવે છે અને પુનઃ પુનઃ પાળ્યાં કરે છે. એવા શ્રમણોને ધન્યવાદ છે. આપણે શ્રમણોપાસકો તેમના જેવી જિન, પ્રવચન, ધર્મમાં શ્રદ્ધા રાખી તે ધર્મને યથાશક્તિ અને યથામતિ ભાવનાપૂર્વક પાળીએ, અને પાળવો ઘટે.

—મોહનલાલ દલીચંદ દેશાઇ.


## "જૈન ભાઇઓના લાભનું"

**શ્રી પાલીતાણા મહાતિર્થ શત્રુંજયનો પટ.**

અસલ કેનવાઇસના કપડા ઉપર નવી ડીઝાઇનનો ફુટ ૧૨+૧૦ ની સાઇઝનો હાથથી ઑઇલ પેઇન્ટીંગ કરેલો તૈયાર છે તથા મન પસંદગી પ્રમાણે બનાવી આપવામાં આવશે. અમારા હાથથી ઑઇલ પેઇન્ટીંગ કરેલા પટો ઘણા ઠેકાણે ગયેલા છે. નમુનો જોવાને માટે નીચેના ઠેકાણે મળો અથવા લખો:—

**પેન્ટર નારણ અમૃત.**

ઠે૦ ઉમરખાડી, શ્રીગણેશ ભુવન, બીજે માળે,
જે. જે. હોસ્પીટાલ પાસે, મુંબઇ.


## શ્રી સારાભાઈ મગનભાઈ મોદી ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય હસ્તકના શિષ્યવૃત્તિ ટ્રસ્ટના એકટીંગ ઓ. સે. શ્રી ઉમેદચંદ બરોડીઆ લખી જણાવે છે કે મજકુર ટ્રસ્ટમાંથી શિષ્યવૃત્તિઓ મેળવવા માટે આજ સુધી કુલ્લે ૩૩ અરજીઓ આવી હતી તેમાંથી માત્ર બે અરજીઓ મંજુર કરવામાં આવી છે બાકીની ૩૧ અરજીઓ નામંજુર થઇ છે કારણ કે તે અરજીઓ મજકુર ટ્રસ્ટની શરતો પ્રમાણે કરવામાં આવેલી નથી. ટ્રસ્ટની શરતો બરાબર સમજ્યા વગર અરજીઓ કરવાથી અરજદાર વિદ્યાર્થીઓનાં તેમજ ટ્રસ્ટની સમિતિના વખતનો અંત અને શક્તિનો ખોટો વ્યય થાય છે. તેથી અરજી કર્યા પહેલાંજ મજકુર શરતો સ્પષ્ટતાથી સમજવી આવશ્યક છે માટે મજકુર ટ્રસ્ટના નીચલા નિયમ નં. ૪ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન ખેચીએ છીએ.

૪. વિદ્યાર્થી માટે નિયમો. (પ્રથમ વર્ષ માટે)

અ. તે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક હોવો જોઇએ.

આ. તેની શારિરીક સ્થિતિ વિદ્યાભ્યાસને યોગ્ય હોવી જોઇએ.

ઇ. તેની બીજી ભાષા સંસ્કૃત કે અર્ધ-માગધી હોવી જોઇએ અને સંસ્કૃત કે અર્ધ માગધી ભાષામાં પરિક્ષા આપીને તેણે મેટ્રીકયુલેશનની પરિક્ષા પસાર કરેલી હોવી જોઇએ.

ઈ. આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતાં તેણે સંસ્કૃત અથવા અર્ધ માગધી ભાષાને કોલેજમાં અભ્યાસ માટે બીજી ભાષા તરીકે ચાલુ રાખવી જોઇએ.

ઉ. મેટ્રીકયુલેશનની પરીક્ષામાં તેણે ૪૫ ટકા ઓછામાં ઓછા માર્કસ સમુચ્ચયે મેળવેલા હોવા જોઈએ.

ઊ શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની નીચે એજ્યુકેશન બોર્ડ દ્વારા લેવાતી પુ. ધો. ૧ લાની પરિક્ષા પુરૂષ વિદ્યાર્થીઓએ પસાર કરેલી હોવી જોઇએ અને સ્ત્રી વિદ્યાર્થીઓએ સ્ત્રી ધો ૧ લાની પરિક્ષા પસાર કરેલી હોવી જોઇએ.

એ. તેણે નક્કી કરેલા નમુના પ્રમાણે લેખીત અરજી કરવી જોઇએ અને ઋણ (લોન) ભરપાઈ કરી આપવાની કલમ સાતમી પ્રમાણેની સરતની કબુલાત આપવી પડશે.

આ સાત શરતો મુજબની લાયકાત હોય તોજ અથવા તે શરતો મુજબની લાયકાત હાલ ન હોય તો તે ભવિષ્યમાં મેળવીનેજ વિદ્યાર્થીઓએ અરજી કરવાની છે. દાખલા તરીકે શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની નીચે શ્રી જૈન એજ્યુકેશન બોર્ડ દ્વારા લેવાતી પુ. ધો. ૧ લાની કે સ્ત્રી ધો. ૧ લાની પરિક્ષા પસાર કરી ન હોય તો આવતા ડીસેમ્બરમાં તેવી પરિક્ષા પસાર કર્યા બાદ અરજી કરવી.

---

—સ્વદેશી સાંપડયા વિના આપણને આગળ જવાનું જોર નહિ મળે. હિંદનો આર્થિક ઉદ્ધાર સ્વદેશીમાં જ છે એવી મારી દૃઢ માન્યતા છે. સ્વદેશીમાં ધર્મના મુળ છે. ધર્મનો ત્યાગ કરીને કોઇપણ પ્રજા ઉન્નતિ પામી નથી અને પામશે નહિ.

ગાંધીજી.

# સ્વદેશી.

**દેશ જ્યારે સ્વરાજ્યનું યુદ્ધ લઢી થાકયો પાકયો અને ભૂખથી મરતો તમારે આંગણે આવશે તે વખતે તમે એને**

## શું આપશો?

**'અન્ન માગશે તે વખતે કાઉન્સિલના પત્થરથી કામ નહી સરે.'**

( ગતાંકથી ચાલુ )

હવે સ્વદેશી ઉદ્યોગોને સ્થાપવા તથા વિસ્તારવા માટેનાં સાધનોનો વિચાર કરીએ. ઉદ્યોગોનાં મુખ્ય ત્રણ સાધનઃ મૂડી કૌશલ અને બજાર. આમાં મૂડીની બાબતમાં, આપણો દેશ નિર્ધન હોઇ, મ્હોટા પાયા ઉપર કોઈ પણ ઉદ્યોગ સ્થાપતાં બહુ મુશ્કેલી પડે છે. મૂડી હોય તો સ્વદેશી ઉદ્યોગોસ્થાપી શકાય. તેમ, સ્વદેશી ઉદ્યોગો સ્થપાય અને સ્વદેશી માલજ ખરીદવો એમ પ્રજા નિશ્ચય કરે તો પરદેશ નાણું ખેંચાઈ જતું અટકે અને દેશમાં મૂડી જમેઃ અર્થાત્ મુડી એ આ સ્વદેશી પ્રવૃત્તિનું સાધન અને સાધ્ય બને છે. આમ પરદેશ ખેંચાઇ જતું ધન દેશના ઉદ્યોગોમાં રોકવું એ તો છે જ; પરંતુ એટલું બસ નથીઃ આપણા ગરીબ દેશમાં પણ દેશી રજવાડાઓ, જમીનદારો અને દેવસ્થાનોમાં હજી જે ધન છે, એ જો એકનિષ્ઠાથી દેશના ઉદ્યોગો ખીલવવામાં વપરાય, સાક્ષાત્ ઉદ્યોગો ચલાવવા જેટલું જેઓમાં કૌશલ નથી તેઓ ઉદ્યોગોત્તેજક પેઢીઓ (બેંકો) સ્થાપવામાં એ ધન રોકે તો ઘણા ઉદ્યોગો–જે માટે આપણી પાસે કાચો માલ પુષ્કળ હોય અને સામાન્ય કૌશલથી ચાલી શકે એવા હોય તે સરળતાથી સ્થાપી શકાય. ઉદ્યોગમાં બીજું આવશ્યક સાધન કૌશલઃ આપણા દેશમાં સ્વાભાવિક કૌશલ ઓછું નથી. પણ આપણી મૅકૉલેપન્થી કેળવણીએ આપણને એકદેશી વિદ્વાન કરી દીધા છે. વળી, એને પરિણામે જૂના કારીગરો અને કેળવાએલો વર્ગ એ બે વચ્ચે અન્તર પણ વધી પડયું છે. અને કારીગરનો કેળવાએલો યુવક પણ પોતાના બાપદાદાનો માનવંતો ધંધો છોડી માસિક પગાર અને હુકમી સાહેબીવાળી સરકારી નોકરી વધારે પસંદ કરે છે. પરતુ સુભાગ્યે કે કુભાગ્યે હવે નોકરીઓનાં દ્વાર સાંકડાં થઇ ગયાં છે અને તેથી કેળવાએલા યુવકોને ઔદ્યોગિક અને વ્હેપારી જીવન તરફ વળવું પડે છે. પણ દેશમાં ઉદ્યોગ અને વ્હેપાર પૂરતા ન હોવાથી એ માર્ગ પણ બહોળો જણાતો નથી. 'લિબરલ એડયુકેશન' યાને સામાન્ય બ્રાહ્મણી શિક્ષા–(કેળવણી) ને બદલે 'ઇન્ડસ્ટ્રિઅલ' અને 'કમર્શલ' યાને વૈશ્ય શિક્ષા તરફ વળવાની આ ઔદ્યોગિક સ્પર્ધાના જમાનામાં બહુ જરૂર છે. અને તેથી પંડિત માલવીયાજીએ, બ્રાહ્મણ જીવન માટે એમને પરમ આદર છતાંઃ ઔદ્યોગિક શિક્ષાને બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં મહત્ત્વનું સ્થાન આપ્યું છે. આપણા દેશના અસંખ્ય યુવકો જોખમ ખેડીને પરદેશ જાય છે, કૌશલ મેળવી સ્વદેશ આવે છે, પણ એ કૌશલનો વિનિયોગ થાય એવા ઉદ્યોગોને અભાવે હતાશ થાય છે. આપણે આશા રાખીશું કે આપણી સ્વદેશી વ્રતની પ્રવૃત્તિ એવા ઉદ્યોગકુશળ યુવકોની આશાનાં દ્વાર સફળ રીતે ઉઘાડશે. ઉદ્યોગનું ત્રીજું સાધન બજારઃ માલ ઉત્પન્ન કરીએ, પણ એના લેનાર જોઇએ. આપણા દેશના અનેક જૂના હુન્નરો, જો કાંઇક અંશે સંચાઓની હરીફાઇથી, તો કાંઇક અંશે લોકરુચિ પણ પશ્ચિમના માલ તરફ દોડવાને લીધે, પડી ભાગ્યા. આ સંબન્ધમાં પ્રસંગવશાત્ અમારે એ પણ કહી દેવું જોઇએ કે આપણો પ્રદર્શનોમાં અમે પશ્ચિમના માલનું અનુકરણ બહુ જોઇએ છીએ પણ નવીન કલ્પનાની ચીજ ભાગ્યેજ નજરે પડે છે. આ આપણી કુરુચિનુ અને બુદ્ધિની નિર્બળતાનું એક દુઃખદ ચિન્હ છે આપણા દેશનાં મૂડી અને કૌશલ જે પશ્ચિમનાં સાધનોથી ઘણાં પચ્છાત છે એને આપણી લોકરુચિની પાછળ દોડાવીશું તો તે કયાં સુધી પહોંચશે? આપણી રુચિએ પણ આપણા સાધનોની કાંઇક દરકાર રાખવી જ જોઇએઃ જેમ આપણા ઉદ્યોગો, તેમ આપણા શોખ પણ સ્વદેશી શા માટે હોવા ન જોઇએ? આ સ્થળે એક બીજી ચેતવણી આપવાની પણ જરૂર છે. અમે ઘણા સ્વદેશી કાપડના આગ્રહી એવા જોયા છે કે જેઓ એક તરફ ખાદી પહેરે તો બીજી તરફ સેંકડોનો પરદેશી માલ ખરીદે! આ ખરૂં સ્વદેશી વ્રત નથી. સ્વદેશી વ્રત એ એક શુષ્ક આચાર નથી, પણ માનસિક સ્થિતિ છે કે જેમાંથી આચાર, ડાળમાંથી પુષ્પની માફક, સ્વાભાવિકતાથી ઊગે છે. અને એ માનસિક સ્થિતિ એકવાર બંધાઈ ગઈ એટલે એ સમસ્ત જીવનમાં વ્યાપક થઈ સમજવી. આનો અર્થ એ નથી કે સ્વદેશાભિમાનથી અલિપ્ત રીતે સૌન્દર્ય વગેરે ગુણો, **"गुणाः पुजास्थानं"** એ ન્યાયે આપણે પારખી કે સત્કારી ન શકીએ: પણ એ જ સૌન્દર્યપૂજાથી અલિપ્ત રૂપે આપણું સ્વદેશી વ્રત પણ આપણે પાળી શકીએ. પારકી વાડીનાં પુષ્પ ઉપર કેવળ મુગ્ધ ન થતાં એવું જ વૃક્ષ આપણે આપણી વાડીમાં પણ વાવી–ઊછેરી શકીએ, અને તે પારકાની ઇર્ષ્યાથી નહિ પણ જગતમાં સૌન્દર્યને અનેકગણું વિસ્તારવાના શુભ આશયથી. જેમ એક રાષ્ટ્રના જનસમાજમાં ધન બુદ્ધિ કે સંસ્કૃતિ એક વર્ગમાંજ પૂરાઇ રહે એ અનિષ્ટ છે, તેમ પૃથ્વીના અનેક રાષ્ટ્રોના સમુદાય રૂપ મનુષ્યજાતિમાં પણ અમુકજ રાષ્ટ્ર ધન બુદ્ધિ અને સંસ્કૃતિનો ઇજારો ભોગવે એ અનિષ્ટ છેઃ જેમ વિવિધ પ્રજાઓ પોતાની વિવિધ શક્તિ અને રુચિ અનુસાર ધન બુદ્ધિ અને સંસ્કૃતિનાં વિવિધ રૂપ કેળવે, તેમ મનુષ્ય જાતિના જીવનની સિદ્ધિ; નહિ કે અમુકજ પ્રજાને એ સૌભાગ્ય હોય, અને બીજી નિર્ધન જડ અને પશુ સમાન જીવન ગાળે. આટલા માટે જ અમે સ્વદેશી વ્રત ધારણ કરીએ છીએ અને સ્વદેશી વ્રતનો આ હેતુ જ ભારત દેશના ભૂતકાળને શોભનો છેઃ એ દેશે અન્ય દેશ સાથે વૈર બાંધવાનો, એને જીતવાનો, એને નિર્ધન કે ગુલામ કરવાનો કદી આશય રાખ્યો નથી; એણે એનાં સામ્રાજ્ય તો હમેશાં મનુષ્યની મનુષ્યતા વિસ્તારવા માટેજ એશિઆ માઇનોર, ચીન, જાપાન, મોંગોલિયા, કામ્બોડિયા, બોર્નિઓ, સુમાત્રા જાવા, સિંહલદ્વીપ આદિ સ્થળે વિસ્તાર્યાં છે.

આ રીતે મૂડી, કૌશલ અને લોકરુચિને સ્વદેશી ઉદ્યોગની સેવામાં વાળવાનો સ્વદેશી વસ્તુ પ્રચારસંઘનો ઉદ્દેશ છે. એ સેવા વિવિધ રીતે થઇ શકે છે, અને જેને જેમ ફાવે તે રીતે તે કરેઃ સર્વ ભારતમાતાના સેવકો છે. તે માટે માતૃભૂમિના અનન્ય સેવક સ્વર્ગસ્થ ગોપાલ કૃષ્ણ ગોખલેએ યોગ્ય જ ઉપદેશ આપ્યો છે કેઃ—

# સંવિજ્ઞ સાધુ સાધ્વી યોગ્ય નિયમો.

(સંપાદકઃ—શા. ચોકસી.)

(ગતાંક પૃષ્ઠ ૧૧૮ થી ચાલુ.)

૩૦ કારણ વિના માર્ગાતીત, ક્ષેત્રાતીત, કાળાતીત, ભાવાતીત, વારિ (પાણી) ન રાખવું.

૩૧ વધ્યું, ખડ્યું ચાટ્યું, કોઈએ કોઈને ન દેવું. ગુરવાદિક કારણે જણા આપે તો મોકળું.

૩૨ અનાચીર્ણ વસ્તુ ન વહોરવી, શીતકાંડ વિના ખજુર ખળહળી દ્રાક્ષ આદ્રા બેઠા પછી રાતી ખાંડ કારણ વિના વણજોઈ ન વહોરવી.

૩૩ કુંવારીનાં સેલરાં (કુંવારના સેલરાં) સર્વથા ન વહોરવાં.

૩૪ દિન પ્રત્યે છતી શક્તિએ માર્ગાધિકના (વિહારના) કારણ વિના એકાસણાદિકનો તપ સાચવવો

૩૫ માસ મધ્યે યથાશક્તિ ઉપવાસ પાંચ પહોંચાડવા પાંચ પર્વીએ કારણ વિના વિગય ન લેવી.

૩૬ નીવી મધ્યે જે વસ્તુ ત્રણ વખત લણાય ગઈ હોય તે પછીની ચોથા ઘાણની થિતિ નીવીયાતાં ત્રણ લેવાં ઉપરાંત નહિ.

૩૭ દિન પ્રત્યે કોઇક અભિગ્રહ રાખવો.

૩૮ કાળ સંજ્ઞાએ આયંબિળનો તપ કરવો.

શ્રી વિજયસિંહ સૂરિના કહ્યા પ્રમાણે સાધુ સમાચારી લખી છે. ઇતિ.

સંવત ૧૬૪૬ વર્ષે પોષ સુદ ૧૩ વાર શુક્ર દિને પાટણ મધ્યે શ્રી હીર વિજય સૂરિ લખે છે.

સમસ્ત સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા સમુદાય યોગ્ય શ્રી વિજયદાન સુરિ પ્રસાદ કીધા સાત બોલનો અર્થ આશ્રયી વિસંવાદ ટાળવાને કાજે તે સાત બોલનો અર્થ વિવરીને લખીએ છીએ, તથા બીજા પણ કેટલાક બોલ લખીએ છીએ. સઘળા મળીને બાર બોલ લખીએ છીએ.

૧ પરપક્ષીને કડણ વચન ન કહેવું.

૨ પરપક્ષી કૃત ધર્મકાર્ય સર્વથા અનુમોદવા યોગ્ય નથી એમ કોઇએ ન કહેવું. જે માટે દાન રૂચીપણું-સ્વભાવ વિનિતપણું, અલ્પ કષાયીપણું, પરોપકારીપણું, ભવ્યપણું, દયાળુપણું, પ્રિયભાષીપણું, ઇત્યાદિક જે જે માર્ગાનુસારી ધર્મ કર્મ કાર્ય જિન શાસન થકી અનેરાં સમસ્ત જીવન સંબંધિયાં શાસ્ત્રને અનુસારે અનુમોદવા યોગ હોય એ વાતનું શું કહેવું?

૩ ગચ્છનાયક ને પૂછ્યા વિના કશી શાસ્ત્ર સંબંધી નવી પ્રરૂપણા કોઇએ કરવી નહિ.

૪ દિગંબર સબંધીયાં ચૈત્ય, કેવળ શ્રાવક પ્રતિષ્ઠિત ચૈત્ય, દ્રવ્યલિંગીનાં દ્રવ્યથી નિપજ્યાં ચૈત્ય, એ ત્રણ વિના બીજાં સઘળાં ચૈત્ય વાંદવા પૂજવા યોગ્ય જાણવાં એ વાત નિઃસંદેહ કરવી.

૫ સ્વપરપક્ષીના ઘરને વિષે પૂર્વોક્ત ત્રણ ચૈત્યની અવંદનીક પ્રતિમા હોય તે સાધુને વાસક્ષેપે વાંદવા પૂજવા યોગ્ય હોય.

૬ સાધુને પ્રતિષ્ઠા શાસ્ત્રો છે; એટલે શાસ્ત્ર મુજબ સાધુ પ્રતિષ્ઠા (વાસક્ષેપ પૂજન) કરી શકે છે.

૭ સ્વામિ વાત્સલ્ય કરતાં સ્વજનાદિક સંબંધ ભણી બધી કદાચિત્ પરપક્ષીને જમવા તેડે તો તે માટે સ્વામીવાત્સલ્ય ફોક ન થાય.

૮ તથા ન્હવણ કરવાં.

૯ પરપક્ષી સંઘાતે ચર્ચાની ઉદીરણા ન કરવી. પરપક્ષી કોઇ ઉદીરણા કરે તો શાસ્ત્ર અનુસારે ઉત્તર દેવો પણ ક્લેશ વધે તેમ ન કરવું.

૧૦ શ્રી વિજયદાન સૂરિએ બહુ લોક સમક્ષ વિશળપુર નગરે જળ શરણ કીધું જે ઉત્સૂત્ર 'કુંદ કુંદાસ ગ્રંથ' તે તથા તે માંહેલો અસંમત અર્થ બીજા કોઈ શાસ્ત્ર માંહે આણ્યો હોય તે અપ્રમાણ જાણવો.

૧૧ સ્વપક્ષી સાધુએ અયોગ્ય પરપક્ષી સાથે યાત્રા કીધી હોય તે યાત્રા ફોક ન થાય.

૧૨ પૂર્વાચાર્યને વારે જે પરપક્ષી કૃત સ્તુતિ સ્તવનાદિક વાંદનાદિક હોય તે કહેવા કોઇએ ના ન કહેવી.

એ બાર બોલથી કોઇ અન્યથા પ્રરૂપે તેને ગુરૂનો તથા સંઘનો આકરો ઠપકો સહી છે.

અત્રે મત-શ્રી વિજય સેન સૂરિ ઉ૦ શ્રી ધર્મસાગર ગણી ઉ૦ શ્રી વિમળ હર્ષ ગણી ઉ૦ શ્રી શાંતિચંદ્ર ગણી ઉ૦ શ્રી કલ્યાણ વિજય ગણી ઉ૦ શ્રી સોમ વિજય ગણી, પં૦ શ્રી સહજ સાગર મત પં૦ શ્રી કાંતિમંત ઇતિ. સંવત ૧૭૯૯ વર્ષે શ્રાવણ વદ ૧૦ વાર રવેઉ મુળ પ્રત ઉપરથી શ્રી દેલપુર નગરે પં૦ માનવિજય ગણિ શિષ્ય પં૦ શુભવિજય ગણિ, શિષ્ય પં૦ કનક વિજયે લખી છે.

———

"Those therefore, who go anout and preach to the people that they should use, as far as possible, Swadeshi articles only, are engaged in sacred work and I say to them-go forward boldly and preach your gospel enthusiastically. Only do not forget that yours is only one way out of several of serving the Swadeshi cause. And do not do your work in a narrow, exclusive intolerant spirit which says—'whoever is not with us is against us.' But do it in the broader, more comprehensive, more catholic spirit, which says—'whoever is not against us is with us.' Try to keep down and not encourage the tendency, which seems to be almost inherent in the Indian mind of to-day, to let small differences assume undue importance. Harmony, co-operation, union-by these alone can we achieve any real success in our present state."

('વસંત'માંથી ઉધ્ધૃત.)

## धर्म और पन्थ.

[ ले० श्री. पं० सुखलालजी. ]

धर्म में अन्तर दर्शन होता है इस लिये वह मनुष्यको सन्मार्ग पर लगाता है। पन्थमें बाह्य दर्शन है इस लिये वह बाहर के वातावरण के साथ सम्बन्धित है। और मनुष्यको अन्तर दर्शन से रोकता है। धर्मगुणजीवी और गुणावलम्बी होने से आत्मा के गुणो पर अवलम्बित है। और पन्थ रूपजीवी और रुपावलंबी होने से बाह्य रूप रंग पर अवलम्बित है।

पहिले से एकता और अनेदभाव पैदा होता है, और समानताकी तरंगें उठती हैं, और दुसर से विषमता बडती है। पहले से मनुष्य सांसारिक भेद भूल अभेदकी ओर झुकता है, और दुसरे के दुःखमें अपना सुख भूल जाता है। और पन्थमें मनुष्य पर दुसरे का दुःख कुछ असर नही करता परन्तु अपने सुखमें ही मग्न रहता है।

धर्म में नम्रता होने से उसके अधीन मनुष्य दीन और सरल होता जाता है। चाहे जितनी गुण–समृद्धि और धन-समृद्धि हो तो भी वह अपने को सब से छोटा मानता है। पन्थमें इस से विरुध्ध है। इस में गुण या वैभव न होते हुए भी मनुष्य अपने को सब से बडा मानता है ओर दुसरेसे अपने को वडा कहलवाने का प्रयत्न करता है। पन्थ–गामी मनुष्य सच्चे जीवन की जांच, मनुष्य के गुणो की अनन्तता का ज्ञान और अपनी दीनता का भाव न होने से अपने लघुपन को नही पहचान सकता।

धर्म में सत्य की दृष्टि होने से धर्मात्मा पुरुषमें धीरज और दुसरे का पहलू सत्यता से विचारने की उदारता होती है, पन्थमें यह बात नहीं। इसमें सत्याभास होने से वह अपने पक्ष को सत्यपूर्ण मान कर दुसरे का पहलू विचारने की और उसको सहने की परवाह नहीं करता।

धर्म में अपना दोषदर्शम और दुसरे के गुणदर्शन की दृष्टि मुख्य होती है, पन्थमें उस से बिल्कुल विरुध्ध है। पन्थगामी मनुष्य दुसरे के गुणकी अपेक्षा दोष अधिक देखता है, और अपने दोष की अपेक्षा गुण अधिक बतलाने का प्रयत्न करता है, और उसे अपना कोई दोष दिखाई ही नहीं देता। धर्मात्मा मनुष्य अपने अंदर और आसपास प्रभु का दर्शन करता है, इस से पाप करते समय उसे प्रभु का भय लगता है, ओर शर्म आती है। पन्थगामी मनुष्य को प्रभु शत्रुंजय पर, काशीमें, मक्का, मदीना ओर जेरुसेलममें होने की श्रध्धा होने से पाप करते समय अपने को प्रभु से अलग मानता है। इस लिये उस को न किसीका भय ओर न ही किसीकी शर्म होती है।

धर्म मनुष्य को रातदिन, भेद से अभेद की और ले जाता है। पन्थ उस से उल्टी तरफ चलता है। धर्म में सभी सांसारिक झगडे नष्ट हो जाते है, पन्थमें धर्म के नाम से, धर्म की भावना पर झगडा उत्पन्न होता है, और झगडे इत्यादि की रक्षा में धर्म लुप्त हो जाता है।

धर्म और पन्थका अन्तर समझने के लिये पानी का दृष्टांत उचित होगा। पन्थ समुद्र नदी ओर कुवें के पानी जैसा नहीं है, परन्तु घर पर पडे हुए बर्तन के पानी के समान–विशेष कर ब्राह्मण के बर्तन के पानी के समान–है। धर्म आकाश से बरसते हुए शुध्ध पानी के समान है। इस के लिये सब स्थान समान हैं। आकाश के पानी का स्वाद एक जगह और, दुसरी जगह और नहीं होता। उस के रूप रंगमें भी भेद न होने से सब उसे हजम कर सकते हैं। पन्थ ब्राह्मण के बर्तन के पानी के समान है, अतः दुसरे सब पानी उस के लिये अस्पृश्य हैं। उस को अपना ही स्वाद, अपना ही रूप–चाहे जैसा हो–पसन्द आता है। पन्थगामी प्राणान्त के समय भी अपने बर्तन के पानी को छोडकर दूसरे पानी को हाथ नहीं लगायगा।

[ अपूर्ण. ]

### સ્વીકાર અને સમાલોચના.

આરોગ્ય પત્રિકા (નં. ૨.)

**જૈન સેનીટરી એસોસીએશન** તરફથી આરોગ્યતા અર્થે અને બાળ ઉછેરને લગતું સાહિત્ય પત્રિકારૂપે પ્રકટ થતું રહે છે એ આનંદનો વિષય છે. આ પત્રિકા (નં. ૨) તંદુરસ્તી અંગે ઉપયોગી હકીકતો પ્રકટ કરે છે અને હજુ પણ કરે એ બનવા જોગ છે. ગજકુર મંડળના પ્રયાસો પ્રશંસનીય છે, તેની સાથે સમાજ તેનો કેવો અને કેટલો લાભ ઉઠાવે છે તે પણ જોવાનું રહે છે. આ પત્રિકાના વાંચનનું પરિણામ જાણવાની કોઈ વ્યવહારૂ યોજના નિબંધ–પરીક્ષા–પ્રશ્નપત્ર–આદિ–ગોઠવાય તો પ્રયાસો વિશેષ વ્યવહારૂ બને. તેમ છતાં પણ સમાજને જે સાહિત્યની આજે ઉણપ જણાય છે તે અવશ્ય આ પ્રચાર સમિતિના પ્રયાસો દ્વારા પુરૂં પડે છે. આ અને આવી પત્રિકાઓનો બહોળો ફેલાવો અવશ્ય લાભદાયી જણાય એમાં શક નથી. આ પત્રિકા માટે ડૉ. પી. ટી. પટેલે પ્રસ્તાવના લખી છે. આરોગ્ય પત્રિકા નં. ૨. પ્રકાશક જૈન સેનીટરી એસોસીએશનની આરોગ્ય પ્રચારક કમિટી મુંબઈ. પ્રાપ્તિસ્થાન, ડૉ. એમ. એચ. શાહ, પારસી ગલી, મીરઝા સ્ટ્રીટ. મુંબઈ.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay 3. and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું. | તા. ૧લી સપટેમ્બર ૧૯૩૨. | અંક ૧૭ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઇ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.
,, મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.
,, હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ.
,, ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.
,, જગનાદાસ અમરચંદ ગાંધી
,, મોહનલાલ દીપચંદ ચોકસી

— સુચનાઓ —

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ.
૨૦, પાયધુની-મુંબઇ ૩.

## યુવક માનસ.

યૌવન મનુષ્યજીવનના અનેક પ્રસંગોમાં સર્વોત્તમ તેમજ વિકટ અવસ્થા છે. જેટલી તે અવસ્થા સુંદર છે, તેટલીજ તે વિકટ છે, જેટલી તે ભોગ્ય છે તેટલીજ તે જવાબદારી ભરેલી છે, એ પ્રસંગે મનુષ્યની બુદ્ધિ તીવ્ર કસોટિએ ચડે છે, અનેક પ્રકારના આંદોલનો તેના મગજમાં સતત અથડાયા કરે છે, બાલ્યભાવના છવાયેલાં આવરણો તે સમયે આપોઆપ તુટવા લાગે છે, અને યુવાન પોતાને અગમ્ય તેજના પુંજમાં ઉભેલો જુએ છે, એ તેજપુંજના કિરણો મગજને સતત શ્રમ આપવા માંડે છે, અને જ્ઞાનતંતુઓ વિજળીક વેગથી આગળ ધપવા મંથન કરી રહે છે. એક બાજુથી જીવન નિર્વાહના વિકટ પ્રસંગો તેની સામા દાંત કચકચાવી ઉભા થાય છે, ત્યારે બીજી બાજુથી નવ ભાવનાની સૌમ્ય આકૃતિ સુંદર ભાવોથી તેને આમંત્રી રહી હોય છે, એક બાજુથી સ્વભાવજન્ય કુદરતી કામનાઓ તેને જીવન સહચરી શોધવાના કાંટાળા માર્ગ તરફ ઘસડી જવા મથે છે, ત્યારે નવયુગના મોજાંઓ કોઇ સમાજ યા રાષ્ટ્રસેવાના દ્વીપ તરફ તેની જીવન નૌકા હાંકી જવા પ્રેરે છે.

યુવક માનસ સમાજમાં સ્થાન મેળવવા, પ્રગતિના આંદોલનો ઝીલવા, નવભાવનાઓને અપનાવવા અને તેમ કરી પોતાના જીવનના અમુલ્ય પ્રસંગનો લાભ લેવા પ્રેરાય એ સ્વાભાવિક છે, યુવક માનસ એ ઢંકાએલા અંગારા સમાન છે, જ્યાંસુધી તે પ્રણાલિકાવાદની યા તો જીવન નિર્વાહની મુશ્કેલીઓની રાખના આવરણોથી ઢંકાયેલ હોય છે, ત્યાંસુધી નિશ્ચેતન સમ લાગે છે, પરંતુ તેને જાગૃતિ આપનારી ચેતન આપનારી અને સમાજવાદનાં આવરણોને ચીરી નાખનારી પ્રવૃતિઓનો વ્યક્તિઓનો સહયોગ થતાંજ તે દિવ્ય જ્વાળા રૂપે પ્રગટી નીકળે છે, અને તેની ઉચ્ચ જ્વાળાઓ રૂઢિબંધનો અને જડવાદિત્વને ભસ્મીભુત કરી આખી સમાજમાં ચેતનની અભેદ્ય જ્વાળા ફેલાવી પોતાને કૃતકૃત્ય માને છે.

—મનસુખલાલ લાલન.

## ફુલની આશ.

ન્હોતું કર્યું નમન મ્હેં
ફળનેજ માટે
કીધું હતું નમન મ્હેં
મુજ ભક્તિ સાટે.

ઇચ્છા કદી નવ ફળે
ન ફળે ય આશ
થાવું પડે નવ કદીય
જરી નીરાશ.

ત્હોયે ખરૂં વદી દઉં
હતી એક આશ
રે પારલૌકિક હતી
નવ જ્યાં વિનાશ.

અધ્યાત્મ તલ્લીન થતાં
જનથી પમાય
પામ્યા ઘણાય તદપિ
નવ પૂરી થાય.

છે નામ આશ તણું એ
અતિ રમ્ય રૂડું
સંસાર મુક્તિનું જ
અમૃત સુમ્ન ઊંચું.

જેણે ખરા હૃદયથી
કરી વીર સેવ
તેને નલીન સમને
મલી સત્યમેવ.

—સુંદરલાલ એ. કાપડીઆ,
બી. એ.

उद्धाविव सर्वसिन्धवः; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
-श्री सिद्धसेन दिवाकर.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.


# જૈન યુગ.

તા. ૧-૯-૩૨. ગુરૂવાર.


## આપણું કર્તવ્ય.

**ધર્મભાવના**—હિંદ એ પોતાની ધાર્મિક સંસ્કૃતિથી આજે વિશ્વમાં અનેરૂં સ્થાન ભોગવે છે અને તેનાં સંતાનોની ધર્મભાવના પણ તેટલી જાણીતી છે. આવી કાળજૂની ધાર્મિક ભાવના અને ધર્મપરાયણતામાં કાંઇક ન્યુનાધિકતા કાળબળાધીન અનુભવાય એ સ્વાભાવિક છે છતાં એ ધર્મભાવના, ધર્મપરાયણતા એક યા બીજા સ્વરૂપે હિંદી જીવનમાં પ્રાધાન્ય ભોગવે છે એમાં લેશ પણ સંદેહ નથી.

ધર્મ ધ્યાન અને તપશ્ચર્યાદિ માટે આપણા પૂર્વકાલીન્ મહાપુરૂષોએ જૂદા જૂદા સમયનો નિર્ણય કર્યો છે અને તેવા તેના નિર્ણયો પાછળ, બહુ વિચારતાં જોઇ શકાય કે ઘણું રહસ્ય અને વિવેકનું મજબુત પીઠબળ છે. આવા ધાર્મિક પ્રસંગોના ઇતિહાસમાં ઉતરવાનું યા તેના અંગેના વિવાદમાં ઉતરવાનું પ્રયોજન નથી-સ્થાન નથી; છતાં આપણી જે ધાર્મિક વૃત્તિઓ આપણાં સામાજીક જીવનના પાયારૂપ ગણાય છે તેને ટકાવવા, વિકસાવવા અને જીવન પથને વિશેષ સરલ બનાવી તેની ઓજસ્વીતામાં ઉમેરો કરવાના આપણા આ પવિત્ર પર્યુષણ પર્વના દિવસો યોજાયા છે.

આપણાં અનેક બંધુ અને બ્હેનો જેઓ યથાશક્ય ધર્મકરણી તપસ્યા આદિ આચરી રહ્યા છે તેમને તથા જેઓ પોતપોતાથી બનતી રીતે શક્તિઅનુસાર ધર્મધ્યાન આદરે છે, કરે છે તે સર્વ આત્માનું કલ્યાણ સાધી રહ્યા છે અને તેમની પ્રવૃત્તિઓ આદરને પાત્ર છે. એમાં બે મત કદી સંભવે નહીં.

આવા પવિત્ર દિવસોમાં ધર્મધ્યાન, અને તપશ્ચર્યાના બ્હાના હેઠળ ઘણી વખત બને છે તેમ રાગદ્વેષાદિ આત્મશત્રુઓને પોષણ મળતું અટકે અને ઇષ્ટ માર્ગમાં સૌ પ્રવૃત્ત રહે તેમ ઇચ્છીએ.

**દાનવૃત્તિ :**—આવા પવિત્ર દિવસોની એક વિશિષ્ટતા એ પણ છે કે ધર્મધ્યાન તપસ્યાદિ અગ્રસ્થાન ભોગવે છે તે સાથે દાનવૃત્તિ પણ વિકસિત બને છે; અને ખરૂં કહ્યું છે કે

**दानं भोगो नाश स्तिस्त्रो गतयो भवंति वित्तस्य।
यो न ददाति न भुंक्त तस्य तृत्तिया गति भवति॥**

એટલે કે દાન, ભોગ અગર નાશ એ ત્રણ ગતિઓ ધનની થાય છે જેઓ દાન આપી શકતા નથી, ભોગવી શકતા નથી તેનું ધન ત્રીજી ગતિ નાશની અનુભવે છે. દાનવૃત્તિએ ત્યાગનું સ્વરૂપ છે એટલે ધનનો સંપત્તિનો ત્યાગ કરતાં શિખવું એ આત્મવિકાસનું આત્મશ્રેયનું પ્રથમ પગથીઉં છે અને તેથીજ આવા દિવસોમાં લોકોત્તર પુરૂષોએ દાનવૃત્તિ કેળવી યથા શકય દાન યોગ્ય દિશાએ કરવાનું ફરમાવેલું છે. આપણા સમાજની આ દાનવૃત્તિ જાણીતી છે.

**ફંડ માટે અપીલો**—સમાજની દાન પરાયણ, દાન આપવાની વૃત્તિ અને પોતાની જરૂરીઆત આ બન્ને વસ્તુ લક્ષમાં રાખી આવાં પવિત્ર પર્વના ટાંકણે આપણી ધાર્મિક સામાજીક સંસ્થાઓ પણ પોતાના નિર્વાહ અને સંસ્થાની પ્રવૃત્તિઓનાં પોષણાર્થે જોઇતી સહાય માટે સમાજ સમક્ષ પોતાની માંગણી રજુ કરે છે અને સમાજ તેનો યથાશક્તિ દાન આપી જવાબ વાળે છે એ પણ જાણીતી બિના છે. આવી માંગણીઓ અનેક સ્થળેથી બહાર પડતી જણાય છે અને આપણો સમાજ હવે એટલો જાગૃત થયો જણાય છે કે સંસ્થા, તેનાં અસ્તિત્વ દરમ્યાન થયેલી પ્રવૃત્તિઓ, સંસ્થાનું અનિવાર્ય જીવન એટલે તેનાં અસ્તિત્વની જરૂરીયાત, ઉપયોગીતા વગેરે વિચારી પોતાનાં તરફના દાનપ્રવાહ યોગ્ય દિશાએ વાળે એ જરૂરી છે એમ આજની તેની જાગૃત અવસ્થામાં સમજી શકે છે; છતાં પણ હજુ કોમનાં સારાંમાં સારાં કેળવણી આદિ ખાતાઓ નાણાના અભાવે ખીલી શકતાં નથી. અને તેજ કારણે સમાજથી તેનો પૂરો લાભ મેળવી શકાતો નથી. આ વાત દાનવૃત્તિ પરાયણ સમાજને ચરણે ધરીએ.

**સુકૃત ભંડાર ફંડ**—આપણી કૉન્ફરન્સ એ જૈન કોમની મધ્યવર્તી, ઉપયોગી સંસ્થા છે એ વાત આજે કોઇને કહેવા સમજાવવા જવાની જરૂર ન હોય. તેણે કેટલાંક અધિવેશનો દ્વારા અને અન્ય વ્યવહારૂ રીતે સમાજ અને ધર્મની સેવા બજાવી છે એ વાત પણ તેટલીજ જાણીતી છે; તેના અત્યાર સુધીના વખતોવખત પ્રગટ થયેલા અહેવાલો પુરતા થઇ પડશે. કેળવણી, તીર્થરક્ષા આદિ અનેક કાર્યોમાં પ્રયાસ સેવ્યો છે અને પોતાની ઉપયોગિતા પુરવાર કરી છે. પ્રત્યેક જૈન આ સંસ્થાની અનિવાર્ય આવશ્યકતા સ્વીકારે છે, એ કહેવાની પણ ભાગ્યેજ જરૂર હોય. આવી મધ્યવર્તી સંસ્થા અને તેની પ્રવૃત્તિઓ, તેમજ ધાર્મિક તથા વ્યવહારિક કેળવણીનાં કાર્યો સુચારૂ રૂપે થઇ શકે અને ચાલુ રહે તેટલા માટે સુકૃત-ભંડાર ફંડની યોજના સ્વીકાર્ય બની છે. અને તેને અનુક્રમે દરેક અધિવેશનોએ સહાનુભૂતિ આપી છે. આ યોજનાને માન આપી ઘણા ગામોના શ્રીસંઘો પ્રતિવર્ષ પોતાનો ફાળો મોકલતા રહે છે તેઓ તેમજ બીજાઓએ આ ફંડમાં પોતાનો હિસ્સો પ્રતિવર્ષ મોકલવો ઘટે.

ઠરાવ. આ કૉન્ફરન્સ એવો દૃઢ અભિપ્રાય ધરાવે છે કે:-

"શ્રી સુકૃત ભંડાર ફંડ, ઉપર સમાજની દરેક જાતની કેળવણી અને અન્ય ખાતાંઓનો આધાર છે અને તેથી દરેક જૈન બંધુ અને બ્હેનને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે દરેકે ઓછામાં ઓછા ચાર આનાનો ફાળો પ્રતિવર્ષ સંસ્થાની ઓફીસમાં મોકલી આપવો."

અત્યારસુધી જે જે ગામ અને શહેરના શ્રીસંઘોએ પોતાનો ફાળો આપ્યો છે. તેમને ધન્યવાદ આપે છે, અને સમાજને પ્રતિવર્ષ પોતાનો ફાળો આપવા આગ્રહ કરે છે"

(જુન્નર અધિવેશન).

# જૈન સમાજમાં કલેશ
## અને
# સમાધાનીનો મુસદ્દો—રાહ.

મેં શ્રીસંઘને ચરણે અપીલ નં ૧-૨-૩ મોકલી છે, ઉત્તરમાં અનેક કૃપાપત્રો, વિજ્ઞપ્તીપત્રો તથા વિજ્ઞાપન આવેલ છે. દરેકના દીલમાં અશાંતિ માટે દર્દ છે. દરેકના લખાણમાં લગભગ એકજ સૂર છે કે "કલેશે ઉગ્ર રૂપ લીધું છે, પ્રયાસો થાય છે તે નિષ્ફળ જાય છે. સંગીન પ્રયત્નની ઘણી અગત્ય છે, પ્રતાપી પુરૂષ યા નિષ્પક્ષ તપાસ પંચની પુરી આવશ્યકતા છે એમ નહી બને તો ભાવી કેવું છે તે કલ્પી શકાતું નથી વગેરે વગેરે"

આ કૃપા પત્ર લખનારા મહાત્માઓનો ઉપકાર માનું છું. વિજ્ઞપ્તી કરનારાઓની શુભ લાગણીને અનુમોદું છું.

અત્યાર સુધીના પ્રયત્નો નિષ્ફળ ગયા—પણ તેથી નિરાશ થવું ન ઘટે, સરળ માર્ગ તો એજ છે કે—આ બાબતો એક સમર્થ પુરૂષને સુપ્રત કરી યોગ્ય નિકાલ લાવવો જોઇએ, અને એમ ન બને તો નીચેનો માર્ગ હિતકર થશે એમ મારો દૃઢ વિશ્વાસ છે. જરૂર! શાસનના સમર્થ પુરૂષો પાસે હું લઘુ મુનિ છું, પણ **શુભે યથા शक्ति यतनीयम्** એ યથા શ્રુત પ્રવૃત્તિથી સમર્થ પુરૂષો પ્રત્યે પર્યુષણા પર્વના મહા મંગળ પ્રસંગે કૈં અભ્યર્થના કરૂં તો અનુચિત નથીજ.

જૈન શ્વેતાંબર કોન્ફરન્સ યા જૈન એસોશિએશન ઓફ ઇંડીયાના તથા દેશ વિરતિ ધર્મારાધક સમાજ યા યંગ મેન્સ જૈન સોસાયટીના ખાસ ચુંટેલા સભ્યોએ "સમાધાનીની અગત્ય છે" એ મક્કમ વિચાર કરી એકી સાથે ત્રણ કામ કરવા.

(૧) ચાલુ ચર્ચાનો અવરોધ. (૨) મહાજન સમીતિ. (૩) મુનિ સંમ્મેલન.

(૧) **ચાલુ ચર્ચાનો અવરોધ**—વર્તમાન પત્રો કે હેંડબીલોથી ચાલુ ચર્ચાને તદ્દન બંધ કરવામાં આવે એવી રીતે પત્રકારો પાસેથી વચન લેવાં.

(૨) **મહાજન સમિતિ**—આ માટે એવું વલણ હિતકારક છે કે જેમાં બન્નેનાં વિચારોને પુરતી રીતે છણી શકાય. આ કામ માટે હિંદુસ્તાનના ૧ મુંબઇ ઇલાકો, ૨ મહારાષ્ટ્ર, મદ્રાસ-સી. પી. ૩ પૂર્વદેશ-પંજાબ યુ. પી. અને ૪-મારવાડ મેવાડ-માળવો એમ ચારે વિભાગોમાંથી પ્રતિષ્ઠિત વીશ વીશ નામોની ચુંટણી કરવી. બંન્ને સંસ્થાઓને દશ દશ નામો આપવાનો હક્ક રહે, પછી તે તે વિભાગોના મુખ્ય શહેરોમાં (જ્યાં ૨૫ થી વધારે ઘર હોય, શ્વે. મંદિર હોય ત્યાં) તે નામો મોકલી પ્રત્યેક ગામના સંઘને તે તે ભાગના ૨૦ નામોમાંથી નિષ્પક્ષપાતપણે માત્ર પાંચ પાંચ નામો પસંદ કરવા વિનવવું. (વોટ લેવા) જેમાંથી બહુમતીવાળા જૈનોને મહાજન સમિતિના મેંબર (સભ્ય) તરીકે નિયત કરવા. આ રીતે ૨૦ પુરૂષોની મહાજન સમિતિ તૈયાર થઇ જશે; તેમના મારફત દરેક કાર્યોનો નિકાલ લાવવો સુલભ થઇ પડશે. મુનિ સંમ્મેલનમાં પણ તે સ્વાગત સમીતિ કે સહકાર સમીતિનું કામ પણ પુરતી રીતે પાર ઉતારી શકશે.

(૩) **મુનિ સંમ્મેલન**—પૂર્વોક્ત મહાજન સમીતિ અગર બન્ને સંસ્થાઓએ પૂ. મુનિવરો સન્મુખ ખાસ કરીને આ બાબતના પ્રશ્નો રજુ કરવા.

(૧) મુનિ સમ્મેલનની જરૂર છે? (૨) કઇ રીતે કરવું? (૩) કયું સ્થાન ઠીક પડશે? (૪) આમંત્રણો માટે કઇ પદ્ધતિ અખત્યાર કરવી? (૫) હાલ તુરત કઇ કઇ બાબતોનો વિચાર કરવો ઉચિત છે? (૬) પ્રમુખ તરીકે કોનું નામ પસંદ કરવું (૭) પ્રમુખ પહેલાથીજ નક્કી કરવા કે તેનો નિર્ણય મુનિ સંમ્મેલનજ કરશે? (૮) ગોળમેજી બેઠક જેવું ઠીક છે કે? (૯) સંમ્મેલનને અંગે યોગ્ય સુચનાઓ. (૧૦) આ શિવાય બીજુ કૈં જણાવવા જેવું હોય તે. વગેરે વગેરે.

આ પ્રશ્નો પ્રત્યેક મુનિવરો પર મોકલવા અથવા ત્રણે પ્રકારના સ્થવિરો અને પ્રવર્તિની સાધ્વીઓને મોકલાવવા. ઉત્તર આવ્યા બાદ મહાજન સમીતિ સંમ્મેલન માટે યોગ્ય બંદોબસ્ત કરે, દરેકને આમંત્રણ કરે. સંમ્મેલનનું બધું બંધારણ મુકરર ન થાય ત્યાં સુધી વૉટ આપવા વિગેરેમાં સ્થવિરો તથા પ્રવર્તિની સાધ્વીઓની સંપૂર્ણ સત્તા રહે.

એક સાથે આ ત્રણે કામ ઉઠાવવાથી ઘણી સુલભતા થઇ જશે. હું માનું છું કે—કોઇ પણ જૈન આ શૈલીથી અસંતોષ નહીં પામે. હાં. દેશના વિભાગ વગેરેમાં કૈં ફેરફાર કરવો ઘટે તો કરી શકાય. એકંદરે મહાજન સમિતિની ચુંટણી આ કલેશમાં ભાગ નહીં લેનારા તટસ્થ પ્રદેશોમાંથી થાય એજ વધારે હિતાવહ છે.

ભગવાન્ તીર્થંકરનું શાસન દુર્લભ છે તે મળ્યું છે તેનો લાભ ન લેવાય તો મનુષ્ય જીવન એળે ગયું લેખાય તો દરેક વીરપુત્રોનું કર્તવ્ય છે કે અંદર અંદરના ક્ષુદ્ર કલેશોને દફનાવી દઇ અવિભક્ત જૈન-શાસન બનાવવું. જેને પામી પ્રત્યેક જીવો કલ્યાણ પરંપરાને સાધી શકે એવું શુદ્ધ સ્વરૂપ બનાવવું.

ભગવાન્ મહાવીરનો સિદ્ધાંત વિશ્વમાં અજોડ છે. પણ જ્યાંસુધી આપણે આપસ આપસના કલેશોથી નિવૃત્ત ન થઇએ ત્યાંસુધી એ સિદ્ધાંતને વિશ્વવ્યાપિ બનાવવાનો અવસર કયાંથી આવે? માટે શ્રી સંઘને મારી વિનમ્ર ભાવે એજ વિનંતી છે કે આ મહા માંગલીક પર્યુષણાપર્વમાં શુદ્ધ ખમતખામણાં કરી આપણી ઉપરોક્ત સંસ્થાઓને સમ્મેલનના કાર્ય માટે પ્રેરણા-સહાનુભૂતિ સમર્પી સંવત્સરીની ઉજવણી કરે.

આપણામાં એક પણ ભાગમાં દરદ હોય ત્યાંસુધી શાંતિ કેમ મનાય? બસ? પરસ્પરમાં ઐકયની સાંકળ જોડી વીર શાસનનો જયનાદ કરો અને પરમાત્મા મહાવીરના સિદ્ધાંતોને જગતના ચોકમાં ઉતારો. સ્વાત્માને કૃતાર્થ કરો.

જગત્ તેને જરૂર સ્વીકારશે. તેમાંજ જૈનોની—"સવી જીવકરૂં શાસનરસી" ની સફળ ભાવના છે.

તો આજેજ શ્રી સંઘમાં પવિત્ર પર્યુષણાપર્વની આરાધનામાં સાધર્મીક પ્રેમનો પહેલોજ ઠરાવ કરી—ઉપરોક્ત સંસ્થાઓને એવી મતલબના તાર-પત્ર પાઠવો કે કલેશ દુર થવોજ જોઇએ. સાધુ સમ્મેલનની અનિવાર્ય અગત્ય છે, કોઇપણ ઉપાયે તે માટે પ્રયત્ન કરો.

શાશનદેવ દરેકને સદ્બુદ્ધિ અને અતુલ સામર્થ્ય સમર્પે.

ॐ **शान्ति शान्ति शान्ति.**

—**મુનિ દર્શનવિજય.**

# નિયમો પરથી ફલિતાર્થ.

(લે૦ ચોકસી)

જૈન યુગના છેલ્લા અંકોમાં સંપાદિત કરેલા 'સંવિજ્ઞ સાધુ-સાધ્વી યોગ્ય નિયમો' ઉપરથી જોઇ શકાય છે કે શ્રીમદ્ હીરવિજય સુરિના સમયમાં અને ત્યાર પછી નજીકના કાળમાં ત્યાગી સમાજ કઇ સ્થિતએ હતો. વળી એ પરથી સહજ તારવી શકાય છે કે આહાર-વિહાર, આચાર, વર્તન અને ગમનાગમન સંબંધે પણ વારંવાર સાધુ-સાધ્વીઓનું કેવી રીતે લક્ષ ખેંચવામાં આવતું, વળી જૂદા જૂદા પદવીધારીઓ એ નિમિત્તે એકત્ર થઇ કેવો શાંતિથી ઉપસ્થિત થતા પ્રશ્નોનો તોડ આણતા.

આપણે એ મહાત્માઓમાંના એકને પણ આગમ જ્ઞાનથી અનભિજ્ઞ કે પ્રભુ શ્રી વીરની આજ્ઞાથી વંચિત થયો ભાગ્યેજ કહી શકીશું. આવા પ્રતિભા સંપન્ન મહાપુરૂષોને પણ કેટલાક નિયમો દેશ કાળને અનુલક્ષી કરવા પડયા છે એ વાંચતા અને અત્યારની સ્થિતિ સાથે એનો મેળ મેળવતાં તેઓની બુદ્ધિમત્તા અને દીર્ઘદર્શીતા માટે બહુમાન ઉપજે છે અને સાથે સાથે અત્યારે કેટલાક સાધુઓએ લીધેલી વલણ જોઇ ખેદ પણ થાય છે!

"પાંત્રીસ વર્ષની નીચેની બાઇને દિક્ષા ન આપવી અને પરપક્ષીને કડણ વચન ન કહેવું." આદિ જે બાર નિયમો છે એ વાંચતા સ્પષ્ટ દિશિ આવે છે કે તેઓ સંઘમાં કોલાહલ જગાડવાથી કે શાસ્ત્રના નામે વૃથા કુસંપ જન્માવવાથી કેવા વિરૂદ્ધ હતા! પરપક્ષી સાથે કલેશ વૃદ્ધિ પામે તેવું એકપણ કાર્ય કરવાની તેઓ પોતાના સાધુને ચોકખી ના પાડે છે એટલુંજ નહિ પણ ચાલી આવતી સ્તુતિ-સ્તવનો આદિ માટે પણ વિરોધ ઉઠાવવાની કે સાધર્મી વાત્સલ્યમાં અમુક પક્ષના ને જમાડવાની વાતને પણ ધુતકારી કહાડે છે. શાસન માટેની સાચી દાઝના આમાં ડગલે ને પગલે દર્શન થાય છે. 'સવિજીવ કરૂં શાસન રસી' એવી વિશાળ ભાવના માત્ર મુખેથી ઉચ્ચારવા રૂપ નહોતી પણ કાર્ય સાધક હતી તેનો સ્પષ્ટ ખ્યાલ આ નિયમોના પ્રચારથી આવે છે.

માતાપિતા જીવતાં પ્રવ્રજ્યા ન લેવી એવી પ્રતિજ્ઞા માટે ભગવાન શ્રી મહાવીરની ભૂલ કાઢનાર આજના આગમોધ્ધારક અને નસાડી ભગાડી મૂડી નાંખવાની મનોદશાધારક પ્રવરજી. વડોદરા સમેલનના ઠરાવને મારી મચડી બિન અમલી ઠરાવવા યત્ન કરે છે; તેઓને પાંત્રીસ વર્ષની વય નીચેની બાઇને દિક્ષા ન આપવી એમ કહેનાર ઉક્ત મહાત્માઓ માટે શું કહેવાનું છે? તેઓ અરાધક હતા કે વિરાધક? આ નિયમાવલી નિરખી હજુ પણ પૂજ્ય સાધુ મહારાજાઓને પર્યુષણ પર્વ જેવા પવિત્ર પ્રસંગોએ જીવ્હા પર સંયમ રાખી આસ્તિક નાસ્તિકોના કે ધર્મી-અધર્મીના પાના ઉખેડવાનો મૂકી દઇ દેશકાળનુંસાર સમાજમાં કેવી રીતે ઐકયતાનું વાતાવરણ પ્રસરે તેવો ઉપદેશ પ્રચારવા નમ્ર વિનંતી છે. સાચી ધર્મદાઝ અને દ્રઢ ધર્મ રાગ માન્યતા ફેરથી જૂદા પડેલા પક્ષોને કુનેહ વાપરી એક કરવામાં છે. ધર્મના કે આગમના શબ્દને પકડી રાખવાને બદલે એમાં રહેલા ભાવને ઓળખવાની આવશ્યકતા છે. જો એટલું સાચા હૃદયથી. થાયનો સમાધાન શકય છે. ગજ કાતરનુ કામ સહેલું છે મુશ્કેલી સોય દોરાના કામમાં છે છતાં શ્લાઘનીય તો તેજ છે.

# खामेमि सव्व जीवे सव्वे जीवा खमन्तुमे । નું સાચું રહસ્ય સમજાશે કે?

હમેશાં સવારે અને સાંજે, એકજ સૂર નીકળે છે કે— **"सव्वस्ससमण०"** ભદંત ચતુર્વિધ સંઘને પ્રણતિભાવે, સૌ જીવોને સાચી ધર્મપરિણતિથી ખમાવું છું-ખમાવું છું, હું પણ તેઓ પ્રત્યે ક્ષમું છું-ખમું છું. આજ રીતે વાર્ષિક પર્વમાં પણ ખમતખામણા થાય છે. **આ ક્ષમા-પાઠોમાં જીવમાત્ર સાથે મૈત્રી ભાવનો એકરાર છે.** આ પ્રતિજ્ઞાને પાળવી કે તોડવી એ આપણી પ્રવૃત્તિ ઉપર નિર્ભર છે. કારણ? **કલેશ છે ત્યાં જૈનત્વ નથી.** કલેશનું મૂળ દૂષણ-શોધક દૃષ્ટિ છે. **જેટલી દૂષણ-દૃષ્ટિ દૂર તેટલુંજ તે પ્રતિજ્ઞા પાલન સુકર!** "તેણે ત્યારે શું કર્યું હતું?" એનો સમાલોચક બનવાને જૈન નજ ઇચ્છે. એવા ટીકાકાર બનવામાં કોઇનું ભૂષણ નથી. એ કૃતવો ચુંથવામાં આપણી ભલમનસાઇ નથી. એ જકાતી પજવણી કરવાની આપણને સત્તા નથી. એ નિગોદમાં ભમ્યો હતો: ક્રૂર બન્યો હતો: જમાલી નીવડયો હતો: બટાટુ થયો હતો: એકકો રહ્યો હતો: બાતલ ગયો હતો: કે ભૂતકાળના અંધાર-પદાંમાં કયા નાટકનો રાજા થઇ આવ્યો હતો.: એ ઇતિહાસ ઉકેલવાનો આપણને પરવાનો નથી. માટે એ કારમી ગઇગુજરીને ભૂલી જાઓ. **તે અત્યારે કયાં ઉભો છે તે જોતાં શિખો! દરેક જીવો મિથ્યાત્વગુણઠાણેથી અયોગી ગુણઠાણે જાય છે.** "ભૂતકાળ કોનો સારો છે". એ ચુંથણા ચુંથવામાં ભલમનસાઇ શી? એ યથાર્થ તપાસવાની શક્તિ પણ કયાં છે? તો, આજનોજ વિચાર કરો કે, **દૂષણ-ગ્રાહક દૃષ્ટિ લય પામશે.** કોઇ મોટી ભૂલ કરે તો? તમો તેની ભુલને પચાવો! **સાચા જૈન બનો!** તેને ક્ષમા આપો! **શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું ફરમાન** છે. ભગવાન ભદ્રબાહુ સ્વામી જગત સન્મુખ રજુ કરે છે કે- **खमियव्वं, खमावियव्वं । उवसमियव्वं, उवसामियव्वं । सुमइसंपुछणा बहुलेणं होयव्वं ॥ जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा । तम्हा अप्पणाचेव उवसमियव्वं ॥** "દરેક જીવો પ્રત્યે સંવત્સરિ પ્રતિક્રમણમાં **સાચા દીલના ખમત-ખામણા કરે તે સાચો જૈન."** આટલો સ્પષ્ટ પ્રકાશ હોવા છતાં દુઃખદ ધરતીકંપ જેવો આંચકો લાગે છે કે-વીતરાગના સંતાનો લડે છે આ ધડાકો શાનો? વર્ષોવર્ષનાં સાંવત્સરિક પ્રતિક્રમણો! તેનાં કોઇ કીટ, પશુ, ઇન્સાન કે સાધુ માટે છુટ રહે છે? દીવાળી ચાલી જાય, અને ચોપડા ચોકખા ન થાય. **સંવત્સરી જાય અને વૈર વિરોધ ન શમે! એજ દીવાળું—એજ ભાવ મિથ્યાત્વ!!! વ્યાપારી જૈન આ દીવાળું ચલાવી શકે કે?** આપણે બધાને ખમાવીએ. માત્ર બાતલ કરીએ? શ્રીન્નાજ ઉપાસકને! સાધર્મીકને! સંઘનાજ અંશને! **એ હિસાબ કેમ ચોકખો થાય?** છતાં પોતાને જૈન મનાવવો એ કેવો માયા-મૃષાવાદ? આ અનન્તાનુબંધીની માયાનો વિપાક શો? વિવેકી મનથી જરા વિચારો? દંભી મટી સાચા જૈન બનો!

અનુસંધાન પૃષ્ટ ૧૩૩ ઉપર

# श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

तारका पताः- "हिंदसंघ"

卐

२०, पायधुनी, बंबई, ३.
पर्यूषण पर्व.

સુજ્ઞ શ્રી,

તથા શ્રી જૈન સંઘ સમસ્ત યોગ્ય,

સવિનય નિવેદન કે આવતા પર્યુષણના પવિત્ર દિવસોમાં આ કૉન્ફરન્સના સુકૃત ભંડાર ફંડ અંગે થયેલ ઠરાવ અનુસાર જણ દીઠ ઓછામાં ઓછા ચાર આના વસૂલ કરાવી મોકલવા માટે આ પત્ર દ્વારા આપને વિજ્ઞપ્તિ કરીએ છીએ.

આપ જાણો છો કે જૈન સમાજની આ મધ્યવર્તી અને ઉપયોગી સંસ્થા છે અને તે દ્વારા કેળવણી-ધાર્મિક પરિક્ષાઓ વિદ્યાર્થીઓને તથા પાઠશાળાઓને મદદ આપવાનાં અને અન્ય સામાજીક અને તીર્થ રક્ષાદિ કાર્યો કરવામાં આવે છે. આ બધાં કાર્યોને પહોંચી વળવા નાણાંની જરૂર અનિવાર્ય છે. આવા પવિત્ર દિવસોને ટાંકણે આપ તથા શ્રી સઘ ઘટતો ફાળો એકત્રિત કરી મોકલી આપવા જરૂર લક્ષમાં લેશો અને સંસ્થા પ્રત્યેની આપની ફરજ બજાવવા ચુકશો નહિ એજ અભ્યર્થના.

લી૦ સંઘ સેવકો,
રણછોડભાઇ રાયચંદ ઝવેરી.
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.
સ્થાનિક મહામંત્રીઓ.

सुज्ञ श्री

तथा श्री जैन संघ समस्त.

सविनय निवेदन के आगामी परम पवित्र पर्यूषण पर्वमें महासभा—कॉन्फरन्स के ठरावानुसार श्री सुकृत भंडार फंड में प्रत्येक व्यक्ति के कम से कम चार आने वसूल करवाकर भिजवाने के लिए आपको आग्रह पूर्वक विनंति है.

आपको सुविदित है कि जैन समाज की यह मध्यस्थ और उपयोगी संस्था है जिस के द्वारा शिक्षा प्रचार विषयक अनेकानेक कार्य किये जाते है. जैन पाठशालाओंको मदद, विद्यार्थीओंको छात्रवृत्तियां, इनाम आदि और सामाजिक-धार्मिक-तीर्थ रक्षादि के कार्योंमें 'सुकृत भंडार फंड' का उपयोग होता है. पर्यूषण के पवित्र दिनों में श्री संघ में योग्य रकम इकट्ठी करनेका लक्षपर रख आप इस संस्था प्रति अपनी सहानुभूति अवश्य प्रदर्शित करेंगे ऐसी आशा है.

लि० श्री संघ सेवक,
रणछोडभाई रायचंद झवेरी.
मोहनलाल भगवानदास झवेरी.
स्थानिक महामंत्री.

# નિયમિત અધિવેશનની આવશ્યકતા.

## સમાજમાં જાગૃતિનાં આંદોલનો ફેલાવનાર એકજ સાધન.

રાષ્ટ્રિય મહાસભાની માફક જૈનોની મહાસભાનું અધિવેશન પણ પ્રતિવર્ષ મળવુંજ જોઇએ. એમાં જેટલે અંશે અનિયમિતતા તેટલે અંશે કાર્યમાં શિથિલતા અને કાર્યકરોમાં પ્રમાદીપણું સમજી રાખવું.

શાસ્ત્રકારોએ પણ સંવત્સરી પર્વને પાપથી પાછા વળવાની, કે દોષો બદલ પ્રાયશ્ચિત લેવાની છેલ્લી મુદત ઠરાવી એ દ્વારા સ્પષ્ટ સુચન કર્યું છે કે "જો એથી આગળ વધ્યા તો અનંતાનુબંધી કષાયની ચોકડીમાં અટવાયાજ સમજો." આ ફેંકી દેવા જેવી વાત નથી, કેમકે ઉપયોગ, લાગણી કિવા જાગૃતિને પણ હદ હોય છે. એ હદ આવી રહે તે પૂર્વે એને નવા પ્રોત્સાહનની આવશ્યકતા રહે છે. તાજી ઉત્તેજના વગર મંદ પડેલ ઝોકમાં નવો વેગ નથી આવતો.

અરે વ્યવહારિક મર્યાદાઓ પણ વર્ષનેજ અવલંબી રહી છે ને! ચોપડાના સરવૈયા મેળવવાનો કાળ કે સંગ્રહીત માલને ઓછે વેચી નવો ભરવાનો સમય જવલ્લેજ વર્ષની મર્યાદાને ઉલ્લંઘતો દ્રષ્ટિગોચર થાય છે. આમ નજર સામેનો વિષય છતાં અરે અલ્પ કાળ પૂર્વેજ ધુરી નેતાઓનો અભાવ છતાં, જે સામે સરકારનો અપરાધ છતાં રાષ્ટ્રિય મહાસભાએ અધિવેશન ભરી એ નિયમની અચૂક્તા પૂરવાર કરી આપી. તો પછી એને સારૂ લંબાણની જરૂર ખરી? એ વાતજ અધિવેશનને નિયમિત કરવા બસ છે.

ગમે તેવા કપરા સંજોગોમાં પણ જેમ સૂર્યની ગતિ કે અસ્તોદયનો ક્રમ સ્ખલિત નથી થતાં, તેમ આપણું અધિવેશન પણ આગળ-પાછળ ન ઠેલાવું જોઇએ. એ વેળા ઝાઝું નવું કામ ન કરીએ તો પણ ગત વર્ષના કાર્યનો રીપોર્ટ અને નવા માટે રેખા દોરી, એ અર્થે ગત વર્ષમાં જેગણે ખંતથી કામ કર્યું હોય તેમની હર્ષપૂર્વક નોંધ લઇ, ધગશવાળા ઉમંગીઓથી ખાલી જગાની પૂરવણી કરી છુટા પડીએ તો પણ ઘણું છે.

સેવાની આગને બુઝાઇ જતી અટકાવી સચેત રાખવા સારૂ નવી પ્રેરણાઓ રૂપી બળતણની જે અગત્ય છે તે પુરી પાડવામાં હવે જરા માત્ર ખામી રાખવાની નથી. અધિવેશનની નિયમિતતા વગર આપણા સુપ્રુપ્ત સમાજમાં અરૂણોદયના આંદોલનો પ્રગટવાના નથીજ.

મારી સમજથી અધિવેશન માટે માસ તો નિયત થઇ જવોજ જોઇએ. ક્રિસ્ટમસ કે ઇસ્ટિરના નામે એમાં ઠેલઠેલા થતી રહેવાથી વાત અધ્ધર લટકી રહે છે. અલબત આપણે શુકલ કે કૃષ્ણ પક્ષ અગર તો મિતિ કે તારિખો માટે આગ્રહ ન રાખીએ. એમાં બોલાવનારની અનુકુલતાનો પણ સવાલ રહે છતાં મહિનો તો ચોકસ્સ કરવોજ ઘટે.

આપણાજ પર્યુષણ પર્વનો દાખલો લઇએ. એ સમય આવતાંજ આપણામાં કઇ અનેરી ભાવનાઓ પ્રકાશી ઉઠે છે અને લાગણીઓ થનગનવા માંડે છે. ભાગ્યેજ એ સારૂ ઉહાપોહ કરવાની કે નવેસરથી તૈયારી કરવાની અગત્ય જણાય છે. એવીજ રીતે જો અમુક માસ નિશ્ચિત થયો તો ખાતરી રાખવી કે જરૂર એ દરમીયાન અધિવેશન ભરાશેજ. ઝાઝા વિચાર વમળમાં ભ્રમણ કરવા કરતાં કે 'જો' 'તો' ની ઉંડી ખોમાં આંટા મારવા કરતાં એકજ વાત યાદ રાખવાની અગત્ય છે અને તે એ કે slow but steady wins the race. અર્થાત્ મંદ છતાં સતત ઉદ્યોગી જયશ્રી પ્રાપ્ત કરે છે. એકવાર કોન્ફરન્સ દરવર્ષે નિયમિત માસમાં ભરવાની વાત બહાર મૂકો ને પછી જુઓ કે એનાથી વાતાવરણ કેવું બદલાય છે? મનુષ્યમાં પ્રતિકુળ સંજોગોને અનુકુલ બનાવી નાખવાની શક્તિ છે વળી આજે ભાગ્યે કહેવાની જરૂર હોય કે બીજા ખરચોની બાબતમાં ભલે મતફેર હોય પણ અધિવેશન અંગેનો ખરચ એ પૈસાનો અપવ્યય તો નથીજ.

જૈન સમાજમાં સાર્વત્રિક જાગૃતિ લાવવાનું જો કોઇપણ પ્રતિનિધિત્વ ધરાવતું સાધન હોય તો તે માત્ર કોન્ફરન્સજ છે. એના માચડે દૂરદુરના સ્વામીભાઇના મુખારવિંદ ભાળવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. જૂદા જૂદા ભાગના સંઘ સમાજ કે ન્યાત વા પંચમાં કેવી પરિસ્થિત પ્રવર્તે છે, અગરતો કઇ કઇ વિષમતાઓ ઉપસ્થિત થઇ છે, અથવા તો રાષ્ટ્ર સાથે એ પ્રદેશોનું કેટલું સામ્ય યા વૈષમ્ય છે તેનો હેવાલ જાણવાનું સૌભાગ્ય લાધે છે. વળી જે સમાજમાં વારેકવારે ઝઘડા ઉમન્ન થાય છે અને જ્યાં ચાલુ ધરેડમાંથી એક ડગ પણ આગળ ભરતાં કેટકેટલા વલોપાત ઉદ્દભવે છે; અરે એ સામે રાતી આંખો કાઢનાર ને પથરા ફેંકનાર વર્ગ પણ તૈયાર હોય છે ત્યાં અધિવેશનને વાર્ષિક બનાવી સંદેશ વધુ જોરથી ફેલાવવાનો હોય એમાં નવાઇ પણ શી? એ વગર એના નામે ઉરાડાતી ગુલબાનો અટકવાની નથીજ.

ખરચાનો પ્રશ્ન સામે ખડો થાય છે અને આમંત્રણ કરનાર પ્રાંત પણ જોઇએને! એવો પ્રશ્ન સહજ છે, જે માટે હવે પછી.

ચોકસી.


"જૈન ભાઇઓના લાભનું"

શ્રી પાલીતાણા મહાતિર્થ શત્રુંજયનો પટ.

અસલ કેનવાર્ઇસના કપડા ઉપર નવી ડીઝાઇનનો ફુટ ૧૨+૧૦ ની સાઇઝનો હાથથી ઑઇલ પેઇન્ટીંગ કરેલો તૈયાર છે. તથા મન પસંદગી પ્રમાણે બનાવી આપવામાં આવશે. અમારા હાથથી ઑઇલ પેઇન્ટીંગ કરેલા પટો ઘણા ઠેકાણે ગયેલા છે. નમુનો જોવાને માટે નીચેના ઠેકાણે મળો અથવા લખો:—

પેન્ટર નારણ અમૃત.

ઠે૦ ઉમરખાડી, શ્રીગણેશ ભુવન, બીજે માળે,
જે. જે. હોસ્પીટાલ પાસે, મુંબઇ.

# વિશ્વોદ્ધારકના જીવન પ્રસંગો.

અજ્ઞાનના અંધકારથી વ્યાપ્ત આ સંસાર અરણ્યમાં અસંખ્યાતા જીવો આથડી આથડી પોતાનું જીવન પૂર્ણ કરે છે, એવા વિષમ અરણ્યમાં પણ પોતે પ્રકાશી, અન્યને પ્રકાશિત કરનારા કોઇ વિરલા નર ભાનુ અવતાર લે છે, એનો જન્મ સમય આ વિશ્વમાં એક ધન્ય ઘડી મનાય છે, અને એ ધન્ય ઘડીએ અવતાર લેનાર મહાપુરૂષો પણ જગતને વંદ્ય થાય છે, જગત એવા નરને ત્રણે કાળમાં પૂજતું આવ્યું છે, ભૂતકાળમાં એવા વિરલા પુરૂષો અનેકશઃ પૂજાયા છે, વર્તમાનમાં પૂજાય છે, અને ભવિષ્યમાં પણ જગત એવા પાવનકારી માહાત્માઓને અવશ્ય પૂજશે.

જ્યારે જ્યારે આ પૃથ્વીની સપાટી ઉપર પાપનો ભાર અતિ અસહ્ય બને છે, અને જનતા તેના નિવારણ માટે અત્યાતુર બને છે, તે કાળે ભૂગર્ભમાંથી કોઇ અલૌકિક વીર નર અવશ્ય પેદા થાય છે, એ સિધ્ધાંત એકલા આપણા જૈન મતને માન્ય છે. એટલુંજ નહિ પણ અન્ય મતાવલંબીઓ પણ એજ સિધ્ધાંતને મુખ્યતયા માને છે. ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે સ્વમુખે કહ્યું છે કેઃ—

"હે અર્જુન! જ્યારે જ્યારે આ વિશાળ પટ ઉપર ધર્મની ક્ષતિ થાય છે, અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે હું જન્મ ધારણ કરૂં છું."

આ સિધ્ધાંતનું પરિપાલન આપણા મતમાં પણ આપણે અનુભવ્યું છે. આવા મહાપુરૂષોનું બાલ્ય કાળથીજ જીવન કંઇ અનેરૂં હોય છે. એની બાલ્ય ચેષ્ટાઓ, એનો મનોહર વાણી વૈભવ અને એની કાર્ય પ્રણાલીકા કોઇ ઓરજ હોય છે. એમની ચેષ્ટાઓથી, એમના કાર્યોથી, તે વિશ્વની જનતાને પોતાની તરફ આકર્ષી શકે છે, પોતાને અનુસરનારા બનાવી શકે છે, એટલુંજ નહિ પણ પોતામય બનાવી શકે છે. અને એ આકર્ષણ શક્તિમાં દાંભિકતા યાતો મદને જરા પણ અવકાશ હોતો નથી, ઉલટું તે નિખાલસતાપૂર્ણ અને સરળતાથી ભરેલી હોય છે, તેથી જન સમાજ સહેજે તે તરફ વળી જાય છે, તેમનું નિશાન સ્વગુણ પરિપૂર્ણતા સાથે પરોપકારવૃત્તિ તરફજ તાકેલું હોય છે, અને આ મહાપુરૂષો જ્યાં સુધી પોતે સ્વગુણ પરિપૂર્ણતા પામતા નથી, ત્યાં સુધી તે તરફ અચૂક પરિશ્રમે અહોનિશ રચ્યા રહે છે, એટલુંજ નહિ પરંતુ જ્યાં સુધી તેઓ પોતાના સાધ્ય બિંદુને પહોંચી વળ્યા હોતા નથી, ત્યાંસુધી મૌન સેવી પરોપકાર વૃત્તિને પણ અમુક પ્રમાણમાં નિયંત્રિત કરી દે છે. અને જેવા તેઓ પોતાના સાધ્યબિંદુને સર કરી લે છે તેવાજ જગતભરના પ્રાણીઓ પ્રત્યે તેનો વિસ્તાર કરવા માંડે છે, અને તેઓ પોતાની અનન્ય શક્તિવડે જ્ઞાનના અને ધર્મના પ્રચંડ તરંગો પાથરી જગતના પાપમલને ધોઇ નાંખે છે, અને એ પાપમલ ધોવાતાં માનવહૃદયો શુદ્ધ સ્ફટિક સમ બને છે. અને જગત કોઇ અનેરી શાંતિ અને આનંદ ભોગવે છે.

આવા મહાપુરૂષો ભૂતકાળમાં અનેક થઇ ગયા છે, અને હજુ પણ થશે, જેઓએ સમષ્ટિના અભ્યુદય માટે અનેક યોજનાઓ અનેક પ્રબંધો રચી જાતના કલ્યાણ કર્યાં છે, આવા મહાન પુરૂષોના ઉદ્ધારનો બદલો આપણાથી કેમ વાળી શકાય? આપણે એના ઋણમાંથી તદ્દન મુકત થઇએ એ તો બનવું સર્વથા અસંભવિત છે, તો પણ આપણે એટલું તો કરી શકીએજ કે તેવા મહાપુરૂષોના ગુણાનુવાદ ગાઇ તેઓના ઉચ્ચ જીવન ચરિત્રોમાંથી માખણની પેઠે સાર સાર ગ્રહણ કરી તેનું જરા અંશે પણ અનુકરણ કરી શકીએ.

આવા મહાપુરૂષોમાં મહાન્ વ્યક્તિ તરિકે આપણે પ્રભુ મહાવીરને પ્રથમ પદ આપીશું. એ જગતવંદ્ય પ્રભુનું જીવન અનેક બોધપાઠોનો ભંડોળ છે, અનેક રત્નોનો સંચય છે. નીતિના સિદ્ધાંતોથી તરબોળ છે. એમાંથી શક્તિ અનુસાર ગ્રહણ કરવું એ આપણો ધર્મ છે.

આજથી ૨૬૦૦ વર્ષ પૂર્વે જ્યારે જગત પર હિંસાની પ્રવૃત્તિ જોરભેર ચાલી રહી હતી, જ્યારે ધર્મને નામે પણ હિંસાની દાંડી જોરથી ઠોકાતી હતી, જ્યારે અધર્મનો પ્રચંડ વંટોળીયો પૃથ્વી પર વીંઝાઇ રહ્યો હતો, ત્યારે ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થ રાજાને ત્યાં એ મહાપુરૂષનો જન્મ થયો, આ વાત આબાલવૃદ્ધ સર્વને વિદિત હોવાથી તેમાં સમય નહિ રોકતાં એ મહાન આત્માના જીવનમાંથી આપણને શું શું શીખવાનું છે, તેજ આપણે તો વિચારીશું.

(અપૂર્ણ.)

—મનસુખલાલ હીરાલાલ લાલન.

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૦ થી ચાલુ.)

**ભૂલ એ મન દિકાળથી છદ્મસ્થિક હીણપત છે.** પારકાની ભૂલો જોવામાં નામોશી છે. **બીજાની ભૂલને દૂર થતી જોવા** ઇચ્છે—**પ્રેરે તે જૈન!** વિચારક હૃદયો આજની ઉલટી પ્રવૃત્તિથી કમકમે છે. કુમળા જૈનો કંપે છે કે-અમારા વડિલોએ આ શો જગ માંડયો છે? જગત હસે છે કે—જૈનોની નૌકા કયાં ગોથા ખાઇ રહી છે? શું સુકાનીઓ ઉંઘ ખેંચે છે? **જૈનો! ચેતો! એ કલંક કાલિમાને ભૂસી નાંખો!** ઉંઘશો તો હાથ ઘસતા રહી જશો! **ઉઠો કટિબદ્ધ થાઓ! ખમતામણાનો અર્થ ઉકેલ કરો!** વૈર-વિરોધની ક્ષમા લ્યો ક્ષમા દ્યો! કલેશ છે ત્યાં અધર્મ છે ક્ષમા છે ત્યાં ધર્મ છે. એ વીર-સૂત્રને પોતામાં ઉતારી વિશ્વવ્યાપી બનાવો? ઓ વીર પુત્રો! વીરપુત્ર બનવાની લાયકાત ન મેળવો એ તો ખરખર શરમની વાત છે! એ કમજોરીને દફનાવો! એ જુઠી શાણુશાહીને ફેંકી દ્યો! એ નાલાયકીના દંભી ફતવાને ચીરી નાખો! સાધર્મિક ને દેખી આનંદમાં અમી ખાળો! ભાઇ ભાઇને પ્રેમથી બાથ ભીડો! **શ્રી સંઘમાં એકદીલી બહેલાવો!** અને એકજ સાથે, ઘોર અવાજે વીર વચનનો અનુપમ ઘોષણ-નાદ કરો કે—**खामेमि सव्व जीवं, सव्वे जीवा खमंतु मे। मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ ॥** જગત્ એ નગ્ન-સત્યનો પડઘો પાડશે—અપનાવશે! એમાંજ આપણું પરમાર્થ જૈનત્વ છે.

— મુનિ દર્શન વિજય.

---

—મને લાગે છે અને મારા આખા જાહેર જીવન દરમીઆન લાગ્યું છે કે આપણને જે વસ્તુની જરૂર છે. જેની દરેક પ્રજાને જરૂર છે અને જેની દુનીઆની બીજી પ્રજાઓ કરતાં અત્યારે આપણને વધારે જરૂર છે તે એકજ છે અને તે ચારીત્ર્યની ખીલવણી છે. —ગાંધીજી.

# धर्म और पन्थ.

[ ले० श्री. पं० सुखलालजी. ]

( गतांकसे चालु. )

पन्थ धर्मसे पैदा हुआ है तो भी, अपने को धर्म-प्रचारक मानते हुए भी हमेशा वह धर्म का घात करता है। जैसे जीवित रक्त और मांस से उत्पन्न नाखून बढता जाता है वैसे वह रक्त और मांस को ही काटता है। इस लिये यह बढे हुए नाखून काटनेमें ही शरीर की कुशलता है। इसी तरह से धर्म से अलग पडा हुआ पन्थ (चाहे वह धर्म से ही उत्पन्न हुआ हो) जब नाश हो जायगा तब ही मनुष्य को सुख प्राप्त होगा। यहां पर एक प्रश्न जरूर उपस्थित होगा कि धर्म और पन्थ के बीच में कुछ मेल है या नहीं, यदि है तो कैसे? उस का उत्तर सरल है। जैसे जीवित नाखून को कोई नहीं काटता (क्योंकि उसे काटने से दुःख होता है) वैसे पन्थ के अन्दर धर्म का जीवन हो, तो उसे नष्ट करने से भारी हानि होती है। क्योंकि उस में प्राकृतिक और विशेषतापूर्ण कई भेद होते हुए भी वहां क्लेश नहीं, प्रत्युत प्रेम होता है, अभिमान नहीं नम्रता होती है, शत्रुभाव नहीं मित्रता होती है, क्रोध नहीं शांती होती है।

पन्थ थे, है, और होंगे। परन्तु उस में इतना ही परिवर्तन करना होता है कि उस से अलग पडी हुई धर्मरुपी आत्मा को पुनः उस में स्थित कर दिया जाये। अतः हम कोई भी पंथगामी हों, परन्तु धर्म के तत्वानुसार हमें अपने पन्थ में कायम रहना चाहिये।

अहिंसा के लिये हिंसा और सत्य के लिये असत्य का व्यवहार नहीं करना चाहिये, पन्थ में धर्म का प्राण फूंकने के लिये सत्याग्रही दृष्टि होनी चाहिये। इस दृष्टि वाले के लक्षण निम्न लिखित हैं:—

(१) जो हम मानते और करते हैं, उस का हमें सम्पूर्ण ज्ञान होना चाहिये और उस पर हमारी इतनी श्रद्धा और नियन्त्रण होना चाहिये कि दूसरेको सरलता और दृढता से समझा सकें।

(२) अपनी मान्यता दूसरे को समझाते समय जरा भी आवेश और क्रोध न आये और ऐसे समय अपनी कमजोरी निस्सङ्कोच भावसे मान लें।

(३) अपनी बात समझाने का धैर्य और दूसरे की दृष्टि समझने की तत्परता और उदारता होनी चाहिये। इतना ही नहीं, लेकिन अपने कमजोर और असत्य पक्षको त्यागने में और सत्यमार्ग स्वीकार करने में प्रसन्नता होनी चाहिये।

(४) कोई भी सत्य देश, काल और संस्कार से परिमित नहीं होता इस लिये सभी पक्ष देखने और विचारने का और जहां २ खण्ड सत्य नजर आये उस के समन्वय करने की वृत्ति होनी चाहिये।

पन्थ में धर्म न होने से वह राष्ट्र और समाज का घात करता है। जब राष्ट्र और समाज को एकत्रित होने का सुअवसर प्राप्त होता है तब वहां निष्प्राण पन्थ बाधा डालता है। सारे संसार में मानव समाज को सङ्गठित करने के उद्देश से धर्मजनित पन्थों की उत्पत्ति हुई थी। सब ही पन्थ धर्म प्रचार का दावा करते हैं लेकिन पन्थों की प्रवृत्ति से विपरीत ही परिणाम निकला है। पन्थ का अर्थ दूसरा कुछ नहीं केवल धर्म के नाम से रक्षित अपना मिथ्या अभिमान व मानसिक संकुचितता ही है।

राष्ट्र कल्याण और समाज सेवा में यदि रुकावट डालने वाली कोई चीज है तो वह पन्थ का जहर से भरा हुआ संस्कार ही है।

एक श्रीमन्त दिगम्बर, श्वेताम्बर—दिगम्बर के झगडे में अपने पक्ष से विरुद्ध, सत्य बर्ताव करें तो दिगम्बर पन्थ-वाले उसको धर्म से भ्रष्ट मानेंगे। हिन्दू—धर्म मन्दिर के पास मुसलमान बाजा बजावें तब एक सच्चा मुसलमान हिन्दुओं का दिल खामखाह न दुखाने के लिये, उन से ऐसा बर्ताव न करने की प्रार्थना करे तो वे सभी उस को कहेंगे कि वह पागल बन गया है, काफिर बन गया है, धर्म—भ्रष्ट बन गया है। एक आर्यसमाजी सच्ची भावना से मूर्तिपूजा को मानने लगे तो आर्यसमाज उस की कैसी खबर लेगी? इसी तरह से पन्थ, सत्य और एकता में रुकावट डालता है। अर्थात् हम स्वयं अपने २ पन्थमय संस्कार से सत्य और एकता दूर कर रहे है। इसी कारण से पन्थाभिमानी बडे २ धर्मगुरु और पण्डित कभी एक दूसरे से नहीं मिलते जब कि सामान्य जनसमूह परस्पर एक दूसरे से सरलता से मिलतो है।

जब पन्थगामी धर्मगुरु (जो कल्याण का दावा करते हैं) परस्पर एक दूसरे से सन्मान से बर्ताव करें, साथ मिल कर सरलता से प्रेम से, काम करें, विवेक बुद्धि से वैमनस्य दुर करें, आपस के झगडे उदारता से निबटाने की कोशिश करें तब पन्थ में धर्म का प्रवेश हुआ मानना चाहिये।

हमारा वर्तमान कर्तव्य पन्थ में धर्म डालने का है यदि ऐसा असम्भव हो तो पन्थ को मिटाने का है। धर्म—रहित पन्थ से अलग (दुर) रहना यह मानव हित की दृष्टि से लाभदायक है।

['आत्मानंद' वर्ष २ अंक १ उद्धृत]

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay 3. and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay

તારનું સરનામું:- હિંદસંઘ' 'HINDSANGHA'

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ { જુનું ૭ મું. નવું ૨ જું. }

તા. ૧૫ મી સપ્ટેમ્બર ૧૯૩૨.

{ અંક ૧૮ મો.

## હિંદના તારણહારની ભીષ્મ પ્રતિજ્ઞા.

મહાત્મા ગાંધીજી અને હિંદી પ્રધાન સર સેમ્યુઅલ હોર અને વડા પ્રધાન વચ્ચે ચાલેલા પત્ર વ્યવહારમાં મહાત્મા ગાંધીજીએ જણાવ્યું છે કે "હું નામદાર શાહન શાહની સરકારને માનપુર્વક જણાવું છું કે તે અત્યંજ વર્ગ માટે જુદા મતદાર મંડળ સ્થાપવાનો નિર્ણય આપશે તો જીવ જતાં સુધી અપવાસ કરીશ" કરવા ધારેલા અપવાસ સામાન્ય રીતે આવતી તા. ૨૦ મી સપ્ટેમ્બર બપોરથી અમલમાં આવશે–સિવાય કે સૂચવ્યા મુજબ અપાયેલા ચુકાદામાં ફેરફાર થાય.

મહાત્માજીની આ આત્મ બળિદાન આપવાની પ્રતિજ્ઞાથી હિંદમાં અને બહાર સનસનાટી ફેલાઇ છે. સિમલામાં ધારાસભામાં ચર્ચાઓ થઇ, જેમાં સ્વદેશ ખાતાના સભ્ય ઑા. મી. હેગે નીચે મુંજબ નિવેદન કર્યું છે:—

"મી. ગાંધીએ વડા પ્રધાન સાથનાં પોતાના પત્ર વ્યવહારમાં સ્પષ્ટ કર્યું છે કે મેં અપવાસ કરીને મારો દેહ પાડવાનો નિશ્ચય કર્યો છે તેનું કારણ કેદ રાખવામાં આવ્યા છે તે સામેનો વિરોધ કે છુટકારો મેળવવાનુ નહિં પણ કાયદાના સવિનય ભંગની ચળવળ સાથે સંબંધ નહિં ધરાવતા સિદ્ધાંતતો સવાલ છે. એવું નક્કી કરવામાં આવ્યું છે કે મી. ગાંધી ખરેખર અપવાસ આદરે કે તુર્તજ તેમને તુરંગમાંથી ખસેડી ખાનગી રહેઠાણને યોગ્ય સ્થળે ખસેડવા અને ત્યાં તેમનાપર અત્યારે એવો અંકુશ મુકવા ધાર્યો છે કે તેમને ત્યાંજ રહેવાની સુચના કરનારો હુકમ પહોંચાડવો. અમને આશા છે કે મી. ગાંધી પર વધુ અંકુશ મુકવાની જરૂર પડશે નહી પણ તેમને આપવામાં આવેલું છુટાં પણું કાયદાના સવિનય ભંગની ચળવળ કે સરકાર સામેની કોઇ એવી ઉશ્કેરણી વધારનારૂં અથવા કાયદો અને વ્યવસ્થાપર અસર કરનારૂં નિવડે છે કે કેમ તે પર મુખ્ય કરીને આ બાબતનો આધાર રહે છે."

---

### સુધારો.

જૈન યુગ અંક ૧૫ પૃ. ૧૧૨ પર શેઠ ફકીરચંદ પ્રે. સ્કૉ. પ્રાઇઝોમાં "(૨) સુરતના વતની અને કુલ્લે સૌથી વધારે માર્ક મેળવનાર તરીકે" એ પછી "શ્રી શાંતિલાલ ચિમનલાલ સંઘવી–સુરત (માર્ક ૩૭૭)" એ પ્રમાણે વાંચવું.

અંક ૭ પૃ. ૫૦ એજ્યુકેશન બોર્ડના સ્ત્રી ધોરણોના પરિણામમાં કન્યા ધો. ૧ માં નં. ૩ અને ૪ ની બ્હેનો અનુક્રમે કાન્તા કેશવલાલ અને કમલા ભૂરાભાઈ બન્ને બોરસદની નહિં પણ બોટાદ સેન્ટરની છે, તેજ ધોરણમાં અનુક્રમ નં. ૬ માં ઈનામ રૂા. ૪) ની જગ્યા ૩) વાંચવા.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઇ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.

,, મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.

,, હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ.

,, ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.

,, જગનાદાસ અમરચંદ ગાંધી

,, મોહનલાલદીપચંદ ચોકસી

— સુચનાઓ —

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.

ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ.

૨૦, પાયધુની-મુંબઇ ૩.

**उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

---

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
ન્યમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં


# જૈન યુગ.

તા. ૧૫-૯-૩૨. ગુરૂવાર.


# સખાવતી ખાતાંનો વહીવટ અને તેના હિસાબ.

## (૧)

### સખાવતોનો દુરૂપયોગ.

હિંદુ કોમમાં સખાવતો ઘણી થાય છે. હિંદુ કોમમાં જૈન કોમનો પણ સમાવેશ કરી શકાય. જૈન કોમમાં પણ અનેક જૈનો ધાર્મિક તેમજ અર્ધ-ધાર્મિક અને સામાજીક બાબતોને લગતી ઘણી સખાવત ખાનગી રીતે તેમજ જાહેરમાં કરી જાય છે. એટલે કે હિંદુ-જૈનોમાં ઉદાર અને દાનપ્રેમી હૃદયનાં ઝરણો સુકાયાં નથી. પણ ખરી વાત સર પુરષોત્તમદાસ ઠાકોરદાસે હમણાં સાંતાક્રુઝમાં 'વણિકબાળા ઓર્ફનેજ' ખુલ્લું મૂકતાં જે જણાવી છે તે એ છે કે આપણાં સખાવતી ખાતાંનો વહીવટ અને તેની યથાર્થ સ્થિતિ રજુ કરતા હિસાબ બરાબર રાખવામાં નથી આવતા અને તેનાં નાણાંનો દુરૂપયોગ 'જેના હાથમાં તેના મોંમાં' એવું બનતાં થાય છે, અને સમાજને લાભ જોઇએ, તેવો મળતો નથી. તેમણે ઉચ્ચારેલા શબ્દો નીચે પ્રમાણે છે:—

'હિંદુ સમાજમાં સેંકડો વકીલો, બેરિસ્ટરો અને જડજો તેમજ વિદ્વાનો પણ છે અને તે લાગણીવાળા છે, છતાં અજબ જેવું છે કે હિંદુ સમાજના કરોડોની સખાવતોનો વહિવટ આજે 'હાથમાં તેના મોંમાં' એ ન્યાયે ચાલી રહ્યો છે અને તે સંસ્થાઓ કે સખાવતોનો હિસાબ માગી શકે એવી એક પણ મધ્યસ્થ સંસ્થા નથી. ×મુખ્ય સવાલ એકજ છે કે હિંદુ સખાવતોનો દુરૂપયોગ થઇ રહ્યો છે તેને અટકાવવાનો પ્રયાસ કોણ અને તે કેવી રીતે કરે?× માત્ર પારસી કોમે પોતાની સખાવતોનો વહિવટ સુવ્યવસ્થિત કેમ રાખી શકાય તે દેખાડી આપ્યું છે. હિંદુ વિદ્વાનો અને પ્રતિષ્ઠિત ગૃહસ્થોને મારી અરજ છે કે આપણી સખાવતોની ગેરવ્યવસ્થાથી હિંદુ સમાજની ભારે દુર્દશા થઇ રહી છે. તે સ્થિતિ સુધારવાનું કામ હાથ ધરો. આજે જે નગની સખાવતના પરિણામે આપણે આ ઓર્ફનેજ હસ્તીમાં આવેલું જોઇએ છીએ તે સ્વ. મૂળજી બારભાયા પણ આ સવાલમાં ભારે રસ લેતા અને હું જાણું છું કે કોઇ પણ સખાવતનો દુરૂપયોગ થાય છે એમ તેઓ જાણતા તો તેઓ ખર્ચના પૈસા લીધા વિના પણ તે માટે લડત ચલાવતા હતા."

આપણી જૈન કોમમાં દેરાસર, પાંજરાપોળ, ઉપાશ્રય, ધર્મશાળા, દવાખાનાં, પાઠશાળા, સ્કુલો વગેરે અસંખ્ય સખાવતથી નીભતાં ખાતાંઓ છે. જૈનો જ્યાં જ્યાં વસે છે ત્યાં ત્યાં-નાના ગામમાં પણ આ ખાતાં પૈકી એક ખાતું તો અવશ્ય હશેજ. આ સર્વના હિસાબ તેના વહિવટદાર બહાર પાડતા નથી, તેમજ દેખાડતા પણ નથી. એક વખતનો શ્રીમંત તે તે સંભાળે, પછી તે શ્રીમંત સ્થિતિ બદલાતાં દેવદ્રવ્ય જેવી અખાજ ચીજ ભક્ષણ કરતો જાય છે અને છેવટે કંગાલ બની અંતિમ કેજે પહોંચે છે, એવા દાખલા જોવામાં આવે છે. ધર્મશાળાના મુનિમો ગમે તેવી ગેરવ્યવસ્થા રાખે છે. કોઇનો અંકુશ રહેતો નથી. આવા દાખલાઓ દુર કરવા માટે દરેક શહેરમાં એકાદ બે ખાતાના ગેરવહિવટ માટે યુવાનો બહાર પડી કોર્ટનું શરણું લઇ તેને દુર કરાવશે તો બીજા ખાતાંપર ભારે સારી અસર થાય. હમણાં આપણી કોમમાં સોલિસિટરો, વકીલો વગેરે વધુ પ્રમાણમાં થયા છે, તેઓ પૈકી કોઇ સ્વ. બારભાયાનું અનુકરણ કરશે.

### ટ્રસ્ટોના હિસાબની નોંધણીનો કાયદો.

બીજી બાજુ સરકાર જો મનમાં ધારે તો જેમ મુસલમાનોનાં સખાવતી ખાતાં ('વકફ') ને લગતો કાયદો કરી તેના ઓડિટ કરાવેલા હિસાબ કોર્ટમાં તેના ટ્રસ્ટીઓ પાસે લિખિતવાર રજુ કરાવવાનું ફરજીઆત કર્યું છે, તેવી રીતે હિંદુ કોમનાં ટ્રસ્ટો અને ધાર્મિક સખાવતી ખાતાંઓનું પણ તેમ કરવા માટે કાયદો ઘડી શકે તેમ છે. આ બાબતનો પોકાર ઘણા હિંદુ આગેવાનો તરફથી ઘણા વખતથી થઇ રહ્યો છે. છતાં તેના પ્રત્યે ધ્યાન હજુ સુધી અપાયું નથી. સને ૧૯૨૨ માં રા. બ. કાલેએ જાહેર, ધાર્મિક અને સખાવતી ખાતાંનો વહીવટ વ્યવસ્થિત કરવા માટેનું 'બિલ' (નિબંધ) મુંબઇની ધારા સભામાં લાવવા ધાર્યું હતું. સરકારે તે સંબંધી અમલદારો અને જાહેર સંસ્થાના મત લીધા હતા પણ ધારાસભામાં તે ચર્ચા માટે આવી શક્યું નહિ. સને ૧૯૨૭ માં તેજ નેતા સુધારેલા સ્વરૂપમાં તેનું બિલ લઇ આવ્યા, પણ સરકાર એવા નિર્ણય પર આવી કે તેમાં અનેક ફેરફાર કર્યા વગર તેને પોતાનો ટેકો આપી નહિ શકે. હવે આનંદની વાત છે કે મુંબઇ સરકાર પોતેજ એવી જાતનું બિલ લાવવા માગે છે કે:—

(૧) ધારાને મુંબઇ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ નામ આપવું.

(૨) એડન સિવાયના આખા મુંબઇ ઇલાકાના હિંદુ કોમના લાભાર્થે સખાવતી કે ધાર્મિક સ્વરૂપનાં (કે જેમાં સર્વ રીતે ધાર્મિક કે અમુક અંશે ધાર્મિક ને અમુક અંશે સામાજીકનો સમાવેશ થાય છે) જાહેર કામો માટે થયેલાં સર્વ ખાતાંઓ અને ટ્રસ્ટોને લાગુ પાડવું. (ક) તેનું ટ્રસ્ટ બન્યું હોય (ખ) યા તેની વાર્ષીક આવક સરાસરી પાંચ હજાર રૂ. કરતાં ઓછી ન હોય.

(૩) આ ધારો કોઇ બીજી કોમને પણ સરકાર ધારે તો લાગુ પાડી શકે પણ તે ધારો નીચેનાં ખાતાં-

ઓને લાગુ નહિ પડે (ક) ખાનગી ગૃહદેવતાઓ માટે કરેલાં ટ્રસ્ટ જો કે જાહેર લોકોની પૂજા માટે ગૃહમંદિરોને ખુલ્લાં રખાયાં હોય તો પણ (ખ) ધાર્મિક ઇચ્છાથી પણ ખાનગી માણસોને આપેલ અંગત ગ્રાંટ (ગ) રજીસ્ટર્ડ થયેલી સંસ્થા નીચે ચાલતાં યા એડમિનિસ્ટ્રેટર જનરલને કે ઓફીશ્યલ ટ્રસ્ટીને કે સખાવતી ખાતાંના ટ્રેઝરરને સોંપાયેલાં ટ્રસ્ટો. (ઘ) જેના વહીવટ માટે કોર્ટે સંમત રાખેલી યોજના થઇ હોય તે.

(૪) આવાં ટ્રસ્ટો કે ખાતાં જે ખતની રૂએ ઉભાં થયાં હોય તે ખતની નકલ અને તેના માર્ચ આખર સુધીના વાર્ષિક હિસાબો સરકારના પ્રમાણપત્રવાળા ઓડિટરો પાસે ઓડિટ કરાવી સરકારે નીમેલા રજીસ્ટ્રાર પાસે નક્કી કરેલા સ્વરૂપમાં રજુ કરવાં.

(૫) ધારા પ્રમાણે તેમ નહિ થાય તો તેના વહીવટદારને મેજીસ્ટ્રેટ ૨૫ રૂ. સુધીનો દંડ કરી તેમ કરવા માટે વખત આપશે અને તે વખતમાં પણ ન કરે તો હમેશનો વીસ રૂ. સુધીનો દંડ ચડે એવી સજા કરી શકશે.

આમ ટુંકમાં સારાંશવાળી મુખ્ય કલમો મૂકેલી છે. સરકારનો અંકુશ આમ ધાર્મિક ખાતાંઓ ઉપર પડે એ એક રીતે ઠીક નથી એમ કોઇ કહેશે, પણ જ્યાં અંધાધુંધી ગોલમાલ, દુર્વ્યય, આખાં ટ્રસ્ટનો વિનાશ, ઘણા કાળથી પ્રવર્તી રહેલ હોય અને તેને અટકાવવા કોઇ ધણી કે ધોરી હોય નહિ ત્યાં સરકારી અંકુશ જરૂરી અને ઇષ્ટ ગણવામાં આવે તેમાં ખોટું શું છે? આવો કાયદો થનાર છે એમ સાંભળતાં ઘણા ગેરવહિવટદારોના હૃદયમાં ધ્રાસકો પડશે અને પોતાના ખાતાની મુડી રખેને કોઇ જાણી જાય એવી ભાવનાથી દાબેદુબ્યું રાખનારા મેનેજરોને આઘાત થશે પણ કાળ કાળનું કામ કર્યે જાય છે તો તેમાંથી બચવાનાં ફાંફાં મારવાં નકામાં છે.

### ઉપરના ધારાપર સૂચનાઓ.

આ બિલ પર જૈન શ્વે. કોન્ફરન્સે, જૈન એસોસિયેશન ઑફ ઇંડિયાએ તેમજ બીજી સંસ્થાઓએ તેની નીતિને સંમતિ આપી તેમાં સુધારા વધારા સૂચવવા જોઇએ. મુંબઇ ઍડવોકેટ એસોસિએશને જે સૂચવેલ છે તેને અમારો ટેકો હોઇ નીચે જણાવીએ છીએ.

(૧) આ માત્ર હિંદુ કોમ (કે જેની વ્યાખ્યા કરવામાં નથી આવી) ને મુખ્ય રીતે લાગુ પાડવા ધારેલ છે તો તેમાં જૈન આદિ કોમનો સમાવેશ થવો જોઇએ અને પારસી તથા ખ્રિસ્તીઓને પણ લાગુ પડે તેમ થવું ઘટે.

(૨) જેનું ટ્રસ્ટડીડ થયું ન હોય યા જેની વાર્ષિક આવક પાંચ હજારથી ઓછી હોય તેને આ ધારાથી મુક્ત રાખવા ઇષ્ટ નથી. ટ્રસ્ટ થયું હોય યા ન થયું હોય તે સર્વ ટ્રસ્ટ ખાતાંને અને જેની મૂડી પચીસ હજાર હોય યા જેની ખર્ચ કાઢ્યા વગર કુલ વાર્ષિક આવક એક હજારની હોય તે સર્વને આ ધારો લાગુ પડવો જોઇએ.

(૩) કોર્ટે સંમત રાખેલી યોજના જેના વહીવટ માટે થઇ હોય, તેમાં જો એવી સાથે સરત રાખેલી હોય કે તેના વાર્ષિક હિસાબ કોર્ટમાં ફાઇલ થશે ને બહાર પાડવામાં આવશે તોજ તેને આ ધારો લાગુ પાડવો નહિ. પણ એવી સરત ન રાખેલી હોય તો વાર્ષિક હિસાબ ફાઇલ થવાજ જોઇએ.

(૪) જ્યાં ટ્રસ્ટડીડ ન થયું હોય ત્યાં તે ટ્રસ્ટની મિલ્કતનું જાહેરનામું 'ડેકલેરેશન' લેવું.

(૫) વાર્ષિક હિસાબમાં માર્ચ આખરનું વર્ષ ગણ્યું છે તે સામાન્ય રીતે ઠીક નથી. દીવાલી સુધીનું હિંદુ વર્ષ તે માટે રાખવું યોગ્ય છે, યા તો તે માટે ઐચ્છિક રાખવું. જેવું વર્ષ જે સ્વીકારે તેવું વર્ષ પછી કાયમ માટે રહે.

આવા કાયદાની ખાસ જરૂર જૈનો માટે.છે. તેથી લાખો રૂપીઆ બરબાદ જતા અટકશે, વહીવટ સુધરશે ને વ્યવસ્થિત થશે, હિસાબની ચોકસાઇ રખાશે, જુના હિસાબો ફેરવી નંખાશે નહિ, તેમ નાણાં હજમ જતાં અટકશે, લખલૂટ ખર્ચ કે ખોટાં ખર્ચો પર અંકુશ રહેશે, અને કોના બાપની દિવાળી–ચાલે ત્યાં સુધી ચલાવો, એ તો આપણુંજ છે ને! કોણ ભાવ પૂછનાર છે?– આવી મનોદશા ટળી જઇ પવિત્ર અને જવાબદારીવાળું વાતાવરણ ઉત્પન્ન થશે અને તેથી સમાજ તેનો લાભ પ્રમાણમાં અને વિશેષ સારી રીતે મેળવી શકશે અને ટ્રસ્ટ કરી જનાર આત્માઓને વિશેષ વફાદાર રહી વહીવટદારો પોતાનું અને સમાજનું કલ્યાણ–હિત સાધવાનું પુણ્ય ઉપાર્જન કરી શકશે.

–મોહનલાલ દલીચંદ દેશાઇ.

## જીવન–મંત્ર.

( દ્રુત વિલંબિત. )

દિવસનાથનું બિમ્બ ડુબી ગયું, તિમિર છાય જગે પસરી ગયું;
કનક વાદળીઓ નભમાં રમે, રજત તારલ એક ઝીણું હસે. ૧
જલધિ નીર તરંગ ઉછાળતું, ખડક સાથ ઘસાઇ વહી જતું;
ધવલ ફીણ બધે પસરી જતાં, ધવલતા હૃદયે વિકસાવતાં. ૨
કુદરતે જગની કૃતિઓ ભરી, ખડક એક પરે નિરખી રહ્યો;
ક્ષણિકતા સુખની સ્મૃતિએ ચડી, ગંભિરતા હૃદયે પસરી ગઇ. ૩
જલપરે એક નાવડી ઝુલતી, મુજ સમીપ અહો ધસતી હતી;
પલકમાં મુજ પાસ ખડી રહી, મૂઢ બન્યો શુભ દૃશ્ય નિહાળતાં. ૪
લલિત કાંતિ ભરી યુવતી હતી, કનક દંડ હતો નિજ હસ્તમાં;
કિરણ ઓજસના ઝળકી રહ્યાં, નયન તેજથી બંધ થઇ ગયા. ૫
કર ગ્રહી કહ્યું "વત્સ ન દીન થા, બન સચેત અહીં તુજ કર્મમાં;
યુવક! નાવ મહીં અહીં આવી હું, જીવન માર્ગ તને બતલાવવા. ૬
યુવકને ક્ષણ ભંગુરતા નથી, યુવકને કદિ બીક ન મૃત્યુની;
રટન મંત્ર કરી જન માત્રના, ઉદયમાં દિન રાત મચી રહે." ૭
જીવન મંત્ર એ દિવ્ય સમર્પીને, રમણી શીઘ્ર અદૃશ્ય બની ગઇ;
રટન મેં પણ મંત્રનું આદર્યું, મનથી ધન્ય ગણ્યું મુજ જીવવું. ૮

–મનસુખલાલ લાલન.

## સમયના પ્રવાહમાં.

**સંઘમાં શ્રાવકોનું સ્થાન**—દેશવિરતિ ધર્મારાધક સમાજ તરફથી તેના મંત્રીએ એક હેંડબીલ બહાર પાડયું છે કે ૧૬ વર્ષની અંદર માતાપિતા અથવા વાલીની રજા વિના દીક્ષા કોઇપણ સાધુમુનિરાજે આપવી નહિ, અને સાધુઓની સતા સંઘમાં સર્વોપરી છે, સાધુઓની બાબતમાં શ્રાવકોને કંઇ બોલવાનો હક નથી. આમાં પહેલી બાબત ઉત્તમ છે. પરંતુ બીજી બાબત માટે મારૂં એમ માનવું છે કે શ્રાવકોની સ્થિતિ સારી હશે, તોજ સાધુઓ સારા ચારિત્રવાળા, અથવા વધારે જ્ઞાનવાળા, અથવા વધારે સત્વવાળા મળવાનો અથવા થવાનો સંભવ રહેશે. આ લેખક વયોવૃદ્ધ હોવાથી, ઉચ્છૃંખલ પ્રકૃતિવાળો હોવાનો સંભવ નથી, તેથી તેનું એમ માનવું છે કે અત્યારસુધી આત્મારામજી મહારાજ, વૃદ્ધિચંદજી મહારાજ, વિગેરે પ્રખર શાસનના ધોરીઓ હમેશાં શ્રાવક સંઘની સંમતિ અથવા વિચારણા સાથે કાર્ય કરતા હતા. જ્યાં શ્રાવક સંઘનો વિરોધ હોય, ત્યાં તેઓ તેની સામે પૂરે પડતા નહિ. અને મારી જેવા મધ્યસ્થ વૃત્તિના માણસને એ વાત બહુ ઉત્તમ લાગે છે. તો સંઘમાં શ્રાવકોનું સ્થાન નિશ્ચિત રીતે સ્પષ્ટ કરવું જોઇએ, એવી મારી સાગરાનંદસૂરિજી, વિજયવલ્લભસૂરિજી, વિજયનેમિસૂરિજી, વિગેરે આચાર્યમહારાજોને નમ્ર વિનતિ છે.

**જૈન જનતામાં કલહ**—નડીયાદથી પ્રસિદ્ધ થતા "ગુજરાત ટાઇમ્સ" ના તા. ૬ સપ્ટેંબરના અંકમાં તંત્રીએ ઉપરના હેડિંગ નીચે નોંધ કરી છે, અને એમ બતાવવાને યત્ન કર્યો છે કે કલહ ટાળવા માટે મુનિરાજશ્રી રામવિજયજી ઘણોજ પ્રયત્ન કરી રહ્યા છે. જો મુનિરાજ શ્રી રામવિજયજીના મનમાં કલહ ટાળવો એવોજ નિશ્ચય હશે, તો તો મને ખાત્રી છે કે તેઓ ભગીરથ પ્રયત્નવાદી હોવાથી, અને કાર્યસાધક પ્રયત્ન કરનાર હોવાથી, જરૂર ફતેહ પામશે. પરંતુ સવાલ એકજ છે કે તેઓ ખરેખર કલહ ટાળવાના નિશ્ચય પર આવ્યા છે? આ લેખક પંચાંગી સહિત ૪૫ આગમોને માને છે, પરંતુ દેશ, કાળ અનુસાર જ્યાં ઉપાય ન હોય ત્યાં નયની અપેક્ષા લેવાની જરૂર ધારે છે, તો શું જૈનશાસનમાં દેશ, કાળની ગણતરીજ રાખી નથી? હું ફરી ફરીને કહું છું કે કોન્ફરન્સની વ્યક્તિઓ કોઇપણ જૈનદીક્ષાની વિરોધી નથી, માત્ર વિરોધ નાની ઉમ્મરની દીક્ષા માટે, અને સંમતિ વિના નસાડી, ભગાડી અપાતી દીક્ષા માટેજ છે. "વીરશાસને" આ ઉપર લખેલ આર્ટીકલનો ઉતારો કરેલ હોવાથી આટલો ખુલાસો કરવો આવશ્યક લાગ્યો છે.

**જૈનોમાં સમાધાની કેવી રીતે શકય થાય?**—આ હેડિંગ નીચે મુંબઇ સમાચારના તા. ૭ સપ્ટેંબરના અંકમાં "ધર્મ પ્રિય" તખલ્લુસથી એક ચર્ચાપત્ર આવ્યું છે. જવાબમાં જણાવવાની જરૂર છે કે કોન્ફરંસે વિધવા વિવાહ માટે કંઇ ઠરાવ કર્યોજ નથી. તેમ એ પ્રવૃતિ આ સંસ્થાએ આગળ વધારી પણ નથી. મહાવીર વિદ્યાલય સાથે કોન્ફરંસ અથવા યુવક-સંઘનો સંબંધ કેવી રીતે જોડી શકાય, એ સમજી શકાતુંજ નથી. એ જુદી સંસ્થા છે. એ સંસ્થાના કાર્યવાહકોને મળીને જે બંદોબસ્ત કરવો હોય તે બીજા વિચારના માણસો કરી શકે છે. જોકે ખરી રીતે જોતાં તો વાત એકજ છે કે મહાવીર વિદ્યાલય સ્થાપન થયું, ત્યારથી ૧૫ વર્ષ સુધી તેના હિસાબો તપાસવાનું કામ મેં કર્યું હતું, અને તેમાં એક પણ વખત હિસાબ માટે એક પાઇ પણ સંસ્થામાંથી ખર્ચાવાનું વાઉચર અમારી પાસે મંજુર થઇને આવ્યું નથી. કોન્ફરંસે એવો પણ ઠરાવ કર્યો નથી કે સાધુઓએ આગગાડીમાં બેસીને વિહાર કરવો, અથવા તેમણે પુનર્લગ્નનો પ્રચાર કરવો, રાત્રિ ભોજન કરવું, કંદમૂળ ખાવું; અથવા ધાર્મિક અનુષ્ઠાનો ન કરવા, તેથી કોન્ફરંસને તે કામ સાથે જોડી દેવાની જરૂરજ નથી. કોઇ વ્યક્તિનો એવો મત હોય, તેની સાથે કોન્ફરંસને જોડી દેવાની જરૂરજ નથી. વડોદરા દીક્ષા પ્રતિબંધક કાયદાની જરૂર તો એટલા માટેજ જણાઇ હોય એમ લાગે છે કે બધા ઉપાયો નિષ્ફળ ગયા પછી, સાધુ મુનિરાજોએ કરેલા સંમેલનના ઠરાવો પણ નકામા પછી, અને બીજી કોઇ આશાનું કિરણ નહિ રહેવાથીજ આ પગલું ભરવા રાજ્યને બહુ દુઃખભરી ફરજ પડી હોય. હજી પણ મુનિરાજો ૪-૬ મહિના કસોટી માટે સાથે રાખ્યા પછી દીક્ષા આપવાની જરૂરીઆત કબૂલે તો કંઇ વચલો રસ્તો નીકળવાનો સંભવ રહે, બાકી એક વાત સ્પષ્ટ કહેવાની જરૂર લાગે છે કે મારા જેવા ડોસા કાંઇ ચિરાયુ નથી, અને આવતો જુવાન વર્ગ સાધુમુનિરાજોની હાલની સત્તાભરી સ્થિતિ સ્વીકારી લે એવો સંભવ બહુ ઓછો લાગે છે. એટલું મુક્તકંઠે સ્વિકારવું જોઇએ કે મુનિરાજશ્રી રામવિજયજી અને આચાર્ય શ્રી આનંદસાગરજી જેવા પ્રખર વિદ્વાન્ વક્તાઓના પરિચયમાં આવીને કઇક જીવો શાસનથી વિમુખ હશે, તે શાસન તરફ ઉત્તમ લાગણીવાળા બન્યા હોય; પરંતુ એટલા ઉપરથી આવતા જમાનાને વિસારીને કામ લઇ શકાય તેવો સંભવ નથી.

**શૌરીપુર તીર્થનો ઝઘડો.**

જૈનોમાં માંહોમાંહે લડવાની જે નીતિ વર્ષોથી ચાલુ કરવામાં આવી છે, તેનો અંત કયારે આવશે તેની કલ્પના તો કોઇ મહાજ્ઞાનીજ કરી શકે. પણ હાલમાં જે પ્રવૃતીઓ ચાલુ રહી છે. તે જો દુર નહીં થશે તો અમને તો ખાત્રી છે કે જૈન ગણાતા ફીરકાઓ માંહેમાંહે લડીને એવું તત્વ પેદા કરશે કે ભવિષ્યમાં તેમનું નામ અવનીપરથી નાબુદ થાય, તેમના તીર્થોના બીજા જૈનેતરો ધણી થઇ બેસે અને રાજ્યસત્તાની દખલગીરી હમેશ માટે પ્રવેશ કરી, ચાલુ ગુલામીમાં રહેવાની હૈયાત જૈનોને તક સાંપડે. હાલમાં જૈન તીર્થોની માલેકી અને ભાગીદારી સંબંધમાં જૈનોના બે મોટા ફીરકાઓ વચ્ચે ઘણા ઝગડાઓ અને કેસો ચાલુ છે, તેની પાછળ લાખો રૂપીયા ખરચાયા છે, અને ભવિષ્યમાં પણ લાખો રૂપીયા નહી ખરચાય એવું માનવાને કોઇ કારણ નથી જણાતું. પાવાપુરી તીર્થમાં પ્રભુ પ્રતીમાની પૂજા કરવાનો હક ભોગવે તે સામે તેમના હિતચીંતક દીગંબર બંધુઓએ એક કેસ માંડયો હતો અને પરીણામે એવો ચુકાદો અપાયો છે કે શ્વેતાંબરોએ વર્ષમાં એકજ દીવસ પ્રતીમા લાવીને મંદિરમાં પૂજા કરી શકશે અને તેથી વધુ દિવસ પ્રતીમા લાવી શકશે નહી, સમેતશીખરના, મક્ષીજીના, અંતરીક્ષજીના અને બીજા તીર્થોના, કુસંપ વધારનાર કેસો પણ હજી ચાલુ છે અને જેઓ-

ની પ્રાચીન સમયથી માલીકી છે તેઓનેજ તેમાં ખોવાનું છે. આગ્રાના જૈન શ્વેતાંબર સંઘ તરફથી એક અપીલ બહાર પાડવામાં આવી છે તે એક વધુ કેસની જાહેરાત જનસમુહ સમક્ષ આપે છે, એ અપીલનું મથાળુ આ પ્રમાણે છે. "શ્રી શૌરીપુર તીર્થને દીગંબરીઓ છીનવી લેવા માગે છે. જે કોઇ તીર્થને પુજનીક માનતા હોય તેઓએ તેની રક્ષા માટે કટીબદ્ધ થવું જોઇએ" અપીલમાં જણાવવામાં આવ્યું છે કે એ વાત કોઇથી છુપી નથી કે બાવીસમાં તીર્થંકર શ્રી. નેમીનાથ ભગવાનનો જન્મ શૌરીપુરમાં થયો હતો એમ શ્વેતાંબર જૈનો માને છે, જ્યારે દીગંબરોની માન્યતા પ્રમાણે તેમનો જન્મ દ્વારીકામાં થયો હતો. એ કારણથી શ્વેતાંબરો શૌરીપુરની ભુમીને જમાનાઓ થયાં પવીત્ર માને છે, અને દીગંમ્બરો તેમ માનતા નથી. તે છતાં શ્વેતાંબર જૈનોને પરેશાન કરવા માટે અને તેમનું તીર્થ છીનવી લેવા માટે, દીગંબરોએ બીજા તીરથો સંબંધમાં કર્યું છે તેમ, મુકદમાબાજી ચલાવી રહી છે. ૧૯૨૪ માં તેની શરૂઆત થઇ છે અને તેની સુનાવણીએ છેક ઇલ્લાહાબાદની રેવન્યુ બોરડ સમક્ષ થઇ છે. ફોજદારી કેસો કેટલા થઇ ગયા. હાલમાં બે વર્ષોથી સીવીલ કોરટમાં કેસ ચાલે છે. આ કેસો સીવાય દીગંબરોએ કેટલાક એવાં કાર્યો કર્યા છે. કે જે લખતાં કલમ થરથરે છે. ટુંકમાં એટલું કહેવું પુરતું થઇ પડશે કે શ્વેતાંબરાની કેટલીક પ્રતીમાઓનું અપમાન કરવામાં આવ્યું છે, તેને ખંડીત કરવામાં આવી છે, દીવાલો તોડી નાંખવામાં આવી છે અને પ્રભુની ચરણ પાદુકાઓને ઉખેડી નાંખવામાં આવી છે. અને શ્વેતાંબરો તરફથી બંધાયેલ ધરમશાળાનું કામ બંધ થાય એવી રીતના અટકાવ કરવામાં આવ્યા હતા. આ બધી લડતોમાં અત્યાર સુધી શ્વેતાંબરોનીજ જીત થઇ છે છતાં તે સંબંધમાં મોટો ખર્ચ થયો છે. આગ્રાના સંઘે એ માટે હજારો રૂપીયા ખર્ચ્યા છે, શ્રીમદ્ વીજયનેમીસુરીજીના ઉપદેશથી અમદાવાદથી તીર્થરક્ષા કરવા માટે રૂા. ૬૫૦૦ ની મદદ મળી હતી અને હજી બીજા મોટા ખર્ચો બાકી છે. આ માટે શ્વેતામ્બર જૈનો પોતાથી બનતી મદદ મોકલી આપશે એવી આશા છે." આ તીર્થ સંબંધમાં નીચલા ગામોના આગેવાનોની જુબાની કમીશનથી લેવાનો હુકમ નીકળી ચુકયો છે અને તે કમીશન મારફતે સપ્ટેમ્બર મહીનામાં જુબાની લેવાની શરૂ થશે. એ સંબંધમાં દીગંબર પક્ષવાળાઓએ વકીલો વીગેરેની સગવડ માટે પ્રબંધ કરી લીધો છે. (૧) નઇનીતાલમાં રાવબહાદુર સી. સી. મોથા. (૨) મુજફ્ફર નગરમાં બુરહાન તહસીલવાળા તહસીલદાર પીરજા વીલાયત હુસેન. (૩) બનારસમાં બાબુ નાનકચંદજી જૌહરી, (૪) કલકત્તામાં રાજા બહાદુરસીંહજી, મહારાજ બહાદુરસીંહજી. રાયકુમારસીંહજી બાબુ પુર્ણચંદજી નાહર, શેઠ પુરણચંદજી સમસુખા અને શેઠ બહાદુરસીંહજી (૫) મહમુદાબાદમાં બાબુ સુરપતસીંહજી, (૬) જેપુરમાં શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા અને શેઠ બાગમલજી (૭) અજમેરમાં શેઠ હીરાચંદ સચેતી, (૮) અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીના સેક્રેટરી અને શેઠ મનસુખભાઇ ભગુભાઇની પેઢીના મુનીમ (૯) શ્રી ભાવનગરમાં આત્માનંદ સભાના મંત્રી, કુંવરજી આણંદજી, ગીરધરભાઇ આણંદજી, (૧૦) ઇન્દોરમાં રાવબહાદુર શ્રી સેવમલજી બાફના, (૧૧) મુંબઇમાં જૈન શ્વેતાંબર કોન્ફરન્સના સેક્રેટરી. લાલબાગની કમીટીના સેક્રેટરી. શેઠ ગોકુળભાઇ મુળચંદ (૧૨) કોટામાં દીવાન બહાદુર શેઠ કેસરીચંદજી (૧૩) ગ્વાલ્યરમાં ડો. મીસ કૌઝ, નરસીંહ જશરાજની પેઢીવાળા શેઠ વદનમલજી. આલમચંદ હજારીમલજીની પેઢીવાળા શેઠ કેશરીચંદજી, મોટા મંદીરના મેનેજર બાબુ પ્રેમચંદજી નહાટા, યતી રૂપસદાસજીની ગાદીવાળા યતીજી (૧૪) ભીણ્ડમાં રીખવદાસજીની ગાદીવાળા યતીજી આ કમીશન વખતે દીગંબરો તરફથી બાબુ અજીતપ્રસાદજી એમ. એ. એલએલ. બી. નીસ્વાર્થ સેવા બજાવનાર છે,

શાહ નરોત્તમ ભગવાનદાસ.

---

# મારવાડ પ્રાંતમાં દીક્ષા અંગે ઠરાવ.

(સિરોહી-મારવાડમાં થયેલ નીચે મુજબ ઠરાવ પ્રસિદ્ધ કરવા અમોને એક ખબરપત્રી તરફથી જણાવવામાં આવ્યુ છે. મારવાડમાં પણ હાલમાં થતી અયોગ્ય દીક્ષા માટે કઇ જાતનું વાતાવરણ છે તે આ પરથી સ્પષ્ટ થાય છે.)

आज कल कितनेक **मुनी महाराज शिष्य बनानेके वख्त देश, काल विरूद्ध वर्ताव करते हैं** जिससे जैन धर्मकी अवहेलना होनेके प्रसंग उपस्थित होते है ओर बाज वख्त मुनि महाराजोकोभी कष्ट उठाना पडता है और संघकोभी तकलीफ उठानी पडती है. इस विषयमें **संवत्** १९६८ के सालमे वडोदरा मुकाम श्री आत्मारामजी महाराजके सिंगाडे के साधुओंने सम्मेलनसे बाद एक लम्बे विचारके इस मामलेमें प्रस्तावभी पास किया था लेकिन फिरभी **बहुतसे मुनि महाराज उसके विरूद्ध अभोभी वर्तते हैं** इसलिए निम्नलिखित प्रस्ताव दिक्षाके संबंधमें पसार किये जाते हैं:—

१ दिक्षा लेनेवालेकी उम्र १८ सालसे उपर होना चाहिये.

२ दिक्षा लेनेवाले को चाहियेके अपने वाली वारिस (माता, पिता, स्त्री, पुत्र, पति, भाई वगेरा) से अवल लिखित आज्ञा प्राप्त करे और जिस जगह दिक्षा लेने की हो वहां के संघ के सामने अपनी दीक्षा बाबत एक लिखित इरादा रजु करे उसपरसे श्री संघको मुनि महाराज मिल कर दो माह पहिले किसी अखबारमें उस बातकी सूचना पूरे हालातके साथ देवे ताकि जिस किसीको उम्र दिक्षाके मुतआल्लिक हो वो मियादके अंदर श्रीसंघ के सामने आकर रजु कर सके.

३ श्री संघको इस बातकी अव्वल खातरी करना जरूरी होगा कि दिक्षा लेने वालेने उनके गुजारीका योग्य प्रबंध कर लिया है जो उसके आश्रित है.

उपर मूजब प्रस्तावके खिलाफ जो कोई साध्वीजी, साधुजी, श्रावक या श्राविका अमल करेंगे उनके लिए श्री संघ मुनासिब विचार करेगा. फक्त ता. १० अप्रेल १९३२

(अनुसंधान पृ. १४२ के उपर.)

# વિશ્વોદ્ધારકના જીવન પ્રસંગો.

( ગતાંકથી પુરૂં. )

પ્રભુના બાલ્યકાળથી તેમનામાં અનેક ગુણો સંચિત થયા હતા, તેઓ જ્ઞાનથી વિભૂષિત હતા, છતાં પણ વ્યવહારને સમજતા હતા, તેઓમાં અનંત શક્તિ હતી, છતાં વિવેકને કદાપિ ભૂલ્યા નહિ હોતા, એઓનો માતૃપિતૃ પ્રત્યેનો પ્રેમ એમની ગર્ભાવસ્થામાંથીજ તરી આવતો હતો, પોતે જ્યારે ગર્ભાવાસમાં હતા, ત્યારે મારી માતાને મારાં સ્ફુરણથી (હલન ચલનથી) કષ્ટ થશે એ ધારી સ્થિર રહ્યા, ત્યારે પોતાની માતાને ઉલટી ચિંતામગ્ન થતી જોઇ ત્યારે પુનઃ સ્ફુરણ કર્યું, અને વિચાર્યું કે અહો ! મારા માતાપિતાનો મારા પ્રત્યે કેટલો અનહદ પ્રેમ છે ? આ પ્રેમ મને અન્ય સ્થળેથી મળવો દુર્લભ છે, માટે જ્યાં સુધી મારા માતાપિતા જીવંત હોય ત્યાં સુધી હું તેમની શાંતિને માટે તેમના સુખને માટે સંયમ ગ્રહણ નહિ કરૂં. કેટલી ઉત્તમ માતૃભક્તિ ? પોતે જ્ઞાની હોવા છતાં, અને સંયમ એ ઉત્તમમાં ઉત્તમ છે એ જાણવા છતાં પણ વ્યવહારને લક્ષમાં રાખી જે વિચાર કર્યો તે આજે પણ આપણે ભુલી શકતા નથી.

ત્યાંથી આગળ ચાલતાં વિનયનું દર્શન આપણે કરી શકીએ છીએ, પોતે જ્ઞાની હોવા છતાં પણ ગુરૂની પાસે નિશાળમાં જાય છે, વિદ્યાર્થી તરીકે બેસે છે, ભણે છે, અને ગુરૂનો વિનય વિવેક આદિ યોગ્ય રીતે એક સામાન્ય વિદ્યાર્થીની પેઠે સાચવે છે, એ તેના હૃદયની વિશાળતાનું આપણને સચોટ ભાન કરાવે છે, આજે ઘણે સ્થળે એથી ઉલટી સ્થિતિ દેખાય છે, જરા જેટલું પણ નહિ જાણવા છતાં આપણે ઘણી વખત જ્ઞાનીનો દંભ કરીએ છીએ, અરે એટલુંજ નહિ પણ ઘણાક તો એ પ્રભુ મહાવીરના પુત્ર હોવાનો દાવો કરવા છતાં, તેમના શિષ્યો હોવાનું અભિમાન ધરાવતા છતાં પોતે સંપૂર્ણ જ્ઞાની નહિ હોવા છતાં એ જ્ઞાનીપણાના દંભની નીચે અનેક ભોળા લોકોને ઠગી રહ્યા છે, આપણી અધમતાની ત્યાં તો હદજ આવે છે.

ત્યારપછી આવે છે તે મહાપુરૂષનો ગૃહસ્થાવાસ, એમણે એ ગૃહસ્થાવાસ પણ યોગ્ય શ્રાવકને શોભે તેવી રીતે પાળી જગતને બતાવી આપ્યું છે કે ગૃહસ્થાવાસમાં રહીને પણ શ્રાવક ધારે તો નીતિમય જીવન ગાળી ઉચ્ચ કોટીએ જઇ શકે છે.

જે ગૃહસ્થાવાસ અનેક વિડંબનાઓથી ભરપૂર છે, જેમાં અનેક સાચા ખોટાં જાણ્યે અજાણ્યે કરવાં પડે છે, એવા સંસારમાં પણ મનુષ્ય ધારે તો નીતિમય જીવન ગુજારી ધર્મના શુદ્ધ સ્વરૂપને પામી શકે છે.

ત્યાર પછીનો પ્રસંગ કુટુંબ પ્રેમ આવે છે. માતાપિતાના સ્વર્ગવાસ પછી પોતાની સંયમ લેવાની ઉત્કટ ભાવના હોવા છતાં પણ પોતાના વડિલ બંધુની આજ્ઞાને શિર પર ચઢાવનાર, તેના સ્નેહને અપનાવનાર એ મહાપુરૂષ કેટલા દીર્ઘદૃષ્ટિશાળી અને સ્નેહાન્વિત હતા, એનું જ્યારે સ્મરણ થાય છે, અને તેની સાથે જ્યારે આજના વાતાવરણને અવલોકીએ છીએ, અને તદન ઉલટી દિશામાં અપાતા ઉપદેશો શ્રવણ કરીએ છીએ, ત્યારે એટલો ભયંકર આઘાત થાય છે કે આત્મા સહજ પોકારી ઉઠે છે કે હે પ્રભો અમારી આ દશા !

ત્યાર પછી આવ્યો સંયમ, આ એકજ માર્ગ તેમને પોતાની અપૂર્ણતા દુર કરી સંપૂર્ણપદ પામવા માટે ગ્રાહ્ય હતો, અને એ ગ્રહણ કરી પોતાના જીવનનો પંથ જુદો કરી તે માર્ગે પ્રયાણ કર્યું, જ્યાં પણ એ મહાનુભાવના જે ગુણો પળે પળે વૃદ્ધિ પામતા હતા, તેમનો સંપુર્ણ ઉલ્લેખ તો કરી શકાયજ નહિ, છતાંય પણ આપણે આગળ કહી ગયા તેમ બને તેટલું ગ્રહણ કરવું એજ આપણું ધ્યેય છે.

સંયમના અલૌકિક ભારમાં તેની ઉદાર દાનવૃત્તિનો પ્રસંગ પ્રથમ તરી આવે છે, પોતે રાજપાટ સર્વસ્વ ત્યાગી માત્ર ધરણેંદ્રે આપેલા દેવદુષ્ય વસ્ત્રભર ચાલી નીકળ્યા, અને પોતાના એ મહાન સિદ્ધાંતો 'અહિંસા પરમો ધર્મ' અને 'સવિજીવ કરૂં શાસન રસી'ની ઉદ્‌ઘોષણા ભારતની સપાટી ઉપર કરવા લાગ્યા, તે દરમ્યાન સંસારીપણાના મિત્ર એક ગરીબ બ્રાહ્મણની યાચનાને માન આપી એકના એક દેવદુષ્ય વસ્ત્રમાંથી અર્ધું આપી તેની વૃત્તિને શાંત કરનાર એ મહાપુરૂષની ઉદારતા ચિરસ્મરણીય રહેશે.

ત્યાર પછીના કષ્ટના કાળમાં તેમની નિડરતા અને આત્મબળ તેજસ્વીપણે ઝગહગી રહ્યાં હતાં, જ્યારે જંગલમાં પૂર્વકર્મના ઉદયથી અનેક ઉપસર્ગો થવા લાગ્યા, ત્યારે ઇન્દ્રે રક્ષકો રાખવાની માંગણી કરતાં પ્રભુએ જે જવાબ આપ્યો તે ખરેખર મનનીય છે. પ્રભુ કહે છે આત્મકલ્યાણની સાધના પરાવલંબન થી થઇ શકતી નથી. માટે મારે એવી કોઇ સહાયની જરૂર નથી, એ બોધપાઠ તેમની પૂર્ણતાએ પહોંચવાની તાલાવેલી, અને માર્ગમાં નડતા સંકટો સહવાની સહિષ્ણુતાનો મુખ્ય પાઠ આપે છે.

ત્યાર પછી ક્ષમાનો મહાન ગુણ આપણી સમક્ષ ખડો થાય છે; પોતાના દૃષ્ટિવિષથી **બાર કોષ સુધી** જંગલને ઉજ્જડ બનાવનાર ચંડ કોશીઓ નાગ જ્યારે પ્રભુના જમણા પગ પર ડંસે છે, અને જ્યારે પ્રભુના પગમાંથી **રક્તને બદલે દુધની ધારા** વહે છે, અને નાગ વિમાસણમાં પડે છે ત્યારે પ્રભુ તેના ઉપર રંચ માત્ર પણ ગુસ્સે નહિ થતાં તેને પ્રતિબોધિત કરે છે, એ પ્રસંગ અલૌકિક છે, અને ક્ષમાના મહાન આદર્શની સમીપમાં પહોંચાડવા માટે ઝગહગતા દીપક સમાન છે.

આ રીતે એ મહાન યોગીશ્વરે પોતાની ઇચ્છિત વસ્તુ પૂર્ણતા પામવા માટે જગત પર ૧૨ વર્ષ સુધી પરિભ્રમણ કર્યું, માન માયા ક્રોધ આદિ આંતરંગ શત્રુઓને પરાજિત કરી, અનેક ઉપસર્ગો સહન કરી તપના દિવ્ય તેજથી કાયાને કુંદન સમ બનાવી જ્યારે તે ધન્ય ઘડીએ પૂર્ણતા પ્રાપ્ત કરી ત્યારે સમસ્ત જગતમાં દેવલોકમાં અને પાતાળમાં પણ આનંદ મંગળ વર્તાઇ રહ્યું.

એ રીતે પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરી જગતના જીવો પાસે પોતાના અમૂલ્ય સિદ્ધાંતોની ઉદ્‌ઘોષણા કરવા માંડી, અનેક જીવોને પ્રતિબોધ પમાડયા, ઇંદ્રભૂતિ જેવા ચુસ્ત બ્રાહ્મણ અને વિદ્યામાં મદોન્મત બની પોતાને સર્વોપરિ માનતા તેને પણ પ્રતિબોધ પમાડી પોતાના ગણધર બનાવ્યા, બીજા અનેક જીવોને પ્રતિબોધ કર્યો. અને આ રીતે અહિંસા ધર્મનો વિજય ધ્વજ એકવાર પુનઃ ભારતની ભૂમિ પર ફરકાવ્યો, અને એ દ્વારા નીતિમાં ધર્મ સમાયલો છે. એ સિદ્ધાંતનું

પ્રતિપાદન કરી ખડક તરફ ધસડાતી ભારતની જનનૌકાને ધર્મના સુરક્ષિત બંદર પર લાવનાર એ મહાપુરૂષ અનન્ય હતા, આપણે ઉપર દર્શાવેલી તેમના જીવનની ટુંકી રૂપરેખા ઉપરથી નીતિના અનેક સિદ્ધાંતો શીખી શકીએ છીએ, જીવનમાં ઉતારી શકીએ છીએ અને એ રીતે આપણો મનુષ્ય જન્મ સફળ કરી શકીએ છીએ. અસ્તુ ॥

—મનસુખલાલ હીરાલાલ લાલન.

# અધિવેશન એ તો સમાજ જીવનનો લ્હાવો છે.

કરાંચી કોંગ્રેસમાં બન્યું તેમ આપણે પણ ખુલ્લી બેઠક રાત્રિના સમયમાં રાખીએ અને વિષયવિચારિણી સમિતિ દિવસના મેળવવાની ગોઠવણ કરીએ તો જરૂર ખરચમાં ફેર પણ પડે અને અનુકુળતા પણ જળવાય. મંડપ પાછળનો ઝાઝો ખરચ બચી જાય, મનોહર ચાંદનીની શીતળ છાયામાં, ઠંડા પહોરે અને જરા માત્ર પવનના અવરોધ વગર મળવાનુ હોવાથી. અકળામણનું નામ પણ રહેતું નથી, વળી આપણા સમાજ જેવી વ્યવસાયી જનતા માટે દિવસના સમય કરતાં આવો નિશાકાળ વધુ બંધ બેસતો પણ છે. અજવાળી રાત આમાં સહાયક બને છે, છતાં ધારો કે કૃષ્ણપક્ષમાંજ બેઠક ભરવાની હોય તો પણ આજે ફ્લૅશનલાઇટની ગોઠવણ કરવાનું કામ અગવડભર્યું તો નથીજ. વળી જુન્નર મહાસભાથી આપણે ખુરસીઓને છેલ્લી સલામ કરી છે ને તે ઇષ્ટ છે. ફક્ત બેઠક વેળા નાટકની માફક ચડાઉતરી સીટો જેવું ગોઠવી શકાય તો અનુકુળતા વધુ રહે. કરાંચી કોંગ્રેસની બેઠક ઉદાહરણ રૂપે નજર સામે રાખી શકાય. આમ મંડપનો ખર્ચ તદ્દન જુજ બની જાય ને વિષય વિચારણી સમિતિના સભ્યો સિવાયના પ્રતિનિધિ તેમજ પ્રેક્ષકો દિવસનો સમય ક્યાં તો નિરિક્ષણ આદિ કાર્યોમાં છુટથી ગાળી શકે. વળી ખુલ્લી બેઠક અગીયાર પહેલાં પુરી થઇ જાય, એટલે ઉજાગરાનું નામ પણ દેવાનું ન હોય.

વિષય-વિચારણી સમિતિ સારૂ આપણી સમાજને બેઠક કે તંબુની અગત્ય નજ હોય. ધર્મશાળા કે વાડી કિંવા ઉપાશ્રયના મકાનો જરૂર એમાં કામ આવી શકે. મોટા શહેરો કે તીર્થસ્થળોમાં આવા સ્થાનો તો એક કરતાં વધુ સંખ્યામાં હોય છેજ. ભાગ્યેજ એવા ગામો હશે કે જ્યાં આ સંબંધી આછી પાતલી સગવડ પણ ન હોય.

અધિવેશન ભરનાર પ્રાંત વિચારપૂર્વક ઉપરોક્ત વ્યવસ્થાવાળું સ્થળ પસંદ કરે, નહિ તો નજીકમાનું એકાદ તીર્થ સ્થળ પસંદ કરી લ્યે.

તીર્થ સ્થળનું આકર્ષણ ઓછું નથી અને તેમાં પણ નવિન સ્થળોમાં જવાની ઉલટ તો સૌ કોઇને હોયજ. ડેલીગેટ ઉપરાંત પ્રેક્ષક સંખ્યા પણ જરૂર સારી થાયજ. તીર્થયાત્રાના ને સંઘદર્શનના લાભ ઉપરાંત શ્રવણ સબંધીનો લાભ તો વધારાનો કહેવાય. પ્રચાર કાર્યને માટે શહેરના વાતાવરણ કરતાં તીર્થભૂમિનું સ્થળ વધારે અનુકુળતાભર્યું ગણાય. કદાચ પત્રોના કોલમોમાં વર્ણન ભરનારને માત્ર તે વાંચી સંતોષ પકડનાર સંખ્યા ઓછી હોય! છતાં હૃદયપટ પર આલેખી, સ્વશક્તિ અનુસાર અમલ કરનાર સંખ્યા નજીવી હોય તો પણ લાભના માપે માપતાં પ્રથમ સ્થિતિ કરતાં આ પાછળ સ્થિતિ અવશ્ય વધી જાય છે, વા પ્રશંસનીય છે એટલું તો નિશ્ચિત છે કે આપણે હવે મુંબઇ-પુના કે અમદાવાદના મોહ છોડી પાલીતાણા-પાટણ કે બારડોલીના અને તેનાથી પણ ઓછા પ્રસિદ્ધ સ્થાનોમાં કદમ કરવાના છે.

એટલા સારૂ પ્રાંતની વહેંચણી નવેસરથી કરવી પડે તો તેમ કરવામાં જરા પણ વિલંબ કરવાનો નથી. કોઇ યુગજુનો કાયદો સુધારવો પડે તો તેની પણ ના નજ હોય.

આપણું દ્રષ્ટિબિન્દુ પ્રગતિ તરફ છે અને એ માટે ફેરફારો થયાજ કરવાના.

એકજ દાખલો લઇએ કે દક્ષિણ ગુજરાત એમાં વડોદરા ખંભાત ને ખેડા વી૦ ના પ્રદેશનો સમાવેશ કરાયો છે. વિષયવિચારિણી સમિતિવેળા એ જુદાજુદા ભાગના સભ્યો વચ્ચે ખેંચતાણ પણ ઠીક થાય છે. કેમકે એમાંના ઘણાખરા શહેરો ને ગામોમાં જૈન વસ્તી ઠીકઠીક હોવાથી ડેલીગેટની સંખ્યા પણ સારી હોયજ, એ વેળા કેટલાકને નિરાશ પણ થવું પડે. આટલું તો ચુંટણી પુરતુ પણ મારે તો જે લક્ષ્ય ખેંચવાનું છે એ બીજી બાબત પર, તે એ કે આ વિખરાયલા પ્રદેશમાં પોતાને આંગણે અધિવેશન ભરવાનો ઉત્સાહ કોને પ્રગટે? વડોદરા જાણે કે ખંભાત આગેવાની લે તો સારૂં, જ્યારે ખંભાત ખેડા સામુ દ્રષ્ટિ નાંખે. જ્યાં પ્રાંતિક સમિતિ સ્થાપતાં પણ મુશ્કેલીને અગવડનો પાર નથી ત્યાં અધિવેશન માટે મેળ કેમ બેસાડવો તે એક ગુંચભર્યો પ્રશ્ન છે. કોંગ્રેસના ધોરણે પ્રાંત પાડવાનુ આપણને ન પોષાય. જૈન સમાજને તો વસ્તીના પ્રમાણમાં નાના પ્રદેશોના વિભાગોજ અનુકુળ આવી શકે; જેથી પ્રચાર કરતાં મુશ્કેલી નડે નહિ અને સહકાર સાધી કામ પણ ઉપાડી શકાય. પરિષદ બોલાવવામાં થોડી ઘણી બીજી મુશ્કેલીઓ છતાં આ મહત્વની છે કે જેથી કોઇને માથે મુગટ પહેરવો પાલવતો નથી.

જામનગર એકલું કોન્ફરન્સને નોતરી શકતું હોય છતાં બંધારણ પ્રમાણે હાલારની કલમ એના પગ બાંધેજ! બીજા પણ કારણો હોય તો તે પણ વિચારવા ઘટે.

આ સ્થિતિ સુધારવાની અગત્ય છેજ, આજે પોતાને આંગણે મહાદેવીના પગલાં મંડાવવાના કોડ નવ લોહીઆમાંના કોઇકનેજ ન હોય. ફકત નડતર ખર્ચાળપણાની ને આડાતેડા બંધનોની છે. એ દૂર કરવા સારૂ સંચાલકોએ માર્ગ શોધવાની જરૂર છે. બીજી બાબતો હવે પછી.

–લી૦ ચોકસી.


## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂા. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂા. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂા. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂા. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂા. ૧-૮-૦ |
| જૈન ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂા. ૫-૦-૦ |
| ” ” ” ભાગ બીજો | રૂા. ૩-૦-૦ |

લખો:-શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.

૨૦, પાયધુની, મુંબઈ ૩.

# त्यागीवर्ग से निवेदन।

आज कल ईसाई और आर्यसमाजी भाई अपने अपने सिद्धान्तों का प्रचार वैतनिक उपदेशक रख कर भी बड़े जोरों के साथ कर रहे हैं। उपदेशकों के बल पर उन्हें बहुत कुछ सफलता भी प्राप्त हुई है। उनके अनुयायी बराबर बढ़ते चले जा रहे है। यदि उनके पास वैतनिक उपदेशकों के स्थान पर अवैतनिक उपदेशक होते तो वह इससे भी कहीं आगे बढ़ गये होते। कारण वैतनिक उपदेशक कभी इतना काम नहीं कर सकता जितना कि एक अवैतनिक उपदेशक कर सकता है। क्योंकि एक ओर स्वार्थ है और दूसरी ओर परोपकार वृत्ति। स्वार्थी आदमी कार्य को उसी हद तक करेगा जहां तक कि उसके स्वार्थ को धक्का न पहुंचे। चाहे वह कार्य पूरा हो या नहीं! परन्तु निःस्वार्थी उस कार्य के पूरा करने में अपने प्राणों तक की भी बाजी लगा देता है और उसके पूरा होने पर ही प्रसन्न होता है।

जैन समाज के पास आज पंच महा वृत धारी आदर्श त्यागी, अवैतनिक और परोपकार बुद्धि से ग्रामानुग्राम पैदल विहार कर के उपदेश देने वाले सैकडो साधु साध्वियां मौजूद हैं। वे आठ मास तक जुदा २ ग्रामो में घूम कर उपदेश किया करते हैं और चार मास तक एक स्थान पर ठहर कर यथा शक्ति धर्म का प्रचार और प्रभावना करते हैं। यदि ये सब अपने कर्तव्य का यथोचित पालन करें तो आर्यसमाज और ईसाई समाज से क्या जैन समाज कभी पीछे रह सकता है? नहीं! कभी नहीं!! जब टका लेकर काम करने वाले अपने हजारों अनुयायी बना सकते हैं तो हमारा यह त्यागीवर्ग उनसे क्यों कर पीछे रह सकता है। भगवान् महावीर के वचनो में वह सार भरा हुआ है, कि यदि उस सार का भली प्रकार प्रचार किया जाय–मीठे और सीधे–सादे शब्दो में जनता को समझाया जाय तो सारे भूमण्डल में अहिंसा धर्म की ध्वजा फहरा सकती है। किन्तु आश्चर्य तो इस बात का है कि दूसरों के उपदेशक बराबर अपने समाज की जनसंख्या बढा रहे है और यहाँ बढने के बजाय दिन ब दिन ह्रास होता जा रहा है।

आज संसार में जैन धर्म का प्रचार नहीं होता। उपदेशको के बराबर घूमने पर भी जनता उसे नहीं अपनाती, तो क्या हम यह कह सकते हैं कि जैन धर्म दूसरे धर्मों के मुकाबिले संसारिक जीवों को शान्ति देने में कम शक्ति रखता है। नहीं, नहीं। बडे बडे भारतीय और पाश्चात्य विद्वान् इस बात को मान चुके हैं कि जैन धर्म सर्वोत्कृष्ठ और प्राणिमात्र का हितैषी हैं। जब जैन धर्म अच्छा है तब इसके प्रचार न होने का सिवाय इसके क्या कारण कहा जा सकता है कि इस का भली प्रकार प्रचार ही नहीं किया जा रहा है। विचारिये जब ग्राहक को अच्छी वस्तु मिलेगी तो वह उसे न लेकर दूसरी क्यों लेगा? हां, यदि दूकानदार ही अपने माल को अच्छा प्रमाणित न कर सके तो उसकी खपत न होने में ग्राहक का कोई दोष नहीं कहा जा सकता। यदि हमारे विद्वान् और त्यागी उपदेशक जैन सिद्धान्तों को संसार के सामने रखने के लिये उपाश्रय की चहार दिवारी को छोड कर मैदान में आ जावें। आपस की तू-तू मैं-मैं में समय न गँवा कर भगवान महावीर के नाम पर एक सरीखा उपदेश देने लगें तो भारत में ही क्या यूरोप और अमेरिका तक जैनधर्म की ध्वजा फहरा सकती है।

अतः हम अपने पूज्य त्यागीवर्ग से सविनय निवेदन करते हैं कि आप ऐसी कोई योजना निकालें कि जिससे आपस की तनातनी सदा के लिये मिट जाय। हम बडे और वह छोटा यह भाव सब के दिलो से निकल जाय। उधर स्थानकवासी अजमेर मे साधु-सम्मेलन करने की तय्यारी कर रहे हैं, इधर आप की खूबी इसमे है कि आप उन से पहिले संगठित हो कर स्थानकवासी साधुओं के लिये एक आदर्श उपस्थित करदें।

भगवान महावीर के नाम पर सब एक ही झंडे के नीचे खडे होकर जैनधर्म के सिद्धान्तो का सच्चा प्रचार करें और एक बार फिर सारे भूमण्डल मे अहिंसा की विजय दुंदुभी बजा दे। **( श्वेतांबर जैन–आग्रा. )**

---

( अनुसंधान पृ. १३९ परसे )

मितो संवत १९८८ रा चेतर शुदो ४ वार रवि.

दस्तखतः—जे. अेम. चौधरी; जे. सी. बोबावत; एस. एन. सिंधी, बहोतरा पुनमचंद और **शिरोही के** १०० गृहस्थके। **आबूरोड**की ३५ सही; **शिवगंज**की २०० सही; **रोहिडा**की २० सही; **भंडूर**की ५० सही; **मरवाडीया**के सब, **देलदर**के सब, **बरलूट**के सब, **कोजरा, झारोली, वीरवाडा** वगेरा शिरोही जिल्लेके सब गांम और **सादडी, राणेराव, सुमेरपुर** इत्यादि गोडवाड जिल्लेके गाम.

---

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay 3. and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay

તારનું સરનામું:- હિંદસંઘ' 'HINDSANGHA' ॥ नमो तित्थस्स ॥ Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે. | તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.] | છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું. | તા. ૧ લી અકટોબર ૧૯૩૨. | અંક ૧૯ મો.

## જૈન યુગ.

તા. ૧-૧૦-૩૨. શનીવાર.

## મહાત્માજીનો અનશન—અભિગ્રહ.

ગત ૨૦ મી સપ્ટેંબરે મહાત્માજીએ અનશન વ્રત આદર્યું તેમાં સરત એ હતી કે અસ્પૃત-દલિત વર્ગને જુદી ચુંટણીથી જુદા પોતાના પ્રતિનિધિ ચૂંટવાનો વડા પ્રધાને કરેલો કોમી. નિર્ણય દૂર થાય તોજ અનશન છૂટે. અનશન એ જૈનોને વિદિત વસ્તુ છે. તપના બે પ્રકાર પૈકી બાહ્ય તપનો એ એક પ્રકાર છે, અને અંતિમ મરણુ સમયે-દેહ ત્યાગ વખતે સંલેખના એટલે દેહ કષાયાદિને સંલેખવાને-કૃશકરવાને-પાતળાં કરવાને માટેનો નિયમ લેવામાં આવે છે ત્યારે અનશન આદરવામાં આવે છે. હિંદુઓમાં તેને પ્રાયોપવેશન વ્રત કહેવામાં આવે છે. સંલેખના સાધુઓ માટે સૂત્રોક્ત વિધિથી પાળીને ચરમ કાલે લેવી ઉચિત છે અને તે જિનકલ્પ રૂપ અભ્યુદ્યત વિહાર-અભ્યુદ્યત મરણુ-પાદપોપગમન સમાન છે. બંનેમાં વિરોધ નથી. તે વખતે મન અવ્યવચ્છિન્ન હોય છે. પાંચ-આચાર્ય તુલના, તપ સત્વ શ્રુત એકત્વ અને ઉપસર્ગ સહન એ પાંચ ભાવના, એ ઉપકરણુ હોય છે અને ઇંદ્રિયાદિનો જય હોય છે અને વડના વૃક્ષ નીચે તેનું સેવન કરવામાં આવે છે. પોતે વૃદ્ધ હોઇ જાગ્રત અવસ્થામાં ધર્મ જાગરિકા કરતાં ઉત્તમ પ્રશસ્ત ધ્યાન ચિંતવે છે. (જુઓ પંચવસ્તુ ગાથા ૧૭૬૬ થી ૧૩૭૨) આ વખતે બીજી કોઇ સરત હોતી નથી. જર્જરિત દેહ કે જેનાથી કોઇપણુ આત્મ હિતનું કે પરહિતનું કાર્ય લઇ શકાય નહિ તેને સંસારમાં ભારભૂત તરીકે રાખી મૂકવું તેના કરતાં ધર્મ ધ્યાન વડે અનશન કરી દેહ પાડી નાખવો એ ધર્મ્ય છે અને તે કાર્યને ભૂખથી કરેલા આત્મઘાત કહી નિંદવું એ યોગ્ય નથી.

મહાત્માજીએ સરતવાળું અનશન કરવાની ભીષ્મ પ્રતિજ્ઞા લીધી તે નર્યું ચોખ્ખું અનશન ન કહેવાય, તે એક અભિગ્રહ -નિયમ વિશેષ કહી શકાય. આ વખતે શ્રીમન્ મહાવીર પ્રભુનો મહાન્ અભિગ્રહ યાદ આવે છે. તેમની છદ્મસ્થ અવસ્થામાં તેમણે પૌષ માસની કૃષ્ણુ પ્રતિપદાને દિવસે બહુજ અશક્ય અભિગ્રહ ધારણુ કર્યો કે 'કોઇ સતી અને સુંદર રાજકુમારી દાસીપણાને પામેલી હોય, પગમાં લોહમય બેડી નાખેલી હોય, માથું મુંડેલું હોય, ભુખી હોય, રૂદન કરતી હોય, એક પગ દેહલિ (ઉંબરા) ઉપર અને બીજો બહાર રાખીને બેઠી હોય, અને સર્વ ભિક્ષુકો તેના ઘેર આવીને ગયેલા હોય, તેવી સ્ત્રી સૂપડાને એક ખુણે કુલ્માષ (અડદ) જો મને વોહોરાવે, તો ચિરકાળે પણુ હું પારણું કરીશ, તે સિવાય કદિપણુ કરીશ નહિ.' આ અભિગ્રહ ૭ માસમાં પાંચ દિવસ ઓછા હતા ત્યારે ચંદનબાળાથી પૂરો થયો એમ શ્રી વીર ચરિત્રમાં વર્ણવેલું છે.

મહાત્માજીનો અભિગ્રહ દેખાવમાં સાદો હતો પણુ અસ્પર્શ્ય વર્ગને અપાયેલ અન્નાયદી ચુંટણી સરકાર પોતાની મેળે કાઢી નાંખે એ તો તેના સ્વમાનનો પ્રશ્ન હતો ને તેમાં તે નમણું આપે એ બને તેમ ન હતું, તેના પર જાહેર મતનું દબાણુ થાય, યા સ્પર્શાસ્પર્શ્ય હિંદુઓ આપસ આપસમાં સમજી એક સરખા નિર્ણય પર આવી સરકારને તે જણાવી દે ત્યારેજ બને. થયું પણુ તેમજ. તે અભિગ્રહની સરકારને ૧૩ મી માર્ચના પત્રથી ખબર મળી હતી છતાં ૧૩ મી સપ્ટેંબરે તે પત્ર જાહેરાતમાં મુકયો ને તે પરથી જણાયું કે ૨૦ મી સપ્ટેંબરે મહાત્માજી આ કારણે અનશન આદરશે, એટલે આખા દેશમાં સનસનાટી થઇ, બન્ને પ્રકારના હિંદુઓ જાગી ઉઠયા. મહાત્માના પ્રાણુ જશે તો તેમના પર મોટો ડાઘ આવશે, તેમના ચેતનમય જીવનની હિંદુઓને શું, પણુ આખા હિંદને અને સમગ્ર માનવજાતને જરૂર છે, માટે પોતાથી બની શકતા બધા પ્રયત્નો કરવા જોઇએ. મુંબઇમાં હિંદુ આગેવાનો એકઠા થઇ ત્યાં બંનેના નેતાઓની એક પરિષદ ભરવાનો ઠરાવ કરી, પરિષદ ભરી. બીજી બાજુ માહાત્માજીને અપવાસ બંધ

કરવાના જુદે જુદે સ્થળેથી આગ્રહ થવા માંડયા છતાં તેમણે અડગ અને મક્કમ રહી પ્રભુને નામે અને પ્રભુની પ્રેરણાથી લીધેલો અભિગ્રહ કદિપણ પડતો ન મૂકાય એમ દૃઢતાથી જાહેર કરી મહાત્માજીએ અપવાસ શરૂ કરી દીધા. આ બાજુ નિમંત્રણાઓ શરૂ થઇ, જ્યારે સર્વ સ્થળોમાં હિંદુ મંદિરો અછૂત વર્ગને માટે ખુલ્લા મૂકાવા લાગ્યા. પ્રમાદ અને આળસથી ભરેલા વાતાવરણમાં અજબ ચેતન અને ઉલ્લાસ પૂરાયાં. કેટલેક સ્થળે તો છૂતાછૂત ચાલી ગઇ, સાથે બેસીને પ્રાર્થના કરી, પ્રભુ દર્શન કર્યાં, પ્રસાદ લીધા અને સાથે બેસી એક પંક્તિએ જમ્યા. અનેક સૈકાઓથી જડ ઘાલી ગયેલ અસ્પર્શ્યતા. જાણેકે એક ફુંકથી દીવો ઓલવાય, તેમ ઓલવાઇ ગઇ એમ ભાસિત થયું. નેતાઓ વચ્ચેની નિમંત્રણાઓ—મહાત્માજીની લેવાતી સલાહ, લવાદી-વગેરેના પરિણામે સર્વાનુમતે સમજુતી થઇ. સહી સીક્કા થયા. ગવર્નરના હાથમાં આપી. વડા પ્રધાને મંજૂર રાખી. સરત પળાતાં મહાત્માજીના સાત અપવાસનુ પારણું સોમવાર તા. ૨૬ મી એ સાંજના પાંચ વાગે મીઠા લીંબુના રસથી થયું. મહાત્માજીની જય થઇ.

એક ભાઇ લખે છે કે 'કોઇ ચીઢીયા પણાથી મહાત્માજીની આવી પ્રતિજ્ઞાને વક્ર કે હુજતી કહેશે, કોઇક ક્ષુલ્લક પણાથી તેને એક મોટો દેખાવ કરવાનો દંભ કદાચ કહે, અને કોઇક તેને રાજકીય વિષયમાં આવું શસ્ત્ર વાપરવું તે ગેર ડહાપણ જણાવે, પણ જ્યારે આવેશ શમી જાય છે, અને સદ્‌ભાવ ભરી વિવેક શક્તિ સામ્રાજ્ય ભોગવે છે ત્યારે પ્રતીત થશે કે જેનું સમસ્ત જીવન ધાર્મિક મૂલ્યો અને આત્મોદ્ધારક વિચારો, રહસ્યપૂર્ણ ગયબી શ્રદ્ધા અને ગુપ્ત દૃઢ સંકલ્પોનો સંગ્રહ છે તેને જજમેંટના સામાન્ય ધોરણો લાગુ પાડવામાં વિશેષ અર્થ કે ન્યાય નથી. ખરી રીતે આને ધાર્મિક કે આધ્યાત્મિક દ્રષ્ટિએ વિચારવાની જરૂર છે. જે પ્રભુના નામથી ને પ્રેરણાથી આ પ્રતિજ્ઞા કરવાનું મહાત્મા જણાવે છે તે પ્રભુ તે તેનો પોતાનો અંતર્નાદ–આત્માનો અવાજ છે. તેમણે પોતે ૧૩ મી સપ્ટેમ્બરે (અનશન લીધાં પહેલાં એક અઠવાડીએ) લખેલ આશ્રમવાસી મારા મિત્ર રા. નારણદાસ ખુ. ગાંધી પરના પત્રમા લખ્યું છે કેઃ—

'તમે મારા અનશનની ખબર છાપામા જોઇ હશે. એથી ત્યાં કોઇ ગભરાયા નહિ હોય એમ હું માની લઉં છું. આશ્રમવાસી માત્રને જો સમજે તો આ ઉત્સવનો અવસર હોવો જોઇએ. અનશન એ આશ્રમની કલ્પનામાં છેલ્લામાં છેલ્લી અને ઉત્તમ વસ્તુ છે. એવો અધિકાર કોઇકનેજ પ્રાપ્ત થાય છે. શુદ્ધ અનશન રોજ લેવાતાં નથી. કોકજ વખતે કોઇકને જ તેનો અધિકાર હોય છે. મારે વિષે એ અધિકાર આ વખતે મેં માની લીધો છે. જો તેમાં મારી ભૂલ થતી હશે તો એ મિથ્યાભિમાનમાં ખપશે અને એ આસુરી તપ ગણાશે. અંતર્નાદ ચોખ્ખી રીતે સાંભળી શકાય એવું અંતઃકરણ શુદ્ધ કરવાને સારૂ લગભગ અરધા સૈકાનો અવિચ્છિન્ન પ્રયત્ન છે. એ પ્રયત્નને અંગે એ અંતર્નાદને વશ થઇને આ પગલું મેં ભર્યું છે. ૨૦ મી તો હજુ દૂર છે. અત્યારે તો સંકલ્પ માત્ર જ છે. આ વસ્તુ શું છે એ સમજાવવા પૂરતોજ આ કાગળ છેxx' અનશનનો સંકલ્પ અગલમાં મૂકાયો, અને સંપૂર્ણ રીતે જેવા શૌર્યથી લીધો તેવા શૌર્યથી પાળ્યો. એ દરમ્યાન આખી હિંદુ આલમમાં જે લાગણી, તનમનાટ, વીજળી ઉત્પન્ન થયાં તેનાથી અછૂત વર્ગનું સૈકા જૂનું ઉંચી વર્ણના હિંદુઓએ પકડી રાખેલું અસ્પર્શ્યપણું એટલી હદ સુધી નાબુદ થતું ચાલ્યું કે તે વીસમી સદીનો એક ચમત્કાર ગણાય. જે મંદીરોપર ઉંચ વર્ણના હિંદુઓએજ આવવું એવાં પાટીયાં લગાવ્યાં હતાં ને સૈકા થયાં તેમાં અસ્પર્શ્ય જાતિનો માનવ આવી દર્શન કરી શક્યો નથી તે મંદિરમાં આજે તે જાતિ આસાનીથી આવી દર્શન કરી શકે છે આ હિલચાલ સર્વવ્યાપી થતી ચાલી છે અને અછુતોનો ઉદ્ધાર પંડિત માલવિયાજી કે જે એક ચુસ્ત સનાતની હિંદુ અગ્રેસર છે તેની આગેવાની નીચે નિરંતર સતત પ્રવાહે ચાલશે અને બીજા સમજું હિંદુ નેતાઓ તેમાં પોતાનું જોર આપશે. પરિણામે આખી હિંદુ જાતિ અખંડિત અવિભાજ્ય અને અવિભક્ત બની રહેશે.

—મોહનલાલ દલીચંદ દેશાઇ.

# શ્રી શૌર્યપુર તીર્થનો ઝગડો!

આગ્રા પાસે આવેલાં આપણાં શૌર્યપુર તીર્થનો જે ઝગડો ચાલે છે તે સબંધે કેટલીક હકીકતો આ પત્રના ગતાંકમાં પ્રસિદ્ધ થઇ ચુકી છે તેમાં જણાવ્યા મુજબ આગ્રાની કોર્ટે નિમેલ કમીશનની બેઠક તા. ૨૧-૯-૩૨ બુધવારે અમદાવાદ મુકામે મલી હતી.

આ કમીશન સમક્ષ જુબાની આપવા તથા જુના વખતના હિસાબી ચોપડા કાગળીઆ વગેરે રજુ કરવાના કાર્ય માટે ભાવનગર, મુંબઇ, તથા અમદાવાદના સાક્ષીઓ રજુ થયા હતા.

---

( अनुसंधान पृष्ठ १५० परसे )

स्थितिमें श्रम श्राद्ध और ज्ञान भंडार आदि अनुकूलताओंकी अपेक्षा रख प्रयत्न करने वाले कोई मिलें इसकी उम्मेद कम है। ऐसे प्रयत्नको स्थान न मिले तो भी अनेकान्तवादको व्यवहारमे उपयोग करनेमे कोइ प्रतिकूलता न आनी चाहिए। इसके लिए अनेकान्तकी विचार दृष्टि विस्तृत बनाने की आवश्यक्ता है। और दृष्टि विस्तृत बनाने के लिए प्रत्येक बाबत मेंसे सत्य जाननेकी उत्कट इच्छा रखना प्राथमिक आवश्यक्ता मानना चाहिए। ऐसी उत्कट इच्छा ममत्वके कारणसे उत्पन्न होनेसे राग द्वेष को कब्जेमे रखने के लिए शक्ति पेदा कर देती है। विचार प्रदेशमे उत्पन्न हुए राग द्वेष को जिसने अधिक अंश में हम दबा सकते हैं उतने ही प्रमाण में प्रतिपक्षी के मंतव्यो को उसकी दृष्टि से समझने के लिए रास्ता सरल होता है। यह मार्ग सरल होने पर प्रत्येक मनुष्य अपनी बुद्धि–शक्तिकी विस्तीर्णता के प्रमाण में उन उन दृष्टिओ ( मान्यताओंको ) की तपास कर सकता है। और उनका समन्वय कर तदनुसार स्व आचरण में उचित रदोबदल कर सकता है।

(श्री रसिकलाल छोटालाल के व्याख्यान परसे)

# શ્રી કેશરીયાજી તીર્થમાં ઉદેપુર રાજ્યનો હુકમ અને આગ્રાના જૈન સંઘના ઠરાવો.

તા. ૨૩-૯-૩૨ ના રોજ આગ્રાના સમસ્ત શ્વેતાંબર મૂર્તિ પૂજક જૈન સંઘની સભા વિદ્વદ્ શાસન દીપક મુનિ મહારાજ શ્રી દર્શન વિજયજીના પ્રમુખપણા હેઠળ મળી હતી જેમાં પ્રથમ મુનીમહારાજ શ્રી ન્યાયવિજયજીના શ્રી કેશરીયાજી તીર્થના ભૂતપૂર્વ ઇતિહાસ તથા ઉદેપુરના મહારાણાના અન્યાયી હુકમથી ઉભી થતી વર્તમાન પરિસ્થિતિ સંબંધી સુંદર જુસ્સાદાર વ્યાખ્યાન થયા પછી શ્રીસંઘે નીચેના ઠરાવો કર્યા હતા.

(૧)

શ્રી કેશરીયાજી તીર્થમાં પૂજા, પ્રક્ષાલ, દૂધ, કેશરની બોલીના રૂપીયા અત્યાર સુધી શ્રી ઋષભદેવજીના ભંડારમાં (દેવદ્રવ્યમાં) જે જમે થતા હતા તે બોલીના રૂપિયા, ઉદેપુરના મહારાણાએ પોતાની આપ ખુદ સત્તા વાપરી પંડા, પૂજારીને આપવાનો જે હુકમ હમણાં બહાર પાડયો છે તેનો આગ્રાનો સમસ્ત શ્રીસંઘ તિવ્ર વિરોધ કરે છે અને મહારાણાને વિનંતી કરે છે કે આ સંબંધી પુંનઃ વિચાર કરી હિદુસ્તાનના સમસ્ત શ્વેતાંબર જૈન તીર્થોમાં બોલીની આવકના રૂપિયાની જે વ્યવસ્થા થાય છે તે મુજબ અહીં પણ વ્યવસ્થા કરાવે. અને આ સંબંધીના કેસની પુનઃ તપાસ કરાવે.

(૨)

દરેક જૈન તીર્થોની માફક બોલીના રૂપિયા શ્રીઋષભદેવજીના ભંડારમાં (દેવ દ્રવ્યમાં) જમે થવાનો હુકમ ન નિકળે ત્યાં સુધી કોઇ પણ જૈન ત્યાં જઇને પુજા, પ્રક્ષાલ, તથા કેસરની બોલી ન બોલે.

(૩)

અમે હિન્દુસ્તાનના સમગ્ર જૈન સંઘને વિનંતી કરીએ છે કે પંડા, પૂજારી અને ભંડારી શ્રીઋષભદેવજીના ભંડારની આવકના રૂપિયા લેવાનું છોડી ન દે ત્યાં સુધી કોઇપણ જૈન પંડા, પૂજારી, ભડારી, દૂધવાળા, ફૂલવાળા અને કેસરવાળાને એક પાઇ પણ ઇનામ ન આપે. તેઓ દ્વારા પોતાનું કાંઇ પણ કામ ન લ્યે, અને તે લોકોના ચોપડામાં-વહીખાતામાં પોતાનું નામ સુદ્ધાં ન લખાવે.

(૪)

આણદજી કલ્યાણજીની પેઢીને, શ્રી શ્વેતાંબર જૈન કોન્ફરન્સને તથા જૈન એસોસીએશન ઓફ ઇન્ડિયાને, આ સંસ્થાનુંઓ શ્રી કેશરીયાજી તીર્થ ઉપર આવેલી આ ભયંકર આફત માટે ખાસ ધ્યાન ખેંચે છે કે આ સંબંધી જૈન સમાજનો સાચો અવાજ મહારાણાને પહોંચાડે.

(૫)

શ્રી ઋષભદેવજી તીર્થ કમેટી તથા ઉદેપુરના શ્રી જૈન સંઘને આગ્રાનો સંઘ ખાસ આભાર પૂર્વક વિનંતી કરી જણાવે છે કે આપની પાસે આ વિષયમાં જે માહીતી હોય તે જાહેરમાં મુકે અને બધું રેકર્ડ પ્રકાશમાં લાવે જેથી જૈન સમાજ સાચી વસ્તુ જાણી શકે અને તે માટે યોગ્ય પગલાં ભરી શકે.

(૬)

કમેટી આ ઠરાવો દરેક જાહેર પેપરોમાં, ઉદેપુરના મહારાણાને, રાજપુતાનાના એ. જી. જી. ને તેમ ઉદેપુરના શ્રી સંઘને મોકલી આપવાની સંપૂર્ણ સત્તા બાબુ ડાલચંદજી ઝવેરીને સોંપે છે.

### આગ્રાના સંઘ તરફથી થયેલ તાર.

Maharaja, Udaipur.

Jain Swetamber Sangh Agra feels highly aggrieved your states decision ordering Paksal Pujan Money to be given to Pandas instead of being kept in Bhandar at Keshrianath Temple consider it against previous decision of late Maharaja and general religious custom of Jain community throughout India and prays immediate withdrawl of this exparte extra-judicial order otherwise agitation will grow serious. Swetamber Jain Sangha, Agra.

## अछूतोंका प्रथक-निर्वाचन.

श्री आत्मानन्द जैन गुरुकुल पञ्जाब के कार्यकर्त्ता व विद्यार्थी गण की एक सभा १९ सितंबर. की शामको हुई। जिस में महात्मा गान्धीजी के त्याग-व्रत के विषय में विविध दृष्टि कोण से विचार प्रदर्शित किये गये और महात्माजी के विश्वोपकारी आत्मभोग के निर्णय की प्रशंसा की गयी तथा यह स्पष्ट किया गया कि पृथक्-निर्वाचन अछूतों, भारतीयों और फलस्वरुप विश्व के हित व शान्ति के लिए विषैला इञ्जक्शन है. २० सि. को सब ने उपवास रखा। उसी दिन मध्यान्होत्तर सब ने हार्दिक प्रार्थना की और महासभा के सभापति के प्रस्ताव पास किये गये। अपरञ्च बतलाया गया कि महात्मा गान्धीजी के द्वारा ही संसार की अहिंसा और सत्य का जीवन सन्देश पहुँच सकता है। इसलिये हमारी हार्दिक भावना है कि हिन्दू जाति अछूतों को पूर्णतया अपना कर अपनी उदारता का जीवित प्रमाण दे ताकि संसार के श्रेष्ठ व सर्वमान्य महात्माका जीवन भावी आपत्ति से सुरक्षित रहे।


### નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂ. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂ. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂ. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂ. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂ. ૧-૮-૦ |
| જૈન ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂ. ૫-૦-૦ |
| ” ” ” ભાગ બીજો | રૂ. ૩-૦-૦ |

લખો:-શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.

# સદ્ચારિત્રની છાપ.

સદ્ચારિત્રની છાપ જનતા પર ઉપદેશ કરતાં આચરણની અસર શીઘ્ર અને સચોટ થાય છે એનો તાજો દાખલો મહાત્મા ગાંધીજીના ઉપવાસમાંથી મળી આવે છે. જ્યાં ઉપવાસ આદરવાની વાત બહાર આવી ત્યાંતો માત્ર ભારતવર્ષ એકલામાંજ નહિ પણ સારાયે જગતમાં એના આંદોલનો પ્રસરી ગયા અને સૌ કોઇનુ દ્રષ્ટિ બિન્દુ યરોડા પ્રતિ વળ્યું. બાહ્ય દ્રષ્ટિએ જોનારને ઘડીભર એ મહાત્મ્ય કેવળ ઉપવાસનું સમજાય પણ જો ઉંડુ અવગાહન કરવામાં આવે તો એ સમજાય તેવું છે કે એ નિર્ણયને બીજી બાજુ પણ છે. જૈન સમાજનો મોટો ભાગ મહાત્માજી કરતાં કપરા ઉપવાસો કરી શકે છે, એમાં વયનાં બંધન પણ આડે આવતા નથી ગત પર્યુષણમાંજ અલ્પ વયસ્યક બાળકોએ અને જઇફ ઉમ્મરે પહોંચેલા વૃદ્ધોએ એ પરત્વે ઠીક ઠીક ફાળો નોંધાવ્યાના વૃતાંતો હજુ જુના નથી થયા. તોપછી સહજ પ્રશ્ન થાય છે કે ગાંધીજીમાં એવું તો શું ભર્યું છે કે જનતા આજે તેમના પર હૃદયથી જ્યાદે ઓવારી જાય છે અને તેમનું એકાદું કાર્ય વિદ્યુતના પાવર કરતાં પણ અતિ ઝડપી અસર પેદા કરે છે!

તરતજ આપણી નજર એમણાં જીવન તરફ વડે છે. એમણા સુદર ચારિત્રની સુવાસ ચોતરફ અતિ દૂર પ્રસરેલી દ્રષ્ટિગોચર થાય છે. એ પ્રેમમય સમતાભર્યાં જીવનની છાપ એટલી તો ઉમદા ચોંટી ચુકી છે કે અન્ય બાબતોમાં એમણી સહ મતફેર ધરાવનારા સમૂહો પણ મુક્ત કંઠે પોકારી ઉઠે છે કે એ પુરૂષ વર્તમાન જગતમાં અદ્વિતિય છે. એણી દ્રષ્ટિ જે પારખે છે તે અન્ય કરતાં અતિ દીર્ઘ દર્શિતાસુચક હોય છે તેથીજ તેમના હૃદય પોકારી ઉઠે છે કે એ તરફ ધ્યાન દેવું એ સર્વકાર્યો કરતાં અતિ મહત્વનું છે.

જૈન હૃદય આવુ નજર સામે નિરખીને રાચશે કે વિષાદ ધરશે? જો શ્રીવીરના સામા તત્વનું જ્ઞાન હશે તો અવશ્ય રાચશે, અરે અનુકરણ કરવા પ્રયત્ન સેવશે. કારણ? એકજ કે આચરણમાં મૂકનાર વ્યક્તિ ભલે કોઇપણ પથની હોય છતાં આચરણ હેઠળના તત્વો તો શ્રી મહાવીરના ઘરના એટલે જૈનોના ઘરનાજ છે.

અહિંસા, સત્ય, સમભાવ, ચારિત્ર અને તપ એ સદ્ગુણો પરત્વે જૈન ગ્રંથોમાં જેટલું કહેવાયું છે તેટલું અન્યત્ર નહિં જડે છતાં ચાલુ સમયમા પૂર્વ-પશ્ચિમની દ્રષ્ટિ એ તરફ આકર્ષવામાં ગાંધીજીનો ફાળો સૌ કરતાં ચઢી જાય તેવો છે.

જ્યારે એક તરફ જીવદયાની વાતો કરનારા રેશમી કે મીલના વસ્ત્રોની હિંસા જોઇ શકતા નથી! અરે બચાવ સારૂ પાઠો શોધે છે ત્યારે બીજી તરફ જીવનમાં અને પ્રત્યેક કરણીમાં એના અમલ કરવાના પ્રાણ લેવાય છે, એક તરફ તપના ગૌરવને બહુ માન, પારણા અત્તરવાયણા અને પ્રમાદ કે નિદ્રામાં વ્યતીત થાય છે! ત્યારે બીજી તરફ એ કાળે દૈનિક કાર્યને જરાપણ ક્ષતિ નથી પહોંચતી. પ્રમાદ શોધ્યો પણ જડતો નથી અને આત્મલક્ષ્ય જ્યોતિસમ પ્રકાશતુ હોય છે. સમજુ અંતર કોણી તરફ ઝુકશે? કંઇ બોધ પાઠ ગ્રહણ કરીશું કે?

—મોહનલાલ દીપચંદ ચોકસી.

# સમયના પ્રવાહમાં.

## સંન્યાસ દીક્ષા પ્રતિબંધક કાયદા વિષે રા. બ. ગોવિંદભાઇનું મંતવ્યઃ—

ભાદરવા શુદ ૧૪ ના રોજ વડોદરામાં યુવકસંઘના આશ્રય હેઠળ મુનિરાજશ્રી ન્યાયવિજયજીના પ્રમુખપણા નીચે એક સભા ભરાઇ હતી અને વિજયધર્મસૂરિજીની જયંતિ ઉજવાઇ હતી તે વખતે રા. બ. ગોવિંદભાઇ હાથીભાઇ દેશાઇ, જેઓ નામદાર ગાયકવાડ સરકારે નીમેલી ઉપલી કમીટીના પ્રમુખ છે તેમણે ભાષણ કરતાં જણાવ્યું હતું કે "હાલ તમારા જૈનામાં કુસંપ જોઇને મને ઘણોજ ખેદ થાય છે. મારા જેવા સીત્તેર વરસનાને વીતરાગ એ શું છે તે સમજાતું નથી, તો અત્યારના એક કુમળી વયના બાળકને દીક્ષા આપી વીતરાગ બનાવી દેવામાં આવે છે......આજ કાલની ચાલતી, નસાડી, ભગાડી, ચોરીચુપકીથી માતા પિતા બાપની સમતિ વગરની દીક્ષા અપાય છે અને તેને માટે તમારા સંઘોમાં મોટા ઝગડા અને કુસંપને લીધે બે પક્ષો પડી ગયા છે. ત માટે વડોદરા સ્ટેટને પ્રતિબંધ મુકનારો કાયદો કરવાની ફરજ પડે છે. માટે જો તમો સંઘો તમારી સતા પાછી નહિ મેળવો તો લાચારી સાથે અમારે કાયદો કરવો પડશે."

આ સંબંધમાં તા. ૨૩ સપ્ટેંબરના વીરશાસનના અંકમાં રા. મંગળદાસ વાડીલાલ તથા માણેકલાલ ડાહ્યાભાઇ ચોકસીની તરફથી બે ખુલ્લા પત્રો લખાયા છે. રા. ગોવિંદભાઇની તરફથી બોલવાનો અમને જરા પણ હક નથી, પરંતુ તેઓએ તો પ્રમાણિકપણે કમીટીના પ્રમુખ તરીકે જે સાંભળવા ઉપરથી મત બાંધ્યો તે થોડા શબ્દોમાં જણાવી દીધો. ઇંગ્રેજી પદ્ધતિ દરેક કામ છુપીથી કરવામાં છે કે જેનું પરિણામ જ્યારે જણાય, ત્યારે ખબર પડે કે આ કામ થયું. રા. ગોવિંદભાઇએ આવી રીતે બોલીને પોતાનો મત જણાવ્યો ન હોત તો વીરશાસનના એ છ કોલમો ન ભરાત. તેમાં લખ્યું છે કે "સમિતિના ચેરમેન તરીકે તો આપે માત્ર ન્યાયનું નાટકજ કર્યું છે! ગયા જન્મમાં આપે કોણ જાણે કેવાંક કર્મો કર્યાં હશે, કે જેને પ્રતાપે હજી સંસાર, એજ તમારૂં સ્વર્ગ બની રહ્યું છે. સંસારમાં યાહોમ ઝુકાવ્યે રાખો છો અને રાજદ્વારી કાવાદાવામાં ઘુમતા જાઓ છો" રામસાગર પક્ષે આચાર્ય શ્રીવલ્લભવિજયજીને રા. કુંવરજી આણંદજી જેવાને નાસ્તિક, અધર્મી કહ્યા છે તો પછી ન્યાયવિજયજી જેવાને તો કહે તેમાં નવાઇ જેવું છેજ નહિ. બાકી મારવાડમાં સાદરીમાં હાલ બિરાજતા આચાર્ય શ્રી વલ્લભવિજયજી કેવી શાંતિપ્રિય અને જનસમૂહમાં માનીતિ વ્યક્તિ છે તે તો જે હાલ ત્યાં જાય તે જાણી શકે સાગરજી અને રામવિજયજી એ ચોક્કસ યાદ રાખવું કે આપ જે રીતે હાલ ગમે તેવા સારા માણસને પણ તમારા મતથી દીક્ષાની બાબતમાં જુદો પડતો હોય તો જૈન નથી, એમ જે કહો છો તે તદ્દન અયોગ્ય છે. સામાયક, પૌષધ, દેવવંદન, ગુરૂવંદન, પ્રતિક્રમણ, તપસ્યા, દેવપૂજા, વિગેરે બધી ક્રિયા કરે પરંતુ તમારા આ

એક મંતવ્યથી તે જુદો પડે એટલે તમે તેને બહિષ્કૃત કરો, એ હદ ઉપરાંતની વાત છે. આપણા જૈન ભાઇઓ બિચારા એવા ભલા અને ભોળા છે કે વ્યાપારમાં ગમે તેવી હુશિયારી ધરાવવા છતાં ગુરૂમહારાજ પાસે પોતાનો મત, ગમે તેવો સાચો હોય તોપણ, જણાવવાની હિંમત ધરી શકતા નથી. બાકી રામવિજયજી મહારાજ કહે તેજ જૈન અને બીજા બધા અજૈન, એ વાત આ યુગમાં ચાલી શકે તેવી નથી. રા. ગોવિંદભાઇએ જે કહ્યું કે અમારે કાયદો કરવો પડશે તેનો અર્થ એટલો કે વડોદરા રાજ્યને કરવો પડશે. વડોદરા રાજ્યે તેમને સરમુખત્યાર નીમ્યા નથી, પરંતુ એક વખત તેઓ નાયબ દીવાનના હોદ્દા સુધી પહોંચેલા વડોદરા રાજ્યના વિશ્વાસપાત્ર કર્મચારી છે, અને તેથીજ તેમને પ્રમુખ તરીકે નીમીને સરકારે તેમને માન આપ્યું છે. નામદાર ગાયકવાડ સરકાર રા. ગોવિંદભાઇને વાઇસરોય કેવી રીતે નીમી શકે? એ ભાષા કેટલી હદઉપરાંતની છે તે લખનારના અને વીર-શાસનના તંત્રીની ધ્યાનમાં આવ્યું નથી. એવી ભાષાથી સારામાં સારો કેસ હોય, તો તે પણ લુલો થઇ જાય. કાયદો રા. ગોવિદભાઇ કરી શકેજ નહિ. તેતો માત્ર વડોદરા સરકારજ કરી શકે. રા. ગોવિંદભાઇ જે શબ્દો બોલ્યા તે શબ્દો બોલવાનો સરકારી હુકમ સંભવે ખરો? ચેલેંજ આપીને તો લેખકે હદ કરી છે.

**અત્યારની કેળવણી**—રા. સુરચંદ બદામીએ વડોદરા દીક્ષા પ્રતિબંધક કમીટી સમક્ષ જે જુબાની આપી છે તેમાં, તેમણે હાલ અપાતી કેળવણી સંબંધિ કેટલુંક એવું કહ્યું છે કે જે તેમના પોતાના વર્તન સાથે બંધ બેસતું નથી. તેઓ પોતે બી. એ. એલ. એલ. બી. છે. તેમના પુત્ર પ્રસન્નચંદ બારીસ્ટર છે અને બીજા પુત્ર જયંતિલાલ હાલ વિલાયતમાં અભ્યાસ કરે છે. તેઓએ કહ્યું છે કે દીક્ષાની વિરૂદ્ધમાં પાશ્ચિમાત્ય કેળવણીવાળાનો ભાગ વિશેષ છે, વળી આગળ જતાં તેઓ કહે છે કે કેટલાકનો સાધુ સંસ્થાના નાશ કરવાનો વિચાર પણ ખરો. રા. સુરચંદભાઇને હું ખાત્રી આપીશ કે રા. મોતીચંદ ગિરધર કાપડીઆ, અને બીજા ગ્રેજ્યુએટો, વકીલો અથવા ડાક્તરો સાધુસંસ્થાનો નાશ કરવા સ્વપ્ને પણ વિચાર કરે એ તદ્દન અસંભવિત છે. માત્ર એટલું ખરૂં કે કેટલીક બાબતો જે અમારા દિલમાં ખરેખરી દુખરૂપ લાગે છે પરંતુ જાહેરમાં મૂકતાં સંકોચ થાય છે તેને અંગે બે–ચાર અથવા છ મહિનાની કસોટી પછીજ દીક્ષા અપાય એ અમે ઇષ્ટ ગણીએ છીએ. પરમાત્માને હાજરનાજર જાણીને અને જૈન-ધર્મ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને આ લેખક જણાવે છે કે હું પોતે અથવા ભાઇ મોતીચંદ અથવા બીજા અગ્રગણ્ય નેતાઓ દીક્ષાના વિરૂદ્ધ છીએજ નહિ. માત્ર ઉપર જણાવ્યા પ્રમાણે સંમતિ પૂર્વક બે–ચાર–છ મહીનાની કસોટી પછીજ દીક્ષા આપવી જોઇએ એવો મત ધરાવીએ છીએ.

**દીક્ષા સમિતિ સમક્ષ જુબાની:**—દીક્ષા સમિતિ સમક્ષ વૈદ્ય વાડીલાલ મગનલાલ, જેઓ વડોદરાના કોન્ફરન્સના પ્રાંતિક મંત્રી છે, તેમણે શાસ્ત્રાધારો રજુ કર્યાં હતા કે જે "જૈન"ના તા. ૧૮ સપ્ટેમ્બરના અંકમાં પ્રસિદ્ધ થયા છે. ૧૧ પ્રતિમા વહન કરવા સંબંધી ઉલ્લેખ કરેલ છે તેનો સમય પાંચ વર્ષ છ માસનો છે. તે પ્રતિમાઓનો અભ્યાસ મુમુક્ષુ જીવે કરવો જોઇએ એવું શ્રીમાન હરિભદ્રસૂરિ પંચાશક સૂત્રના દશમા અધ્યયનમાં કહે છે. શ્રીમાન મુનિસુંદરસૂરિ પણ કહે છે કે એકદમ દીક્ષા ન આપતાં પરીક્ષા કરવી બાળ સાધુઓ દશ વૈકાલિક સૂત્રનું અધ્યયન કર્યાં પછીજ વડી દિક્ષા લઇ શકે, એવું જે ફરમાન છે તે કેટલે અંશે પળી શકે તે વાંચકેજ વિચારી લેવું. "જૈન"નો એ આખો લેખ મનનીય છે.

**—શાહ નરોત્તમ ભગવાનદાસ.**

## નાની વાતને મોટું રૂપ—

આઠ વર્ષની બાળ દિક્ષાને આજે કેટલાક સાધુ મહા-મહારાજાઓ તરફથી એટલી ઉંચી હદે ચઢાવી દેવામાં આવી છે કે જાણે એજ જૈન દર્શનનો આધાર સ્થંભ હોય! એ વિના બીજુ બધું અતિ મહત્વનુંજ ન ગણાય! એથી તો કેટલાક નાની વયના સાધુઓને જ્ઞાન, વય કે અન્ય ગુણો જોયા સિવાય ઉંચા આસનો પર ચઢાવવા લાગી ગયા છે! જો આ વાતમાં ઉંડા ઉતરીએ તો સ્પષ્ટ સમજાય તેમ છે કે જ્ઞાની પુરૂષોએ આઠની વયનો ઉલ્લેખ, માત્ર લઘુ વયના ને ગમે તેમ દિક્ષિત કરી દેવા સારૂ નથી કરેલો પણ સ્યાદ્વાદ દર્શનમાં, તત્વજ્ઞાન ને સિદ્ધાંત યોજના કેવી દીર્ઘ દર્શિતાથી કરવામાં આવેલ છે એનો ખ્યાલ આપવાના ઉમદા ઉદ્દેશથી કરેલો છે. ઉપાધ્યાયજી મહારાજ શ્રી વિનય વિજયજીના 'લોકપ્રકાશ:' માં આવેલ નિમ્ન ઉલ્લેખોથી એ વાત પુરવાર થાય છે.

"મનુષ્યોની શુકલ લેશ્યાની ઉત્કૃષ્ટિ સ્થિતિ પૂર્વ ક્રોડમાં નવ વર્ષો ઓછી કહેલી છે જો કે આઠ વર્ષની ઉમરવાળા કોઇક મુનિ દિક્ષા પામે તોપણ તેટલી ઉમરવાળાને વાર્ષિક પર્યાય વિના કેવળ જ્ઞાન ઉદય આવતું નથી, માટે શુકલ લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ નવ વર્ષ ઓછા પૂર્વ ક્રોડીની જે કહી છે તે યુક્તજ છે."

"ઉત્તમ સંઘયણ વાળો, ઉત્તમ ધ્યાન વાળો તથા પ્રમાદ વિનાનો એવો આઠ વર્ષથી અધિક વયવાળો મનુષ્ય ક્ષપક શ્રેણીને પ્રાપ્ત થાય છે. ક્ષપક શ્રેણીને પ્રાપ્ત થયેલો મનુષ્ય આઠ વર્ષથી વધારે ઉમરનો અવિરતિ આદિકામાંથી ગમે તે, અત્યંત શુદ્ધ પરિણામવાળો, ઉત્તમ સંઘયણવાળો પૂર્વને જાણનારો, અપ્રમાદી શુકલ ધ્યાનને પ્રાપ્ત થયેલો હોય છે.

**—ચોકસી.**


## "જૈન ભાઇઓના લાભનું"

**શ્રી પાલીતાણા મહાતિર્થ શત્રુંજયનો પટ.**

અસલ કેનવાઇસના કપડા ઉપર નવી ડીઝાઇનનો ફુટ ૧૨+૧૦ ની સાઇઝનો હાથથી ઑઇલ પેઇન્ટીંગ કરેલો તૈયાર છે. તથા મન પસંદગી પ્રમાણે બનાવી આપવામાં આવશે. અમારા હાથથી ઑઇલ પેઇન્ટીંગ કરેલા પટો ઘણા ઠેકાણે ગયેલા છે. નમુનો જોવાને માટે નીચેના ઠેકાણે મળો અથવા લખો:—

**પેન્ટર નારણ અમૃત.**

ઠે૦ ઉમરખાડી, શ્રીગણેશ ભુવન, બીજે માળે,
જે. જે. હોસ્પીટાલ પાસે, મુંબઇ.

## માતૃભમિને.

સહસ્ર વર્ષો ક્ષણમાંહી કૂદિને
આવું છું માતા ! તુંજ અંકમાં હવે;
સુખો હું માગું તુજ પાસ, આપજે
દીધાં હતાં તેં મુજ પુર્વજોને.

તું તે સમે લક્ષ્મીથી મ્હાલતી હતી
તું તે સમે લક્ષ્ય હતીય વિશ્વનું;
સૌંદર્યથી વિશ્વ સહૂય મોહતું
સત્તા થકી તું સહુને સતાવતી.

શ્રી વીરના શાસનની પતાકા
તારા વડે ચો દિશ ઊડતી હતી;
ને સુમ્નકર છાંય ગ્રહીજ એહની
ચારિત્ર્ય સૌ ઉત્તમ પાલતા હતા.

સુપુત્ર તારા સહુ દેશ ઘૂમીને
ફેલાવતા નિષ્કલ કીર્તિ તારી,
સુરાજનીતિજ્ઞ અને હતાં કવિ
આદર્શ જૈનત્વ પ્રકાશતાં તે.

દયા તણું વ્હેતું અખંડ વ્હેણ
રે તેમનું ધ્યેય હતુંજ એક,
'સહુ જીવોને અભય પ્રદાન'
'ને અંતમાં નિર્મળ એક સ્થાન.'

કર્યાં જતાં જ્ઞાનનું દાન આપી
સાધર્મિ બંધુ તણી સેવ આથી,
ધર્મજ્ઞ ને સુ-સમયજ્ઞ તેથી
ભૂલ્યા દિશા ના કદિ ઉન્નતિની.

એ ધર્મ જેવાં ધર્મિ હતાંય એ
વહીરહ્યાં શ્રી વીરના સુમાર્ગે,
એ વીર પુત્રો રણમાંહી ઝૂઝે
વીરા બની આંતર શત્રુ સામે.

x x x x

હુ જાણું છું માત! બહુ દુઃખી છે
અશ્રુ તણી ધાર અખંડ વ્હે છે,
રહે અરે વક્ત્ર સદા ઉદાસ
તું આજ વિશ્વે થઇ છે નિરાશ.

સૌંદર્ય આજે નથી તારી પાસે
સત્તા તણું સ્વપ્નય દુઃખ દે છે,
શું વિશ્વ આખું તુજને ભુલે છે
ને સર્વ આજે તુજને ત્યજે છે.

તથાપિ મૂર્ખા તુજ પુત્ર આજે
એકેક સાથે લડી મોજ માણે,
ભૂલી ગયા જાતિ તણો સબંધ
ભુલી ગયાં ધર્મ તણોય મર્મ.

વાત્સલ્ય સાચું વિસરી ગયાં એ
સ્મરે ન સ્વપ્ને પણ ભ્રાતૃ સ્નેહ,
વાત્સલ્ય કોદિ હજી તે બતાવે
ખરીદવા તેહથી કિર્તિ નામ.

## અત્યંજ વર્ગના ચુકાદા માટે તાર.

ઑનરેબલ પ્રીમીઅરને લંડન ખાતે નીચેનો તાર તા. ૨૪-૨-૩૨ શનિવારના રોજ મોકલવામાં આવેલો છે.

"HONOURABLE PREMIER, LONDON.

All-India Swetamber Jain Conference believes Mahatma Gandhi greatest peaceforce and feels great anxiety for his life. Agreement in sight. Pray immediately revise or suspend award relating depressed classes.-Ranchodbhai Raichand and Mohanlal Jhavery General Secretaries."

"અખિલ હિંદ જૈન શ્વેતાંબર કૉન્ફરંસ મહાત્મા ગાંધીને શાંતિની સર્વશ્રેષ્ટ શક્તિ માને છે અને તેમના જીવન માટે અત્યંત ચિંતાની લાગણી ધરાવે છે. સમાધાની (કરાર) નજર આગળ દેખાય છે. અત્યંજ વર્ગ સંબંધી ચુકાદાને તુરતજ ફેરવવા અથવા મુલતવી રાખવા વિનંતી કરીએ છીએ."—રણછોડભાઇ રાયચંદ અને મોહનલાલ ઝવેરી, જનરલ સેક્રેટરીઓ.

## જઇન દેરાસરો અને અંત્યજો.

### બળ જબરીએ તેમાં પ્રવેશ કરવા સંબંધી મહાત્માજીનો મત.

પાટણ, તા. ૨૫ મી સપ્ટેંબર.

જૈન યુવક સંઘ, પાટણના મંત્રી મી. અમૃતલાલ ઝવેરીને જૈન દેરાસરોમાં અત્યંજ વરગના પ્રવેશ સંબંધી મહાત્મા ગાંધીજી તરફનો નીચલો તાર મળ્યો છેઃ—

મને આ વિષે કશો પણ શક નથી મંદીરોમાં કોઇના પણ તરફથી બળજબરીએ પ્રવેશ બીનજરૂરી અને તેમાંય જે ધરમવાળાઓ માટે મંદીર બંધાયુ હોય તે ધરમના જેઓ ન હોય તેઓના તરફથી તેમ કરવામાં આવે ત્યારે તો તે ખચીતજ બીન જરૂરી છે.

અમે કુપુત્રો તુજને ભુલીને
લઢી રહ્યાં હા! નિજ સ્વાર્થ માટે.
ભૂખ્યા ભમે છે કંઇ પુત્ર તારા
અજ્ઞાન ને દૈન્ય મહીં ડુબેલા,

શું તેમને કોઇ ન તારનારૂં ?
હોમ્યું બધું શું નિજ સ્વાર્થ સારૂ ?
મિષ્ટાન્ન દેવું કદિ એક દિનું
વાત્સલ્ય એમાં શું ખરૂં સમાયું ?

ચિંતે ન વાત્સલ્યથી કોઇ આજે
દુઃખીનું સાચું સુખ સાધવાને,
પરંતુ સાધી કંઇ ક્ષુદ્ર સ્વાર્થ
સ્વ જાતને સૌ કૃતકૃત્ય માને.

વિવેક બુદ્ધિથી વિહીન થઇને
ન ઉન્નતિના પથને પિછાને,
ઓ માત! એવાંય કૃતઘ્નિઓને
અખંડ સ્નેહામૃત ધાર દેજે.

'નલીન'

—સુંદરલાલ એ. કાપડીયા. બી. એ.
અમદાવાદ.

## ખાદીમાં જીવદયા—

જૈન શાસનનો મહાન સિદ્ધાંત **अहिंसा परमो धर्मः** છે. અહિંસા એટલે કોઇપણ જીવની હિંસા મન વચન કાયાથી કરવી નહિં કરાવવી નહિ અને કરનારને અનુમોદન આપવું નહિ. સર્વ જીવોને પોતા સમાન ગણવા એ મહાન સિદ્ધાંતને પાલન કરનાર એક કીડી સરખા જીવનો નાશ થતાં હૃદયમાં દુઃખી થાય. સાધુ સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચતુર્વિધ સંઘે એ સિદ્ધાંત અનુસાર વર્તન રાખવું જોઇએ કોઇથીપણ જાણ્યે અજાણ્યે હિંસાને અનુમોદન મળે એવું કામ થતુ હોય તો ને જાણ્યા પછી તુરતજ તજવું જોઇયે. જાણવા છતાં મોહને અંગે આંખ આડા કાન કરવામાં મહાન પાપ છે. હું કાપડ વીશે અત્રે જણાવીશ. હાલમાં જે યાંત્રીક મીલોમાં કાપડ બને છે તેમાં સાંભળવા મુજબ તેને કાંજી આપવામાં ચરબીનો ઉપયોગ કરવામાં આવે છે. મુંબઇની મીલોમાં પણ એ ચરબીનો ઉપયોગ થાય છે તેમજ તેના યંત્રના વ્હીલોમાં ચામડાના પાટાઓ મોટા પ્રમાણમાં વપરાય છે. હાલમાં ગાયો, ભેંસો, બકરા, ઘેટા વીગેરેની જે કતલ ચાલી રહી છે તેમાંથી ચરબી, ચામડા, આ મીલોને પુરા પડે છે. એક ચોપડીમાં મેં વાંચ્યું હતું કે ફક્ત એક અમદાવાદનીજ મીલોમાં વપરાતી ચરબીનો હિસાબ જોતાં જણાય છે કે તેની ૫૩ મીલોના ૨૧૮૪૬ સાંચાઓમાં દર વરસે ૧,૪૬,૧૬૦, મણ ચરબી વપરાય છે. એ હિસાબે આખા હિંદુસ્તાનની મીલોમાં અને વિદેશથી આવતા કાપડમાં એકંદર કેટલી ચરબી વપરાતી હશે અને તે મેલવવા માટે કેટલા મુંગા નિર્દોષ પ્રાણીયોનો વધ થતો હશે તેની કલ્પના બુદ્ધીશાલી મનુષ્યો પોતેજ કરી લે. જીવદયાને સુક્ષમમાં સુક્ષમ રીતે માનનારા ભાઇયો પણ આવી મીલો ચલાવી આવો ઉપયોગ કરતા હોય તેઓએ બીજા ચરબીનો બદલો એવો કોઇપણ પદાર્થ વાપરી ચરબીનો ઉપયોગ બંધ કરી આ નિર્દય કતલને મલતું ઉત્તેજન બંધ કરવુ જોઇએ. જ્યાંસુધી તેના અંગછેદનની બીજી વસ્તુઓનો ઉપયોગ બંધ નહિ થાય ત્યાં સુધી કતલ અટકવી મુશ્કેલ છે. આંથીજ મહાત્મા ગાંધીજી ખાદી પહેરવાનું કહી રહ્યાં છે. બધા કારણોમાં આપણુ એક ખાસ કારણ છે. ખાદીની બનાવટમાં નહિ જોઇયે ચરબીની કાંજી નહિ જોઇયે ચામડાના પાટા તેમજ હજારો ગરીબોને રોજી મલે એવો મહાન જીવદયાનો સિદ્ધાંત ખાદીમાં સમાયેલો છે. મીલવાલાઓએ ચરબીનો ઉપયોગ બંધ કરવાની જરૂર છે. જે કાપડની પાછલ પંચેદ્રીય જીવોની હિંસાને અનુમોદન મલતું હોય તે અહિંસાવાદી જીવદયાપ્રેમી સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવીકાઓને કલ્પે? માટે મારી ચતુર્વીધ સંઘને નમ્રતાપુર્વક વિનંતિ છે કે ખાદીમાં જીવદયા હોઇ દરેકે શુદ્ધ ખાદી પહેરવી તો આપણો જીવદયાનો ધર્મ સચવાશે; હિસાને મળતું ઉત્તેજન બંધ થતાં હિંસા એટલા અંશે ઓછી થશે અને તે પુણ્યના ભાગીદાર વગર પૈસે ખાદી વાપરનાર થશે.

—અમરચંદ માવજી શાહ.

---

આસો માસની પુનેમ એકમ અને બીજના દિવસોએ અજમેર મુકામે ઓશવાળ મહા સંમેલનની બેઠક મળવાની છે. પુરણચંદ્રજી નહાર આદિ અગ્રગણ્ય નેતાઓનો તેમાં સંપૂર્ણ સહકાર છે.

## श्री केशरीयाजी तीर्थ में बोलीकी आवक.

मिति भाद्रवा शुद ४ रविवार संवत् १९८८ ता. ४ सेप्टेम्बर १९३२ के रोज पुज्यपाद जैनाचार्य श्रीमद् विजयवल्लभसूरिजी महाराज के अध्यक्षपणे में एक विराट् सभा सादडी (मारवाड) में हुई जिसमें निम्नलिखित प्रस्ताव सर्वानुमत से पास किये गये.

१ श्री केशरीयानाथजी तीर्थपर बोली—पूजा चढावा वगेरे का पैसा हमेशा से श्री केसरीयानाथजी के भंडार में जमा होता है परन्तु सुनने में आया है कि उदयपुर राज्य के तरफ से वह चढावे का द्रव्य वहां के पंडो को देने का हुकम हुआ है. इसलिए यह सभा सर्वानुमत से जाहिर करती है कि जब तक बोलीयोंका पैसा भंडार में जमा करना कायम न किया जाय तब तक श्री केशरीयानाथजीकी यात्रा को जानेवाले कोईभी यात्री किसी किस्म की बोली वहां न बोले.

२ महाराणा उदयपूर को एक प्रार्थना पत्र भेजकर आपकी तर्फसे इस विषय में क्या हुक्म जाहीर किया गया है उसका खुलासा मंगवाया जाय और साथमें यह भी प्रार्थना को जाय कि अगर बोलीयोंका पैसा पंडोको देनेका हुकम फरमाया गया होवे तो मेहरबानी करके बहुत ही जल्दीसे इस हुकम को वापिस ले लिया जाय।

३ यहांका समस्त जैन संघ श्रीमती कॉन्फरन्स देवी को प्रार्थना करता है कि इस मामले को बहुत ही जल्दी आप हाथ में लेवें और उसके लिए योग्य प्रबन्ध करें। श्री संघ सादडी आपको इस विषय में हरतरह की मदद देने के लिए तैयार है।

४ यात्रालुओंको सावधान करने के लिए श्री राणकपूरजी, श्री वरकाणाजी, सादडी के जैन मन्दिरों में आदि (स्थलोंपर) जाहिर बोर्ड लगाया जाय जिसमें यह मतलब लिखा जाय की जब तक उदयपूर राज्य से यह बात जाहिर न होवे के "बोलीयां का पैसा पंडो को न दिया जाय बल्के श्री केशरीयाजी के भंडार में हमेशा के रिवाज मुजब जमा कर दिया जाय" तब तक कोई भी यात्री श्री केशरीयाजी तीर्थपर किसी प्रकार की बोली न बोले।

एच. एव. परमार.

---

**दर्शनार्थः**—पंजाब जैन संघ का एक डेप्युटेशन आचार्य विजयवल्लभसूरिजी के दर्शनार्थ सादडी गया था. जिसमें श्री गुलाबचंदजी ढढ्ढा, कीर्तिप्रसादजी, गोपीचंदजी, मंगतरामजी भोलानाथजी आदि थे।

## ❀ व्यवहार में अनेकान्तवाद. ❀

हमारे समक्ष ऐसा युग विद्यमान है कि जिस समय प्रत्येक धर्म और वर्ण जिस वस्तुको सर्वोत्कृष्ट और प्रशस्त मानता हो उसे समग्र राष्ट्र के चरणों में समर्पित करना नितान्त आवश्यक है। इससे आगे बढनेका यदि साहस करूं तो यह भी कहुंगा कि समग्र मानवजाति के चरणों में धरना चाहिए। अब वह जमाना पूर्ण हो चुका है कि जब मनुष्य अपनी विशेषताओंको अपने संप्रदाय वा अपने वर्ण ही में दबा रखे, और उस वर्ण या संप्रदाय का नाम जो धारण नहीं करते हों उन्हें उन विशेषताओंके अनधिकारी मान ले। ब्राह्मण कुल में जन्म लेनेवाले यह दावा नहीं कर सकते कि विद्या प्राप्त करनेका अथवा प्रदान करनेका अधिकार उस के सिवाय अन्य किसी को नहीं है। इसी प्रकार यह भी कोई कह नहीं सकता कि अंग महेनतसे सेवा करना केवल क्षुद्रों का ही कार्य है। अहिंसा की बूम पूकारने का हक केवल जैनोको, या मध्यम प्रतिपद से संचरने का अधिकार मात्र बौद्धों को ही है यह स्वीकार नहीं हो सकता। आज कल तो प्रत्येक सम्प्रदायकी कृतार्थता अपने में जो भी उत्तम हो उसे समग्र मानव जाति के शरण रखनेमे है। स्वसम्प्रदायके नामको अन्य धारण करे इसका आग्रह न रख स्वधर्म या वर्णकी विशेषताओं को अन्य गृहण करे यह इच्छने में कृतार्थता है।

उपरोक्त दृष्टिसे विचार करते जैन धर्म समस्त राष्ट्रकी जनताके समक्ष अथवा मानव जातिके समक्ष क्या क्या रख सकता है? जैन धर्म में ऐसे अनेक आचार विचार और विधि विधान हैं जो खुद जैनोंको श्रेष्ट लगें। तो भी समग्र मानव जाति के समक्ष उनको चाहु रुप में पेश करने में अनेक अंतराय हो परन्तु जीवन में अहिंसा-दृष्टिकी प्रधानता, या मन और शरीरको वश रखनेके हेतु इन्द्रिय संयम पर भार अथवा विचारके एकान्तिक दुराग्रहोंको दूर करनेके लिए अनेकान्त दृष्टिकी व्यवहारू उपयोगिता जैसे सिद्धान्त तो मानव जाति के समक्ष अवश्य रखे जा सकते हैं।

जैनाचार्य कई वख्त जैन दर्शन को एकान्त दर्शन का नाम देते है। इस पर से एकान्त के सिद्धान्तोंका महत्व उनकी दृष्टिसे कितना है यह स्पष्ट हो रहता है। भगवान महावीर ने जैन धर्मका पुनरोद्धार किया तब मे अेकान्त के इतिहासका प्रारम्भ माना जा सकता है। उतर हिंदके लिए वह युग विचार स्वातन्त्र्यको किसी प्रकारके प्रतिबन्ध बिना आजादी से प्रचार करने का था। विचारक अपनी २ दृष्टि (मान्यताए) आग्रहपूर्वक जनता के समक्ष रखते थे। यह मान्यताए विविध प्रकारसे अपने २ ध्यानसे पेशकी जाती थी।

यह स्वभाविक है कि इस प्रकारकी विविध मान्यताए एक दूसरे के सम्पर्क मे आते संघर्षण और विरोध उत्पन्न करे। विरोध-विचार प्रदेश में हो इससे उस में राग द्वेष की प्रबलता को अल्प स्थान होगा यह न मान लिया जाय। इस प्रकार से देश में जब विविध प्रकारकी विचार समृद्धि बढती जाती है तब उसमें से राग द्वेष को अलग रख प्रत्येक विचार (मान्यता) को स्वदृष्टि से निरीक्षण करनेकी आवश्यक्ता उत्पन्न होती है। मेरा मंतव्य है कि यह खामी पूरी करने के लिए अनेकान्त का बीज रोपा गया होगा, पर अनेकान्त का यह अर्थ नहीं है कि दृष्टि सत्य ही है अथवा दृष्टि सत्य हो तो भी उसके आधारसे चलते विचार तत्संग हो। उभयका निश्चय परीक्षा के बाद ही हो सकता है। एकान्तवादका अर्थ कभी यह होता ही नहीं कि प्रत्येक मनुष्य जो कुछ भी कहता है वह सत्य है अथवा उस मनुष्यको अपनी इच्छानुसार करनेके लिए यह एक बहाना है। यह मान लेना सर्वथा अनुचित होगा। अनेकान्तवाद उन उन दृष्टि और तत्वोंका तात्विक परीक्षाके पश्चात ही उस दृष्टिकी यथार्थता और आचारणकी योग्यता स्वीकार करता है। परन्तु अनेकान्त दृष्टि में यह मान्यता रही हुई है कि वस्तु अनेक धर्मात्मक होनेसे उसकी पूरी समझ अथवा उत्तरोत्तर अधिक समझ उसे अनेक दृष्टि-बिन्दुओ से तपासने से ही मिलता है।

इस प्रकारसे 'अनेकान्त'को देखा जाय तो सर्व तत्व-जिज्ञासुओको विचारने योग्य विषय है यह मालुम हुए बिना नहीं रहता। मैं केवल फिलोसोफी की दृष्टि से ही आपके समक्ष अनेकान्तकी चर्चा करना नहीं चाहता। जिस प्रकार प्राचीन कालके आचार्योंने उनके समयमें विद्यमान दर्शनोंका अभ्यास और परीक्षा कर स्याद्वादको "सकल दर्शन समुहात्मक" (श्रीमद् हेमचंद्राचार्य) बतलाया उसी प्रकार से आजभी विचारक वर्तमान फिलसफीओका और वैज्ञानिक द्रष्टिओंका अभ्यास और परिक्षाके बाद स्याद्वादको नया अवतार प्रदान कर सकता है। इस प्रकारके प्रयत्नसे अनेक नवीन तत्व निकल आनेकी संभावना है। अपने देशमें खास करके गुजरातमें और उसमेंभी जैनोंमें विद्या का अनादर है और इसीसे विद्याका दुर्भिक्ष नजर आता है। इस परि-

(अनुसंधान पृष्ट न. १४४ के उपर)

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay 3. and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGHA' Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[ મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ. ]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું. | તા. ૧ લી નવેમ્બર ૧૯૩૨. | અંક ૨૦-૨૧

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઇ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.
,, મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.
,, હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ.
,, ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.
,, જગનાદાસ અમરચંદ ગાંધી
,, મોહનલાલ દીપચંદ ચોકસી

— સુચનાઓ —

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

પત્રવ્યવહાર :-

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ.
૨૦, પાયધુની-મુંબઇ ૩.

## દીપાવલી.

( શાર્દુલ વિક્રિડિત. )

પામ્યાં આજ જિનેશ શ્રી વીરપ્રભુ મુક્તિ તણા ધામને,
પામ્યાં આજજ સ્વામિ ગૌતમ વલી કૈવલ્યના જ્ઞાનને;
આજે બેસતું વર્ષ વિક્રમતણું ને વીરનિર્વાણનું,
પામો ગૌતમજ્ઞાન ને અણમુલું એ વીર્ય શ્રી વીરનું.

*  *  *  *

દેવોએ પ્રગટાવી આજ દીપકો રે દિવ્ય રત્નો વડે,
મર્ત્યોએ ઝળકાવી આજ જગને ભૌતિક દીપો વડે;
માન્યાં ઉત્સવ 'વીર-ગૌતમ'તણા 'નિર્વાણ ને જ્ઞાનના'
ભાવે ભારત ઉજવે દિવસ એ દીપાવલી દીપવી.

'નલીન'

સુંદરલાલ એ. કાપડીઆ (બી. એ.)
અમદાવાદ.

## નૂતન વર્ષાભિનંદન.

( દ્રુત વિલંબિત. )

સુખદ નૂતન વિક્રમ વર્ષ આ,
સુખ અને ધન ધાન્યથી પૂર્ણ હો;
તમ ગૃહે શુભ શારદ લક્ષ્મીનો,
અચળ ને અવિનાશ નિવાસ હો.

*  *  *  *

નવિન પ્રેમ અને નવ ભાવના,
નવિન ચેતન ને નવ સાધના;
દિને દિને વધજો તમ અંતરે,
જયમ શશિ તણી નિત્ય કળા વધે.

—મ. હી. લાલન.

## શ્રી જન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### આગામી ધાર્મિક પરીક્ષાઓ.

આ સંસ્થા તરફથી લેવામાં આવતી "શેઠ સારાભાઇ મગનલાલ મોદી પુરૂષ વર્ગ તથા અ. સૌ. હીમકોરબાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ધાર્મિક તથા પ્રાકૃત હરીફાઇની ઇનામી પરીક્ષાઓ સંવત્ ૧૯૮૯ ના માગસર વદ ૧૩ રવિવાર તા. ૨૫ ડિસેમ્બર ૧૯૩૨ ના રોજ હિંદના જૂદા જૂદા સેન્ટરોમાં લેવામાં આવશે.

અભ્યાસક્રમ, સેન્ટર, ફાર્મ આદિની વિગત માટે નીચેના ઠેકાણે લખવું.

લી૦ સેવક,
સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી.
ઓનરરી સેક્રેટરી.

શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.

**उदधाविव सर्वसिन्धव:, समुदीर्णास्त्वयि नाथ! दृष्टय: ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधि:॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થઃ-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જ્યમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં

જૈન યુગ.
તા. ૧-૧૧-૩૨. મંગળવાર

# નૂતન વર્ષ.

અનંત કાળના ભૂગર્ભમાં આપણું એક વધારે વર્ષ સમુદ્રતરંગવત્ લીન થતાં નૂતન વર્ષ પ્રારંભ થાય છે તે ટાંકણે એ આપણું નવીન વર્ષ વાંચક વર્ગને, જૈન સમાજના અંગભૂત આબાળવૃદ્ધ સર્વને સુખરૂપ નિવડો એવી પરમકૃપાળુ શાસન દેવ પ્રત્યે અભ્યર્થના કરીએ છીએ.

લીન થયેલાં ગત વર્ષનો ઉપલક દૃષ્ટિએ વિચાર કરીએ તો એટલી બિના સ્પષ્ટ છે કે સામુદાયિક ગણતરીએ આખું વર્ષ જેવું જોઇએ તેવું સમાજને સુખરૂપ નિવડયું નથી-બલ્કે સમાજનું જીવન અનેક પ્રકારની વિટંબણાઓમાં પસાર થયેલું છે. ક્ષુબ્ધ થયેલું રાજદ્વારી વાતાવરણ અને આર્થિક સંકડામણોએ આપણાં જીવનમાં અનેક આફતો-ઉપાધિઓનો પરિચય કરાવ્યો છે અને આપણો સમાજ પણ રાષ્ટ્રના એક ઉપયોગી અંગ તરીકે તેમાંથી કેમ બચી શકે? આપણાં અનેક બંધુઓ જેલોની દિવાલો પાછળ પુરાયા છે જ્યારે અન્ય બંધુઓ દેશના વ્યાપારના કફોડા સંજોગોના ભોગ બની પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા છે.

બીજી બાજુ તીર્થો અંગે ઉભા થતા પ્રશ્નો અને દીક્ષાના ઝગડાઓએ સામાજીક જીવન ઉપર અનેક બખેડાઓ ટંટાઓ લાવ્યા છે અને ગંભીર અસર ઉત્પન્ન કરી છે. દીક્ષાના પ્રશ્ને જે વાતાવરણ ઉભું કર્યું છે તે સ્વચ્છ કરવાના થોડા સૂરો પણ ગતવર્ષમાં સંભળાયા બાદ તે પણ સમુદ્રમાં ઉછળતાં મોજાંઓની દશાને પામી વિરામ્યા જણાય છે. જૈન સમાજ પોતાની અનેક વિટંબણાઓ વચ્ચે જીવન વીતાવવા વિધવિધ પ્રયાસો સેવી રહ્યો છે તેમ સમગ્ર દેશ રાષ્ટ્રભાવનાને અનુલક્ષી રાજદ્વારા હક્કો મેળવવા અને આર્થિક સંકડામણોનું અનેકવિધ કષ્ટ કાપવા તનતોડ પ્રયાસો સેવી રહ્યો છે; એટલે આજ જૈન અને જૈનતર સમાજને વર્તમાન અને ભાવિની ચિંતામાં પોતાના દિવસો ગુજારવા રહે છે એ પણ એક કાળની બલિહારીજ છે! આવા સમયે જ્યાં જીવન નિર્વાહની મારામારી ચાલી રહી છે ત્યાં સામાજીક અને ધાર્મિક કલેશ કંકાસોના ઉપસ્થિત થવાથી સમાજને ઘણું ભોગવવું પડે એમા નવાઇ શી?

સાલ આખરે સરવાયાં તપાસનારાઓને આ વાત યાદ દેવાની ન હોય કે આ રીતે ઉધાર પાસેજ ચાલતી જીવન નૌકા કયાં સુધી સરલ રીતે માર્ગ કાપી શકે તે વાત વિચારવી ઘટે છે, સમાજની મુશ્કેલીઓ સંકડામણો દૂર કરવી ઘટે છે સમાજનું જીવન સ્વચ્છ થવું ઘટે છે.

હિંદુ-મુસ્લીમ પ્રશ્નોની અનેક આંટી ઘુંટીઓ ઉકેલવા સમર્થ મહારથીઓ રાત દિવસ પ્રયાસો કરે છે ત્યારે જૈન સમાજની મુશ્કેલીઓ દુર થવી એ અશકય ઘટના નથી. કુશળ નાવિકો, સુકાનીઓએ કમર કસવી જોઇએ. નૂતન વર્ષના પ્રારંભે નિશ્ચય બળને એકત્રિક કરવા અને વર્ષ દરમ્યાન તેના સફળ પ્રયોગો થાય એવી ભાવના આજે અસ્થાને ન ગણાય.

આપણું આ નવલ વર્ષ સમાજના અનેક સળગતા પ્રશ્નોના નિર્ણયો લાવે અને સમાજ સુખરૂપ સંગઠિત જીવન વ્યતીત કરે એમ ઇચ્છીએ, અને એ મહાન્ કાર્યમાં સમાજના નાયકો, યુવાનો, વિચારકો વગેરે અંતઃકરણ પૂર્વક મતાગ્રહ દુરાગ્રહને તિલાંજલિ આપી સમગ્ર કોમનાં હિત પરત્વે દષ્ટિ રાખી કાંઇ પણ રચનાત્મક પદ્ધતિ અખત્યાર કરે તો કોમનું ઉજ્જવલ ભાવિ સમીપજ છે.

## બીજી કૉન્ફરન્સ સ્વાગત સમિતિ સભા.

કોન્ફરન્સનાં મુંબઇમાં મળેલા બીજા અધિવેશનની રિશેપ્શન કમિટિની એક સભા કોન્ફરન્સની ચાલુ પરિસ્થિતિ ને અંગે નિભાવ ફંડમાં યોગ્ય મદદ આપવા સંબંધે વિચાર કરી ઘટતો નિર્ણય કરવા તા. ૬-૧૧-૩૨ રવિવારે બપોરના સ્ટાં. ટા. ૨-૩૦ વાગે કોન્ફરન્સ ઓફિસ (ગોડીજી ચાલ, ૨૦, પાયધુની, મુંબઇ) માં મળશે. સ્વા. સમિતિના સભ્યોને હાજરી આપવા વિનંતિ છે.

રણછોડભાઇ રાયચંદ ઝવેરી,
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી,
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

## રત્ન કણિકા.

નિયમિત વ્યાયામ, ખુલ્લી હવા, સાત્વિક અને સ્વચ્છ, નિયમિત ખોરાક એ તંદુરસ્તીનો રાજમાર્ગ છે.

\+ + + +

વ્યવસ્થિત જીવન વ્યતીત કરવાની સુદૃઢ પ્રતિજ્ઞા એ વિજયકળાનું આવશ્યક અંગ છે.

\+ + + +

આડંબર અને દંભ ઉપર રચાયેલી મહોટાઇના કિલ્લા ઘડિવારમાં જમીનદોસ્ત થશે એ વાતનું નિત્ય સ્મરણ રાખવું.

× × × ×

ગરીબોની સેવામાં ગૌરવ માનનાર, તેના દુઃખો દુર કરવાની ભાવના અને તત્પરતા ધરાવતો મનુષ્ય આદરને પાત્ર છે-પૂજ્ય છે.

× × × ×

આજનો યુવક એટલે આત્મયજ્ઞનો હોતા, ચેતનની મૂર્તિસમો નવસૃષ્ટિનો સર્જનહાર. સેવાવૃત્તિ ભર્યો સાગરસમ ગંભિર ઉત્કૃષ્ટ સેવક આડંબર અને દંભનો નિત્ય વિરોધી સમાજ અને દેશનો મસ્ત પૂજારી એને કીર્તીની લાલસા નથી હોતી.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ

ના

## વાર્ષિક મેલાવડા વખતે

પ્રમુખ

શ્રી રતનચંદ તલકચંદ માસ્તર તરફથી

## અપાયેલું ભાષણ.

**બંધુઓ અને બ્હેનો,**

આજના મેળાવડા માટે મ્હારા મિત્રશ્રી રણછોડભાઇ રાયચંદ ઝવેરી તરફથી મ્હને જ્યારે કહેવામાં આવ્યું ત્યારે હું સ્હેજ વિચારમાં પડયો. હું કેળવણીકાર નથી, સમાજના એક નમ્ર કેળવણી પ્રિય સેવક તરીકે મ્હને આ સ્થળ આપવા આપની પ્રેમ લાગણી માટે હું આભારી છું.

**સત્ય કેળવણી ઉપરજ હિંદની ભવિષ્યતાનો આધાર.** દેશ અને સમાજોત્થાન મુખ્યત્વે કેળવણી પર અવલંબે છે એ સંબંધમાં J. H. Cousins એ પોતાના ઉદ્ગારો નીચેના શબ્દોમાં જણાવ્યા છે તે ખાસ મનનીય માની અત્રે ટાંકું છું. "હિંદની ભવિષ્યની મહત્તાનો આધાર તેના લોકગણની સત્ય કેળવણી પર છે. વર્તમાનમાં-જેઓમાં આદર્શભૂત અને આત્મભોગી બનવાની આગ ચોખ્ખી અને સદા જવલંત સળગતી રહે છે તેઓને ઉત્તેજી અને સહાય આપી હિંદની ધાર્મિક દ્રષ્ટિના ઉચ્ચ શિખર પર કાર્ય કરી ચ્હડવાની સર્વ વ્યાપી જરૂરને જેટલે અંશે હિંદના લોકગણથી સત્કારી શકાય તેટલા અંશે હિંદની કેળવણી સારી થવાનો આધાર છે. કેળવણી આપો, આપો, એવી માંગણી જબરી થાય છે, કારણ કે કેળવણીની તાત્કાલીક ઉપયોગિતા છે. કેળવણી કેમ વધુ પુરી પાડી શકાય એ વાતની મોટી ઇચ્છા થાય છે, અને પ્રમાણમાં ક્યારે વિશેષ પૂરી પાડી શકાશે કે જ્યારે જેમની પાસે સહાય આપવાનાં સાધનો છે તેઓ ઉદારતામાં મહાન્ બનશે ત્યારે.

**અવાસ્તવિક પ્રગતિ.** જ્યાં સુધી લોક અને સમાજના જુદા જુદા સમૂહોમાં વ્યવહારિક અને ધાર્મિક જ્ઞાનનો પ્રચાર છૂટથી બ્હોળા પ્રમાણમાં ન થાય ત્યાં સુધી કોઇ દિશામાં થયેલી પ્રગતિ વાસ્તવિક ન ગણાય.

**કેળવણીની આવશ્યકતા.** આપણે જોઇએ છીએ કે કેળવણી આપવાની આવશ્યકતા એ દરેક રાજ્ય કે સત્તા પોતાના દેશની ઉન્નતિ માટે પ્રથમ પગથીયા તરીકે સ્વીકારે છે. એમાં દેશોત્થાનના ઉંડા મૂળ રોપાએલા છે. કેટલાક રાજ્યોએ તો કેળવણીને ફરજીઆત (Compulsary) બનાવી છે. આ સર્વ જ્યારે આપણે જોઇએ છીએ ત્યારે ખેદ થયા વિના નથી રહેતું કે આપણા સમાજમાં હજુ સુધી કેળવણીનો પ્રચાર જોઇએ તેટલા પ્રમાણમાં થયો નથી.

**કેળવણી માટે સાધનોની જરૂર.** આજના બાળક બાળીકાઓ જે ભાવી સમાજ અને દેશના સ્તંભો છે. તેઓમાં ધર્મ બુદ્ધિ જાગૃત રહે અને તે દ્વારા દેશનું પ્રાચીન અને અર્વાચીન ગૌરવ ખીલે એ કોણ ન ઇચ્છે? પણ તે માટે સાધનો આપવા એ આપણા સૌની ફરજ છે કેળવણીને સસ્તી બનાવવાના બદલે આજે મોંઘી બનાવાય છે. આપણે વણિક દષ્ટિએ જોઇશું તો સસ્તી વસ્તુ તરફ આકર્ષણ તુરત થાય છે. તે હિસાબે હું ઇચ્છીશ કે કેળવણી માટે જેમ બને તેમ વધારે સાધનો આપી આપણે આપણા સમાજ અને ધર્મને જરૂર દીપાવીએ.

**એજ્યુકેશન બોર્ડ અને સમાજની સ્થિતિ.** આ કેળવણીના કાર્યો દ્વારા સમાજમાં નવ ચેતન રેડવા જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ જેવી કેન્દ્રસ્થ સંસ્થા આજે આપણા પાસે મોજુદ છે. તેના કાર્યક્ષેત્ર તરફ દષ્ટિ નાંખવામાં આવે તો જણાયા વગર નહિ રહે કે સમાજની કેળવણી માટેની જવાબદારી એ સંસ્થાના શિરે રહેલ છે. સમાજના એકે એક બાળક ધાર્મિક અને વ્યવહારિક કેળવણી વગર ન રહે તે આ સંસ્થાએ જોવાનું છે. આજે શું સ્થિતિ છે? ઉંડા ઉતરશું તો ગામડાઓમાં તો જીવન નિર્વાહ આદિના સાધનોના અભાવે બાળક બાળીકાઓ કેળવણીથી સર્વથા વંચિત રહે છે. કેટલીએ પાઠશાળાઓ ઉઘડે

# સમયના પ્રવાહમાં.

### જયંતી ઉજવવી એ લાભકારક છે?

ભાદરવા શુદ ૮ ના રોજે સમ્રાટ્ અકબરને બુઝવી ૭ માસ સુધા અમારી પડહનો પટો મેળવનાર, જેનાપ્રતાપથી આજથી ત્રણસે વરસ પરજ ૭ માસ સુધીની તપસ્યા બેન ચંપા જેવી શ્રાવિકા મુસલમાન રાજ્યમાં કરી શકતી હતી, એવા સૂરીશ્વર હીરવિજયસુરિની જયંતિનો દિવસ હતો. દરવરસ માફક આ વરસે પણ તે જયંતી મુંબાઇમાં ગોડીજીના ઉપાશ્રયમાં ઉજવવા સ્વયંસેવક મંડળની ઇચ્છા હતી. તેથી ગોડીજીમાં બીરાજતા મુનિરાજશ્રીને મંડળ તરફથી પૂછવામાં આવ્યું. જવાબ મળ્યો કે અમે તો એક તીર્થંકરનીજ જયંતિ ઉજવવી ઇષ્ટ ગણીએ છીએ! બીજાની ઉજવીએ તો ગમે તે થઇ ગએલા મહાપુરૂષની ઉજવવી પડે અને તેમાં કોની ના કહેવી અને કોની હા કહેવી એ સવાલ થઇ પડે. માટે અત્રે તે બની શકશે નહિ. હવે મારો મુદ્દો એટલોજ છે કે અત્યારે આચાર્યશ્રી આત્મારામજી, (વિજયાનંદ સુરિ), મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી, આચાર્યશ્રી ધર્મવિજયજી, હીરવિજયસુરિ, તથા ખરતરગચ્છના દાદાસુરિ, એટલાનીજ જયતિ ઉજવાતી જાણી છે. જયંતિ ઉજવવાથી ફાયદો છે કે ગેરફાયદો તે તો તીર્થંકરની જયંતિ ઉજવાય છે તેથી સ્પષ્ટજ છે કે ફાયદો છે. ગુણીના ગુણનું કીર્તન કરવું એજ જયંતિ ઉજવવાનો ઉદેશ છે. તેથી કોઇ હીરવિજયસૂરિ જેવા પાત્ર મુનિરાજની જયંતિ ઉજવવામાં ઉપાશ્રયમાં બાધ લેવામાં આવે, તે મારી નજરે ઇષ્ટ લાગતું નથી.

<u>દીક્ષા પ્રતિબંધક નિબંધ</u> સંબધી તપાસ કરવા નિમાયેલી સમિતિ સમક્ષ વડોદરાના રહીશ રા વાડીલાલ મગનલાલ વૈદ્યે જે જુબાની આપી છે તે કેવા મુદાસર હતી, એ તો જે પુસ્તકોના આધારો તેમણે આપ્યા તે પરથીજ સ્પષ્ટ હતું, છતાં તે પુસ્તકોમાંથી માત્ર બાળદીક્ષાનેજ પુષ્ટિ મળે એવા ઉતારાઓ આપીને પન્યાસજી શ્રી રામવિજયજીએ "જૈન પ્રવચન"માં તા. ૧૦-૧૦-૩૨ ના અંકમાં જે વિવેચન કર્યું છે, તેમાંથી મને એક વાત અસાધારણ ઉત્તમ લાગી છે. આજથી ૩૦ વર્ષ પહેલાં "દીક્ષા" એ શિર્ષકથી "જૈન ધર્મ પ્રકાશ"માં મેં જે હેતુથી લેખ લખ્યો હતો તેજ હેતુ પન્યાસશ્રી રામવિજયજીએ આપેલા ઉતારામાંથી નીકળી આવ્યો છે. સૌ સારૂં જેનું છેવટ સારૂં. ૭ મહિના અથવા તેથી જરા ઓછી મુદત પણ દીક્ષા આપવા પહેલાં કસોટીમાં ઉતારવાની દીક્ષા લેનાર માટે જરૂર છે એવું ઉપરના ઉતારાઓમાંથી જણાય છે. આજથી ૧૦—૧૨ દિવસ પહેલાંજ લીબડીના રહીશ શા. મનસુખલાલ જેઠાલાલ (ધંધા અર્થે મુંબઇ) ચરમાવાળાના ભાણેજ ભાઇ રમણિક અથવા બાબુ, જેની ઉમર ૧૪ વર્ષની છે, તેને કોઇના તરફથી ચોરીછુપીથી ભગાડવામાં આવ્યો છે, એવી મુંબઇ સમાચારમાં જાહેર ખબર આવી છે. ગોડીજીને દરે હેડબીલો પણ વહેંચાયા છે, કે જે માણસ અથવા સાધુજી તેને દીક્ષા આપશે તેના ઉપર ગુન્હો ઉભો રહેશે તેનો પતો મેળવી આપનારને રૂ. ૨૫૦) નું ઇનામ આપવામાં આવશે. પન્યાસ શ્રી રામવિજયજી તથા આચાર્ય શ્રી આનંદસાગરજીને આ બનાવ કેવો લાગે છે.? જેણે ભગાડયો હોય તેણે સારૂં કર્યું એમ લાગે છે? આનાથી શાસન નિંદાય કે વખણાય? આમાં યુવક સંઘ બિચારો શું કરે? જેનો છોકરો જાય તેને કેવો કારી ઘા લાગે, એ તો જેનો શિષ્ય ભાગી જાય, તેને ઘા લાગે ત્યારે ખબર પડે. મારૂં કહેવાનું તાત્પર્ય એજ છે કે બાળદીક્ષા શાસ્ત્રસંમત છે, પરંતુ તે અસાધારણ મનુષ્ય નીપજવાનો યોગ હોય ત્યારેજ. ગમે તેવા બાળને મૂંડી નાખવાથી બધા અસાધારણ નીવડશે, એ માત્ર ભ્રમણા છે. એક મુનિરાજ તો એટલે સુધી કહે છે કે, અમો હાલના સર્વ સાધુઓ. વજ્રશાખાના છીએ એટલે કે વજ્રસ્વામીથી ઉતરી આવેલા છીએ અને વજ્રસ્વામી કોર્ટમાં ગયેલા છે એટલે અમારા પૂર્વજ કોર્ટમાં ગયેલા હોવાથી અમને કોર્ટમાં જવાની કંઇજ મુશ્કેલી નથી. ગોડીજીને ઉપાશ્રયે વ્યાખ્યાન વખતે સાગરજીએ કહ્યું કે પાંચમા આરાને છેડે માત્ર ૧ સાધુ, ૧ સાધ્વી, ૧ શ્રાવક, અને ૧ શ્રાવિકા રહેશે, તો પણ તે ચતુર્વિધ સંઘ કહેવાશે. એક જૈને પ્રશ્ન કર્યો કે સાહેબ આજથી સાડા અઢાર હજાર વર્ષ પછી બનનારી ઘટનાને આપ જલદી લાવવા ધારો છો? મતલબ કે દીગંબર અથવા સ્થાનકવાસી આપણા મંતવ્યથી જુદા છે, એ ખરી વાત, પરંતુ તેટલાજ માટે તેઓને પાપીનું બીરૂદ આપવું એ હાલના જમાનાને યોગ્ય લાગતું નથી. આ લેખકે એવા ચાર દાખલા નજર જોયા છે કે જેમાં ભગાડીનેજ દીક્ષા અપાઇ અથવા આપવાની ગોઠવણ થઇ હતી. બીજા વિશેષ દાખલાઓ પણ તે જાણે છે, પરંતુ આખી સાધુ સંસ્થા ઉપર તેવું આળ ચઢાવવા તે તૈયાર નથી. કેટલાક એવા રત્નો છે કે જેઓ શાંત દાંત, સમયજ્ઞ અને શાસનના શ્રેરી છે. મને ખરેખર તો નવાઇજ એ લાગે છે કે પ્રવર્તક શ્રી કાંતિવિજયજી તથા મુનિરાજ શ્રી હંસવિજયજી જેવા વયોવૃદ્ધ મહાત્મા, જેમણે પૂજ્ય આત્મારામજી મહારાજના પાદ સેવ્યા છે, તેમનીજ સામે તેમનાથી ગુણોમાં ઘણા ઓછાશવાળા મુનિરાજો યદ્વાતદ્વા બોલે છે. હું તો પ્રમાણિકપણે એમ માનું છું કે શાસનના રક્ષક જેવા મુનિરાજો છે તેવાજ બીજા નંબરે જૈનો પણ છે. માત્ર સમય ઓળખીને દીક્ષાની બાબતમાં મતભેદ પડયો તેટલા માટે તેવા મુનિરાજો અને તેવા શ્રાવકો શાસનદ્રોહી એ તો આ જમાનાની અજાયબીજ ગણાય. રાજદ્રોહમાં પણ ઘણા ભેદ છે, તેમ શાસનદ્રોહમાં પણ અંશોનો ભેદ હોવો જોઇએ. બાકી એકજ બાબતમાં મતભેદ ઉપરથી અમુક જૈન જૈન નથી, એમ કહેવું એ અસાધારણ હિંમત- નુંજ કામ છે, વહેલા મોડા કસોટી માટે ૨-૪-૬ મહિના રાખવાની જરૂર પડશે, એમ મને તો લાગે છે. ભલે કદાચ એક સૈકો પણ ચાલ્યો જાય, પરંતુ હાલની સ્થિતિ એક સૈકાથી વધારે નભે એમ હું તો માનતો નથી.

### <u>સિદ્ધક્ષેત્ર જૈન બાળશ્રમ, પાલીતાણા</u>

આ સંસ્થા છેલ્લા ૨૭ વર્ષથી સિદ્ધક્ષેત્ર (પાલીતાણા) ખાતે મૂંગું પણ શાંત રીતે ઉત્તમ કામ કર્યા કરે છે. અત્યારે તેમાં આશરે ૮૦-૮૫ વિદ્યાર્થીઓ લાભ લેછે. અત્યાર સુધી તે સંસ્થા ભાડાના મકાનમાં હતી, પરંતુ આખા પાલીતાણામાં જે મકાનમાં હાલ તે છે તે સિવાય બીજું એવું એકે મકાન નથી, કે જેમાં તેનો સમાવેશ થઇ શકે. આ સંસ્થાને

મરહુમ દાનવીર શેઠ દેવકરણ મુળજી તથા શેઠ નરોત્તમદાસ ભાણજીનો બહુ સારો આધાર હતો, પરંતુ તે બન્ને ગૃહસ્થો સદ્‌ગત થતાં હાલ તે સંસ્થાને બહુ મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે. છતાં પરમાત્માની કૃપાથી શેઠ ભાઇચંદભાઈ નગીનભાઇ, સોલીસીટર ચીનુભાઇ લાલભાઇ તથા શેઠ નાનજી લધાભાઇ એ ત્રણે એવા ઉત્તમ સુકાની મળ્યા છે કે તેનો બેડો પાર ઉતરશે એ ચોક્સ છે. શેઠ નગીનભાઇ મંછુભાઇની પાછળ શેઠ ભાઇચંદભાઇ જે ધર્મકાર્યમાં ભાગ લેછે, તે અતિ પ્રશંસનીય છે, અને મારી સમજણ પ્રમાણે આ કામમાં દિલ દઇને મકાન બંધાવવાના ફંડ માટે તેઓ શેઠ ચીનુભાઇની સાથે જે મહેનત લેછે, તે ખરી ઉચ્ચ પ્રકારની શાસનસેવા છે. એવી શાસનસેવાથી જૈન સમાજ જીવતો રહી શકશે. પાલીતાણાના નામદાર દીવાન સાહેબ મારફતે તેઓએ જમીન મેળવવાની ગોઠવણ કરી છે અને આશરે રૂ. ૧૭૦૦૦) ફંડમાં ભેગા કર્યાં છે, બાકી રૂ, ૩૩૦૦૦) આશરેની જરૂર છે. જૈન કોમમાં એવા માયના પુત્ર ઘણા પડયા છે, પરંતુ આ સાચી દિશા જાણવામાં આવે તો તેમનું કલ્યાણ થઇ જાય. સર ફીકાભાઇ જેવા લખપતિ ક્રોડપતિ ધારે તો એક સહજવારમાં આ પુન્ય હાંસલ કરી પરભવનું ઉત્તમ ભાતું બાંધી શકે.

—શાહ નરોત્તમ ભગવાનદાસ.

## એકસંબા ગામમાં મૂર્તિપૂજક જૈનોની સભા.

તા. ૩-૧૦-૩૨ ના રોજે દક્ષિણ મહારાષ્ટ્ર ગામ એકસંબાના શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપુજક સંઘની એક સભા પૂજ્ય યતીશ્રી મનસાચંદ્ર મહારાજના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી. જેમાં નીચે મુજબ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

(૧) શ્રી કેશરીઆજી તીર્થના ફુલ, પ્રક્ષાલ, પુજા વાગેરે ચડાવવાના જે પૈસા આવે તે ત્યાંના પંડયા પુજારીઓને આપવા માટે શ્રી ઉદેપુરના મહારાણાએ પોતાની આપખુદ સત્તાથી એક પક્ષપાતી જે નિર્ણય આપ્યો છે, તેને વખોડી કાઢી આ સભા પોતાની દીલગીરી જાહેર કરે છે અને ઉદેપુર મહારાણાને તે હુકમ વિના વિલંબે પાછો ખેંચી લેવા વિનંતિ કરે છે.

(૨) જ્યાંસુધી ઉદેપુરના મહારાણા આ હુકમ પાછો ખેંચી ન લે ત્યાંસુધી ફુલ, પ્રક્ષાલ, પુજા વીગેરે ચડાવા ન બોલવાનો તથા ત્યાંના પંડયા પુજારીઓને કોઇ જાતની બક્ષીસ યા મદદ ન આપવાનો આ સંઘ દરેક જૈન બંધુ–ભગીનીને આગ્રહપૂર્વક ભલાણણ કરે છે.

(૩) ઉપરના ઠરાવો દરેક યોગ્ય સ્થળે, ઉદેપુરના મહારાણાને તથા ઉદેપુરના સંઘને મોકલી આપવા, આ સંઘ અત્રેના શ્રીયુત્ ડોંગરસીભાઇ અમથારામને સંપૂર્ણ સત્તા આપે છે.

—શા. ડુંગરસી અમથારામ એકસંબા.

To,

H. H. Hindukulbhushan Maharana of
Udaipur.

May it please your Highness,

The following resolution is passed at the meeting of the 'Jain Swetamber Murtipujak Sangh' at Yakasamba Southern Maharatta Countries under the president-ship of 'Yati Shree Manasachandraji maharaj, on the 3 rd October, 1932:—

"We greatly regret the exparte order passed by H. H. the Maharana of Udaipur, which assigns to the Pandyas, the proceeds of the bids at Praksal, Pujan, and other ceremonies at 'Kesharianath Temple' of Dhuleva. The Swetamber Jain Community, all over India, feels greatly aggrieved by this extra-judicial order of H. H's Government as the aforesaid money which has been used for purposes pertaining to 'Shree Kesharinath Devasthan', from times immemorial, will in accordance with this order, go to swell the pockets of Pandyas at the cost of Jain Community and the Devastan."

The Jain Swetamber Sangh of Yakasamba, therefore, most fervently prays H. H. the Maharana, to withdraw the said order & to restore the Status-quo."

શા. ડુંગરસી અમથારામ એકસંબા.

| | |
|---|---|
| Yakasamba,<br>(Dist. Belgaum.)<br>Date, 7th October 1932 | For the Jain Swetamber Sangh of Yakasamba. |

## શ્રી પ્રાચીન તીર્થોદ્ધાર વાસ્તે દાન કરવા માટે ઉત્તમ સ્થાન શ્રી મારવાડની મોટી પંચ તીથી.

## શ્રી રાણકપુરજીનું ભવ્ય દેવાલય.

૧. શ્રી મારવાડના સાદડી ગામથી ૭ માઇલ દુર શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોનું મારવાડ પંચ તીર્થોનું મુખ્ય સ્થાન શ્રી રાણકપુર તીર્થ આવેલું છે. તે તીર્થનું ૧૪૪૪ સ્તમ્ભવાલુ વિશાલ મંદિર શ્રી નાદીઆ ગામના ધનાશાહ પોરવાડે સ્વપ્નમાં જોયેલા શ્રી નલિની ગુલ્મ વિમાનના આકારનું પંદર કરોડ દ્રવ્ય ખરચી સંવત ૧૪૩૪ માં બંધાવેલું અને તેમાં પ્રતિષ્ઠા શ્રી. સોમસૂરીજીએ સં. ૧૪૯૬ કરેલી. તે ભવ્ય દેરાસરનો હાલ જીર્ણોદ્ધાર કરાવવાની આવશ્યક્તા છે. આવા વિશાલ મંદિરના જીર્ણોદ્ધારમાં નાણાની મોટી રકમની જરૂર પડે તે સર્વ ભાઇઓની જાણમાં છે. આપણી પૂર્વે થઇ ગએલા પુણ્યશાલી પુરૂષોની જાહોજલાલીના નમુનારૂપ આ આ મંદિરના જીર્ણોદ્ધારમાં સખી ગ્રહસ્થોએ પોતાનો હાથ લંબાવી સારી રકમ આપવાનું પુણ્ય ઉપાર્જન કરવા વિનંતી છે.

૨. શ્રી એડનના દેરાસર તરફથી આ તિર્થના જીર્ણોદ્ધાર સારૂ રૂા. ૨૦૦૦) ની રકમ મોકલી આપવામાં આવી છે.

૩. જે રકમો મોકલો તે શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદના ઉપર મોકલી આપવા તસ્દી લેશોજી.

તા. ૮-૧૦-૩૨. —પ્રતાપસિંહ મોહોલાલભાઇ.

વ. પ્ર.

છે અને અલ્પ સમયમાંજ વિદ્યાર્થીઓ પૂરતા પ્રમાણમાં ન હોવાથી અથવા ફંડના અભાવે બંધ થાય છે કેટલીક ડામાડોળ સ્થિતિમાં ચાલે છે. બોર્ડિંગો, વિદ્યાલયો, ગુરૂકુળો આદિમાં મ્હોટી ખોટ નજરે ચઢે છે. આનું કારણ શું? હું માનું છું કે, આપણે કેળવણીની ખરી કિંમત આંકી શકયાજ.નથી. જો આંકી શકયા હોત તો આજે આ સ્થિતિ આપણી સમક્ષ ન હોત. એજ્યુકેશન બોર્ડ જેવી સંસ્થામાં ગણ્યા ગાંઠયા મેમ્બરો જોઇ આશ્ચર્ય થાય છે. આજે દરેકે દરેક સ્થિતિ સંપન્ન ગૃહસ્થોએ કેળવણી માટે તન, મન, ધનથી ભોગ આપવાની જરૂર છે.

**બોર્ડ દ્વારા થતા કાર્ય.** બોર્ડ હાલમાં તેના વિવિધ કાર્યો પૈકી બે એક કાર્ય કરી રહેલ છે. (૧) ધાર્મિક પરિક્ષા (૨) શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓને સ્કોલરશિપ અને ધાર્મિક શિક્ષણ આપનાર પાઠશાળાઓને મદદ.

**ઉદ્દેશો માટે દિશા સૂચન.** પ્રથમ કાર્ય માટે મ્હારે જણાવવું જોઇએ કે હિંદમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનો માટે યુનિવર્સીટીના ધોરણ પર દર વર્ષે પરીક્ષા લેતી બીજી કોઇ સંસ્થા નજરે નથી પડતી. આપણી વસ્તીના પ્રમાણમાં એ પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘણીજ અલ્પ કહેવાય. તોપણ છેલ્લા વર્ષોમાં આ સંખ્યા આજે લગભગ બારસો સુધીની થઇ છે તે એક પ્રગતિ સૂચક ચિન્હ છે. આજે કોલેજીસ અને હાઇસ્કુલોમાં જ્યારે ધાર્મિક કેળવણી ફરજીઆત નથી ત્યારે આપણે આપણા હસ્તકના સાધનોથી તે કેળવણીને વધુ પ્રગતિવાળી બનાવવી જોઇએ. બોર્ડના કેન્દ્રો (સેન્ટર્સ) લગભગ ૯૦ છે. તે સંખ્યામાં અમુક પ્રાંતો દેખાતા નથી. આજે આપણે પ્રતિજ્ઞા લેવી જોઇએ કે પ્રત્યેક ગામમાં આ બોર્ડનું સેન્ટર હોય. ગામોગામ પાઠશાળા હોય અને તેમાં આપણા બોર્ડના અભ્યાસક્રમ મુજબ શિક્ષણ અપાય. બોર્ડના ઇન્સ્પેક્ટરો દ્વારા તે પાઠશાળાઓની તપાસ થાય, જે વ્યવસ્થા અને વહીવટમાં ખામી ન રહે તે માટે ખાસ આવશ્યક ગણાય. પરીક્ષાઓ માટેના અભ્યાસક્રમમાં નિર્ણીત થએલાં પુસ્તકો બોર્ડદ્વારા પ્રસિદ્ધ થાય તો અભ્યાસ કરનાર અને કરાવનારને વધુ સરળતા થઈ શકે. આ સર્વ માટે વિદ્યાર્થીઓ અને પાઠશાળાને મદદની જરૂર ઉભી થયા વિના નહિ રહે. આજે વિદ્યાર્થીઓને લોન અથવા બીજી રીતે સ્કોલરશીપો મેળવવાના સ્થળો ઘણાજ ગણ્યા ગાંઠયા છે. પાઠશાળાને મદદ તો મ્હેસાણા જૈન શ્રેયસ્કર મંડળ અથવા આ સંસ્થા તરફથી અપાય છે એ મ્હારા ધ્યાનમાં છે. આ સ્થિતિમાં શિક્ષણ લેનાર અને આપનાર સંસ્થાને અનેક મુશ્કેલીઓ વચ્ચે પસાર થવું પડે છે. એ મુશ્કેલીઓ દૂર કરવા કરાવવા બોર્ડદ્વારા પ્રયાસોને વધુ વેગ મેળવાની જરૂર છે. આ કાર્યો માટે "જૈન એજ્યુકેશનલ કૉન્ફરંસ" મેળવવાના પ્રાયાસો થવાની જરૂર છે. તેમ થવાથી અનેક પ્રશ્નોનો ઉકેલ સ્હેજે આવી શકશે.

**પ્રાકૃત, માગધીને ઉત્તેજન.** યુનિવર્સીટીઓમાં પ્રાકૃત, માગધી, ભાષાઓમાં લખાએલા આપણા ગ્રંથોને દાખલ કરાવવાના પ્રયાસો અત્યાર અગાઉ થએલા છે. તેથી આપણે કેટલાક સ્થળે સફળતા પણ મેળવી છે. આપણે આપણા ધર્મ અને સિદ્ધાન્તોને વિશ્વમાં પ્રચાર કરવાની ભાવના રાખી તે માટે પ્રયાસો આદરવા જોઇએ.

આ સર્વ સ્થિતિ જોતાં હું મક્કમ પણે માનું છું કે બોર્ડ જેવી સંસ્થાના કેળવણી વિષયક કાર્યો આગળ ધપાવી આપણે આપણા સમાજને ઉચ્ચ પંથે લઇ જવા તન તોડ મહેનત લેવી જોઇએ કારણ કેળવણી વિનાનું જીવન નકામું છે.

**જૈન શાસ્ત્રોમાં જ્ઞાનની મહત્તા.** આપણા શાસ્ત્રોમાં 'પઢમં નાણં તઓ દયા'ના પાઠથી સાર એ છે કે પ્રથમ જ્ઞાન અને પછી દયા. 'પહેલું જ્ઞાન અને પછી ક્રિયા, નહિ કોઇ જ્ઞાન સમાનરે' આ શ્રીમદ્ સમયસુંદરના વચનો આપણને શું બોધપાઠ આપે છે. જ્ઞાન (કેળવણી)ની મહત્તા સર્વત્ર સ્વીકારાય છે. અને તે વિષે કોઇ પણ જાતના તર્ક વિતર્કો અસ્થાને છે. આ જોતાં આપણે આપણા પૂજ્ય મહા પુરૂષોના વચનને આધીન રહી કાર્ય કરીએ તોજ તેમના ખરા અનુયાયિઓ કહેવાઇએ.

**દુનિયાની સ્થિતિ.** આજે દુનિયાની સ્થિતિ બદલાઇ છે. ડગલે ને પગલે કેળવણીની જરૂર પડે છે. દેશ કાળ જોઇ આપણા સમાજને ઉન્નતિના શિખર પર લઈ જઇએ તોજ સાચા વીર પૂત્રોના બિરૂદને ધારણ કરવા યોગ્ય ગણાઇશું. આની ફરજ દરેક વ્યક્તિપર રહેલી છે તેમાંથી કોઇ છટકી શકે નહિ તો આપ આ કાર્યમાં જરૂર યથા શકિત ભોગ આપશો એવી હું આશા રાખું છું.

રતનચંદ તલકચંદ માસ્તર.

મુંબઇ, ૧૬-૧૦-૧૯૩૨.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડનું વાર્ષિક સંમેલન.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી ગત ડિસેમ્બર માસમાં લેવાયેલી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ અને અ. સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓમાં ફતેહમંદ નિવડેલા ઉમેદવારોને ઇનામો તથા પ્રમાણ પત્રો આપવા એક જાહેર સંમેલન રવિવાર તા. ૧૬-૧૦-૩૨ ના રોજ સ્ટાં. ટા. ૩ વાગે મુંબઇ માંગરોળ જૈન સભાના હૉલમાં શેઠ શ્રી રતનચંદ તલકચંદ માસ્તરના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યું હતું જે વખતે શેઠ રણછોડભાઇ રાયચંદ, રાવસાહેબ રવજી સોજપાળ, ડૉક્ટર પુનશી મૈશરી, શેઠ મેઘજી સોજપાળ, શેટ લાલભાઇ કલ્યાણભાઇ, શેઠ લલુભાઇ કરમચંદ, શેઠ મોહનલાલ ભગવાનદાસ, શેઠ ફકીરચંદ કેશરીચંદ, શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી મણીલાલ રિખવચંદ ઝવેરી, આદિ હાજર હતા.

માંગરોળ જૈન કન્યા શાળાની બાળાઓએ સ્વાગત ગીત ગાયા બાદ બોર્ડના ઑનરરી સેક્રેટરી શ્રી સૌભાગ્યચંદ ઉમેચંદ દોશીએ કામ કાજનો અહેવાલ રજુ કર્યો હતો જેમાં બોર્ડે છેલ્લા વર્ષોમાં ધાર્મિક કેળવણી પ્રચારના ક્ષેત્રમાં કરેલી પ્રગતી, પાઠશાળા અને વિદ્યાર્થીઓને આપેલી સ્કોલરશિપ મદદ, કરવાનાં બાકી રહેતાં કર્યો, આદિની વિગતો રજુ કરી બોર્ડ જેવી ઉપયોગી સંસ્થાને મદદ આપવા અપીલ કરી હતી.

શ્રી મોહનલાલ ઝવેરી, સોલિસિટરે જણાવ્યું હતું કે આપણાં બાળકો માધ્યમિક કેળવણી વિનાના ન રહે તેવી ગોઠવણ થવાની ઘણીજ જરૂર છે. જૈન કોમ એક શ્રીમંત કોમ છે અને તે કોમના આગેવાનોએ કેળવણીના બહોળા પ્રચાર માટે પૂરતો ભોગ આપવાની જરૂર છે. જૂની કીર્તિ પર બેસી રહેવાથી કંઇ વળશે નહિં. જમાનો આગળ વધે છે તે સાથે આપણે આગળ વધ્યેજ છૂટકો. બીજી કોમોની સાથે આપણે ઉભા રહેવાનું છે. હવે સુઇ રહેવાનું પાલવે એમ નથી. કેળવણીથીજ આપણે આપણા ધર્મ અને સમાજને દિપાવી રાખીશું. કેમ કે હાલના સમયમાં વ્યાપારનો આધાર પણ કેલવણી ઉપરજ રચાયેલો છે.

શ્રી લાલભાઇ કલ્યાણભાઇએ કેળવણીમાં રહેલી ખામીઓ દૂર કરવા સૂચના કરી હતી.

સાહિત્યરત્ન દરબારીલાલજીએ જણાવ્યું હતું કે કેળવણીના ક્ષેત્રમાં રહેલી ઉણપ દુર કરવા માટે કોઇએ હવે પ્રમાદ સેવવો ન જોઇએ. આપણી પ્રાચીન શાસ્ત્ર સમૃદ્ધિ અને તેમાં રહેલા અમૂલ્ય સિદ્ધાંતો જગતમાં પ્રચાર કરવા માટે આપણે ઇસાઇઓ અને આર્ય સમાજીઓના તે દિશામાં થયેલા પ્રચાર કાર્યની તરફ દ્રષ્ટિ નાંખી વિચાર કરવાની જરૂર છે. કેળવણી વિના અનેક ગુંચવણો ઉભી થાય છે. તે દુર કરવા સૌએ મહેનત લેવી જોઇએ.

શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલે બોર્ડ તરફથી લેવાતી પરીક્ષાઓથી થતા લાભ વિષે જણાવી તેને પ્રગતિ આપનાર સ્વ. શેઠ અમરચંદ તલકચંદ, શ્રી ગોવિંદજી મેપાણી અને છેવટે શેઠ સારાભાઇ મગનભાઇ મોદીના પ્રયાસો તરફ સભાનું ધ્યાન ખેંચ્યું હતું. ધાર્મિક અને વ્યવહારિક કેળવણીની જરૂર ઘણી છે. પ્રમાણમાં આપણે ઘણું કરવાનું બાકી રહે છે. કેળવણીના કાર્ય માટેની સંસ્થાઓને પૂરતા વેગથી આગળ ધપાવવા સર્વ પ્રકારના ભોગ આપવાની જરૂર છે અને બોર્ડના કાર્યો કોન્ફરન્સને અવલંબેલા હોઇ કોન્ફરન્સને ટકાવી રાખવા પ્રયાસ સેવવા ભલામણ કરી હતી.

બાદ પ્રમુખશ્રીએ હરીફાઇની પરીક્ષામાં ફતેહ મેળવનાર બાળક-બાળીકાઓને ઇનામો તથા પ્રમાણપત્રો વ્હેંચી આપ્યા હતા.

પ્રમુખશ્રી રતનચંદ તલકચંદ માસ્તરે પ્રસંગોચિત વિવેચન કર્યું હતું જે અન્યત્ર છપાયેલ છે.

## બોર્ડને મળેલી મદદ.

એ પછી શ્રી મોહનલાલ હેમચંદે જાહેર કર્યું કે બોર્ડને શ્રી ચંપાબ્હેન સારાભાઇ મગનભાઇ મોદી તરફથી રૂા. ૫૦૦) આવતી પરીક્ષાઓનાં ઇનામો માટે આપવામાં આવશે. આજની સભાના પ્રમુખ શેઠ રતનચંદ તલકચંદ માસ્તરે રૂપીઆ ૩૦૧ બોર્ડના અભ્યાસક્રમનાં પુસ્તક પ્રકાશન માટે તથા રૂા. ૧૦૦ પોતાના લાઇફ મેમ્મબરશિપ ફીના તથા રૂા. ૧૦૦ પોતાના પુત્ર ઝવેરચંદ રતનચંદની લાઇફ મેંબરશીપની ફીના આ રીતે કુલ રૂા. ૫૦૧) આપ્યા છે. પાઠશાળા મદદ માટે શેઠ રણછોડભાઇ રાયચંદે રૂા. ૧૫૧ તથા શેઠ મોહનલાલ હેમચંદે રૂા. ૧૦૧ આપ્યા છે, મેસર્સ રાવસાહેબ રવજી સોજપાળ, મણીલાલ રિખવચંદ ઝવેરી, શેઠ સકરચંદ મોતીલાલ મુલજી અને રણછોડભાઇ રાયચંદ ઝવેરી દરેકે રૂા. ૧૦૦ આપી લાઇફ મેમ્બર તરીકે નામ નોંધાવ્યા છે.

બાદ શ્રી મોહનલાલ હેમચંદે જણાવ્યું હતું કે સમાજનાં દરેક કાર્યને ઉત્સાહથી આગળ ધપાવો. બાદ પ્રમુખનો ઉપકાર માની પુષ્પહાર આપ્યા બાદ મેળાવડો વિસર્જન થયો હતો.

# કોન્ફરન્સની બેઠક-અગવડનો ઉકેલ.

બંધારણમાં એવો એક ઠરાવ છે કે જેનો ભાવાર્થ એ થાય છે કે જે સ્થળે કોન્ફરન્સનું અધિવેશન ભરવામાં આવ્યું હોય ત્યાં ઉક્ત પ્રસંગે બીજી કોઇપણ જાતનું ફંડ કરવા દેવામાં આવશે નહિં અને કોન્ફરન્સને અંગે જે કંઇ ફંડ થશે તેનો વહીવટ સ્ટેન્ડીંગ કમિટિ હસ્તક રહેશે.

કોન્ફરન્સ અંગે જે કંઇ ફંડ થાય એનો વહીવટ મુખ્ય ઓફિસે રહે એમાં કંઇજ વાંધા જેવું નથી. પણ બીજા ફંડ માટેનો નિષેધ એ તો અવશ્ય વિચારણીય છે. એ સમજાય તેવી બાબત છે કે જે સ્થાનમાં બેઠક મળી હોય ત્યાંપણ સામાજીક ઉન્નતિના અમુક કાર્યો હાથ ધરવાના તો જરૂર હોયજ. એનો આરંભ આવા સુયોગે ન કરવામાં આવે તો પછી કયારે કરાય ! વળી એ પણ સ્પષ્ટ છે કે કોન્ફરન્સ હસ્તકનું ફંડ એતો સારાય હિંદની માલિકીનુ ગણાય એના વ્યયમાં સામુદાયિક લાભોનુ દ્રષ્ટિ બિન્દુ અગ્રપદે હોય. એમાં પ્રાંતિય પ્રગતિને ઝાઝું સ્થાન નજ હોય તો પછી અમુક પ્રદેશ સંબંધી ઉપયોગિતાનો ત્યાં પ્રશ્નજ કેવી રીતે ઉચ્ચારી શકાય? ખરચનાર જરૂર ઉદાર ભાવના રાખે, છતાં એના અંતરમાં પોતે જે પ્રદેશમાં વસતો હોય ત્યાંની સ્થિતિ સુધારવા સારૂ

જરૂર કંઇક અંશે વધુ વલણ હોય એ સાથે અવાંતર કારણો પણ બીજા હોઇ શકે. તેનુ મન પોતીકા પ્રદેશમાં વધુ દ્રવ્ય ખરચવા જોર કરતું જ હોય. ત્યાં ઉપરોક્ત ઠરાવ બંધનરૂપ થઇ પડે. કેટલાકને તો એ ઠરાવથી એમજ લાગે કે ધન ભેગુ કરી હેડઓફિસને સોંપી દેવાનુ પછી તો આપણો કંઇ એમાં અવાજ ન મળે! તો પછી શા સારૂ અધિવેશનનો ભાર નાહકનો વહોરવો?

આપણે જરૂર ઇચ્છીએ કે હેડઓફીસ પાસે નિભાવ પુરતું ફંડ હોવું જોઇએ. વર્ષ દરમીઆન પ્રચાર માટે તેમજ બીજી પ્રવૃત્તિઓ ચાલુ રાખવા સારૂ પણ નાણાતો જોઇએ. પણ તેટલા ખાતર આવુ બંધન જરાપણ ઇષ્ટ નથી. એવી કંઇ ગોઠવણ જરૂર યોજી શકાય કે બેઠક ભરનાર સ્થળ તરફથી અમુક રકમ કિંવા અમુક ટકા નિભાવ ફંડમાં અપાવાજ જોઇએ. એ સિવાય ભલેને અધિવેશનના માચડે કેળવણી-આદિ કાર્યો માટે બીજા ફંડો થાય. તેમજ એના વહીવટ અર્થે સમિતિની નિમણુક કરવામાં આવે ને ખુલ્લું જાહેર કરી દેવામાં આવે કે એના વહીવટની જવાબદારી કોન્ફરન્સના શીરે જરાપણ નથી.

કદાચ આ માર્ગ ખુલ્લો થવાથી કોન્ફરન્સ અંગેના ફંડને ક્ષતિ પહોંચવાનો સંભવ ખરો. પણ એ ઠરાવ છતાં આજે કોન્ફરન્સની નાણા વિષયિક દશા કેટલી સારી છે? શા સારૂ મોટા ફંડો એકઠા કરવાનો કોન્ફરન્સે મોહ રાખવો? નિભાવ પુરતુ એકાદુ ફંડ હોય અને વાર્ષિક ખર્ચના પ્રમાણમાં ચાલુ આવક હોય તો ન ચાલી શકે? પ્રતિવર્ષ નિયમિત અધિવશન ભરાતા રહે તો ચાલુ ખર્ચ તો અવશ્ય આવી મળે. વળી એ સાથે જેને ખરચવાની વૃત્તિ છે તેને અધિવેશનનો પ્રસંગ મોકારૂપ મળી આવે. કોન્ફરન્સનો ઉદ્દેશ તો કેળવણી આદિ જનઉપયોગી કાર્યોના મુળ રોપણનો છે ને તે આવી રીતે અમુક પ્રદેશ પુરતા રોપાતા જાય તો એમાં હાનિ જેવું પણ શું છે?

લે૦ ચોકસી.

---

( અનુસંધાન પૃ. ૧૬૦ ઉપરથી. )

After having dealt with the main question of nomenelature and granting that our whole community agrees witn the foregoing views our second important consideration is regarding the existing sectional conferences such as the Jain Swetamber Conference and the Sthanakwasi Conference which have been working since a long time and doing good work for the sections which they represent. It will be seen that the Sangh's Sammelan can function only if it be a social gathering where there cannot be any opening for religious discussions and necessary actions thereon. These Conferences are religieo Social Conferences but it will be admitted that they are sectional Conferences and as such they cannot afford any common platform for the whole Sangh to meet. We are thus estranged one from the other. and such estrangement at the present times weakens our combiued force which should be avoided at all costs. But to do away with such sectionl conferences would be to cripple more than half our body. By their non-existence we will be debarred from attending to our individual religious qustions which are the main pillars of our society. And why should we think of strangling them in their Youth when we expect much more good from them. They should exist and tackle purely religious questions of their own, leaving the social questi..ns which are common to the whole community to the care of the Sangh's Sammelan.

Our next immediate question of no less importance comes to the forefront We have to think cooly as to how where and when to hold so many conferences Whether we have got the energy, strength will, finance co-operation and a hundread other things to back us for such tremendous exertions In my humble opinion, it would be wasting our energy and facing good many difficulties and set backs in holding such conferences at different places and different times. I need not dilate upon such difficulties which are apparent and known to and recognised by almost all of us. The best and the only solution which suggests to me is, for all of us, to join hands with the Sangh's Sammelan. Its session should be annual. It may be invited by the Sangh of the place includiug Samvegis, Sthanakvasis and Terapanthees. For two days or any convenient time all should work upon, one common platform for social reform Then the audiance may split up into two groups and meet in their seperate conferences for religious purposes. The Navyuvak and Volunteers may also hold their annual meetings then and there. Other details of subscriptions, office bearers, &c. may be worked out by common consent By doing so we will have our separate and collective identities, we will save unnecessary time and labour and above all expenses and such a meeting will give us opportunity of coming in close touch and strengthening our power.

I shall be glad if this appeal meets with ready response from all concerned and any further suggesteons through the medium of the Jain Yuga will be welcome.

# Reflections on The All India Oswal Maha Sammelan
## ( held at Ajmer on 15=16 and 17 October 1932. )

( By : G. C. DHADDA Esq. M. A. )

The All India Oshwal Maha Sammelan has come & gone. People have witnessed good Tamasha for three days. All credit is due f r organising and convening the session in Ajmer, where the Oswal community is split up in connection with the Dadabari wrangle, to four gentlemen of culture:-(1) Raisaheb Seth Kishanlalji Bafna B. A., who after serving the Jodhpur State in several responsible capacities has retired and made Ajmer his home. (2) Babu Akshaisinghji Dangi M. A. LL. B. of Shahapura who is practicing in Ajmer courts. (3) Babu Suganchandji Nahar of Ajmer retired auditor of B. B. & C. I. Railway and (4) last but not least Babu Dayalchandji Johri of Agra, who is well known in our community for his liberal views. Having considered deeply over the disturbed atmosphere in Gujrat and Kathiawar due mainly to certain unwarranted actions of some of the first order of our Sangha which has proved, to a certain extent, a stumbling block in the progressive way of Jain Swetamber Conference. these gentlemen joined their brains to pave out a smooth way to get out of the difficulty, for the amelioration of our community and instead of inviting a sub-sectional conference they took courage to invite the whole Oswal community without distinctions of religious sub-sects.

The task undertaken was Herculean for it required continuous hard labour, zeal, earnestness, co-operation and propaganda & above all, finance. But their work has proved that nothing is impossible when one is inclined to do work in right earnest. The ripe experience of the first third and fourth veterans aided by the erudition of the second young lawyer was a sure guarantee of success. They sat to work day and night leaving all their domestic affairs aside, for at least seven or eight months before the sammelan met. They issued bulletins, pamphlets, appeals in English and Hindi and sent them to almost all important places. They themselves went in deputations, and sent others on their behalf to several provinces of India and they were fortunate in getting enthusiastic response to their clarion call to duty. In the south they came accross a Marwari gentleman of culture Seth Rajmalji Lalwani of Junnar a philanthrophist and ex M. L. C. who promised them help in every way. He was selected as chairman of the Reeeption Committee and the choice was well made. To find out a capable President is always troublesome and a hard nut to crack. Fotunately Babu Pooranchandji Nahar M. A. B. L., F. R. A. S., son of late Rai Saheb Babu Shitabchandji Nahar of Calcutta who had the honour of presiding over the Jain Swetamber Conference session at Ahmedabad, kindly consented to preside. But the way to goodness is not smooth. Since over two months he was bed-ridden and five or six days before the session he had to face a family bereavement in the sad demise of his daughter-in-law. Notwithstanding all these unbearable troubles and agonies, he stuck to the discharge of his task to which he was morally bound and he undertook the long and tedious journey from Calcutta to Ajmer which greatly added to his exhausion. He is a great scholar, antiquarian and archaeologist. He worked all along under high temperature.

About 1000 delegates and visitors were accomodated in the pandal specially erected for the session outside the city. Hundreds of ladies also attended. The majority of the delegates and visitors belonged to Rajputana and Central India. Many came from Khandesh and Berar. Some came from Bengal and U. P. There was a sprinkling from Hyderabad (Daccan and Sindh), Secundrabad and the Punjab. Gujarat and Kathiawar were conspicuous by their absence. Volunteers from adjoining places mustered strong. The chairman's speech was lucid

and succinct. He delivered the speech himself in a loud and commanding voice The President's address was somewhat lengthy and was delivered by his daughter's son, a young advocate of the Patna High Court. It reminded one of the way in which the majority of the speeches of the Presidents of the Jain Swetamber Conference was read out by others but that was due to the old age of the Jewellers, Bankers, Zamindars and merchants who had the honor and privilege of occupying the Presidential chair and this was due to the indisposition of the President. Three days were spent in the regular business of the Sammelan. There wes no dearth of good and eloquent speakers to move second and support the several resolutions ratha good many speaker's could not find time to voice their feelings. There was only a short disturbance created by local shortsighted people who had mustered strong-some without tickets-on the third day in connectien with the resolution of supporting our sister-community in throwing open wells, schools etc. to the so-called Untouchables. On an appeal being made for funds to carry on the business of the Sammelan, Rs. 3195 were subscribed on the spot. The President contributed Rs. 501, the chairman through his ladies was responsible for Rs. 901. The gold finger ring offered by a Jaipur delegate being put to auction, fetched Rs. 511. The fourth day was spent in constructive work. Great enthusiasm prevailed when two invitations were received simaltaneously for the next Sammelan. Both were gladly accepted. The one from the chairman on behalf of the Bombay presidency was accepted for the second aud the other from Bhushawal, for the third session of the Snmmelan. The sessions' whole programme and details of work are being published by the Swetambar Jain of Agra and we need not detain ourselves to examine them closely here.

We now turn our attention to certain important questions which require our immediate consideration and earnest co-operation for the well being of our community as a whole.

The first and foremost question is about the nominelature of the Maha Sammelan. The organisers might have thought in either of the two ways. They all four being Oswals might have fancied to name the Sammelan as Oswal Saumalan but this short-sightedness cannot be expected from gentlemen of their calibre It may be that they might have taken the other sections re. the Srimals, Porawals, &c. to be included in the all pervading name of Oswals. Whatever the case may be the Srimals, Porawals, Humads and others following the Swetamber tenets were deprived from taking part in the meeting. As the Sammelan was, is and will be purely a social gathering and as it aims at eraticating our social evil customs and improving our social status, it is incumbent on us to take a broad view of our community and include one and all of the third and fourth orders of our Swetamber Sangh. However discontented one might have been to see only a fraction of our whole community meetiug in this social gathering, there was yet a relvving feature when one saw the Semvegis, the Sthanakvasis and the Terapanthees meeting together on one common platform and discussing social questions which affect them all equally I submit with due respect that in my considered opinion the name of The All India Oswal Maha Sammelan should be changed into All India Swetamber Sangh Maha Sammelan or All India Swetamber Sangh Mahasabha or All India Swetamber Sangh Conference I am open to correction and I would be very glad if any other more suitable or worthier name is adopted. Whatever the name it should clearly indicate that the gathering is meant for and it includes the Oswals Shrimals, Porwals, Humads and others who are part & parcel of the Great Sangha.

( અનુસંધાન પૃ. ૧૬૮ ઉપર જુઓ. )

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay 3. and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay

તારનું સરનામું:–"હિંદસંઘ" 'HINDSANGHA'  Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.  છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું. | તા. ૧૫ મી નવેમ્બર ૧૯૩૨. | અંક ૨૨ મો.

# કૉન્ફરન્સની કાર્યવાહી

## સ્વાગત સમિતિ તથા અન્ય સમિતિઓની સભા.

આપણી કૉન્ફરન્સના મુંબઇમાં મળેલા બીજા અધિવેશનની સ્વાગત સમિતિની એક સભા કૉન્ફરન્સની ચાલુ પરિસ્થિતિને અંગે નિભાવ ફંડમાં યોગ્ય મદદ આપવા સંબંધે વિચાર કરી ઘટતો નિર્ણય કરવા માટે ગત્ તા૦ ૬-૧૧-૩૨ મિતિ કારતક શુદ ૯, ૧૯૮૯ રવિવારના રોજ બપોરના સ્ટા. ટા. ૩ વાગતે શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ ઑફિસમાં **શેઠ શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરીના** પ્રમુખપણા હેઠળ મળી હતી.

શરૂઆતમાં સ્થાનિક મહામંત્રીઓએ કૉન્ફરન્સના આવક ખર્ચ વિગેરેની સ્થીતિ 'સ્વાગત સમિતિ'ની વિચારણા માટે જણાવી હતી. તે ઉપર કેટલીક ચર્ચા થયા બાદ નીચેનો ઠરાવ શેઠ સાકરચંદ માણેકચંદ ધડીયાલીએ રજુ કર્યો હતો.

"શ્રી બીજી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની સ્વાગત સમિતિના સભ્યોની આજે મળેલી સભા સમક્ષ કૉન્ફરન્સ ઑફિસની ચાલુ પરિસ્થિતિ અને તે માટે મદદ અંગેનો પ્રશ્ન રજુ કરવામાં આવતાં તે ઉપર વિચાર કરી એવો ઠરાવ કરવામાં આવે છે કે મજકુર કૉન્ફરંસના વધેલા ફંડની રકમનું જે વ્યાજ આવે છે તે ચાલુ શીરસ્તા મુજબ કૉન્ફરન્સ નિભાવ ફંડ ખાતે જમા કરી વાપરતા રહેવું અને ફંડની મુળ રકમમાંથી કાંઇ રકમ આપવી કે કેમ તે પ્રશ્ન અંગે અગાઉ ઉપર વિચાર કરવો."

ઉપરના ઠરાવને શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરીવાળા શેઠ મગનલાલ મૂ. શાહનો ટેકો મળતાં સર્વાનુમતે પાસ થયો હતો. બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

### કાર્યવાહી સમિતિ સભા.

આ સંસ્થાની કાર્યવાહી સમિતિની એક સભા ગત્ તા. ૬-૧૧-૧૯૩૨ ના રોજ દિવસના સ્ટાં. ટા. ૩-૩૦ કલાકે શ્રી કૉન્ફરન્સ ઓફિસમાં શેઠ **શ્રી મોહનલાલ હેમચંદ ઝવેરીના** પ્રમુખપણા હેઠળ મળી હતી, જે સમયે સભાસદોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. ગત મિટીંગની મિનીટ પાસ થયા બાદ.

(૧) શ્રી કેશરીઆ નાથજીના ભંડાર વગેરેની આવક અને પંડાઓ અંગે ઉપસ્થિત થયેલા પ્રશ્ન સંબંધે શ્રીયુત ગુલાબચંદ ઢઢ્ઢા અને બીજા........ની સહીથી આવેલ પત્ર શેઠ આણંદજી કલ્યાણની સાથે થયેલ પત્ર વ્યવહાર, આગ્રા સંઘનો પત્ર, અંબાલા આત્માનંદ મહા સભાના પત્ર વિગેરે રજુ કરવામાં આવતાં લંબાણ ચર્ચા થઇ હતી જેના પરિણામે નીચેનો ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

"શ્રી કેશરીઆજી પ્રકરણ અંગે શેઠ આણંદજી કલ્યાણજી જોડે પત્ર વ્યવહાર કરી જરૂરી હકીકતો મેળવવી અને તેઓ એ અંગે જે જે ઠરાવો, નિર્ણયો વખતો વખત કરે તેની વિગત આપણને મોકલતા રહે એમ લખવું."

(૨) કૉન્ફરન્સનું સંવત ૧૯૮૮ની સાલ આખરનું કાચું સરવાયું તથા આજે મળેલી બીજી કૉન્ફરન્સ સ્વાગત સમિતિ સભાએ કરેલ ઠરાવ રજુ કરવામાં આવતાં તેની નોંધ લેવામાં આવી અને વર્તમાન પરિસ્થિતિ અંગે વિચારણા થતાં નીચે મુજબ ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

"સંવત્ ૧૯૮૮ નું કાચું સરવૈયું રજુ કરવામાં આવતાં તેના ઉપર વિચારણા કરવામાં આવી. કૉન્ફરન્સ ઑફિસની નાણાં સંબંધી પરિસ્થિતિ ઉપર વિચાર કરવામાં આવ્યો અને એમ નિર્ણય થયો કે નિભાવ ફંડ માટે મદદની ખાસ જરૂર છે તેથી કૉન્ફરન્સની સ્થાયી સમિતિના દરેક સભ્યોને વિનંતિ પત્ર લખવો કે દરેક સભ્યે એક વર્ષ માટે

જૈન યુગ.
તા. ૧૫-૧૧-૩૨. મંગળવાર

# શ્રી કેશરીઆજીનું પંડયા પ્રકરણ

આપણાં પવિત્ર તીર્થોનો પ્રશ્ન આપણા સમાજને અનેક રીતે ઠેકઠેકાણે મુંઝવણો ઉભી કરી રહ્યો છે અને જૈન સમાજનાં ધૈર્યની કસોટી કરીરહ્યો છે એમ તીર્થો અંગે વારંવાર ઉદ્‌ભવતી મુશકેલીઓ આપણને ભાન કરાવે છે એ વાત હવે કહેવાની રહેતી નથી. જ્યાં એક સ્થળે થતી કનડગત થાળે નથી પડી હોતી ત્યાં એવીજ બીજી ઉભી થાય છે એવે સમયે સમાજે પોતાનું બળ સંગઠિત કરી ઘટતા સામુદાયિક ઇલાજો યોજ્યા સિવાય ક્યાં સુધી ચલાવ્યે રાખવું એ જેટલો આખા સમાજના વિચારનો પ્રશ્ન છે તેટલોજ કે તેથી વિશેષ પ્રમાણમાં સમાજના આગેવાનો અને આગેવાન સંસ્થાઓએ પણ લક્ષમાં લેવા જેવો છે.

શ્રી શત્રુંજય અંગે ઉપસ્થિત થયેલ પરિસ્થીતિનો તોડ કઢાયો છે એમ સામાન્ય માન્યતા છે છતાં તેની છેવટની દશામાં કાંઇક ગુંચવણ અગર ન્યૂનતા છે એમ પણ મનાય છે. અને તે પરત્વે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી યોગ્ય તજવીજ કરે છે એમ જૈન સમાજ માને તો કાંઇ ખોટું ન ગણાય. આ પ્રશ્ન પછી આપણાં જૂદાં જૂદાં તીર્થો સંબંધી અનેક વાંધાઓ રાજસત્તા સાથે કે માંહોમાહે કે દિગંબરો સાથે પડતા અને ચાલતા જણાયા છે. તેવામાં થોડા સમય થયાં શ્રી કેશરીયાનાથજીનાં પંડયા પ્રકરણે સમાજના કાન ચમકાવ્યા છે અને તે સબંધે જૂદાં જૂદાં વર્તમાન પત્રોદ્વારા કેટલુંક આંદોલન થયું છે અને પ્રશ્નની ઐતિહાસિક દૃષ્ટિએ તેમજ સમાજના અત્યાર સુધીના સ્થાપિત હક્કો સબંધે ઘણી ચર્ચા થઇ ચુકી છે, એટલે એનો વિસ્તૃત ઉલ્લેખ આ સ્થળે અસ્થાને છે.

આપણાં પવિત્ર તીર્થસ્થળો જૂદી જૂદી રાજસત્તા હેઠળ આવેલાં છે તે પૈકી જે દેશીરાજ્યોની આપખુદ સત્તાના દોર હેઠળ વિદ્યમાન છે તેવાં સ્થાનોનો પ્રશ્ન અતિ વિકટ બને તેમાં આશ્ચર્ય જેવું શું હોઇ શકે? એટલે દેશી રાજકર્તાઓનાં કહેવાતાં સંરક્ષણ નીચે સમાજ વખતો વખત અન્યાયો અને જૂલ્મોનો ત્રાસ મુંગે મોંઢે સહન કરે તે સ્થીતિ લગભગ અસહ્ય બની છે અને શ્રી કેશરીઆનાથજીનું પંડયા પ્રકરણ એ જુલ્મકાંડોનું એક જીવતું દષ્ટાંત પૂરૂં પાડે છે તે ટાંકણે સમાજ અને તેની સર્વમાન્ય મધ્યવર્તી સંસ્થાઓએ યોગ્ય ઇલાજો યોજવામાં હવે તત્પર થવું ઘટે એમ સૌ કોઇ ઇચ્છે. પરંતુ દેશી રાજ્યવહીવટ હેઠળ રહેતી પ્રજાના અંગ તરીકે ગણાતા આપણા બંધુઓ કે જેઓ બધી હકીકતો જાણતા હોવા છતાં આપખુદ સત્તાના ભયથી કે ગમે તે અન્ય કારણોથી પણ આ સબંધે ખરી હકીકતો જાહેર જનતા સમક્ષ મૂકતાં અચકાય છે; એટલે અંગત માહીતીઓ મેળવવા માટે સંસ્થાઓ કે સમાજે સ્વબળ પર આધાર રાખવો પડે છે અને જે કાર્યવાહી કરવી ઉચિત જણાય તેનો નિર્ણય ત્યાર પછીજ થઇ શકે.

આ પ્રશ્ન અંગે સાંભળવા મુજબ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને કેટલીક હકીકતો મલી છે અને તે સમાજની જાહેર જાણ માટે પ્રાસિદ્ધ પામે એ ઇચ્છવા જેવું છે. તેમ થયેથી સમાજ વસ્તુ સ્થિતિથી વાકેફ થઇ શકશે. છેવટે આ પત્રના આ અંકમાં પંજાબ જૈન મહાસભાનું નિવેદન પ્રકટ થયું છે તે તરફ સમાજનું ધ્યાન ખેંચતાં ભારપૂર્વક કહેવું જોઇએ કે આ પ્રશ્ન અંગે સમાજની મધ્યવર્તી સંસ્થાઓના ચોકસ નિર્ણયો બહાર ન પડે ત્યાંસુધી મજકુર મહાસભાની સૂચનાઓ લક્ષમાં લઇ તેનો અમલ કરવામાં આવે તો રાજ્યના કર્મચારીઓ જે ભૂલના ભોગ બન્યા છે અને જેઓએ તેમને તેવી ભૂલના ખાડામાં ઉતરવા લલચાવ્યા હશે તેઓના કાન ઉઘડશે એમાં સંદેહ નથી, સામુદાયક સંગઠિત બળ પાસે ભલ ભલાં સિંહાસનો ડોલાયમાન થયાનાં દષ્ટાંત યાદ આપવા ભાગ્યેજ જરૂર હોય.

---

# अहिंसा परमो धर्मः

माउंट आबू से पूज्य मुनिराज श्री शांतिविजयजी महाराज का तार खुडाला (मारवाड) के श्रीसंघ ऊपर आया जिसमें किखा कि ये नोरात्री के दिनों में बकरा पाडा आदि का पशुबध अटकाया जावे यह शुभ सन्देश प्राप्त होते ही श्रीसंघ का एक डेप्युटेशन मुनि श्री चरण विजयजी महाराज के नेतृत्व नीचे श्रीयुत ठाकोर साहेब के पास गया । मुनि श्री का ठाकोर ने स्वागत किया । मुनि जी की धर्म देशना और प्रासंगिक जीवदया के बोधप्रद वचनों को सुनकर ठाकोर साहेब ने तुरत ही वचन एवं विश्वास दिया की "मेरी हद में कोई जीवहिंसा नहीं करेगा, जो कोई यदि करते होंगे उनको मैं निषेध कर दुंगा" दुसरे दिन एक डेप्युटेशन लेकर महाराज फालना के ठाकोर साहेब के पास गये और जीवदया का उपदेश दिया ठाकोर साहब ने शीघ्र ही मुक्त स्वर से कहा कि "मेरे गामों में पशुवध नहीं होगा । यह मैं निश्चय से वचन देता हूं" इस सन्तोष प्रद उत्तर को सुन डेप्युटेशन मुनिश्री अतीव हर्षित हुए ।

---

ચાલુ વર્ષમાં ઓછામાં ઓછા રૂા. દશ અને બની શકે તો તેથી વધુ રકમ મદદ તરીકે જરૂર મોકલવી. આ ઉપરાંત કૉન્ફરન્સ નિભાવ ફંડ માટે જે ફંડ કમિટી નીમવામાં આવેલી છે તે કમિટીએ વધુ ફંડ એકઠું કરવા પોતાના પ્રયાસો આગળ વધારવા."

આ ઠરાવ થયા પછી સભામાંજ ફંડની શરૂઆત કરવામાં આવી હતી. (સભ્યોએ ભરેલ રકમનું લીષ્ટ આ અંકમાં અન્યત્ર આપેલ છે.)

૩. સંવત્ ૧૯૮૮ નો હિસાબ તપાસવા સર્વાનુમતે શેઠ નરોત્તમ ભગવાનદાસ શાહ અને શેઠ વાડીલાલ સાંકલચંદ બોરાની નિમણુંક ઑનરરી ઑડિટરો તરીકે કરવામાં આવી.

બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

# સમયના પ્રવાહમાં.

## ગુજરાત ટાઇમ્સ જૈનોની વ્હારે.

ગુજરાત ટાઇમ્સના તા. ૮-૧૧-૩૨ ના અંગ્રેજીમાં લખાયેલા અગ્રલેખમાં "Jain Problem" એ હેડિંગ નીચે તેના વિદ્વાન તંત્રીજીએ એકપક્ષીય વલણ સ્વીકારી કેટલાક અણઘટતા, અસત્ય આક્ષેપો જૈનોના સુધારક પક્ષ ઉપર કર્યા છે. તેઓએ શરૂઆતમાંજ જૈનોમાં વ્યાપી રહેલ કુસંપ Controversory માટે સુધારક પક્ષને જવાબદાર ગણાવવા પ્રયત્ન સેવ્યા છે. "The So-called Jain Reformers want to prohibit Bal-Diksa by urging the Government and States to make necessary laws & provisions"-આમ કહી સુધારકો બાલદીક્ષાના પ્રતિબંધ માટે ગવર્નમેન્ટ અને રાજ્યોને ઘટતા કાયદા કાનુનો બનાવવા વિનવે છે એટલે સ્પષ્ટ રીતે કહીએ તો ગવર્નમેન્ટ અને રાજ્યોના બાલ-દીક્ષા પ્રતિબંધના કાયદાઓ માટે સુધારકોજ જવાબદાર ઠરે છે. આ આક્ષેપ તદ્દન બિનપાયાદાર છે. સુધારકો કોઇ દિવસ પોતાની કે પોતાના સમાજની સ્વતંત્રતા ખોઇ પરાધીન થવા ઇચ્છતાજ નથી. Independence-સ્વતંત્રતા, સ્વાવલંબન એ ધ્યેયનેજ દ્રષ્ટિ સન્મુખ રાખી એ આગળ વધે છે, પછી રાજ્યની કે બીજી કોઇ સત્તાની દખલગિરી આવા બાબતોમાં ઇચ્છેજ કેમ? આ તો ઉલટા પાસા પડે એટલે સર્વ દોષ સુધારકો ઉપર. નિષ્પક્ષપાત રીતે બંધી બાજુ તપાસવા પત્રકાર મહાશય તસ્દી ઉઠાવશે તો આ સર્વ સ્થીતિ માટે કાણ જવાબદાર છે, તેનું ભાન ગુ. ટાઇમ્સને અવસ્ય થશે.

## કૅાન્ફરન્સ નિભાવ ફંડ—

નીચેની રકમો તા. ૬-૧૧-૩૨ ના રોજ મળેલ કાર્યવાહી સમિતિના ઠરાવ અનુસાર તેને સભ્યો તરફથી ભરી આપવામાં આવી છે.

| | |
|---|---|
| રૂા. ૧૫૧) | શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી |
| ૧૨૫) | ,, રણછોડભાઇ રાયચંદ ઝવેરી |
| ૧૦૧) | ,, મોતીલાલ મુળજી |
| ૧૦૧) | ,, રતનચંદ તલકચંદ માસ્તર |
| ૨૫) | ,, લલુભાઇ કરમચંદ દલાલ |
| ૨૧) | ,, જીવણલાલ એન. ગાંધી |
| ૧૫) | ,, મોહનલાલ બી. ઝવેરી સોલિસિટર |
| ૧૧) | ,, સૌભાગ્યચંદ યુ. દોશી ,, |
| ૧૧) | ,, રમણીકલાલ કે. ઝવેરી ,, |
| ૧૧) | ,, ડાકોરદાસ પી. શાહ |
| ૧૦) | ડૅા. નાનચંદ કે. મોદી |
| ૧૦) | શેઠ મનસુખલાલ હી. લાલન |
| ૧૦) | ,, જમનાદાસ અમરચંદ ગાંધી |
| ૧૦) | ,, મણીલાલ મોહકમચંદ શાહ |
| ૧૦) | ,, નાનચંદ શામજી |
| ૧૦) | ,, નરોતમ ભગવાનદાસ શાહ |
| ૧૦) | ,, સાકરચંદ એમ. ઘડીઆલી |
| ૧૦) | ,, ભગવાનજી હેમચંદ |
| ૧૦) | ,, વાડીલાલ સાકરચંદ વોરા |
| ૧૦) | ,, મોનહલાલ દીપચંદ ચોકસી. |

આ ફંડમાં સભાસદો ઘટતો ફાળો નોંધાવી મોકલી આપે એવી વિજ્ઞપ્તિ છે.

## બાબુ પન્નાલાલ હાઇસ્કુલ:—

મુંબઇમાં આવેલી પન્નાલાલ પુરણચંદ જૈન હાઇસ્કુલના વિદ્યાર્થીઓ થોડા સમય પૂર્વે હડતાલ ઉપર જવાના કારણે શાળાના સત્તાધારીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે કાંઇ મતફેર ઉભા થવાના પરિણામે શાળા બંધ રાખવા ફરજ પડી હતી અને તેને પરિણામે વાલીઓની એક સભા થયાની ખબર બહાર આવી છે. આવી બીજી એક સભા પણ પ્રથમની સભામાં નિમાયેલ કમિટિના રિપોર્ટ પર વિચાર કરવા મળ્યાની ખબર વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થઇ છે છતાં આ સંબંધે વિગતોથી મુંબઇની જૈન જનતા હજુ પૂરી વાકેફગારી ધરાવતી નથી, એટલે ઘણે સ્થળે એમ મનાય છે છે કે પડેલા ઝગડાનો અંત આણવા સત્તાધારીઓ તૈયાર નથી. આ બાબતમાં ઘટતી હકીકતો હાઇસ્કુલના સત્તાવાળાઓએ બહાર પાડવી ઘટે છે. તેમજ જો કોઇપણ ફરીયાદો તેઓ સમક્ષ રજુ થઇ હોય તો વર્તમાન દેશકાળને અનુરૂપ તેનો તાત્કાલિક નિર્ણય કરવો જોઇએ.

## કાંતિલાલ કેસનો ચુકાદો:—

વઢવાણવાળા મુનિ કુસુમવિજય ઉર્ફે કાંતિલાલ બોગીલાલની કથની એ ગુજરાત કાઠીયાવાડના જૈનોના ઘેર ચર્ચાનો વિષય થઇ પડયાના વર્તમાન જૈન અને જૈનેતર પત્રોએ કયારનાએ સુણાવ્યા છે, એટલુંજ નહિં પણ તે કિસ્સા અંગેનો ખટલો કોર્ટે ચડતાં તેનો ચુકાદો અપાઇ ચુકયાના ખબર હસ્તગત થયા છે. તદનુસાર અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટે કાંતિલાલ કેસના આપેલા ચુકાદામાં ઠરાવ્યું હતું કે કાંતિલાલને તેની પોતાની મરજી મુજબ કામ લેવા દેવું અને તેના માર્ગમાં કાંઇપણ અડચણો ઉભી કરવા વગર તેને જોઇએ ત્યાં જવા દેવો. આ રીતે કાંતિલાલને ઇચ્છિત છુટ મળતાં તે પોતાની મા પાસે ગયાનું જણાયું છે. હમણાં હમણામાંજ આવા અનેક ન ઇચ્છવાજોગ પ્રસંગોએ જૈન સમાજનું ધ્યાન રોકયું છે, છતાં આ બાબતોમાં હિત ધરાવનારાઓ કે હઠ લઇ બેઠેલાઓ પોતાની કાર્યવાહી સમગ્ર સમાજની પ્રતિષ્ઠા તરફ લક્ષ આપી પોતાની પકડી રાખેલી દોરી ઢીલી કરશે તો જૈન સમાજ બીજાઓની દ્રષ્ટિએ હાંસીને પાત્ર થતો રહ્યો છે, તેમાં કાંઇક સુધારો થશે એટલુંજ નહિં પણ સમાજનું ગૌરવ વધશે. સમાજ હિતેચ્છુઓ! જરા વિચારશો કે!

### "શ્રેયસ્પંથ."

શીલ સત્ય ને સ્નેહ સરલતા સાદઇ વળી,
વસ્યાં જીવનમાં જેહ સ્વર્ગ ઋદ્ધિ તેને મળી.
મમતા મોહ ને માન ઉરમાંથી ચાલ્યાં ગયાં,
મળ્યાં માન અપમાન ત્હોયે જરીયે ના ગણ્યાં.
દર્દ દૈન્ય, દારિદ્રય પરવા જરીયે ના કીધી,
એ તો દેહ-સ્વભાવ ગણી ધર્મવાટજ લીધી.
પિશુનતા ને પાપ પ્રપંચથી અળગો થયો,
માનવ જન્મ અનૂપ જીવીને જીતી ગયો.
ધર્મ-ક્ષમા-તપ વીર વીર દેવને પગલે,
ભરી ભકિત ભરપૂર જીવનશ્રેય સાધી ગયો. 'નલીન'

# હજી ક્યાં સુધી બેદરકાર રહીશું ?

જૈન સમાજની સુષુપ્તિ નિહાળી હૃદય શીર્ણ થાય છે. એની સામે દિન ઉગ્યે ગંભીર પ્રશ્નો આવી પડતાં છતાં હજુ એ તો મામુલી સવાલોની તંદ્રામાંથી આંખ પણ ઉંચી કરી શકતી નથી !

કેશરીયાજી તીર્થમાં પરાપૂર્વના હક્કોનું લીલામ થઇ રહ્યું છે ! આબુમાં યાત્રિકોની હાડમારીનો પાર નથી, હસ્તિનાપુર અને પાવાપુરી જેવા પવિત્ર સ્થાનોમાં આપણા ભાઇઓ સાથે એક યા બીજા સ્વરૂપે ઝગડવાનું ચાલુજ છે. વર્ષોના વહાણાં વાયા છતાં અને નીચી મુંડીએ સાઠ હજાર સ્વીકાર્યા છતાં સિદ્ધાચળજી સંબંધી સંપૂર્ણ શાંતિ થઇ નથી. સંભળાય છે કે મહાદેવની દહેરી સંબંધી મતફેરથી કોકડું પુનઃ ગુંચાવા સંભવ છે. આ ઉપરાંત કોઇ જગ્યાએ જૈનોના દેરાંનો ધણી રણી પૂજારી બની બેસે છે, તો કોઇ જગ્યાએ લાખોના ફંડ ક્યાં ગયા તેનું નામ નિશાન પણ જડતું નથી. આવી આવી વાતો ચક્ષુ સામે તરવરતી હોવા છતાં જૈન સમાજનો મોટો ભાગ તો જાણે કંઇ જાણતોજ નથી, એ એના આચરણ પરથી દ્રષ્ટિ ગોચર થાય છે.

શત્રુંજયના યાત્રા ત્યાગ વેળા જે સંગઠન નજરે ચઢતું હતું, તેનો આજે અંશ પણ દેખાય છે ! એ વેળા જે વાતાવરણના સર્જન કરાયાં હતાં, તેમાંનું આજે કંઇ પણ કેમ નથી ? શું કેશરીયાજીનો પ્રશ્ન નજીવો છે ? શું આબુના મુંડકાને હજુપણ વૃદ્ધિ પામવા દઇ મુશ્કેલી વેઠે જવી છે ? શું સાઠ હજાર માટે ફંડ કરી નાખવાથી શત્રુંજય સંબંધી કાયમનો તોડ આવી ગયો છે ? અથવા તો અંદર અંદરના નજીવા મતફેરોને 'રાઇનો પહાડ' ગણી ઉપસ્થિત થયેલા અતિ મહત્વના પ્રશ્નોને અભરાઇ પર ચઢાવવા છે ?

એક તરફથી આપણે પોકારી રહ્યા છીએ કે પંચમકાળમાં મૂર્તિ અને આગમ એ જૈન ધર્મને જીવંત રાખનારા મુખ્ય સાધનો છે અને બીજી બાજુ એ સાધનોની રક્ષા સંબંધી આપણે કેવી બેદરકારી દાખવી રહ્યા છીએ એનો વિચાર કરતાં સહજ સમજાય તેમ છે કે આપણું પોકારવું એ કેવળ ઉપર ટપકેનું છે.

મૂર્તિ કે તીર્થ સંબંધી જો ભૂતકાળનો ઇતિહાસ જોઇશું અને એની તુલના આપણા વર્તમાન કાલિન વર્તન સહ કરીશું તો સહજ સમજાશે કે એમાં નવિન ઉમેરો તો દુર રહ્યો, પણ પૂર્વજોના વારસાની સારી રીતે જાળવણી કરવામાં પણ આપણે નિષ્ફળ નિવડયા છીએ. પોતાની યશસ્વી કાર્યવાહી ને પ્રભાવિક શક્તિથી જે હક્કો આપણા પૂર્વ પુરૂષોએ પ્રાપ્ત કર્યા હતા અને એ રીતે આપણા તીર્થસ્થાનોને અને ધર્મકૃત્યોને નિર્ભય બનાવ્યા હતા, તેમાંના ઘણાખરા આપણે પ્રમાદ, અદીર્ઘદર્શિતા અને પરસ્પરના માત્સર્યથી ગુમાવી બેઠા છીએ. થોડા ઘણા જે આપણે સદ્ભાગ્યે રહ્યા છે તેને પણ જો સહેલાઇથી આંખ નહિ ઉઘાડીશું તો અવશ્ય ગુમાવી બેસવાના છીએ. 'જાણ્યું જાણ્યું ત્હારૂં શું કરે ? જાણપણામાં પડી ધુળ' એ આખ્યાયિકા જેવી આપણી દશા થવાની છે !

આજે મહિનાથી છાપામાં કેશરીયાજી પ્રકરણ આવતાં છતાં જાહેર આંદોલન કેટલું થયું છે ? મારવાડની આ વાતને કેમ જાણે ગુજરાત સાથે કંઇ લેવાદેવાજ ન હોય ! વિરોધન ઠરાવ સરખા પણ કરવામાં આળસ આવે છે કેમ જાણે એમાં પણ હાનિ કિંવા ધર્મક્ષતિ થવની હોય ! આ તે કેવી અફસોસજનક દશા ! ઉપધાનની જાહેરાત અને વરઘોડાની વાહવાહથી કે લમો ચિતરાય-ધર્મ અધર્મના નામે પાનાના પાના ભરાય, છતાં જે સવાલો પરથી જૈન સમાજના સત્વની કિંમત અંકાવાની છે ! જેના જય પર ભાવિપ્રજાને ઉજ્વલ મુખે ફરવાનુ છે, એ સંબંધી કંઈ ઉહાપોહ ન મળે ! શું આ ચેતનદશાના ચિન્હ છે ! હજુ પણ જાગ્રત થઈ બીજા આંતરિક મતભેદોને બાજુ પર મૂકી પહેલી તકે એક તીર્થ રક્ષક કમિટી ઉભી કરવાની અગત્ય છે. એ કમિટિ જુદા જુદા તીર્થના હક્ક-કરારનામા અને પ્રાચીન ઇતિહાસ એકઠો કરે અને બનતી ઉતાવળે સમાજ સમક્ષ એ પ્રગટ કરવામાં આવે. પણ એ કમિટિમાંથી થોડા ઉત્સાહી ભાઇઓ તનનો ભોગ આપી સતત એ કાર્યમાં મંડયા રહે તો ટુંક સમયમાં તીર્થ સંબંધી મુશીબતો ટળી જાય કેસોમાં જ્યાં માંડવાળથી માર્ગ લાધી શકે તેમ હોય ત્યાં એ ઉપાય પહેલો અજમાવે ન છુટકેજ કોરટના પગથીઆં પર પગ માંડે. બાકી સમાજના મોટા ભાગને આજે આપણા શું હક્કો હતા અને હાલ શું છે ? ઇત્યાદિ બાબતો વખતો વખત સમજાવતાં રહી ઉત્સાહ જગતો રાખે. જો આવી કમિટિ સ્થપાય તો તીર્થ સંબંધી અગવડોનો જલ્દી અંત આવે ! સુજ્ઞેષુ કિંબહુના ?

—લે॰ ચોકસી.

# શ્રી જૈન એસોશીએશન ઓફ ઇન્ડીઆના આશ્રય હેઠળ મળેલી જૈનોની જાહેર સભા.

શુક્રવાર તા. ૧૧-૧૧-૩૨ ના રોજ કાલબાદેવી રોડપર આવેલ હીરાહાઉસમાં શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયાની ઓફીસના હોલમાં રાતના (સ્ટાં. ટા.) ૭-૦ વાગે મર્હુમ શેઠ **અમરચંદ કલ્યાણચંદ ઝવેરી**ના અવસાન બદલ શોક પ્રદર્શિત કરવા માટે મુંબઇના જૈનોની એક જાહેર સભા શ્રી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયાના આશ્રય હેઠળ મલી હતી.

શેઠ રણછોડભાઇ રાયચંદની દરખાસ્ત અને શેઠ સકરચંદ મોતીલાલનો ટેકો મળતાં સભાનું પ્રમુખસ્થાન શેઠ **મોહનલાલ હેમચંદ ઝવેરી**એ સ્વીકાર્યું હતુ.

સભાનું કામકાજ શરૂ થતાં સંસ્થાના માનદ મંત્રી **શેઠ રતનચંદ તલકચંદ માસ્તરે** સભા બોલાવનારૂં સરક્યુલર વાંચ્યા બાદ સભા બોલાવવાનો હેતુ જણાવ્યો હતો અને મર્હુમ પ્રત્યે દિલસોજી ધરાવનારો બાબુ જીવણલાલ પનાલાલનો આવેલ પત્ર પણ વાંચી સંભળાવ્યો હતો.

**શેઠ જીવણચંદ ધરમચંદ ઝવેરી**એ મર્હુમ શેઠ અમરચંદ કલ્યાણચંદનું ટુંકમાં જીવન વૃત્તાંત રજુ કરતાં તેઓએ કોમની બજાવેલ સેવા એને ખાસ કરી શ્રી શાંતિનાથજીના મંદીરની સેવાઓનું વિવેચન કરતાં તેમના અવસાન બદલ દીલગીરી જાહેર કરી હતી. ત્યારબાદ **શેઠ સાકરચંદ માણેકચંદ ઘડીયાલી**એ મર્હુમના અવસાન બદલ શોક પ્રદર્શિત કરતાં જણાવ્યું કે તેઓ સુરતના ઓશવાળ કુટુમ્બના એક નબીરા હતા કે જે ઓશવાળોએ જૈન સમાજની ઘણી સેવાઓ બજાવી છે. આગળ ચાલતાં તેમણે પ્રેમચંદ રાયચંદ, શેઠ

# રેશમી વસ્ત્રોનો ત્યાગ કરશો કે?

કહેવાય છે કે રેશમ. કોસેટાના કીડાને ધગધગતા પાણીમાં ઉકાલી તેના શરીરમાંથી જે લાળ નીકલે છે તેનું બને છે. આ રેશમ, અહિંસકોને જીવદયા પ્રેમીઓને પહેરવું બીલકુલ ઘટતું નથી. જૈનોનો મહાન સિધ્ધાંત અહિંસા છે, દરેક જીવો-ઉપર દયા રાખવી એ તેઓનું કર્તવ્ય છે. ત્યારે આવું હિંસા-યુક્ત બનતું કાપડ જૈનોને પહેરવું કે દેવમંદીરમાં વાપરવું તે હિંસાને અનુમોદન આપવા સરખું છે. રેશમી વસ્ત્રના ત્યાગ ઉપર સુભદ્રાબ્હેન ઉર્ફે-મીસ ક્રાઉઝ કે જેઓ જર્મન દેશના રહીશ છે. તેઓ હિન્દમાં પુજ્ય. ગુરૂવર્ય આચાર્યશ્રી ૧૦૦૮ પુજ્ય વિજયધર્મસુરીશ્વર મહારાજની શિવપુરીમાં સ્થાપેલી પાઠશાલામાં આવીને રહીને જૈનધર્મનો, સંસ્કૃતનો ઊંડો અભ્યાસ કરીને પોતે દેશવિરતી શ્રાવીકાધર્મ અંગીકાર કરેલ છે તેમણે તેજ પાઠશાલાના એક વિદ્યાર્થી રા. ચુનીલાલ શિવલાલ ગાંધી કે જેઓની સાથે તેમણે હિન્દુસ્તાનના દરેક જાહેર વતનોની જૈન દેરાસરોની મુલાકાત લીધી છે તેમના ઉપ. પોતે રેશમી વસ્ત્ર ત્યાગ કરેલ તેવખતે પત્ર લખેલ તેનું ટાંચણ તેમનાજ શબ્દમાં આપું છું—

"રેશમ જેવી ખરાબ અને સદોષ ચીજનો ત્યાગ હું હજુ સુધી કરી શકી નહિ. ગઇકાલેજ મારી સમસ્ત રેશમી ચીજો-કપડા અને સ્કાર્ફથી લઇને મોજા સુધી ભેગા કરીને હમેશના માટે વોસરાવી દીધી, અને ગમે તેમ થશે તોપણ ભવિષ્યમાં રેશમી બીલકુલ નહિ વાપરવાનું નક્કી કર્યું છે. હજુ પચ્ચખાણ લેવાની હીંમત નથી કરી, પરંતુ આવતી કાલે જરૂર લઇશ, હજારો જીવડાના શબથી બનાવેલી ચીજો પોતાના શોખ માટે શરીર ઉપર રાખવી અને આ શુદ્ર પોષાકમાં વીતરાગ ભગવાનના મંદીરમાં જઇને ભાવના ભાવવી આ કેટલુ વિચિત્ર કહેવાય? તદ્દન અસમંજસજ છે! અને રેશમનો ત્યાગ કેટલી મામુલી વાત છે! મોહરૂપી મહા જાદુ-ગરના પ્રભાવથીજ એ આપણી દ્રષ્ટિયે આટલી બધી વાસ્તવિક વાત લાગે છે, માટે જે કાંઇ પણ ભાવના ભાવું છું, ચૈત્યવંદન કરૂં છું ને પ્રતિક્રમણ કરૂં છું તેમાંનો અંતિમ મંત્ર હંમેશા એ છે કે-"હે આત્મા! મોહને તું કદી વશ મા થઇશ અને જો કંઇ મોહને વશ થયો હોઇશ તો છુટો થઇશ, સ્વતંત્ર થઇશ એ મારો જય અને એ મારા તપનું એક નિદાન."

એક જર્મની બ્હેન જૈનધર્મ અંગીકૃત કરી અહિંસાનું આટલી હદે પાલન કરે અને ત્યાગવૃત્તિ દાખવે ત્યારે કુલપરંપરાના જૈનો હજુ સુધી રેશમનો ત્યાગ નહિ કરતાં લાખો કોશેટાના શબથી બનતાં કપડાં વાપરી, હિંસાને ઉત્તેજન આપી રહ્યા છે એ શોચનીય છે, અને એ કપડા પહેરી દેવમંદિરમાં જાતાં, એ કપડાં પહેરી પૂજા કરતાં, હિંસાનો ખ્યાલ સરખોયે કરતા નથી જ્યારે અહિંસકોથીજ હિંસાને અનુમોદન મળે ત્યારે ફરીયાદ કયાં કરવી.

વાડ ભખે જ્યાં ચીભડા, મા છોરૂ મારંત,
રાજા અન્યાય આદરે, રાવ કહાં કરંત.

એ મુજબ રાવ કયાં કરવી? આ બાબત ઉપર એક તાજુંજ દ્રષ્ટાંત આપું. થોડા મહીનાઓ પહેલાં જાત્રાએ એક સંઘમાં જઇ આવનાર એક ભાઇ મને વાત કરતા હતા કે અમે જ્યાં રેશમી કાપડ બને છે એ ગામમાં ગયા, ત્યાં રેશમના કારખાના જોયા. ત્યાં આગલ કોસેટાના ઢગેઢગ પડેલા હતા, એ જોઇ અમોને અરેરાટી ઉપજી. પછી કારખાનામાં જ્યાં કાપડ બનતું હતું ત્યાં ગયા, તો કાપડ જોઇને મોહ લાગ્યો, અને કેટલાકોએ અહિં સુધી આવ્યા છીએ ને વલી અહિં રેશમની ચીજો બને છે એટલે સસ્તી મલશે તો ચાલોને પીતાંબરી સાડલા લઇએ, કોઇએ પીતાંબરીઓ પુજા માટે ખરીદ કરી તો કોઇએ સાડલા. જુઓ જૈન જગતની અજાયબી! કોસેટાના ઢગ જોઇ અરેરાટી થઇ ને મોહ રાજાએ ભાનભુલા બનાવી એજ રેશમની ખરીદી કરાવી, તેથીજ કહેવાનું કે સાચા અહિંસાવાદીએ હિંસાનું અનુમોદન ત્યાગ કરી પોતાના પવિત્ર ધર્મનું પાલન કરવું જોઇએ, રેશમી વસ્ત્રોની પીતાંબ-રીઓનો અહિંસકો, જીવદયા પ્રેમીએ ત્યાગ કરે એટલી વિનંતી.

—અમરચંદ બાવજી શાહ.

---

ફકીરચંદ પ્રેમચંદ, તલકચંદ માણેકચંદ અને કલ્યાણચંદ સૌભાગચંદ જેઓ ઓસવાળ કુટુંબના હતા તેઓની સેવાઓનું બ્યાન આપ્યુ હતું. શેઠ કલ્યાણચંદ સૌભાગચંદ તથા શેઠ ફકીરચંદે કોન્ફરન્સની જે અણમુલી સેવા બજાવી હતી તેની યાદ આપતાં જણાવ્યું કે તેઓની સમાજને ખોટ પડી છે તેજ રીતે મર્હુમ શેઠ અમરચંદના અવસાનથી પણ ખરી ખોટ પડી છે, અને છેવટે કોમમાં ઐક્ય અને સંપ વધારવા પ્રમુખશ્રી તેમજ શ્રી રતનચંદ તલકચંદ માસ્તરને અરજ કરી હતી.

ત્યારબાદ શેઠ **લલુભાઇ કરમચંદ** દલાલ, શ્રી લેહરૂભાઇ ચુનીલાલ કોટવાલ અને મી. ધનજી શાહે પ્રસંગોચિત વિવેચન કરતાં મર્હુમની કારકીર્દીનું વર્ણન કરતાં શોક જાહેર કર્યો હતો, ત્યારબાદ નીચેનો ઠરાવ પ્રમુખ સ્થાનેથી રજુ થતાં સર્વએ ઉભા થઇ શાંતિથી પસાર કર્યો હતો.

### ઠરાવ.

(૧) શ્રી જૈન એસોસિએશન ઑફ ઇન્ડીઆના આશ્રય હેઠળ મળેલી જૈનોની જાહેરસભા શેઠ અમરચંદ કલ્યાણચંદ ઝવેરી જેઓ સમાજના અનેક કાર્યોમાં ભોગ આપતા હતા તેઓના થયેલા શોકજનક અવસાનથી સમાજને ખોટ પડી છે તેની ઘણા ખેદ સાથે નોંધ લે છે, તેમના આત્માને શાંતિ ઇચ્છે છે અને મર્હુમના કુટુંબીઓ પ્રત્યે અંતઃકરણપૂર્વક દિલસોજી પ્રકટ કરે છે (પ્રમુખ તરફથી).

૨. ઉપરના ઠરાવની પ્રમુખની સહીથી મર્હુમના કુટું-બીઓને તથા જાહેર છાપાઓમાં મોકલી આપવા ઑનરરી સેક્રેટરીને સત્તા આપે છે.

ઠરાવ મુકનાર, **ડૉ. નાનચંદ કે. મોદી,**
ટેકો, **શેઠ હીરાચંદ ફુલચંદ કસ્તુરચંદ.**

પ્રમુખશ્રીએ પ્રસંગોચિત યોગ્ય વિવેચન કર્યા બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા મોડેથી વિસર્જન થઇ હતી.

## ALL INDIA JAIN FEDERATION.

By Maneklal A. Bhatewara.

An acute state of unrest prevails among the Jain community today. What it is really due to and where it is likely to lead to, are questions which are constantly exercising our minds with an increasing anxiety. As matters stand our Jain community is split up into numereus sections and fractions which frequently indulge into virulent attacks on other sections among ourselves. This kind of sectional separatien is kept up and is being sown by existing sectional conferences such as Jain Swetamber Conference and the Sthanakvasi Conference and several other Digamber Conferences and associations! This ghost of separtaion will never be killed as long as these sectional conferences exist! If we want to unite all Jains irrespective of what section they belong to, into one homogenious whole. then our first duty will be tc put an end to the spirit of such sectional conferences!

The most hopeful sign of the times is that there is a wide awakening among the Jain community. Each and every member of the Jain community is dissatisfied with the present day order of things and now he is trying his level best to do away with sections and sub-sections that exist today.

The platform of sectional conferences is open only to those who belong to the section which they represent and as such there is not a common platform where all Jains can meet. Thus one section is being kept aloof from the other and as such this estranguement results in the weakning of our combined force. This kind of present day order must be avoided at all costs.

We want to reconstruct our community and expurgate the waste matter that has accumulated upto this time and we also want to purify the blood of our community completely. We want the unity of all sects and divisions that are existing at present among our Jain Community.

Then how are we going to solve this tangle of our communal affair? The solution of the problem regarding unity of all sects lies in establishing a body which will give (or afford) a common platform to all. This body will be helpful in solving the social problems concerning all and will further be helpful in settling all the differences in religious view-points and customs. This body should be named as 'ALL INDIA JAIN FEDERATION.' It will bring all the sects in a closer contact and thus will strengthen the power of the Jain Community as a whole.

Mr. Gulabchandji Dhadda suggests to establish a body named 'ALL INDIA SWETAMBER SANGH CONFERNCE.' Will not this body be representing only one part of the whole Jain Community? Will he take note of the above mentioned suggestion? and will he try to establish 'ALL INDIA JAIN FEDERATION' for the general uplift of the whole Jain Community?

## જાહેર—ચેતવણી.

હું શાહ માણેક ગોપાલજી તે હીરાચંદ લીલાધર ઝવેરીની વિધવા રહેવાશી જામનગરની આ ઉપરથી સર્વને જાહેર ચેતવણી આપું છું કે—

મારો પુત્ર લક્ષ્મીચંદ હીરાચંદ ઉમર વર્ષ ૧૪ ના આશરાની અંગ્રેજી ત્રીજા ધોરણનો અભ્યાસ કરી ચોથા ધોરણમાં ગયો ત્યાં હાલમાં સાગરાનંદસુરિજીના શિષ્યો કે ભકતોના ભમાવ્યાથી તેમનામાં દિક્ષા લેવા જેટલો વૈરાગ્ય આવ્યો છે એમ મનાવવા કેટલાકો બહાર પડયા છે, એમ પન્યાસજી મહારાજ રામવિજયજી મહારાજ ઉપરના તેમના લખેલા પત્રો પરથી અને બીજી રીતે માનવા મને કારણ મળેલ છે.

મને દહેસત રહે છે કે મારા પુત્રને ભોળવી ફોસલાવી તેમની ન્હાની ઉમર અને અપરિપકવ બુદ્ધિનો લાભ લઇ દિક્ષાને માટે તેમને મારા કબજા હવાલામાંથી ખસેડવામાં આવશે અગર તો ચોરી છુપીથી તેને નસાડવામાં આવશે જેથી સર્વ સાધુ મુનિમહારાજો તેમજ ગૃહસ્થોને આથી હું જાહેર ચેતવણી આપું છું કે—

કોઇપણ સાધુ કે આચાર્ય કોઇપણ સંઘ કે ગચ્છે કે કોઇપણ ગૃહસ્થે મારા પુત્ર લક્ષ્મીચંદ હીરાચંદને દિક્ષા આપવી કે અપાવવી નહિ, તેમજ દિક્ષાના કોઇ કાર્યને માટે તેમને ભગાડવો કે ભમાવવો નહિ તેમજ તેવા કોઇ કાર્યને ઉત્તેજન કે અનુમોદન આપવું નહિ તેમજ તેવા કાર્યમાં ભાગ લેવા નહિ.

આ જાહેર ચેતવણી છતાં તેવું કાર્ય કોઇ કરશે તો તેમના સામે કાયદાસર તમામ ઇલાજો લેવામાં આવશે.

તા. ૬-૧-૩૨.
જામનગર. } લી॰ માણેકબાઇ ગોપાલજીની સહી.

(अनुसंधान पृ. १६८ उपरसे.)

तृतीय श्रेणी के पण्डे पहले और दुसरे प्रकार के पण्डों से मिले हुवे हैं, आपस में रिशतेदारियाँ हैं वे उन्हीं की सहायता करते हैं इस लिये वह भी उन से जुदा नहीं समझे जा सकते।

आप लोगों ने संक्षेप में सर्व वृतान्त जान लिया है। इस अत्याचार का दुख आप के दिल ने अवश्य दुःख माना होगा अतः जब तक कोई उचित निर्णय न हो हमारी सम्मति है कि तब तक निम्न लिखित बातों पर कार्य किया जावे।

१—कोइ यात्री श्री केसरिया जी में जाकर प्रक्षाल, दुध, पुजन, आदि किसी प्रकार की बोली न लेवे। (क्योंकि बोलियों की सर्व रकम पन्डे लोगों के पास जाती है)।

२—खाता भंडार में एक पैसा भी जमा न कराया जावे यदि किसी यात्री ने कुछ देना ही हो तो वह पुजा खाता या भाता खाता में दे सकता है। भंडार खाते में से ३५) सैकडा पण्डों के पास जाता है।

३—मन्दिरजी के किसी पुजारी, सेवक, चौकीदार, माली, दुध वाला, केशर रगडने वाला आदि को एक पाई न देवें उनकी मन्दिर जी से वेतन मिलता है।

४—वाहियात लेकर जो पण्डे आते हैं उनको कुछ न देवें न उनसे कोई काम ल न बहियात में अपना नाम दरज करावें न हस्ताक्षर करें और ना ही उनसे रूमाल आदि लेवें।

विशेष इन बातों पर भी ध्यान देना अति आवश्यक है।

१—मूल गभारे में जो पेटी रखी हुई है उसमें से ३५) रु० सैकडा पंडों के पास जाता हैं।

२—बाहर रंग मंडप में जो पेटी रखी हुई है उसममें चांदीके सिक्कों के सिवाय सब पंडोंके पास जाता है।

३—आर्तीमें १) से कम जो कुछ भी हो पंडों के पास जाता है।

केसरिया जी जानेवाले यात्रियों का यह प्रयत्न होना चाहिये कि उनका एक पैसे का दान पंडों की जेब में न जावे।

पंडों के इस हस्ताक्षेप से हमारे पवित्र तीर्थ पर जो आपत्ति आई है उसे निवारण करना श्रीसंघ का कर्तव्य है। असलीयत न जान कर दरबार उदयपुर ने जो अनुचित फैसला किया है वही जैनों पर घोर अत्याचार है जिसे जीवित समाज कभी सहन नहीं कर सकता। इसलिए शीघ्र प्रांतिक सभाओं और सेठ आनन्दजी कल्याणजी तथा श्री जैन श्वेताम्बर कान्फरंस को इस ओर ध्यान देकर दरबार से इस फैसले को रद्द कराना चाहिए और आवश्यकता पडने पर अपने अधिकार की रक्षा के लिए आंदोलन करना चाहिए।

पाठकों से नम्र निवेदन है कि वह केसरिया जी की यात्रा को जानेवाले अपने भाइयों को ऊपर लिखित बातों का बोध करा देवें।

निवेदक—

गोपीचंद एडवोकेट
प्रधान—

नेमदास बी० ए०
मन्त्री—

श्री आत्मानन्द जन महासभा पंजाब अम्बाला शहर

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ

ઉપરોક્ત સંસ્થાની કારોબારી સમિતિની એક સભા તા૦ ૬-૧૧-૩૨ રવિવારના દિને બપોરના સ્ટાં. ટા. ૪ વાગતે શ્રી જૈન શ્વે. કૉન્ફરંસ ઑફિસમાં શેઠ **લલ્લુભાઇ કરમચંદ દલાલના** પ્રમુખપણા હેઠળ મલી હતી. ગત્ સભાની મિનીટ વંચાયા બાદ (૧) સંવત્ ૧૯૮૬ અને ૧૯૮૭ ના ઑડિટ થયેલા હિસાબ–સરવાયાં તથા જાવકના હિસાબ રજુ કરવામાં આવતાં તે મંજુર રાખવા શેઠ વલ્લભદાસ ફુલચંદ મહેતાએ દરખાસ્ત રજુ કરી હતી, જેને શેઠ મણીલાલ મોકમચંદ શાહનો ટેકો મળતાં તે સર્વાનુમતે પાસ રાખવામાં આવ્યા હતા. અને વધુમાં ઠરાવવામાં આવ્યું હતું કે "ભવિષ્યમાં લોન મંજુર કરવા માટે મેનેજીંગ કમિટીની સંમતિ લેવી અને તે મળ્યા બાદ રીતસરનું લખાણ લઇ સેક્રેટરીઓએ લોન આપવી." તથા અત્યાર અગાઉ અપાયેલી લોન માટે ચોક્સ ઇલાજો મંત્રીએ લેવા (૨) શ્રી ચંપા બ્હેન સારાભાઇ મોદીનો પુરૂષવર્ગની પરીક્ષાના ઇનામો માટે રૂા. ૫૦૦) આપવા સંબંધેનો તા૦ ૧૧-૧૦-૩૨ નો પત્ર રજુ થતાં નીચેનો ઠરાવ પાસ થયો હતો (ઠરાવ.)

"શ્રી ચંપા બ્હેન સારાભાઇ મોદીનો તા૦ ૧૧-૧૦-૩૨ નો પત્ર રજુ થતાં તેમણે, સંવત્ ૧૯૩૨ ના વર્ષની પુરૂષ વર્ગની ધાર્મિક પરીક્ષાઓના ઇનામો માટે રૂપીઆ પાંચસો આપવા જે ઇચ્છા દર્શાવી છે તેની આભાર સાથે નોંધ લે છે અને ઉક્ત પરીક્ષા **"શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ ધાર્મિક હરીફાઇની પરીક્ષા"** તરીકે લેવા ઠરાવે છે."

શેઠ રવજી સોજપાળ, શ્રી રણછોડભાઇ રાયચંદ ઝવેરી, શ્રી રતનચંદ તલકચંદ માસ્તર શ્રી મણીલાલ રિખવચંદ ઝવેરી, શ્રી સકરચંદ મોતીલાલ મૂલજી, શ્રી ઝવેરચંદ રતનચંદ માસ્તરને આજીવન સભ્ય તરીકે મંજુર રાખવામાં આવ્યા. (૪) સંવત્ ૧૯૮૮ નો હિસાબ તપાસવા શેઠ નરોત્તમ ભગવાનદાસ શાહની ઑનરરી આડિટર તરીકે નિમણુંક કરવામાં આવી (૫) આગામી ડિસેમ્બર માસમાં લેવામાં આવનારી ધામક પરીક્ષાઓના પરીક્ષકો નીકળવા મંત્રીને સોંપવામાં આવ્યું. બાદ પ્રમુખ શ્રીનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

# श्री केसरिया नाथ जी तीर्थ पर पंडों का अनुचित हस्ताक्षेप

श्री केसरियानाथजी श्वेताम्बर जैनों का एक प्रसिद्ध और प्राचीन तीर्थ रियासत उदयपुर में राजधानी से ४२ मील के फासले पर है। यह एक उच्च कोटि प्रभावशाली तीर्थ होने के कारण हजारों जैन यात्रियों को प्रतिवर्ष आकर्षित करता है इसी लिये यहां सदा मेला भरा रहता है। हमारे श्रद्धालु भाई सैंकडों और हजारों रुपये इस पवित्र तीर्थ पर भेंट चढाते हैं। इसी लिये भंडार में लखूखा रुपया इकट्ठा हो गया है।

चिर काल से श्वेताम्बर जैन स्थानिक नगर सेठ द्वारा इस तीर्थ का प्रबन्ध करते चले आये हैं। आरम्भ में पण्डे लोग केवल सेवक के तौर पर धुलेवा गांव (जहां पर श्री केसरिया नाथजी का मंदिर है) में आबाद हुये और अपने आप को जैन श्री संघ के सेवक, इस मंदिर के पुजारी और यात्रियों की सेवा करनेवाले कहते रहे। इस आशय की कई एक लिखतें पंडे लोगों की तरफ से मौजुद हैं। इस समय वहां गांव में तीन भांति के पण्डे हैं प्रथम वे आठ घर जो आमरय वाले कहलाते हैं दूसरे वे सात घर जो पुजारी के तौर पर वहां मंदिरजी में बारी बारी काम करते हैं तीसरे वे लगभग साठ घर जो केवल यात्रियों की ही सेवा करते हैं और लागी के तौर पर हम लोगों को यजमान समझ कर दान मांगते हैं। प्रथम और दूसरी प्रकार के पंडे तृतीय प्रकार के पंडों जैसा भी काम कर रहे हैं। अब पहली और दूसरी प्रकार के पंडे ही केसरिया जी में झगडा पैदा कर रहे हैं। समय के प्रभाव से नगर सेठ में शिथिलता आने के कारण पंडों ने मर्यादा को उलंघन करके उपद्रव करना आरम्भ किया। और यह दिन प्रतिदिन बढता गया। यहां तक कि पंडे लोग बलपूर्वक विना भेंट लिये हमारे भाइयों को पूजा सेवा सेवा से रोकने लगे और मनमानी काररवाई करने लगे। वि० सं० १९०३ में पण्डों को मजबूर किया गया कि श्री मंदिर जी में नियत समय पर प्रक्षाल और केशर चढाया जावे पूजन में देरी न हो किसी किसम की रुकावट न की जावे, खुशी से कोई कुछ देवे तो किसी प्रकार की जबरदस्ती न करें तत्पश्चात् यह तय पाया कि पंडों को केवल १) रु० प्रतिदिन सेवा के बदले मिलेगा बाकी सब बालियों, आंगी आदिका रुपया भंडार में जावेगा। कुछ समय तक इसी मुजब काम चलता रहा धीरे धीरे फिर पंडे लोगों ने गडबड शुरू करदी जिस पर १९३४ में मंदिर जी का प्रबन्ध दरबार की ओर से एक कमेटी के सिपुर्द हुआ और पण्डों को पहले की तरह केवल १) रोजाना मिलता रहा शेष सब भंडार में जमा होता रहा।

धीरे २ शिथिलता आई और पंडे लोग आज्ञासे विपरीत चलने लगे। इसका पता वि. सं. १९७६ में लगा जब एक यात्रीने रुपया १२००) की बोली ली लेकिन जब उसे पता लगा कि बोलियों के रुपये पंडे हडप कर लेते हैं, उस महानुभाव ने वहां रुपये न देकर उदयपुर में जमा करा दिये जो कि उस यात्री के चले जाने के बाद अफसर देवस्थान ने अन्याय करके पंडों को दे दिये।

इस पर उदयपुर की बरादरी को आश्चर्य हुवा और दरखास्त द्वारा दरबार का ध्यान इस ओर आकर्षित किया जिस पर वि. सं. १९७९ में अन्तिम हुकुम यह हुवा कि पूर्ववत् पंडों को १) रोजाना देकर बाकी कुल रकम भण्डार में जमा हो और यदि पण्डों को कोई उजर हो तो दिवानी कोर्ट से फैंसला करावें। पण्डों ने वि. सं. १९८८ में मुनसफी में दावा किया कि हमारा तीर्थ पर हक है क्योंकि तीर्थ वैष्णवों का है और श्री ऋषभ देवजी हमारे आठवें अवतार हैं इत्यादि इस मुकद्दमे में देव स्थान श्री ऋषभ देवजी एक फरीक बनाये गये, वकील मुकरर हुआ और जवाब दावा दायर किया गया। इसके बाद न तो फरीक देव स्थान ऋषभ देव से कोई बात पूछी गई और न पुराने कागजात पर गौर किया गया कोर्ट ने ज्युडीशल काररवाई को बजाय जैनों के साथ घोर अन्याय किया गया। यानी कुछ सप्ताह हुवे पंडे लोगों ने अतीव चालबाजी से यह फैसला हासिल कर लिया कि पहली प्रकार के पण्डे श्री केसरिया नाथजी के भण्डार से ३५ रु० सैकडा लिया करेंगे और द्वितीय प्रकार के पण्डे मन्दिर जी में बोलियों का कुल रुपया जो हर रोज पूजा आंगी आदि के सम्बन्ध में यात्री बोलते हैं लिया करेंगे।

(અનુસંધાન પૃ. ૧૬૭ ઉપર જુઓ.)

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay 3. and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay

તારનું સરનામું:- હિંદસંઘ 'HINDSANGHA'

Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૭ મું. નવું ૨ જું.

તા. ૧ મી ડીસેમ્બર ૧૯૩૨.

અંક ૨૩ મો.

– મુખ્ય લેખકો –

શ્રી મોહનલાલ દ. દેશાઇ,
બી. એ. એલએલ. બી.
એડવોકેટ.

" મોતીચંદ ગિ. કાપડીઆ,
બી. એ. એલએલ. બી.
સોલીસીટર.

" હીરાલાલ હાલચંદ દલાલ
બાર–એટ–લૉ.

" ઉમેદચંદ ડી. બરોડીઆ,
બી. એ.

" જમનાદાસ અમરચંદ ગાંધી

" મોહનલાલ દીપચંદ ચોકસી

— સુચનાઓ —

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.

ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ.

૨૦, પાયધુની-મુંબઇ ૩.

## નેપોલિયનના થોડાક ઉદ્ગારો.

"દેશોદ્ધાર માટે ઉત્તમ માતાઓના જેટલી જરૂર બીજી કશી નથી."

"મારા હૃદયમાં જો કાંઇ પવિત્ર અને ઉદાર ભાવનાઓ હોય તો તે મને મારી માતા પાસેથી પ્રાપ્ત થઇ હતી."

"હું જીવીશ ત્યાંસુધી તો સરકારી લોનો અને નોટોનાં કાગળિયાં કાઢીશ નહિ."

"માણુસ માત્રને ધર્મની જરૂર છે. માત્ર સુલેહશાન્તિ માટેજ નહિ, પણ દરેકના આત્મકલ્યાણ માટે ધર્મ આવશ્યક છે."

"સ્ત્રીકેળવણીમાં પણ ધર્મશિક્ષણ બહુ અગત્યનું છે. કન્યાઓ શાળા છોડે ત્યારે ફેશનદાર રમણીઓ નહિ પણ સુશીલ સન્નારીઓ નીવડે અને તેમનો મોહ ટાપટીપ કરવામાં નહિ પણ તેમના ઉચ્ચ ગુણો ખીલવવામાં રહેલો હોય, એવું જોવાને હું ઘણો ઉત્સુક છું.

"માણુસો ઘણું ખાઇને માંદા પડે ને મરે ખરા, પણ થોડું ખાધાથી માંદા પડયા હોય કે મુવા હોય એવું મેં કદી સાંભળ્યું નથી."

"જે કારણથી શરીર બગડયું હોય તેનાથી તદ્દન ઉલટી રહેણીકરણી રાખવી, એટલે કુદરતનું સમતોલપણું પાછું આવી જાય છે.

"મને દવા ઉપર જરાએ ભરોસો નથી. મારે માટે તો ઉપવાસ અને ઉષ્ણ સ્નાન બેજ ઔષધ પુરતાં છે."

"બીજી બધી લલિતકળાઓ કરતાં સંગીત માણુસના હૃદય પર ઘણામાં ઘણી અસર ઉપજાવી શકે છે, અને સમાજનાયકે તો એ કળાને સૌથી વિશેષ ઉત્તેજન આપવું જોઇએ. એક સુંદર ગીતની સ્વરલહરી તરતજ ચિત્તવૃત્તિને મૃદુ બનાવી દે છે; અને નીતિસંબંધી પુસ્તક કરતાં સંગીતની નૈતિક અસર વધારે બળવાન હોય છે."

---

**શ્રી કોન્ફરન્સ નિભાવ ફંડમાં મળેલી વધુ રકમો:—**

૨૫) શેઠ ફુલચંદ શામજી કોરડીઆ, મુંબઇ
૧૦) ડા. પુનશી હીરજી મૈશરી, મુંબઇ
૧૦) શેઠ છોટાલાલ ત્રિકમલાલ પારેખ, વીરમગામ.

**उदधाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.


# જૈન યુગ.

તા. ૧-૧૨-૩૨. ગુરૂવાર


## સમાજ અને ઉત્કર્ષ.

દુનિયાના સામાન્ય અનુભવની હકીકત છે કે આજે કોઇની કોઇને પડી નથી એવો સમય પ્રત્યેક સ્થળે દ્રષ્ટિગોચર થાય છે. સૌને પોત પોતાની પડી હોય છે, પોતે પોતાનું સંભાળી લેવા પ્રયત્ન કરે છે અને તેમ કરી જાતને સંભાળી લ્યે છે અને એજ આજે પોતાને ભાગ્યવાન સમજે છે તેવે સમયે પડોશીની, પારકાની કે સમાજની શી સ્થીતિ છે તે સમજવાની કે તેના સુખદુઃખમાં ભાગ લઇ તેમાં ઘટતો સુધારો કરવા કે ફાળો આપવા ઘણા થોડાજ ઉદ્યત થાય છે. પરાર્થે પીડા વહોરનારા અને તેમાં માનનાર ખરેખર વિરલાજ હોય છે અને તેવાઓજ સમાજ અને રાષ્ટ્રનો ઉત્કર્ષ સાધવા ભાગ્યશાળી નિવડે છે.

જૈન સમાજ સમક્ષ સામાજીક સંગઠન ઉપરાંત સમાજના ઉત્કર્ષ અંગે અનેક પ્રશ્નો પડેલા છે તે તરફ ધ્યાન ખેંચવા ભાગ્યેજ જરૂર હોય. એવા પ્રશ્નોના ઉકેલ સંબંધે અનેક મતવિભિન્નતાઓ નડે એ વાત ખરી છે છતાં તેવા અનેક માંહેથી એકેક પ્રશ્નોને હાથ ધરી તેનો નિકાલ કરવાનું કાર્ય હાથ ધરવામાં આવે તો અને ખરી સેવાવૃત્તિથી આત્મસમર્પણ કરનારા વિરલાઓ મલી આવે તો સમાજનું ખરેખર અહો ભાગ્યજ ગણાય. સમાજને સેવા આપનારાઓનો તોટો હોય એમ માનવા કારણ નથી આજે આપણામાના ઘણાઓ અનેક સંસ્થાઓ પાછળ પોતાના તન, મન ધન અર્પી રહ્યા છે એ વાતની કોઇથી ના કહી શકાય તેમ નથી. એ રીતે જે શકિત અને ધન ખર્ચાય છે તેનો સરવાળો કરવામાં આવે તો વસ્તુસ્થિતીનું ખરૂં માપ નિકળે. ત્યારે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે આટલો વ્યય અને પ્રયત્નો છતાં હજુ જોઇએ તેટલા પ્રમાણમાં આગળ વધી શકાતું નથી અગર આદર્શથી હજુ દુર કેમ જણાઇએ છીએ? આનો જવાબ શોધવા વિચારકો પ્રયાસ કરે તો તેમને તે અવશ્ય સુલભ છે. એનો એકજ જવાબ બુદ્ધિગમ્ય જણાશે કે સંગઠિત વિચારદ્વારા સંગઠિત પ્રયાસ સેવવામાં આવે અને તેની પાછળ થોડાજ ભેખ લેનારાઓ એકજ દિશામાં કાર્ય કરે તો અભ્યુદય દ્રષ્ટિસમીપ છે.

એકજ કાર્ય પાછળ ભિન્ન ભિન્ન દ્રષ્ટિબિંદુઓવાળા સ્વમતે કામ કર્યે રાખે ત્યારે એકનો પ્રયત્ન પણ ચરિતાર્થ ન થતાં પરિણામ શુન્યમાંજ આવે તો નવાઇ નહિં; એટલા માટેજ એક બંધુ લખે છે કે 'કોઇપણ કાર્ય બોલવાથી થતું નથી. કાર્ય ઉપર એક નિષ્ઠા કે ભકિત સિવાય તે કાર્ય ફળતું નથી તેને માટે સતત વિચાર કર્યા સિવાય કાર્યની પ્રગતિ થતી નથી, તે પોષાતું નથી અને ખીલતું પણ નથી.' સમાજની ઉન્નતિ માટે સતત વિચાર સેવનારા અને ધગશ ધરાવનારા સેવકો માટે સમય આવી લાગ્યો છે કે તેમણે પોતાની બધી શક્તિ ખર્ચવાને તત્પર થવું ઘટે.

આ કથનના સમર્થન માટે આપણા પવિત્ર તીર્થોનું દૃષ્ટાંત હાથ ધરીએ, તો જણાશે કે આ સર્વ સામાન્ય પ્રશ્ન પરત્વે સૌની અનિવાર્ય ફરજ ઉભી થાય છે કે 'ચાલે છે તેમ ચાલવા દ્યો' ની પદ્ધતિ લાંબો સમય નિભાવી શકાય તેમ નથી તીર્થ રક્ષા એ સમાજ અને ધર્મના અસ્તિત્વ માટે મૌલિક પ્રશ્ન છે અને તે પરત્વે ઉદાસીનતા પાલવે તેવું નથી. સમાજના પૂર્વભૂત મહાપુરૂષોએ અને વર્તમાનકાલમાં પણ અનેક પ્રસંગોએ સમાજના નેતાઓએ ઘણો ભોગ આપ્યો છે અને સમાજનાં એ પવિત્ર સ્થાનોને યથાસ્થિત જાલવી રાખવા અનેક પ્રયત્નો કર્યા છે. છતાં પુનઃ પુનઃ એ પ્રશ્ન સમાજનું ધ્યાન રોકે છે, ચિંતા ઉપજાવે છે, અને પુષ્કળ દ્રવ્ય પણ ખર્ચાવે છે; અને ફરી ફરી જ્યાંના ત્યાંજ આવી ઉભા રહીએ એ સ્થિતિ ઉદ્ભવતી હોય તો તેનો બરાબર સામનો કરવા માટે જાથુકના ઉપાયો ન યોજાય ત્યાંસુધી ભયમુક્ત થવાનો અસંભવજ ગણાય.

આ સ્થીતિ ટાળવા માટે સમાજના હિતચિંતકો, વિચારકો અને નેતાઓએ મલી એવી જાથુકની યોજના ઘડી કાઢવી જોઇએ કે હિંદભરના આપણાં બધાં તીર્થો સુરક્ષિત થવા માટે કાયમી વ્યવસ્થા યોજાય. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તક આજે જે તીર્થોનો વહીવટ છે તે ઉપરાંત કયાંતો તેણે અન્ય તીર્થોની વ્યવસ્થા, વહીવટ દેખરેખ સંભાળવા તૈયાર થવું જોઇએ, અને તેમ કરવા તેઓ તૈયાર ન હોય તો સમાજે બીજો માર્ગ વિચારી નિર્ણય કરવો ઘટે. પણ તીર્થરક્ષાનો આ મહાન પ્રશ્ન 'ચાલે છે તેમ ચાલવા દેવામાં' આવે તો ભવિષ્યમાં આપણું સ્થાન કયાં રહેશે તે કહી શકાય નહિં.

એટલે એક મધ્યસ્થ ખાતું આવા કાર્યો માટે ઉભું કરવું જોઇએ કે જેની પાસે તીર્થો પરત્વે આપણા હક્કો વગેરેની સંપૂર્ણ માહિતી રહે અને વખતો વખત જરૂર પડયે જોઇતી માહિતી સમાજને અને તીર્થના વહીવટકર્તાઓને આપે અને જરૂર પડયે વહીવટ સંભાળવા પણ તત્પર રહે. આવી કોઇ યોજના હાથ ધરવામાં આવે તે ઇષ્ટ જણાયા વગર નહિં રહે.

---

(અનુસંધાન પૃ. ૧૭૧ ઉપરથી.)

<u>શ્રી કેશરીયાજી પ્રકરણ</u> અંગે હજુ પોકારો તો ચાલુજ છે છતાં એ સંબંધે હજુ વ્યવસ્થિત સામનો થયાનું સમાજની જાણમાં નથી. અમદાવાદ 'જૈન સોસાયટી' એ ઉદેપુર રાજ્યને અરજ અહેવાલ કરેલ હોવાની હકીકત બહાર આવી છે, પરંતુ તે તરફ રાજ્ય તરફથી કાંઈ લક્ષ આપવામાં આવ્યું નથી એમ કહેવાય છે. શેઠ આણંદજી કલ્યાણજી તરફથી આ સંબંધમાં તજવીજ કરવામાં આવતી હોવાની ખબર સંભળાય છે, તે ખરી હોય તો જેણે તેણે ફાવે તે રીતે લખાપટી કરવાથી 'બકરૂં કાઢતાં ઉંટ ન પેસે' તે ધ્યાનમાં લેવું જોઇએ. આ બાબતમાં આણંદજી કલ્યાણજીની પેઢી સમાજને ઘટતી હકીકતોથી વાકેફ કરે તે ઇષ્ટ છે.

## સમયના પ્રવાહમાં.

**શ્રી શત્રુંજયનો કાર્તકી મેળો**—આ વર્ષે મળેલા સમાચાર મુજબ લગભગ દશેક હજાર યાત્રીઓ શ્રી શત્રુંજય યાત્રાર્થે ગયા હતા, જે સંખ્યા આજથી ૧૦-૧૨ વર્ષ પહેલાં જતા યાત્રીઓના પ્રમાણમાં ઘણીજ ઓછી ગણાય. મેળા જેવા પ્રસંગોમાં યાત્રીઓને અનેક પ્રકારની મુશ્કેલીઓ સહન કરવી પડે એમાં નવાઇ નહીં, પરંતુ તેમાંથી કેટલીક તો આપણે ધારીએ તો જરૂર દુર કરી શકીએ. યાત્રીઓના ઉતરવા માટેજ શત્રુંજયની શીતળ છાયામાં ધર્મશાળાઓ બંધાવવામાં આવી છે. અગાઉ જ્યારે ૧૫ થી ૨૦ અને ૨૫ હજાર સુધી યાત્રાળુઓ ત્યાં જતા હતા, ત્યારે હાલના કરતાં ધર્મશાળાઓ ઘણીજ ઓછી હતી. છેલ્લા વર્ષોમાં પાલીતાણામાં નવી ધર્મશાળાઓ બંધાઇ છે અને તે ધર્મશાળાઓની સંખ્યામાં વૃદ્ધિ કરે છે. તે છતાં પણ યાત્રાળુઓને પૂરી સગવડ ન મળે અને રાજ્યને પોતાના સ્કુલો યાત્રાળુઓ માટે ખુલ્લાં મૂકવા પડે એ જૈન સમાજે વિચારવા જેવું તો છેજ. કહેવાય છે કે કેટલીક ધર્મશાળાઓને-તેના મેનેજર અથવા મુનિમે એ પોતાના આવકના સાધનરૂપ બનાવી રાખેલ છે. જે યાત્રીઓ ઇનામ આપે તેનેજ જગ્યા અને બીજી જાતની સગવડ મળે. ઓરડીઓને ખાલી તાળાં મારી 'યાત્રીને અપાયેલી છે' એ જાતના છળ પ્રપચ થેડાક સ્વાર્થને માટે રમાય છે. આ સર્વ સ્થીતિ તે ધર્મશાળાઓના બંધાવનાર કે વહીવટ કર્તાઓથી અજાણી નજ હોઇ શકે, છતાં આંખ આડા કાન કેમ કરાય છે તે પ્રશ્ન વિચારણીય થઇ પડે છે. યાત્રીઓને જગ્યા નથી મળતી આ વાત તો દીવા જેવી જગ જાહેર છે. આ સંબંધમાં લાગતા વળગતાઓ ઘટતી તજવીજ અને બંદોબસ્ત ન કરી શકતા હોય તો સમાજનાં દ્રવ્યનો દુર્વ્યય થયો એમજ માનવું ઘટે. વ્યવસ્થાપકો ધ્યાન આપશે કે? શેઠ આણંદજી કલ્યાણજીની શાખાન્તે સ્થળે છે, તેઓ પણ આ માટે ઉહાપોહ કરે તો તેઓના ક્ષેત્ર બ્હાર તો નજ ગણાય.

**કાંતિલાલ કેસ પરથી બોધપાઠ**—મુનિ કુસુમવિજય કેસનો ચુકાદો અમદાવાદના વિદ્વાન સીટી મેજીસ્ટ્રેટે આપેલો તેના આદિથી અંત સુધીના ઇતિહાસથી જનતા સારી રીતે પરિચિત છે. ન્હાની ઉમરના અજ્ઞાન બાળકોને ધર્મના નામે અનેક જાતના પ્રલોભનો આપી આજે જે પ્રકારની દીક્ષા આપવાના બનાવો બની રહ્યા છે તે ઉપરથી સમાજને એકંદરે અમૂલ્ય બોધપાઠો ગ્રહણ કરવા મળે છે. કેટલાક પત્રકારો આ પ્રકારના પતન માટે વિચીત્ર દલીલ રજુ કરે છે-તેઓ આ ધાર્મિક દીક્ષાને વ્યવહારિક પરીક્ષાના પરિણામ સાથે સરખાવી-પરીક્ષામાં કોઇ ફેઇલ થાય તો ખુશ થવાનું નથી પણ દિલગીર થવું જોઇએ એમ જણાવે છે. તેઓ ભુલી જાય છે કે વ્યવહારિક અને ધાર્મિક અભ્યુદયના માર્ગ એક બીજાથી સર્વથા ભિન્ન હોય છે, તેમાં સરખામણી હોઇ શકે નહીં. વ્યવહારમાં એક માણસનું પતન થાય તેથી જેટલી હીલના થાય છે તેના કરતાં અનેક ગુણી વધારે ધાર્મિક પતન થનારથી-ધર્મ અને સમાજની અવહેલના થાય છે અને તે બંનેને કલંકરૂપ મનાય છે. આ સ્થીતિ કેટલાક સાધુ મહારાજ અને તેમના ભક્તો ઇચ્છે તો સ્હેજે ટાલી શકે છે. તેમ થવાથી સમાજ અને ધર્મની કીર્તિ અવિચલ બની રહેશે, અને શાસ્ત્રના નામે ચતુર્માસ જેવા દિવસોમાં આમતેમ સાધુઓને ભાગવાની બારીઓ શોધવી નહીં પડે.

( અનુસંધાન પૃ. ૧૭૦ ઉપર જુઓ. )

---

( અનુસંધાન પૃષ્ટ ૧૭૩ ઉપરથી. )

**નર્કમાં જાય છે. આ બધું મારે જણાવવું પડે છે તે માટે હું ઘણોજ દીલગીર છું, દિક્ષા પક્ષના આગેવાનો કેટલી હદે ગયા છે અને છોકરાને જીતી લેવામાં પોતે કેટલો રસ લીધો છે તેમજ બન્ને પક્ષો વચ્ચે સુલેહનો ભંગ થવાના કેવા ગંભીર પ્રસંગો છે તે દર્શાવવા માટેજ મારે ઉપરની હકીકત જણાવવી પડી છે.**

છોકરાની માની અને તેના પૂર્વાશ્રમના પિતાની લેખીત અરજીઓ મેં તપાસી છે. બન્ને પક્ષના વિદ્વાનવકીલોની દલીલો પણ સાંભળી છે. કાયદો પણ વિચારી જોયો છે અને એવા નિર્ણય ઉપર આવ્યો છું કે ફોજદારી કાયદા મુજબ છોકરાને તેની મા કે તેના પૂર્વાશ્રમના પિતાને સોંપવાનો હુકમ કરવાની આ કોર્ટને સત્તા નથી કોઇપણ માણસ છોકરાની માતા પ્રત્યે રહાનુભુતા બતાવે કે જેનો તે એકનો એક છોકરો છે અને મુસાળની મીલકતનો પણ સંભવીત વારસ છે. તો પણ અરજીઓમાં દર્શાવ્યા મુજબ હુકમ કરવાની કાયદો આ કોર્ટને સત્તા આપતો નથી.

છોકરાને પોતાની સ્વતંત્ર ઇચ્છા શક્તિ અમલમાં મુકવા દેવી જોઇએ અને કોઇના પણ તરફથી ઢીલ અથવા અટકાવ થયા સિવાય તેની જ્યાં ઇચ્છા થાય ત્યાં જવા દેવાનો હું હુકમ કરૂં છું. સુલેહનો ભંગ ન થાય તેટલુંજ પોલીસે જોવાનું છે.

અમદાવાદ, તા. ૧૨-૧૧-.૨ (સહી) **ધીરજલાલ હ.** સીટી મેજીસ્ટ્રેટ.

---

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

**"શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ ધાર્મિક અને પ્રાકૃત તથા અ. સૌ. હીમઇબાઈ મેઘજી સોજપાલ સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓ."**

ઉપરોક્ત ધાર્મિક પરીક્ષાઓ બોર્ડના જૂદા જૂદા સેન્ટરોમાં **તા. ૨૫ ડિસેમ્બર ૧૯૩૨ રવિવાર, મિતી માગસર વદ** ૧૩-૧૯૮૯ ના દિને બપોરના સ્ટાં. ટા. ૧ થી ૪ સુધીમાં લેવામાં આવશે.

જૈન છાત્રાલયો, ગુરૂકુલો, ધાર્મિક પાઠશાળાઓ આદિ શિક્ષણ સંસ્થાઓ જે જે સ્થળે ચાલતી હોય ત્યાંના વિદ્યાર્થી ભાઇ-બ્હેનો આ પરીક્ષાઓમાં બેસે એ જરૂરનું છે. સેન્ટર ઉઘાડવા સંબધે તથા અભ્યાસક્રમ, ફાર્મ આદિની વિગતો માટે નીચેને ઠેકાણે લખવું.

પરીક્ષામા બેસનાર વિદ્યાર્થીઓના ફાર્મ તા. ૧૨-૧૨-૩૨ સુધીમાં મળી જવા જોઇએ.

લી૦ સેવક,

ગોડીજીની ચાલ, ૨૦ પાયધુની મુંબઇ નં. ૩

**સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી**—સોલીસિટર, ઓનરરી સેક્રેટરી, જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

# અધિવેશન ક્યારે?

કોન્ફરન્સને આમંત્રણ છતાં એની બેઠક નક્કી નથી કરાતી એમાં મુખ્ય કારણ તો દેશની પરિસ્થિતિ અને રાષ્ટ્રિય હીલચાલજ છે. દેશભરની દરેક નાની મોટી જાહેર સંસ્થાઓને રાષ્ટ્રિય ચલવલ તરફ નજર રાખવીજ પડે છે, તો પછી જૈનોની આ મહાસભા માટે અપવાદ કેમ હોઇ શકે? વળી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ રૂપ ચોભંગીમાં માનનાર જૈનો માટે એમાં અનુચિતતા પણ નથી. સમય પ્રતિ લક્ષ્ય આપ્યા વગર કામ કરનાર અવશ્ય ખત્તા ખાય છેજ. આમ મુખ્ય કારણ છતાં એક બીજો અવાજ કોઇ ખુણેથી સંભળાય છે તે એ છે કે કેટલાક વયોવૃદ્ધ ગ્રહસ્થો કે જેમની હાર્દિક ભાવના કોન્ફરન્સના અસ્તિત્વ માટે જરા પણ ઓછી નથી તેમનો એ અભિલાષ છે કે શા માટે જૈન સમાજમાં પડેલ દીક્ષા સબંધી તડા સંધાઇ ન જાય! એનું સમાધાન થયા પછીજ અધિવેશન ભરવું. થોડા શ્રીમંતો રિસાયલા રહે એ તેમને ગમતું નથી! તેમને આશા છે કે સમાધાન ટુંક સમયમાં થઇ જશે.

તેમની આ ઉમદા લાગણી માટે માન ધરાવાને પણ ભાર પૂર્વક કહેવું પડે છે કે, આવા આશયથી અધિવેશનને આગળ લંબાવવામાં ગભીર ભૂલ થાય છે. સમાધાન ને સંપ એ તો પ્રત્યેક સમજુ હૃદય ઇચ્છેજ. પણ એ કોની સાથે? કોન્ફરન્સે કયે દિને ભેદ પાડયો છે કે એને આ વાત લાગુ પડે? જુન્નર વખતે જેઓ એનાથી છુટા પડયા તેઓ પોતાની મૂર્ખામીથીજ! ત્યારપછી એના સામે જે કાદવ ઉરાડયો તે આખરે પોતાના મુખ ઉપરજ પડયો અને એ મહાસભા તો જીવંત ઉભી રહી છે અને રહેવાની છે પણ કાદવ ફેંકનારાની સ્થિતિ આજે કફોડી થઇ ચુકી છે. સમાજનો મોટો ભાગ તેમને 'કાળા મોઢા' તરિકે અને એક નામચીન વ્યક્તિની મોરલીએ 'નાચનાર' તરિકે સારી રીતે ઓળખતો થયો છે. ચાહે તો 'ઓલ ઇન્ડીયા યંગ મેન' નામ ધરાવાય કે 'દેશ વિરતિ' ની મર્યાદા ઓલંઘી એ દ્વારા જૂદા પેંતરા ભરાય કે કોઇ ત્રીજુ નાટક ભજવાય તેથી આ મહાસભાના મોભાને રંચ માત્ર અસર પહોંચવાની નથી. જૈન જનતામાં એનું સ્થાન અનેરૂં છે. એને ડોલાવમાન કે નામશેષ કરવાની ભાવનાવાળા શ્રીમંતો કે કહેવાતા યુવાનો પોતેજ હાલી ઉઠયા છે! કોન્ફરન્સ એ તો આપણા બધાનો અવાજ રજુ કરનાર સાધન છે. વધુ મતે થનાર ઠરાવ સામે લઘુમતીએ જરૂર ઝુંબેશ ઉઠાવવાનું કારણ હોય. એની મનાઇ નજ કરાય! ધારો કે કોઇ વાર વધુમતી ઉંધા માર્ગે દોરવાઇ ગઇ હોય તો લઘુમતીવાળાએ મહેનત કરી, દલીલોથી એ ફેરવવા યત્ન કરવા જોઇએ. કદાચ એ યત્નમાં સફળતા ન મળી તો બીજા અધિવેશન સુધી થોભી જવું ઘટે. ઠરાવ થયો તેથી કંઇ બગડી જતું નથી. જે ઠરાવની પાછળ લોકમત નથી તેની કિંમત કોડીની નથી ગણાતી. એટલે જેની પાછળ કૃત્રિમ બહુ મતિ હશે અને જનતાના અંતરનો અધિકારો નહીં હોય એ ઠરાવ કદાચ પાને ચઢયો તોપણ એનું જીવન નામ માત્રનું અને તે પણ બીજી બેઠક સુધીનું રહેવાનું. આવી ચોકખી વાત છતાં દિક્ષાના નામે ખોટા ચેડા કાઢનાર અને શરૂથી પોતાનો કક્કો ઘુંટનાર વર્ગ સાથે કેવા પ્રકારની સમાધાની ઇચ્છવામાં આવે છે તે નથી સમજાતુ! તેમના આવવાના દ્વારો અજે પણ ખુલ્લા છે અને ખુલ્લા રહેવાના છે. વધુમતી મેળવી તેઓ દીક્ષા સંબંધી ઠરાવ પણ જરૂર ફેરવી શકે છે.

કોન્ફરન્સ એટલે સારાએ દેશનો સકળ સંઘ એને કહેવામાં આવે કે તે અમુક જાતના ઠરાવોજ કરી શકે અગર તો ધર્મની અમુક બાબતોમાં હાથ નજ નાંખી શકે એ અયોગ્ય છે. દેશકાલાનુરૂપ સમાજને લગતું કોઇપણ કાર્ય કરવાનો તેને હક્ક છે. 'શત્રુંજય યાત્રા ત્યાગનો ઠરાવ' એ વાતનું સમર્થન કરવા પુરતો છે. જૂદા જૂદા દેશના પ્રતિનિધિઓ સાથે મળે ત્યારે સામુદાયિક વિચારણા દરેક રીતની થાયજ. હા, જૈન ધર્મને કે તેના પ્રણેતાઓને જે વાતથી ક્ષતિ પહોંચતી હોય તેવું કોઈ કાર્ય મહાસભાથી નજ થાય, અને આ વાત તો એક અદનો મનુષ્ય પણ સમજી શકે છે કે જ્યાં સંખ્યાબંધ ને સમજુ નરનારી એકત્ર થયાં હોય ત્યાં એવું સ્વપ્ને પણ બને?

માટે સમાધાન થાય કે ન થાય તેની કડાકૂટમાં પડયા વગર દેશની સ્થિતિ સુધર્યે અધિવેશન ભરાવુંજ જોઇએ. વડિલો પ્રત્યે માન છતાં, તેમના પ્રયાસો માટે લાગણી છતાં આ સ્પષ્ટ વાત તેમની ચક્ષુ સામે ફરજ તરીકે લાવવીજ રહી.

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

### ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમિટીના સભાસદો જોગ

### — નિવેદન —

વિશેષ વિનંતિ કે આપણી કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક બેઠક ગઇ તા. ૬-૧૧-૩૨ ના રોજ મલી હતી જે વખતે કૉન્ફરન્સની હાલની આર્થિક પરિસ્થીતિ સંબંધે કેટલોક વિચાર થયા પછી નીચેનો ઠરાવ પસાર થયો હતો.

"સં. ૧૯૮૮ નું કાચું સરવૈયું રજુ કરવામાં આવતાં તેના ઉપર વિચારણા કરવામા આવી. કૉન્ફરન્સ ઑફીસની નાણાં સબંધી પરિસ્થીતિ ઉપર વિચાર કરવામાં આવ્યો અને એમ નિર્ણય થયો કે નિભાવ ફંડ માટે મદદની ખાસ જરૂર છે તેથી કોન્ફરન્સની સ્થાયી સમિતિના દરેક સભ્યોને વિનંતિ પત્ર લખવો કે દરેક સભ્યે એક વર્ષ માટે ચાલુ વર્ષમાં ઓછામાંઓછા રૂા. ૧૦) દશ અને બની શકે તો તેથી વધુ રકમ મદદ તરીકે જરૂર મોકલવી. આ ઉપરાંત કોન્ફરન્સ નિભાવ ફંડ માટે જે ફંડ કમિટી નિમવામાં આવી છે તે કમિટીએ વધુ ફંડ એકઠું કરવા પોતાના પ્રસગો આગળ વધારવા."

ઉપરના ઠરાવ અનુસાર આપને વિજ્ઞપ્તિ કરવાની કે કમિટીના સભ્ય તરીકે સંસ્થાના હાલના સંજોગ જોતાં 'નિભાવ ફંડ'માં આપનો યોગ્ય ફાળો મોકલી આપવા ગોઠવણ કરશો. હાલના દેશના વ્યાપારી સંજોગ જોતાં મ્હોટું ફંડ ભરાવવુ એ મુસ્કેલી ભર્યું છે એટલે હાલ તુરત ચાલુ વર્ષના ખર્ચ માટે સૌ યથાશક્તિ પોતાનો ફાળો આપે એજ યોગ્ય થઇ પડે તેવું છે: અને તેમ થવાથી તુરતને માટે મુસ્કેલી દૂર થશે એમ માનીએ છીએ.

આશા છે કે આપ કોન્ફરન્સ નિભાવ ફંડમાં કમિટીના ઠરાવને માન આપી ઘટતી રકમ અવશ્ય મોકલી આપશો.

અત્યાર સુધી ભરી આપવામાં આવેલ રકમોનું લિસ્ટ આ અંકમાં અન્યત્ર છપાયેલ છે.

લી. શ્રી સંઘ સેવકો,

**શા. રણછોડભાઇ રાયચંદ ઝવેરી**

**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી**

સ્થાનિક મહામંત્રીઓ

# કુસુમવિજય કેસનો ચુકાદો.

## સીટી મેજીસ્ટ્રેટની કચેરી અમદાવાદ. (હુકમ) નીચેની હકીકત પ્રકટ થવા માટે અમને મલી છે.

(ઇંગ્રેજી ઉપરથી ગુજરાતી ભાષાંતર)

**દિક્ષા પક્ષ** અને દિક્ષા સામેનો અથવા **સુધારક પક્ષ** એવા બે વિરૂદ્ધ પક્ષો **કાન્તીલાલ ભોગીલાલ** નામના આશરે સોળ વર્ષની ઉમ્મરના છોકરાનો કબજો લેવાનો દાવો કરતા હોવાથી દેખીતો ગુન્હો બનવાના અને પરિણામે સુલેહના ભંગની સંભવીનતાના ભયથી અમદાવાદ રેલ્વે પોલીસ સબ-ઇન્સપેકટરે મજકુર છોકરાને કોના કબજામાં સોંપવો તે સંબંધી હુકમ કરવા અત્રે રજુ કર્યો છે.

હમણાં મળેલ માહીતી અનુસાર આ છોકરાનો પૂર્વ ઇતિહાસ રસદાયક છે. ૧૯૩૦ ના જાનેવારીમાં છોકરાએ દિક્ષા લીધી અને પાછળથી તેની માએ છોકરાના વાલી તરીકે પોતાને નિમવા માટે દિવાની દાવો નોંધાવ્યો હતો. એ વખતે છોકરાનો બાપ સંસારી હતો અને તેથી કરીને જીલ્લા કચેરીએ તેની માની વલી તરીકે નિમણુક કરી ન હતી. છોકરો વઢવાણ હતો પણ તા. ૮-૧૧-૩૨ ની રાત્રે તેણે છુપી રીતે ઉપાશ્રય છોડયો, સંસારી કપડાં પહેર્યાં અને તેની મા પાસે પાટણ જવા નીકળ્યો. છોકરાના નિવેદન મુજબ બન્ને પક્ષના માણસો વઢવાણથી ગાડીમાં ચડી બેઠા. છોકરાને સ્ટેશન ઉપર મળીને સાનંદમાં હાલ **મુની ભરતવિજયજી**ના નામથી રહેતા તેના પૂર્વાશ્રમના પિતા પાસે જવા સમજાવવા માટે એક તાકીદનો તાર (S. O. S.) અત્રેના દિક્ષાપક્ષના આગેવાનો ઉપર મુકવામાં આવ્યો હતો. વિશેષમાં જણાય છે કે બંન્ને પક્ષો રેલ્વે પોલીસ પાસે ગયા અને તેથી કરીને પરિણામે છોકરાને કોર્ટ સન્મુખ રજુ કરવામાં આવ્યો.

બન્ને પક્ષની ગેરવ્યાજબી અસરથી મુક્ત રાખવા, તેને પોતાને કયાં જવું છે તેનો નિર્ણય કરવા તક આપવા અને બન્ને હરીફ પક્ષો વચ્ચે તાત્કાળીક સુલેહ ભંગ થતો અટકાવવા તે છોકરાને **રા. સા. મહીપતરામ રૂપરામ** અનાથ આશ્રમમાં મોકલવામાં આવ્યો હતો. છોકરાની માએ અને દીક્ષા પક્ષના એક આગેવાન **ચીમનલાલ કડીઆએ** છોકરાની મુલાકાતો લઇને છોકરાને આશ્રમમાં મોકલવાના ઉદ્દેશને નિષ્ફળ બનાવ્યો હતો.

છોકરાએ મારી પાસે એક નિવેદન નોંધાવ્યું છે તેની અંદર તે જણાવે છે કે રાત્રે છુપી રીતે તેણે પુર્વાશ્રમમાં એટલે સંસારમાં જવાની ઇચ્છાથી વઢવાણનો ઉપાશ્રય છોડયો. તેને પોતાની મા પાસે પાટણ જવું હતું અને તે અમદાવાદ આવ્યો ત્યાંસુધી તેનો ત્યાં જવાનો મક્કમ વિચાર હતો. પણ રેલ્વે સ્ટેશને દિક્ષા પક્ષના આગેવાનો તેને મળ્યા અને જણાવ્યું કે તારા પિતા તને મળવા માગે છે એવો તારા પિતાનો અમારા ઉપર તાર છે. આથી છોકરાએ પોતાનો નિશ્ચય ફેરવ્યો અને હવે તે સાનંદ જવા ઇચ્છે છે તો પણ તે જણાવે છે કે હાલ ફરી દિક્ષા લેવાનો તેનો ઇરાદો નથી.

મારે જણાવવું જોઇએ કે છોકરો ચંચળ (અનિશ્ચિત) મનનો છે અને કહેવામાં આવતા તાર એ એક ઠગાઇ (hoax) છે જેનાથી તેનો વિચાર બદલાવો છે. એક પણ તાર મારી આગળ રજુ કરવામાં આવ્યો નથી અને **મને શક પડે છે કે છોકરાને સાનંદ જવા માટે લલચાવનારૂં અને પછી એને ફરીથી દિક્ષા લેવા સમજાવવાનું એ એક કાવતરૂં (ruse) હતું. નહિ તો જૈન ધર્મ મુજબ પિતા દિક્ષા લે ત્યારથીજ તેના પુત્ર સાથેના સંબંધનો અંત આવે છે અને તે તેને ઉપાશ્રયમાં પણ રાખી શકતો નથી.**

છોકરાની માએ અને તેના પૂર્વાશ્રમનાં પિતાએ લેખીત અરજીઓ દાખલ કરી દરેક જણે છોકરાનો કબજો પોતાને સોંપવાની માંગણી કરેલ છે. **મને નવાઈ લાગે છે કે છોક-છોકરાના પૂર્વાશ્રમના પિતા કે જેણે પોતાના સર્વ સંબંધીઓ સાથેના પોતાના સંસારીક સંબંધો તજી દીધા છે તેણે પોતાના પુત્ર તરીકે આ છોકરામાં જરા પણ રસ શા માટે લેવો જોઇએ.**

**આ દુઃખદાયક કીસ્સામાં છોકરાના પૂર્વાશ્રમના પિતાને ખેંચી લાવવાના, તેની પાસે કોર્ટમાં હાજરી આપવાના, વકીલાતનામું દફતરે ચઢાવવાના અને ટીકીટ ચોઢેલી અરજી કોર્ટને કરાવવાના દિક્ષાપક્ષે કરેલા ઘેલછા ભર્યા (frantic) પ્રયત્નો જોઇ હું આશ્ચર્ય પામ્યો છું. દિક્ષા વખતે ગ્રહણ કરેલ (મહાવ્રતો પૈકી) પહેલું અને પાંચમું મહાવ્રત ભાંગવાની આ બીચારા મુનીને ફરજ પડી છે તેને માટે દશ વૈકાલીક સુત્રમાં ભારે સજા (પ્રાયશ્ચિત) ફરમાવવામાં આવી છે. આથી આ ભવમાં નિંદાય છે અને આવતા ભવે**

(અનુસંધાન પૃષ્ટ ૧૭૧ ઉપર જુઓ.)

---

કોન્ફરન્સ નથી તો એકલા શ્રીમાનોની કે નથી તો ધિમાનોની. સારાયે આમવર્ગની એ મહાદેવી છે. જેમ દેવ દરબારમાં સૌ સરખા છે, તેમ એને આંગણે પણ કોઇ નાનુ મોટું નથીજ. બંધારણ પૂર્વક એનુ કાર્ય થતુજ રહે. એમાં કોઇની પણ ચાલાકી કામ નજ આવવી જોઇએ અને નજ આવી શકે.

કદાચ વડિલોને સમાધાનની આશા હોય પણ નજર સામે જે બનાવો બની રહ્યા છે અને હજુ જે માનસ છાપાઓમાં દ્રષ્ટિગોચર થાય છે એ જોતાં કહેવુંજ પડશે કે અમારા એ ભાન ભૂલ્યા બંધુઓની આંખો હજુ પણ મીંચાયેલી છે. તેઓએ બુદ્ધિનો ઉપયોગ સર્વથા બંધ કર્યો જેવુંજ દેખાય છે. તેમ ન હોય તો મનુષ્ય વારંવાર ભૂલો નજર સામેના બનાવોનું વિપરિત ફળ જોવા છતાં કેમ કરે?

ગમે તેમ બનો એની વિચારણામાં પડવા વગર એટલું સુચવવું કાફી છે કે—રિસામણાના ખોટા માર્ગને તિલાંજલી આપી, દેશનેતાઓ માફક એકજ માચડે ભેગા થઇ વિચારોની આપલેથી ગમે તેવા ગુંચવાયલા પ્રશ્નોનો પણ તોડ આણી શકાય છે તો આપણા આ ભાઇઓ કે જેમની ધર્મ ધગશ બાહ્યથી બહુ તીવ્ર સંભળાય છે તેઓ અવશ્ય આ માર્ગનું સેવન કરશે અને જેમના ઉપદેશમાં ક્રોધાદિ કષાયોનો સર્વથા બહિષ્કાર કરવાનું ફરમાન છે એવા પરમાત્મા મહાવીર દેવના વર્તમાન સંઘમાં પ્રસરાયેલ કુસંપ દાવાનળ ટાળવામાં સહાયભૂત બનશે સુજ્ઞેષુ કિં બહુના!

લેખક—ચોકસી.

# કૉન્ફરન્સ નિભાવ ફંડ—

ઉક્ત ફંડમાં સં. ૧૯૮૯ માટે નીચેના ગૃહસ્થો તરફથી રકમો ભરી આપવામાં આવી છે.

રૂા. ૧૫૧) શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી
૧૨૫) ,, રણછોડભાઈ ગયચંદ ઝવેરી
૧૦૧) ,, મોતીલાલ મુળજી
૧૦૧) ,, રતનચંદ તલકચંદ માસ્તર
૧૦૧) ,, કેશરીચંદ ભાણાભાઇ શ્રોફ
૧૦૦) ,, હેમચંદ મોહનલાલ ઝવેરી
૭૧) ,, લલ્લુભાઇ ગુલાબચંદ ઝવેરી
૫૧) ,, મણીલાલ રિખવચંદ ઝવેરી
૫૧) ,, નગીનદાસ લલ્લુભાઈ એન્ડ સન્સ.
૫૧) ,, પરશોતમ સુરચંદ
૫૧) ,, ઝવેરચંદ હાકરશી
૫૧) ,, તીલોકચંદ રતનચંદ
૫૧) શ્રી મકનજી જે. મ્હેતા.
૪૧) ,, મગનલાલ નગીનદાસ ઝવેરી.
૪૧) શેઠ કેશરીચંદ ગોવિંદજી.
૪૦) ,, કકલભાઇ બી. વકીલ.
૩૧) ,, મૂલચંદ એમ. ચોકસી.
૨૫) ,, મણીલાલ સુરજમલ ઝવેરીની કંપની.
૨૫) ,, લલુભાઇ કરમચંદ દલાલ
૨૧) ,, જીવણલાલ એન. ગાંધી
૧૫) શેઠ મોહનલાલ બી. ઝવેરી સોલિસિટર
૧૫) ચીનુભાઇ લાલભાઇ શેઠ.
૧૧) , સૌભાગ્યચંદ યુ. દોશી ,,
૧૧) ,, રમણીકલાલ કે. ઝવેરી ,,
૧૧) ,, ઠાકોરદાસ પી. શાહ
૧૧) ,, મોહનલાલ દલીચંદ દેશાઇ
૧૦) ડૉ. નાનચંદ કે. મોદી
૧૦) શેઠ મનસુખલાલ હી. લાલન
૧૦) ,, જમનાદાસ અમરચંદ ગાંધી
૧૦) ,, મણીલાલ મોહકમચંદ શાહ
૧૦) ,, નાનચંદ શામજી
૧૦) ,, નરોતમ ભગવાનદાસ શાહ
૧૦) ,, શાકરચંદ એમ. ઘડીઆલી
૧૦) ,, ભગવાનજી હેમચંદ
૧૦) ,, વાડીલાલ સાકરચંદ વોરા
૧૦) ,, મોહનલાલ દીપચંદ ચોકસી
૧૦) ,, મણીલાલ ઉતમચંદ

આ ફંડમાં સર્વે બંધુઓ ઘટતો ફાળો નોંધાવી મોકલી આપે એવી વિજ્ઞપ્તિ છે.

## WILL JAIN YOUTHS WAKE UP?

(By:-Maneklal A. Bhatewara.)

It is a most lamentable sign that the Jain Youths are not keeping pace with the March of time. When youths of various other Communities like Lohanas & Bhatias are doing their work though slowly but surely, Jain youths are observing almost criminal silence and showing deplorable and most unhealthy attitude. When humanity is now thinking in terms of Nationalism and the really radicals and humanity's best friends, in terms of internationalism, Jain youths do not do so much as to think in terms of a strong, virile, dynamic, homogeneous, Community? Have Jain youths decided to outvie Kumbhakarna's proverbial lethargy?

The attention of the readers of my last article entitled "All India Jain Federation" published in the last issue of JAIN YUGA must have already been drawn to what I stand for and to what is expected of Jain Youths in existing circumstances.

Are our sections and subsections, our narrowmindedness and insularity going to remain immortal? Is there anything immortal that youths should think our present organisation eternal and everlasting? Certainly the old order of things changeth yielding place to new but such things do not change automatically, we have to exert ourselves.

All our sect-divisions and subdivisions, the arch causes of all our social and religious evils, have to be destroyed.

Now the most natural question arises as to how is this to be done. The answer is also, as natural and logical. All that we have to do is to find out the forces which are now working as a brake on the further developments of Jain Community. We have to find out what are the reactionary elements within us and who are now checking our forward march. They are to be found out in our false or reactionary organisations, in our Demigods (or false leaders) and in our fame-hunting workers. We have got to expose them, drive them, and capture the leadership from their hands.

These things can be done only when we are showing some positive work. It's no use criticising and attacking them while we ourselves remain idle. We must organise ourselves, chalk out the plans, and work them out. But Jain youths are sleeping! Radical elements take no notice of Communal organisation while others are inactive! But in reality all those who have the good of the Community at their heart, all those who really feel for the social and religious evils such as child-marrages, marriages by the aged, Child Diksha etc. and want to right them, they must shake off their inertia, must adopt a live attitude and must organise themselves or become the members of organisations which are at present existing in our Community.

Youths, Comrades, no useful purpose will be served by simply critising the orthodx reactionary, showy, and hypocritical leaders, no useful purpose will be served by saying that a particular body is inactive since it failed to function properly. But you have got to come out, really round our organisations express your views, from resolutions and act upon them. When this is done then and then only our social and religious evils can be righted but certainly not till then.

**જામનગર ઓશવાળ યુવક મંડળનો વાર્ષિક મેળાવડો.**

ગયા કારતક વદ ૦)) ને રોજ ઉપરોક્ત મંડળનો વાર્ષિક મેળાવડો ડૉ. પ્રાણુજીવનદાસ એમ. મહેતાના પ્રમુખપણા નીચે માંગરોળ જૈન સભામાં થયો હતો.


## "જૈન ભાઇઓના લાભનું"

**શ્રી પાલીતાણા મહાતિર્થ શત્રુંજયનો પટ.**

અસલ કેનવાઈસના કપડા ઉપર નવી ડીઝાઈનનો ફુટ ૧૨+૧૦ ની સાઇઝનો હાથથી ઑઇલ પેઇન્ટીંગ કરેલો તૈયાર છે. તથા મન પસંદગી પ્રમાણે બનાવી આપવામાં આવશે. અમારા હાથથી ઑઇલ પેઇન્ટીંગ કરેલા પટો ઘણા ઠેકાણે ગયેલા છે. નમુનો જોવાને માટે નીચેના ઠેકાણે મળો અથવા લખો:—

**પેન્ટર નારણ અમૃત.**

ઠે૦ ઉગરખાડી, શ્રીગણેશ ભુવન, બીજે માળે,
જે. જે. હોસ્પીટાલ પાસે, મુંબઇ.


(अनुसंधान पृ. १७६ उपरसे.)

पडेगा। श्वेताम्बर शब्दके अतिरिक्त और कोइ इतना व्यापक शब्द दिखाई नहीं देता हि कि जिससे किसीको शंका न हो। श्वेताम्बर शब्दके सामाजिक प्रयोगसे हमें डरना नहीं चाहिए, इस शब्दकी उपादेयतामें थोडासा परिवर्तन करना पडेगा। ओसवाल शब्दको ही देखिए। इसकी उत्पत्ति धार्मिक क्षेत्रमें और धार्मिक रूपमें हुईथी, किन्तु आज यह शब्द एक जाति विशेषका ही द्योतक समझा जाता है। अतः हमारी समझमें तो श्वेताम्बर शब्द ही एक ऐसा व्यापक शब्द है जिसमें किसीको संदेह नहीं होगा। यदि इससे भी श्रेष्ठतर और कोइ नाम उपलब्ध हो शके, तो वह अत्युतम है। आशा है समाजके शुभचिन्तकोंका ध्यान इधर आकर्षित होगा।

श्रीमान् ढड्ढाजोकी द्वितीय सम्मति बहुत ही लाभदायक, महत्वपूर्ण और विचारणीय है। आज समाजमें इतनी सभाएं और कोन्फ्रेंसें हुआ करती है कि उनमें उपस्थित होनेके लीए, स्थान स्थानपर जानेके लीए समय, शक्ति, संगठन और सबसे अधिक धनकी आवश्यकता है। आज भारतवर्षपर निर्धनताका चक्र कितने जोरोंसे चल रहा है, यह बात किसीसे गुप्त नहीं है। लोगोंके पास इतना द्रव्य कहाँ है कि भिन्न २ समय पर भिन्न २ सभाओंमें उपस्थित होनेके लीए जगह २ जाया जाय। अतः हमारे समाजकी मुख्य २ संस्थाएं और सभाएं जैसे स्थानकवासी जैन कान्फ्रेंस, जैन श्वेतांबर कान्फ्रेंस, अखिल भारतवर्षीय ओसवाल नवयुवक परिषद् सब अपने २ वार्षिक अधिवेशन संध संमेलनके साथ २ एकही स्थानपर और एकही समयपर किया करें। इससे समय और धनकी बचत के साथ २ एक बडा लाभ यह होगा कि इन सभाओंको भी पूर्ण सफलता मिलेगी, पारस्परिक वैमनस्यका सहज निवटारा हो जायगा। प्रत्येक आदमी प्रत्येक सभामें उपस्थित हो सकेगा, उनमें एकताके भाव जागृत होंगे, पारस्परिक विचार विनिमय होगा, उदाहरणके लिए कांग्रेसको वार्षिक मिटिंगका विचार कीजीए। कांग्रेसके साथ २ जहाँ कांग्रेस होती है, वही नौजवान भारत सभा, अखिल भारतीय विद्यार्थी परिषद् हिन्द महासभा, राजनीतिक पीडित संमेलन, देशी राज्य प्रजा परिषद् और ऐसीही और बीसों सभाएं होती है, जिससे लोग कांग्रेसमें तो उपस्थित होते ही हैं और साथमें इन भिन्न २ सभाओंमें भी भाग लेते हैं, इस प्रकार बहुत साधन और समय बच जाता है, और शक्ति संगठनमें सहायता मिलती है। हमें आशा ही नहीं किन्तु पूर्ण विश्वास है कि समाज इन दोनों बातों पर समुचित रूपसे निर्णय कर लिया जाय।

**भँवरमल सिंघी.**

# " श्री अखिल भारतवर्षीय ओसवाल महा सम्मेलन का भविष्य. "

वर्तमान समय संसारके इतिहासका वह दारुण और जटिल भाग है कि जो आजतक विश्वसाहित्यमें आप नहीं देखेंगे। वर्षों और सदियोंसे सोये हुए समाज, जातियाँ और देश आज पुनः जाग रहे हैं और संसारमें अपने अस्तित्व और उत्थानके लिए शक्तिका प्रयत्न कर रहे हैं। इतनाही नही, आज सारे देश और समाज प्रतिस्पर्धा (Competition) के विशाल क्षेत्र में दौड लगा रहे हैं, और इतिहासवेत्ता अपनी कुटीसे देख रहे हैं कि कोन देश और समाज इस दौड़ में सर्व प्रथम आता है? संक्षेप में कहें तो यह विश्व-जागृतिका काल है। जब सारे देश और सारे समाज अपनी २ पूर्ण जागृति एवं उन्नतिमें जुट रहे थे, तब हमें प्रायः यह शंका हुआ करती थी कि क्या सारी जातियाँ अपना काम करलेंगी और ओसवाल जाति तबतक भी सोती रहेगी! जब सारी जातियाँ मीलों आगे निकल जायंगी और तब भी यह वर्षोंका सोया हुआ समाज उनकी पलायन-ध्वनि सुन करँ भी सोता ही रहेगा? किन्तु अब हमारी शंका दुर हो गई–अब ओसवाल समाजके शुभचिन्तकोंने इस ओर ध्यान दिया है, इनही समाजों से पाठ पढना सिख लिया है। इसके प्रमाणमें कदाचित् मुझे कुछ कहनेकी आवश्यकता नहीं है। गत १५, १६, १७ अक्टूबर के अजमेरके श्री अखिल भारतवर्षीय ओसवाल महासम्मेलन से सभी परिचित हैं–अखिल ओसवाल समाज को एक सामाजिक सूत्रमें बांधनेका यह प्रथमही प्रयास है।

सम्मेलन हो गया, लोगोंको चित्तरंजनका अवसर मिला किन्तु अब सम्मेलनको थोडा कार्य करना चाहिए! जो प्रस्ताव पास हो गये हैं, उनको क्रियात्मक रूपमें लीया जाय, वे फाइलों ही में न पड़े रह जाय! आगामी सम्मेलन तक प्रत्येक प्रस्तावको रचनात्मक रूप देकर कार्य सम्पादन करना चाहिए। जिससे अन्य लोगोंमें सम्मेलनके प्रति श्रद्धा हो, और जाति सेवा के भाव दिन दूने रात चौगुने बढे।

सम्मेलनके नामके विषय सम्मेलनके प्रारंभसे बल्कि उससे भी पहिलेसे बड़ा विवाद चल रहा है। सम्मेलनके प्रारंभिक आयोजकोंने इसका नाम श्री अखिल भारतवर्षीय ओसवाल महा सम्मेलन रखा था। इस नामसे सम्मेलन में केवल वेही जनसमूह भाग ले शकते हैं जो ओसवाल हैं, श्रीमाल, पोरवाल, हूमड़ इत्यादि जातियोंके विषयमें शंका थी।

किन्तु जब हमें इस शंकाको दूर करना चाहिए. यदि इस नामसे श्रीमाल, पोरवाल, और हूमड इत्यादि जातियोंको इसमें सम्मिलित होने में कुछ सन्देह रहता है तो हम इसका नाम ही क्यों न बदल दें? समय कहता है कि आज यदि समाजको रसातल पर पहोंचाने वाली सबसे बुरी बात है तो वह अनैक्यता और फूट है, अतः हमें इस अनैक्यताके आभासको हटा देना चाहिए। आज सारा भारत एक होना चाह रहा है, सारे समाज एकताके दृढ सूत्रमें बन्ध रहे हैं, उस समय हम अपनी समाजके ही लोगोंसे पृथक रहे हैं, यह पार्थक्य हास्यास्पद और विनाशकारी है। जिस समय अछूत आन्दोलनसे भारत गूंज रहा है, भारतीय स्वतन्त्रता मार्ग शोधनके लीए एकताका बिगुल बज रहा है, अछूत और उच्च जातिके हिन्दु लोग बिना भेदभावके पारस्परिक सम्पर्कमें जुट रहे हैं, उस समय हमारा ओसवाल समाज कुछ समयसे बिखरे हुए अंगोंको भी एकताके सूत्रमें आबद्ध न करे, यह दुःखद है।

सम्मेलनका प्रधान उद्देश्य समाज सेवा है, सामाजिक कुरीतियोंका नाश करना है, पारस्परिक संगठन करना है। इसमें हमको अपना दृष्टिकोण विस्तृत बनाना पडेगा, आज समय संकुचित रहनेका नहीं है। सम्मेलन एक सामाजिक संस्था है। वह तेरा पंथी, सम्वेगी, और स्थानकवासी सारे श्वेतांबर समाजका है, तो अब हमको देखना यह है कि सम्मेलनका नाम क्या होना चाहिए? इस विषय में 'जैनयुग' केता. १ नवम्बरके अंकमें श्रीमान् गुलाबचंदजी ढड्ढा एम. ए. जयपुरनिवासीका लेख ध्यान देने योग्य है। श्रीमान ढड्ढाजीने लिखा है कि सम्मेलनका नाम श्री अखिल भारतवर्षीय ओसवाल महासम्मेलनके बदले श्री अखिल भारतवर्षीय श्वेतांबर संघ सम्मेलन अथवा महासम्मेलन रखा जाय। श्रीमान् ढड्ढाजीकी इस माननीय संमतिका हम हृदयसे समर्थन करते हैं और संमेलनके कार्य कर्ताओंसे प्रार्थना करते हैं कि वे इस पर पूर्ण रूपसे विचार करेंगे। इस नामसे किसी भी आदमीको विरोध न होगा। ओसवाल, पोरवाल, हूमड, और श्रीमाल, सब श्वेताम्बर समाजके अन्तर्गत हैं, यह सब मानते हैं।

श्वेताम्बर शब्दसे कोइ भाई डर न जाय कि यह तो धार्मिक नाम हो गया, और हमारी सम्मेलन तो केवल जातीय और सामाजीक संस्था है।

चाहे इस शब्दका प्रयोग अबतक केवल धार्मिक रूपमें ही हुआ हो, परन्तु अब हमको इसका जातीय प्रयोग करना

(अनुसंधान पृ. १७५ के उपर.)

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay 3 and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay

તારનું સરનામું:-હિંદસંઘ 'HINDSANGHA'

Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનુ ૭ મું. નવું ૨ જું.

તા. ૧૫ મી ડીસેમ્બર ૧૯૩૨.

અંક ૨૪ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઇ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.
,, મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.
,, હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ.
,, ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.
,, જમનાદાસ અમરચંદ ગાંધી
,, મોહનલાલદીપચંદ ચોકસી

— સુચનાઓ —

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

પત્રવ્યવહાર:—

તંત્રી—જૈન યુગ.

ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ.

૨૦, પાયધુની-મુંબઈ ૩.

## जैन तीर्थ केसरियाजी को वैष्णव तीर्थ करार देनेका पन्डोंनें कोर्टमें दावा कर दिया ?

उदयपुर मेवाड़में आये हुवे जैन तीर्थ श्री केसरिया नाथजी (रिषभ देवजीके पन्डोंने गत महिनोंमें एक दरखास्त द्वारा महाराणा उदयपुरका ध्यान खींचा था कि केसरियाजीकी तीर्थ वैष्णवोंका है श्री रिषभदेवजी, श्रीमद् भागवतमें आठ वें अवतार लिखे हैं। पहले इस तीर्थपर भोग भी लगता था इस वास्ते पहला हक वैष्णव सम्पदायका होना चाहिए. अब पन्डोंने उदयपुरकी कोर्टमें तीर्थ वैष्णव होनेका दावा भी कर दीया है। तहकीकात वास्ते खेरवाडा ग्राम जो केसरियानाथजीसे १० मील है मिसिल (कागजात) भेजे गये हैं. जहां पर कोइ जैन पैरवी करने वाला नही है, एक तरफा पन्डों को फेसला दैनेकी तैयारी मालुम देती है। हम भारत वर्षके समस्त जैन चतुर्विध श्री संघको सूचित करते है कि वो उदयपुर संघके भरोसे चुपके न बैठे रहैं। तीर्थकी रक्षा वास्ते अपना कर्तव्य पालन करें और महाराणा साहिब उदयपुर और अधिकारी वर्ग मेवाड़ को भी सूचना करते हैं कि वो इस प्रकारके सर्वजनिक मामले जिसमें भी रियासत के बहारवाले समस्त जैनीयों का सम्बन्ध हो वगेर जैनीयोको फरीक बनाए कोई गुप्त काररवाइ न करें वरना रियासतकी वो शान जो धर्म की रक्षा के नाम पर उसने बांध रखी है काकालमा पुत जावेगी और वो बुरे परिणाम निकलेंगे जिसके लिये आजके दिनको उस दिन पछताना पडेगा.

भवदीय,

अभयकुमार यात्री.

## શ્રી કૉન્ફરંસ નિભાવ ફંડમાં ભરાયેલી વધુ રકમો.

૧૫૦૯) ગતાંક તા. ૨૧-૧૨-૩૨ માં જાહેર થયેલ તે.
૧૨૫) રા. સા. શેઠ રવજી સોજપાલ જે. પી.
૧૦૦) શેઠ ભોગીલાલ લહેરચંદ ઝવેરી, મુંબઇ.
૧૦૧) શેઠ છગનલાલ વાલચંદ, મુંબઇ.
૫૧) શેઠ રાયચંદ નાનચંદ, મુંબઇ.
૨૫) શેઠ ચુનીલાલ વીરચંદ, મુંબઇ.
૨૫) શેઠ હીરાચંદ વસનજી, પોરબંદર.
૨૦) શેઠ જીવણલાલ કપૂરાજી, વાંઝ.
૨૦) શેઠ રોશનલાલજી ચતુર, ઉદયપૂર.
૨૦) શેઠ કાલીદાસ જસરાજ, ઝરીઆ.
૧૫) શેઠ અમૃતલાલ નથુચંદ જોહરી, કલકત્તા.
૧૦) શેઠ ઝવેરચંદ પરમાણંદ, મુંબઇ.
૧૦) શેઠ બાલારામ ગૌતમચંદ, ઉર્લી.
૧૦) શેઠ પોપટલાલ શામળદાસ, અમદાવાદ.
૧૦) શેઠ અચલમલ મોદી, રતલામ.
૧૦) શેઠ કાલીદાસ સાકલચંદ, મુંબઇ,
૧૦) શેઠ મોહનલાલ ખોડીદાસ, મુંબઇ.
૧૦) શેઠ મુલચંદ આશારામ, અમદાવાદ.
૧૦) શેઠ હીરજી કાનજી માણશી, મુંબઇ.
૧૦) શેઠ કુંવરજી આણંદજી, ભાવનગર.
૧૦) શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા, જયપુર.
૧૦) શેઠ રતીલાલ સારાભાઇ ઝવેરી મુંબઇ.

૨૧૨૧

## શ્રી જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડ.

આ સંસ્થા તરફથી ગત તા. ૨૫-૧૨-૩૨ના રોજ લેવાયલી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ ધાર્મિક તથા પ્રાકૃત અને અ. સૌ. હીમઇ બાઇ મેઘજી સોજપાલ સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓમાં જૂદા જૂદા ૩૪ સેન્ટરોમાં નીચે મુજબ વિદ્યાર્થીઓ બેઠા હતા.

| | | |
|---|---|---|
| અમદાવાદ ૨૭૮. | ભાવનગર ૮૧, | પાલીતાણા ૭૫. |
| સુરત ૫૯. | ઇડર ૪૪. | કરાંચી ૧૧. |
| ઇંદોર ૨૧. | રતલામ ૨૬. | બોરસદ ૧૪. |
| આમોદ ૨૪. | વિજાપૂર ૧૩. | ગુજરાનવાલા ૫. |
| લિંબડી ૧. | મહુધા ૮. | રાજકોટ ૧૯. |
| મહુવા ૧૪. | ભરૂચ ૯. | ઉંઝા ૧૦. |
| સાંગલી ૩. | ફાટીસાદડી ૧૧ | આગરા ૭. |
| માલવાડા ૧૮. | પાલણપુર ૮. | જેતપુર ૧૪. |
| છાણી ૨૦. | નિપાણી ૭. | જુનાગઢ ૨૧. |
| પાદરા ૧૭. | બોટાદ ૩. | પાટણ ૯. |
| વેજલપૂર ૧૨. | વરકાણા ૨૪. | થરાદ ૫. |

અને મુંબઇમાં ૩૩. વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૯૨૪.

---

કળા એ કાંઇ મોજશોખની વસ્તુ નથી. તે મનુષ્યના સ્વભાવનો પરિચય આપે છે. માણસને પોતાના કાર્યમાં અને જીવનમાં કેટલો અને કેવો આનન્દ પડે છે તેનો નિર્ણય તેની કળા ઉપરથી થાય છે.

## શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

### ઑલ ઇંડિયા સ્ટેન્ડિંગ કમીટીના સભાસદો જોગ.

સુજ્ઞ મહાશય,

સવિનય નિવેદન કે કૉન્ફરન્સની ઑલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય તરીકે બંધારણ અનુસાર દરેક સભાસદે ઓછામાં ઓછા રૂપીઆ પાંચ શ્રી સુકૃત ભંડાર ફંડમાં આપવા આવશ્યક છે. તદનુસાર આપનો ચાલુ એટલે સં ૧૯૮૯ ની સાલનો ફાળો જો મોકલાવવામાં આવેલ નહિં હોય તો તે તુરત મોકલાવી આપવા વિનંતિ છે.

કાર્યવાહી સમિતિના ઠરાવ અનુસાર ફાળો વર્ષ શરૂ થતાં ચાર માસમાં દરેક સભાસદે ભરી આપવો જોઇએ એ જરૂરી છે. આશા છે કે આપનો ફાળો તુરત મોકલી આપવા ગોઠવણ કરશો.

લી. શ્રી સંઘ સેવકો,
રણછોડભાઇ રાયચંદ ઝવેરી
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી
સ્થાનિક મહા મંત્રીઓ.

## વિચાર-કલિકા.

કળા એટલે પ્રેમથી, આનન્દથી, પ્રસન્નતાથી કરેલું કામ. પ્રસાદ વગર કળા સંભવતી નથી.

❋

મન્દિરો, મરજીદો, તળાવો વગેરે ઉપરથી આખા સમાજની સંસ્કૃતિ કેવી છે તે જણાય છે.

❋

કોઇ પણ સમાજની ગૃહરચના જોઇને તે સમાજની મનોરચના પારખવી સાવ સહેલી છે.

❋

માણસ ભાષા મારફતે પોતાનું અન્તર છુપાવી શકે, પણ કળામાં પ્રતારણા થઇ જ શકતી નથી.

❋

વાણી એ વિચારનું અને ભાવનું પરોક્ષ વાહન છે. સંગીત અને કળા એ પ્રત્યક્ષ વાહન છે—સાર્વભૌમ વાહન છે.

વાણી એ વિચારની ભાષા. કળા એ હૃદયની ભાષા. આચાર એ ધાર્મિકતાની ભાષા.

જીવવું કેવી રીતે તે સમજવું એ જ મોટી કળા છે.

❋

મોક્ષ મેળવવો એ ઉચ્ચતમ કળા છે. ઉચ્ચ કળા દ્વારા કળાતીત થવું એ જ આપણું ધ્યેય છે.

❋

—કાકા કાલેલકર.

# श्री केसरियाजी तीर्थकी रक्षा आपके हाथमें है.

जबतक आपलोग पन्डोंका घर भरते रहोगे तबतक वो लोग आपको हर प्रकारसे तंग करते रहेंगे, तीर्थपर नाना प्रकारके अडेंगे लगावेंगे. १०० वर्ष पूर्वका इतिहास आप पढ चुके हो. किस प्रकार इन लोगोंने तीर्थपर उतपात मचाया है यह आपसे छिपा नही. सरकारी घोषणा पत्र इसके साक्षी है कि भगवानके चढावेमें आया ग्राम यह खा गये. देसावरोंसे आइ हुई हुंडी चिठीयां यह खा गये. दुध देनेवाले जानवर यह ले गये आपके भंडारको खोल ५२००० बावन हजार निकाल ले गये इत्यादि गडबडोंके कारण विक्रम संवत १८३४ में सरकारी इन्तजाम तीर्थपर कराना पडा, पर आप लोगोंकी आंखे तब भी न खुली और इनका पोषण करते गये, जिसका नतीजा यह निकला कि आज इन पन्डों को इतनी हिम्मत हो गइ कि तीर्थही वैष्णव सम्प्रदायका बताने लगे. क्या अब भी इनको गरीब समझकर मदद करोगे?

इनको नमक खिलानेका फल देख लिया. अबतो साव-धान हो जाओ. पहले पूजन के समय पन्डे लोग और जैन मन्दिरोंके भान्ति चुपके खडे रहतेथे फिर इनाम मागने लगे बढते२ आपका हाथ पकडने लगे और अब तमाम आमदनी खाने लगे तब भी आप इनको गरीब समझ मदद कीयेही जाते हो और मेवाड राज्यसे प्रार्थना करते हो तीर्थकी रक्षा करो. भाइ साहिब, जरा ध्यान तो कीजिये रक्षा तो आपके हाथमें हैं, मेवाड राज्य क्या आपसे कहने आता है कि इनका साहायता कीजिये. आप हो साहायता करके आफत मोल खरीदते हो, देव द्रव्यका नाश कराते हो. महरबानी करके पहिले धरका सुधार तो कीजये जो कुच्छ आप पन्डे लोगोंको देते हो, साहायता करते हो, पोषण करते हो पहले वो तो बंद करो. पन्डे तो आपके पास झुक जावेंगे, जैसे आप चलावेंगे वैसे चलेंगे, इस वास्ते आजसे नियम करो कि जब तक हमारी इच्छा अनुसार तीर्थकी व्यवस्था न होगी तबतक तीर्थ केसरियाजी पर एक पाइ भी पन्डोंको न देंगे, न कोइ ऐसा काम करेंगे जिससे पन्डोंके हाथ मजबूत हो वा इनकी परवरिश हो या शक्ति बढे. यदि केवल बोली बोलनाही हमने बन्द कीया और दुसरे काम बराबर जारी रक्खे तोभी पन्डोंको पोषण होना ही रहेगा, और तीर्थपर उपद्रव करनेसे नही चुकेंगे. नित्य नये झगडे समाजके पीछे खडे होंगे. इस वास्ते बोली बोलनेके साथ साथ नीचे लिखे दुसरे काम भी फौरन रोक दिजये. (इन पन्डो लोगोंको श्री केसरियाजी तीर्थपर इस प्रकार आमदनी होती है.)

(१) भन्डारखातेमेंसे कुल आमदनीका ३५) पेंतीस रुप्या सेंकडा लेते हैं.

(२) मूल गंभारेके दरवाजेमें जो पेटी रक्खी रहती है, जिसको पलांठीकी पेटी कहते हैं उसमें जो आमद हो उसमें ३५) पेतीस रूप्या सेंकडा लेते हैं.

(३) आरतीमें पाटपे थालमें जो आवे सो सब लेते है. आरतीमें १-) चडे तो भंडार जमा हो सो प्रथम तो १-) चढताही कम है और अब उसमें भी ३५) सेकडा लेनेकी मांग पेश हो गइ है.

(४) डुंगरपुर स्टेट को तर्फसे १ ग्राम मौट नामक भग-वानकी सेवा पूजा वास्ते भेट हुवा उसकी कुल आमदनी खा रहेहै.

(५) भन्डारकी तर्फसे रोजाना शान्ति स्नात्रकी पूजा होती है. चांदी सोनेको छोड सभी ले जाते है अब चांदी सोनेमें ३५ सेकडा लेनेकी मांग पेश है.

(६) यदि कोइ भगवानकी अंगरचना करावे तो पन्डोको इस माफक मिलता है.

३। का अंगीमें पन्डोंको १। मिलते है
६) की अंगीमें पन्डोको २। „
१३)= की अंगीमें पन्डोको ३॥=„
१६) की अंगीमें पन्डोको ३॥=„
२३)= की अंगीमें पन्डोको ३॥=„
२७॥= की अंगीमें पन्डोको १५। „
४१) की अंगीमें पन्डोको ४) „
५१। की अंगीमें पन्डोको १५। „ नगद बादला २॥ १२॥।
१०१) की अंगीमें पन्डोको ४) „
१०९। की अंगीमें पन्डोको १५। „ नगद बादला २॥ १२॥।

(७) जब कोइ बडी पूजा पढाते है नवपद, सत्तरभेदी, पंचकल्याणक, आदि तो उसमें इस प्रकार पन्डोको मिलता है और रोजाना दो दो चार चार पूजा होती है.

०॥= स्नात्र पुजामें आरतीके। सामानके ।= लाजमी लीये जाते है.

१॥।- पंच कल्याणक पुजामें आरतीके ॥ सामानके १-) लाजमी लिये जाते है.

२॥।≡अष्ट प्रकारी पुजामें आरतीके ॥ सामानके २।≡ लाजमी लिये जाते हैं.

३।।।०।।नवपद पुजामें आरतीके ।। सामानके ३।०।। लाजमी लिये जाते है.

५।।।- निन्नान्वे प्रकारी पुजामें आरती के ०।। सामानके ५।- लाजमी लिये जाते है.

६।। बारा वृतकी पुजामें आरतीके ०।। सामानके ६) लाजमी सिये जाते है.

९)= वीस स्थानककी पुजामें आरती १) सामानके ८)= लाजमी लिये जाते है.

१२।। चौवीस जिनराजकी पुजामें आरती १ सामानके ११।। लाजमी लिये जाते है.

(८) यात्री लोग जितने अंगळुणे चढाते है सब पन्डे ले जाते है भगवान वास्ते जुदा भन्डारसे मिलते हैं.

(९) स्वार्थवस थोडे अरसेसे यात्रीयोंको आसका देने लगे है वो इस प्रकास्के पुजन करके बाहर निकले तब खोवीमें फूल पन्डे देते हैं और दान मांगते है जो देते है सो लेते है.

(१०) धजा नशान सलमे वोजरीके सभी पुराने होने पर यही ले जाते है एक यात्रीने आज चढाया एक ने कल तो पहले दिन वाला पुराना समझ पन्डे ले जाते है.

(११) यात्री भगवानकी १०८ या ९९ परिकम्मा देता है तो उतनेही नारियल चढाता है सब पन्डे ले जाते है.

(१२) यात्री नैवेद्यकी थाली चढातें है सो भी पन्डे पुजारी ले जातें है.

(१३) यात्री अपने बच्चोंको गुड सक्करसें तोलते है वो सामान भी पन्डे ले जाते हैं.

(१४) गाय भेंस भगवानकी पक्षाल वास्ते आवे सो भी पन्डे ले जाते है.

(१५) धुलेवग्राममें किसी भी महाजनकी मृत्यु होवे तो करीब २०) २५) रुपये का सामान मन्दरमें आता है सब पन्डे ले जाते हैं.

(१६) यात्री लोग भगवानके दर्शन न करें तबतक अमुक वस्तुका त्याग करते है उसको आखड़ी बोलतें है उसके खोलने पर जो आता है सो पन्डे ले जाते हैं.

(१७) यात्रीयोंसे रवानगी के समय यजमान कह कर विदा लेते है.

(१८) यात्रीयोंसे दूध केसर भगवानको नित्य चढानेके बहाने कुछ मासिक या वार्षिक लिखाते हैं करते कराते कुछ नहि पर यात्री दुवारा आताहैं तब उसीके हस्ताक्षर दिखा हिसाब जोड करजेकी भान्ति वसुल करते है.

(१९) धुलेवाग्राम महाराणाकी तर्फसे भंडारको भेट हुवा हैं उसकी जमीन किसी गेर काशतकारको दी जावे तो पैदा वारका आधा भंडारको आता है पर पन्डे लोग चौथाइ भंडारको देते है.

(२०) जो आसपासके गामों में महाजन और भील रहते है उनसे फसलाना (सुखडी) का नाज ले आते हैं.

(२१) जो यात्री अंगी कराते है उससे १) एक रुपया आरतीमें रखाते हैं वो भी पन्डे ले जाते है.

(२२) भगवान पर जो निछरावल होती है वो भी पन्डे ले जाते है.

(२३) महाराणा उदयपुरके जन्मदिन धुलेवा ग्रामसे आसका (केसरका रंगारुमाल्ल लेकर) आते हैं और १००) रुपया स्टेटसे ले जाते है.

(२४) भील टेहेल जो सेवा करने आते है उनसे अपना हक बता जबरन १) एक रुपया ले लेते है.

(२५) वरघोडे नीकलने पर इन लोगो को फरदन फरदन (जुदा जुदा) इनाम मिलता है.

(२६) पुजन पक्षालकी बोलीमें पहले कुछ नही लेते थे बादमें १) लेते अब कुल आमदनी लेने लगे है.

(२७) भंडारके दुसरे खाते रसीद बुकमें जो आता है उसमें भी ३५) सेकडा मांगनेवास्ते दरखास्त दी है

तिर्थ सरकारी इन्तजाममें है इस वास्ते यात्री कोई थोडेमें कर नही सकता जिस बातका जो लागा पहलेसे बंधाचला आता है उस माफक काम होता है इस वास्ते तीर्थ जानेवाले भाइयोंक उपरोक्त जिन बातोंका करना उनके अधिकारमें है सब बन्द कर दें रसीद बुकमें पाइ न भरे यदि समस्त भाइ इस प्रकार वर्ताव करें तो तीर्थका सुधारा शीघ्र होनेकी आशा है, कृपा कर सब नगरवालें अपने अपने ग्रामोंमें ठहराव करें, साधु मुनीराज सब लोगोंको जहां जावे इसी प्रकार नियम करावें, तो शीघ्र साफल्यता की आशा हैं.

यात्री, **अभयकुमार.**

# આર્યત્વના ઇજારદારનું ડોઢ ડાહપણ.

'જૈન યુગ' પત્રની એ નીતિ નથીજ કે તે પોતા માટે બીજા શું લખે છે તેની પંચાતમાં પડે. સમાજને લાભદાયક વિષય પરત્વે યથાશક્તિ વાની, ભાષાનું ગૌરવ જાળવી, મધ્યસ્થ દ્રષ્ટિએ પીરસવી એ તેનો ધ્યેય છે.

આજે ન છુટકે વીરશાસન જ્યારે તા. ૯-૧૨-૩૨ ના અંકમાં 'ધર્મની જરૂરીયાત' નામના અગ્રલેખમાં 'જૈનયુગ'ના લખાણનો સવિચારો લઇ કોન્ફરન્સ સામે કાદવ ઉરાડે છે અને એ સાથે ધર્મનું સ્વરૂપ સમજાવવા મંડી પડે છે, વળી આર્ય અનાર્યના વર્ણન ચિતરે છે ત્યારે એ પ્રતિ-એમાં રહેલા એક પક્ષી રોષ પ્રતિ મૌન સેવવું વ્યાજબી ન લાગવાથી કંટક સ્પષ્ટીકરણ કરવું વ્યાજબી થયું છે.

સમ્રાટ નેપોલીઅનના-માણસ માત્રને ધર્મની જરૂર છે. માત્ર સુલેહશાન્તિ માટેજ નહિ, પણ દરેકના આત્મકલ્યાણ માટે ધર્મ આવશ્યક છે ..આ વચનામૃતો સામે ભાગ્યે કોઇને ઉચ્ચારવાનું હોય, તેમ એ માટે જુદા મત જેવું પણ ન જ હોઇ શકે, છતાં તંત્રીજી ભારતવર્ષનાં હિંદના ચાલુ રાષ્ટ્રિય સંગ્રામ પરત્વે અરણ્યરુદન કરવા માંડે છે. એ શબ્દો વાંચતાજ હૃદય-માં રમતા ભાવોનું દર્શન સહજ થાય તેમ છે. આ રહ્યા તે શબ્દો:—આજના રાજકીય વાતાવરણમાં જે રીતે ધર્મને નામે અધર્મની માત્રાઓ વધી રહી છે અને ધર્મનું ધ્યેય રાજ્યપાર-તન્ત્રયથી મુક્તિ મનાવવામાં આવે છે તે નુકશાનકર્તા જ છે અને ધર્મની ઉપર હલ્લો કરવા બરાબર છે, તેમજ ધર્મ આત્મકલ્યાણ માટેજ હોઇ શકે. ઇત્યાદિ......

ઉપરના શબ્દો વાંચતાંજ શું નથી જણાતું કે રાષ્ટ્રિય માનસમાં થતું પરિવર્તન આ ભાઇને ખુંચે છે? જોકે તેઓ આમા મોહડે લખવાની હિંમત નથી રાખવી શક્યા તેથીજ ગોળ ગોળ શબ્દોમાં જણાવી નાખી સાર તારવતાં જણાવે છે કે 'ધર્મ આત્મકલ્યાણ માટેજ હોઇ શકે.' ભલા ના પણ કોણ કહે છે? છતાં આત્મકલ્યાણ કરનારે પ્રથમ આત્માને તો ઓળખવો જોઇએ ને? કલ્યાણ કઇ વસ્તુ છે એ પણ જાણવું જોઇએને! શું આજે જગતનો મોટો ભાગ અથવા તો જૈન સમાજનો મોટો ભાગ જે કંઇ ક્રિયા કલાપ યા ધર્મકરણી કરતો દૃષ્ટિગોચર થાય છે એ આત્મ કલ્યાણની દ્રષ્ટિથી કરે છે? એમાં મોહ દ્રષ્ટિ નથી જણાતી કે? જ્યારે તીર્થ કે દેવસ્થાન પર ભય આવી પડે કિંવા ધર્મ પર સંકટના વાદળ ઝઝુમતા હોય ત્યારે આત્માને ઓળખવાનો દાવો કરનાર વર્ગ ઘર ખુણે ભરાઇ જાય કે ઉઘાડી છાતીએ સામનો કરે? ધારી લઇએ કે અહિંસક રહી મરતા ન આવડે તોપણ જગ કેગાની બહાદુરીથી મારીને પણ સામનો કરતાં તો આવડવું જોઇએ ને? આત્માને ઓળખનારા મૃત્યુના નામથી ડરતા હોય? જેનામાં દેહ સંબંધી વિલાસો માટે બારોબાર તૃષ્ણા વર્તતી હોય તે આત્મિક કલ્યાણનું સ્વરૂપ શી રીતે સમજી શકવાના હતા? જેનામાં સ્વજીવનને હોમવાની તત્પરતા નથી તે રાષ્ટ્રમુક્તિ અર્થે નહિ તોપણ આત્મશ્રેય માટે સ્વદેહને કેવી રીતે અર્પી શકવાના હતા? ધનમાલના મોહ ઉતારી સિદ્ધાંત સારૂ કારાગૃહના દુઃખ સહન કરનારા સંખ્યાબંધ આત્માઓ ભલે રાજકીય દ્રષ્ટિથી કષ્ટ સહન કરી રહ્યા હોય છતાં તેથી શું તેઓ અધર્મ સેવે છે? તેઓની સમર્પણ વૃત્તિ આદરપાત્ર નથી? એમાં અધર્મની માત્રા વધી પડવાનું કથનાર કોઇ અજબ ભેજુજ હોવું જોઇએ

શું જમાનાવાદીઓ કે સુધારકોજ ટાપટીપમાં ને ફેશનમાં ફસાયેલા છે? શા સારૂ ટોપલો તેમના શીરે રખાય છે? તેથી સ્ત્રીકેળવણીને નિંદવાનું શું પ્રયોજન! સ્ત્રીશિક્ષણમાં ધર્મના સંસ્કારની ના પાડે છે કોણ? બાકી આજે એવા પણ પડેલ છે કે જેઓ ટીલાં ટપકાંમાંજ ધર્મ માની બેઠા છે, એટલુંજ નહિ પણ સ્ત્રીઓને તે અક્ષરજ્ઞાનની શી અગત્ય છે? અરે તેમનામાં તે પુરૂષ સરખી પ્રધાનતા કયાં છે? એવા પોકારો પાડયા કરે છે. તેમને દોરાથી ભરેલા કપડાનો મોહ હજી પણ નથી છુટતો. ધર્મના બહાના હેઠળ આજે તેઓ કેટલીએ અંધશ્રદ્ધાને પોષી રહેલા છે. સમ્રાટ નેપોલીયન શું આવા વિચાર ધરાવતા હતા કે? નારી સમાજ માટે તેમનો કેવો ઉંચો મત હતો તે તરફ દ્રષ્ટિ ફેરવાશે કે? પણ જેને રાગ ઘતાનો મેલીઆ લાગુ પડયો હોય તે સત્યદર્શન કયાંથી કરી શકે? પછીના લખાણમાં તંત્રીજીના હૃદયમાં કોન્ફરન્સ સામે કેવો તીવ્ર દ્વેષ વર્તે છે અને તેને નામશેષ કરવા સારૂ કેવી આગ ભભુકી રહી છે તેનો સહજ ખ્યાલ આવે છે. એ ભાઇશ્રીના મતથી ફ્રાન્સ, ઇન્ગ્લાંડ આદિ સ્થાનો અનાર્ય છે, એટલુંજ નહિ પણ ત્યાં વસનાર સર્વ મનુષ્યો પણ અનાર્યોજ છે! આર્ય-અનાર્ય ભૂમિ સંબંધી ઉલ્લેખનો આવો દુરૂપયોગ અન્ય કોણ કરે? હિંદુસ્થાનમાં જન્મવા માત્રથીજ આર્યત્વનો ઇજારો તમે લીધો છે એમ માનવામાં ભુલ થતી લાગે છે. કદાચ ત્રીજા આરામાં એમ મનાતુ હશે પણ આ પાંચમા આરામાં તો ચોકખું જણાય છે કે શોધખોળ કળા કૌશલ્ય અને વિજ્ઞાન સબંધી ઘણીખરી બાબતોમાં આપણા કરતાં પાશ્ચિમાત્યો જરૂર ચઢીયાતા છે એમ સ્વીકારવું જોઇએ, પણ જેને યેનકેન પ્રકારેણ ભાંડવાનો વ્યવસાય છે તે બીજી તરફ નજર નાખે પણ શું કરવા? આ રહ્યા એ ભાઇશ્રીના શબ્દો:—

'અનાર્ય ગણાતા દેશમાં જન્મેલા નેપોલીયનની વિચાર-સૃષ્ટિમાં ધર્મ અને ધર્મશિક્ષણની જે આવશ્યકતા અને મહત્તા સ્ફુરી છે તેટલી સ્ફુરણા પણ આર્ય દેશમાં જન્મેલા અને જૈન કહેવાતા સુધારકોમાં નથી, અન્યથા જે કોન્ફરન્સનું મુખપત્ર ઉપરના ઉદ્ગારો પ્રસિદ્ધ કરે છે તે કોન્ફરન્સને આજે સમાજમાંથી હડધુત થવાનો અને માત્ર ચાર દિવાલો વચ્ચે ગોંધાઇ રહેવાનો પ્રસંગ કયાંથી આવત?' કેવી ગજેની સરખામણી! કેમ જાણે જૈન સુધારકો એટલે કોન્ફરન્સ જ ન હોય? જેમને તે સુધારકો કહી ભાંડે છે તેમના વડેજ ગુરૂકુળો-વિદ્યાલયો આદિ ધાર્મિક શિક્ષણ સહ વ્યવહારિક શિક્ષણ આપતી સંસ્થાઓ સંસ્થાઓ ઉભી થઇ છે એમ જાણે છે છતાં નિરર્થક બકવાદ કર્યા જાય છે, અને પોતાનાજ પત્રમાં કોન્ફરન્સ હસ્તક ચાલતા એજ્યુકેશન બોર્ડની જાહેરાત છે કે જે સંસ્થા આજેય કેટલા વર્ષોથી ધાર્મિક પરિક્ષા લેવનું

( અનુસંધાન પૃ ૧૮૩ ઉપર. )

# તીર્થ રક્ષક કમિટિ.

શ્વેતાંબર સમાજ માટે પરિસ્થિતિ ઉપસ્થિત થઇ ચુકી છે કે જેમ બને તેમ પહેલી તકે તેને તીર્થ રક્ષક કમિટિની સ્થાપના કરવી. માત્ર કોરટોમાં કેસો મડવા ખાતરજ આવી કમિટિની જરૂર છે એમ માની લેવાનું નથી. એ સ્થાપવામાં મુખ્ય ઉદ્દેશ તો આપણા વીખરાએલા તીર્થોના વહીવટને સાંકળમાં જોડવાનો અને એ દ્વારા એપર એકધારી દેખરેખનો છે. ઉકત કમિટિ સંબંધી ચર્ચા શરૂ કરતાંજ પહેલી આંખ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફ જવાની-એક રીતે કહીએ તો તે એક નાની તીર્થ રક્ષક કમિટિજ છે. એની હસ્તક શ્રી શત્રુંજય આદિ નાના મોટા પાંચ છ તીર્થોનો વહીવટ છે. વળી એ સંસ્થા પ્રતિનિત્વ ધરાવતી હોવાથી હિંદના સકળ સંઘનીજ ગણી શકાય-જો કે એના હાલના બંધારણમાં જયાં લગી ઘટતા સુધારા કરવામાં ન આવે ત્યાં લગી વર્તમાનકાળને અનુરૂપ તીર્થ રક્ષક કમિટિ એમાંથી નજ ઉદ્ભવી શકે.

જો ઘટતા ફેરફારો કરવાની વાત ગળે ઉતરે તો તીર્થોની રક્ષાનું કામ ઘણું સહેલું બની જાય. કારણકે આ પેઢી રૂપ નાની કમિટિનેજ વિસ્તારી, એની હસ્તક-ગીરનાર-આબુ-તારંગા અને પાવાપુરી આદિતીર્થોની વહીવટી પેઢીઓને રાખતાં ઝાઝો વિલંબ નજ લાગે. જેમ શત્રુંજયનો વહીવટ અમદાવાદના ગ્રહસ્થોની કમિટિ સંભાળે છે તેમ ગીરનાર વિગેરે માટે અત્યારે કામ કરતી પેઢીઓને કાયમ રાખી શકાય. મહત્વનો ફેરફાર તો એ થઇ જાયકે એ સર્વ પર દેખરેખ તીર્થ રક્ષક કમિટિની રહે. એ કમિટિમાં સારાયે હિન્દના પ્રતિનિધિ હોય.

પ્રતિનિધિત્વ મોટા શહેરોમાં વસ્તીના પ્રમાણમાં હોય. એ ઉપરાંત નાના ગામો માટે કંઇક ગોઠવણ કરવી ઘટે. વળી સભા વેળા દૂરના સભ્યો ભાગ ન લઇ શકે તેવું હોય તો તેઓ પોતાના તરફથી અમુક પ્રતિનિધિ ચુંટી મોકલી આપે. આમ કરવાથી તીર્થ સંબધી પ્રશ્નોમાં સૌ કોઇ એક સરખા રસ લેતા થઇ જશે. બખપુનું ફંડ કરતાં વાર પણ નહિં લાગે; અને અત્યારે કેટલીક વેળા જરૂરી પળે નાણા અને કાર્યકરોની એક સામટી અછત જણાય છે તે સમૂળગી બધ થઇ જશે.

પ્રાતનિધિત્વનો આંક જો કે લાંબો કરવો પડશે અને એ સાથે પ્રતિનિધિ તરિકે કોણ ચુંટાઇ શકે તે સંબધી સામાન્ય રૂપરેખા જોડવી પડશે છતાં કમિટિ એવા સભ્યોની બનશે કે જેમાં શ્રીમંત-બુધ્ધિવાન અને સેવાભાવિ મનુષ્યો સારા પ્રમાણમાં દ્રષ્ટિગોચર થશે. આમ ધનનો-મનનો યાને મગજનો તેમજ તનનો અથવા તો સારીરિક મદદનો ભોગ આપી તીર્થ સંબધી ગુંચોની ઉકેલ આણનાર એક સુંદર સંસ્થાનો યોગ સાંપડશે.

કલેશ-કજીયા ઓછા કરવામાં-તીર્થો સંબંધી પ્રાચીન-અર્વાચિન વિગતો મેળવવામાં-પૂરાતત્વ સંબંધી શોધખોળો કરી અંકોડા સાંધવામાં અને એ આખાયે પરિશ્રમને મુર્તિમંત કરવામાં કિંવા ગાઇડ કે ડીરેકટરી રૂપે એનો પ્રચાર કરવામાં પછી તકલીફ જેવું ભાગ્યેજ જણાશે. જૈન સમાજના મોટા ભાગને તીર્થોના સાચા સ્વરૂપનો ભાસ થશે. જીજ્ઞાસુઓની લાંબા કાળની ભૂખ ભાંગશે, અને તીર્થકરની ભૂમિઓ માત્ર જૈનો માટે આકર્ષણની વસ્તુઓ નહિં રહેતાં સારાયે વિશ્વનુ લક્ષ્ય ખેચનાર પવિત્ર ભૂમિઓ તરિકે પ્રસિદ્ધિને પામશે. જીજ્ઞાસુ જૈનેતરો માટે પણ યાત્રાસ્થળ બનશે.

વિશેષમાં વહીવટી સાંકળ એક હોવાથી ઘણા ફજુલ ખરચાઓ બચી જશે. યાત્રિકો માટેની સગવડ જાળવવાના માર્ગો શોધી શકાશે અને જે કેટલીક વેળા હિસાબ સંબધી ઉહાપોહ થાય છે ને કોઇ કોઇ સ્થળે પોલ સંભળાય છે તે સદાને માટે અટકી જશે.

શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓ આ આખાયે પ્રશ્ન વિચારે ને એ સબંધમાં ઉચિત કરવા કમર કસી જાહેરાત કરે એજ સભ્યર્થના.

લે૦ ચોકસી.

# સુખી થવાની સાત સુવર્ણ મ્હોરો.

લેખકઃ-કલ્યાણ.

સર્વે સુખી થાઓ, નિરોગી થાઓ સર્વનું કલ્યાણ હો, દુખી કોઇ પણ ન હો. આ ભાવના પુર્વક મારી સાત સોના મહોરો આપ બંધુઓને સવિનય ભેટ ધરૂં છું તો સ્વીકારી આભારી કરશો.

૧ માનવી! યાદ રાખ કે તારા જન્મ સમયે તું રડતો હતો અને બીજા હસતા હતા. હવેથી તું એવું ઉત્તમ જીવન જીવ કે તારી પાછળ અને તારી ખાતર તને સૌ કોઇ સંભારી સંભારીને રડે અને તું હસે.

૨ ધર્મ એ સંસારના ખારા પાણીના મહાસાગરમાં મીઠા પાણીના વહેણ સમાન હોવાથી આત્માનું કલ્યાણ ઇચ્છનારે જરૂર આદરવા યોગ્ય છે.

૩ દરેકે બીજાને પોતાના કરતાં સારો અને બહેતર જાણવા જોઇએ.

૪ ભલો માણસ તે છે જે પોતાના દોષો અને પારકાના ગુણો જુવે છે.

૫ અક્કલવાન મનુષ્ય તે છે જેની સાથે આખી દુનીયા ભલે દુશ્મનાવટ રાખે પરંતુ તેને કોઇ સાથે દુશ્મનાવટ ન હોય.

૬ યાદ રાખવા જેવી બે ચીજોઃ—૧ પરમાત્મા ૨ મૃત્યુ. ભુલી જવા જેવી બે ચીજોઃ—આપણે કોઇ પર કરેલા ઉપકાર અને કોઇએ કરેલી આપણી બુરાઇ.

૭ દુનિયાને હેરાન કરનાર ત્રણ ચીજોઃ—વધુ ખાવું, વધુ ઉંઘવું, વધુ વાત કરવી.

જેના જીવનમાં એકાંતવાસ અને નિર્જનમાં ચિંતન ધ્યાન કરવાનો અવકાશ નથી તે જીવ ક્ષુલ્લક-અસ્થિર મનુષ્ય છે.

મનુષ્યને હાથ બે, પગ બે, કાન બે, આંખ બે અને નાકના ફુયાણા પણ બે મળેલાં છે જ્યારે જીભ માત્ર એકજ મળેલી છે. અને ઉલટું તેને સ્વાદ લેવાનું અને બોલવાનું એમ બે કામ સોંપવામાં આવેલ છે. એટલે કે જીભની જવાબદારી બધા કરતાં વધારે છે. માણસને જો સમ્યક્ પ્રકારે ખાતાં અને સમ્યક્ પ્રકારે બોલતાં આવડે તો તે અલ્પ સમયમાં મહાન્ પુરૂષોની કોટીમાં આવી શકે. સમ્યક પ્રકારે નથી તો ખાતાં

આવડતું કે નથી બોલતાં આવડતું તેને લીધેજ આ સંસાર આધિ વ્યાધિ ઉપાધિ અને કલેશમય જણાય છે. જે મનુષ્ય જીહ્વાઇંદ્રિય ઉપર ખાવામાં અને બોલવામાં સારો કાબુ રાખી શકે છે તેને સંસારના તાપો શાંત થઇને તેનો સંસાર સ્વર્ગ તુલ્ય બની જાય છે. આપણા ગૃહને સ્વર્ગ તુલ્ય બનાવવું કે સ્મશાન તુલ્ય બનાવવું તે કેવળ આપણી જીહ્વાઇંદ્રિયના સદ્ કે દુરૂપયોગ ઉપર આધાર રાખે છે.

હે જીવ! તેં અનંતા કાળથી માંડીને આજ દીવસ સુધી ખુબ ખાધું, ખુબ ઉંઘ્યો, ખુબ મૈથુન સેવ્યું, અને આજ દિવસ સુધી ખુબ ભયભીત અવસ્થા પણ ભોગવી છતાં તને હજુ તૃપ્તિ ન થઇ અને હજુ એમને એમ જો જીંદગી પસાર થશે તો તૃપ્તિ થવાનો સંભવ પણ નથી. હવે કંઇક સમજ તો સારૂં. આહાર ઉપર કાબુ મેળવ એટલે નિંદ્રા, મૈથુન અને ભય ઉપર પણ કાબુ આવી શકશે.

મનુષ્ય અને પશુમાં જો ફરક હોય તો માત્ર વિવેકનોજ છે બાકી આહાર, નિંદ્રા, ભય, મૈથુન તો બન્નેને હોય છે. આ ચાર ઉપર કાબુ આવતાં તારામાં પશુત્વ મટી મનુષ્યત્વ પ્રાપ્ત થશે અને તેમાં પણ જેમ જેમ તું પ્રભુધ્યાન અને સમાધિમાં મસ્ત બનીશ તેમ તેમ તારામાં મનુષ્યત્વની જગાએ દેવત્વ પ્રાપ્ત થતું જશે. આ બધાનો આધાર આહારની પસંદગી પ્રમાણ, જાતિ, વિધિ, અને ન્યાયોપાર્જીતતા ઉપર રહેલો છે. આહાર ન્યાયોપાર્જિત, સ્વલ્પ, સાત્વિક અને ખુબ ચાવી ચાવીને લેવાવો જોઇએ, તોજ અસાધારણ માનસિક વિકાસ પ્રાપ્ત થઇ શકે. અસાધારણ માનસિક વિકાસ વિના આત્માનું પરમ કલ્યાણ કદિ પણ સંભવતું નથી. આ વિષય આપણા બંધુઓને ગહન જરૂર લાગશે એમ હું સમજુ છું પરંતુ વિષય જેટલો ગહન છે તેટલોજ ઉપાદેય અને અમલમાં મૂકવા જેવો છે; અન્યથા:-

રાત્રિ ગુમાવી ઉંઘમાં, દિવસ ગુમાવ્યો ખાય,
હીરા જેવો મનુષ્યભવ, કોડી બદલે જાય

---

## શ્રી જૈન દવાખાનું પાયધુની,—મુંબઇ.
## નવેમ્બર માસનો રિપોર્ટ.

ગયા નવેંબર માસમાં ૫૬૬ પુરૂષ દરદી, ૪૨૯ સ્ત્રી દરદી, ૫૧૨ બાળક દરદીઓ મળી કુલે ૧૫૦૭ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજની સરેરાસ દરદીની હાજરી ૫૦ની થઇ હતી:


## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂા. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂા. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂા. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂા. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂા. ૧-૮-૦ |
| જૈન ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂા. ૫-૦-૦ |
| ,, ,, ,, ભાગ બીજો | રૂા. ૩-૦-૦ |

લખો:-શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ,
૨૦, પાયધુની, મુંબઇ ૩.


(અનુસંધાન પૃ. ૧૮૧ થી ચાલુ)

તેમજ પાઠશાળાઓને મદદ આપવાનું કામ કરે છે. છતાં આ તંત્રી, જનતાને ઉંધા ચશ્મા પહેરાવવા કમર કસે છે. એમના મનથી કોન્ફરન્સની ઑફિસને એક પણ દિવાલની વચ્ચે નહિં રાખતાં ખુલ્લા ચોગાનમાં રાખવી એમ હશે? એ પણ એક જાતની કલ્પદ્રપ ભેજાની સલાહ! કુવાના દેડકાનું જગત કુવામાં જ સમાયેલું હોય તેથી કંઇ સમજુ વર્ગ કુવાને જગત નથીજ માનવાનો. આજે હડધુત કોણ થઇ રહ્યું છે તે દિન ઉગ્યે જાહેર પત્રોમાં પ્રકટ થતી હકીકતો પરથી જૈન-જૈનેતર કોઇ થી પણ અજાણ્યું નથી. કૉન્ફરન્સ સામે કદાચ ભાડુતી માણસો દ્વારા પાંચ પંદર ઘરની વસ્તી વાળા બે પાંચ ગામોમાંથી વિરોધના સુર ફુંકાય તેથી રખે માની લેવાય કે ઇડરીયો ગઢ જીતી ગયા! કોન્ફરન્સે શું કર્યું છે અને વર્તમાં તેના દ્વારા શુ કાર્યો થઇ રહ્યાં છે તે રીપોર્ટ તેમજ જૈન યુગ પત્ર દ્વારા જગજાહેર છે. એટલે પરિક્ષામાં કુંદન તે કુંદન જ રહેવાનું છે. તેની હરિફાઇ નથીજ થઇ શકવાની. આજે અમદાવાદ, ભાવનગર, જામનગર, ખંભાત પાલણપુર આદિ ગુજરાત-કાઠીયાવાડના મોટા શહેરોમાં કોન્ફરન્સનો પૂર્ણ જેવોજ મેળો કાયમ છે. વડોદરાની સમિતિ સમક્ષ ખુદ મી કડીયાને એ વાત કબુલવી પડી છે. આ ઉપરાંત મહારાષ્ટ્ર, બેંગાલ, પંજાબ, યુ. પી, મારવાડ, મેવાડ અને કચ્છ વિગેરે પ્રદેશોમાં 'વીરશાસન'ના સૂર કોઇ સાંભળે તેમ છેજ નહિ, છતાં તમારી ઓળખ કેવી છે તે જાતે તપાસ કરશો તો જરૂર સમજાશે.

અજાયબ જેવું તો એ છે કે 'કોન્ફરન્સની ઘોર ખોદાઇ છે તે મડદુ છે' એવું પોકારનારા શા સારૂ એનાથી આટલા બધા ગભરાય છે? કોઇ મૃતકની આટલી બધી ચિંતા કરતું હશે? બાકી કોન્ફરન્સના ફંડમાં ફાળો ભરનાર અને એ પાછળ રસ દાખવનાર સંખ્યાબંધ ગૃહસ્થોની નામાવલિ જોઇ તંત્રીશ્રી મુંઝાયા લાગે છે. મન કબુલે છે છતાં દબાયેલું મુખ બોલવા દેતું નથી કે 'કોન્ફરન્સ તો આજે પણ જીવતીજ છે.' આમ છતાં દાઝ ને વરાળ કાઢવી શી રીતે એ સારૂ યુગના શબ્દો પકડી લઇ ધર્મના બહાના હેઠળ ભાઇશ્રી સુરીયાણી સલાહ આપવા નીકળી પડયા. સ્વધર્મી બંધુ, જો ધર્મની સાચી ધગશ હોય તો આવા ઉપરછલ્લા ફાંફાં ન મારતાં શ્રીમદ્ આનંદ-ઘનજીના શબ્દો:— 'ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે ધરમ ન જાણે હો મર્મ' વાદ કરી સત્વર સ્વહૃદય-મંથન કરવા મંડી પડો. વિચાર, વાણી અને વર્તનમાં ધર્મની છાયા કેટલી છે તેનો તોલ કહાડો. જરૂર પડે તો વીર શાસનની ફાઇલ ઉથલાવી વાળો અને પછીજ અન્યની દયા ચિંતવવા બહાર પડો. તમો 'ધર્મ'ની વાતો કરો છો તે ધર્મ કયાં છે તે જરા સમજાવશો? બાકી હાથની ધમાલ માટે તો ઉપાધ્યાયજી મહારાજનાં નિમ્નશબ્દો બંધબેસતાજ છે—

ધુમ ધામા ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે!

અલં પ્રાસંગિકેન

લે૦
—ચોકસી—

# एक जैन मुनिका श्री संघको निवेदन।

## बढते हुए झगडोंको रोकनेकी जरुरत।

### "जैन शासनके मुनिवर्योंको जो जैन धर्मके सच्चे उपदेशक हैं उन्हें सम्हल जाना चाहिए."

**प्राय:** अन्तिम पचीस सालसे जैन धर्ममें जो प्रवृत्तियां हो रही है इससे जैन समाज अच्छी तरहसे वाकिफ है। यह तो स्पष्ट ही है कि दिनप्रतिदिन ईर्ष्या, द्वेष और मत्सर वृद्धिको पा रहा हैं और जिस धर्मकी प्रभावना करनेके लिये हम कटिबद्ध हुए हैं उसी धर्मकी अवनति हमारे ही हाथोंसे हो रही है, यह क्या सख्त अफसोसकी बात नहीं है?

मैं श्री संघको—उसमें भी जैनधर्मके आचार्यवर्योंको, उपाध्याय महाराजोंको, पन्यासपदधारकोंको तथा गणिपद-भूषित मुनियोंको तथा मुनिमाहाराज साधुओंको भी विनति करुंगा कि आप ही जैनधर्मके सच्चे उद्धारक हों और आप लोगोंको ही इसमें हिस्सा लेना न चाहिए। वर्तमानके दीक्षा प्रकरणसे समाजमे कितना बखेडा हो रहा है और उतनेमें ही एक विषयका निपटारा न करते हुए. प्रतिदिन नये बखेडे समाजमें पैदा कर दिये जाते है जिससे भद्रप्राणियोंकी श्रद्धाको बडी हानि पहुंचती है।

में स्पष्टतासे कहुंगा कि ऐसे झगडोंसे जैनधर्मके तत्वज्ञानको, जैनधर्मधारक जीवोंको कुछ भी लाभ नहीं होता किन्तु जैनधर्मकी जगत्‌में हांसी और अवहेलनी होती है तथा उसकी प्रमाणिकता पर कुठाराघात होता है।

मैं तो अपने जैनधर्मके शुभचिन्तकोंको अर्ज करता हूं जैसे हो सके वैसे जल्दि ही इन झगडोंका निपटारा कर दें अगर भावीकालमें भी ऐसी ही स्थिति रही तो जैन धर्मियोंको और उसमें भी साधु संस्थाको बहुत सहन करना पडेगा। जिनके पास श्री महावीर प्रभुके उपदेश रत्नोंका खजाना भरा है, जिनके पास अहिंसाका अप्रतीम शस्त्र है, जिनके पास अद्वितीय तत्वज्ञानका श्रोत वह रहा है वैसे अगर कायरोंकी तरह आपसआपसमें लडने बैठें यह तो सख्त लज्जाकी बात है। उनको तो अब समयकी प्रतीक्षा न करते हुए जल्दि ही समाधान कर लेना चाहिए। समाधानमें ही संपमें ही सबकी सुख और शक्ति है!

मुझे फिर अफसोस और रंजके साथ कहना पडता है कि वर्तमानमें जैनधर्मके कितनेक अखबारोंमें ऐसे लेख आते है जो कि धर्मको हानि पहुंचाने वाले हैं। उनको वे लेख कतई न छापने चाहिएं।

दुसरी ओरसे दिगम्बर लोक तीर्थोंके विषयमें मनचाहा उत्पात करते रहते हैं और स्थानकवासी भी आगमादि पदार्थोंको न मानते हुए अपनी उल्टि ही गंगा बहाते हैं। तो इस समयमें आपसमें न झगडते हुए अगर ऐक्य कर लिया जाय तो हि कल्याण है वरना अवनति ही हैं।

और यदि सबसे प्रथम साधुलोगथी अपना ऐक्य कर लें तो भी अच्छा है। पीछे श्रावकवर्ग अपने आप रास्ते पर आ जावेगा। दुनियामें कहावत है कि "रावणका राज बनिया न होनेसे गया" मगर यह कहावत वर्तमानमें विपरीतार्थको चरितार्थ कर रही है। बनियोंका राज्य शासन उनके ही हाथोंसे नष्ट हो रहा है। सज्जनों, हा, इति खेदे, पंचमकाल तो अवश्य है मगर उसका सबसे ज्यादा प्रभाव हमारे पर ही गिरा नजर आता है।

अन्तमें जैनशासनके मुनिवर्योंको जो कि जैनधर्मके सच्चे उपदेशक सुधार अथवा समय धर्मवालेको करनेवाले हैं उनको ही सम्हल जाना चाहिए जिससे शासनमेंसे क्लेश, विखवाद नष्ट हो जाय तथा परधर्ममें जाते हुए जीव स्वधर्ममें रक्त रहें और जैनधर्मके उदार सिद्धान्तोंकी तथा उदार आचारोंकी तथा छाप जगत पर अमिट हो जाय। यही। ओम्

शान्तिः शान्तिः शान्तिः

लि. श्री संघसेवक.

**हेतमुनि,....आगरा.**


## "જૈન ભાઈઓના લાભનું"

**શ્રી પાલીતાણા મહાતિર્થ શત્રુંજયનો પટ.**

અસલ કેનવાઈસના કપડા ઉપર નવી ડીઝાઈનનો ફુટ ૧૨+૧૦ ની સાઈઝનો હાથથી ઑઇલ પેઇન્ટીંગ કરેલો તૈયાર છે. તથા મન પસંદગી પ્રમાણે બનાવી આપવામાં આવશે. અમારા હાથથી ઑઇલ પેઇન્ટીંગ કરેલા પટો ઘણા ઠેકાણે ગયેલા છે. નમુનો જોવાને માટે નીચેના ઠેકાણે મળો અથવા લખો:—

**પેન્ટર નારણ અમૃત.**

ઠે૦ ઉમરખાડી, શ્રીગણેશ ભુવન, બીજે માળે, જે. જે. હોસ્પીટાલ પાસે, મુંબઈ.


Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay 3. and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay